॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# ॥ श्रीहरिलीलामृतम् ॥

## ભાગ - 3



:: પ્રસિદ્ધ કર્તા ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ

श्री स्वामिनारायण मंदिर

तीर्थक्षेत्र

વડતાલ ધામ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# ॥ श्रीहरिलीलामृतम् ॥

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે

શા. હરિજીવનદાસ સંશોધિત

સનાતન ધ.ધુ.આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત

# ॥ શ્રીહરિલીલામૃતમ્ - 3 ॥

## કળશ ૭

: સંપાદક :

**શાસ્ત્રી શ્રી સંતવલ્લભદાસજી** (PH.D, D.Litt)

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના સનાતન ધર્મ માર્તણ્ડ

**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની

આજ્ઞાથી

**॥ પ્રસિદ્ધ કર્તા ॥**

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

**મુખ્ય કોઠારીશ્રી શા. સ્વા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી**

**પ.પૂ.સ.ગુ. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી**

॥ શ્રીહરિલીલામૃતમ્ ॥

**પ્રકાશક તથા સર્વ હક્ક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ.

મુ.પો.વડતાલ. તા. નડીયાદ,

જી. ખેડા પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)

**પ્રકાશન તિથી :** સં. ૨૦૭૫, કાર્તિકી સમૈયો,
તા. ૧૭ થી ૨૩ નવેમ્બર-૨૦૧૮
શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ
શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે

**આવૃત્તિ :** પંચમ્

**પ્રત : ૩૦૦૦**

**પડતર કિંમત :** રૂા. ૨૫૦/- (ભાગ : ૧ થી ૪)

**સૌજન્યને આભારી વેચાણ કિંમત :** રૂા. ૨૦૦/-

**પ્રાપ્તિ સ્થાન :** શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ-૩૮૭૩૭૫.
તા. નડીયાદ, જી. ખેડા. (ગુજરાત)
ફોન : ૦૨૬૮ - ૨૫૮૯૭૨૮/૭૭૬

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ.
(૦૭૯) ૨૬૪૪૧૫૨૨, ૭૬૦૦૦૨૬૬૮૬, ૯૮૭૯૬૦૬૬૮૬
**E-mail :** shreejiart@gmail.com, **Web :** www.shreejiarts.org

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

अक्षराधिपतिं दिव्यं षडैश्वर्यसमन्वितम् ।
वन्देऽहं स्वेष्टदेवं तं स्वामिनारायणं प्रभुम् ॥



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

सर्वावतारधर्तारं भुक्तिमुक्तिप्रदायकम् ।
वन्देऽहं स्वेष्टदेवं तं हरिकृष्णं मनोहरम् ॥



શ્રીહરિલીલામૃત ગ્રંથકર્તા
વડતાલ ગાદીના તૃતીય આચાર્ય
પ.પૂ.ધ.ધુ.શ્રી વિહારીલાલજી મહારાજ



વડતાલવાસીશ્રી લક્ષ્મીનારાયણદેવની ગાદીના
પરમ પૂજ્ય સનાતન ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ
**શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ.**

# સમર્પણમ્



વડતાલ મંદિરના મુરબ્બી મહાત્મા મહાન કોઠારી, શ્રીહરિલીલામૃત ગ્રંથને
સૌ પ્રથમ છપાવી પ્રસિદ્ધકર્તા તથા શ્રી સત્સંગ મહાસભાના પ્રમુખશ્રી
**પા.ગોર્વધનદાસ દયાળજી**

## સમર્પણ

"શ્રી હરિલીલામૃત" શ્રી હરિલીલાથી ભરપુર છે. જે આચાર્ય પ્રવરશ્રી ધર્મધુરંધર શ્રી વિહારીલાલજી મહારાજે રચાવેલું છે. દૈવયોગે શ્રી વિહારીલાલજી મહારાજના અંતર્ધાન થયા બાદ તત્સ્થાને આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજના સમયમાં જેઓએ વિદ્વાનોની સહાયતાથી સૌ પ્રથમ વિક્રમ સંવત ૧૮૬૩ માં છપાવીને આ શુભ ગ્રંથ જેઓએ પ્રસિદ્ધ કર્યો હતા તે હતા **મુખ્ય કોઠારી ગોવર્ધનદાસ દયાળજી-વડતાલ.**

આદિ આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. શ્રી રઘુવીરજી મહારાજથી લઈ પાંચમાં આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ સુધી વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ મુખ્ય કોઠારીશ્રી તથા સમસ્ત સત્સંગની સત્સંગ મહાસભાના પ્રમુખ તરીકે વરસો સુધી સેવા આપનાર તથા મહાયોગીવર્ય સદ્‌ગુરૂ ગોપાળાનંદસ્વામી, સદ્‌ગુરૂ નિત્યાનંદસ્વામી સદ્‌ગુરૂ ગુણાતીતાનંદસ્વામી, સદ્‌ગુરૂ શુકાનંદમુની, સદ્‌ગુરૂ પવિત્રાનંદમુનિ, સદ્‌ગુરૂ અદ્‌ભૂતાનંદ સ્વામી સદ્‌ગુરૂ ભુમાનંદમુની સદ્‌ગુરૂ મંજુકેશાનંદસ્વામી જેવા શ્રીજી મહારાજના નંદ સંતોનો જેમણે અતિશય રાજીપો મેળવ્યો હતો. તથા જેમણે સદ્‌ગુરૂ નારાયણદાસસ્વામી (જુનાગઢ) પ.ભ. વનાશા હેમરાજ શાહ શેઠ (ગઢડા, સુંદરીયાણાવાળા) તથા ભકતરાજ કોઠારી ભીમજીભાઈ ભગવાનજી (ગઢડા) ને તથા ધોલેરાના કોઠારી રૂપસંગ ભગતને સતત માર્ગદર્શન આપી દેવદ્રવ્ય તથા શ્રી ગોપીનાથજી મહારાજ, શ્રીરાધારમણ દેવ, શ્રી મદન મોહનજી મહારાજના કિંમતી સોના - ચાંદી ઝર - ઝવેરાતના ખજાનાનું આજીવન પર્યંત રક્ષણ કરવામાં તત્પરતા દાખવી છે તથા બાલ્યવયમાં સ્વગૃહે પિતા દયાળજી દ્વારા ઉપાર્જીત પોતાના ભાગ આવતી મિલકતનો તમામ ભાગ સોનું, ચાંદી - જમીન ઘરશ્રી લક્ષ્મિનારાયણ દેવને સમર્પિત કરી જેઓએ સતત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મુખ્ય ગાદીના અમાત્ય તરીકે ૬૦ ઉપરાંત વર્ષો સુધી સેવા આપી હતી તથા આ સદગ્રંથ "શ્રીહરિલીલામૃતમ" આચાર્ય પ્રવરે કવિશ્વર શ્રી દલપતરામ પાસે ગુંથાવ્યો પરંતુ વડતાલ મંદિર તરફથી છપાવી સૌ પ્રથમ પ્રસિદ્ધ કરવાનું ઉત્તમ પુણ્યકાર્ય શ્રી

કોઠારી ગોર્વધનદાસજીએ કર્યું હતું તથા આચાર્યવર્યશ્રીવિહારીલાલજી મહારાજે શ્રીહરિનાં પ્રસાદીભૂત કપડા, રજાઈ, મુગટ, અમૂલ્ય ઘરેણાં, શ્રીજી મહારાજની ડાઢ, અનેક જોડી નખ, કેશ, શ્રીહરિના અસ્થિ,પ્રસાદીની મૂર્તિઓના બ્લોકો વિગેરે અનેક પ્રસાદીની ચીજો સંગ્રહિત કરવાનો શુભ સંકલ્પ કરી ખાત મૂર્હુત નાદુરસ્ત તબિયતના કારણે કોઠારી ગોવર્ધનદાસ પાસે કરાવ્યું હતું તે અક્ષરભુવનના પાયા ખોદાવ્યા અને આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ વિક્રમ સંવત ૧૯૫૫ ભાદરવા સુદ-૮મે ધામમાં પધારતા બાકી રહેલ અક્ષરભુવનના તમામ ત્રણેય માળનું ફરતી પ્રસાદીની ચીજવસ્તુઓ ગોઠવીને રૂડામાં રૂડુ કરાવ્યું હતુ તે કો.શ્રી ગોર્વધનદાસજીએ ૯૬ વર્ષની ઉંમરે વડતાલના મહાન સ.ગુ.પવિત્રાનંદજીએ બંધાવેલ સભામંડપના બીજા માળે વિક્રમ સંવત ૧૯૭૬ના વદ-૬ ના રોજ ધામમાં પધાર્યા હતા. કોઠારીશ્રી ગોરધનદાસનો અગ્નિ સંસ્કાર ''જ્ઞાનબાગ'' દરવાજાની બહારના ભાગે શ્રી શુકાનંદસ્વામીના અગ્નિસંસ્કાર ઓટાની બાજુમાં કરાવેલ છે, જેના દર્શન પુણ્યે શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત થશે એવા પંચવર્તમાને યુકત **મહાત્મા મુરબ્બી કોઠારી શ્રી ગોવર્ધનદાસ દયાળજી**ને વિ.સં. ૨૦૭૫, કારતક સુદ-૯, તા. ૧૭-૧૧-૨૦૧૮ થી પરંપરાનુસાર ઉજવાતા કાર્તિકી સમૈયામાં સાદર સમર્પણ કરીએ છીએ.

**લી.** શા. નૌતમપ્રકાશદાસ - પ્રમુખ, સત્સંગ મહાસભા
શ્રી સ્વામિનારાયણ મંદિર સંસ્થાન - વડતાલ

# અનુક્રમણિકા

# ॥ શ્રીહરિલીલામૃતમ્ ॥

## ભાગ-૩




## કળશ - ૭


| વિશ્રામ | લીલા | પેજ નં. |
|---|---|---|
| ૧ | દુર્ગપુરમાં વિરાજમાન ભગવાન શ્રીહરિએ ત્યાંથી ચરોત્તર પ્રાંતમાં ભક્તહિતાર્થે વિચરવાનો નિશ્ચય કરતાં વિરહાતુર જયા લલિતાદિ અબળાઓની સાંત્વના કરી. ત્યાંથી નીકળી અનેક પુરગ્રામમાં વિચરતાં વિચરતાં ઉમરેઠમાં પધારતા ત્યાંના વિપ્રોની પ્રાર્થનાથી નિરક્ષર હરિશંકર વિપ્ર પાસે યથાવિધિ વેદ બોલાવતાં આશ્ચર્યચકિત કેટલાક વિપ્રોએ કરેલો શ્રીહરિનો દઢ સમાશ્રય. અને ત્યાંથી મોરજ પધારતાં ત્યાંના ગઢવી અમથાને ઉદ્દેશીને કરેલો અફીણ ત્યાગનો ઉત્તમ ઉપદેશ વગેરે. | ૧ |

૨ ત્યાંથી અનુકત્રમે જેતલપુર પધારતાં ત્યાં સાધુવર્ણીઓને સંસ્કૃતવિદ્યા ભણવાની આજ્ઞા કરી. ત્યાં તળાવતટમાં મહાસામગ્રી સંપાદન કરી દેશ દેશથી ભક્ત સમાજ તથા વિદ્વાન્ વિપ્રસમાજને બોલાવી કરેલો મહારુદ્ર યજ્ઞનો આરંભ અને તે પ્રસંગે કહેલો વિપ્રનો મહિમા વગેરે. ૬

૩ યાગની પૂર્ણાહુતિ પ્રસંગે થયેલી વિદ્વત્સભામાં શ્રીહરિએ દુરાચાર ભરપૂર વામમાર્ગનું સપ્રમાણ સયુક્તિ ખંડન કરવાને પ્રસંગે કરેલો વૈદિક સાત્ત્વિક અહિંસાપ્રધાન ધર્મનો કરેલો ઉપદેશ વગેરે. ૧૧

૪ વામમાર્ગીઓની ઉશ્કેરણીથી અમદાવાદના પેશવા સરકારના દ્વેષી સૂબાએ શ્રીહરિને ભદ્રમાં બોલાવીને ત્યાં ઠગાઈથી કરેલા તેમના મારણપર્યંતના અસહ્ય અનવધિ અપમાનનું કરેલુ સહન વગેરે. ૧૫

૫ જેતલપુર થઈ ગામ સલકીએ આવતાં ત્યાં વિપ્રોની ચોરાશી કરી ૨૧

૬ ત્યાંથી અનુક્રમે સારગંપુર પધારતાં ત્યાં શ્રીહરિએ કરેલો પુષ્પદોલ મહોત્સવ. અને ત્યાં સ્વદર્શનમાત્રથી સમાધિને પામેલી એક ઝાંપડીનું વૃત્તાંત પૂછતાં શ્રીહરિએ તેના પૂર્વભવનું વૃત્તાંત કહેતાં કહેલું ચિત્તવાસનાનું પ્રાબલ્ય. અશ્વને બહુ ખેલાવાનું કારણ પૂછતાં, તેનું કારણ કહેતા કરેલો દુષ્ટ ઈન્દ્રિય અશ્વોના નિયમનનો ઉપેદશ. તથા સારંગપુરથી દુર્ગપુર પધારી, રામનવમીનો મહોત્સવ કરી ત્યાંથી નાગડકા પધારતા. ત્યાં સંસ્કૃતવિદ્યા ભણી આવેલા નિત્યાનંદ મુનિ પાસે પંચમસ્કંધની કથા કરાવતા ભરતજીના આખ્યાનનો કહેલો સાર. તથા ત્યાંથી ડભાણમાં યજ્ઞ કરવાની ઈચ્છાથી ખોખરા મેમદાવાદમાં અનુક્રમે શ્રીહરિનું આગમન વગેરે. ૨૪

૭ ખોખરામાં ટોળે મળેલા આસુર લોલંગરાદિ વેરાગીઓએ કરેલી મહાઉપાધિમાં શ્રીહરિએ કરેલો તેમનો પરાભવ. તથા ત્યાં આવેલા ૩૦

ડભાણના ભક્તોએ સ્વગ્રામમાં યજ્ઞ કરવાની પ્રાર્થના કરતાં શ્રીહરિએ કરેલો આપત્કાલીન ધર્મનો ઉપદેશ. તથા ખોખરાથી અનુક્રમે ભકતગામોમાં વિચરતાં વિચરતાં શ્રીહરિએ કરેલું ભૂજનગર વગેરે કચ્છ દેશીય ગામોમાં વિચરણ તથા ડભાણમાં યજ્ઞ કરવાની ઈચ્છા થતાં ત્યાં સંતોને મોકલીને કરાવેલી યજ્ઞ સામગ્રીની તૈયારી વગેરે.

૮ ભૂજથી આધોઈ, ધ્રાંગધ્રા, મેથાણ, મછિયાવ, જેતલપુર, મેમદાવાદ થઈ ડભાણ પધારી ત્યાં સંતહરિજનોને યજ્ઞ સામગ્રીની તૈયારી કરવાની કહી, ત્યાંથી ઘોડાસર પધારી ત્યાંના રાજા જાલમસંઘને દર્શનાદિક વડે રાજી કરી, ત્યાંથી હાથરોલી પધારી ત્યાં કરેલી લીલાનું વર્ણન વગેરે. ૩૫

૯ હાથરોલીથી બારમુવાડા જતાં માર્ગમાં વન વિષે તીવ્ર તપ કરતાં એક સાધુને કળીમાં તીવ્ર તપ નહિ કરવાનો આપેલો સહેતુક ઉપદેશ. તથા બારમુવાડાથી હાથરોલી પાછા પધારી ત્યાંથી ઘોડાસર પધારી ત્યાંના રાજાની યજ્ઞમાં મનુષ્ય મદદ માગી. ત્યાં આવેલા દેશ દેશના હરિજન સંઘોને આપેલો મહાઆનંદ વગરે. ૪૦

૧૦ ઘોડાસરમાં આવેલા દેશદેશનાં હરિજનોએ કરેલી શ્રીહરિની છત્ર ચામરાદિ વિવિધ સામગ્રીથી મહાપૂજા અને ત્યાંથી અદ્‌ભૂત અશ્વારી સાથે શ્રીહરિનું નીકળવું વગેરે. ૪૬

૧૧ અશ્વારી સાથે ડભાણ પધારી, ત્યાં બહુ સામગ્રી સંપાદન કરી કરેલા અભૂતપૂર્વ મહાયજ્ઞની લીલાનું વર્ણન. અને ત્યાં વડતાલથી પારમૈશ્વર્યપરીક્ષાર્થે આવેલા જોબનપગીને આપેલું અનેકરૂપે અદ્‌ભૂત દર્શન વગેરે. ૫૨

૧૨ ડભાણથી વડતાલ પધારી ત્યાં કેટલાક દિવસ રહી, ઉમરેઠ વગેરે ગામોમાં વિચરીને અનુક્રમે સારંગપુર પધારતા ત્યાં કપટી બાપુભાઈને યુક્તિથી આપેલા સંન્યાસનું વર્ણન. ૫૭

૧૩ સારંગપુરથી કારિયાણી પધારતાં ત્યાં માંચાભક્તને આપેલી સકારણ સાધુ દીક્ષા. ત્યાંથી દુર્ગપુર પધારી ત્યાં આવેલા વઢવાણના વિપ્રોએ સંત અસંતની વિક્તિ જણાવવા કાઢેલી બાવાબાવીની અદ્‌ભૂત દેશીનું વર્ણન. ૬૨

૧૪ સોરઠના સત્સંગીઓને દર્શનાદિ સુખ આપવા દુર્ગપુરથી અનુક્રમે જુનાગઢ પધારી, ત્યાં સંત સત્સંગીઓને તેડાવીને શ્રીહરિએ કરેલો પુષ્પદોલનો મહોત્સવ. ત્યાંના સત્સંગી ભાટીયા ગોકલદાસની કુસંગી માતાને શ્રીહરિની મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખાતાં તેને થયેલી મૂંઝવણનું વર્ણન. જૂનાગઢથી માણાવદર - પીપલાણા થઈ પંચાળા પધારી ત્યાં કરેલો હરિનવમીનો મહોત્સવ. તથા ગોખલાણા આવી વસેલા સપરિવાર અભય રાજાનો વિરહપત્ર આવવાથી શ્રીહરિનું અનુક્રમે ત્યાં આગમન અને અભયાદિકની સાંત્વના કરી ત્યાંથી દુર્ગપુર પધારવું વગેરે. ૬૭

૧૫ દુર્ગપુરમાં વિરાજમાન ભગવાનની ઈચ્છાથી પુરુષસભામાં ધર્મદેવે અને સ્ત્રીસભામાં ભક્તિદેવીએ આપેલાં દિવ્ય રૂપે દર્શન તથા બંનેની પ્રતિમારૂપે કરેલી વાસુદેવાલયમાં સ્થાપના વગેરે. ૭૩

૧૬ દુર્ગપુરમાં જન્માષ્ટમી મહોત્સવ આદરતાં તે દિવસે દેશદેશથી આવેલા સત્સંગીઓ વગેરે સાથે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા પધારતાં શ્રીહરિએ કહેલો તેણીનો અદ્‌ભૂત મહિમા. અને વીશનગરના દ્વેષી સૂબાએ ત્યાંના સત્સંગીઓને કરેલા ઉગ્ર ઉપદ્રવનું ઉપવર્ણન વગેરે. ૭૮

| | | |
|---|---|---|
| ૧૭ | ભક્તજનના દુઃખથી દુઃખી શ્રીહરિનું એકાકી તેના નિવારણ માટે વીશનગર જતા માર્ગમાં આવેલા કંથારીયા ગામમાં દેવી આગળ થતી હિંસાનો યુક્તિથી પ્રતિબંધ કરી. ત્યાંથી વિજાપુર જતા ત્યાંથી શ્રીહરિની અનન્ય ભક્ત વજીબાનું કહેલું ચમત્કારી આખ્યાન. | ૮૨ |
| ૧૮ | વિજાપુરથી વિસનગર પધારી શ્રીહરિએ ત્યાંના મહાદ્વેષી લાલદાસ સૂબાને દિવ્ય ઐશ્વર્ય બતાવી સ્વસમાશ્રિત કરી, કરેલું સત્સંગીઓના દુઃખનું નિવારણ તથા ત્યાંથી વઢવાણ થઈ એકદમ ભોંયરા ગામે પધારવાનું કારણ કહેતાં કહેલું મહાકષ્ટમાં આવી પડેલા નાજા જોગીયાનું આખ્યાન. | ૮૯ |
| ૧૯ | વઢવાણથી એકદમ ભોંયરા ગામે પધારી ત્યાંના રાજા વાસુર ખાચરને યથાપ્રતિજ્ઞ સમયે તત્ક્ષણ દર્શન આપી કરેલું નાજા જોગિયાનું રાજકષ્ટ થકી રક્ષણ. તથા રાજાને ઉપેદશ આપી કરેલું દુઃખી બંદીવાન જનોનું પરિરક્ષણ તથા ત્યાંથી દુર્ગપુર પધારી, વળી ત્યાંથી રામપરે જતાં ઉન્મત્તગંગાના સહસ્રધારાનો મહિમા કહીને રામપર થઈ શ્રીહરિનું ભાદરા ગામે પધારવું વગેરે. | ૯૬ |
| ૨૦ | ભાદરામાં પધારેલા ભગવાને લોભનું સ્વરૂપ સમજાવવા ત્યાંના મહાલોભી પ્રેમજી વાણિયાનું ઉઘાડું કરેલું લોભ સ્વરૂપ. તથા ત્યાંથી જોડીયા બંદર પધારી ત્યાંના દ્વેષી રાજાએ દુઃખી કરેલા સત્સંગીઓનું તે રાજાને ઉપદેશ આપી તે આવીને થકી રક્ષણ શ્રીહરિનું દુર્ગપુરમાં પધારવું વગરે. | ૧૦૨ |
| ૨૧ | દુર્ગપુરથી કોટડા, ગોંડળ, માણાવદર, ભાદરા, આધોઈ થઈ ભગવાને કરેલું કચ્છ દેશમાં વિચરણ. અને ભૂજમાં પધારેલા ભગવાન ઉપર મહાદ્વેષી રાજમંત્રી જગજીવન વગેરેએ કરેલી | ૧૦૮ |

ઉપાધિમાં તેને થયેલા મૃત્યુ પર્યંતનાં અનર્થનું વર્ણન. તથા ભૂજથી માણાવદર પંચાળા વગેરે ગામોમાં વિચરતાં વિચરતાં શ્રીહરિનું ગઢપુર પધારવું.


૨૨ ગઢપુરથી જેતલપુરમાં યજ્ઞ કરવાની ઈચ્છાથી અનુક્રમે ત્યાં પધારી યજ્ઞસામગ્રી તૈયાર કરાવી યજ્ઞનો આરંભ કરતા અમદાવાદના પેશવાના દ્વેષી સૂબાએ તેમા વિઘ્ન કરતાં યજ્ઞને બંધ રાખી ત્યાંથી ડભાણ, બુધેજ થઈ શ્રીહરિનું ગઢપુર પધારવું. ત્યાંથી વળી કરિયાણામાં પુષ્પદોલોત્સવ કરી આવીને કહેલું ગઢપુર તથા વૃત્તાલયનું માહાત્મ્ય. તથા વડતાલ જવાનું નક્કી કરી દુર્ગપુરથી શ્રીહરિનું ઝીંઝાવદર પધારવું. ૧૧૫

૨૩ ત્યાંથી અનુક્રમે વડતાલમાં પધારી, રામનવમી, રથયાત્રાનો ઉત્સવ કરી, આપસાસનાં ગામોમાં સંચરીને, પાછા ગઢપુર પધારી, ત્યાંથી વળી કારીયાણામાં પધારી ત્યાં જન્માષ્ટમીનો મહોત્સવ આરંભતા. ત્યાં બદ્રિકાશ્રમ થકી આવેલા સિદ્ધસમાધિ સંતદાસ (શતાનંદમુનિ) નું કહેલું આખ્યાન. તથા ત્યાં તે મહોત્સવ પરિપૂર્ણ કરીને ત્યાંથી શ્રીહરિનું સારંગપુર પધારવું વગેરે. ૧૨૧

૨૪ સારંગપુરમાં અનાવૃષ્ટિથી પીડા પામેલા હરિજનોની પ્રાર્થનાથી શ્રીહરિએ તત્ક્ષણ કરાવેલી વૃષ્ટિ. તથા અતિવૃષ્ટિથી દુઃખમાં આવી પડેલા લખા દેવા ભક્તની શ્રીહરિએ સ્વયં કરેલી રક્ષા. તથા તે ગામના લોકોનો ભાવ જોવા ભગવાને ઝોળી લઈ ભિક્ષા માગી આવીને જમાડેલા સંત પાર્ષદો. તથા ત્યાંના ભાવિક જીવો ખાચર આદિક ભક્તો ઉપર પ્રસન્ન થયેલા ભગવાને ત્યાંના ગામસીમમાં યમદૂતો નહિ આવવાનું આપેલું વરદાન. અને પ્રસંગાત્ કાઠીઓને વાણી સુધારવાનો આપેલો ઉપદેશ વગેરે. ૧૨૬

૨૫ સારંગપુરમાં મોટીવાડીએ શ્રીહરિએ સંત-પાર્ષદોને જમાડવાની કરેલી લીલા. તથા ત્યાં દક્ષિણાદાનપૂર્વક કરેલી બ્રાહ્મણોની ચોરાશી તથા તે પ્રસંગે ઋણ નહીં કરવાનો આપેલ ઉપદેશ. તથા ત્યાંથી અસવારી સાથે કરેલું ભીમનાથમાં વિચરણ વગેરે. ૧૩૪

૨૬ ભીમનાથના મેળામાં પધારેલા ભગવાનની ત્યાંના મહંતે કરેલી સારી સંભાવના. તથા શ્રીહરિએ ત્યાં દિવ્ય માનુષ ચરિત્ર બતાવવા પૂર્વક કરેલો ત્યાં વેરાગીઓ સાથે આવેલા વીહામણ ભક્તનો કરેલો પરાજય તથા ત્યાં આવી મળેલા દીન ભિખારીઓને આપેલું અન્નાદિ. ૧૩૯

૨૭ ત્યાંથી કુંડળમાં મામૈયા પટગરની સેવા સ્વીકારીને, ત્યાંથી સારંગપુર પધારતા. ત્યાં આવેલા બુધેજના હરિજનોની પ્રાર્થનાથી ત્યાં પધારીને શ્રીહરિએ કરેલો અન્નકૂટ મહોત્સવ. તથા ત્યાંથી અસવારી સાથે શ્રીહરિનું વૌઠામાં પધારવું વગેરે. ૧૪૪

૨૮ વૌઠામાં ભવ્ય અસવારી સાથે વિચરી દિગ્વિજય કરીને, ત્યાંથી અનુક્રમે શ્રીહરિનું વડતાલમાં પધારવું. ૧૫૦

૨૯ વડતાલમાં સભા વિષે વિરાજીને સંત હરિજનો પ્રતિ મનના ઘાટ સંકલ્પનું ઉત્થાન પૂછીને જણાવેલું તેનું પ્રાબલ્ય. અને તેના નિવારણ માટે ભૂતના દષ્ટાંતથી મનને નવધા ભક્તિમાં જોડી રાખવાનો આપેલો ઉપદેશ. તથા સંતોના મંડળો બાંધી દેશદેશમાં ફરવા મોકલીને, સ્વયં કરેલું બુધેજ, બોરસદ, ભાદરણ થઈ મહી નદી તટ વિચરણ. ૧૫૫

૩૦ મહી નદી ઊતરીને ડભાસા, સાધી, આમળા થઈ સરસવણી જતા ત્યાં આવેલા કાનમ-વાકળના હરિભક્તોએ સ્વદેશમાં વિચરણની પ્રાર્થના કરતા સકારણ નકાર કહીને, કાનોબાના બોલાવાથી ૧૬૦

શ્રીહરિએ કરેલું ગોરીયાદ થઈ પાદરામાં વિચરણ અને તેણે (કાનોબાએ) કરેલી ઉપાધિનું વર્ણન વગેરે.

૩૧ પાદરાથી બામણગામ થઈ અનુક્રમે કેટલાકં ગામોમાં રહેતાં રહેતાં વડતાલ પધારી, ત્યાંથી વળી ઉમરેઠ થઈ અનુક્રમે પ્રાંતીજ, વિસનગર, ડાંગરવા વગેરે દંઢાવ્યનાં ગામોમાં વિચરીને પાછા વડતાલ આવી. ત્યાંથી અનુક્રમે શ્રીહરિએ કરેલું નાગડકામાં વિચરણ. તથા ત્યાં ભાવિદુષ્કાળની શાંતિ માટે સંતોને અકેકો રુદ્રાક્ષનો પારો બંધાવીને કરાવેલી ભાગવતની પારાયણ. શ્રીહરિએ સ્વયં અને સંત દ્વારા આપેલી ભક્તોને ભાવિ દુષ્કાળની ચેતવણી વગેરે. ૧૬૫

૩૨ ત્યાંથી સારંગપુર પધારતાં શ્રીહરિએ કરેલો દેશ રિવાજ મુજબ હોલિકાનો ઉત્સવ અને પુષ્પદોલનો મહોત્સવ. તથા મહાનુભાવાનંદ મુનિને ઉદ્દેશીને ભિખારીના દ્રષ્ટાંતથી સાધનની દુર્બળતા કહેવાપૂર્વક કહેલી ભગવત્કૃપાની પ્રબળતા અને શ્રીહરિનું દુર્ગપુર પધારવું. ૧૭૨

૩૩ દુર્ગપુરમાં પધારેલા ભગવાને કરેલા રામનવમીના મહોત્સવ ઉપર આવેલા ભક્તોને ભાવિ દુષ્કાળ ઊતરવા અન્નસંગ્રહની ભલામણ કરતાં વસોના પટેલ જેસંગભાઈની કરેલી દુષ્કાળ થકી રક્ષા. તથા તવરાની યાત્રામાં સંતોને મોકલીને સ્વયં સોરઠમાં પધારીને ત્યાંના હરિજનોને અન્નસંગ્રહની સૂચના આપી પાછું શ્રીહરિનું ગઢપુર પધારવું વગેરે. ૧૭૯

૩૪ દુષ્કાળના અસહ્ય દુઃખદર્શનથી દયાળુ શ્રીહરિએ ગુપ્તપણે ગઢપુરમાં કરેલી સ્થિતિ તથા દુષ્કાળના દુઃખદ સ્વરુપનું કરેલુ વર્ણન. તથા દયાવશાત્ મરવા તૈયાર થયેલા જીવા ખાચરની શ્રીહરિએ કરેલી દુષ્કાળમાં રક્ષા વગેરે. ૧૮૨

૩૫ અગણોતેરા દુષ્કાળનું દુરંત દુઃખ વર્ણવવાપૂર્વક તે થકી દુઃખી ૧૮૯
૩૬ કાઠીયોની પણ શ્રીહરિએ કરેલી રક્ષા. તથા દુઃખી દાસના દુઃખ ૧૯૫
નિવારણ માટે એકાકી મેથાણ પધારી ત્યાં દેવશંકર કૃષ્ણજી વિપ્રને ત્યાં ગુપ્તપણે રહી. ત્યાંથી વળી કાકુજી તથા પૂંજાભાઈને ત્યાં ગુપ્તપણે રહેતા, તેથી ગઢડામાં જયાલલિતા પ્રેમીભક્તોને શ્રીહરિવિયોગનું દુઃખ નહીં સહન થતાં તેમણે શ્રીહરિને ખોળવા મોકલેલા નાજાજોગીયાનું મેથાણમાં શ્રીહરિ પાસે આવવું અને ગઢપુરના સમાચાર પૂછતાં તેમણે કહેલું વિરહી જનોનું દુઃખ તથા દુર્ગપુર જવા તૈયાર થયેલા શ્રીહરિને જાણીને બહુ દુઃખી થયેલા મેથાણના કાકુજી તથા પુંજાભાઈની દુષ્કાળ થકી રામદાસભાઈ દ્વારા અન્ન અપાવી રક્ષા કરીને ત્યાંથી શ્રીહરિનું ગઢપુર પધારવું.

૩૭ ગઢપુરમાં હુતાશનીનો ઉત્સવ કરવાના વિચારથી પત્ર ૧૯૯
૩૮ લખીને (સંતોને) બોલાવાથી આવતા સંતો સાંભળીને સન્મુખ કુંડળ ૨૦૩
સુધી પરવરી તેમની ત્યાંના અમરા પટગરને ત્યાં સંત સાથે રહીને કરેલી દિવ્ય અનેક લીલાઓ અને કુંડળનો કહેલો મહિમા. તથા ત્યાંથી સંઘ સાથે ગઢડા પધારી કરેલો હુતાશનીનો મહોત્સવ. તથા ત્યાંથી સંઘ સાથે કારીયાણી થઈ કુંડળ પધારતાં સંતમંડળને ફરવા મોકલીને સ્વયં દુર્ગપુર પધારી તપ વિષે વાર્તા કરી. ત્યાંથી સંત સાથે સોરઠમાં વિચરતાં અનુક્રમે જાળીયા ગામે જઈને શરીરમાં જ્વર ગ્રહણ કરેલી લીલા વગેરે.

૩૯ જાળીયામાં મંદવાડ ત્યાગની વિચિત્ર લીલા કરીને ત્યાંથી ઉપલેટા ૨૦૯
થઈ ઝાંઝમેર આવતાં ત્યાં આવેલા નગા બાબરીયાને દિવ્ય વૈરાટસ્વરૂપ બતાવીને. ત્યાંથી રાયપર પધારતાં ત્યાં શ્રીહરિએ કરેલી મનુષ્યલીલા. તથા ત્યાંથી કરીયાણા પરવરતાં ત્યાં ખંડણી ઉઘરાવવા આવેલા સૂબાને દિવ્યભાવ બતાવીને કરેલી તે ગામના રાજા દેહા ખાચર વગેરેની રક્ષા.

૪૦ ત્યાંથી ગઢપુર પધારેલા શ્રીહરિએ સભામાં ગૃહી - ત્યાગી ભક્ત આગળ સ્ત્રીના દુઃસ્વભાવની વાર્તા કરવાપૂર્વક તે થકી સર્વથા દૂર રહેવાનો આપેલો ઉપદેશ. તથા ચિત્રપાષાણની નારીના નહિ નિરીક્ષણ ઉપદેશ આપતાં શંકા પામેલા ત્યાગીઓને નિઃસંશય કરવા વ્યાપકાનંદ મુનિને થાનગઢ પાસે વાસંગીના મંદિરમાં સ્ત્રીપ્રતિમાના નિરીક્ષણથી થયેલી વ્યાકુળતાનું કરેલુ વર્ણન. તથા ત્યાંથી વડતાલ આવી શ્રીહરિએ કરેલો ફુલદોલનો મહોત્સવ. અને ત્યાંથી વળી ગઢપુર પધારી ત્યાંથી કાઠી પાર્ષદ સાથે અનુક્રમે શ્રીહરિનું ઉમરેઠમાં પધારવું વગેરે. ૨૧૭

૪૧ ઉમરેઠ, વડતાલ, જોળ આદિક ચારુતર પ્રાંતનાં ગામોમાં શ્રીહરિએ કરેલો આમ્રરસોત્સવ અને વળી અનુક્રમે શ્રીહરિનું દુર્ગપુર પધારવું. ૨૨૩

૪૨ ત્યાંથી વળી હરિજનોની પ્રાર્થનાથી શ્રીહરિએ ધોળકા, કૌકા, જેતલપુર, અસલાલી, મોટેરા થઇ કરજીસણમાં પધારીને કરેલો સંત હરિજનોને તેડાવીને જન્માષ્ટમી મહોત્સવ અને તે દિવસે સભામાં સંપ વિષે કરેલી વાર્તા વગેરે. ૨૨૮

૪૩ ત્યાંથી ભક્તજનોને દર્શનાદિ સુખ આપવા ડાંગરવા, લાંઘણોજ, મેઉ, અડાળજ, અસલાલી, જેતલપુર, મછીયાવ, શીયાણી, નાગડકા, બોટાદ થઈને શ્રીહરિએ કરેલું દુર્ગપુરમાં ગમન વગેરે. ૨૩૨

૪૪ દુર્ગપુરમાં વસેલા ભગવાને દેશ દેશ થકી સંત હરિજનોને બોલાવીને કરેલો કપિલાષષ્ઠીનો મહોત્સવ અને ધર્મકાર્ય સત્વરે કરવાની આપેલી સર્વને શિખામણ. તથા ત્યાંથી વડતાલ પધારી દીપાવલી, અન્નકૂટ, પ્રબોધિની આદિક ઉત્સવો કરીને શ્રીહરિનું અનુક્રમે ગઢપુર પાછું પધારવું વગેરે. ૨૩૫

૪૫ ઉત્તમ નૃપને પરણવાની સહેતુક આજ્ઞા કરતાં તેમણે કહેલુ લગ્નસંબંધી દુઃખ અને શ્રીહરિના આગ્રહથી તેમણે કરેલું ૨૩૯

પાણિગ્રહણ. તથા એક દિવસે સભામાં નિરાહાર એકાદશી વ્રતની કર્તવ્યતા કહેતા સર્વને અવશ્ય સર્વેએ તે વ્રત તેમ જ આદરતાં, દિવસમાં ચાર વાર જમનારા માણશીયાને નિરાહાર ઉપવાસ કરવાનીથી મૂર્ચ્છા આવી જતા શ્રીહરિએ કરેલી ફળાહારાદિકની અભ્યનુજ્ઞા વગેરે.

૪૬ ગઢપુરથી (મત્સ્યાવ) પધારી ત્યાં દેશ દેશ થકી સંતહરિજનોને તેડાવીને શ્રીહરિએ કરેલો પુષ્પદોલનો મહોત્સવ. તથા ત્યાં થયેલી સભામાં સંત - અસંતનું સ્વરૂપ સર્વને સમજાવવા ગોવિંદ વાળંદે બાવાબાવીના કાઢેલા વેષનું વર્ણન. તથા શ્રીહરિએ સભામાં મોક્ષનાં કહેલાં ચાર નિદાન, અને શ્રીહરિનું દદુકે થઈ ગઢપુરગમન વગેરે. ૨૪૪

૪૭ ગઢપુરમાં રહેતા ભગવાને બહુ માંદા થઈ ગયેલા બ્રહ્માનંદ મુનિને સંતહરિજનોની અભ્યર્થનાથી આયુષ્ય આપવાની કરેલી દિવ્ય લીલા. તથા પ્રસંગાત્ ચેલા માટે બ્રહ્માનંદમુનિને મુક્તાનંદમુનિ વિષે થયેલી વિષમ દષ્ટિનું વર્ણન અને તેમા મોટીબાએ ત્યાગી ધર્મ વિશે કરેલી મશ્કરી, બ્રહ્માનંદ મુનિએ આપેલો હાસ્યમાં જવાબ અને તે ઉપરથી ત્યાગીએ ગ્રહણ કરવાની શિક્ષાનું વિવેચન. તથા ત્યાંથી અનુક્રમે વડતાલ પધારી શ્રીહરિએ કરેલો જન્માષ્ટમી મહોત્સવ વગેરે. ૨૪૮

૪૮ તે મહોત્સવ સમયે હિંડોળામાં ઝુલતાં ભગવાને બતાવેલો સર્વને દિવ્યભાવ તથા જળઝીલણીનો કરેલો મહોત્સવ. તથા દશેરા આવતાં અસવારી સાથે ગોમતીતટ જઈને કરેલી શમીપૂજનાદિ લીલા. તથા બામણોલીના તખાપગીની પ્રાર્થનાથી ત્યાં જઈને કરેલો શરદપૂર્ણિમા મહોત્સવ અને ત્યાં રાયણે બાંધેલા હિંડોળામાં ઝૂલવાની કરેલી લીલા. તથા ત્યાંથી અનેક ગામોમાં વિચરતાં કરેલું ગઢપુરમાં પ્રયાણ વગેરે. ૨૫૩

૪૯ ધર્મપુરનાં રાણી કુશળકુંવરબા કે જેમને પરમચૈતન્યાનંદમુનિએ સત્સંગ કરાવ્યો હતો, તેમનું કહેલું શુભ આખ્યાન. તથા તેમના પ્રેમપત્રથી ત્યાં જવાનું મનમાં નક્કી કરીને શ્રીહરિનું વડતાલમાં પધારવું. તથા દુર્ગપુર વાસીઓના પ્રેમની પરીક્ષા કરવા શ્રીહરિએ જોબનપગીને ત્યાં કરેલી ગુપ્તપણે એક માસ સ્થિતિ. ૨૫૮

૫૦ શ્રીહરિની શોધ માટે વિરહાતુર ઉત્તમ નૃપના મોકલવાથી મહાશૂર નાજા જોગીયાનું વડતાલમાં આવી વસવું. તથા શ્રીહરિની શોધ જડતાં તેમને મળીને કહેલા વિરહાતુર દુર્ગપુરીય ભક્તોના સમાચાર. તથા તેમની ઉપર સાંત્વના પત્ર લખીને શ્રીહરિએ કરેલું ધર્મપુર પ્રતિ જવા પ્રયાણ વગેરે. ૨૬૪

૫૧ વડતાલથી ગાના, બોચાસણ, ગાજણા થઈ મહી નદી ૨૬૯

૫૨ ઉતરીને, ત્યાંથી સોખડા, માતર, દોરા, હળદર, ઝાડેશ્વર થઈ નર્મદા નદી ઉતરીને, ત્યાંથી અંકલેશ્વર, કીમ, સાયણ, કાહોર થઈ તાપી નદીને ઉતરીને, ઉઘનામાં જતાં ત્યાં સુરતના સત્સંગીઓને દર્શનાદિ આપી તેમને ધર્મપુર આવવાની આજ્ઞા કરી, તથા સંતોને જોડથી રહેવાની આજ્ઞા કરી. ત્યાંથી સચીન, આમરી, નવસારી, કોળવા, ચીખલી થઈ શ્રીહરિનું ધર્મપુર પધારવું. ૨૭૪

૫૩ ધર્મપુરમાં જાણ થતાં રાણીએ ચતુરંગિણી સેના સાથે સન્મુખ જઈ શ્રીહરિને ગજ ઉપર બેસારી વાજતે ગાજતે રાજમાર્ગથી પુરમાં પધરાવી દરબારમાં ઉતારીને કરેલું રાજોચિત આતિથ્ય. તથા સંતોને પ્રતિદિન નવીન સરસ રસોઈ જમાડતાં પ્રસંગાત્ શ્રીજીએ કરેલી લજ્જા વિષે વાર્તા અને રાણીની કરેલી ભક્તિની પ્રશંસા વગેરે. ૨૭૮

૫૪ સુરતથી આવેલા સત્સંગીસંઘનું રાણીએ કરેલું ઉતારાદિ સન્માન. તથા એક દિવસે રાજકુમારે સજી આણેલી ચતુરંગિણી સેનામાં ૨૮૩

શોભતા ગજ ઉપર વિરાજીને લોકોને દર્શન દેવા કરેલું બધા પુરમાં સંતો સાથે કરેલું વિચરણ. તથા રાજકુમારે અશ્વ ખેલાવતાં કરેલી તેની પ્રશંસા. તથા પત્ર લખવાથી ત્યાં આવેલા વિરહાતુર જયાબા વગેરે બાઈઓના મુખથી ગઢડાના વિરહ સમાચાર સાંભળતાં શ્રીહરિને આવી ગયેલાં આંખ્યમાં પ્રેમનાં આંસુઓ અને તેમની રાણીએ કરેલી ઉતારાદિકની સંભાવના વગેરે.

૫૫ વળી, ફરીથી મુક્તાનંદ મુનિની પ્રેરણાથી રાજકુમારે અસવારી સજી લાવતાં ગજરાજ ઉપર વિરાજી દિવ્ય મુકુટ ધારી શ્રીહરિએ આપેલાં પુરવાસીઓને દિવ્ય દર્શન. તથા ત્યાંથી વાંસદાના રાજાની પ્રાર્થનાથી ત્યાં પધારેલા શ્રીહરિનું રાજાએ કરેલું ભારે સન્માન અને શ્રીહરિએ આપેલો રાજાને મહા આનંદ. તથા ત્યાંથી પાછા ધર્મપુર પધારી કરેલો વસંતોત્સવ વગેરે. ૨૮૯

૫૬ મહારાણીએ કચેરીમાં પધરાવીને શ્રીહરિની કરેલી દિવ્ય વસ્ત્ર, વિભૂષણ, વિત્ત વગેરે ઉપચારો વડે મહાપૂજા અને સ્તુતિપ્રાર્થના. તથા રાણીને સંતોષ પમાડીને યથાપૂર્વ શોભા સાથે શ્રીહરિનું ધર્મપુર થકી ચાલી નીકળવું. ૨૯૩

૫૭ ત્યાંથી અનુક્રમે અનેક ગામોમાં હરિજનોને દર્શનાદિ સુખ આપતાં થકા શ્રીહરિનું વડતાલમાં પધારવું. અને ત્યાંના ભક્તો ઉપર બહુરાજી થયેલા ભગવાને આપેલું ત્યાં ફુલદોલ કરવાનું વચન. અને જયાબાઈના અતિ આગ્રહથી શ્રીહરિનું છડીસવારીએ અનુક્રમે દુર્ગપુર પધારવું વગેરે. ૨૯૮

૫૮ દેશ દેશમાં વડતાલ આવવાની કંકોતરીઓ લખીને શ્રીહરિનું પાછું વડતાલમાં પધારવું. તથા ત્યાં અયોધ્યાથી આવેલા વિરહાતુર ૩૦૪

ભ્રાતાઓનો શ્રીહરિને થયેલો મેળાપ તથા દેશ દેશ થકી આવેલા હરિજન સંઘની શ્રીહરિએ કરેલી ઉતારાદિકની સંભાવના વગેરે.

૫૯ જ્ઞાનબાગમાં બે આંબા વિષે બાંધેલા નિષ્કુળાનંદકૃત બાર બારણાંના મોટા હિંડોળામાં વિરાજમાન મુકુટધારી શ્રીહરિએ સર્વ સંઘને આપેલાં દિવ્યરૂપે દર્શન. અને શ્રીહરિને ઝુલાવતાં મુક્તાનંદ મુનિએ ગાયેલું પદ. તથા દિવ્ય દર્શનથી પરમાનંદ પામેલા સંત હરિજનોએ કરેલી શ્રીહરિની પૂજા, સ્તુતિ, આરતી વગેરે. ૩૦૯

૬૦ શ્રીહરિને રાત્રિએ પોઢતાં મુનિઓએ ગાયેલું પોઢણપદ. અને જગાડવા પ્રભાતમાં ગાયેલું પ્રભાતીપદ. તથા નિત્યક્રિયા કરીને શ્રીહરિએ કરેલો પુષ્પદોલોત્સવ અને જ્ઞાનબાગમાં રંગે રમવાની કરેલી સઘળી તૈયારી વગેરે. ૩૧૬

૬૧ શ્રીહરિએ સંત - હરિજનો સાથે વિભાગથી કરેલી અદ્ભૂત અપૂર્વ અનેક પ્રકારે રંગક્રીડા વગેરે. ૩૨૧

૬૨ તખાપગીની પ્રાર્થનાથી બામણોલી જતાં માર્ગમાં છીંડુ નહીં પાડવાનો તેમજ ધર્માર્થે પણ ચોરી નહિ કરવાનો શ્રીહરિએ આપેલો સર્વને ઉપદેશ. તથા રાયણે બાંધેલા હિંડોળામાં ઝૂલીને કરેલો ત્યાં રંગખેલ. તથા ત્યાંથી વડતાલ આવી ત્રણ દ્વિજ બાળકોને આપેલી ઉપવીત અને અનુક્રમે શ્રીહરિનું ગઢપુર પધારવું. ત્યાંથી સંતપાર્ષદોને સાથે લઈને કારીયાણી પધારી કરેલું અક્ષરવાસી માંચા ખાચરનું કરેલું ઉત્તમ ખર્ચ. અને ગુજરાતી જનોનો પત્ર આવવાથી શ્રીહરિનું ચરોતર તરફ આવવા માટે દુર્ગપુર થકી નીકળી ભેંસજાળ આવવું વગેરે. ૩૨૭

૬૩ ત્યાંથી અનેક ગામોમાં ભક્તોને દર્શનાદિ સુખ દેતાં થકા શ્રીહરિનું આમ્રરસોત્સવ માટે વડતાલમાં પધારવું. ૩૩૨

૬૪ વડતાલની આસપાસનાં સંજાયા, વળોટવા, ૩૩૭

૬૫ આખડોલ, ચાંગા, કેરીયાવી, મહુડીયુંપરું, બામણોલી, ડભાણ, પીજ, જીંડવુંપુરું, નરસંડા, ઉત્તરસંડા, કંઝરી, જોળ, વલાસણ, ઘુંટેલી વગેરે ગામોમાં સખા સાથે આમ્રરસોત્સવ કરીને, ત્યાંથી ગાના, બોચાસણ થઈ બુધેજ જતાં થયેલી અચાનક વૃષ્ટિથી પીડા પામેલા સખાઓની સાંત્વના કરી, તેમાં ઉકા ખાચરની ધીરજ પરીક્ષા કરીને શ્રીહરિનું કુંડળ થઈ દુર્ગપુરમાં પધારવું. ૩૪૦

૬૬ વળી ત્યાંથી વડતાલ પધારી અન્નકૂટોત્સવ કરીને શ્રીહરિનું દુર્ગપુરે પાછું પધારવું. વળી, વડતાલમાં પુષ્પદોલોત્સવ કરવાના વિચારથી કંકોતરીઓ લખાવીને દુર્ગપુર થકી અનુક્રમે મોરજ આવતાં ત્યાંની ભયંકર ભૂમિનો ઈતિહાસ કહીને ત્યાં રહેલા ભૂતોને આપેલી સદ્‌ગતિ તથા ત્યાંથી શ્રીહરિનું વડતાલ પધારવું વગેરે. ૩૪૫

૬૭ ત્યાં પધારેલા શ્રીહરિએ યથાપૂર્વ કરેલો પુષ્પદોલોત્સવ અને રંગક્રીડા. તથા ત્યાંથી ચોકીદાર હમીર ભક્ત અને નાજો જોગીયો ન જાણે એમ શ્રીહરિનું એકાકી ખોડાભાઈ સાથે ગાડામાં બેસીને બુધેજ પધારવું અને ત્યાંથી શ્રીહરિનું દુર્ગપુર આવવું વગેરે. ૩૫૦

૬૮ દુર્ગપુરમાં રહી અનેક ઉત્સવો કરીને અનુક્રમે વડતાલ પધારીને ત્યાં આવેલા વેદાંતાચાર્યનો કરેલો પરાજય વગેરે. ૩૫૪

૬૯ ત્યાંથી બુધેજ થઈ દુર્ગપુર પધારતાં ત્યાં આવેલા અમદાવાદના ભક્તોની પાર્થનાથી ત્યાં પધારીને ત્યાંના વિરહાતુર ભક્તોને બહુ વર્ષે આપેલો દર્શનાદિ આનંદ. તથા ત્યાંથી નીકળી વેલાલ આવતાં ત્યાંના પ્રત્યેક હરિજનને ઘેર એક એક મોટો લાડુ જમવા વડે સર્વેને આશ્ચર્યચક્તિ કરીને, ત્યાંથી મહેમદાવાદ, વાંઠવાળી, વડથળ, ડડુસર થઈ ઉમરેઠમાં પધારવું. ૩૫૮

૭૦ ઉમરેઠથી ભાલેજ થઈ સામરખે આવતાં ત્યાં આવેલા આણંદના ભક્તોના અત્યાગ્રહથી ત્યાં પધાર્યા. ત્યાંના દુર્જન લોકોએ કરેલા મહાઉપદ્રવનું ક્ષમાશીલ શ્રીહરિએ કરેલું સહન અને ત્યાંથી શ્રીહરિનું વડતાલમાં પધારવું. ૩૬૬

૭૧ આણંદના લોકો સારા હોવા છતાં ભગવાન વિષે દ્વેષબુદ્ધિથી કરેલા ઉપદ્રવનું કહેલુ અસુરાવેશરૂપ કારણ. અને શ્રીહરિના અપમાનથી બહુ હેરાન થતાં તે ગામના લોકોએ વડતાલ આવી ક્ષમા માગીને શ્રીહરિનો કરેલો સમાશ્રય. અને શ્રીહરિનું વડતાલથી ગઢપુર પધારવું વગેરે. ૩૭૧

૭૨ વટપત્તનમાં દ્વેષી કૃતઘ્ની વેદાંતાચાર્યે કરેલી ઉપાધિ પત્રથી જાણતાં ત્યાં શ્રીજીએ મોકલેલા વિદ્વદ્વર્ય મુક્તાનંદ મુનિએ કરેલો તેનો રાજસભામાં પરાજય અને શ્રીહરિએ કરેલી સભામાં તપ - ત્યાગની વાર્તા. ૩૭૫

૭૩ મુક્તાનંદ મુનિની જીત થયાના સમાચાર સાંભળી તેમની સભામાં પ્રશંસા કરતા ઈર્ષ્યા પામેલા નિર્વિકલ્પાનંદ હર્યાનંદના દુર્વચનથી ઉદાસી થયેલા શ્રીહરિએ સત્સંગ છોડી વનવાસ કરવાનો નિશ્ચય કરતા ઉદાસી ગઢપુરના ઉદાસી ભક્તોએ કરેલી પ્રાર્થના અને સત્સંગ સમાજ ભેગો કરવાના વિચારથી આદ્રજમાં સર્વેને આવવાની કંકોતરીઓ લખીને શ્રીહરિનું અનુક્રમે આદ્રજમાં આવવું અને ત્યાં કરેલો અન્નકૂટોત્સવ. ૩૭૯

૭૪ સંઘ વિદાય થતાં રાખેલા મુખ્ય મુખ્ય સંત - હરિભક્તો આગળ શ્રીહરિએ વનવાસ કરવાની આગ્રહી વાત કરતા. બહુ ઉદાસી ભક્તોએ બહુધા પ્રાર્થના કરતાં ભગવાને કહેલો પોતાનો દૃઢ અભિપ્રાય અને સર્વ સાથે મળીને સત્સંગના સંરક્ષણ માટે ચાર ૩૮૪

સદ્‌ગુરૂઓ કરીને તેમની આજ્ઞામાં સર્વને વર્તવાની કરેલી આજ્ઞા. ત્યાંથી માણસા, વડનગર થઈ વિસનગર આવતાં ત્યાંના ભક્તદ્રોહી સૂબાએ માગેલી શ્રીહરિની ક્ષમા. અને ત્યાંથી લાંઘણોજ આવતાં ત્યાંના દુષ્ટ બાવાનું બનેલું વૃત્તાંત. અને ત્યાંથી ડાંગરવા, અડાળજ થઈ શ્રીહરિનું શ્રીપુર પધારવું વગેરે.

૭૫ શ્રીપુરથી જેતલપુર પધારતાં ત્યાં શ્રીહરિએ બનાવેલા બાર સદ્‌ગુરુઓ. ત્યાંથી ડભાણ થઈ વડતાલ આવતાં ત્યાંના ભક્તોની પ્રાર્થનાથી કરેલી ત્યાં નરનારાયણ પ્રતિમાની પ્રતિષ્ઠા. અને ધર્મશાળા વગેરે કરવાની રામદાસભાઈને તથા ત્યાંના ભક્તોને ભલામણ કરીને શ્રીહરિનું અનુક્રમે દુર્ગપુર પધારવું વગેરે. ૩૯૨

૭૬ ગોપાળાનંદ મુનિના સમાગમથી દઢ સત્સંગી થયેલા ૩૯૭

૭૭ સુંદરીયાણાના પરિવાર હેમરાજ શાહનું કહેલું બંધુજ્ઞાતિ જનોએ અનેક ઉપાધિ કરવા છતાં પણ સત્સંગ નહિ ત્યાગ કરવારૂપ ઉત્તમ આખ્યાન. હેમરાજ શાહની ઉત્તરક્રિયા ઉપર સુંદરીયાણા સંતમંડળ સાથે પધારેલા શ્રીહરિની દિવ્ય લીલા. ૪૦૪

૭૮ હેમરાજ શાહના વનાશા આદિક પુત્રોએ કરેલી ૪૦૯

૭૯ શ્રીહરિની સ્તુતિ-પ્રાર્થના અને શ્રીહરિએ તેમને આપેલું અભયદાન ૪૧૭

૮૦ તથા ત્યાંથી ભેંશજાળ થઈ શ્રીહરિનું દુર્ગપુર પધારવું. તથા ત્યાંથી બોટાદના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં પધારીને દેશદેશથી ભક્તસંઘ તેડાવીને બહુધામધુમથી કરેલી પુષ્પદોલોત્સવ વગેરે દિવ્ય લીલાઓ. ૪૨૨

૪૨૯

૮૧ ત્યાંથી ગઢડા પધારી ભગવાને કરેલો અન્નકૂટ મહોત્સવ. વળી, ભક્ત કલ્યાણ માટે ત્યાંથી સંત - પાર્ષદ મંડળ સાથે લઈને સુંદરીયાણા, કૌકા, જેતલપુર, અસલાલી, અમદાવાદ થઈ જેતલપુર

| | | |
|---|---|---|
| | આવતાં ત્યાં થયેલી સભામાં આવેલા મહુધાના વિપ્ર ઈશ્વરને વળગેલા બ્રહ્મરાક્ષસને કાઢવાની કરેલી દિવ્ય લીલા વગેરે. | |
| ૮૨ | ત્યાંથી મેમદાવાદ થઈ પલાણા પધારતાં ત્યાંના પટેલ સપરિવાર કરશનદાસ ભક્તોત્તમનું પ્રસંગાત્ કહેલું શુભ આખ્યાન. | ૪૩૧ |
| ૮૩ | પલાણાથી વસો, વડતાલ પીપળાવ્ય, ગુડેલ થઈ ગઢપુર પધારવું. ત્યાંથી વળી, કારીયાણી થઈ લોયે પધારતાં ત્યાં શ્રીહરિએ કરેલો અમૃતમધુર શાકોત્સવ. તથા ત્યાંથી અનુક્રમે પંચાળા પધારતાં ત્યાં કરેલો પુષ્પદોલોત્સવ. તથા ત્યાં રહેતા પ્રસંગાત્ કહેલું નરવરકોટના ક્ષત્રિય ભક્તનું ઉત્તમ આખ્યાન તથા ત્યાંથી જૂનાગઢ આવીને કરેલો હરિનવમી મહોત્સવ. અને ત્યાંથી ગઢપુર થઈ વરતાલમાં પધારીને કરેલો પ્રબોધિની મહોત્સવ વગેરે. | ૪૩૪ |
| – | પરિશિષ્ટ (સંદર્ભ સૂચિ) | ૪૪૧ |

ॐ

श्री स्वामिनारायणो विजयतेतराम्

७

ધ.ધુ.આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત

# ॥ श्रीहरिलीलामृतम् ॥

चारुतराख्यसप्तमकलशप्रारंभः ॥

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

જેણે જેતલપત્તને મખ કર્યો લાચાર લોલંગરો,
કીધો જજ્ઞ ડભાણમાં વળી ભલો વૌઠે સમૈયો કર્યો;
જૈને ધર્મપુરે સ્વધર્મ ચલવ્યો વૃત્તાલયે આવીને,
કીધા ઉત્સવ શ્રેષ્ઠ તેહ હરિને વંદુ દિલે લાવીને. ૧

**પૂર્વછાયો :**

વિચરવા ગુજરાતમાં, ધરી ઈચ્છા શ્રીધર્મકુમાર;
પાર્ષદ વર્ણી સંતને, સાથે લેવા કર્યા તૈયાર. ૨

**ચોપાઈ :**

પૂછ્યું અભય નરેશને હરિ, વાત ઉત્તમ કુંવરને કરી;
જાણી બાઈયોનો પ્રેમ અઘાત[1], તેઓને તો પૂછી નહિ વાત. ૩
ચાલવાનો સમય થયો જ્યારે, નાગમાલો મહાભક્ત ત્યારે;
લાવ્યા માણકી સજી શણગાર, અવિનાશી થયા અસવાર. ૪

---

૧. અતૂટ

બહુ ભાવિક બાઈયો જેહ, તેણે જાણિયું તત્ક્ષણ તેહ;
ગુજરાત ચાલ્યા ગિરિધારી, આવી દર્શને સૌ મળી નારી. ૫
જયા ને લલિતા રાજબાઈ, સોમબાઈ તથા સુરબાઈ;
પાંચુબાઈ અને બાઈ નાન, અમુલાબાઈ પ્રેમનિધાન[૧]. ૬
મીણબાઈ તથા ખીમબાઈ, એહ આદિક સૌ આવી ધાઈ;
પ્રણમી પ્રભુપદ મન ધારી, અતિ ગદગદ વાણી ઉચ્ચારી. ૭
પ્રભુ દૂર દેશાવર જાશો, ત્યાંના ભક્તતણે વશ થાશો;
જશે ત્યાં સુખે દિવસ તમારા, જશે શી રીતે દિવસ અમારા. ૮
એમ સૌને પ્રેમાતુર જાણી, વૃષવંશી વદ્યા મુખે વાણી;
તમે ધીરજ અંતરે ધારો, નથી તમથી હું દૂર જનારો. ૯
વાસુદેવની મૂર્તિ છે જેહ, જાણો હુંજ પ્રત્યક્ષ છું તેહ;
મૂર્તિ દ્વારાયે હું સુખ દૈશ, તમે અર્પણ કરશો તે લૈશ. ૧૦
માટે આપો રજા રાજી થૈને, વે'લા આવશું ગુજરાત જૈને;
એવાં વાલાનાં વેણ વિચારી, બોલી બાઈયો ધીરજ ધારી. ૧૧

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

જો જાશો ન પ્રયાણમાં જ કહિયે તો શુકન સારો નહી,
જો જાઓ કહિયે જણાય જનમાં તો સ્નેહ ઓછો સહી;
આજ્ઞા કેમ કરાય જે અહિં રહો મૌને ઉદાસીપણું,
જાશે જીવ કહ્યે કદાપિ ન ગયો માટે કહો તે ભણું. ૧૨

**ચોપાઈ :**

એવી સાંભળી સ્નેહની વાણી, કહે કૃષ્ણ કૃપા અતિ આણી;
ગુજરાતમાં છે ઘણું કાજ, નહિ ચાલે ગયા વિના આજ. ૧૩
સારો જોગ જણાશે ત્યાં અમને, ત્યારે ત્યાં હું તેડાવીશ તમને;
એમ ધાર્મિકે ધીરજ દીધી, પછી ચાલવા તૈયારી કીધી. ૧૪
દાદા ખાચર આદિ અપાર, સાથે લીધા કાઠી અસવાર;
ગયા શ્રીહરિ ઉત્સાહ આણી, ઝીંઝાવદર થૈ કારિયાણી. ૧૫

૧. ભંડાર, સમુદ્ર

બરવાળે ગયા બહુનામી, ત્યાંથી ધંધુકે અક્ષરધામી;
અમદાવાદમાં અવિનાશ, થોડા દિવસ વસ્યા નવેવાસ. ૧૬
ગયા જેતલપુર જગદીશ, પછી માતર ગામ મુનીશ;
સોની ગિરધરને ઘેર રહ્યા, રધવાણજ ત્યાં થકી ગયા. ૧૭
પછી જૈને ડભાણ સુપેર, રહ્યા રઘુનાથદાસને ઘેર;
પછી પીજ ગયા પરમેશ, ભાળી ભક્તનો ભાવ જનેશ. ૧૮
બચ્ચાભાઈની ખડકીને માળે, કર્યો ઉતારો દીનદયાળે;
બચ્ચાભાઈ ને ભાઈજીભાઈ, લલ્લુભાઈ નમ્યા હરખાઈ. ૧૯
કાનદાસ ને ઝવેરદાસ, બાઈ અવલ આવ્યાં પ્રભુ પાસ;
એહ આદિકે સેવિયા હરી, થોડા દિવસ રહ્યા પ્રભુ ઠરી. ૨૦
ધન્યધન્ય તે માણસ જાયાં[1], જેનાં ગ્રંથમાં નામ લખાયાં;
જગની સ્થિતિ જ્યાં સુધી થાશે, ત્યાં સુધી તેનાં નામ વંચાશે. ૨૧
પીજથી પ્રભુજી પરવરિયા, નડિયાદમાં નાથ વિચરીયા;
ગંગારામ ને મોહનરામ, તેની બે'નો રહે તેહ ઠામ. ૨૨
ગંગા રેવા ને ઉતરકુંવરી, ઉતર્યા તેને ઘેર શ્રીહરી;
સારી યુક્તિ થકી કર્યો થાળ, જોઈ ભાવ જમ્યા જનપાળ. ૨૩
કહે શ્રીહરિ આવી રસોઈ, વિના નાગર નવ કરે કોઈ;
વાલે એમ રસોઈ વખાણી, વળી ભાવ ભલો લીધો જાણી. ૨૪
રહે ત્યાં ગંગાદાસ પટેલ, સતસંગી તે સારા થયેલ;
નાતે કડિયા જે કેવળ નામ, એહ આદિકે સેવિયા શામ. ૨૫
એવે અવસરે સાહેબ ચાર, કોઈ આવેલા ગામ મોઝાર;
હતા ગાયકવાડના મિત્ર, જેની બુદ્ધિ તો પરમ વિચિત્ર. ૨૬
તેને જૈ કોઈયે વાત કહી, સહજાનંદસ્વામી છે અહીં;
માન દૈને તેડાવિયા મળવા, હરિવદનની વાત સાંભળવા. ૨૭
ત્યારે કોટમાં કૃષ્ણ પધાર્યા, સારા સાહેબે શબ્દ ઉચ્ચાર્યા;
ટોપી ઉતારી કીધી સલામ, આપ્યું આસન સરસ તે ઠામ. ૨૮
બેસીને કરવા લાગ્યા વાત, થાય સાહેબ સુણી રળિયાત;
વળી સાહેબે પૂછ્યું વિશેષ, તમે જોયા કિયા કિયા દેશ ? ૨૯

૧. સ્ત્રી

કરી શ્રીહરિયે તેહ ઠામ, ભરતખંડની વાત તમામ;
વાત ચાલી વીલાયત કેરી, કહી તે પણ કૃષ્ણે ઘણેરી. ૩૦
સુણી સાહેબે શ્રીજી વખાણ્યા, મહાપુરુષ પેગાંબર જાણ્યા;
પુષ્પના ગુચ્છ ને પુષ્પહાર, લાવી પૂજ્યા પ્રભુ ધરી પ્યાર. ૩૧
પછી આવિયા કૃષ્ણ ઉતારે, બીજો દિવસ થયો પછી જ્યારે;
નારાયણદેવનું દેરું જ્યાંય, ગયા શ્રીહરિ દર્શને ત્યાંય. ૩૨
કરી દર્શન ચાલ્યા તે કાળ, ડુમરાલને રસ્તે દયાળ;
ત્યાંની ભાગોળમાં સુણ ભ્રાત, વડ પંચોતરો છે પ્રખ્યાત. ૩૩
પેખી ઓટો રુડો તેની પાસ, બેઠા તે પર શ્રીઅવિનાશ;
આવ્યા દર્શને ત્યાં જનવૃંદ, જ્ઞાનવાત સુણાવી ગોવિંદ. ૩૪
ઘણા જનને થયું એવું જ્ઞાન, આ છે નિશ્ચે પ્રગટ ભગવાન;
સર્વથા જેના સંશય ગયા, તે તો શ્રીજીના આશ્રિત થયા. ૩૫
વાલો ત્યાંથી આવ્યા વરતાલ, પરબ્રહ્મ પ્રણત જનપાળ;
જઈ સુતાર વાસણ ઘેર, પ્રભુજી ઉતર્યા શુભ પેર. ૩૬

**પૂર્વછાયો :**

બે દિન વસી વરતાલમાં, ઉમરેઠ ગયા અવિનાશ;
જ્યાં શીવજી જાગનાથ છે, વાલે ત્યાં જઈ કીધો નિવાસ. ૩૭

**ચોપાઈ :**

વિપ્રમંડળે જાણી તે વાત, આવ્યા છે શ્રીહરિ સાક્ષાત;
ત્યારે નાથને આવ્યા નિરખવા, કેવું ઐશ્વર્ય છે તે પરખવા. ૩૮
પ્રભુને પાયે કીધા પ્રણામ, પાસે બેસીને બોલ્યા તે ઠામ;
મોટા શંકરસ્વામી કહાવ્યા, તેણે પાડાને વેદ બોલાવ્યા. ૩૯
એવું આપ કરો કામ જ્યારે, અમે માનિયે ઈશ્વર ત્યારે;
કહે કૃષ્ણ જે મૂર્ખ જણાય, પાડા જેવા પશુ જ ગણાય. ૪૦
દ્વિજ હોય નિરક્ષર જેહ, લાવી બેસારો આગળ તેહ;
ઉચ્ચરાવું તેને મુખે વેદ, એવો ભાખ્યો ભુધરજીયે ભેદ. ૪૧
હરિશંકર દ્વિજ હતો તહીં, એકે અક્ષર જાણતો નહીં;
તેને આગળ બેસાર્યો આણી, કહ્યું બોલાવો વેદની વાણી. ૪૨

પછી કૃષ્ણે આજ્ઞા કરી એને, વેદ બોલ્ય એવું કહ્યું તેને;
વહે ગંગપ્રવાહ તે જેમ, વેદ બોલવા લાગ્યો તે તેમ. ૪૩
સૌયે શ્રીહરિને તેહ સ્થાન, જાણ્યા શંકરસ્વામી સમાન;
કેટલાએકે નિશ્ચય કીધો, આ તો કૃષ્ણે જ અવતાર લીધો. ૪૪
તેથી શ્રીજીના શિષ્ય તે થયા, બીજા પ્રભુપદ પ્રણમીને ગયા;
વાત ચાલી તે ગામ મોઝાર, આવે દર્શને લોક અપાર. ૪૫
બહુ જન બોલિયા શબ્દ આવો, અમને પ્રભુ નિયમ ધરાવો;
મંગાવ્યો ઘડો નીરનો નાથે, છાંટ્યું નીર તે સર્વને માથે. ૪૬
કહ્યું છાંટો આનો ઉડે જેને, જાણો નિયમ ધરાવિયા તેને;
ખેડાવાળ દ્વિજે ઘેરઘેર, પ્રભુ જમવાને તેડ્યા સુપેર. ૪૭
ગુણગ્રાહી જાણી એહ ગામ, સાત દિવસ વશ્યા ઘનશ્યામ;
ભલું ત્યાં છે જે ઘટનું તળાવ, જતા ના'વા મનોહર માવ. ૪૮
તે તળાવને પૂર્વ કિનારે, નિત્ય ના'તા પ્રભુ બહુ પ્યારે;
જન રંજન કરી જનપાળ, પછી વિચરિયા વરતાલ. ૪૯
ગામ ચાંગે ગયા ગિરધારી, ત્યાંથી મોરજે દેવ મુરારી;
ગઢવી તહાં ગોકળદાસ, પાંચ દિવસ વશ્યા તેને વાસ. ૫૦
તહાં બારોટ અમથો આવ્યા, દાસ જેકણને સાથે લાવ્યા;
મળી સૌયે સારી સજી સેવા, ભાસે ભક્ત ભલા ધ્રુવ જેવા. ૫૧
ગઢવીયે પૂજ્યા રુડી રીતે, ધર્યા પાંચસે રુપૈયા પ્રીતે;
હતું અફીણનું બંધાણ એને, તે તો તરત તજાવીયું તેને. ૫૨
શામે સૌને શિખામણ આપી, આવું બંધાણ ન કરો કદાપિ;
બહુ ખોટું અફીણ બંધાણ, પડે સંકટમાં કદી પ્રાણ. ૫૩

**અફીણના બંધાણ વિષે : ઉપજાતિવૃત્ત :**

બંધાણ જો થાય અફીણ કેરું, તેને મહાકષ્ટ પડે ઘણેરું;
જો કોઈ કાળે નવ હોય પાસે, તો પ્રાણ તેના પળ માંહિ જાશે. ૫૪
અફીણિયાનો ઈતબાર[1] જાય, સાચું વદે સંશય તોય થાય;
જો વસ્તુ બીજો જન ચોરી જાવે, અફીણિયાને શિર વેમ આવે. ૫૫

૧. વિશ્વાસ

અફીણ મોઢું કડવું કરે છે, શરીરનું શોણિત[1] શોષી લે છે;
નાણા તણું તો નુકસાન થાય, મૂર્ખા વિના કોણ અફીણ ખાય. ૫૬
જો બ્રહ્મહત્યા પૂરવે કરેલી, સ્ત્રીબાળહત્યા અથવા થયેલી;
તે પાપ જ્યારે પ્રગટીત થાય, અફીણ બંધાણ જને કરાય. ૫૭
બંધાણીને સાકર દીધી હોય, તે વેચીને ખાય અફીણ તોય;
બીજા નહી સ્વાદ વધુ વખાણે, અફીણમાં ઉત્તમ સ્વાદ જાણે. ૫૮
મેવા મિઠાઈ પ્રભુયે કર્યા છે, મનુષ્ય માટે મહિમા[2] ધર્યા છે;
તે મૂકીને જે જન ઝેર ખાય, તો બુદ્ધિ કેવી ગણતાં ગણાય. ૫૯
અફીણથી ખૂબ થતા ખુવાર, જણાય લોકો જગમાં અપાર;
ખાંતેથી બીજા જન તોય ખાય, તે પાવકે જેમ પતંગ ધાય. ૬૦
પરોપકારે શિવે ઝેર પીધું, તથાપિ કંઠે નિજ ધારી લીધું;
અફીણિયાનું દુઃખડું વિચાર્યું, શું પેટમાં તેથી નહી ઉતાર્યું. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિ નિજજન શીશ હેત આણી, કહી ઉપદેશ તણી વિશેષ વાણી;
સુણી જન મન માંહિ લીધી ધારી, ગણિ હિતકારી વિવેકથી વિચારી. ૬૨

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિચરોતરપ્રાંતવિચરણનામા પ્રથમો વિશ્રામઃ ॥૧॥*

**પૂર્વછાયો :**

મોરજથી મૈયારિયે, ગયા સંત સહિત ઘનશ્યામ;
વારી વાક તળાવનું, પી'ને ગયા હાડેવે ગામ. ૧

**ચોપાઈ :**

હાડેવેથી ગયા વસતાણે, રાત વૌઠે રહ્યા સહુ જાણે;
સૈજ થૈને ચલોડે સિધાવ્યા, ત્યાંના હરિજનને હરખાવ્યા. ૨
નથુભાઈ અમીન તે સ્થાને, ઉતર્યા તેને દીવાનખાને;
કરી ભોજન તેને ભવન, ગયા જેતલપુરમાં જીવન. ૩

૧. લોહિ ૨. પૃથ્વી ઉપર

ભાળી મ્હેલ તળાવની પાળે, કર્યો ઉતારો ત્યાં વૃષલાલે;
તહાં સાધુ તથા બ્રહ્મચારી, વિદ્યા ભણવાને યોગ્ય વિચારી. ૪
એને આજ્ઞા કરી અવિનાશ, કરો સંસ્કૃત કેરો અભ્યાસ;
સૌયે હરિનો હુકમ માની લીધો, વિદ્યા ભણવાનો આદર કીધો. ૫
વડ હેઠે બીજે દિન વાલે, સભા સારી સજી ધર્મલાલે;
ગંગાદાસ ને ભીખારીદાસ, પ્રેમે આવી બેઠા પ્રભુ પાસ. ૬
આશારામ ત્રવાડી શ્રીમાળી, સૌયે સ્નેહે સેવ્યા વનમાળી;
સભામાં બોલ્યા સુંદરશામ, અમે તો જશું ગામડી ગામ. ૭
સુણી એવું બોલ્યા ગંગામાય, આજ તો આંહીથી ન જવાય;
કાલ્ય પર્વણીનો[1] દિન થાશે, દીકરા કાલ્ય કેમ જવાશે ? ૮
વળી જેતલપુરના નિવાસી, બોલ્યા ભક્ત સુણો સુખરાશી;
કાલ્ય તો ઉત્તરાયણ થાય, માટે તે પછી આહિંથી જવાય. ૯
દાનપુણ્ય તણો દિન જાણી, રહો આંહિ જ સારંગપાણી;
સુણી બોલિયા સુંદરશામ, સાંભળો સતસંગી તમામ. ૧૦
કાલે આંહિ ચોરાશી કરાય, કહો કેટલું ઘી વવરાય;
કહે ભક્ત ચોરાશી કરે છે, પાંચ મણ ઘૃત આંહિ વરે છે. ૧૧
ત્યારે બોલિયા સુંદરશામ, આસપાસ વસે છે જે ગામ;
ત્યાંના વિપ્ર તેડાવિયે જ્યારે, કેટલું વરશે ઘૃત ત્યારે. ૧૨
હરિભક્ત કહે જોડી હાથ, દશ મણ વરશે દીનનાથ;
વૃષવંશી બોલ્યા વળી ત્યારે, અમદાવાદના આવે જ્યારે. ૧૩
ત્યારે કેટલું ઘી વવરાય, હરિજન કહે નિશ્ચે ન થાય;
આવે વિપ્ર હજારો હજાર, એથી ખર્ચ અસંખ્ય થનાર. ૧૪
કહે કૃષ્ણ બધે લખો પત્ર, આવે બ્રાહ્મણ સૌ કાલે અત્ર;
ઘણું ઘૃત હાલહાલ મંગાવો, અન્ન ખાંડ જથાબંધ લાવો. ૧૫
પછી પત્ર લખી મોકલાવ્યા, ઘૃત આદિક માલ મંગાવ્યા;
સાંજ પડતાં તહાં મનરંજ, કર્યા સીધાના ગંજના ગંજ. ૧૬
આજ્ઞા આઠે સિદ્ધિઓને આપી, નહિ ખૂટવા દેશો કદાપી;
જેમ જેમ સિધું વવરાય, તોય ગંજના ગંજ જણાય. ૧૭

૧. તહેવારનો દિવસ

ભક્ત શ્રીમાળી દ્વિજ આશારામ, જેને ઝાઝાં દિસે ધન ધામ;
કહે શ્રીજી તેને સુણો સુજ્ઞ, કરશું અમે મહારુદ્ર યજ્ઞ. ૧૮
ચારે વેદના વિપ્ર તેડાવો, વળી યજ્ઞસામગ્રી મંગાવો;
કંકોતરિયો લખો ગામોગામ, સતસંગીયો આવે તમામ. ૧૯
રુડું વેદોક્તકર્મ કરાશે, ઘૃત તો પરનાળે હોમાશે;
કાશી સુધીમાં વિદ્વાન હોય, ત્યાંથી તેડાવવા દ્વિજ તોય. ૨૦
પ્રગણામાંથી[૧] તો રુડી રીત, દ્વિજ આવે સ્ત્રીપુત્ર સહીત;
એવા પત્ર લખો ગામોગામ, અતિ કરવું છે ઉત્તમ કામ. ૨૧
એવું સાંભળી આજ્ઞા પ્રમાણે, લખી કંકોતરી તેહ ટાણે;
કચ્છદેશ ને કાઠીયાવાડ, દેશ સોરઠ ને ઝાલાવાડ. ૨૨
ગુજરાત તથા ખાનદેશ, બીજા પણ બહુ દેશ વિશેષ;
મહાવિદ્વાન વિપ્ર તેડાવ્યા, સતસંગી બધાને બોલાવ્યા. ૨૩
જેહ વસ્તુ મળે જેહ સ્થાન, મંગાવો મહારુદ્ર સામાન;
ત્યારે જેતલપુર તણા જન, બોલ્યા શ્રીહરિ પાસ વચન. ૨૪
ચોખા જેટલા વાવરો તમે, તેટલા પૂરા આપશું અમે;
પુરું પાડશું બળતણ ઘાસ, સુણી એવું રીઝ્યા અવિનાશ. ૨૫
રહે શ્રીકરજિસણ ગામ, ભલા ભક્ત નાનાભાઈ નામ;
ઘીના કુંપા ઘણા ભરી લાવ્યા, ધર્મપુત્રને ભેટ ધરાવ્યા. ૨૬
ત્યારે ઉચ્ચર્યા એમ શ્રીજીય, જે જે ઢોરનું આ હશે ઘીય;
તેતે ઢોરનું કલ્યાણ થાશે, અંતે અક્ષરધામમાં જાશે. ૨૭
પછી જોશી સુજાણ બોલાવ્યા, યજ્ઞઆરંભ દિન જોવરાવ્યા;
ઉત્તારાયનના રવિ થાય, બ્રહ્મ ભોજન ચાલું કરાય. ૨૮
પછી આઠ દિવસ વહી જાય, મહારુદ્ર તો ચાલતો થાય;
ઘણા વિપ્ર વરુણ માંહી વરે, મંત્ર હરિહરના જપ કરે. ૨૯
ભણી રુદ્રીને કેટલાએક, કરે શંભુ ઉપર અભિષેક;
તેનો હોમ દશાંશ કરાય, એમ વાસર દશ વહી જાય. ૩૦
દિન ઉત્તારાયનથી અઢાર, થાય પૂર્ણાહુતિ તેહ વાર;
આવે વિપ્રની જે કોઈ જાત, જમે ભોજન ત્યાં સુધી ભ્રાત. ૩૧

૧. રાજયમાંથી પાડવામાં આવેલ નાના નાના વિભાગ, જીલ્લા

કોઈ વિપ્ર જમ્યા વિના જાય, તો તે યજ્ઞ નહીં વખણાય;
આપ્યાં જોશીયે મુહુરત એવાં, થોડા ધનથી ન થઈ શકે તેવાં. ૩૨
સ્વરૂપાનંદ જામનગરથી, આવ્યા મંડળ સોત સત્વરથી;
આવ્યા સુરતથી રામદાસ, લૈને મંડળ પોતાનું પાસ. ૩૩
બ્રહ્માનંદ મુક્તાનંદ સ્વામી, આવ્યા એ પણ આનંદ પામી;
લખી પત્ર હતાં જે તેડાવ્યાં, સર્વે મંડળ સંતનાં આવ્યાં. ૩૪
જેમ નદીયો નિધિ ભણી ધાય, જનજુથ જેતલપુર જાય;
આવ્યા હરિજન સંતસમાજ, જોઈ રાજી થયા મહારાજ. ૩૫
પછી જેને જેવું જોગ્ય કામ, તેને સોંપીયું તેવું તમામ;
કર્યો બહુવિધિથી બંદોબસ્ત, જેમ સાચવે વસ્તુ સમસ્ત. ૩૬
ઉત્તરાયનનો દિન આવ્યો, પાક ઉત્તમ રીતે કરાવ્યો;
દ્વિજ આવ્યા ઘણા તે દહાડે, રહ્યા ત્યાં સુધી રોજ જમાડે. ૩૭
દીધાં ઉત્તરાયણ દિન દાન, કહે સૌ આ તો કર્ણ સમાન;
જેમ ચોમાસાના દિન જાય, ઝાઝું નીર તળાવે ભરાય. ૩૮
તેમ દ્વિજ દિનદિન ઘણા આવે, સંખ્યા કોણ ગણે તે ગણાવે;
પછી મંડપ કુંડ કરાવ્યો, જેવો કુંડના ગ્રંથે બતાવ્યો. ૩૯
ઘણા વિપ્ર વરુણ માંહી વરિયા, મંત્રજપ ને અભિષેક કરિયા;
ચારે વેદનાં સુક્ત ભણાય, જોઈ રાજીરાજી હરિ થાય. ૪૦
સારો શોભે તળાવનો આરો, પ્રતિદિન જમે વિપ્ર હજારો;
કૈંક રાખતા હરિ પર દ્વેષ, તે તો કરવાને ઈચ્છતા ક્લેશ. ૪૧
રાંધવા જાય ને દ્વેષ રાખે, લાડવા તે તળાવમાં નાંખે;
કરે એમ તે દેખી એકાંત, રાખે ખુટાડવાની તે ખાંત. ૪૨
કૈક જાણે કરું મારામાર, પતરાળાં ખુંદાય તે ઠાર;
આવ્યા લાકડીયો લઈ હાથે, વાત જાણી તે નટવર નાથે. ૪૩
કોઈ વિપ્રે એવી બુમ પાડી, ખુટ્યું ઘી હવે મુકો ઉઠાડી;
પાળા સાથે લઈને પચીશ, પાક પાસે ગયા જગદીશ. ૪૪
લાડુ નાંખેલા જળ માંહી જેહ, એક પાર્ષદે પેખીયા તેહ;
પાળે શ્રીપ્રભુને તે બતાવ્યા, ત્યારે સત્સંગી દ્વિજને બોલાવ્યા. ૪૫

હળવદના તથા બીજા જેહ, પ્રભુયે રાખ્યા પાકમાં તેહ;
કુસંગીને કાઢ્યા પાકમાંથી, તે તો તરત ગયા દૂર ત્યાંથી. ૪૬
જેની લાકડી જોવામાં આવી, તેના હાથથી તરત તજાવી;
પીરસે દ્વિજ સૌ સતસંગી, બીજા કોઇ નહી અડબંગી. ૪૭
કોઠી ઘીની ભરેલી દેખાડી, જાણ્યું વિપ્રે જુઠી બુમ પાડી;
બહુ વિપ્ર જમે ને બગાડે, તોય ખૂટે નહી કોઈ દહાડે. ૪૮
નિત્યનિત્ય ઘણા દ્વિજ જમે, જોઇ શ્રીહરિને મન ગમે;
દિન પૂર્ણાહુતિ તણો આવ્યો, અતિ ઉત્તમ હોમ કરાવ્યો. ૪૯
તેનું વિસ્તારે વર્ણન થાય, કથાનો નહિ પાર પમાય;
કર્યું શ્રીજીયે અવભૃથસ્નાન, દીધાં વિપ્રને વિધવિધ દાન. ૫૦
પછી શ્રીજીયે સ્નેહ સહીત, કહ્યું સાંભળો સઉ રુડી રીત;
જેવો છે મારા મનમાં સદાય, કહું બ્રાહ્મણનો મહિમાય. ૫૧

**બ્રાહ્મણના મહિમા વિષે : ઉપજાતિવૃત્ત :**

જે બ્રાહ્મણો છે મુખ એ જ મારું, એનાથી બીજું અધિક ન ધારું;
વિપ્રો તથા જે જન સંત છેય, છે ધર્મના રક્ષક એ જ બેય. ૫૨
સદ્ધર્મનો તે ઉપદેશ દે છે, તો વિશ્વમાં ધર્મ રુડો રહે છે;
ન હોત જો બ્રાહ્મણકેરી જાત, તો વેદનો અસ્ત અવશ્ય થાત. ૫૩
મને મહાયજ્ઞ ભલા જ ભાવે, તે યજ્ઞ તો બ્રાહ્મણ તે કરાવે;
ભૂમિ વિષે બ્રાહ્મણ જો ન હોય, તો યજ્ઞનું નામ કહે ન કોય. ૫૪
સૌ ધર્મશાસ્ત્રો ઋષિયે કર્યાં છે, વિપ્રો વડે તે સ્થિર થૈ ઠર્યાં છે;
જો વિપ્રજાતિ જગમાં ન જોત, તો ધર્મશાસ્ત્રો ન હયાત હોત. ૫૫
શાસ્ત્રો પુરાણો દ્વિજ સંભળાવે, એથી જનો આસ્તિક ભાવ લાવે;
વિપ્રો પ્રભુજ્ઞાન બતાવનારા, વિપ્રો મને પ્રાણસમાન પ્યારા. ૫૬
સન્માન જે બ્રાહ્મણનું કરે છે, સન્માન તે તો મુજને જ દે છે;
નિંદા કરે બ્રાહ્મણકેરી જેહ, તો મારી નિંદા કૃતતુલ્ય તેહ. ૫૭
આચાર્ય જે જે જગમાં થયા છે, તે વિપ્રકેરે કુળ જન્મિયા છે;
સદ્ધર્મનું બ્રાહ્મણ મૂળ જાણો, જાણે નહી જે નહિ હોય શાણો. ૫૮
વિપ્રો વડે લગ્નક્રિયા કરાય, વિપ્રો વડે શ્રાદ્ધ બધા સરાય;
જે ધર્મનું કર્મ કરાય કાંઇ, મુખ્યત્વ દિસે દ્વિજ તેહમાંઇ. ૫૯

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

જે શ્રીબ્રાહ્મણવંશ જન્મ ધરીને કર્મો નઠારાં કરે,
છાંડી ટેક વિવેક છેક તજીને નામે નઠારો ઠરે;
મૂકી માર્ગ મનસ્વી થૈ મદ ધરી કાંઈ કુમાર્ગે ચડે,
તે તો મોક્ષ તણે ચડી પગથીયે છેલ્લેથી પાછો પડે. ૬૦
જે મારા દ્વિજ આશ્રિતો પ્રતિદિને સંધ્યાદિ કર્મો કરે,
ઝાઝું જો ન ભણાય આચમન લૈ ગાયત્રી તો ઉચરે;
નાંખે તે ત્રણ અંજલી રવિ ભણી સંભારી પૂજા સમે,
જો જાણે નહિ વૈશ્વદેવ હરિને નૈવેદ્ય ધારી જમે. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

શ્રુતિપથ શુભ થાપનાર્થ કાજે, નૃપ નરદેહ ધર્યો મહાધિરાજે;
કહી દ્વિજકુળકેરી શ્રેષ્ઠતાઈ, ભણી ખટ કર્મ તણી ઘણી ભલાઈ. ૬૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે જેતલપુરે યજ્ઞારંભનામ દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥*

**પૂર્વછાયો :**

સુંદરશામ સભા વિષે, કરે જ્ઞાન વિનોદની વાત;
બ્રહ્મસભા શોભે ભલી, જોતાં થાય હૃદય રળીયાત. ૧

**ચોપાઈ :**

પછી શ્રીજીની આગળ આવી, કોઈ સજ્જને વાત સુણાવી;
જેટલામાં છે ગુજરાત દેશ, વામમાર્ગ વધ્યો છે વિશેષ. ૨
એકઠા ચારે વર્ણ ઠરે છે, શક્તિની પૂજા સ્નેહે કરે છે;
મદ્યમાંસનું નૈવેદ્ય થાય, પછી ખાંતથી સૌ મળી ખાય. ૩
સભામાં ખૂબ ખંડન કરો, સર્વ લોકના સંશય હરો;
એવું સાંભળી શ્રીભગવાને, સભા સારી સજી તેહ સ્થાને. ૪
હજારો જન એ સ્થળે આવ્યા, બહુ પંડિતને ત્યાં બોલાવ્યા;
મુખે બોલિયા એ સમે માવો, હવે શાસ્ત્રની ચર્ચા ચલાવો. ૫

દેવીપૂજન કૈક કરે છે, મદ્ય માંસ નૈવેદ્ય ધરે છે;
કોઈ યજ્ઞ કરે પશુ મારી, તે છે સારી કે રીત નઠારી. ૬
એવું સાંભળીને એહ ઠામ, બોલ્યા શાસ્ત્રીજી નિર્ભયરામ;
અમદાવાદના રહેનાર, ઘણાં શાસ્ત્રનો જાણે તે સાર. ૭
મદ્યમાંસથી શક્તિપૂજન, કરે છે તે તો જે શુદ્ર જન;
ઉંચી નાતના તો એવું કામ, કરે છે હોય જ્યાં ગુપ્ત ઠામ. ૮
કરતા હોય શાસ્ત્ર પ્રમાણે, સભામાં બોલે આવી આ ટાણે;
ભુંડું કામ તો ગુપ્ત કરાય, સારા કામથી શીદ શરમાય. ૯
વામપંથના ગ્રંથ નઠારા, એ તો આસુરી જન રચનારા;
શિવ શક્તિનો સંવાદ લૈને, રચ્યા ગ્રંથ તે નાસ્તિક થૈને. ૧૦
સતશાસ્ત્ર તો તેથી છે ન્યારાં, સદાચરણ સ્થાપન કરનારાં;
સતશાસ્ત્રનો સાર છે એહ, અહિંસા ધર્મ ઉત્તમ તેહ. ૧૧
યોગ અષ્ટાંગ વેદ કહે છે, તેમાં યમ ને નિયમ રહે છે;
અહિંસા એમાં મુખ્ય ગણી છે, વેદમાં એવી શ્રુતિયો ઘણી છે. ૧૨
તોયે જેને જેવું કર્મ ભાવે, એવો અર્થ એનો ઉલટાવે;
પછી શાસ્ત્રી બોલ્યા આશારામ, વસે તે સદા વીરમગામ. ૧૩

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

એવું કોઈ કહે અહો ધરમ તો સારો અહિંસા ખરો,
બોલે એ જ મુખે પશુ હણીહણી હિંસાથી યજ્ઞો કરો;
સારું કોઈ મનુષ્ય એમ કદીયે બોલે દ્વિભાષા નહીં,
તો જે વેદ પવિત્ર શાસ્ત્ર કહિયે તે કેમ બોલે કહી. ૧૪

**ચોપાઈ :**

સત્ત્વ રજ તમ ગુણ કહેવાય, જેવો ગુણ તેની તેવી ઈચ્છાય;
તમોગુણીને તો હિંસા ગમે છે, તેવા હિંસક બ્રાહ્મણ તે છે. ૧૫
તે તો બેસીને ગંગા કિનારે, એક હાથથી માછલાં મારે;
બીજા હાથમાં ગૌમુખી રાખે, માળા ફેરવે ગાયત્રી ભાખે. ૧૬
સિંધદેશી અને જે બંગાળી, જાતિ વિપ્રની હિંસક ભાળી;
માંસાહાર તે નિત્ય કરે છે, વેદનાં તે પ્રમાણ કહે છે. ૧૭

બકરાં કુકડાં નિત્ય મારે, તેનું પાપ ગણે ન લગારે;
ભરતખંડમાં બ્રાહ્મણ જે છે, ત્રણ ભાગના હિંસક તે છે. ૧૮
મારી બકરાં કરે સોમયાગ, કરે ભક્ષ હુતદ્રવ્ય ભાગ;
પશુઓ યજ્ઞ અર્થે સૃજ્યાં છે, એવાં વેદમાં વચન કહ્યાં છે. ૧૯
તે તો જાણો પંચામૃત કાજ, પશુઓ વડે થાય અનાજ;
ઘડ્યાં છે પશુઓ એહ ઘાટે, પણ નહિ પશુ મારવા માટે. ૨૦
યજ્ઞ અર્થે છે વિપ્રસમાજ, પણ તે નહિ મારવા કાજ;
એનો અવળો કરે કોઈ અર્થ, એ તો અર્થ નહિ છે અનર્થ. ૨૧
જૂઠો અર્થ કરી વાદ તાણે, આપઆપની ઈચ્છા પ્રમાણે;
ઝાઝા જે મતના મળે જ્યાંય, વાદે થાય તેની જીત ત્યાંય. ૨૨
ચોથે ભાગે અહિંસક જાણો, ગુજરાતી પ્રમુખ્ય પ્રમાણો;
થાય આકાશમાં વાણી તોય, તે તો હિંસા કરે નહીં કોય. ૨૩
આત્મવત્ સર્વભૂતનેભાળો, એવું વેદ વચન છે નિહાળો;
જેવી આપણને પીડા થાય, પીડા કરવાથી પ્રાણી પીડાય. ૨૪
પ્રાણ આપણને પ્રિય જેવો, પ્રિય છે પશુને પ્રાણ તેવો;
શત બ્રહ્મા આવી સમજાવે, અહિંસકને તો હિંસા ન ભાવે. ૨૫
એવાં વચન સુણી તેહ વારે, રુપશંકર શાસ્ત્રી ઉચ્ચારે;
વટપત્તનના તે નિવાસી, જેણે વિદ્યા વિશેષ અભ્યાસી. ૨૬
સુણો સુજ્ઞ સભાસદ સહુ, શ્રુતિ વેદની હું વળી કહું;
તૈત્તરીયબ્રાહ્મણમાં કહી છે, જેમાં મુખ્ય અહિંસા રહી છે. ૨૭
એમ કહીને શ્રુતિ સંભળાવી, દીધો વિસ્તારે અર્થ બતાવી;
મેધ્ય ગુણ જ્યારે પુરુષમાં હતો, નરમેધ જગન ત્યારે થતો. ૨૮
મારી પુરુષનું હોમતા માંસ, ખાતા બ્રાહ્મણો તેહનો અંશ;
મેધ્ય ગુણ પછી અશ્વમાં ગયો, અશ્વમેધ જગન ત્યારે ગયો. ૨૯
એનો સાર એવો સમજાય, નર મારતાં આવી દયાય;
નરમેધ તે બંધ કરાવી, અશ્વમેધની રીત ચલાવી. ૩૦
મેધ્ય ગુણ હયમાંથી નિકળિયો, જૈને બળદના અંગમાં મળિયો;
ત્યાંથી ઉંટને અંગે ઉતરિયો, ત્યાંથી જૈ અજ અંગમાં ઠરિયો. ૩૧

ત્યાંથી નીકળી પૃથ્વીમાં પેઠો, વ્રીહી અન્નમાં તે જઇ બેઠો;
વ્રીહી[1] અન્નથી યજ્ઞ કરાય, પશુની પછી હિંસા ન થાય. ૩૨
શ્રુતિ છે એવી વેદને પાને, પણ હિંસક વિપ્ર ન માને;
આસુરી જન જગતમાં જે છે, તેને હિંસા જ કરવી ગમે છે. ૩૩
જેનો ક્રૂર સ્વભાવ જણાય, તેને દિલમાં ન આવે દયાય;
નર એક શુનઃશેન નામ, તેને બાંધેલો નરમેધ ઠામ. ૩૪
વિશ્વામિત્રને દિલ દયા આવી, તેથી તેહને મુક્યો છોડાવી;
દયાળુને દિલે દયા એમ, પશુ ઉપર આવે ન કેમ. ૩૫
અહિંસૈવ પરો ધર્મ કહે, તોય પ્રાણ પશુના તે લહે;
દેવીને મદ્યમાંસનો ભોગ, દ્વિજાતિયે ન આપવા યોગ. ૩૬
ઉંચો વર્ણ આપે નહી જ્યારે, નીચું કામ તે જાણવું ત્યારે;
નીચા કામમાં પાપ જ હોય, બુદ્ધિમાન જાણે સહુ કોય. ૩૭
વામમારગી જે હોય ખરો, હિંસાનું પ્રતિપાદન કરો;
તેનું ખંડન હું કરી આપું, અહિંસા મત શાસ્ત્રથી થાપું. ૩૮
એવી પામ્યો છું શક્તિ હું આપે, તે તો પ્રગટ પ્રભુને પ્રતાપે;
એવું સાંભળી સૌ રહ્યા જોઇ, વામી બોલી શક્યા નહીં કોઈ. ૩૯
વામી દાઝીયા કૈક અંતરમાં, પણ શું કરે એ અવસરમાં;
વળી શ્રીહરિ બોલ્યા વચન, તમે સાંભળો સહુ દ્વિજજન. ૪૦
વિપ્ર થૈ શકિતપૂજન કરે, મદ્ય માંસનું નૈવેદ્ય ધરે;
મંડે તેની પ્રસાદીને લેવા, કહો તે કહીયે દ્વિજ કેવા. ૪૧
ત્યારે બોલિયા તે વિદ્વાન, તે તો જાણવા શ્વપચ સમાન;
ઉભા થૈને કરી એમ વાત, જેમ સાંભળે સૌ જન જાત. ૪૨
પછી દક્ષિણા શ્રીજીયે દીધી, દ્વિજ સૌયે પ્રદક્ષિણા કીધી;
કહી શ્રીજીનો જયજયકાર, ગયા સૌ નિજનિજને અગાર. ૪૩
વાટે વિપ્ર મળ્યો એક દ્વેષી, વાત પૂછવા લાગ્યો તે બેશી;
કેટલા વિપ્ર આવ્યા'તા ભાઈ, થઈ કે ન થઈ જ લડાઈ. ૪૪
આપ્યો ઉત્તર એ જજ્ઞમાંય, દ્વિજ લક્ષ મળ્યા હતા ત્યાંય;
નિરવિઘ્ન પડ્યું કામ પાર, થયો સ્વામીનો જયજયકાર. ૪૫

૧. કમોદ, રતાશ પડતા ચોખા

દ્વેષી વિપ્ર તે બોલ્યો ચિડાઈ, બ્રહ્મબીજ નહિ કોઈ ભાઈ;
પણ જો કદી હું હોત ત્યાંય, પડી મરત અગ્નિકુંડ માંય. ૪૬
એનો જજ્ઞ જો નિર્વિઘ્ન થાય, બધા બ્રાહ્મણની લાજ જાય;
ગયો બડબડતો એવી પેર, ગયા વિપ્ર તે નિજનિજ ઘેર. ૪૭
પ્રભુને એક પાર્ષદે કહ્યું, લાડવા તો પડ્યા રહ્યા બહુ;
ત્યારે બોલીયા પરમ ઉદાર, ઘર દીઠ આપો ચાર ચાર. ૪૮
કર્યું એમ બોલ્યા જેમ ઈષ્ટ, તોય લાડુ રહ્યા અવશિષ્ટ;
પછી સરોવરમાં નાખી દીધા, જળજંતુએ તે ભક્ષ કીધા. ૪૯
વૃષપુત્રના જજ્ઞની વાત, થઈ દેશ વિદેશ વિખ્યાત;
જેણે જોયો તે જજ્ઞ વખાણે, સુણે તે ઉર અચરજ આણે. ૫૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

જન હિત હરિએ સુજજ્ઞ કીધો, શ્રુતિપથ શુદ્ધ યથા જણાવી દીધો;
વિપરિત મત વામ માર્ગ જેહ, મહિતળમાંથી મટાડિયો જ તેહ. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે યજ્ઞસમાપ્તિનામ તૃતીયો વિશ્રામઃ ॥૩॥*

**પૂર્વછાયો :**

સંઘ સિધાવ્યા સ્વદેશમાં, કરી વંદન વારમવાર;
જેતલપુરથી જગપતિ, કર્યો વિચરવાનો વિચાર. ૧

**ચોપાઈ :**

એમ યજ્ઞ સમાપન કરી, ગયા ગામડી ગામમાં હરી;
પ્રભુનો સુણી પ્રૌઢ પ્રતાપ, થયો વેરાગિયોને સંતાપ. ૨
કહે જો ફરીથી કરે જજ્ઞ, ભેળા થૈ ભેખ કરિયે તે ભગ્ન;
વળી જેતલપુરની સભામાં, વામમાર્ગીયો વિપ્ર ઘણામાં. ૩
વામમાર્ગ નિષેદ્ધ કરાવ્યો, તેથી વામીયોને ક્રોધ આવ્યો;
જેમ ખીજે ઘણા કાળાનાગ, એમ ખીજિયા વામી અથાગ. ૪
જાણે મારીયે ને કાં તો મરીયે, હવે વ્યર્થ જીવીને શું કરીયે;
સતસંગ પ્રવૃત્તિ ન થાય, એવો શોધવા લાગ્યા ઉપાય. ૫

હતા શ્રીપુરમાં એહ કાળ, વિઠુબા ભાઉ સુબા ભૂપાળ;
કહ્યું વામીયે તેને દ્વેષથી, દ્વિજ સ્વામિનારાયણ નથી. ૬
તોય વેદોક્ત જજ્ઞ કરે છે, અતિ કર્મ અયોગ્ય તો એ છે;
દે છે બ્રાહ્મણને ઉપદેશ, નથી પૂછતા કોઈ નરેશ. ૭

**રાજાના ધર્મ વિષે : ઉપજાતિ :**

રાજા કરે રક્ષણ ધર્મ કેરું, એવું લખ્યું શાસ્ત્ર વિષે ઘણેરું;
પ્રજા તણાં ભૂપ જુવે ન કર્મ, ધરાતળે તો ન રહેજ ધર્મ. ૮
જે રાજ્યમાં ધર્મ અધર્મ થાય, તે ભૂપને ભાગ મળે સદાય;
તે માટે ભૂપે કરવો તપાસ, પામે કુકર્મી જન તેથી ત્રાસ. ૯
જે રાજ્ય માંહી અતિ અંધકાર, પાષંડીનું જોર વધે અપાર;
ધૂતે જનોને જન જે ધુતારા, ચોરી કરે જે જન ચોરનારા. ૧૦
જે દેશમાં હોય નરેશ નર્મ, પાળે નહિ કોઈ પ્રજા સ્વધર્મ;
સ્વચ્છંદિ તો સર્વ મનુષ્ય થાય, સુમાર્ગને મુકી કુમાર્ગે જાય. ૧૧
નૃપાળનું કારણ હોય કાળ, કે કાળનું કારણ છે નૃપાળ;
કરો ન તે સંશય કોઈ કાળ, છે કાળનું કારણ તો નૃપાળ. ૧૨
છે પેશવાનું શુભ ધર્મરાજ, તે માંહિ આ થાય અધર્મ આજ;
એ તો અતિશે જ અયોગ્ય વાત, ધોળે દિને કેમ રહે જ રાત્ય. ૧૩
સૂબા તમે છો વળી રાજ્યકેરા, પ્રવીણ છો શાસ્ત્ર વિષે ઘણેરા;
પાષંડ જો તેમ છતાંય જાગે, તો આપને લાંછન ખૂબ લાગે. ૧૪
શુદ્રો ગુરુ બ્રાહ્મણના ગણાય, અપૂજ્ય શુદ્રો પણ તે પૂજાય;
તપાસ તેનો ન કરે ભૂપાળ, તે દેશમાં પ્રૌઢ પડે દુકાળ. ૧૫

**ચોપાઈ :**

કર્મ ચાંડાળના સુણી બોલ, તેનો સૂબાયે નહિ કર્યો તોલ;
તેથી શ્રીજીને સુબે તેડાવ્યા, પછી શ્રીજી શ્રીપુરમાં સિધાવ્યા. ૧૬
વૈદ શ્રીમાળી અંબારામ, તેને મેડે કર્યો વિશ્રામ;
એક શુકલ હતા પ્રાણનાથ, નમ્યા શ્રીહરિને જોડી હાથ. ૧૭
વેદપાઠી પવિત્ર પ્રમાણ્યા, પણ દીન દરિદ્રી તે જાણ્યા;
કોટમાંથી કનકઉતરી, કૃષ્ણે આપી તેને કૃપા કરી. ૧૮

વશ્યા બે દિન ત્યાં હરિ વાસ, કરી જ્ઞાનની વાત પ્રકાશ;
વિઠુબાયે વિચાર્યું તે વાર, તેને તેડાવું ભદ્ર મોઝાર. ૧૯
કાંઈ યુક્તિ કરી કરું નાશ, કાં તો પગમાં નાખું લોહપાશ;
બંધીખાનામાં બાંધીને રાખું, ભલે ભોગવે આયુષ્ય આખું. ૨૦
હતું તેલનું ટાંકું ભરેલું, નહિ ઢાંકણું માથે ધરેલું;
ખપાટો તેના ઉપર ધરી, ગાદી પાથરી જુક્તિયે કરી. ૨૧
જેવી રાજાની ગાદી રુપાળી, ઓપે ઉત્તમ ઓછાડવાળી;
તકીયો તેના ઉપર ધર્યો, કીનખાબનો શોભિત સારો. ૨૨
પછી કૃષ્ણને તેડવા કાજ, સામો મોકલ્યો રાજ સમાજ;
તેની સાથે ચાલ્યા ઘનરંગી[1], સાથે સંત તથા સતસંગી. ૨૩
ભદ્રમાં ગયા સુબાને દ્વારે, કહ્યું જાસુદે આવીને ત્યારે;
સુબો મળશે એકાંતે ઉમંગે, માટે કોઈ ન આવશો સંગે. ૨૪
એમ કહી સર્વને અટકાવ્યા, એક શ્રીહરિને દીધા જાવા;
દેવાનંદ સંન્યાસી જે હતા, તેણે માની નહી તેની સત્તા. ૨૫
તે તો સંચર્યા શ્રીજીની સાથે, કર્યું સન્માન શ્રીપુરનાથે;
કહ્યું ભાવ દેખાડીને ઝાઝો, એહ ગાદીયે આપ બિરાજો. ૨૬
સુણી ઉચ્ચર્યા પુરુષ અનાદી, આ તો દેખાય છે રાજગાદી;
એના ઉપર તો બેસે રાય, અમે ત્યાગી થકી ન બેસાય. ૨૭
સુબે બેસવાની કરી તાણ, તોય બેઠા ન શ્યામ સુજાણ;
હતી હાથમાં સોટી જે લાંબી, ગાદી ઉપર જોરથી દાબી. ૨૮
તેથી ગાદીને તકીયો તે વાર, પડ્યાં તરત તે ટાંકા મોઝાર;
પડ્યું જાંખું સુબા તણું મુખ, તોય બોલીયો તેહ વિમુખ. ૨૯
કહો કોણ તમારી છે નાત, કોણ માત અને કોણ તાત;
તમે દેહ ધર્યો કિયે દેશ, કહો એટલી વાત અશેષ. ૩૦
એવું સાંભળી શ્રીજી ઉચરિયા, અમે નાતે તો દ્વિજ શરવરિયા;
ધર્યો કૌશળ દેશમાં દેહ, ભક્તિ માત પિતા ધર્મ તેહ. ૩૧
કરિયે અમે વેદોક્ત કર્મ, સ્થાપીયે અમે વેદનો ધર્મ;
સુખ સંસારનું તુચ્છ ધારી, બાળપણથી રહ્યા બ્રહ્મચારી. ૩૨

૧. શ્યામવર્ણવાળા ભગવાન શ્રીહરિ

એમ શ્રીજીયે ઉત્તર દીધો, પણ ક્રોધ લગારે ન કીધો;
બોલ્યા ધીમે વળી ધર્મલાલ, તમે સાંભળો સુજ્ઞ ભુપાળ. ૩૩
તમે મારવા ધાર્યું જે અમને, તેવું કામ ઘટે નહિ તમને;
અમે સહન કર્યું એહ વાર, પણ નહિ સહે જગ કરતાર. ૩૪
એમ ઉચ્ચર્યા શ્રીઅવિનાશ, સુબાને ઉર ઉપજ્યો ત્રાસ;
શાપ દેવા દેવાનંદ ધારે, પણ શ્રીહરિ તેહને વારે. ૩૫

**રાજ્યમદ વિષે : ઉપજાતિ :**

જો રાજ્ય કેરો મદ હોય જેને, સૂજે નહી ધર્મ અધર્મ એને;
કરે સદા તે ન કર્યાનું કામ, પ્રભુ તણો ત્રાસ તજે તમામ. ૩૬
જો ઉપજે દ્વેષ દિલે લગાર, તો જીવ લેતાં ન કરે જ વાર;
ગરીબ કે વિપ્ર સુસંત હોય, તે ઉપરે લેશ દયા ન તોય. ૩૭
ચિંતા તજી દૈહિક સુખ માણે, નહી કદાપી ડરવાનું જાણે;
આ લોકમાં જો અપકીર્તિ થાય, ન રાજ્યકેરા મદમાં જણાય. ૩૮
મુવા ઘણા ભૂપતિ ભૂમિમાંય, કોઈ ચિરંજીવી રહ્યા ન ક્યાંય;
સુણાય વંશાવળિમાં સદાય, તે સાંભળીને નહિ ત્રાસ થાય. ૩૯
કોઈ કરે માણસ મદ્યપાન, રહે ન તેને તન કેરું ભાન;
છે રાજ્યકેરો મદ એ જ જેવો, ભૂલાવી દે ભાન સમસ્ત તેવો. ૪૦
મદાંધ દેખે નહિ રે લગાર, ચેતાવી દે છે નર ચોપદાર;
કહે નરાધીશ નિઘા[૧] કરો રે, નિહાળી સન્મારગ સંચરો રે. ૪૧
મદાંધ તેનો નહિ મર્મ જાણે, તે અર્થ તેનો ઉરમાં ન આણે;
સ્વસ્છંદિ થૈને વિચરે સદાય, મુવા પછી તે નરકે જ જાય. ૪૨
મનુષ્યનું જીવન અલ્પ માત્ર, કુકર્મ તે માંહિ કરે કુપાત્ર;
એનું અરે છે ફળ નેષ્ટ[૨] એવું, કલ્પાંત સુધી નરકે રહેવું. ૪૩

**ચોપાઈ :**

વિહુબા પછી બોલિયા એવું, તમારે શહેરમાં ન રહેવું;
આંહી આવવું નહિ કોઈ વાર, આવો તો અપમાન થનાર. ૪૪

૧. નજર ૨. અનિષ્ટ, ખરાબ

કહે કૃષ્ણ અવધિ કહો કાંઇ, ક્યાં સુધી નહિ આવવું આંઇ;
કહે સુબો સુણો મહારાજ, જ્યાં સુધી પેશવાનું છે રાજ. ૪૫
ત્યાં સુધી નહિ આવશો આંહી, નકી રાખજો તે મન માંહી;
કહે શ્રીજી આ રાજ્ય ન હોય, પછે આવિયે કે નહી તોય. ૪૬
કહે સુબો પછી ભલે આવો, તેમાં કોઇ નહી કરે દાવો;
જાઓ ઇડરિયે દરવાજે, શહેરમાંથી નિકળવાને કાજે. ૪૭
પ્રભુ ભદરમાંથી નિકળિયા, ત્યાં તો સંતોને સતસંગી મળિયા;
તે તો જેતલપુર જવા કાજે, ચાલ્યા દક્ષણાદે દરવાજે. ૪૮
વાજાં વાજે ને ઉત્સવ થાય, સંત હરિજન કીર્તન ગાય;
દરવાને ત્યાં તો અટકાવ્યા, વળી સુબાના હુકમ સુણાવ્યા. ૪૯
ઉત્તરાદો છે દ્વાર ઇડરિયો, જવા તે જ તમારે તો ઠરિયો;
બીજે કોઇ દ્વારે ન જવાશે, જશો તો નકી અટકાવ થાશે. ૫૦
બીજે દરવાજે શ્યામ સિધાવ્યા, દરવાને ત્યાં તો અટકાવ્યા;
બાર દરવાજે દર્શન દઇ, ચાલ્યા ઇડરિયે દ્વારે થઇ. ૫૧
પ્રેમી એક હરિભક્તે આવી, માટલી બરફીની ધરાવી;
અશ્વ ઉપર લૈ હરિરાય, બરફી જમતા પંથે જાય. ૫૨
હરિભક્ત વળાવીને વળિયા, મોટેરાના જનો આવી મળીયા;
ગયા મોટેરે મોહનલાલ, ત્યાંના ભક્તનું ભાળી વહાલ. ૫૩
આપ્યો ઉત્તમ ઠામે ઉતારો, શ્યામ લાયક શોભિત સારો;
સતસંગીએ આપી રસોઇ, અતિ ઉત્તમ અવસર જોઇ. ૫૪
જમ્યા શ્રીજી તથા જમ્યા સંત, ભરી બેઠા સભા ભગવંત;
બોલ્યા સંત સહુ જોડી હાથ, અતિદ્વેષી શ્રીપુરનો છે નાથ. ૫૫
ઉપદ્રવ કરે છે અતિ અમને, તેણે કીધા તિરસ્કાર તમને;
દેવ સૂર્યાદિ દેખી ખમે છે, કેમ દૈવને એવું ગમે છે. ૫૬
એવું સાંભળી સારંગપાણી, બોલ્યા સંતના સન્મુખ વાણી;
સંતો સમજીને ધીરજ ધારો, આવો સમય નથી રહેનારો. ૫૭

**સમય બદલાયા વિષે : ઉપજાતિ :**

વર્ષા પછી જેમ સદા શિયાળો, જતાં શિયાળો પ્રસરે ઉનાળો;
વારા પછી એમ જણાય વારો, સદા સમો એક રહે ન ધારો. ૫૮

પ્રભાત મધ્યાહ્ન પ્રદોષ થાય, ભાનુ તણી સ્થિતિ જુદી ભળાય;
તે આગળે માણસ કોણ માત્ર, રાજ્યાદિનો ગર્વ કરે કુપાત્ર. ૫૯
સમુદ્રની જે ભરતી ચડે છે, ઘણો કરે તે ઘુઘવાટ એ છે;
તે અલ્પ વારે ઉતરી જ જાય, એવી જુવાની જનની જણાય. ૬૦
ગયા ઘણા ભૂપતિ મૃત્યુરાહ, ગયા જ દીલ્લીપતિ પાદશાહ;
રહ્યું નથી ને નથી રે રહ્યાનું, ક્યાં કોઈનું રાજ સદા કહ્યાનું. ૬૧
આવે રુપૈયો કર માંહિ જ્યારે, માલિક હું એમ મનાય ત્યારે;
પછી રુપૈયો પરહાથ જાય, માલિક તે ત્યાર થકી મનાય. ૬૨
એવી રીતે રાજ્ય ઘણા ગયાં છે, સદૈવ ક્યાં કોઈ તણાં રહ્યા છે;
જરુર તે રાજ્ય ગણી[1] જનારું, શાણા કરી લે નૃપ કામ સારું. ૬૩
ગ્રહ્યો ગરુડે પણ સર્પ જે છે, તે દેડકાને હણવા કુદે છે;
તેવી રીત્યે કાળમુખે પડેલો, પીડે બીજાને મદમાં ભરેલો. ૬૪
જેને સહાયી હરિ આપ હોય, તેને કરે શું દુઃખ દુષ્ટ કોય;
તે શીર પાપી પથરા ઉડાવે, તે સર્વ પુષ્પો થઈ પાસ આવે. ૬૫

**ચોપાઈ :**

જ્યાં સુધી હશે એહનું રાજ, પુરમાં પેસવાનું શું કાજ ?
આસપાસના ગામમાં રહેશું, હરિભક્તોને દર્શન દેશું. ૬૬
અનુકૂળ આવશે કાળ સારો, ત્યારે પુર માંહિ કરશું પેસારો;
હરિજન સહુ ધીરજ ધરજો, ચિત્તમાં કાંઈ ચિંતા ન કરજો. ૬૭
ધાર્યું એક ધણીનું જ થાશે, ધારે માણસ તે વ્યર્થ જાશે;
એવાં વચન કહીને કૃપાળ, વાલો ત્યાંથી પધાર્યા વેલાલ. ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પુરપતિ તણું પુણ્ય ખૂટી જાય, પુરપતિની પદવી જવાની થાય;
વિપરિત મતિ થાય તેની ત્યારે, શુભ અશુભાદિ ક્રિયા નહી વિચારે. ૬૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીનગરે*
*શ્રીહરિઅપમાનસહનનામ ચતુર્થો વિશ્રામઃ ॥૪॥*

૧. ગણ સમૂહ

**પૂર્વછાયો :**

વેલાલના સતસંગિએ, સામા આવી કર્યું સનમાન;
વાજિંત્ર વાજતે ગાજતે, પધાર્યા પુરમાં ભગવાન. ૧

**ચોપાઈ :**

જેસંગભાઈની ખડકીને માળે, કર્યો ઉતારો જનપ્રતિપાળે;
ત્યાંથી સળકીયે જૈ શુભપેર, રહ્યા પગી દયાળજી ઘેર. ૨
તહાં વિપ્રની ચોરાશી કરવા, સીધું સામાન માંડ્યા સંઘરવા;
સંત મંડળ ત્યાં સહુ આવ્યાં, ભાળી ભૂધરને મનભાવ્યાં. ૩
વિપ્ર નાંદોલ ગામના જેહ, એટલા પ્રાંતમાં મુખ્ય એહ;
તેને એમ કહાવ્યું શ્રીહરિયે, તમે આવો તો ચોરાશી કરિયે. ૪
બોલ્યા નાંદોલના વિપ્ર ત્યારે, નાતમાં છે લડાઈ અમારે;
માટે હમણાં વરા નથી થાતા, ક્યાંઈ જમવા અમે નથી જાતા. ૫
આવ્યા દર્શને કોળી ઠાકરડા, ઘણા બાળ જુવાન ને ઘરડા;
સૌને ભોજન કૃષ્ણે કરાવ્યાં, મદ્ય માંસનાં નિયમ ધરાવ્યાં. ૬
જમ્યા નૈષ્ઠિક સાધુ ને પાળા, દાળ ભાત ને લાડુ રસાળા;
ખારી નદિયે ના'વા ગયા નાથ, પગી દયાળ કહે જોડી હાથ. ૭
આમાં રેહેતું નથી હરિ નીર, તેથી થાય છે લોક અધીર;
કહે કૃષ્ણ હવે નીર વહેશે, અને ઈશ્વર ઈચ્છાથી રહેશે. ૮
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, આજ સુધી વહે છે તે વારી;
પછી સંતોને મોકલ્યા ફરવા, ગામોગામમાં ઉપદેશ કરવા. ૯
પ્રભુજી ચાલ્યા પશ્ચિમ દેશ, વાટે ગામમાં કરતા પ્રવેશ;
વિચર્યા સળકીથી વેલાળ, કણભે ગયા ત્યાંથી કૃપાળ. ૧૦
રહ્યા જેતલપુર જઈ રાત, ગયા ગામ વસઈ પ્રભાત;
ધોળકે જઈ ધર્મકુમાર, રાતવાસો રહ્યા એહ ઠાર. ૧૧
ગયા કોઠ્યે તે કરતા કલ્લોલ, રાત તો રહ્યા જૈને બળોલ;
ત્યાંથી લીંબડિયે ગયા નાથ, ત્યાંથી ચૂડે ગયા સહુ સાથ. ૧૨
ભેંસજાળ ગયા ભગવાન, ત્યાંથી નાગડકે સુખદાન;
લોયે થૈ પછી બોટાદ ગયા, ત્યાંથી સારંગપુર જઈ રહ્યા. ૧૩

જીવાખાચરને દરબાર, ઉતર્યા પ્રભુ પ્રાણ આધાર;
ફૂલડોલનો ઉત્સવ આવ્યો, તે તો શ્રીહરિને મન ભાવ્યો. ૧૪
જીવાખાચરને કહે હરી, લખો સર્વ સ્થળે કંકોતરી;
દેશોદેશના સંઘ તેડાવો, સંતમંડળ સૌને બોલાવો. ૧૫
ભારે ઉત્સવ કરવો છે એવો, મુનિજન ધરે ધ્યાનમાં તેવો;
પછી ત્યાં કામદાર[૧] બોલાવી, કંકોતરીયો લખી મોકલાવી. ૧૬
ભારે સંઘ ઘણા ઘણા આવ્યા, જનો ભેટ ભલી ભલી લાવ્યા;
ભાતભાતનો રંગ કરાવ્યો, મણ ઝાઝા ગુલાલ મંગાવ્યો. ૧૭
બેય બાજુયે મોટાં મેદાન, વચ્ચે વંડી હતી તેહ સ્થાન;
તેના ઉપર ઢાળ્યો પલંગ, બેઠા તે પર શ્યામ શ્રીરંગ. ૧૮
ફળી માતરા ધાધલ કેરું, એક બાજુયે શોભે ઘણેરું;
જીવાખાચરનું ફળી જે છે, બીજી બાજુએ સારું શોભે છે. ૧૯
એક ફળીયા વિષે સર્વ ભાઈ, બીજા ફળીયા વિષે બધી બાઈ;
માંહો માંહી છાંટે બહુ રંગ, અતિ રંગથી ભીંજાય અંગ. ૨૦
સંત પાર્ષદ પણ સામસામા, રમે રંગથી એહ સમામાં;
ખોબે ખોબે ગુલાલ ઉડાવે,પૃથ્વી આકાશ નજરે ન આવે. ૨૧
વાજે વિધવિધ વાજાં અપાર, બોલે જન સઉ જયજયકાર;
સૌ શ્રીહરિ પર રંગ નાખે, છબી નિરખે તે પોતાની આંખે. ૨૨
એક બાઈ ઉનો રંગ લાવી, રેડ્યો શ્રીહરિ ઉપર આવી;
સર્વ પુરુષ હતા જેહ પાસ, ઉતરી પડ્યા ત્યાં અવિનાશ. ૨૩
ભક્ત સર્વ ખમાખમા કહે, અતિ પ્રેમીને ભાન ન રહે;
પછી એક બોલ્યા મહારાજ, નદીયે ચાલો ના'વાને કાજ. ૨૪
થયા માણકીયે અસવાર, છડીદાર બોલે જયકાર;
સંત હરિજન કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય. ૨૫
ઝાળિયે ધરે ના'વા પધાર્યા, પુર જનના ઉમંગ વધાર્યા;
જળક્રીડા સખાસંગે કરી, દેવો દેખે આકાશમાં ઠરી. ૨૬
નાઈને નીસર્યા સઉ સાથે, કોરાં વસ્ત્ર ધર્યાં મુનિનાથે;
આઘે ના'તી જે બાઈ અનેક, આવી દોડતી એમાંથી એક. ૨૭

૧. કારભારી, દીવાન

ભરી લાવી ઘડો જળ જેહ, રેડ્યો શ્રીહરી ઉપર તેહ;
ત્યારે ઉચ્ચર્યા શ્રીહરિ એમ, જુઓ પ્રેમીનો ગાંડો આ પ્રેમ. ૨૮
પછી માણકીયે ચડી માવ, ચાલ્યા ગામમાં નટવર નાવ;
સંત હરિજન કીર્તન ગાય, વાજાં બાજે ને ઉત્સવ થાય. ૨૯
પેઠા ગામમાં ગિરિધર જ્યારે, એક કૌતુક ત્યાં થયું ત્યારે;
એક ઝાંપડી[૧] જાતી'તી વાટે, ભારી કાષ્ઠની વેચવા માટે. ૩૦
તેણે જોયા જગત કરતાર, દીઠો તેજનો ત્યાં તો અંબાર;
તેથી તેને સમાધિ ત્યાં થઈ, પૃથ્વી ઉપર તે પડી ગઈ. ૩૧
જ્યારે ગઈ અસવારી તે આઘી, ત્યારે તે સમાધિમાંથી જાગી;
લોકો પૂછવા લાગિયા જ્યારે, વાત અક્ષરની કહી ત્યારે. ૩૨
જનઠાઠ[૨] મળ્યો એહ ઠામે, વાત સાંભળી અચરજ પામે;
જીવાખાચરને દરબાર, પહોંચ્યા પ્રભુ પ્રાણ આધાર. ૩૩
ઉત્તરાભિમુખે છે ઓશરી, બેઠા શ્રીહરિ ત્યાં સભા ભરી;
બેઠા પાર્ષદ ને બેઠા સંત, સતસંગીયો બેઠા અનંત. ૩૪
જીવાખાચરે જોડીને હાથ, પૂછી વાત અહો કૃપાનાથ;
ઝાંપડીને થઈ જે સમાધી, તેણે શી એવી સાધના સાધી. ૩૫
તપ એવું શું તેણે કરેલું, એનું પુણ્ય ઉદય થયેલું;
તેણે જૈ જોયું અક્ષરધામ, પામ્યા અચરજ લોક તમામ. ૩૬
એનું કારણ આપ બતાવો, મટે સંશય જો સમજાવો;
સુણી બોલિયા સારંગપાણી, હતી પૂર્વ ભવે તે શેઠાણી. ૩૭
પ્રભુભક્તિ પરોક્ષની કરતી, વ્રત દાન વિશેષ આચરતી;
એક અવસરે બારીએ બેઠી, પણ નજર ગઈ તેની શેઠી. ૩૮
એક ઝાંપડો નીકળ્યો ત્યાંય, દીલે ફુટડો[૩] વાંસળી વાય;
હતો વર્ષાઋતુ તણી કાળ, સ્વર વંશીનો લાગે રસાળ. ૩૯
શેઠાણી તણી ચિત્તની વૃત્તિ, ઝાંપડા માંહી ખેંચાઈ અતિ;
અંતકાળે તે સાંભરી આવ્યો, તેથી ઝાંપડી દેહ ધરાવ્યો. ૪૦

૧. ભંગડી ૨. જનસમૂહ ૩. મનોહર, મધૂર

**ચિત્તના સ્વભાવ વિષે : ઉપજાતિ :**

છે ચોટવાનો ચિતનો સ્વભાવ, બનેલ એવા બહુએ બનાવ;
જે વસ્તુ કાંઇ નજરે જણાય, તો ચિત્ત તેમાં ઝટ ચોટી જાય. ૪૧
અસાર કે સાર નહી વિચારે, જ્યાં જાય ત્યાં તે વળગે વધારે;
આ જીવને બંધન થાય એથી, ભવાબ્ધિ મધ્યે ભટકે જ તેથી. ૪૨
સચ્છાસ્ત્રનો જે જન મર્મ જાણે, જોવાની ઈચ્છા અતિશે ન આણે;
પ્રભુની જે વસ્તુ પ્રસાદી ભાળે, તેને જ તે નેહ થકી નિહાળે. ૪૩
હવેલિયો બાગ તથા બગીચા, પલંગ ગાદી તકીયા ગાલીચા;
જો એવી વસ્તૂ નજરે પડેય, તો સંત દૃષ્ટિ ઝટ ખેંચી લેય. ૪૪
જોવા થકી નારદજી ઠગાયા, જોવા થકી સૌભરિય ભમાયા;
જોવા થકી મોહિનીનું સ્વરૂપ, જુઓ ઠગાયા શિવ જોગી ભૂપ. ૪૫
રસ્તે જતાં ક્યાંઈ સુણાય ગાન, ન સાંભળે સંત ધરી સ્વકાન;
થૈ ઝાંપડી વંસી સુણ્યાથી જેમ, સુણ્યાથી આવે અવતાર એમ. ૪૬
શબ્દો સુણ્યાથી મૃગલાં મરે છે, પતંગ જોવાથી પડી બળે છે;
જો ઈચ્છતા હો હરિધામ જાવું, એકે સ્વઈન્દ્રી વશ તો ન થાવું. ૪૭
જોગી થયા ઈન્દ્રિય જીતવાને, સૌ વાસના તોડી શુચી થવાને;
તથાપિ જે ઈન્દ્રિય વશ્ય થાય, કીધાં વ્રતો તે શ્રમ વ્યર્થ જાય. ૪૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હતિ સુવણિક જાતિનારિ જેહ, શ્વપચતનૂ ધરિ વાસનાથિ તેહ;
સુણિ જન સમઝૂ વિચારી લેશે, વિષય વિષે નહિ લુબ્ધ તે રહેશે. ૪૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે સારંગપુરે*
*હુતાશન્યુત્સવોનામ પંચમો વિશ્રામઃ ॥૫॥*

**પૂર્વછાયો :**

વાસના જે જન રાખશે, તેને તેવો મળે અવતાર;
એહ મહાપ્રભુ ઉચર્યા, સતશાસ્ત્ર તણો એહ સાર. ૧

**ચોપાઈ :**

જ્યારે તજશે આ ઝાંપડી દેહ, સતસંગમાં જન્મશે તેહ;
ભલી ભક્તિ અમારી તે કરશે, અંતે અક્ષરધામ વિચરશે. ૨

એવી શ્રીજીની સાંભળી વાણી, સૌયે અંતરમાં લીધું જાણી;
સર્વ સંત ને સર્વ ગૃહસ્થ, સમજ્યા એમ સાર સમસ્ત. ૩
એકે ઈન્દ્રિય વશ્ય ન થાવું, હોય જો હરિધામમાં જાવું;
હોય વસ્તુ રજોગુણવાળી, ભમાવું નહિ તેહને ભાળી. ૪
ગાન તાન કે શબ્દ વિચિત્ર, જેમાં હોય ન કૃષ્ણ ચરિત્ર;
સુણવા નહિ ધરીને કાન, ધરવું મનમાં હરિ ધ્યાન. ૫
એવી ટેક અંતર માંહી ધારી, ધન્યધન્ય તે તો નરનારી;
હોય જ્યાં હરિનો અવતાર, હોય ત્યાંજ એવાં નરનાર. ૬
એવાં હોય નહીં અન્ય ઠામ, તપાસો ત્રણ્ય લોક તમામ;
હોય બાળક હોય જુવાન, હોય નારી કે નર ધર્મવાન. ૭
પાંચે ઈન્દ્રિયને જીતે આપે, તે તો પ્રગટ પ્રભુને પ્રતાપે;
હવે ઝાંપડીની કહું વાત, જ્યારે અંતસમો આવ્યો ભ્રાત. ૮
ત્યારે શ્રીહરિ તેડવા આવ્યા, ઘણા લોકે દીઠા મન ભાવ્યા;
હતી સારંગપુર રહેનારી, નામ જાણે છે બહુ નરનારી. ૯
સભામાં વાલે વાત ઉચ્ચારી, પછી જમવા પધાર્યા મુરારી;
બ્રહ્મચારીએ પીરશો થાળ, જમ્યા જુક્તિથી દીનદયાળ. ૧૦
પછી સંતની પંગતી થઈ, પીરસે પ્રભુ પકવાન લઈ;
વારેવારે પંગત માંહિ ફરે, દેવો આવીને દર્શન કરે. ૧૧
જનને મન પ્રેમ ન માય, એ તો આંસુ થઈ ઉભરાય;
પ્રેમ રોમાંચરૂપે જણાય, તેનું માપતાં માપ ન થાય. ૧૨
પછી પોઢી રહ્યા પ્રભુ રાતે, સ્નાનાદિ કર્યું ઉઠી પ્રભાતે;
ગુજરાતના જે હરિજન, ચાલ્યા ઘેર કરી દરશન. ૧૩
તેઓ સૌને વળાવાને કાજ, સખા સોતા ગયા મહારાજ;
જીવો ખાચર સોમલો જેહ, ત્રીજા રાઠોડ ધાધલ તેહ. ૧૪
તથા સદ્ગુરુઓ લઈ સાથ, ગયા સીમ સુધી મુનિનાથ;
અસુરે કરી આસુરી માયા, ગુપ્તરૂપે પ્રભુ પર ધાય. ૧૫
આવ્યા જૂથ મળી સમો જોઈ, તેને દેખે નહીં જન કોઈ;
તપ યજ્ઞ તમોગુણી કરી, આસુરી શક્તિ પામેલા ખરી. ૧૬

તેથી ધારે તેવું રૂપ ધરે, આપ ઈચ્છા થકી અવતરે;
બ્રહ્મા વિષ્ણુ કે શંકર સંગે, કરે યુદ્ધ અધિક ઉમંગે. ૧૭
કૃષ્ણે માર્યા અસુર ઘણા એવા, થયા તૈયાર તે વેર લેવા;
શ્રીજીએ ઘોડો ખૂબ ખેલાવ્યો, તેથી અંત અસુર તણો આવ્યો. ૧૮
હયના પગ હેઠે છુંદાયા, પ્રભુદષ્ટિથી કૈક દઝાયા;
અશ્વને મુખે શ્વાસ ન માય, ફીણ મોઢેથી બહુ વહી જાય. ૧૯
વળ્યો શ્રીજીને પણ પરશેવો, વરશો હોય વરસાદ એવો;
હરિભક્તો ને સંતો નિહાળે, રાખો રાખો કહે તેહ કાળે. ૨૦
અશ્વ રાખ્યો ઉભો પછી જ્યારે, જીવાખાચરે પુછીયું ત્યારે;
અશ્વ ખૂબ ખેલાવીયો એમ, આજ કીધી નવાઈ આ કેમ. ૨૧
ત્યારે બોલ્યા પ્રભુ દાસ પાસ, ઘણા દૈત્ય તણો કર્યો નાશ;
આવ્યા અદરશ રૂપ ધરીને, મુજ ઉપર કોપ કરીને. ૨૨
કૈક અશ્વ પગે છૂંદી વાળ્યા, કૈકને મુજ દષ્ટિથી બાળ્યા;
એમ કીધો ઘણાનો વિનાશ, કૈક નાશી ગયા પામી ત્રાસ. ૨૩
ઘોડો ખેલાવિયો ખૂબ જેહ, એક તો તેનું કારણ એહ;
બીજું કારણ સાંભળો ભાઈ, અશ્વમાં હતી ઉન્મત્તતાઈ. ૨૪
ખૂબ ખેલાવ્યો પામી પ્રસંગ, એથી નર્મ થયાં એનાં અંગ;
પશુ કે જન ઉન્મત્ત થાય, પરિશ્રમથી નરમ થઈ જાય. ૨૫

**ઉન્મતપણું ટાળવા વિષે : ઉપજાતિ :**

ઉન્મત્ત જો ઈન્દ્રિયઅશ્વ થાય, તો નર્મ તેને તપથી કરાય;
ઝાઝા કરે દંડવત્ પ્રણામ, જપે કરી આસન એક ઠામ. ૨૬
કાં તો કરે મંદિરકેરી ભક્તિ, જણાય જેવી તન માંહિ શક્તિ;
તે કારણે મંદિર મેં કર્યા છે, તે માંહિ તત્ત્વો તપનાં ધર્યાં છે. ૨૭
ઉન્મત્ત જો ઈન્દ્રિયઅશ્વ થાશે, કુમારગે તેહ જરુર જાશે;
નાંખે ધણીને જઈ ખાડમાંઈ, માટે કરો ચેતી ઉપાય કાંઈ. ૨૮
પછીથી પસ્તાય તજી ઉપાય, તે મૂર્ખ મોટો જનમાં મનાય;
માટે તમે સૌ ચિત્ત ચેતિ લેજો, તે અશ્વ ઉન્મત્ત થવા ન દેજો. ૨૯
ઘોડો અડે પાન સડે જરૂર, સ્વતંત્ર સેનાપતિ થાય શૂર;
વિદ્યા ભણેલી વિસરી જ જાય, જો તેહ ચારે નહિ ફેરવાય. ૩૦

આળસ્ય પેસે કદિ અંગમાંય, વધી વધીને વધતું જ જાય;
માળા પૂજા પાઠ વિષે લગાર, આળસ્ય આવે વધશે અપાર. ૩૧
સત્સંગનો રંગ સદા તપાસો, વિના તપાશે વળતી ઠગાશો;
સુશસ્ત્રને કાટ ચડે જ જેમ, બધું તપાશા વિણ થાય તેમ. ૩૨
આ અશ્વને બાંધિ બહુ રખાયો, દીધા મશાલા નહિ ફેરવાયો;
તેથી થયો આ ઉનમત્ત એવો, મનસ્વી કેરું મન થાય તેવો. ૩૩

**ચોપાઈ :**


ઘોડો આ અમે ખેલાવ્યો બહુ, ત્રીજું કારણ તેહનું કહું;
કરી આજ નવાઈ નિદાન, ધરશો તે છબિ તણું ધ્યાન. ૩૪
વળી સાંભરશે વારે વારે, થશે અંતરે શાંતિ તમારે;
છબી સંભારતાં થશે સુખ, નહી દીસે વિજોગનું દુઃખ. ૩૫
એવું સાંભળી ઉર છબી ધારી, ગુજરાત ગયાં નરનારી;
ગયા શ્રીહરિ સારંગપુરમાં, વધ્યો આનંદ વસ્તીના ઉરમાં. ૩૬
જીવાખાચરનો દરબાર, પામ્યો એ સમે મહિમા અપાર;
રહ્યા પ્રત્યક્ષ જયાં ભગવાન, શોભે અક્ષરધામ સમાન. ૩૭
ચારે વેદ ત્યાં પ્રત્યક્ષ આવે, મહારાજ તણા ગુણ ગાવે;
આવે અક્ષરધામના મુકત, મહાકાળપુરુષ સંજુકત. ૩૮
દિવ્યદષ્ટિવાળા તેને દેખે, પણ ચર્મચક્ષુ નવ પેખે;
કોઈ તો થઈ વિસ્મિત ડોલે, કોઈ મુક્ત તો ત્યાં એમ બોલે. ૩૯
આવો અવસર આ લોક માંહી, ન હતો અને આવશે નહીં;
આવ્યા અક્ષરધામના વાસી, પુરુષોત્તામ પૂર્ણપ્રકાશી. ૪૦
અતિ ધન્ય છે આ દરબાર, ધન્ય આ પુરનાં નરનાર;
કરે શ્રીહરિનાં દરશન, ન મળે કિધે કોટી જગન. ૪૧
મહામુકત એવાં વેણ બોલે, શિવ બ્રહ્માદિ સાંભળી ડોલે;
પછી સારંગપુર થકી શ્યામ, ગયા ગઢપુર પૂરણકામ. ૪૨
હરિનૌમી તણો દિન આવ્યો, કૃષ્ણે ઉત્સવ સરસ કરાવ્યો;
ભક્તજનને ભલાં સુખ આપી, ચાલ્યા ત્યાં થકી પ્રૌઢ પ્રતાપી. ૪૩
ગામ બોટાદ થૈ બહુનામી, ગયા નાગડકે અશ્વગામી;
સુરાખાચરને દરબાર, ભાવે ઉતર્યા ભક્તિકુમાર. ૪૪

ઠરીને બહુ દિન તેહ ઠામે, ઘણી લીલા કરી ઘનશ્યામે;
કરી જ્ઞાનની વાત વિશેષ, દિધો સૌ જનને ઉપદેશ. ૪૫
ના'વા ભૂતિ તળાવમાં જાતા, હરિજન નિરખી હરખાતા;
સાથે કીર્તન સંત ઉચ્ચારે, નાઈ આવતા એમ ઉતારે. ૪૬
ત્યાં તો આવ્યા નિત્યાનંદસ્વામી, સારું સંસ્કૃતનું જ્ઞાન પામી;
એક શ્લોક કરીને ઉચ્ચાર, કર્યું વંદન વારમવાર. ૪૭

**રથચક્રપ્રબંધ : શ્લોક :**

તં સુકાયભૃતં કાન્તં તં કાન્તં સર્વતોગતમ્;
તં ગતોદ્વેગદેવં તં તં વન્દે ભક્તિકાસુતમ્. ૪૮

रथचक्रप्रबंध




**ચોપાઈ :**

સુણી રીઝ્યા ગરીબનિવાજ, કહ્યું ધન્ય તમે મુનિરાજ;
હવે એ શ્લોકનો કહું અર્થ, સ્નેહે સાંભળો ભૂપ સમર્થ. ૪૯
રુડી કાયા મનોહર ધારી, સ્વામી સર્વ સ્થળે ગતિકારી;
ગત ઉદ્વેગ દેવ છે જેહ, વંદુ ભક્તિ તણા સુત તેહ. ૫૦

પછી શ્રીહરિએ સ્નેહ લાવી, કથા તે મુનિપાસ કરાવી;
ભાગવત તણો પંચમ સ્કંધ, વાંચ્યો પ્રીતિથી તેહ પ્રબંધ. ૫૧
જડભરતનું આખ્યાન આવ્યું, તે તો સારી રીતે સંભળાવ્યું;
સુણી બોલિયા સુંદરશ્યામ, જડભરતની પેઠે જો આમ. ૫૨
પ્રીતિ કોઈ વિષે રહિ જાય, તેનો જન્મ જરૂર ત્યાં થાય;
માટે પ્રીતિ ન રાખવી ક્યાંઇ, પ્રીતિ રાખવી પ્રભુપદ માંઇ. ૫૩
ઉપદેશ એવો બહુ કર્તા, વળી સંશય સર્વનો હર્તા;
તહાં પાદરમાં નદી જ્યાં છે, તેમાં ઊંડો ધરો એક ત્યાં છે. ૫૪
ના'વા ત્યાં જતા જગકરતાર, કોઈ દિવસ ત્યાં વાવ્ય મોઝાર;
એક માસ કર્યો તહાં વાસ, કરી લીલા અનેક પ્રકાશ. ૫૫
એવા માંહિ ડભાણ મોઝાર, રામદાસ પધાર્યા જેવાર;
હરિભક્ત ડભાણના મળી, કરી વિનતિ ચરણમાં ઢળી. ૫૬
કર્યો જજ્ઞ જેતલપુર જેવો, આંહિ પણ જો કરે હરિ એવો;
અમે આનંદ પામિયે ઘણો, પાડ માનિયે મુનિ તમ તણો. ૫૭
સુણી એવું ભાઈ રામદાસે, સાધુ બે મોકલ્યા પ્રભુ પાસે;
લખી કાગળમાં બધી વાત, ચાલ્યા સંત લઈ સાક્ષાત. ૫૮
હતા નાગડકા માંહિ નાથ, પત્ર આપ્યો તહાં હરિહાથ;
પત્ર વાંચીને વાલે વિચાર્યું, ગુજરાત જવા નિરધાર્યું. ૫૯
જાણ્યું જેતલપુર જજ્ઞ કરિયે, પીડા પાણીની નહિ પડે જરિયે;
ત્યાં તો સર્વ પ્રકારે છે સોઈ, સંઘ ઉતરે સૌ જગ્યા જોઈ. ૬૦
સંતમંડળ સૌ લઈ સાથ, ચાલ્યા નાગડકા થકી નાથ;
ભેસજાળ ગયા ભગવાન, ત્યાંથી ચાસકે કરુણાનિધાન. ૬૧
ત્યાંથી કરમડ કૃષ્ણ સિધાવ્યા, બાઈ ફુલજીબા મનભાવ્યા;
તેણે સેવા સજી શુભ રીતે, પ્રભુ નિર્ખિયા પૂરણ પ્રીતે. ૬૨
ગામોગામમાં વાટે વિચરતા, ગયા જેતલપુર જગકર્તા;
કરી વાસ ત્યાં દિવસ એકાદ, ગયા ખોખરા મેમદાવાદ. ૬૩
ઉતર્યા નથુભટ્ટને ઘેર, તેણે પૂજ્યા પ્રભુ રુડી પેર;
હરિકૃષ્ણનાં દર્શન કાજ, આવ્યો ત્યાં સઉ સંતસમાજ. ૬૪

દેશદેશ તણા હરિજન, આવ્યા ત્યાં કરવા દરશન;
નિત્ય આનંદ ઉત્સવ થાય, કથા વંચાય કીર્તન ગાય. ૬૫
ક્યારે ભૂત ભવિષ્યની વાત, સંભળાવે શ્રીહરિ સાક્ષાત;
કોઈ યજ્ઞની વાત કરે છે, ત્યારે શ્રીહરિ એમ કહે છે. ૬૬
જ્ઞાનવારતા જ્યાં બહુ થાય, મહાયજ્ઞ તો તે કહેવાય;
નિત્ય કાંકરિયે ના'વા જાય, પો'રવાર પ્રભુ ત્યાં રોકાય. ૬૭
પછી ગામમાં પોતે પધારે, હરિભક્તનો હરખ વધારે;
એવા માંહિ એકાદશી આવી, પેંડા શીવકુંવરબાઈ લાવી. ૬૮
તેના પુણ્ય તણો નહિ પાર, હરિ સંતે કર્યો ફળાહાર;
પારણું નથુભટ્ટે કરાવ્યું, એને પણ ફળ અક્ષય આવ્યું. ૬૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

જળનિધિતનુજાદિ[૧] શક્તિ જેહ, રસમય થાળ કરે અનેક તેહ;
પણ જઈ ધરવા મળે ન વારો, જઈ જનઘેર જમે પ્રભુજી પ્યારો. ૭૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિસારંગપુરે હુતાશન્યુત્સવનામ ષષ્ઠો વિશ્રામઃ ॥૬॥*

**પૂર્વછાયો :**

ખોખરા મેમદાવાદમાં, રહ્યા હતા શ્રીજીમહારાજ;
ગામમાં ઝોળી માંગવા, જતા સંત તે જનહિત કાજ. ૧

**ચોપાઈ :**

એક દિન સંત માગવા ગયા, ભેખધારી બાવા ભેળા થયા;
આણ્યું સાધુ ઉપર્ય એણે વેર, ઝાઝું આંખ્યમાં રાખીને ઝેર. ૨
કહ્યું પાખંડ કેમ ચલાવો, અમારા શિષ્યને ભોળવાવો;
આજ આવ્યા છો હાથ અમારે, કરો સ્મરણ જે કરવું તમારે. ૩
પકડ્યા એમ કહી તજી દયા, ગોમતીપુરમાં લઈ ગયા;
મુનિયોને તહાં બહુ માર્યા, અપશબ્દ અનેક ઉચ્ચાર્યા. ૪

૧. લક્ષ્મી

હતો વૃદ્ધ વેરાગી જે ત્યાંય, તેને આવી દયા દિલમાંય;
તેણે સંતોને ત્યાંથી છોડાવ્યા, સંત શ્રીજીની આગળ આવ્યા. ૫
વાત વેરાગિયોની ઉચ્ચારી, થયા દિલગીર દેવ મુરારી;
મુખથી કહે સંતોને માવો, સર્વે સુરત શહેર સિધાવો. ૬
તહાં છે અંગરેજનું રાજ, સુખ પામશો સંતસમાજ;
હતો વિક્રમ સંવત જ્યારે, અષ્ટાદશ શત છપન ત્યારે. ૭
અમે પગલું જ્યાં લોજમાં દીધું, ત્યારે સુરત સરકારે લીધું;
રક્ષા સંતની કરવાને કાજ, એને ઈશ્વરે આપ્યું છે રાજ. ૮
કહે સંત ત્યાં જાશું જરુર, પણ સુરત છે બહુ દૂર;
ક્યારે આપનાં દર્શન થાશે, કેમ વિયોગથી રહેવાશે. ૯
એવું સાંભળી શ્યામ સુજાણે, એક લાલજી આપ્યા તે ટાણે;
કહ્યું મૂરતી વિષે અમને, ધારશો તો જણાઈશ તમને. ૧૦
મુખ્ય ભક્ત છે ત્યાં ઈચ્છાબાઈ, બીજા છે અરદેશરભાઈ;
ત્રીજા છે શેઠ તો ભાઈચંદ, લક્ષ્મીચંદ છે સદ્‌ગુણવૃંદ. ૧૧
તેઓને પુછી કરજો વિચાર, સ્થાપજો લાલજી તેહ ઠાર;
મહીમા એનો વધશે વિશેષ, થાશે પ્રખ્યાત દેશ વિદેશ. ૧૨
એમ કહી તહાં મોકલ્યા સંત, ખોખરામાં રહ્યા ભગવંત;
બાવો એક લોલંગર હતો, અખાડો તેનો ત્યાં હતો છતો. ૧૩
વેરાગી રહે હથિયારબંધ, હતા તે અભિમાનમાં અંધ;
પ્રભુ ઉપર તે ધશી આવ્યા, પાળા ક્ષત્રિયો સામા સિધાવ્યા. ૧૪
અતિયુદ્ધ થયું એહ ઠાર, બીજાં ગ્રંથોમાં છે તે વિસ્તાર;
બીજો દિવસ થયો પછી જ્યારે, સંઘ આવ્યો ડભાણનો ત્યારે. ૧૫
કરી વંદન નિરખિયા નાથ, પછી વિનતિ કરી જોડી હાથ;
દિનબંધુ ડભાણ પધારો, તહાં યજ્ઞ કરો અતિ સારો. ૧૬
અમે તેડવા આવિયા આજ, માટે ચાલો તહાં મહારાજ;
સુણી બોલિયા શ્યામ વચન, કર્યો જેતલપુરમાં જગન. ૧૭
તેથી વેરાગિયો બળ્યા દાઝે, કરે છે હરકત તેહ કાજે;
ઉપદ્રવ ઉઠ્યો છે ગામોગામ, ભેખ ભેળા થયા ઠામઠામ. ૧૮

નથી ફરિયાદ સુણતા રાય, નથી શ્રીમંતો કરતા સહાય;
એવો છે આજ આપતકાળ, માટે જજ્ઞ નહીં થાય હાલ. ૧૯
કહું આપતકાળના ધર્મ, સુણી મનમાં વિચારજો મર્મ;
કહી એમ બીજાઓને કાજ, ઉચ્ચર્યા મુખે શ્રીમહારાજ. ૨૦

**આપત્કાળ વિષે : ઉપજાતિ :**

મનુષ્યને આપતકાળ આવે, ત્યારે કશું કામ કર્યે ન ફાવે;
જે કામ જાણી સવળું કરે છે, તથાપિ તે તો અવળું ઠરે છે. ૨૧
સુશિષ્ય કે સેવક મિત્ર નારી, સદૈવ દિસે અતિસ્નેહકારી;
તથાપિ તે આપતકાળ માંય, ખોટા ખરાની વિગતી જણાય. ૨૨
જુવાન જે સેવક હોય સારો, આપત્તિમાં તે નિપજે નઠારો;
કહે ધણી કોશ જવાનું કામ, તો માગશે વાહન તેહ ઠામ. ૨૩
જે મિત્ર ચાલી મળવા જ આવે, તે મિત્ર આપત્તિ સમે રિસાવે;
જો આપિયે વાહન બેસવાને, તથાપિ આવે નહિ કાંઈ બાને. ૨૪
જો ભાઈ પુત્રી ભગિની કહાવે, તે આપણું દ્રવ્ય લઈ સિધાવે;
સારે સમે જો મન હોય શુદ્ધ, તે થાય આપત્તિ સમે વિરુદ્ધ. ૨૫
આપત્તિકાળે વિશ્વાસ જાય, સ્નેહિ સગામાં પણ ઝેર થાય;
મહાસતી જે દમયંતિ રાણી, નળે તજી તે નિજશત્રુ જાણી. ૨૬
જે સત્યવાદી ધરમી કહાવે, તેને જહાં આપતકાળ આવે;
મિથ્યા કલંકો શિર લોક મૂકે, ચડાવતાં ચોરી નહિજ ચૂકે. ૨૭
પોતાતણું જેહ ગણાય અંગ, આપત્તિમાં જાય જ શત્રુસંગ;
જો ઝાડનો છેદનકાળ આવે, હાથો મળે કાષ્ઠ કુહાડિ ફાવે. ૨૮
જે પુત્રમાં પ્રાણ થકી વિશેષ, માતા પિતા હેત ધરે હમેશ;
તે આપદે શત્રુસમાન થાય, બીજા તણી શી કહિયે કથાય. ૨૯
આપત્તિ આવે અતિ જેહ ઠામ, જવું વિદેશે તજી તેહ ગામ;
દાવાગ્નિ જ્યારે વન માંહિ થાય, ત્યારે પશુઓ પણ નાશી જાય. ૩૦
જો કોઈને કાંઈ કદાપિ દૈયે, તે આપણી તો વગ જાણિ લૈયે;
તથાપિ આપ્યું સહુ વ્યર્થ જાય, આપત્તિમાં તે ન કરે સહાય. ૩૧

**શાર્દૂલવિક્રીડિત :**

આપી કૌસ્તુભ સાથ પુત્રી નિધિએ વૈકુંઠના નાથને,
સોંપ્યો શંકરને શશી વળી સુધા સર્વે સુરો સાથને;
સોંપ્યો હસ્તિ સુરેન્દ્રને હય દિધો જે સૂર્યને જોઈયે,
પીધો સિંધુ અગસ્ત્ય તો બળ કશું કીધું નહી કોઈયે. ૩૨
મારે તીર શિકારી કોઈ મૃગને તે નાશિ સંતાય છે,
તો તેના જ રુધીરનાં અવનિમાં ચિહ્ન તહાં થાય છે;
તે આધાર વડે શિકારી મૃગને મારે જઈ જ્યાં રહ્યું,
જો જો આપતકાળમાં સ્વતનનું શોણીત શત્રૂ થયું. ૩૩
રાજા રંક મનુષ્ય દેવ સહુને આપત્તિ આવે સહી,
માટે ધીરજ ધર્મ ધારિ ધરવી નિશ્ચે મુંઝાવું નહીં;
મોટું કાર્ય કશુંય આપત સમે શાણા નહીં આદરે,
આશ્રો એક જ ઈષ્ટનો દઢ ધરી આપત્તિ ઓછી કરે. ૩૪
આપત્કાળ સમે પ્રભુની નવધા ભક્તિ ભલી કીજિયે,
કાં તો ગ્રંથ ચરિત્રના જ રચવા તે લક્ષમાં લીજિયે;
જેથી સંકટ સર્વ જાય વિસરી લીલા સદા સાંભરે,
તેથી કૃષ્ણ કૃપાનિધાન કરુણા આપત્તિ કાળે કરે. ૩૫

**ચોપાઈ :**

વદીને એવાં શુદ્ધ વચન, સમઝાવ્યા ડભાણના જન;
પછી એમ બોલ્યા પરમેશ, અમે જાશું હવે કચ્છદેશ. ૩૬
ત્યાંથી મોકલશું સંત જ્યારે, લેજો સામાન જજ્ઞનો ત્યારે;
એમ કહીને સિધાવિયા શ્યામ, ગયા શ્રીહરિ સાદરે ગામ. ૩૭
લાકરોડે ગયા ધર્મલાલ, નાહ્યા ત્યાંની નદીમાં દયાળ;
વસ્ત્ર ધોતો હતો ભાવસાર, તેણે ચિત્તમાં કિધો વિચાર. ૩૮
મને ધોતિયું ધોવાને આપે, તો હું જાણું પ્રભુ આપોઆપે;
જાણી અંતરજામિયે વાત, બોલ્યા શ્રીમુખથી સાક્ષાત. ૩૯
ભાઈ આ ધોતિયું ધોઈ આપો, સુણી તેને દિલે સ્નેહ વ્યાપો;
પ્રભુ જાણીને કીધા પ્રણામ, ધોતિયું ધોઈ આપ્યું તે ઠામ. ૪૦

સારો તે તો થયો સતસંગી, લાવ્યો બરફી ને પેંડા ઉમંગી;
નદીકાંઠે શિલા શુભ ભાળી, જમ્યા ત્યાં બેશીને વનમાળી. ૪૧
ત્યાંથી વાલો વિજાપુર ગયા, પ્રાગજી ભક્તને ઘેર રહ્યા;
ત્યાંથી મેઉ ગયા મહારાજ, પછી કાલરિયે ભક્ત કાજ. ૪૨
મેઘાભક્તને દર્શન દીધું, રહી રાત્ય ત્યાં ભોજન કીધું;
ગયા ગોતરકે ગિરધારી, ત્યાંથી સાંતલપુર સુખકારી. ૪૩
આડેસર ગયા શ્રી અવિનાશ, ભીમાસર રહ્યા ક્ષત્રિને વાસ;
ગયા સાપર થૈને આધોઈ, જન રાજી થયા મુખ જોઈ. ૪૪
દેતા એ રીતે દર્શનદાન, ભુજનગર ગયા ભગવાન;
થોડા દિવસ કરી ત્યાં નિવાસ, ફર્યા ગામડામાં આસપાસ. ૪૫
દૈવી જીવને દૈ ઉપદેશ, સતસંગ વધાર્યો વિશેષ;
પોતે પ્રોઢ પ્રતાપ જણાવ્યો, નિજરૂપનો નિશ્ચે કરાવ્યો. ૪૬
ગિરધારી ગયા તેરે ગામ, ત્યાંથી સરલીયે સુંદરશ્યામ;
નાહ્યા વિરડામાં રુડીપેર, રહ્યા માનજી ઠાકોર ઘેર. ૪૭
ગયા રંગપુરે રંગરેલ, થયા રાજી ત્યાં રવજી પટેલ;
જમતા હરિ ને સંત ત્યાંય, જતા ના'વા ગંગા નદીમાંય. ૪૮
પાછા ત્યાંથી આવ્યા પ્રભુ તેરે, રહ્યા નથું સુતારને ઘેરે;
માવજી નોંધા નાગજી નામ, તે સુતારે સેવ્યા ઘનશ્યામ. ૪૯
પ્રાગજી ભટને ત્યાં તેડાવી, કથા શ્રીહરિકૃષ્ણે કરાવી;
મુક્તાનંદ અને બ્રહ્માનંદ, કહે બેયને વૃષકુળચંદ. ૫૦
સંત બેય ડભાણ સિધાવો, જૈને જજ્ઞનો જોગ કરાવો;
જજ્ઞસામાન જોઈયે જેહ, તમે રાખો મગાવીને તેહ. ૫૧
ત્યાંના રગનાથદાસ પટેલ, સતસંગી છે સારા થયેલ;
તમે તેને કરી આગેવાન, કરો સંગ્રહ સર્વ સામાન. ૫૨
ઉમરેઠે ઠાકર રુપરામ, દવે નામ છે નિરભય રામ;
નડિયાદના જન કહું નામ, ગંગારામ ને મોહનરામ. ૫૩
મેમદાવાદમાં જેનું ધામ, અંબારામ ને દુર્લભરામ;
વરતાલમાં જેનો નિવાસ, પાટીદાર છે રણછોડદાસ. ૫૪
કાસિદાસ બોચાસણમાંઈ, કરજીસણમાં નાનાભાઈ;
રઘવાણજના હરિભક્ત, અતિ છે મુજ ચરણઆસક્ત. ૫૫

એહ આદિક તેડાવી લેજો, જેને જોગ્ય તેવું કામ દેજો;
લોલંગર બાવાને તો દિલથી, હજી રીસ તે ઉતરી નથી. ૫૬
રખે તે કરે કાંઈ તોફાન, તમે તેથી રહો સાવધાન;
કાઠી રજપુતના અસવાર, અમે લાવશું સાથે અપાર. ૫૭
ફરતા ફરતા તમ પાસે, અમે આવશું મૃગશિર[૧] માસે;
યજ્ઞઆરંભ ત્યારે કરાશે, પોશી પુનમે પૂરણ થાશે. ૫૮
કાઠિયાવાડ સોરઠમાંય, મોકલશું કંકોતરી ત્યાંય;
જન સુરતનાને સંભારી, લખશું જ કંકોતરી સારી. ૫૯
ઝાલાવાડે તથા ગુજરાતે, કહેજો તમે મુખથી જ જાતે;
લખવું પડે જો વળી કયાંય, તમે મોકલજો લખી ત્યાંય. ૬૦
અમે પણ જે જે ગામ રહેશું, ત્યાંના ભક્તજનોને કહેશું;
એમ ઉચરી વૃષકૃળરાય, બેય મંડળ કીધાં વિદાય. ૬૧
પછી સોરઠ આદિક દેશે, લખી કંકોતરી પરમેશે;
વેરાગીના જે મોટા અખાડા, લખી ત્યાં પણ પત્ર પો'ચાડ્યા. ૬૨
ગુજરાતે લોલંગર બાવો, તેના ઉપર પત્ર લખાવ્યો;
ખોખરા મેમદાવાદ માંય, અમે સેવા બની નથી ત્યાંય. ૬૩
આવશો જો ડભાણમાં તમે, સેવા સારી બજાવશુ અમે;
એમ પત્ર લખી એહ સ્થાન, ભુજનગર ગયા ભગવાન. ૬૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ભુજ રહી ભગવાન ભક્તિનંદ, પુનિત ચરિત્ર કર્યાં ઘણાં મુકુંદ;
વરણન કરતાં ન પાર આવે, શિવસુત[૨] લેખક વ્યાસ જો લખાવે. ૬૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકચ્છદેશ-*
*વિચરણનામસપ્તમો વિશ્રામઃ ॥૭॥*

**પૂર્વછાયો :**

રણ વિષે રસ્તો પડ્યે, ચાલ્યા ભુજથી ગુર્જર દેશ;
ભક્તિતનૂજ ભચાઉ થૈ, આવ્યા આધોઈમાં અખિલેશ. ૧

૧. માગશર ૨. ગણપતિજી


**ચોપાઈ :**

રાયધણજીના દરબારમાંય, ત્રિભુવનપતિ ઉતર્યા ત્યાંય;
કર્ણિબા કહે હે કરતાર, થાળ થાતાં તો લાગશે વાર. ૨
દહીં સાકર આપિયે અમે, જમો તે જગજીવન તમે;
દહીં સાકર લૈ હરિ જમ્યા, નિજભક્તતણે મન ગમ્યા. ૩
કર્યો વર્ણિ મુકુંદે ત્યાં થાળ, જમ્યા તે પછી દીનદયાળ;
પછી પોઢ્યા પ્રભુજી પલંગે, બાઈયે પદ નિરખ્યા ઉમંગે. ૪
કાંટા વાગેલા તેમાં નિહાળી, કાઢવા બેઠાં તેહ સંભાળી;
કરણી બાઈયે તેહ વાર, કાંટા કાઢ્યા ગણીને અઢાર. ૫
સ્નેહે ચિહ્ન નિહાળીયાં સોળ, એથી આનંદ ઉપજ્યો અતોળ;
જોઈ ચાપનું[1] ચિહ્ન તે ઠાર, ઉપજ્યો ઉર માંહિ વિચાર. ૬
એહ અંધ્રિ જુવે જન કોઈ, નિશ્ચે જાણે પ્રભુપદ જોઈ;
પ્રભુ વિણ પદ ચાપ ન હોય, સમઝે એમ તો સહુ કોય. ૭

**ધનુષપ્રબંધ : દોહરો :**

ભાસે ભાળી ચાપ પ્રભુ, પ્રભુ અંધ્રી સત્ય એહ;
ધારે સ્નેહી જેહ જન, ભાળી પ્રભુ સહ સ્નેહ. ૮

**धनुषप्रबंध**




૧. ધનુષ્યનું ચિહ્ન

**ચોપાઈ :**

પછી પ્રેમ ઘણો દિલ લાવી, મહાપૂજાની વસ્તુ મગાવી;
કર્યું પૂજન સોળ પ્રકારે, વસ્ત્ર પહેરાવીયાં ભારે ભારે. ૯
રાયધણજી તહાં રુડી રીતે, પ્રભુજીને પગે લાગ્યા પ્રીતે;
ભાઈ જેમલજી ને હિદુંજી, નમ્યા તે પ્રભુના પગ પુજી. ૧૦
ચોથા ભાઈની વિધવા જેહ, કરણીબાઈ કહીયે તેહ;
કહે ચારેને શામ સુજાણ, યજ્ઞ કરશું અમે જૈ ડભાણ. ૧૧
તમે પણ તહાં આવવા કાજ, કરો તૈયારી લૈ સુખસાજ;
આજ્ઞા સાંભળીને એહ વાર, થયાં ચારે જણાં તે તૈયાર. ૧૨
સુતા જેમલજી તણી જેહ, બોલી બે કર જોડીને તેહ;
હુંય આવીશ કાકી સંઘાત, ત્યારે બોલ્યા તહાં તેનો તાત. ૧૩
તમે તો ન ડભાણ અવાય, આણું આવે તે તો પાછું જાય;
કહે બાઈ ડભાણ મોઝાર, કરે લીલા જગતકરતાર. ૧૪
એહ જોવાની છે ઘણી આશ, માટે મુજને ન કરશો નિરાશ;
બહુ બાઈયે હઠ કર્યો જ્યારે, ત્રિભૂવનપતિ બોલીયા ત્યારે. ૧૫
બાઈ બેય રહો આંહિ તમે, એક વરદાન આપિયે અમે;
જે જે લીલા ડભાણમાં થાશે, તમને ઘેર બેઠાં દેખાશે. ૧૬
એવું સાંભળીને શુભપેર, રાજી થૈને રહ્યાં બેય ઘેર;
બીજા સૌ સાથે શ્રીજી સિધાવ્યા, માળિયામાં મહાપ્રભુ આવ્યા. ૧૭
ખાખરેચિ ગયા જગરાયા, ઘોડાં ત્યાંના તળાવમાં પાયાં;
ત્યાંથી વાંટાવદર ગયા વાલો, ત્યાંથી હળવદ ધર્મનો લાલો. ૧૮
બેઠા કાંઠે તળાવને જૈને, આવ્યા સત્સંગી સામૈયું લૈને;
વાજતે ગાજતે રુડી પેર, ઉતર્યા દવે ઈશ્વર ઘેર. ૧૯
પેંડા બરફી કે સાકર લૈને, હરિભક્તો ધરે પાસ જૈને;
લૈને સૌનું કરે અંગીકાર, જમ્યા આશરે તે મણભાર. ૨૦
શિવજાની બોલ્યા શુભપેર, ચાલો જમવા પ્રભુ મુજ ઘેર;
પ્રભુ ત્યાં પણ જમવાને ગયા, જન જોઈને વિસ્મિત થયા. ૨૧
ઉપજાવિને સૌને આનંદ, ગયા ધ્રાંગધરે ધર્મનંદ;
ગયા મેથાણમાં કરી મેહેર, પુંજાભાઈ ઝાલા તણે ઘેર. ૨૨

તેનો ભાળીને ભાવ વિશેષ, પાંચ દિવસ રહ્યા પરમેશ;
નિરખી પછી ખેરવા નગરી, જોઈ ત્યાં થકી જઈને રામગરી. ૨૩
દદુકે થઈને મછિયાવ, ગયા નેહથી નટવરનાવ.
દાજીભાઈ તણે દરબાર, ભાવે ઉતર્યા ભક્તિકુમાર. ૨૪
મુકુંદાનંદે ત્યાં કર્યો થાળ, જમ્યા પ્રીતથી જનપ્રતિપાળ;
ત્યાંથી ચાલિયા ત્રિભુવનનાથ, ગયા જેતલપુર જન સાથ. ૨૫
ગંગામાયે કર્યો તહાં થાળ, જમ્યા જુક્તિયે દીનદયાળ;
ગયા ત્યાં થકી મેમદાવાદ, રહ્યા ત્યાં પણ દિવસ એકાદ. ૨૬
વિપ્ર દુલભરામને ઘેર, જમ્યા થાળ પ્રભુ શુભપેર;
ગયા ત્યાં થકી દેવ ડભાણ, જન પ્રેમીના જીવણપ્રાણ. ૨૭
મુક્તાનંદ ને બ્રહ્માનંદ, મુનિ પામ્યા અત્યંત આનંદ;
કહે કૃષ્ણ વચન ચિત્ત ધરો, યજ્ઞસામાન પુષ્કળ કરો. ૨૮
વળી વેરાગિયોનું છે વેર, ઝાઝું રાખે છે આંખમાં ઝેર;
માટે હથિયારના બાંધનાર, લોક તેડાવી લેજો અપાર. ૨૯
વરતાલ તથા બામરોલી, ત્યાંના તેડાવજો ઘણા કોળી;
વળી શેલડી ને સંજાયે, લખજો તમે કાગળ ત્યાંયે. ૩૦
ઘોડાસર હાથરોલીયે આજ, અમે પણ જશું એહ કાજ;
તહાં દિવસ થશે દશબાર, ત્યાંથી લાવશું પાળા ને સ્વાર. ૩૧
કહી એમ ચાલ્યા અવિનાશ, રાખ્યા વર્ણિ મુકુંદને પાસ;
વાટે જાતાં બોલ્યા વૃષનંદ, તમે સાંભળો વર્ણિ મુકુંદ. ૩૨
સદ્ય જાશું ઘોડાસર અમે, ધીમે ધીમે ત્યાં આવજો તમે;
કહી એમ સિધાવિયા શ્યામ, ગયા તરત ઘોડાસર ગામ. ૩૩
ત્યાંના રાજાને ખબર હતી, આંહિ આવશે સંતનો પતી;
એણી દીઠા જ્યારે અવિનાશ, જાણ્યું છે અવિનાશીના દાસ. ૩૪
કહ્યું ભૂપતિયે બાપો ક્યાં છે, કહે કૃષ્ણ તે મારગમાં છે;
અમે આગળથી ચાલી આવ્યા, તમ અર્થે પ્રસાદી આ લાવ્યા. ૩૫
કહે ભૂપતિ બાપો છે કેવા, કહે કૃષ્ણ તે છે અમ જેવા;
સાધુ જાણી પ્રણિપત કીધી, આપી મિષ્ટ પ્રસાદી તે લીધી. ૩૬

રાજા જાલમસંઘજી નામ, અતિ રાજી થયા એહ ઠામ;
ચાલ્યા ત્યાંથી ઉતાવળ કરી, હાથરોલીને મારગે હરી. ૩૭
આવ્યા વર્ણીજી તે સમે ત્યાંય, બાપો આ આવ્યા બોલિયા રાય;
બ્રહ્મચારી તે બોલીયા ત્યાંહી, બાપો આગળ આવ્યા છે આંહી. ૩૮
પછવાડે હું તો રહી ગયો, આંહિ પણ પ્રભુ ભેળો ન થયો;
થયો રાજાને સુણતાં ઉતાપો, અહીં આવી ગયા એ જ બાપો. ૩૯
કહ્યું બાપો છે મુજસમાન, પણ આપણને નાવ્યું ભાન;
પછી અશ્વ તે અસ્વાર થયા, પુછતા પ્રભુ પાછળ ગયા. ૪૦
હાથરોલીને મારગે જઈ, પ્રણમ્યા પ્રભુને ભેળા થઈ;
કહ્યું ઘોડે બેસો મહારાજ, આપ આગળ ચાલું હું આજ. ૪૧
સુણી બોલ્યા મહામુનિરાય, ઘોડા ઉપરથી તો પડાય;
ભૂપ ઘોડાને દોરીને ચાલ્યો, ત્યારે ઘોડે બેઠા ધર્મલાલો. ૪૨
એમ હાથરોલી ગયા હરી, થોડા દિવસ તહાં રહ્યા ઠરી;
ઉતર્યા ભગુ ખાંટને ઘેર, ત્યાં તો કૃષ્ણે કરી લીલાલહેર. ૪૩
સંતમંડળ સર્વ તેડાવ્યાં, આજ્ઞા સાંભળીને સહુ આવ્યાં;
આવ્યું પ્રથમ જ સંતનું વૃંદ, મુખ્યા તેમાં મા'નુભાવનંદ. ૪૪
આવ્યો સોરઠનો સંઘ ધાઈ, બહુ તેમાં હતાં બાઈ ભાઈ;
પીપળાણેથી નરસિંહ મહેતા, બાઈ લાડકીસોતા તે હતા. ૪૫
જેઠો મેર જે મઢડાના વાસી, તે તો આવિયા અધિક હુલાસી;
આખા ગામ પંચાળુ ધોરાજી, આવ્યા ત્યાંના જનો થઈ રાજી. ૪૬
માણાવદર ગામ ગણોદ, ત્યાંના પણ આવ્યા પામી પ્રમોદ;
જાળીયું ઉપળેટું ફણેણી, ત્યાંના ભક્તની પણ શુભ રે'ણી. ૪૭
જેતપુર માંગરોળ ગોંડળ, ત્યાંના ભક્તની ભક્તિ અચળ;
પાડાસણ ને ખાંભા સરધાર, વડાળીથી આવ્યાં નરનાર. ૪૮
આવ્યાં કાંકશિયાળીથી કોઈ, સંઘ સારો કહે જન જોઈ;
રોઈશાળાના લક્ષ્મીરામ, ધર્મવંત ને પ્રેમના ધામ. ૪૯
આવ્યા તે પણ શ્રીપ્રભુ પાસ, કર્યા દર્શન થૈ પુરી આશ;
ભાવ સૌને જવાનો તો ભાસે, કોઈ આવ્યા રહ્યા કોઈ વાંસે. ૫૦

સંત સર્વ ડભાણમાં મળિયા, ભગવાનની ભક્તિમાં ભળિયા;
સંત ટુકડા માગવા જાતા, પાણી છાંટી ગોળા વાળી ખાતા. ૫૧
ભગુ ખાંટના ફળિયા મોઝાર, સભા ભરતા ભુવનભરતાર;
વાતો કરતા વિતે પો'ર રાત, કરે ત્યાં સુધી જ્ઞાનની વાત. ૫૨
સંતને ત્યાગમાર્ગ બતાવે, અતિ આકરા નિયમ પળાવે;
પછી સંત જઈ ગામ બહાર, રહે આંબલિયોની મોઝાર. ૫૩
પો'ર રાત રહે વળી જ્યારે, જગજીવન જાગતા ત્યારે;
પ્રગટાવીને એક મશાલ, જાય સંતને ઉતારે લાલ. ૫૪
જગાડે સહુ સંતને જૈને, સમઝાવે સુઉપદેશ દૈને;
કરે સંકલ્પ સંબંધી વાત, જેથી વૈરાગ ઉપજે અઘાત[1]. ૫૫
તીવ્ર તપ કરવાનું બતાવે, દેહ મિથ્યા કહી સમઝાવે;
એવો તીવ્ર સુણી ઉપદેશ, એક સંતને લાગ્યો વિશેષ. ૫૬
તીવ્ર તપ કરવા ધરી મનમાં, એ તો જઈને બેઠા એક વનમાં;
અતિશે ઉપજ્યો વૈરાગ, અન્ન પાણી તણો કર્યો ત્યાગ. ૫૭

**પુષ્પિતાગ્રા :**

અતિ તપ કરવાનિ વાત એવી, કરિ હરિએ સુણિ સંત સર્વ તેવી;
તપ પર રુચિ સંત સૌની લાગી, તૃણવત દેહ ગણે બધાય ત્યાગી. ૫૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિહાથરોલી-ગ્રામવિચરણનામ અષ્ટમો વિશ્રામઃ ॥૮॥*

**પૂર્વછાયો :**

હરિ હતા હાથરોલિયે, અને ત્યાં જ હતા સઉ સંત;
ત્યાં જે જે લીલા કરી, કહું તે સુણો નૃપ ગુણવંત. ૧

**ચોપાઈ :**

પછી શ્રીહરિ એક દહાડે, જમવા ગયા બારમુવાડે;
જતાં મારગે વનમાં વિચરતાં, એક સાધુ દીઠા તપ કરતા. ૨

---

૧. દૃઢતા પૂર્વકનો

અન્ન જળ ત્રણ દિવસ તજેલું, અતિશે તપ તીવ્ર સજેલું;
સાદ શ્રીહરિનો સુણ્યો જ્યારે, ધ્યાનમાંથી જાગ્યા તેહ ત્યારે. ૩
પ્રભુને કર્યો દંડપ્રણામ, ત્યારે બોલિયા સુંદરશ્યામ;
આવું તપ કળિમાં ન આચરવું, નિજકાયાનું રક્ષણ કરવું. ૪

**તીવ્રતપનિષેધ વિષે : ઉપજાતિ :**

મનુષ્યનો દેહ અમૂલ્ય એહ, ભક્તિ કર્યામાં ઉપયોગી તેહ;
તે દેહનું રક્ષણ નિત્ય કીજે, તપે કરીને નહિ ત્યાગી દીજે. ૫
જો દેહનો ત્યાગ તપે કરે છે, તો આત્મઘાતી જન તે ઠરે છે;
પ્રભૂ રિઝાવા તપ કાજ જાય, એથી પ્રભુતો ઉલટા રિસાય. ૬
જુદા જુદા છે જુગધર્મ જેહ, શાસ્ત્રો સુણીને સમઝો જ તેહ;
દેહાંત[1] જે આ કળિમાં કરે છે, તે તો તપસ્વી નરકે ઠરે છે. ૭
કરે મહાપાપ કદાપિ કોય, દેહાંત જો વારણ તેનું હોય;
તે નિષ્કૃતિ[2] આ કળિમાં ન કીજે, સચ્છાસ્ત્રથી તે સુણી મર્મ લીજે. ૮
સમાજથી ભિન્ન પડી ન જાવું, સૌથી તપસ્વી અતિશે ન થાવું.
દોડે વિશેષે સહુનાથિ જેહ, થાકિ રહે અંતરિયાળ[3] એહ. ૯
વિશેષ સૌથી તપ જે ચહાય, માંદો પડે કે તનને તજાય;
જમાય છે ભોજન ગ્રાસ ગ્રાસે, આખો મુખે મોદક કેમ માશે. ૧૦
સેના થકી આગળ કોઈ જાય, મરે અને મુરખમાં ગણાય;
લડે ચમૂમાં[4] રહિ શત્રુ સામે, તે શૂરવિરો જશ પૂર્ણ પામે. ૧૧
જો સંત ઈચ્છો અમને રિઝાવા, સમાજથી ભિન્ન થશો ન આવા;
જો પોતપોતે મનને રિઝાવો, ભલે કરો તે તપ તીવ્ર આવો. ૧૨
વર્ણી કહે સાંભળ હે નરેશ, સમાજમાં છે સુખ તો વિશેષ;
સત્સંગ ઈચ્છે સનકાદિ જેવા, સદા કરે સંત તણી જ સેવા. ૧૩
શ્રી નૈમિષારણ્ય વિષે મુનિયો, સુણે મળી કૃષ્ણકથા જુનીયો;
શ્રીશ્વેતદ્વીપાખ્ય નિવાસી જેહ, વસે સદા સજ્જિ સમાજ તેહ. ૧૪
સમાજ જો શ્રીભરતે ન સેવ્યો, તેને પડ્યો ત્યાં મૃગદેહ લેવો;
સમાજ માંહી ન રહ્યો જ જેહ, ચળ્યા મુનિ સૌભરી આદિ તેહ. ૧૫

૧. દેહનો નાશ ૨. પ્રાયશ્ચિત ૩. અધવચ્ચે ૪. સેનામાં

માટે કહે શાસ્ત્રપુરાણકાર, સત્સંગ કેરો મહિમા અપાર;
સંતો તણી તો સજિયે જ સેવા, સુજ્ઞાન વિજ્ઞાન વિશેષ લેવા. ૧૬
સૌનાથી પોતે અતિ શ્રેષ્ઠ થાવા, પ્રભુ વિષે પ્રેમ ઘણો જણાવા;
એકાંત બેશી તપ ઉગ્ર માંડે, કુસંગ થાતાં સતસંગ છાંડે. ૧૭
શ્રીજી ગયા આપ સ્વધામ જ્યારે, સૌથી વધુ શોક જણાવી ત્યારે;
જેણે પિવા લોટ હંમેશ માંડ્યો, તેણે સમૂળો સતસંગ છાંડ્યો. ૧૮
શ્રીવાસુદેવાખ્ય સુબ્રહ્મચારી, તેને પૂછયો પ્રશ્ન જને વિચારી;
સત્સંગમાં કોણ સદા વસે છે, સત્સંગથી કોણ કદી ખસે છે. ૧૯

**અથ ગતાતગભેદ :**

વદે સુવાણી સુણિ વાસુદેવ, વસે જ જે સન્ત સજે જ સેવ;
એ યોગમાંહિ નહિ માંગયોએ, તે તો હતો પિષ્ટ[1] પિતો હતો તે. ૨૦
કહે અચિંત્યાખ્ય સુણોજી રાય, હવે કહું શ્રીહરિની કથાય;
સાધુસમીપે વનમાં વિચારી, કહ્યું હરિએ હિતકારી ધારી. ૨૧

**ચોપાઈ :**

એમ દૈ સંતને ઉપદેશ, પેંડા આપ્યા પોતે પરમેશ;
પેંડા તે જમીને પીધું નીર, ત્યારે રાજી થયા નરવીર. ૨૨
સંતમંડળમાં સંત રહ્યા, બારમુવાડે બળવંત ગયા;
બ્રહ્મચારીએ ત્યાં કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૨૩
હાથરોલીયે શ્રીહરિ આવ્યા, ભાળી ભક્ત તણે મન ભાવ્યા;
સંઘ સુરતનો એવે ટાણે, આવ્યો દર્શન કરવા ડભાણે. ૨૪
બ્રહ્માનંદે કહ્યું કૃપા કરી, હાથરોલિયે આજ છે હરી;
થોડા દિવસમાં આવશે આંહી, રહો ધૈર્ય ધરી મન માંહી. ૨૫
સંભળાવિયાં એવાં વચન, પણ દર્શનાતુર તેહ જન;
હાથરોલિયે જૈ હરિપાસ, કર્યાં દર્શન થૈ પુરી આશ. ૨૬
બોલ્યા જાલમસિંહ તે ઠામ, ઘોડાસર વિચરો ઘનશ્યામ;
પાલખી એક આણી છે અમે, તેમાં આજ બિરાજોજી તમે. ૨૭

૧. લોટ

મારી પાલખી પાવન થાય, પરશે પ્રભુ આપના પાય;
પછી બેશીને પાલખીમાંય, ગયા સંતસહિત હરિ ત્યાંય. ૨૮
ઘોડાસરમાં પેઠા ઘનશામ, ઘણી ત્યાં તો થઈ ધૂમધામ;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, આગે ભૂપની અસ્વારી છાજે. ૨૯
રાયે પાલખી કંધે ઉપાડી, છડીદાર બોલે ત્યાં અગાડી;
આખા ગામમાં લૈ ગયા ફરવા, પુર પોતાનું પાવન કરવા. ૩૦
પ્રભુ દરબારમાં પધરાવ્યા, પછી પૂજાનો સામાન લાવ્યા;
રાયે પૂજા કરી બહુ પ્યારે, વળી વિનતિ કરી વારેવારે. ૩૧
કહ્યું જે મુજલાયક કામ, હોય તે કહો સુંદરશ્યામ;
બોલ્યા ત્રિભુવનનો ધણિ ત્યારે, યજ્ઞ કરવો ડભાણ અમારે. ૩૨
પણ રાખે છે વેર વેરાગી, બીજાપણ જે અધર્મી અભાગી;
કરે કાંઈ ઉપદ્રવ ખરો, માટે આપ સહાયતા કરો. ૩૩
કરે રક્ષણ યજ્ઞનું કર્મ, ક્ષત્રિનો તે સનાતન ધર્મ;
સુણી ભૂપ કહે જોડી હાથ, ભીલ લાખ લાવું મુજ સાથ. ૩૪
આવે રાવણ જેવાની ફોજ, તોય મારું હું કરતાં રમુજ;
સુણી બોલિયા સુંદરશ્યામ, ભીલ લાખ તણું નથી કામ. ૩૫
રાયધણજી આદિ રાયજાદા, કોઈ અસ્વાર ને કોઈ પ્યાદા;
કચ્છદેશ વિષે વસનારા, જે છે જુદ્ધકળા જાણનારા. ૩૬
ઝાલાવાડના ક્ષત્રિય ઝાલા, મહા જોરવાળા મતવાલા;
જેનું ગામ તાવી તલસાણું, નથી કોઈનું જગમાં અજાણ્યું. ૩૭
તથા મેંથાણના પુંજાભાઈ, જેની બરછી બહુ વખણાઈ;
એવા આવેલા છે અમ સાથે, હથીયાર ભલાં ધરી હાથે. ૩૮
જ્યારે ખોખરા મેમદાવાદ, કર્યો વેરાગીયે વિખવાદ;
સલકીના દયાળજી પગી, અમ પાસે હતા તે અડગી. ૩૯
હાથરોલી તણા ભગુ ખાંટ, જેની કોઈ ન પકડે ફાંટ[1];
ગામ ડાંગરવાના અગરાજી, ત્યારે તે પણ પાસે હતાજી. ૪૦
જેણે હિંમતે હાથ દેખાડ્યા, જુદ્ધે વેરાગીયોને નસાડ્યા;
તેહ ત્રણ જણને સાથે લેશું, પછી વેરાગીયો તે કરે શું. ૪૧

૧. અંગરખાનો છેડો

કહ્યું છે બ્રહ્માનંદને અમે, ઘણા કોળી તેડાવજો તમે;
બામણોલી ને વરતાલવાસી, આવશે એવા બીજા મેવાસી[1]. ૪૨
કાઠિયાવાડના કાઠી શૂરા, આવશે તે પરાક્રમી પૂરા;
ત્યાંથી નીકળ્યા છે હાલહાલ, એ તો આવશે આજ કે કાલ. ૪૩
માટે થોડાક લૈ શૂરવીર, અમ સાથે ચાલો તમે ધીર;
પછી રાજાએ કીધી તૈયારી, સજી સારી રીતે અસવારી. ૪૪
નૃપની જ્યાં નોબત ગડગડી, દશ હજાર કામઠી ચડી;
પાલખીમાં બેઠા પરમેશ, કરે ચમર પોતે નરેશ. ૪૫
જ્યાં તે પાદર સુધી સિધાવ્યા, કાઠી કાઠિયાવાડથી આવ્યા;
મુખ્ય ગામમાં નામ ગણાવું, બધાં ગણતાં તો પાર ન લાવું. ૪૬
મુખ્ય તો ગઢપુરના નિવાસી, જેને આધીન છે અવિનાશી;
દાદો ખાચર ખાચર જીવો, મુળુ ખાચર પણ કુળદીવો. ૪૭
મોટા ભક્ત વળી નાગમાલો, ઘેલા ધાધલને ધર્મ વા'લો;
લલિતા ને જયા રાજબાઈ, અમુલા ને અમર પણ ડાઈ. ૪૮
એહ આદિક બહુ નરનારી, આવ્યાં ગઢપુરથી રુચિ ધારી;
કરિયાણા ને કોટાડા કેરા, વાંકિયાના આવ્યા ગરઢેરા. ૪૯
ભડલી ને ઈતરિયું ગુંદાળું, ઝીંઝાવદર ગામ ખંભાળું;
કારિયાણી ને સારંગપુર, ખાંભડાના કાઠી પણ શુર. ૫૦
ગામે નાગડકું ને કુંડળ, આવ્યું બોટાદ બગડ સબળ;
વળી આવ્યા ગરાશિયા જેહ, તેનાં નામ ગણાવું હું તેહ. ૫૧
ગઢાળી તથા પીપળી તણા, આવ્યા ત્યાંના ગરાશિયા ઘણા;
જમનાવડ સોરઠ માંહી, આવ્યા ત્યાંના ગરાશિયા ચાહી. ૫૨
ધોળેરા કરમડ ભેંસજાળ, આવ્યા રોજકાના મહીપાળ;
ક્ષત્રિ ઝીંઝર ને જસકાના, આવ્યા વાગડથી મોટા નાના. ૫૩
ગંગા સાગરમાં મળે જેમ, મળ્યા સર્વ તે સૈન્યમાં તેમ;
ગંગા સાગરનો ઘૂઘવાટ, એવો અશ્વ તણો હણહણાટ. ૫૪
ક્ષીરસાગરમાં શોભે શ્યામ, તેવા શોભે ત્યાં પૂરણકામ;
શોભે સાગરમાં રત્ન જેમ, શૂરા સ્વારીમાં શોભે છે તેમ. ૫૫

૧. મહિકાંઠે રહેનારા, કિલ્લામાં રહેનાર

જેમ ઉછળે નીરતરંગ, તેમ ઉછળે ચપળ તુરંગ[1];
જેવાં સિંધુમાં નાવ દેખાય, રથ પાલખી તેવા જણાય. ૫૬
જેવા સાગરમાં શોભે ગ્રાહ[2], એવા હાથિયો શોભે અથાહ;
જળમાં ફરે માંછલા જેમ, નાના મોટા ફરે ભીલ તેમ. ૫૭
ચંદ્ર દેખી નિધી ઉભરાય, તેમ સૌ હરિદર્શને ધાય;
વળે પાછા બીજા જાય પાસે, ભરતી ઓટની તુલ્ય ભાસે. ૫૮
હરિ હરખિયા કાઠીને જોઈ, કહે કાઠી જેવા નહીં કોઈ;
કાઠી માયાળુ ને કાઠી શૂરા, પ્રેમભક્તિ વિષે પણ પૂરા. ૫૯
પછી ત્યાં જોઈ વૃક્ષ વિશાળ, ઉતર્યા જઈ દીનદયાળ;
સભા ત્યાં તો સજી બહુ સારી, શોભે તે વચે શ્રીગિરિધારી. ૬૦
એવામાં અમદાવાદ કેરો, આવ્યો સત્સંગિ સંઘ ઘણેરો;
વાજે તે વિષે તાલ મૃદંગ, ગાય ઉચ્છવિયા સહુ ઉમંગ. ૬૧
વાજે ત્રાંસા ને ઢોલ અપાર, બોલે જન બહુ જયજયકાર;
કરું મુખ્યનાં નામ પ્રકાશ, દામોદર નથુ ભટ લાલદાસ. ૬૨
હીરો ભક્ત ને મોહનલાલ, જેને વા'લા શ્રીકૃષ્ણ કૃપાળ;
ભક્ત ગોવિંદ ને વજેરામ, હરજીવન હીમતરામ. ૬૩
ક્ષત્રિ કુબેરસિંહ ચોપદાર, બીજા ભક્ત તણો નહીં પાર;
ગંગામા આવ્યા જેતલપરથી, અવલોકવા કૃષ્ણ આદરથી. ૬૪
અશલાલી ને વેલાળ કેરા, મછિયાવના આવ્યા ઘણેરા;
વળી આવ્યા વડોદરાવાસી, નેણે નિર્ખવાને અવિનાશી. ૬૫
ઘણા ગામ થકી સંઘ આવ્યા, ભારે ભારે ભલી ભેટ લાવ્યા;
પ્રણમ્યા પ્રભુને ધરી પ્રેમ, પુછે શ્રીપ્રભુ કુશળ ક્ષેમ. ૬૬
થયો આનંદ જે તેહ તકે, શેષ શારદા વરણી ન શકે;
ભુલ્યા સૌ ખાન પાનનું ભાન, જુવે ચંદ્રકોર સમાન. ૬૭
જેવો આનંદ અક્ષરધામે, એથી પણ અધિકો એહ ઠામે;
ઉપજ્યો જન સર્વને ઉર, પ્રગટ્યું અતિ પ્રેમનું પુર. ૬૮

૧. ઘોડા ૨. મગર

**પુષ્પિતાગ્રા :**

જનમન પ્રગટ્યો સુપ્રેમ એમ, કવિજન કોઈ કહી શકે જ કેમ;
અનુભવ કરતાં જણાય કાંઈ, પણ ન સમાય વિશેષ વાણીમાંઈ. ૬૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઘોડાસર-વિચરણસંઘાગમનનામ નવમો વિશ્રામઃ ॥૯॥*

**પૂર્વછાયો :**

શોભે વિશાળ સભા ભરી, ઘોડાસર સમીપ ઘનશ્યામ;
ભૂધર આગળ ભેટ ધરવા, આવ્યા જનો એહ ઠામ. ૧

**ચોપાઈ :**

દાદા ખાચરે દિલમાં વિચારી, પ્રેમે પૂજ્યા પ્રથમ ગિરિધારી;
પગ ધોઈ પાદોદક પીધું, જળ તે સહુને પણ દીધું. ૨
ભાલે કેશરની આડચ કરી, વચ્ચે કંકુનો ચાંદલો ધરી;
ચડાવ્યા વળી અક્ષત એમાં, મોંઘા મોતી હતાં ઘણાં તેમાં. ૩
એક એવે સમે માળી આવ્યો, ફુલમાળા ભરી છાબ[1] લાવ્યો;
દાદા ખાચરે તે છાબ લીધી, માળીને હેમની મો'ર દીધી. ૪
પુષ્પમાળા મનોહર જોઈ, વાહ વાહ કહે સહુ કોઈ;
તાજાં પુષ્પે કરેલી તૈયાર, એમાં કારીગરીનો ન પાર. ૫
દાદા ખાચરે લૈ કરમાંય, કરી વિનતિ પ્રભુ તણી ત્યાંય;
વા'લા ભાળીને ભાવ અમારો, પુષ્પમાળા ગળા માંહિ ધારો. ૬


**પુષ્પમાળાપ્રબંધ : સ્રગ્ધરા :**

વા'લા માળા ગળામાં વિધવિધની ધરો સારી સારી કરી છે,
શ્રીજી તાજી સજી છે સુમનમય મહા ભારી કારીગરી છે;
જ્ઞાની ધ્યાની મુનીયો ઉર પર નિરખે ચાહી ચાહી રહીને,
દેખી દેખી સુખી થૈ સુર નર હરખે પાહિ પાહિ કહીને. ૭

---

૧. વાંસની છીછરી ટોપલી

## पुष्पमाळाप्रबंध




**ચોપાઈ :**

સારા શબ્દ એવા સંભળાવી, પુષ્પમાળા પ્રભુને પે'રાવી;
તોડા કનકના પગમાં ધરાવ્યા, મોંઘે મોતીડે વા'લો વધાવ્યા. ૮
જેણે અર્પિયા વેઢ અકેક, તેનાં નામ ગણાવું પ્રત્યેક;
જીવો ખાચર સોમલો સૂરો, કાળો નાજો મુળુભક્ત પૂરો. ૯
માતરો બીજા હમીરભાઈ, અમુલા તથા અમરબાઈ;
વસ્તા ખાચરે ઉતરી આપી, જેનું મૂલ શકાય ન આપી. ૧૦
લાડુબાઈયે કંદોરો દીધો, તે તો કૃષ્ણે કેડ્યે ધરી લીધો;
રાજબાઈ તથા બાઈ મોટી, તેણે અર્પિ કડાં તણી જોટી. ૧૧
પછી કાઠી સરવ પંચ મળી, ભારે રેટો કર્યો ભેટ વળી;
મીણબાઈયે આપ્યો ગળુબંધ[1], સુભગાયે મુક્યું શેલું કંધ[2]. ૧૨
આપ્યાં કુંડળ બે કાશિદાસે, શશિસૂર્ય સમાન પ્રકાશે;
અમદાવાદના સંઘે ત્યારે, વસ્ત્ર અર્પ્યા ભલાં ભારે ભારે. ૧૩
કીનખાબ તણો સુરવાળ, તેવો જામો જેની લાંબી ચાળ;
કિનખાબનાં થાન[3] ને થાન, કર્યા અર્પણ બહુ મૂલવાન. ૧૪
દાજીભાઈ જે મછિયાવવાળા, આપી તેણે તો મોહનમાળા;
વળી વાસી વડોદરા કેરા, તેણે અર્પિયા ઘાટ[4] ઘણેરા. ૧૫
સોનારૂપા તણા મોટા થાળ, પ્યાલા ને જળપાત્ર વિશાળ;
હતા કચ્છી અને ઝાલાવાડી, મુકી તેણે તો મ્હોરો અગાડી. ૧૬
રાયધણજીયે રુપાની છડી, ભલી ભેટ કરી તેહ ઘડી;
પુંજાભાઈ મેંથાણના ઝાલા, તેણે આપી રુડી બોરમાળા. ૧૭

૧. ગળામાં પહેરવાનું ઘરેણું ૨. ખભો ૩. આસન,વસ્ત્ર ૪. આભુષણ

ઘોડો રોઝો તે જાતે કેસરિયો, ભેટ અલૈયા ખાચરે ધરિયો;
પછી સુરતના સતસંગી, આવ્યા ધરવાને ભેટ ઉમંગી. ૧૮
ભાલચંદ ભલા ભક્તરાજ, તેણે આપ્યો પૂજા તણો સાજ;
રુપાનું જળપાત્ર ત્રભાણું, જરિયાનનું આસન જાણું; ૧૯
ભાઈચંદભાઈ શેઠ સુજાણ, એણે આપ્યું જડીત્ર પલાણ;
ઘોડાને કાજે ભીખારીદાસે, આપી દુગદુગી[1] તે ભલી ભાસે. ૨૦
આપ્યાં તાવિત ગોવિંદભાઈયે, આપી સૂર્યમુખી લક્ષ્મીબાઈયે;
દાદાભાઈયે આપી કલંગી, શોભે ઘોડાને શીશ સુરંગી. ૨૧
મોતીશાયે દીધો હયકાજ, કિનખાબનો શોભિત સાજ;
ડુમચી[2] કૃષ્ણદાસે રુપાની, બીજી જીભાઈયે તો સોનાની. ૨૨
આપ્યું ચોકડું તો અંબારામે, આપ્યો મોવડ નારાણનામે;
અશ્વચરણે ઝાંઝર ઝમઝમે, એવાં આપિયાં પુરુષોત્તમે. ૨૩
આપ્યું જાદવજીયે માદળિયું, હેમનું તે હરિકંઠે ભળીયું;
ગંગાદાસે તો મોતીની માળા, ધરી શ્યામને કંઠે વિશાળા. ૨૪
લક્ષ્મીચંદ ને લલુભાઈ, આપી પોંચિયો બે હરખાઈ;
તોરો સોનાનો સૂરજરામે, આપ્યો તે લીધો સુંદરશ્યામે. ૨૫
રુપચંદે તો ઉતરી એક, આપી વા’લાને સહિત વિવેક;
ભવાનીદાસ ને તાપીદાસે, આપ્યા હેમના ગુચ્છ હુલાસે. ૨૬
આપી પીતામરે જવમાળા[3], જવ તેના અતીશે રુપાળા;
ઘેલાભાઈયે સુઘડ[4] ઘડાવ્યો, હતો કંદોરો તે પહેરાવ્યો. ૨૭
અરદેશરે સત્સંગી સાથે, મહારાજને બાંધવા માથે૩
મોકલ્યું હતું મંદિલ ભારે, કર્યું અર્પણ તે તેહ વારે. ૨૮
મુકી ચાખડી પ્રભુપદ પાસે,રુપાની તે નરોત્તમદાસે;
નરસીહભાઈયે અતિસારી, અબદાગિરિ[5] આપી વિચારી. ૨૯
એક ચામર ચારુ સ્વરૂપ, આપ્યું ઓધવજીયે અનુપ;
મોરારજીયે બહુ હેમમ્હોર, ભાઈ જગૂયે ભભકાળી કોર. ૩૦

**૧.** ઘોડાને ગળે પહેરવાનું ઘરેણું **૨.** ઘોડાની પીઠથી ખસી ન જાય તે માટે બાંધવામાં આવતો પટ્ટો **૩.** જવના આકારના મણકાવાળી માળા **૪.** સારા ઘાટવાળો, ચતુરાઈથી ભરેલ સુંદર **૫.** તડકો અટકાવતું છત્ર

જેનું વળી નૌતમરામ નામ, તેણે ધર્યો મુગટ તેહ ઠામ.
ભક્તો ભેટ ધરી રહ્યા જ્યારે, બોલ્યા અલૈયો ખાચર ત્યારે. ૩૧
હવે ઘોડે બેસો ઘનશામ, પુરુષોત્તમ પૂરણકામ;
સુણી બોલ્યા ઘોડાસરરાય, આવે ઘોડે તે કેમ બેસાય. ૩૨
જાણે ખેલવી જે ઘોડાં ભારી, કરે તે આ ઘોડે અસવારી;
ત્યારે બોલ્યા અલૈયો તે ઠામ, મહા સમરથ છે ઘનશ્યામ. ૩૩
એ છે સકળ કળામાં સુજાણ, નથી એકે કળામાં અજાણ;
કરે મનુષ્યચરિત્ર તે જ્યારે, નથી જાણતો હું કહે ત્યારે. ૩૪
કોઈ અવસરે બ્રહ્માંડ તોળે, કોઈ અવસરે વાહન ખોળે;
ક્યારે નિજજનની વા'રે ધાય, ક્યારે પોતે જ માગે સહાય. ૩૫
એવી લીલા કરે છે અપાર, જોઈ મોહ પામે નરનાર;
રાજા સમજ્યો સુણી ઉંડો અર્થ, માગી મારી સહાયતા વ્યર્થ. ૩૬
એ છે સમરથ શ્રીમહારાજ, સોંપ્યું મુજને કૃપા કરી કાજ;
મારો કરવા સુફલ અવતાર, મારે ઘેર પધાર્યા મુરાર. ૩૭
પછી અશ્વનો શણગાર જેહ, હતો તે ધર્યો અશ્વને એહ;
શ્રીજી પણ સજીને શણગાર, થયા અશ્વ ઉપર અસવાર. ૩૮
ત્યારે કુબેરસિંહ ચોપદાર, બોલ્યા ઉચ્ચે સ્વર જયકાર;
જય ધર્મધુરંધર ધીર, જય ધર્મતનુજ નરવીર. ૩૯
જયજય મહારાજાધિરાજ, નિઘા[1] કરો નિઘા કરો આજ;
ચોપદારનો એવો ઉચ્ચાર, સુણી કરુણા કરી કરતાર. ૪૦
કૃપાદષ્ટિએ સૌ સામું જોયું, કોટિ જન્મનું પાતક ધોયું;
હય ખેલવ્યો મેદાનમાંઈ, તેમાં કસર રાખી નહી કાંઈ. ૪૧
ત્રાસે હરણ ભરે જેમ ફાળ, ઘોડો એમ કુદે એહ કાળ;
વાળે આમથી તેમ જીવન, જોઈ અચરજ પામિયા જન. ૪૨
મુખે અશ્વને શ્વાસ ન માય, દેખી કૃષ્ણને આવી દયાય;
ઘોડો ઝાડ તળે ઉભો રાખ્યો, ભલો ભલો વખાણીને ભાખ્યો. ૪૩
આવ્યા ત્યાં શેઠ નાગરદાસ, જેનો સુરત શહેરમાં વાસ;
છત્ર લાવ્યા રુડું છબિદાર, કહ્યું કૃષ્ણ કરો અંગિકાર. ૪૪

૧. નજર

ભગુજીને કહે ભગવાન, છત્ર લ્યો કરમાં ગુણવાન;
સુણી આજ્ઞા ભગુજીયે લીધું, કરિ વિક્તિ[1] વિકાશિત કીધું. ૪૫
ધાર્યું છત્ર મહાપ્રભુ માથે, તેનો દંડ ઝાલ્યો નિજ હાથે;
મેઘાડંબરની છબી છાજે, જોતાં સુરપતિનું છત્ર લાજે. ૪૬
શોભે છત્ર તણી છબી સારી, લીધી ધ્યાનીયે ધ્યાનમાં ધારી;
જેમ અશ્વ પશુમાં ગણાય, હરિને લીધે ધ્યાને ધરાય. ૪૭
વૃક્ષથી થયા પુષ્પના હાર, પ્રભુને લીધે મહિમા અપાર;
તેમ છત્ર જુવે જન કેવું, સુખ સર્વ તણા ધન જેવું. ૪૮
એક સંતે બીજાને સુણાવ્યું, અહો ક્યાં થકી આ છત્ર આવ્યું;
એનો કોણ કારીગર હશે, વસુધામાં કે સ્વર્ગમાં વસે. ૪૯
કહો સંત કેવું છત્ર એહ, ત્યારે બોલ્યા મુની સુણી તેહ;
એનો મહિમા કહ્યો નવ જાય, છત્ર સમરતાં સૌ સુખ થાય. ૫૦


**છત્રપ્રબંધ : દ્રુતવિલંબિતવૃત :**

સમરતાં સુખ સર્વદા કરે, છબી સુછત્રની તાપ ત્રણ હરે;
સુરતના શુભ શિલ્પીજને કર્યું, સરસ છત્ર શિરે હરિએ ધર્યું. ૫૧

**ચોપાઈ :**

પછી શ્રીહરિએ સાન કીધી, સૌને સજ્જ થવા રજા દીધી;
દીધા ત્યાં મોટી નોબતે ડંકા, અસવાર થયા વીરવંકા[2]. ૫૨

छत्रप्रबंध




१. યુક્તિથી, હોંશિયારી પૂર્વક ૨. શૂરવીર, પરાક્રમી

છુટે બંદુકો વાજિંત્ર વાજે, તેથી અવની ને આકાશ ગાજે;
કરે ઉચ્છાવિયા ઉછરંગે, મોટો ઉત્સવ તાળ મૃદંગે. ૫૩
કોય રથમાં કે પાલખી માંય, બેઠા મોટા મોટા સંત ત્યાંય;
બેઠા શ્રીહરિની આજ્ઞાયે, ઘોડાસરપતી પાલખી માંયે. ૫૪
બેઠા રથમાં રાજાના પ્રધાન, કરે બંદીજનો ગુણગાન;
શોભે રાજા તે સેના સહિતે, કવિ કોઈ કહે કેવી રીતે. ૫૫
જાણે શત્રુને જીતવા કાજ, યુદ્ધે ચાલ્યા યુધિષ્ઠિરરાજ;
સાથે શ્રીહરિ શોભે છે કેવા, યુધિષ્ઠિર સાથે શ્રીકૃષ્ણ જેવા. ૫૬
બહુ ઘોડાં ઘુમે આસપાસ, રજ ઉડી છવાયો આકાશ;
જાણે પ્રભુપદ થૈને પાવન, ચાલી ભૂમિકા બ્રહ્મસદન. ૫૭
સેના ભીલ તણી શોભે કેવી, સેના સુગ્રીવની હોય જેવી;
લીધાં કામઠાં ને તીર કરમાં, ભલા ભાથા બાંધ્યા છે કમરમાં. ૫૮

પુષ્પિતાગ્રાવૃત :

હરિજન પથમાં જતા જણાય, પણ મનવૃત્તિ રહે પ્રભુજિમાંય;
ફરિ ફરિ મુખ કૃષ્ણ કેરું દેખે, નિજ મનમાં નિજ ધન્ય ભાગ્ય લેખે. ૫૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઘોડાસર*
*પુરાદ્વિચરણનામ દશમો વિશ્રામઃ ॥૧૦॥*




**પૂર્વછાયો :**

સ્વારી સહિત સીધાવિયા, ઘોડાસર થકી ઘનશ્યામ;
ત્યાં રસ્તામાં આવિયું, ગુણવંતું કુણા ગામ. ૧

**ચોપાઈ :**

વસ્તો ભક્ત તહાં વસે વાસ, તે તો તરત આવ્યા પ્રભુ પાસ;
પરણામ કરી પૂરી પ્રીતે, તેણે સેવા સજી સારી રીતે. ૨
પછી દેવ પધાર્યા ડભાણ, સામા આવિયા સંત સુજાણ;
મુક્તાનંદ અને બ્રહ્માનંદ, આવ્યા લૈ નિજ શિષ્યના વૃંદ. ૩
પ્રભુને હાર તોરા ચડાવી, વળી મસ્તક ચરણે નમાવી;
ઉતાર્યા ગામમાં શુભ પેર, રઘુનાથ પટેલને ઘેર. ૪
મોટી ઉતરવા જોગ મેડી, તેમાં શ્રીહરિને ગયા તેડી;
જેવા જનને ઘટે વળી જેવા, આપ્યા ઉતારા સર્વને એવા. ૫
ઘણા તંબુ તાણ્યા ગામ બા'ર, એમાં ઉતર્યા બહુ નરનાર;
સારી સૌની કરી બરદાશ, આપ્યાં અન્ન ઉદક[1] અને ઘાસ. ૬

૧. પાણી

પછી સાંઝે સભા સજી સારી, મોટા મેદાનમાં સુખકારી;
બ્રહ્માનંદને શ્રીમહારાજે, પુછયું સામાનનું યજ્ઞ કાજે. ૭
કહો કેટલો ક્યાં થકી લાવ્યા, પૈસા દેવા કર્યા કે ચુકવ્યા;
સુણી બોલ્યા બ્રહ્માનંદ સ્વામી, આપ જાણો છો અંતરજામી. ૮
અણિયાળીવાળા પુંજો શેઠ, શ્રમ તેણે કર્યો સારી પેઠ;
લેવા ઘી ગોળ ઘૌ દાળ ભાત, શેઠ પોતે ગયા'તા ખંભાત. ૯
હરિભક્તનાં ગાડાં પચાસ, પૂરે પુરાં હતાં તેની પાસ;
ગયા જ્યારે ખંભાત મોઝાર, મળ્યો ત્યાં તો કોઈ સાહુકાર. ૧૦
તેણે પૂછયું આ કેનાં ગાડાં છે, કહ્યું સ્વામિનારાયણનાં છે;
આવ્યા યજ્ઞનો સામાન લેવા, સુણી શબ્દ કહ્યા તેણે કેવા. ૧૧
શેઠ ચાલો અમારી વખારે, સારો આપશું માલ અત્યારે;
ગામ બા'ર વખાર છે મોટી, ચાલો તમને નહી કરું ખોટી. ૧૨
કહી એમ તેડી ગયો તેહ, કહ્યું માગી લ્યો જોઈયે જેહ;
ધૃત અન્નાદિ જે માગી લીધાં, તેણે તરત ગાડાં ભરી દીધાં. ૧૩
પુંજા શેઠે કહ્યું લ્યોજી નાણાં, અમે માણસ છૈયે અજાણ્યાં;
સુણી એવું બોલ્યો સાહુકાર, તમે એશું કરો છો ઉચ્ચાર. ૧૪
તમે સ્વામિનારાયણના છો, માટે જગત વિષે જાણિતા છો;
નાણું લૈયે કે દૈયે ન રાતે, આવજો આપવાને પ્રભાતે. ૧૫
ધોળે દાડે જ પરખીને લેશું, તેની પાવતી પણ લખી દેશું;
વાળુ ટાણું વીતી જાય છેક, માટે રોકાશું નહી પળ એક. ૧૬
પછી બંધ કરીને વખાર, નિજ ઘેર ગયા સાહુકાર;
પુંજાશેઠે તે ગાડાં જોડાવ્યાં, મોટા મેદાન માંહી છોડાવ્યા. ૧૭
વીતી રાત રવી ઉગ્યો જયારે, નાણું આપવાને ગયો ત્યારે;
ત્યાં તો તે નવ દીઠી વખાર, દીઠું મેદાન તો તેહ ઠાર. ૧૮
સાહુકારનો પત્તો ન લાગ્યો, નાણું લેનાર કોઈ ન જાગ્યો;
ગાડાં જોડાવી આવ્યા ડભાણ, હસ્યા સાંભળી શ્યામ સુજાણ. ૧૯
મર્મ સમજ્યો તે સર્વ સમાજ, સાહુકાર શ્રીજીમહારાજ;
હતી કંકોરતરી લખી જ્યારે, વિપ્ર કાશી સુધીનાને ત્યારે. ૨૦

તેડાવ્યા હતા મોકલી પત્ર, આવી પહોંચ્યા તેઓ પણ તત્ર;
ચારવેદના પાઠી પવિત્ર, જાણે યજ્ઞ કરાવી વિચિત્ર. ૨૧
ગામથી દિશા પશ્ચિમ માંય, કર્યો મંડપ ને કુંડ ત્યાંય;
ગામથી પૂર્વમાં છે તળાવ, દેખી ઉત્તર તટનો દેખાય. ૨૨
પાકશાળા કરાવી તે ઠાર, જમે પ્રતિદિન વિપ્ર અપાર;
અતિરુદ્રનો આદર કીધો, સામગાન તણો મત લીધો. ૨૩
બ્રહ્માનંદને કહે ઘનશામ, ભટ આવ્યા નથી મયારામ;
અમદાવાદના વાસી ખરા, જે છે નાગર ડુંગરપુરા. ૨૪
બાપુભાઈ ભલું જેનું નામ, તેને સોંપો હિસાબનું કામ;
થાય ઉપજ ને ખર્ચ જેહ, નાણું સર્વ તપાસશે તેહ. ૨૫
બ્રહ્માનંદે વચન ઉર ધર્યું, પ્રભુએ કહ્યું તેમ તે કર્યું;
જમે પંગત વિપ્રની જ્યાંય, મોટો મંચ કરાવિયો ત્યાંય. ૨૬
એહ ઉપર્ય કૃષ્ણ બિરાજી, દેતા દર્શન થૈ દિલ રાજી;
દશ અવતારનું છત્ર ધરે, વસ્ત્ર ભૂષણ ધારણ કરે. ૨૭
પોતે પ્રૌઢ પ્રતાપ જણાવે, નિજરૂપનો નિશ્ચે કરાવે;
થાય સંતની પંગતી જ્યાંય, પિરસે પ્રભુજી જઈ ત્યાંય. ૨૮
ઘણા દિવસ જમ્યા દ્વિજ સંત, તોય સીધાનો આવે ન અંત;
વરતાલના જોબન પગી, દૈવયોગે તેની મતિ ડગી. ૨૯
હરિરૂપમાં સંશય થયો, તેથી પારખું લેવાને ગયો;
ઘોડાં કાઠિયોનાં ભારે ભારે, ચોરી લેવા કર્યું ચિત્ત ત્યારે. ૩૦
રાત માંહિ થયો શશિ અસ્ત, ઉંઘ્યા જે સમે લોક સમસ્ત;
ઘોડું ચોરવાને ગયા જ્યાં જ્યાં, દીઠા શ્રીહરિ પ્રત્યક્ષ ત્યાં ત્યાં. ૩૧
ઘોડું એકે ચોરાયું ન જ્યારે, થયો નિશ્ચે સ્વરૂપનો ત્યારે;
પછી પ્રગટ્યો રવિનો પ્રકાશ, પગી પોતે ગયા પ્રભુ પાસ. ૩૨
વારે વારે કરીને પ્રણામ, કહ્યું ગદ્ગદ કંઠે તે ઠામ;
મુક્તાનંદે મને સાક્ષાત, કહી સત્સંગની ઘણી વાત. ૩૩
તેથી હું આપનો દાસ થયો, કાંઈ સંશય તો રહી ગયો;
ઘોડાં ચોરી લેવાને હું જાતે, આંહી આવ્યો હતો કાલ રાતે. ૩૪

પણ જ્યાં જ્યાં જઈ ઘોડું ભાળ્યું, ત્યાં ત્યાં રૂપ તમારું નિહાળ્યું;
થયો નિશ્ચય તેથી તમારો, અપરાધ ક્ષમા કરો મારો. ૩૫
તમે ભકતવત્સલ ભગવાન, દીનબંધુ દયાના નિધાન;
હું તો કુળહીન કુટીલ કુપાત્ર, પ્રભુ મારી મતિ કોણમાત્ર. ૩૬
આવી તીર્થમાં પાપ આદર્યું, તે તો કામ ન કરવાનું કર્યું;
દીનબંધુ દયા કરો આપ, મટે તો તે મારું મહાપાપ. ૩૭
ધર્મનંદને ધીરજ દીધી, તેના પાપ તણી ક્ષમા કીધી;
પ્રભુએ પછે નિયમ ધરાવ્યાં, ચોરી આદિ કુકર્મ તજાવ્યાં. ૩૮
હતું વિક્રમનું વર્ષ જ્યારે, અષ્ટાદશશત છાસઠ ત્યારે;
પોષ પૂનમનો દિન આવ્યો, તે તો પૂર્ણાહુતિનો ઠરાવ્યો. ૩૯
કર્યો હોમ વેદોક્ત તે કાળને, ઘણું ઘી હોમિયું પરનાળે;
દ્વિજને ઘણી દક્ષિણા દીધી, યજ્ઞ કેરી સમાપતિ કીધી. ૪૦
હરિભક્તોયે ત્યાં ભેટ ધરી, ઘોડાસરમાં જેણે નોતી કરી;
પૂંજાશેઠે બાજુબંધ દીધા, ભાવ ભાળીને ભૂધરે લીધા. ૪૧
લીલા કીધી ડભાણમાં જેહ, કૈકે ઘેર બેઠાં દીઠી તેહ;
કચ્છથી આવતાં ભગવાને, દીધાં આધોઈમાં વરદાને. ૪૨
બેય બાઈયોએ તેહ ઠામ, લીલા યજ્ઞની જોઈ તમામ;
એક અવસરે કરણીબાઈ, નિજમેડા ઉપર ગઈ ધાઈ. ૪૩
ત્યાં સુંદર એક પલંગે, પ્રભુ પોઢેલા દીધા ઉમંગે;
ત્યારે પૂછયું કરીને પ્રણામ, ક્યાંથી આવ્યા તમે ઘનશ્યામ. ૪૪
રાયધણજી નથી કેમ સાથે, સુણી ઉત્તર આપિયો નાથે;
અમે આવ્યા ડભાણથી આજે, રાયધણજી રહ્યા ક્યાંઈ કાજે. ૪૫
કરાવ્યો પછી બાઈએ થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
એક વાસર બે વાસ્યા વાસ, પછી ઉચ્ચર્યા શ્રીઅવિનાશ. ૪૬
રાયધણજી હજી નવ આવ્યા, માટે જાશું કહીને સિધાવ્યા;
પછી દિવસ ઘણા ગયા જ્યારે, રાયધણજી આવ્યા ઘેર ત્યારે. ૪૭
કર્ણીબાયે કહ્યું તેહ સ્થાન, આંહિ આવિ ગયા ભગવાન;
તમે પાછળ ક્યાં રહી ગયા, સુણતાં એવું વિસ્મિત થયા. ૪૮

પછી પુછી લિધો દિન વાર, વળી બોલિયા તે સરદાર;
તે દિને તો ડભાણમાં હતા, અમે દર્શન નિત્ય કરતા. ૪૯
પછી હરિએ બીજું રુપ ધરી, દીધું દર્શન કરુણા કરી;
વળી વર્ણિ કહે હે રાય, કહું સાંભળો બીજી કથાય. ૫૦
હરિભક્ત જે ભિખારિદાસ, જેનો સુરત માંહિ નિવાસ;
તેની પુત્રી સત્સંગી સુજાણ, તે તો આવી શકી ન ડભાણ. ૫૧
લીલા જોવાને આતુર સહી, દીઠી લીલા બધી ઘેર રહી;
વસોવાસી દાદા દવે નામ, આવ્યા હતા તે ડભાણ ગામ. ૫૨
પુત્રી જમના ને ઈશ્વર પુત્ર, હતાં તે પણ સંગાથે તત્ર;
હતો પૂર્ણાહુતિ સમો જ્યારે, ચાલ્યા દર્શને સૌ જન ત્યારે. ૫૩
ભીડ માણસની થઈ ભારે, બાઈ જમનાં ન જૈ શકી ત્યારે.
કહ્યું તાતે રહો આ ઉતારે, આવજો ત્યાં મટે ભીડ જ્યારે. ૫૪
બાઈ જમનાં તે ઉતારે રહ્યાં, પણ ત્યાં તેને દર્શન થયાં;
દવે આવ્યા તે ઉતારે ફરી, જમનાંયે બધી વાત કરી. ૫૫
તહાં શોભા બની હતી જેવી, કહી સર્વ જથારથ તેવી;
વળી સોરઠનો સંઘ મળી, ચાલ્યો સોરઠથી તે નીકળી. ૫૬
ભટ મુખ્ય તેમાં મયારામ, પાંચ ગાઉ મુક્યું નિજગામ;
ભક્ત પર્વતભાઈ તે સંગે, વિચર્યા હતા અંગ ઉમંગે. ૫૭
બીજા બહુ ભગવાનના દાસ, ચાલ્યા દર્શન કરવાની આશ;
વનમાં મળ્યા શ્રીવૃષનંદ, જનવૃંદે દીઠા જગવંદ. ૫૮
કર્યા પ્રેમથી સૌયે પ્રણામ, પૂછયું ક્યાંથી આવ્યા ઘનશ્યામ;
કહે કૃષ્ણ ડભાણથી આવ્યા, યજ્ઞ પૂર્ણ કરીને સિધાવ્યા. ૫૯
માણાવદરમાં હવે જાશું, ઘોડું દોડાવી આગળ થાશું;
એમ ઉચ્ચરી ઘોડી દોડાવી, સંઘ પાછો વળ્યો હર્ષ લાવી. ૬૦
ગામમાં જઈ કીધો તપાસ, ક્યાંઈ દીઠા નહી અવિનાશ;
ત્યારે જાણ્યું જે બીજે સ્વરૂપે, દીધું દર્શન વૃષકુળભૂપે. ૬૧
એવી રીતે અનેક ઠેકાણે, દીધાં દર્શન એ જ પ્રમાણે;
યજ્ઞ પૂરો કરી પરમેશ, સંઘ મોકલ્યા નિજ નિજ દેશ. ૬૨

લીલા અલ્પ કરી મેં ઉચ્ચાર, બીજા ગ્રંથોમાં છે વિસતાર;
લીલા ગાય શીખે સાંભળશે, તેને પ્રગટ મહાપ્રભુ મળશે. ૬૩

પુષ્પિતાગ્રાવૃત :

પ્રગટ પ્રભુ તણાં રુડાં ચરિત્ર, શ્રુતિ સુણતાં જન થાય છે પવિત્ર;
મનનિ પુનિતતાઈ થાય જેને, પ્રગટ પ્રભુજી મળે જરૂર તેને. ૬૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિડભાણ-યજ્ઞકરણનામ એકાદશો વિશ્રામઃ ॥૧૧॥*

**પૂર્વછાયો :**

જજ્ઞ કર્યો જે ડભાણમાં, જમ્યા દ્વિજ હજારો હજાર;
સર્વત્ર વાત પ્રસિદ્ધ થૈ, થયો જગમાં જયજયકાર. ૧

**ચોપાઈ :**

વરતાલના બાપુ પટેલ, બીજા રણછોડદાસ આવેલ;
નારાયણગર બાવો ઉદાર, તથા વાસણ નામે સુતાર. ૨
પગી જોબન ને તખો વળી, મહારાજ પાસે ગયા મળી;
હેતે વિનતિ કરી જોડી હાથ, વરતાલ ચાલો મુનિનાથ. ૩
માવજી કહે મારગે થાઓ, અમે ત્યાં આવશું તમે જાઓ;
પછી ચાલિયા વરતાલવાસી, ચાલ્યા પાછળથી અવિનાશી. ૪
જતાં વાટમાં જોબનભાઈ, ઘણા ઘાટ ઘડે મનમાંઈ;
મારી મેડીની બારિયે શ્યામ, બેઠા દેખું જઈ મુજ ગામ. ૫
તો હું અત્યંત આનંદ પામી, જાણું એહને અંતરજામી;
પછી જ્યાં નિજશેરીમાં પેઠા, દીઠા શ્રીહરિ બારિએ બેઠા. ૬
રોમહર્ષ થયો આખે અંગે, આવ્યાં પ્રેમનાં આંસું ઉમંગે;
પ્રેમે પ્રભુપદ કીધા પ્રણામ, કહ્યું જયજય શ્રીઘનશ્યામ. ૭
વા'લાજી કરો છો ભલીવીધ, નિજજનના મનોરથ સિદ્ધિ;
જેવું મેં ચિત્ત ચિંતવન કીધું, તેવું દર્શન મુજને દીધું. ૮
કહે વર્ણી સુણો રુડા રાય, કહું કૃષ્ણચરિત્ર કથાય;
ભાવ વરતાલવાસીનો ભાળી, થોડા દિવસ વશ્યા વનમાળી. ૯

નારાયણગરજી નિવાસ, કરે કાઠીયોની બરદાશ;
ઘાસ ચંદીને ભોજન દેતા, હરીપાસેય હાજર રે'તા. ૧૦
આસપાસના ગામ મોઝાર, મુક્તાનંદે કરીને સંચાર;
કરાવેલો હતો સતસંગ, આવ્યા તે જનો ધારી ઉમંગ. ૧૧
સૌયે સ્વામીને વિનતી કરી, આવે ગામ અમારે શ્રીહરિ;
એવી છે ઘણી ઈચ્છા અમારી, કહો પૂર્ણ કરે ગિરધારી. ૧૨
સ્વામીએ કહી શ્રીજીને વાત, સુણી શ્રીજી થયા રળિયાત;
સંતમંડળને લઈ સાથ, થયા તૈયાર સંતનો નાથ. ૧૩
બામણોલી ગયા બહુનામી, તખાને ઘેર અંતરજામી;
ગયા ત્યાંથી મહુડિયે પરે, ત્યાંથી કણઝરીયે પરવરે. ૧૪
ઉમરેઠ ગયા અવિનાશી, બહુ રાજી થયા ત્યાંના વાસી;
નંદુભાઈ તથા રુપરામ, નરભેરામે સેવિયા શ્યામ. ૧૫
પ્રભુ ત્યાંથી ગયા પણસોરે, કર્યો બે ઘડી વાસ બપોરે;
નાથ ત્યાંથી ગયા નડીયાદ, રહ્યાં ત્યાં પણ દિવસ એકાદ. ૧૬
ગયા પીપલગ પરમેશ, નરસંડામાં કીધો પ્રવેશ;
જોળ થૈને વલાસણ ગયા, ત્યાંથી મેળાવ્યમાં જઈ રહ્યા. ૧૭
રહ્યા ઉંટવાળે સ્થિર થઈ, પગી જોઈતાને ઘેર જઈ;
તેની પુત્રી જે ઉમેદબાઈ, તેણે સેવિયા જનસુખદાઈ. ૧૮
ગયા ત્યાંથી બુધેજ મોઝાર, ખોડાભાઈ તણે દરબાર;
ગયા ગોરાડમાં સંત લઈ, જમ્યા કાંધાજીને ઘેર જઈ. ૧૯
બોરું થૈને ગયા કમિયાળે, ગયા પછમ ગામ તે કાળે;
ખસતે થઈ સુંદરિયાણે, ગયા શ્રીહરિ સૌ જન જાણે. ૨૦
હીમરાજશાયે ધરી હેત, સેવ્યા શ્રીજી ને સંત સમેત;
ગયા સારંગપુર સુખકાર, જીવાખાચરને દરબાર. ૨૧
પ્રભુપદ કરવાને પ્રણામ, આવ્યું ઉલટીને આખું ગામ;
સૌની પ્રભુપદમાં પ્રીત જોઈ, કહે કવિ કલ્પના કરી કોઈ. ૨૨

**હેતૂત્પેક્ષા દોહરો :**

સ્નેહી બહુ સારંગપુર, પ્રભુપદ પ્રીતિ અભંગ;
શું તેથી નિજપદ ધર્યું, શ્રીહરિએ સારંગ. ૨૩

**ચોપાઈ :**

કાઠી ગઢપુરકેરા નિવાસી, હતા તેને કહે અવિનાશી;
હવે જાઓ દુરગપુર તમે, થોડા દિવસમાં આવશું અમે. ૨૪
એમ કહીને કીધા વિદાય, રહ્યા શ્રીહરિ પોતે તો ત્યાંય;
એક અવસરે પાછલી રાતે, પ્રભુ પોઢ્યા હતા ભલી ભાતે. ૨૫
પશે ગામનો જેહી નિવાસી, આવ્યો રાવળ ગાનઅભ્યાસી;
વૈજો નામ જેનું સહુ જાણે, ગાનતાનમાં તેને વખાણે. ૨૬
કાંશિયાં ને રવાજ[1] બજાવી, પ્રભાતી ગાયો રાગ લડાવી;
સુણતાં એના સ્વરનો સોર, લાજે કોકિલ પોપટ મોર. ૨૭
જેમ નાદે ડોલે અહિરાજ[2], તેમ ડોલે બજાવી રવાજ;
સુણી જાગિયા શ્રીમહારાજ, રીઝયા રાગથી ગરીબનિવાજ. ૨૮
પૂછયું પ્રભુએ બોલાવીને પાસ, કહો શી ઉર રાખો છો આશ;
ત્યારે તે જન લાગ્યો ઉચ્ચરવા, બીજે ગાઈયે તે પેટ ભરવા. ૨૯
પણ જે ગાઈયે આપ પાસ, એ તો કલ્યાણની ધરી આશ;
સુણી બોલિયા શ્યામ સુજાણ, નિશ્ચે થાશે તમારું કલ્યાણ. ૩૦
મગાવ્યો ત્યાં પછી મહારાજે, સજેલો અશ્વ સોનેરી સાજે;
આપ્યો રાવળને એહ કાળ, વળી વાઘો તથા સુરવાળ. ૩૧
આપ્યું મંદિલ પણ જરિયાની, આપી ચાંખડિ જડિત રુપાની;
જન સર્વ બોલ્યા એહ ઠામ, ઘણું આપ્યું તમે ઘનશામ. ૩૨
બ્રહ્મચારી કહે હે ભૂપાળ, એહ જામો તથા સુરવાળ;
બીજો પણ તે સામાન સુહાતો, ભગા દોશિયે લીધો વેચાતો. ૩૩
મુકયો બોટાદે મંદિર માંય, સૌને દર્શન કરવાને ત્યાંય;
આજ ચાખડિયો એહ ભાસે, કુંજવિહારીદાસજી પાસે. ૩૪
ભક્તિપ્રિયદાસના શિષ્ય તેહ, સારા ગુણવાન શાસ્ત્રી છે એહ;
દુર્ગપુરમાં ગોપિનાથ પાસ, ઘણાં વર્ષ કર્યો જેણે વાસ. ૩૫
હવે સાંભળ હે રુડા રાય, કહું સારંગપુરની કથાય;
ડભાણે થયું યજ્ઞનું કામ, ત્યાં ન જૈ શક્યા ભટ મયારામ. ૩૬

૧. એક જાતનું તંતુ વાદ્ય ૨. શેષનાગ

ત્યારે તે યજ્ઞનો કારભાર, બાપુભાઈને સોંપ્યો તે વાર;
તેણે ઉપજ ખરચ સંભાળ્યું, તેમાં કાંઈ કર્યું મન કાળું. ૩૭
ધન છાનું પોતે કાંઈ રાખ્યું, પ્રભુ પાસે જઈ એમ ભાખ્યું;
રૂપૈયા ખુટ્યા જોડ હજાર, મારા ઘરના દીધા મેં આ વાર. ૩૮
માટે તે રૂપૈયા મને આપો, કૃપાનાથ મારું કર્જ કાપો;
હરિએ દીધી ધીરજ ઉરમાં, કહ્યું આવજો સારંગપુરમાં. ૩૯
તહાં આવશે ભટ મયારામ, દેશે ચૂકવી આપના દામ;
આવ્યા સારંગપુર પ્રભુ જ્યારે, આવ્યા નાણું તે લેવાને ત્યારે. ૪૦
એવામાં આવ્યા ભટ મયારામ, પ્રભુએ કહ્યું દ્યો એના દામ;
સુરો ખાચર બોલિયા એમ, નાણું યજ્ઞ વિષે ખૂટે કેમ. ૪૧
નિત્ય આવતી ભેટ અપાર, તેનો ક્યાં લખિયો છે સુમાર[1];
ત્યારે બોલિયા ભટ મયારામ, કર્યું એણે કપટનું કામ. ૪૨
કહે ખર્ચ ઉપજ એમ ઠામ, આપું ચૂકાવી તો એના દામ;
કહે હરિ ગુરુનું દ્રવ્ય ખાશે, તે તો કેમ સુખી કદી થાશે. ૪૩
માટે સર્વ તજી તકરાર, આપો નાણું એનું એહ ઠાર;
કહે ભટ્ટ સુણો ઘનશામ, કાલે આપશું એહના દામ. ૪૪
સુરાખાચરે મનમાં વિચાર્યું, બાપુને ધન લેવાનું ધાર્યું;
એણે કપટ કર્યું અતિ એવું, માટે એને એનું ફળ દેવું. ૪૫
પછી બેસીને સંતસભામાં, કરે પ્રશ્ન ઉત્તર સામસામા;
સુરા ખાચરે સુણતાં શ્રીકૃષ્ણ, બાપુભાઈને પૂછિયું પ્રશ્ન. ૪૬
દ્રોણાચારજ ભીષ્મપિતાય, બેમાં શ્રેષ્ઠ તે કોણ ગણાય;
બાપુભાઈએ ઉત્તર આપ્યો, દ્રોણાચારજને શ્રેષ્ઠ થાપ્યો. ૪૭
સુરા ખાચરે ભીષ્મપિતાને, અતિ શ્રેષ્ઠ કહ્યા એહ સ્થાન;
બાપુભાઈ બોલ્યા કરી રીસ, ક્ષત્રિ તો સર્વ વિપ્રના શિષ્ય. ૪૮
વિપ્ર તો જ્ઞાન વૈરાગ્યવાન, ક્ષત્રિને રાજ્યનું અભિમાન;
સુરોભક્ત કહે મન ધરિયે, આજ બેયનું પારખું કરીયે. ૪૯

૧. હિસાબ

તમે વિપ્ર તો હું ક્ષત્રિ છું ભાઈ, રહ્યો માયામાં કોણ બંધાઈ;
રાજ ત્યાગી સાધુ થાઉં હુંય, ઘર ત્યાગી સંન્યાસી થા તુંય. ૫૦
કહે બાપુ મારાથી થવાય, પણ રાજ્ય તમે ન તજાય;
સુરોભક્ત કહે આજ ટાણે, પળવુ હવે બોલ્યા પ્રમાણે. ૫૧
હમણાં જ સાધુ થવું મારે, તમે સંન્યાસી થાઓ અત્યારે;
કહે બાપુ જો કહે મહારાજ, તો હું થાઉ સંન્યાસી જ આજ. ૫૨
એવું સાંભળીને કહે માવો, નિજપત્નિ તણી રજા લાવો;
પછી પત્નિ તણી રજા લાવ્યા, શ્રીજીએ સંન્યાસીને બોલાવ્યા. ૫૩
જેનું નામ દેવાનંદ સ્વામી, કહે તેહને અંતરજામી;
બાપુભાઈને આપો સંન્યાસ, એના અંતરની પૂરો આશ. ૫૪
પછી શાસ્ત્ર તણો જે આચાર, કર્યો સંન્યાસિયે તેહ વાર;
ચોટલી ને જનોઈ તજાવી, ભગવાં તન વસ્ત્ર ધરાવી. ૫૫
હાથે દંડ કમંડળુ દીધું, જતિકૃત્ય જથારથ કીધું;
પરજ્ઞાતિ વિપ્રને ઘેર, જઈ ભિક્ષા જમ્યા રુડી પેર. ૫૬
આવી બેઠા સભા માંહિ જ્યારે, સુરોખાચર બોલિયા ત્યારે;
ભણું બાપુ તો ધન્ય ગણાય, એણે કીધું તે અમથી ન થાય. ૫૭
એવું સાંભળીને બાપુભાઈ, પોતે સમજ્યા જે કીધી ઠગાઈ;
ત્યારે પોકે પોકે રોવા માંડ્યું, પત્નિયે પણ રુદન ન છાંડ્યું. ૫૮
રોતાં રોતાં તે બોલ્યો સંન્યાસી, મારું દિલ થયું એમ ઉદાસી;
દસક્રોઈ તણાં ભાત દાળ, હવે દેખિશ હું કિયે કાળ[1]. ૫૯
ધર્મનંદને ધીરજ દીધી, વળી આજ્ઞા એવી રીતે કીધી;
રહો જેતલપુર ધામ મારે, પત્નિ રાંધે ને જમવું તમારે. ૬૦
પછી બે જણ ત્યાં થકી ગયાં, જઈ જેતલપુર માંહિ રહ્યાં;
બ્રહ્મચારી કહે સુણ ભૂપ, પ્રભુ જે કરે તે સુખરૂપ. ૬૧
વૈદ્ય ઓસડ કડવાં પાય, પણ તેથી મહારોગ જાય;
દાસને દીસે બંધનકારી, તો તે તરત તજાવે મુરારી. ૬૨

૧. અમદાવાદ નજીકનો ડાંગર પાકતો વિસ્તાર

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજ્જનહિત શ્રીહરિ કરે છે, કરી સુઉપાય કુવાસના હરે છે;
ધન સુત પતનીનું ધ્યાન આવે, નિજ્જનને પ્રભુ તર્ત તે તજાવે. ૬૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે સારંગપુરે બાપુભાઈ-સંન્યાસગ્રહણનામ દ્વાદશો વિશ્રામઃ ॥૧૨॥*

**પૂર્વછાયો :**

સારંગપુરમાં શ્રીહરિ, હતા જે સમે દીનદીયાળ;
વસ્તો ખાચર ત્યાં આવિયા, કારિયાણી થકી તે કાળ. ૧

**ચોપાઈ :**


કરી વિનય તેણે કહી વાત, સુણો શ્યામસુંદર સાક્ષાત;
મારી પત્નિ નામે શીત જેહ, માંચા ભક્તની ભાણેજ તેહ. ૨
કાંઈ કારણથી બીજી નારી, વાત પરણવાની મેં ઉચ્ચારી;
માંચા ખાચરે જાણ્યું તે જ્યારે, મને મારવા આવ્યા તે ત્યારે. ૩
માટે આવ્યો હું આપની પાસ, મારી રક્ષા કરો અવિનાશ;
કારિયાણીયે કૃષ્ણ પધારો, તો જ ઉગરશે જીવ મારો. ૪
અમ સાથે મહાપ્રભુ આવો, માંચા ખાચરને સમઝાવો;
એવા શબ્દ જ્યારે સંભળાવ્યા, કારિયાણિએ કૃષ્ણ સિધાવ્યા. ૫
માંચો ખાચર દર્શને આવ્યા, બહુ હેતે પ્રભુએ બોલાવ્યા;
કહે કૃષ્ણ સુણો મુજ બોધ, કેમ રાખો છો આવડો ક્રોધ. ૬
અમે કચ્છમાં તમને તેડાવ્યા, ત્યારે સાધુ થવા તમે આવ્યા;
થયા સાધુ તજી જગફંદ, નામ ધાર્યું અચિંત્યાનંદ. ૭
મારી આજ્ઞાથી આવિયા આંહી, ધોળાં વસ્ત્ર ધરી તન માંહી;
આજ્ઞા માની રાજી કર્યા અમને, હું તો સાધુ જ જાણું છું તમને. ૮
કારિયાણી નહી તવ ગામ, માંચો ખાચર નહીં તવ નામ;
તમે છો અચિંત્યાનંદ સ્વામી, નિરલોભી અક્રોધી અકામી. ૯
માંચો ભકત કહે મહારાજ, મને એક જ ચિંતા છે આજ;
શીતબાઈનો સુત માણસુર, કેવું પામશે કષ્ટનું પુર. ૧૦

કોણ તેઓની સંભાળ લેશે, કોણ કષ્ટમાં ધીરજ દેશે;
સુણી બોલિયા ધર્મનો લાલ, અમે લેશું તેઓની સંભાળ. ૧૧
સાધુને શો સગાનો મમત્વ, જેણે જાણીયું આતમતત્ત્વ;
શિર આજ્ઞા અમારી જો ધરો, ભગવાં ધરી ભૂમિમાં ફરો. ૧૨
જાઓ મંડળ લૈ પરગામ, ઉપદેશ કરો ઠામોઠામ;
ક્રોધરુપ આ તો તીખી માયા, તે થકી તમે કેમ ઠગાયા. ૧૩
વેણ વાલાયે એવાં ઉચ્ચાર્યાં, માચા ભક્તે તે મનમાં વિચાર્યાં;
પ્રભુને પદે મુકિયું શીર, નેહે નેણમાં આવિયાં નીર. ૧૪
બોલ્યા વદનથી ગદગદ વાણી, ભૂલ્યો ભૂલ્યો હું સારંગપાણી;
દીનબંધુ દયા દિલે લાવો, તીખી માયા તો મુજને તજાવો. ૧૫

**કમળપ્રબંધ : નારાચવૃત્ત :**

સુણો દિલે દયા ધરી રીઝાવું સત્ય ઉચ્ચરી,
તમે અધર્મના અરી વિવેકવંત છો હરી;
નમું નમું ફરી ફરી તિખી અજા કરો પરી,
કરું છું માગણી ખરી સુરીત વિનતિ કરી. ૧૬

कमळप्रबंध



**ચોપાઈ :**

એવી વિનતિ સુણી મહારાજે, વસ્ત્ર ભગવાં મગાવ્યાં તે કાજે;
તેને કાઠિનો વેષ તજાવ્યો, ભગવો અંગે ભેખ ધરાવ્યો. ૧૭
સંતમંડળ આપીને ત્યાંય, મોકલ્યા દેશ કાનમમાંય;
પછી પાર્ષદ સંતની સાથ, ગયા દુર્ગપુરે દીનાનાથ. ૧૮
ત્યાં તો વસંતપંચમી આવી, મોકલી કંકોતરીયો લખાવી;
સતસંગી તે સાધુ તેડાવ્યા, સર્વ પંચમી ઉપર આવ્યા. ૧૯
ભરાણો તહાં સમૈયો ભારે, દીધું સુખ બહુ ધર્મદુલારે;
ભાતભાત રચાવીને રંગ, રમ્યા શ્રીહરિ નિજજન સંગ. ૨૦
વળી શ્રીજી મુખે સાક્ષાત, કરી જ્ઞાન વૈરાગ્યની વાત;
સુણી રાજી રુદે સહુ થયા, સતસંગી સ્વદેશમાં ગયાં. ૨૧
રહ્યા ગઢપુરમાં ગિરધારી, સુખ દેવને જનસુખકારી;
નિજજન સંગ કરતા વિનોદ, જેથી ઉપજે પરમ પ્રમોદ. ૨૨
હરિજન પણ કોઈ ઉપાય, કરે જેમ પ્રભુ રાજી થાય;
ક્યારે શાસ્ત્રના વાદવિવાદ, કરે સંતો તજીને પ્રમાદ. ૨૩
કોઈ વેદાંતનો પક્ષ ધારે, કોઈ જૈનનો વાદ સ્વિકારે;
ધરે કોઈ ઉપાસના પક્ષ, વાદ લે કોઈ યોગનો લક્ષ. ૨૪
કરે સામસામા વાદ કેવા, એમાં કોઈ હઠે નહિ એવા;
સુણનાર સુણી ગ્રહે સાર, સત્યાસત્યનો ઉપજે વિચાર. ૨૫
વિપ્ર વઢવાણકેરા નિવાસી, હતા બે હાસ્યરસના અભ્યાસી;
દેવકૃષ્ણ ને બેચરભાઈ, ઉપાધ્યાયની અટક સુહાઈ. ૨૬
દેશી નાનાપ્રકારની લાવે, સભાસહિત હરિને હસાવે;
હાસ્યરસ માંહિ પણ ઉંડો મર્મ, જેથી સમજાય ધર્મ અધર્મ. ૨૭
એક અવસરે એણે વિચાર્યું, કરિએ એક નાટક સારું;
કેવા કળિજુગના ભેખધારી, નામે વૈરાગી પણ ઘરબારી. ૨૮
દેશી કાઢિયે એહની આજ, જોઈ રાજી થશે મહારાજ;
કેવા સંત ને કેવા અસંત, જોનારા આજે મતિમંત. ૨૯
ભાળી નાટકનો ભલો ભાગ, કરે એવા ગુરુ તણો ત્યાગ;
જેમ ચોરને જોઈયે જયારે, સાહુકાર ભલો ભાસે ત્યારે. ૩૦

જ્યારે બગલાનું કર્મ જણાય, ત્યારે હંસનો મહિમા મનાય;
તેમ દેખે અસંતનું રૂપ,ત્યારે સમજાય સંતસ્વરૂપ. ૩૧
કરી એવો વિચાર વિશેષ, ધર્યો બાવાબાવી તણો વેષ;
મેલાં લુગડાં ને ટોપી માથે, તંબુરો મંજિરાં ધર્યા હાથે. ૩૨
ગોપીચંદન ટીલું કપાળે, ભેંશ ભડકે જો દૂરથી ભાળે;
બેય કાને મુદ્રા લટકાવી, કોટે માળાઓ ઝાઝી ધરાવી. ૩૩
મોટા પારાનો બેરખો લીધો, મોરપીંછનો શણગાર કીધો;
બીજે રામકીનું રૂપ લીધું, તેણે ટીલું કપાળમાં કીધું. ૩૪
ધોળું વસ્ત્ર ધરી લીધુ અંગે, કેડ્યે છોકરું તેડ્યું ઉમંગે;
ખભા ઉપર ઘોડિયું ધાર્યું, તેમાં બાળક નાનું સુવાર્યું. ૩૫
ત્રીજું બાળક પેટમાં ચોટ્યું, દીસે રામકીનું પેટ મોટું;
તંબુરો ને મંજીરાં બજાવી, કર્તા ભજન તે બાવો ને બાવી. ૩૬
સભા આગળ આવવા લાગ્યાં, સતસંગી કહે જાઓ ભાગ્યાં;
ક્યાંથી આવ્યું આ કળિનું સ્વરૂપ, બોલશો માં અરે રહો ચૂપ. ૩૭
બેસો જૈ દરવાજાની પાસ, સાધુને પડશે ઉપવાસ;
નારી સાધુ સમીપ જો જાય, સાધુ તે દિન અન્ન ન ખાય. ૩૮
બાવો ક્રોધથી વચન પ્રકાસે, આયા નારી વિના સાધુ કાંસે;
સાધુ આકાશસે ક્યું ગિરા હે, કહા પાતાલસેં નિકરા હે. ૩૯
કેસેં નારીસેં જાયગે દુર, સબ ઠોર હે નારી હજૂર;
યહ પૃથ્વી હે નારીકી જાતી, નહીં સાધુસેં સો તજી જાતી. ૪૦
માળા કંઠી રુ ચોટી જનોઈ, સબ નારીકી જાતી હે સોઈ;
હાથ પાવકી અંગુરી[1] નારી, સાધુસેં સો રહે નહીં ન્યારી. ૪૧
મહાપુરુષ કે દર્શન કરને, ચલીકે હમ આયે હે ચરને;
હમકું તુમ મત અટકાઓ, મહાપુરુષકું જાય સુનાઓ. ૪૨
એવી રીતે કરી હઠીલાઈ, જ્યારે આવ્યાં સભા પાસે ધાઈ;
ત્યારે સંત ગયા સહુ ઉઠી, પછી બાવો બોલ્યો બહુ રુઠી. ૪૩
કહે રામકીને દેખે માઈ, કલિજુગકા પાખંડ જાઈ;
મહારાજે તો ઓળખી લીધા, જાણ્યું વેષ વેરગિના કીધા. ૪૪

૧. આંગળી

બાવો કહે હમ તીરથવાસી, હમ દેખે કેદાર રુ કાસી;
સાધુકું દેવે પુષ્કળ પેસા, મહાપુરુષ મિલા નહીં એસા. ૪૫
સુન્યા સ્વામિનારાયણ નામ, ચલી આયેહે ગઢપુર ગામ;
પૈસા પુષ્કળ દો હમહીકું, કપડાં કરનાં રામકીકું. ૪૬
હમ જેસા મિલે સંત જાકું, બડભાગી જાનો આજ તાકું;
એકરૂપ હરિ અરુ સંત, એસે ભાખત હે ભગવંત. ૪૭
સંતકું ગાંજા ભાંગ દિલાઓ, દૂધ સક્કર ખૂબ પિલાઓ;
મેરી રામકી આશીષ દેગી, જબ ભોજન અચ્છા જિમેગી. ૪૮
સુણી બોલ્યા સખા પ્રતિ શ્યામ, આવા સંત મળે કિયે ઠામ;
જુઓ કેવા રુડા છે વૈરાગી, માયા સંસારની બધી ત્યાગી. ૪૯
કેવા વિશ્વ થકી છે વિરક્ત, નથી એકે વિષયમાં આસક્ત;
હોય ઘરમાં જો નાણું વધારે, આવા સંતને આપિયે ત્યારે. ૫૦
ગાંજા ભાંગ્ય આપે વળી જેહ, પામે સ્વર્ગ વિષે પણ તેહ;
ત્યારે બાવાએ વાણી ઉચ્ચારી, ગાંજા ભાંગ્યકી બાત હૈ ન્યારી. ૫૧
સુની હે ભક્તમાલકી સાખી, ભલી હે બડા સંતને ભાખી;
સુનો અબ તુમકું સુનાઉં, સબ સંતનકું સમઝાઉં. ૫૨

**સાખી :**

સંત ચલે બૈકુંઠમેં, બૈઠ વિમાનકે માંહી;
વહાં જાય પીછા ફિરા, વાં ભાંગ તમાકું નાંહિ. ૫૩

**ચોપાઈ :**

બોલી બાવી સો બાવા હે એસા, ઈનકું કોઈ દેતા હે પેસા;
ગાંજા ભાંગમે સબહી ઉડાવે, મેરેકું નહિ કપડાં કરાવે. ૫૪
સુણી બાવાને બહુ ચડી રીસ, મારી લાત ને બાવીને શીશ;
ત્યારે શ્રીહરિએ કહ્યું તેને, અરે શા માટે મારો છો એને. ૫૫
ત્યારે બાવો બોલ્યો આંખ્ય ફેરી, હે સો રામકી તેરી કે મેરી;
જન સર્વ હશી પડ્યા ઢળી, હાસ્યરસની તો ત્યાં હદ વળી. ૫૬
આપ્યો હરિએ પ્રસાદિનો હાર, આપ્યાં વસ્ત્ર થઈને ઉદારે;
પ્રભુને પ્રણમી વારે વારે, ગયા વિપ્ર પોતાને ઉતારે. ૫૭

મોટાપંથી કાઠી હતા જેહ, સમઝયા મનમાં મર્મ તેહ;
એવા સંતનો આશ્રય છોડી, સાચા સંત વિષે પ્રીત જોડી. ૫૮
સમજયા તે થયા સતસંગી, પામ્યા ભગવતભક્તિ અભંગી;
કહે વર્ણિ સુણો વસુધેશ, પામ્યા એમ જનો ઉપદેશ. ૫૯
સ્નેહે સાંભળે આ આખ્યાન, પામે સંત અસંતનું જ્ઞાન;
કરે એવા અસંતનો ત્યાગ, સેવે સદ્ગુરુને બડભાગ. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિજન મન સૂર્પ[1] જેવું જેહ, તજી તુષ[2] સાર ગ્રહે સદૈવ તેહ;
ખળ જન મન ચાળણી પ્રમાણ, તજી તજી સાર અસાર લે અજાણ. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે શ્રીહરિસમીપે*
*વિપ્રઅસંતવેશધારણનામ ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥*

**પૂર્વછાયો :**

છાસટ્યો વિક્રમ વર્ષનો, તેની વસંતપંચમી જેહ;
હે નૃપ મેં તમને કહી, કરી દુર્ગપુરે હરિ તેહ. ૧

**ચોપાઈ :**

કર જોડી મયારામ ભટ્ટ, કહે શ્રીહરિકૃષ્ણ નિકટ;
પ્રભુ સોરઠના સતસંગી, એવી ઈચ્છા ધરે છે ઉમંગી. ૨
સખા સંત સહિત વિચરો, ફુલદોલ જૂનેગઢ કરો;
આવી ઘો સૌને દર્શનદાન, ભક્તવત્સલ છો ભગવાન. ૩
કૃષ્ણે ત્યાં જવાની રુચિ કીધી, રજા ભૂપ અભય તણી લીધી;
લીધા પાર્ષદ ને લીધા સંત, કરીયાણે ગયા ભગવંત. ૪
વાંકિયે ગયા વિશ્વઆધાર, મોકા ખાચરને દરબાર;
કોટડે ગયા કૃષ્ણ કૃપાળ, પીઠોવાળો જહાં પૃથ્વિપાળ. ૫
ગયા દેવળિયે કરી દયા, ત્યાંથી પિપળીયે પ્રભુ ગયા;
તહાં લક્ષ્મણ ઠક્કરવાસ, ઉતર્યા તેના વાસની પાસ. ૬

૧. સૂપડું ૨. કુચા

આવ્યો દર્શને ભક્તસમાજ, તેઓ પ્રત્યે બોલ્યા મહારાજ;
કાંઈ બીક આંહી છે કે નહી, ત્યારે સૌયે એવી વાત કહી. ૭
આંહિયા એક વાઘ હળ્યો છે, એક ગાયને તે લૈ ગયો છે;
કહે કૃષ્ણ રાતે પેરો ભરજો, અમારું તમે રક્ષણ કરજો. ૮
ભક્ત વિપ્ર મહાદેવ નામ, ત્યારે બેઠો હતો તેહ ઠામ;
તેણે વેણ એવાં સુણ્યાં જ્યારે, મનમાં થયો સંશય ત્યારે. ૯
જેનું રક્ષણ જનથી કરાય, ત્યારે તે પ્રભુ શું કહેવાય;
એ શું રક્ષણ કરશે, એના શરણથી શું ભવ તરશે. ૧૦
એના મનમાંથી નિશ્ચય ગયો, પછી જ્યારે બીજો દિન થયો;
પ્રભુ ત્યાંથી વિદાય તો થયા, ફરતા તે જુનેગઢ ગયા. ૧૧
સામા સૌ સતસંગીયો આવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા;
દાદાભાઈની મેડીયે જૈને, કર્યો ઉતારો ત્યાં રાજી થૈને. ૧૨
ફુલદોળ ઉપર ઘનશ્યામે, લખી કંકોતરી ઠામોઠામે;
સતસંગી ને સંત તેડાવ્યા, ફૂલદોળ ઉપર સહુ આવ્યા. ૧૩
રુડા વિધવિધ રંગ રચાવી, કર્યો ખેલ હરખ ઉર લાવી;
કરી લીલા અનેક પ્રકારે, સદા ધ્યાનમાં સંત સંભારે. ૧૪
બ્રહ્માદિકને મળે નહિ જેહ, લીધું સોરઠિજન સુખ તેહ;
ગયા હરિજન નિજનિજ ગામ, રહ્યા શ્રીહરિ તો તેહ ઠામ. ૧૫
સતસંગી જીરણગઢવાશી, સેવે સ્નેહ સહિત સુખરાશી;
કરે પધરામણી રુડી પેર, જમવાને તેડે ઘેર ઘેર. ૧૬
ભક્ત ભાટિયા ગોકુળદાસ, તેણે તેડ્યા હરિ નિજવાસ;
સતસંગી નહીં તેની માંય, તે તો બોલતી એમ સદાય. ૧૭
સહજાનંદ છે જાદુગારા, જોવામાં જ જાદુ કરનારા;
એને જોઈ ગાંડાં જન થાય, માટે તે મુખ કેમ જોવાય. ૧૮
જો તે જમવાને આવશે આંહી, તો હું સંતાઉ ઓરડી માંહી;
એક વિપ્ર પવિત્ર બોલાવ્યો, પાક ગોકળદાસે કરાવ્યો. ૧૯
આવ્યા જીવન જમવાને જયારે, ડોશી ઓરડીમાં પેઠી ત્યારે;
જમ્યા જુક્તિથી જીવનપ્રાણ, પછી ચાલિયા શ્યામ સુજાણ. ૨૦

ગયા જાણ્યું ડોશીયે જેવાર, ત્યારે જોયું ઉઘાડીને બાર;
મુખ ફેરવી જોયું કૃપાળે, ડોશીયે મુખ દીઠું તે કાળે. ૨૧
જોતામાં છબી જીવમાં પેઠી, જેમ છાપ પટોળામાં પેઠી;
વિસરે ન છબી તે વિસારી, સાંભરે સદા વગર સંભારી. ૨૨
જયાં જયાં દૃષ્ટિ કરે ડોશીમાય, છબી કૃષ્ણની નજરે દેખાય;
આંખ્યો ચોળી જુવે ચારે પાસે, તોય કૃષ્ણની મૂર્તિ જ ભાસે. ૨૩
ડોશીયે મનમાં માની લીધું, સહજાનંદે કામણ કીધું;
પછી કીધા અનેક ઉપાય, જેથી તે મુરતી ન જણાય. ૨૪
તોય રૂપ તો દષ્ટિએ રહ્યું, ત્યારે કોઈ કુસંગીયે કહ્યું;
ખૂબ લસણ ને ડુંગળી ખાઓ, તથા છીંકણીં સુંઘતાં થાઓ. ૨૫
તેની ગંધે જયારે અકળાશે, દૂર સ્વામિનારાયણ જાશે;
કર્યું ડોશીયે એ રીતે જ્યારે, તેને મૂર્તિ દેખાઈ ન ત્યારે. ૨૬
કહે વર્ણી વિચારીને લેવું, હરિ ન રહે જહાં દેખે એવું;
જૂનાગઢમાં રહી જગદીશે, કરી અદભૂત લીલા અતીશે. ૨૭
પછી ત્યાંથી ચાલ્યા ઘનશ્યામ, ફર્યા સોરઠમાં ઘણાં ગામ;
માણાવદર ને અગત્રાઈ, પીપલાણે ગયા સુખદાઈ. ૨૮
સદા સમાધિમાં સિદ્ધ જેહ, નામે લાડકી સૌ જાણે તેહ;
રુડી તેણે રસોઈ બનાવી, જમ્યા શ્રીહરિ આનંદ લાવી. ૨૯
લાડકીની સુતા રુકમાઈ, તથા ત્યાંના નિવાસી જે ભાઈ;
સહુને લઈને નિજ સાથ, ગયા પંચાળે પ્રાણનો નાથ. ૩૦
ઝીણોભાઈ કહે શિર નામી, હરિનવમી કરો આંહિ સ્વામી;
સારો આંહિ સમૈયો ભરાય, મારું પુર પ્રભુ પ્રખ્યાત થાય. ૩૧
ભક્તિપુત્રને તે શબ્દ ભાવ્યા, સતસંગી ને સંત તેડાવ્યા;
સમૈયો ત્યાં કર્યો સારી રીતે, પૂજયા સૌયે પ્રભુજીને પ્રીતે. ૩૨
રુકમાઈ ને લાડકીબાઈ, કરે થાળ જમે સુખદાઈ;
પછી ત્યાંથી ચાલ્યા ધર્મલાલો, વળી સોરઠમાં ફર્યા વાલો. ૩૩
ગયા ધોરાજીયે ધર્મનંદ, તહાં દાસને દેવા આનંદ;
ભીમ એકાદશી ભગવાને, કરી સારી રીતે તેહ સ્થાને. ૩૪

જયા ને લલિતા તણો પત્ર, આવ્યો શ્રીહરિ ઉપર તત્ર;
વાંચ્યો શ્રીહરિએ સાક્ષાત, એમાં એવી લખી હતી વાત. ૩૫
ગઢપુર માંહિ કોઈ ઉપાધી, વા'લા આ અવસર વિષે વાધી;
તેથી ગામ નામ ગોખલાણે, અમે આવ્યાં છૈયે એહ ટાણે. ૩૬
પિતા અભય ને સુરબાઈ માતા, તથા ઉત્તમ ખાચર ભ્રાતા;
સર્વે આવ્યાં છૈયે એહ ઠામ, પ્રેમે વાંચજો સૌના પ્રણામ. ૩૭
પિતા અભયને અંગે આજ, કાંઈ કસર દિસે મહારાજ;
દયાસિંધુ દયા દિલ ધારો, પત્ર વાંચીને આંહિ પધારો. ૩૮
નૃપને આપનો છે વિયોગ, હશે એ જ થકી ઉર રોગ;
જ્યારે આપનું દર્શન થાશે, ત્યારે સર્વ પીડા મટી જાશે. ૩૯

**સ્નેહીને ન દેખીને દુઃખ ઊપજવા વિષે : ઉપજાતિ :**

જો દુઃખ સાધારણ જે જણાય, સ્નેહી મળ્યે સદ્ય જરુર જાય;
શરીર સંકોચિત કંજ[૧] કેરું, તે ભાનુને ભાળી ફુલે ઘણેરું. ૪૦
સ્નેહી મળે છે જડનેય જ્યારે, પામે જડે ચંચળતાઈ ત્યારે;
છે લોહને ચુંબક સાથ સ્નેહ, તો તેહ સામું ઉછળે જ એહ. ૪૧
છીપો પ્રિતિ સ્વાતિ વિષે ધરે છે, તો ઉછળી તેહનું બુંદ લે છે;
જો મોરલા દુઃખી દિસે ઉદાસી, ગાજે ઘને તે ઉચ્ચરે હુલાસી. ૪૨
જો વાણિયો લાભ વિશેષ ભાળે, દેખે દ્વિજો મોદક જેહ કાળે;
ક્ષત્રી સમક્ષે રણ જો રચાય, માંદો મટીને હુશિયાર થાય. ૪૩
સુપાત્રને સ્નેહિ મળે સુપાત્ર, કુપાત્રને તેમ મળે કુપાત્ર;
જો ભક્તને શ્રીભગવાન ભેટે, તો કષ્ટ તેનું ટળી જાય છેટે. ૪૪
ગપાં સુણ્યાની પડી ટેવ જેને, ગપાં સુણે કષ્ટ મટે જ તેને;
હરિકથા કીર્તન થાય જ્યારે, પીડા વિસારે હરિભક્ત ત્યારે. ૪૫
જુગારીને કોઈ મળે જુગારી, ત્યારે રમે સર્વ પિડા વિસારી;
બંધાણી બંધાણી મળી જ બેસે, તો દુઃખ ભૂલી સુખ માંહિ પેસે. ૪૬
જો દૈવીને સંત મળે મહાંત, તો દુઃખ ભૂલી દિલ થાય શાંત;
જેવી રિતે અમૃતપાન પીધે, રહે ન વ્યાધિ કશી કોયવિધે. ૪૭

૧. કમળ

**ચોપાઈ :**

માટે હે પ્રભુ આપ પધારો, ભૂપ અભયને હરખ વધારો;
પત્ર વાંચીને એહ પ્રમાણે, ગિરધારી ચાલ્યા ગોખલાણે. ૪૮
પ્રભુ આવિયા પીપળી ગામ, વહે સર્જયું નદી તેહ ઠામ;
સ્નેહે જઈ કર્યું તે વિષે સ્નાન, સખા સંત સહિત ભગવાન. ૪૯
ગામથી દક્ષિણે વડ સારો, જોઈ કીધો ત્યાં કૃષ્ણે ઉતારો;
ગામમાં વાત થૈ તેહ જ્યારે, સામા આવિયા સત્સંગી ત્યારે. ૫૦
દાસ સર્વ આવ્યા તતખેવ, વિપ્ર આવ્યો નહિ મહાદેવ;
હરિનો એને સંશય હતો, તેથી દર્શન કરવા ન જતો. ૫૧
હીમો ઠક્કર વાઘજી વિપ્ર, તે તો ચાલ્યા પ્રભુ પાસે ક્ષિપ્ર[1];
નવો અકેકો ઢોલિયો લઈ, પાથર્યો વડલા તળે જઈ. ૫૨
મહાદેવે કર્યો ત્યાં વિચાર, કરું આજ જઈ નિરધાર;
જૂનો ઢોલિયો જૂની તળાઈ, જઈ પાથરું તે સ્થળ માંઈ. ૫૩
નવા ઢોલિયાનો ત્યાગ કરી, જૂને ઢોલિયે જો બેસે હરિ;
મારા મનનો મનોરથ એહ, પરિપૂર્ણ કરે પ્રભુ તેહ. ૫૪
તો હું જાણું ખરા ભગવાન, ઈષ્ટ જાણી કરું ગુણગાન;
જૂનો ઢોલિયો ગોદડું લૈને, નવા પાસે તે પાથર્યો જૈને. ૫૫
પછી નાથ પધારિયા ત્યાંય, ત્રણ ઢોલિયા ઢાળેલા જયાંય;
જૂના ઢોલિયા પર જગદીશ, રાજી થૈને બિરાજ્યા મુનીશ. ૫૬
મહાદેવે કહ્યું જોડી હાથ, તમે સત્ય પ્રભુ કૃપાનાથ;
પણ દુસ્તર છે તવ માયા, ભવ બ્રહ્મા જેવા ભરમાયા. ૫૭
એવા એવાને સંશય થાય, ત્યારે હું જેવા તે શું ગણાય;
કર્યો શ્રીહરિએ તેને શાંત, ભાગી ગઈ તેના મન તણી ભ્રાંત. ૫૮
લુવાણા ભક્ત ધારશી નામે, જમ્યા જૈ હરી તેહને ધામે;
પછી ત્યાં થકી સુંદરશ્યામ, ગયા કોટડે વાવડે ગામ. ૫૯
ગોખલાણે ત્યાંથી હરી ગયા, ભેટી ભૂપ અભય રાજી થયા;
જગજીવનનો થયો જોગ, મટ્યો સર્વ શરીરનો રોગ. ૬૦

૧. ઉતાવળથી

લલિતા ને જયાદિક બાઈ, તથા ઉત્તમ આદિક ભાઈ;
પ્રભુદર્શને આનંદ પામ્યા, સુખ સર્વ પ્રકારનાં જામ્યાં. ૬૧
કહે સૌ ભલે નાથ પધાર્યા, આજ સર્વ મનોરથ સાર્યા;
પછી માંડ્યું રસોઈનું કાજ, ત્યારે બોલિયા શ્રીમહારાજ. ૬૨
સંત પાર્ષદ છે એમ સંગે, વ્રત તીવ્ર કરે છે ઉમંગે;
રસકસ જરિયે નથી જમતા, મેવા ખાતા નથી મનગમનતા. ૬૩
બોલ્યાં બાઈ અમે પણ એવાં, વ્રત તીવ્ર ધરેલાં છે તેવાં;
દૃષ્ટિએ નાસા અગ્ર નિહાળી, બેસવું દૃઢ આસન વાળી. ૬૪
અન્ન તો મુખમાં નવ લેવું, પાણી એક પળી પીને રહેવું;
કહે રાજી થઈ મહારાજ, તપ તીવ્ર કરો છો જી આજ. ૬૫
બીજા કોઈ થકી ન કરાય, કળિકાળમાં તમથી જ થાય;
મારી આજ્ઞા સહુ શિર ધરો, તીવ્ર વ્રતની સમાપતિ કરો. ૬૬
કર્યા માલપૂવા સુરસાળા[1], જમી બાઈયો સંત ને પાળા;
સુરોભક્ત કહે કર જોડું, વ્રત તીવ્ર હું તો નહિ છોડું. ૬૭
એક જણને શ્રીજીએ બોલાવ્યો, ખોરી જારનો લોટ મંગાવ્યો;
તેમાં મગ મઠ અડદની દાળ, નાખી ગોળ ભેળાવ્યો તે કાળ. ૬૮
સુરા ખાચરને કહે હરી, જમો આ તો જાણું ટેક ખરી;
સુરોભક્ત જમ્યા તેહ જ્યારે, કરી કૃષ્ણે પ્રશંસા તે વારે. ૬૯
તમે નિઃસ્વાદ ને છો વિદેહી, તમે છો મારા સત્ય સનેહી;
કહી એમ સંતોષ પમાડ્યા, પછી માલપુવા તે જમાડ્યા. ૭૦
એવી લીલા કરીને વિચિત્ર, ગોખલાણું તે કીધું પવિત્ર;
ત્યાંથી વાંકિયે વાલમ ગયા, કરિયાણે ત્યાંથી કરી દયા. ૭૧
ગયા ખંભાળે ધર્મદુલારો, કર્યો દરબાર માંહિ ઉતારો;
નાગ ખાચર ભક્ત માણશિયો, ભાયો ગોદડ ભક્તિનો રસિયો. ૭૨
સજી સેવા તે સૌ મળી સાથ, પછી ઈતરિયે ગયા નાથ;
રામો ખાચર ખાચર જીવો, કાઠીકુળમાં તે પ્રત્યેક દીવો. ૭૩
તેણે સેવા સજી ઘણી સારી, ગયા ગઢપુર શ્રીગિરધારી;
અતિ નેહે ભેટ્યા અવિનાશી, હરખ્યા ગઢપુરના નિવાસી. ૭૪

૧. સ્વાદિષ્ટ

કહે વર્ણી સુણો મહિપાળ, વીતી એમ છાસઠની સાલ;
જે જે લીલા કરી ગિરધારી, મેં તો સંક્ષેપે એહ ઉચ્ચારી. ૭૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રગટ પ્રભુ તણાં ચરિત્ર ચારું, સુજન સુણે નિજ શ્રેય સિદ્ધિ સારું.
પરમ પુનિત થાય તેહ વક્તા, વળી મનવૃત્તિ વિકારથી વિરક્તા. ૭૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિજીર્ણદુર્ગે*
*પુષ્પોદોલોત્સવકરણ સૌરાષ્ટ્રવિચરણનામ ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥*

**પૂર્વછાયો :**

સ્નેહે બોલ્યા અભેસિંહજી, અહો વર્ણીંદ્ર જ્ઞાનનિધાન;
કથા સાંભળતાં કૃષ્ણની, નથી તૃપ્ત થતા મુજ કાન. ૧

**ચોપાઈ :**

માટે કૃષ્ણચરિત્ર વિચિત્ર, કહો પાવનકારિ પવિત્ર;
ત્યારે વર્ણીંદ્ર બોલ્યા વિચારી, ધન્ય ભૂપતિ બુદ્ધિ તમારી. ૨
તમે સત્ય કહો છો રાય, કોણ કૃષ્ણકથાથી ધરાય;
બદ્રિકાશ્રમ ને શ્વેતદ્વીપ, રહે મુક્ત ત્યાં વિષ્ણુ સમીપ. ૩
વળી અક્ષરધામનિવાસી, મુક્ત અક્ષર પરમ પ્રકાશી;
સુણે કૃષ્ણકથા સદા કાળ, વિત્યા કલ્પ અનેક વિશાળ. ૪
કથા સુણતાં ત્રપત નથી થાતા, સુણવાને રહે છે ચહાતા;
વળી શારદા શેષ મહેશ, હરિના ગુણ ગાય હમેશ. ૫
કદિયે પણ પાર ન પામે, તોય વર્ણનથી ન વિરામે;
તમે સુણવાને ઈચ્છો છો રાય, તો હું ઉચરું કૃષ્ણકથાય. ૬
કથા છાસઠની સાલ સુધી, કહી મેંતો જેવી મુજ બુદ્ધિ;
હવે ઉચ્ચરતાં સાલવાર, કદિયે નહિ પામિયે પાર. ૭
વળી અકળિત કૃષ્ણ ચરિત્ર, એની સાંભળો વાત વિચિત્ર;
એક કાળે કદી ઘનશ્યામ, જૂદે રૂપે જઈ બહુ ઠામ. ૮

નિજ દાસને દર્શન દેતા, કરે લીલા તે જન લખી લેતાં;
એક દિવસે અનેક પ્રકાર, જુદી લીલા કરે ઠારોઠાર. ૯
ગામોગામના જન મળે જ્યારે, કરે વાત પરસ્પર ત્યારે;
કહે એક ગઈ હોળી જ્યારે, હતા શ્રીહરિ ગામ અમારે. ૧૦
કર્યો અદ્‌ભુત રંગનો ખેલ, સમૈયો પણ સારો મળેલ;
સુણી બીજો કહે સુણો ભાઈ, હરિજન થઈ ન કરો હસાઈ. ૧૧
એ જ દિવસે અમારે ગામે, સમૈયો કર્યો સુંદરશ્યામે;
ભર્યાં માટલાં રંગનાં જેહ, પડ્યાં છે હજી તો તહાં તેહ. ૧૨
તમે કચ્છી અમે ગુજરાતી, વાત અદ્‌ભુત એ છે જણાતી;
પછે નિશ્ચે કરે મન માંય, આવ્યા જુદા સ્વરૂપથી ત્યાંય. ૧૩
એ જ રીતે આખે પીપલાણે, રૂપ બેય ધર્યાં એહ ટાણે;
જજ્ઞ કીધો ડભાણમાં જ્યારે, દીધાં દર્શન બહુ થળ ત્યારે. ૧૪
વડનગર ને વીસનગરે, રહો ચોમાસું ભક્તો ઉચ્ચરે;
જુદે જુદે રૂપે અવિનાશ, વસ્યા ચોમાસું બે સ્થળે વાસ. ૧૫
એક વરસમાં ને એક માસે, પ્રભુ જૂદે જૂદે સ્થળે ભાસે;
અતિ અકળિત લીલા છે એહ, કેમ નિશ્ચે કહી શકું તેહ. ૧૬
વર્ષ માસનો નિશ્ચે ન થાય, કહું સાંભરે તેમ કથાય;
સડસઠની થઈ સાલ જ્યારે, ગઢપુરમાં હતા હરિ ત્યારે. ૧૭
દાદા ખાચરનો દરબાર, રહ્યા તે વિષે ધર્મકુમાર;
વાસુદેવનારાયણ કેરો, ગમે ઓરડો હરિને ઘણેરો. ૧૮
જોડે ઓરડો દાદા ખાચરનો, વચે એક કરો[1] બેય ઘરનો;
હતું બારણું તે કરા માંય, મહારાજ બિરાજતા ત્યાંય. ૧૯
ઉત્તારાભિમુખે એહ બેય, ઓરડા હજી અવિચળ છેય;
દિશા પૂર્વેનો ઓરડો જેહ, વાસુદેવ તણો જાણો તેહ. ૨૦
સભા ભાઈયોની તેમાં થાય, બેસે બીજામાં બાઈયો સદાય;
વચલે બારણે બેસે શ્યામ, દેખે બાઈ ને ભાઈ તમામ. ૨૧
ચોમાસાની ઋતુ રૂડી જાણી, કથા વંચાવે સારંગપાણિ;
દવે પ્રાગજી પરમ પવિત્ર, સંભળાવે શ્રીકૃષ્ણચરિત્ર. ૨૨

૧. બે ઓરડા વચ્ચેની દિવાલ

**પૂર્વછાયો :**

દિવસ ને રજની વચે, શોભે સુંદર સૂરજ જેમ;
સભાઓ બે નરનારિયોની, વચે શોભે હરિતેમ. ૨૩
ભક્તિ ધરમ ને જ્ઞાનની, કરે વાતો કરુણાનિધાન;
તે સુણિને નરનારિયો, થયાં સૌ મહામુક્તસમાન. ૨૪
સૌ જન મન વૃત્તિ ધરે, સદા શ્રીહરિમાં એકતાન;
જામનીમાં[1] પણ જાગતાં, ધરે ધર્મકુંવરનું ધ્યાન. ૨૫
એ રીતે થાય ઉજાગરા, તેથી બેઠા સભા મોઝાર;
કથા સાંભળતાં કોઈને, નેણે નિદ્રા આવે લગાર. ૨૬
તે સમે તેને ચેતાવવા, એવી જુક્તિ કરે જગદીશ;
સોપારીનો શુભ બેરખો પોતે નાખે તે જનને શીશ. ૨૭
તે જન ચેતે ચમકીને, તેથી નિદ્રા નાશી જાય;
શ્રીહરિએ તે સભા વિષે, કરી રાખ્યો એવો ઉપાય. ૨૮
એવો જ બીજો બેરખો, જયાબાઈને આપ્યો જેહ;
ઉંઘે કથામાં કામિની, તેના ઉપર નાંખે તેહ. ૨૯
કથા થતાં એક અવસરે, મહાવર્ણિ મુકુંદાનંદ;
નિદ્રાવશ થયા જોઈને, નાખ્યો બેરખો વૃષકુળચંદ. ૩૦
વર્ણી તે ઝબકીને જાગિયા, દોડી ગયા પ્રભુજીને પાસ;
ખભે તેડી ભગવાનને, ચાલ્યા તજીને તેહ નિવાસ. ૩૧
ખભા ઉપર વર્ણીન્દ્રના, કેવા શોભે શ્રીઘનશ્યામ;
જેમ ખભે હનુમાનને, શોભે રાજીવલોચન રામ. ૩૨
પછી પ્રભુએ બોલાવિયા, બ્રહ્મચારીને આવ્યું ભાન;
કેમ તમે તેડ્યો મને, એમ ભાખે શ્રીભગવાન. ૩૩
ખભા ઉપરથી ઉતારીને, પછી પ્રેમે કરીને પ્રણામ;
કર જોડી વરણી કહે, સુણો સુંદર શ્રીઘનશ્યામ. ૩૪
સ્વપ્ન મુજને લાગિયું, જાણે ગયા આપણે કોઈ ગામ;
બેઠા હતા એક મો'લમાં, અતિ આગ લાગી એહ ઠામ. ૩૫

૧. રાત્રી

મેં જાણ્યું જીવન પ્રાણને, કાંઈ આવશે ઉની આંચ;
તેથી દોડીને તેડિયા, પછી ભર્યાં પગલાં પાંચ. ૩૬
ત્યાં તો તમે બોલાવિયો, ત્યારે ભાન આવ્યું ભગવાન;
જો મરજાદા ભંગ થઈ, ક્ષમા કરો કૃપાના નિધાન. ૩૭
સૌ જન સનમુખ જોઈને, હસી બોલ્યા જગજીવન;
ત્રણે અવસ્થામાં રહે, મુજ ભક્તને મુજ ચિંતવન. ૩૮
વળી કહે વર્ણીન્દ્રને, ધન્ય ભક્ત એકાંતિક ધીર;
સ્વપ્ન વિષે પણ મૂજને, નથી વીસારતા તમે વીર. ૩૯
માત પિતાને ધન્ય છે, જેના દેહથી ધાર્યો દેહ;
જન્મ ધર્યો તમે જે સ્થળે, અતિ ધન્ય ધરા પણ તેહ. ૪૦
અનન્ય તમ સરખા નથી, એહ ભૂતકાળમાં મુજ ભક્ત;
મુજમાં અતિ આસક્ત છો, બીજા સર્વ થકી છો વિરક્ત. ૪૧
ભવ ભવાની ભારતી[૧], અજ અમર અમરઅધીશ;
તમ જેવા સતપુરુષની, પદરજ ચડાવે શીશ. ૪૨

**ચોપાઈ :**

બ્રહ્મચારી અને ભગવાન, બેઠા આસને જૈ નિજસ્થાન;
એમ આનંદમાં દિન જાય, નિત્ય કૃષ્ણકથા વંચાય. ૪૩
એક દિવસે વળી એહ ઠાર, પુરુષોની સભા મોઝાર;
પ્રગટ્યો અતિ શ્વેત પ્રકાશ, પ્રસરી રહ્યો તે ચારે પાસ. ૪૪
ભાસે કોટિક સૂર્ય સમાન, પણ સૌમ્ય શીતળ ગુણવાન;
સંત વાજિંત્રમાં લઈ તાન, કરતા હતા કીર્તનગાન. ૪૫
મહા તેજ દીઠું જેહ વાર, ગાન બંધ રહ્યું તેહ ઠાર;
સહુને ઉર અચરજ વસે, અહોહો કહે આ તે શું હશે. ૪૬
દીઠી મૂર્તિ તે તેજ મોઝાર, શ્વેત અંગ ને શ્વેત શૃંગાર;
બાઈયોની સભા બેઠી જ્યાંય, તેજ રક્ત પ્રગટ થયું ત્યાંય. ૪૭
દીઠું રક્ત તેમાં નારીરૂપ, અંગે અંચળ રક્ત અનૂપ;
કોઈ વાતે કહી નહિ ખામી, પેખી પ્રમદાઓ અચરજ પામી. ૪૮

૧. સરસ્વતી

તેજ શ્રીજીમાં મૂર્તિ સમેત, થયું લીન તે રક્ત ને શ્વેત;
પછી સૌ જન જોડીને હાથ, કહે કૃષ્ણને હે કૃપાનાથ. ૪૯
દીઠી મૂર્તિયો તેજમાં જેહ, કહો કોણ હશે હરિ તેહ;
ભાખે ભક્તવત્સલ ભગવાન, સુણો સર્વે થઈ સાવધાન. ૫૦
હતાં તે મારાં માતને તાત, ભક્તિ ધર્મ નામે સાક્ષાત;
દિવ્યરૂપે રહે અમ પાસ, આજ પ્રગટ જણાવ્યો પ્રકાશ. ૫૧
તેનું કારણ તે હવે કહું, સુણો સ્નેહ સહિત તમે સહુ;
ગોદોહનમાત્ર[1] પણ કોઈ ઠામ, હું તો ન રહું કરી વિશ્રામ. ૫૨
નૃપ અભય તણા પરિવારે, મને વશ કર્યો પૂરણ પ્યારે;
તેથી સ્થિર ઠરીને આ ઠામ, રહ્યો હું ધારીને મુજ ધામ. ૫૩
સદા આ સ્થળ વસવાને કાજ, ભક્તિ ધર્મ તે દેખાયાં આજ;
જ્યાં સુધી રહે વિશ્વવિલાસ, ત્યાં સુધી કરશે આંહિ વાસ. ૫૪
સુણી રાજી થયા જન સહુ, એના હરખની વાત શી કહું;
કરામાં હતું બારણું જેહ, પશ્ચિમેથી પુરાવિયું તેહ. ૫૫
કાજુ તે વિષે ગોખ કરાવી, તેમાં મૂર્તિયો બે પધરાવી;
શોભે મૂર્તિયો પૂર્વાભિમુખે, કરે દર્શન સૌ જન સુખે. ૫૬
ભક્તિમાતા ને ધર્મપિતાય, વસ્યાં તે વિષે વાસ સદાય;
કરીસ્થાપન શાસ્ત્રપ્રકારી, આરતી હરિહાથે ઉતારી. ૫૭
જગજીવને જોડીને હાથ, સ્તુતિ કીધી સુણે સહુ સાથ;
જય ભાગ્યવતી ભક્તિમાત, જય ધીરજધર ધર્મતાત. ૫૮

**શાર્દૂલવિક્રીડિત :**

માતા ભક્તિ ભલે નરેશ ભુવને પ્રીતે પધાર્યા તમે,
પૂરો પાડ ગણી ભણી સ્તુતિ ભલી સૌ વંદિએ આ અમે;
સાંગોપાંગ સદૈવ આ સ્થળ વસો એવું મુખે માગીએ,
જેથી આપ પ્રતાપ પામિ ભવની ભીતી બધી ભાંગિયે. ૫૯
વંદું ધર્મપિતા હિતાર્થ જનના સ્નેહે કરો છો સદા,
ત્રાતા લોક તણા સમસ્ત સુખના દાતા તમે છો મુદા;

૧. ગાય દોહવાનો સમય

સેવે જે તમને સદા સુખિ રહે સંશે ન તેમાં કશો,
માટે આ મહિપાળના સદનમાં[1] સ્નેહે સુખેથી વસો. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સ્તુતિ કરિ હરિ આપ એવિ રીતે, પ્રિય નિજમાત પિતાની પૂર્ણ પ્રીતે,
નિજજનહિત જેહ માગિ લીધું, સ્થિર વસવા વરદાન એ જ દીધું. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશં અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે શ્રીવાસુદેવાલયે ભક્તિધર્મપ્રતિમાસ્થાપનનામ પંચદશો વિશ્રામઃ ॥૧૫॥*

**પૂર્વછાયો :**

પ્રીતે પૂછે પૃથિવીપતિ, સુણો વિવેકી વરણિરાજ;
સંશય મારા મન તણો, એકઆપ મટાડો આજ. ૧

**ચોપાઈ :**

વાસુદેવની મુરતી જેહ, આપી અક્ષરમુક્તે એહ;
પણ ભક્તિધરમ પ્રતિમાય, ક્યાંથી આવિ કહો મુનિરાય. ૨
બોલ્યા વર્ણીન્દ્ર વાત વિચારી, સુણો શંકા મટાડું તમારી;
એક અવસરે સારંગપાણિ, સભામાં એમ ઉચ્ચાર્યા વાણી. ૩
ઘણાં મંદિર કરવાં અમારે, તેમાં સ્થાપવી મૂર્તિયો ત્યારે;
માટે મૂર્તિયો જો મળે સારી, લેજો તે એવી આજ્ઞા છે મારી. ૪
એવામાં શ્રીહરિના કોઠારી, નામ હસન જેની મતિ સારી;
ગયા કાંઈ કામે લાઠી ગામ, ત્રણ ગાડાં દીઠાં તેહ ઠામ. ૫
હરિઈચ્છાએ કોઈ શલાટ, ઘડી લાવેલો મૂર્તિના ઘાટ;
છબિયો હતી તેમાં છવીશ, કહ્યું કોઠારિએ તેહ દીશ. ૬
ગાડાં લૈ ચાલો ગઢપુર ગામ, અમે રાખશું મૂર્તિ તમામ;
ગાડાં જોડવી લાવિયા જ્યારે, જોઈ મૂર્તિયો ધર્મકુમારે. ૭
રુડાં દેખીને મૂર્તિનાં રૂપ, રુદે રાજી થયા મુનિભૂપ;
કાળભૈરવ આદિક ચાર, પ્રતિમાઓ તજી તેહ વાર. ૮

૧. ઘરમાં

બાકી બાવીશ મૂર્તિયો લીધી, કરી સ્પર્શ પ્રસાદીની કીધી;
શ્યામે શિલ્પિને કીધી દયાય, દામ આપીને કીધો વિદાય. ૯
ભક્તિધર્મની મૂર્તિયો બેય, સ્થાપી તે પ્રતિમા માંથી તેય;
વળી બોલ્યા મુખે બળવંત, સ્નેહે સાંભળો સૌ તમે સંત. ૧૦
મોટું મંદિર આ સ્થળે થાશે, શિખરો જેનાં સરસ જણાશે;
તેહ મંદિરમાં તતખેવ, ધર્મ ભક્તિ તથા વાસુદેવ. ૧૧
પધરાવશું આ પ્રતિમાઓ, સુણી હરિજન સૌ હરખાઓ;
પૂછી વાત તમે મહિપાળ, કહ્યો મર્મ તેનો મેં આ કાળ. ૧૨
વળી પૂછે રુડી રીતે રાય, મુજને એક સંશય થાય;
સદા ધર્મનું છે શ્વેત અંગ, કેમ મૂર્તિ દીસે શ્યામરંગ. ૧૩
સુણી વર્ણિ કહે સુણો ભૂપ, કહું કારણ એનું અનૂપ;
ધર્મને સદા કૃષ્ણનું ધ્યાન, રહે કૃષ્ણ રુદે કરી સ્થાન. ૧૪
કૃષ્ણમાં લીન છે અંગો અંગ, તેથી મૂર્તિ દિસે કૃષ્ણરંગ;
માટે સંશય તે તજો રાય, હવે સાંભળો બીજી કથાય. ૧૫
રહ્યા દુર્ગપુરીમાં દયાળ, પરમેશ્વર જનપ્રતિપાળ;
કૃષ્ણજન્માષ્ટમી દિન આવ્યો, સમૈયો ત્યારે સારો ભરાવ્યો. ૧૬
સંત સર્વને શ્યામે તેડાવ્યા, દેશ દેશના હરિજન આવ્યા;
અષ્ટમીના પ્રભાત મોઝાર, ના'વા જાવાનો કીધો વિચાર. ૧૭
થયા તતપર શ્રીમહારાજ, થયો તૈયાર સર્વ સમાજ;
રોઝે ઘોડે રાજેશ્વર ચડ્યા, કૈંક દેવો આવી પગે પડ્યા. ૧૮
ઘોડો ફળિયામાં ફેરવે શ્યામ, નરનારિયો નિરખે તમામ;
ઘોડો જેમ વાળે તેમ વળે, આઘો પાછો લગારે ન લળે. ૧૯
જાણે વાલે તેને વશ કીધો, નિજ મંત્રનો ઉપદેશ દીધો;
સખી સખી પ્રત્યે પૂછે વાત, કેવા શોભે શ્રીજી સાક્ષાત. ૨૦
સખીને સખી ઉત્તર દે છે, સારા સુંદરશ્યામ શોભે છે;
દેવો ઉભા છે સનમુખ આવી, વંદે સાદર શીશ નમાવી. ૨૧

**હરિગીતછંદ : અંતર્લાપિકા અલંકાર :**

શ્રીકૃષ્ણ શ્રીહરિ ભક્તના વિશ્રામ ઘનસમ શ્યામ છે,
સન્મુખ રવીન્દુ ગણેશ હાજર નમ્ર આઠે જામ છે ।

હયને ઘુમાવે વશ કરી સખિ શ્યામળો શોભે સહી,
જાણેનવી શ્રીમત્પ્રભૂતા લાગિ રમણ કરણ અહી ।
નંદીશ રહિને સાધુમાં લળિને પ્રણામ પગે કરે,
દર્શાય જીવન દર્શને જીજ્ઞાસુ સાદર મન ધરે । ૨૨

**ચોપાઈ :**

એમ વામાઓ વાત કરે છે, ભલા સુંદર શ્યામ શોભે છે;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, જેથી દેવનાં દુંદુભિ લાજે. ૨૩
ના'વા ચાલિયા અખિલ આધાર, સાથે શોભે કાઠી અસવાર;
પ્રભુ આગળ પાર્ષદ ચાલે, કરે વર્ણી ચમર તેહ કાળે. ૨૪
ખમા ખમા વદે છડીદાર, કરો નિઘા કહે વાર વાર;
આવી ચૌટા વચે અસવારી, નિરખે મળી સૌ નરનારી. ૨૫
ગાજે ઉન્મતગંગા ગંભીર, વહે નિર્મળ નૌતમ નીર;
ઘણો શુભ પુરુષોત્તમઘાટ, જનના જાય જોતાં ઉચાટ. ૨૬
આવી ત્યાં હરિની અસવારી, પેઠા ના'વાને ભવભયહારી;
જળકેલી કરી સખાસંગે, નરનારિયો નિરખે ઉમંગે. ૨૭
ખળખળિયામાં ચાલે પ્રવાહ, જેમાં પાણીનું જોર અથાહ;
તહાં ઉભા રહે હરિરાય, શિર ઉપર થઈ જળ જાય. ૨૮
જાણે શીશ ફણા ધરિ શેષે, શોભે આકાર એવો વિશેષે;
રવિતાપે તપે નહિ નાથ, માટે શું ધર્યો ગંગાએ હાથ. ૨૯
એવી લીલા જોવા તતખેવ, ઈન્દ્રઆદિક આવિયા દેવ;
વળી આવ્યા વરુણ સાક્ષાત, ભલા ભાવે પૂજ્યા નરભ્રાત. ૩૦
નભે દુંદુભિનો થયો નાદ, થયો પુષ્પ તણો વરસાદ;
જન ઉચ્ચરે જય જયકાર, સૌને આનંદ અંગે અપાર. ૩૧
વાલે નીર નદીનું વખાણ્યું, પ્યારું દેવગંગાથી પ્રમાણ્યું;
કહ્યો શ્રીમુખે અતિ મહિમાય, અન્ય તીર્થ આ તુલ્ય ન થાય. ૩૨
એક ત્રાજવે સુરનદી[૧] ધરી, બીજામાં ગંગા ઉન્મત ઠરી;
હતી હલકી તે આકાશે ગઈ, ભારે મહિમા તે ભૂતળ રહી. ૩૩

૧. ગંગા

આખા બ્રહ્માંડમાં તીર્થ જેહ, એક ત્રાજવામાં ધરે તેહ;
બીજે ઉન્મત્તગંગા ધરાય, પે'લું ત્રાજવું આકાશમાં જાય. ૩૪
વીરજા નદી ગોલોકમાં છે, મોટો શાસ્ત્ર વિષે મહિમા છે;
તોય આ નદી તુલ્ય ન થાય, એવો આ નદીનો મહિમાય. ૩૫
રહીને શત જોજન દૂર, ધારી ઉન્મત્તગંગાને ઊર;
જળમાં કરે જે જન સ્નાન, થાય પાપનો નાશ નિદાન. ૩૬
જન જો હોય જે મહાપાપી, આવે આ નદી પાસ કદાપી;
ધ્વનિ સુણતાં સહુ પાપ નાસે, જેમ સિંહનાદે મૃગ ત્રાસે. ૩૭
તેમાં પણ પુરુષોત્તમઘાટ, આપે અક્ષરધામની વાટ;
જેમાં સંત સાથે ઘણી વાર, કરી મેં જળક્રીડા અપાર. ૩૮
મારા આશ્રિત જે નરનાર, કરે તીર્થ અહીં એક વાર;
નહિ તો મને એમ જણાય, નથી સમજ્યો તે મુજ મહિમાય. ૩૯
કરે જપ તપ દાન આ ઠામે, મનવાંછિત તે ફળ પામે;
આવી શ્રાદ્ધ જો આ સ્થળ કરશે, એના પૂર્વજ નિશ્ચે ઉધરશે. ૪૦
એવો અદ્‌ભુત મહિમા ઉચ્ચાર્યો, સુણી સૌ જને અંતરે ધાર્યો;
ગાજતે વાજતે સજી સ્વારી, પુર માંહિ પધાર્યા મુરારિ. ૪૧
નૃપ અભય તણે દરબાર, બેઠા આવીને પ્રાણઆધાર;
સભા શ્રીહરિ પાસે ભરાય, ભક્તિ જ્ઞાનની વારતા થાય. ૪૨
કૃષ્ણજન્મનો ઉત્સવ કીધો, સૌએ લાવ અલૌકિક લીધો;
સમૈયો કરીને શુભ પેર, સંઘ સર્વે ચાલ્યા નિજ ઘેર. ૪૩
ચાલતાં પ્રભુની પાસે જઈ, રજા માગે અતિ નમ્ર થઈ;
ત્યારે પુછે પ્રશ્ન એમ, કહો ત્યાં દેશ કાળ છે કેમ. ૪૪
ગામમાં સતસંગિને જોઈ, કરે છે ત્યાં ઉપદ્રવ કોઈ;
કે ત્યાં સૌ સુખે ભજન કરે છે, કે ત્યાં કોઈથી દિલમાં ડરે છે. ૪૫
એવાં સાંભળી વેણ વિખ્યાત, કહેપોતપોતા તણી વાત;
પછી વીસનગરના દાસ, રજા લેવા આવ્યા પ્રભુ પાસ. ૪૬
તેને શ્યામે પૂછ્યા સમાચાર, બોલ્યા દિલગીર થઈને તે વાર;
સૂબો વીસળનગરનો જેહ, ત્યાંનો વાસી છે નાગર તેહ. ૪૭

રાખે સત્સંગી ઉપર દ્વેષ, દુ:ખ દે છે તે સૌને વિશેષ;
ભક્તને નાતબહાર કઢાવે, વળી શિર જુઠાં આળ ચડાવે. ૪૮
ગુના વગર ગણે ગુનેગાર, નાખે છે બંધીખાના મોઝાર;
એક દિન સતસંગી જે ધાર્યા, સૌને બોલાવી તડકે બેસાર્યા; ૪૯
ઉદેકુંવર સુબા તણી ભગની, તેને લાગી શ્રીજીપદે લગની;
બળદેવ સુબાનો ભાણેજ, સતસંગી થયો હતો એ જ. ૫૦
તેઓ બે દરબારમાં પેઠાં, સતસંગીયોમાં જઈ બેઠાં;
તેને સુબે કહ્યું ઘેર જાઓ, શીદ તડકે રહી દુ:ખી થાઓ. ૫૧
ત્યારે તેઓ કહે કેમ જૈયે, અમે પણ સતસંગી જ છૈયે;
જશે સૌ સત્સંગીઓ જ્યારે, ઘેર જાશું અમે પણ ત્યારે. ૫૨
દીધી સૌને રજા રુડી પૈર, ગયાં ભાણેજ ભગિનીયે ઘેર;
હરિજનને એવાં દુ:ખ દે છે, સગાને નાતબહાર મુકે છે. ૫૩
વળી એમ બોલે છે અદ્યાપિ, સહજાનંદ આવે કદાપિ;
એને પકડી બેડી પહેરાવું, બંધીખાને જરૂર નખાવું. ૫૪
એવી વાત સુણી અવિનાશી, થયા અંતર માંહી ઉદાસી;
કહ્યું ભક્તોને ધીરજ ધરજો, ભાવ રાખી ભજન નિત્ય કરજો. ૫૫
તેથી થાશે જ સારું તમારું, નથી દુ:ખ હવે રહેનારું;
એમ કહી કર્યા સૌને વિદાય, રાખી વાત પોતે રુદે માંય. ૫૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

દુ:ખ હરિજનનું દિલે ધરે છે, સુખનિધિ શ્યામ સહાયતા કરે છે;
તદપિ ભજન જે કરે ન ભાવે, નહિ નરજાતિ કુજાતિ તે કહાવે. ૫૭

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*ઉન્મત્તગંગામાહાત્મ્યવર્ણનનામા ષોડશો વિશ્રામઃ ॥૧૬॥*

**પૂર્વછાયો :**

બોલતાં ચાલતાં બેસતાં, જગજીવન જમતાં થાળ;
સંભારી દુ:ખ સતસંગીનું, રહે ઉદાસી દીનદયાળ. ૧

**ચોપાઈ :**

મોટીબાએ કરાવીયો થાળ, બેઠા જમવાને જનપ્રતિપાળ;
જમતાં પ્રભુને જોયાં જ્યારે, દીઠું વદન ઉદાસી તે વારે. ૨
મુકુંદાનંદવર્ણીની પાસ, પરોક્ષે કરી વાત પ્રકાશ;
મહારાજ ઉદાસ દેખાય, રખે આપણને તજી જાય. ૩
તમે રાખજો તેનો તપાસ, રાત દિવસ રહી પ્રભુ પાસ;
સુણી બ્રહ્મચારી સર્વ કાળ, રાખે શ્રીજીની છાની સંભાળ. ૪
શ્રીજી પણ મન માંહી વિચારે, જાવું વીસળનગર અમારે;
જૈને ઐશ્વર્ય એવું દેખાડું, સુબાને મનમોહ પમાડું. ૫
પણ વાત કહું કોઈ પાસ, તો ત્યાં સુબાનો છે બહુ ત્રાસ;
માટે મુજને જવા નહિ દેશે, મળી સૌ જન રોકી રહેશે. ૬
એક અવસરે અરધી જ રાતે, ઉઠી ચાલિયા એકલા જાતે;
બ્રહ્મચારીને ઊંઘ ભરાણી, તેથી તેણે તે વાત ન જાણી. ૭
જોયું જાગીને જ્યાં થોડી વારે, મહારાજ દીઠા નહીં ત્યારે;
પડી પોતાના પેટમાં ફાળ, આંખે આંસું આવ્યાં તતકાળ. ૮
પુરો કરવા માંડ્યો પસતાવો, થયો હું કેમ ઊંઘણ આવો;
દેશે ઠપકો બધા હરિદાસ, મુખ શું હું દેખાડીશ પાસ. ૯
પછી ઉઠી ગયા ગામ બહાર, કર્યો ચિત્તમાં જાતાં વિચાર;
પ્રભુજી જ્યારે જ્યારે રીસાય, રાધાવાડીને રસ્તે જ જાય. ૧૦
દેશ ગુજરાતમાં જવા માટે, નકી વિચર્યા હશે એ જ વાટે;
એવું ધારી ઉતાવળા ચાલ્યા, સીમાડે જતાં શ્રીજીને ભાળ્યા. ૧૧
પ્રભુજીએ જોયું પાછળ ધારી, દીઠા આવતા ત્યાં બ્રહ્મચારી;
તેને પુર ભણિ પાછા વળાવા, સામા પથ્થર ફેંક્યા ડરાવા. ૧૨
બ્રહ્મચારી કહે અહો શ્યામ, મને વાગશે જો એહ ઠામ;
તોય પુરમાં તે પાછો ન જાઉં, દેહે ઘાયલ થઈ દુઃખી થાઉં. ૧૩
વળી તમને સેવક મુજ જેવો, નહિ આ દેશમાં મળે એવો;
ત્રિભુવનપતિ બોલિયા ત્યારે, કહો ક્યાં છે જવાનું તમારે. ૧૪

બ્રહ્મચારી કહે અહો નાથ, હું તો આવીશ આપની સાથ;
કદી જુદો ન રહું જગરાયા, જાય કાયા ત્યાં કાયાની છાયા. ૧૫
કહે કૃષ્ણ અમે બહુ ફરશું, પછી વીસળનગરી વિચરશું;
કહે વર્ણિ કહું તે વિચારો, ત્યાંનો સુબો છે શત્રુ તમારો. ૧૬
સતસંગીયોને દુઃખ દે છે, વળી કથન તે એવું કહે છે;
સહજાનંદ આવે જો આંહી, તેને નાખું બંધીખાના માંહી. ૧૭
માટે ત્યાં તો જરુર ન જાવું, શીદ દેખી પેખી દુઃખી થાવું;
કોણ સર્પને મુખ કર ઘાલે, કોણ વાઘના જૈ કાન ઝાલે. ૧૮
માટે મારું કહ્યું માનો તાત, તજો વીસળનગરની વાત;
કહે કૃષ્ણ આ પીપળો આવે, એનાં પાનડાં કોણ હલાવે. ૧૯
બોલ્યા વર્ણીજી જોડીને હાથ, પત્ર પવન હલાવે છે નાથ;
વળી બોલિયા વિશ્વઆધાર, કોણ પવનને છે પ્રેરનાર. ૨૦
બ્રહ્મચારી કહે કહું કેને, પરમેશ્વર પ્રેરે છે તેને;
કહે શ્રીજી શું જાણો છો અમને, કહે વર્ણી પ્રભુ જાણું તમને. ૨૧
ત્યારે વર્ણિ ફિકર શિદ રાખો, મારે વશ છે આ સંસાર આખો;
મારી મરજી વિના કોઈ તકે, સુકું પાનડું હાલી ન શકે. ૨૨
સૂર્ય ચંદ્ર આકાશે ફરે છે, ધરણીધર[1] ધરણી ધરે છે;
બ્રહ્મા ઘડી ઘડી સૃષ્ટિ વધારે, પાળે વિષ્ણુને રુદ્ર સંહારે. ૨૩
એ તો સૌ મુજ આગન્યા થકી, એવું જાણો છો જો તમે નકી;
ચિત્તમાંથી ચિંતા બધી ટાળો, જૈએ વીસળનગરમાં ચાલો. ૨૪
પછી સાથે ચાલ્યા બ્રહ્મચારી, મોટો શ્રીજીનો મહિમા વિચારી;
હરિભક્તોનું જ્યાં આવે ગામ, રહે રાતવાસો તેહ ઠામ. ૨૫
ગામ કંથારીએ રુડી પેર, ઉતર્યા એક રજપુત ઘેર;
જમ્યા દિવસે પડી જ્યારે રાત, ભક્તે કહિ ભગવાનને વાત. ૨૬
આંહિ એકલો હું સતસંગી, બીજું ગામ બધું છે કુંસંગી;
આંહિ પાદરમાં દેવી જે છે, એની આગળ હિંસા કરે છે. ૨૭
આવે છે દશરાનો દહાડો, મારે છે બકરો અને પાડો;
મારાથી નથી તે તો ખમાતું, આંહિ મુજથી નથી રહેવાતું. ૨૮

૧. શેષજી

કહે શ્રીજી આસો માસ થાય, નોમની અડધી રાત જાય;
તમે દેવીની મૂર્તિ ઉપાડો, બુડે તેટલાં જળમાં બુડાડો. ૨૯
લોક પાસે કહો વાત એવી, મને સ્વપ્નામાં કહી ગઈ દેવી;
આંહિ હિંસા મને નથી ગમતી, માટે જ્યાંતાં ફરીશ હું ભમતી. ૩૦
હિંસા બંધ કરે સમ ખાઈ, તો તું મુજને બતાવજે ભાઈ;
હિંસા બંધ કરે નકી જ્યારે, જૈને જળમાં બતાવજે ત્યારે. ૩૧
બોલ્યા ભક્ત સુણો ભગવાન, એ છે સાચો ઉપાય નિદાન;
પણ મૂર્તિ તો મોટી જણાય, કેમ તે મુજથી ઉપડાય. ૩૨
સુણીને બોલ્યા શ્યામળવાન, ધરજો એહ વર્ણિનું ધ્યાન;
તનમાં તેથી જોર જણાશે, મૂરતિ સુખથી ઉપડાશે. ૩૩
પછી એ જ ઉપાય ચલાવ્યો, ચાલ હિંસાનો બંધ કરાવ્યો;
એવો હરિ હરિજનનો પ્રતાપ, અન્ય દેવથી મોટો અમાપ. ૩૪
પ્રભુ ત્યાંથી વિદાય તે થયા, થોડા દિવસે વિજાપર ગયા;
સારી સત્સંગી ત્યાં વજીબાઈ, સતવારાની નાતે ગણાઈ. ૩૫
કેવી રીતે થઈ હરિદાસ, હવે એનો કહું ઈતિહાસ;
જ્યારે માર્ગીના પંથમાં હતી, ઘણા વેરાગીયોને સેવતી. ૩૬
આવે ગામમાં વેરાગી જ્યારે, તેને પોતાને ઘેર ઉતારે;
ગાંજા ભાંગ્ય આપે ખાન પાન, જાણે ભેખ જ તે ભગવાન. ૩૭
સાધુ ફેલ ગમે તેમ કરે, તેનો અવગુણ મનમાં ન ધરે;
રામદાસભાઈ એક વાર, તે તો જૈ ચડ્યા તેને અગાર. ૩૮
ભેખ જાણી કર્યું સનમાન, વાતો સાંભળી થૈ સાવધાન;
તેને રાખ્યા દિવસ દશબાર, સત્યાસત્યનો ઉપજ્યો વિચાર. ૩૯
તેનો સ્વામી તથા વજીબાઈ, સતસંગી થયા હરખાઈ;
થયો શ્રીજીમાં સ્નેહ અનન્ય, મતપંથ ગમે નહિ અન્ય. ૪૦
ઘેર આવે બેરાગી જો કોઈ, તિરસ્કાર કરે તેને જોઈ;
ગાંજો ભાંગ્ય કે આટો[૧] ન આપે, કહે ક્યાંથી આ આવ્યું છે પાપે. ૪૧
બ્રહ્મચારી સહિત ભગવાન, વિજાપુરમાં ગયા ગુણવાન;
કોઈ માણસને પૂછ્યું હરિએ, અમે ક્યાં જઈ ઉતારો કરીએ. ૪૨

૧. લોટ

કોઈ છે ગામમાં જન એવા, કરે સ્નેહથી સાધુની સેવા;
ત્યારે તે બોલિયો નીચું જોઇ, નથી આ ગામમાં એવું કોઈ. ૪૩
વજીબાઈ હતી ભકત સારી, સાધુઓની સેવા કરનારી;
તે તો બગડી ગઈ છે ઘણેરી, થઈ સ્વામિનારાયણ કેરી. ૪૪
તમે જો તેહને ઘેર જાશો, સુખ પામો નહીં દુઃખી થાઓ.
ઘેર ઉતરવા નહિ દેશે, આંહીથી જાઓ જાઓ કહેશે. ૪૫
પછી શ્રીહરિ તો તેને ઘેર, જૈને બોલ્યા વચન શુભ પેર;
તીર્થવાસી છૈએ અમે માત, રહીએ કહો તો આંહીં રાત. ૪૬
કહે બાઈ બીજે ક્યાંઈ જાઓ, ગામમાં ભીખ માગીને ખાઓ;
તમ જેવા તો ઢોંગી ધુતારા, બહુ આવે ઉદર ભરનારા. ૪૭
ખાવા ન મળ્યું તેથી થયા બાવા, માલ પારકો માગીને ખાવા;
ખાઈ પીને શરીર વધાર્યું, તે શું આત્માનું કામ સુધાર્યું. ૪૮
થયા છો તમે તીરથવાસી, તેથી નહિ મટે લાખચોરાશી;
ઈચ્છો કલ્યાણ જો એહ દેહે, ભજો સ્વામિનારાયણ સ્નેહે. ૪૯
કહે શ્રીજી સુણો ચિત લાવી, ભોળી છે તને કેણે ભમાવી;
આજ સ્વામિનારાયણ જે છે, પ્રભુ તો નથી પાખંડી તે છે. ૫૦
એણે સાધ્યો છે બાબરો ભૂત, તેથી દેખાડે છે અદભૂત;
એની કોઈ પ્રસાદિ જે ખાય, જન તે તો ગાંડાં થઈ જાય. ૫૧
વજીબાઈ કહે સુણ બાવા, જુઠા શબ્દ શું બોલે છે આવા;
જાણો સ્વામિનારાયણ જે છે, કોટિ બ્રહ્માંડકારક તે છે. ૫૨
ધર્મ સ્થાપવા નરતનું ધારી, ઘણાં ઉદ્ધારિયાં નરનારી;
એને અજ હર ઈન્દ્ર આરાધે, એને પામવા સાધન સાધે. ૫૩
શેષ શારદ વેદ વખાણે, જડબુદ્ધિ જનો નહિ જાણે;
બોલ્યા શ્રીજી કહે સહુ કોય, કળિજુગમાં પ્રભુ નવ હોય. ૫૪
કાશીસુધીના શાસ્ત્રી તેડાવું, સભા ભભકાથી ભારે ભરાવું;
નકી નિર્ણય તે સહુ કરે, પ્રભુ સ્વામિનારાયણ ઠરે. ૫૫
કહે બાઈ જો વાત તપાસી, ઋષિયો જમુનાતટવાસી;
શાસ્ત્ર અભ્યાસ કીધેલો એણે, કૃષ્ણને નવ ઓળખ્યા તેણે. ૫૬

ત્યારે આજના શાસ્ત્રી બીચારા, પ્રભુનિર્ણય શો કરનારા;
પશુપાળનારે પ્રભુ જાણ્યા, અને બ્રહ્મા પોતે ભરમાણા. ૫૭
ચાલે બુદ્ધિનું બળ ન લગાર, કૃપા કૃષ્ણની હોય અપાર;
પૂર્વનો હોય શુભ સંસ્કાર, ઓળખાય પ્રભુઅવતાર. ૫૮
કહે શ્રીજી બધી વાત ખોટી, ભ્રમણા તારા ચિત્તમાં ચોંટી;
બોલી બાઈ તું જાને લંગોટા, ખોટો તું ને તારા ગુરુ ખોટા. ૫૯
અમે સ્વામિનારાયણ ભજીયે, માથું જાય તથાપિ ન તજીયે;
ભવ બ્રહ્મા જેવા કદી આવે, કેનો ભાર જે અમને ભમાવે. ૬૦
કંથ આવ્યો વજીબાઈ કેરો, તેણે પણ ડર દીધો ઘણેરો;
કહ્યું જાઓ બાવા અહિંયાથી, ત્યારે બોલ્યા પ્રભુ મુખ માંથી. ૬૧
અમે કાંઈ હવે ન કહેશું, પણ ઓશરીમાં પડી રહેશું;
કાંઈ માગશું નહિ તમ પાસે, નથી આવ્યા અમે કાંઈ આશે. ૬૨
લૈને લાકડી મારશો તમે, તોય આંહિથી નહિ જૈયે અમે;
ત્યારે બોલ્યાં વજીબાઈ નારી, પડી રહો ન આપું પથારી. ૬૩
પીતાં ચલમ કે બીડી દેખીશ, લબાચો તારો દુર ફેંકીશ;
સતસંગી તણા ઘરમાંય, નહીં બીડી કે ચલમ પીવાય. ૬૪
પછી તે સૂતા પાથરી વસ્ત્ર, ભૂમિ ખૂંચી ખૂંચે જેમ શસ્ત્ર;
કહે શ્રીહરિ દુઃખે છે અંગ, બાઈ આપોને એક પલંગ. ૬૫
કહે બાઈ તે આપું હું ક્યાંથી, આપું દેખાડ્ય તો ઘર માંથી;
કહે શ્રીજી બીજો ઓરડો છે, આપો તેમાં પલંગ પડ્યો છે. ૬૬
સુણી અચરજ પામી અપાર, કાઢી આપ્યો પલંગ તે વાર;
ત્યારે લાગ્યા પ્રભુ કરગરવા, આપો ગોદડું એક પાથરવા. ૬૭
કહે બાઈ ક્યાંથી આવ્યું પાપ, આ તો અમને નડે છે અમાપ;
કહેતો હતો કાંઈ નથી લેવું, હવે ગોદડું માંગે છે કેવું. ૬૮
ગોદડાં પાથર્યાં છે અત્યારે, હવે તો નથી એકે વધારે;
કહે હરિ થોકડી છે ઉથાપો, નવું ગોદડું એમાંથી આપો. ૬૯
વજીબા સુણી વિચાર એમ, બાવો આ દેખતો હશે કેમ;
કાંઈ અચરજ દીસે છે છાનું, પણ હું કોઈને નવ માનું. ૭૦

આપ્યાં બે ગોદડાં શ્રીહરિને, સુતી બારણાં બંધ કરીને;
ઓટા ઉપર ઢાળી પલંગ, પોઢ્યા સુંદરશ્યામ શ્રીરંગ. ૭૧
ગઈ અરધીક જામની જ્યારે, જોયું બાઈયે દ્વારથી ત્યારે;
ત્યાં તો શ્રીજીએ ચરણ વધાર્યાં, પીંપળાડાળ સુધી પસાર્યાં. ૭૨
વજીબા વિચારે મન માંઈ, આમાં કારણ દીસે છે કાંઈ;
પણ શ્રીજી વિના માનું અન્ય, તો હું સત્સંગી શેની અનન્ય. ૭૩

**અનન્યભક્ત વિષે : ઉપજાતિ :**

અનન્ય હું શ્રીહરિની જ એક, બીજા તણો ભાર ગણું ન છેક;
કદી ચમત્કાર ઘણા બતાવે, તથાપિ મારા મનમાં ન આવે. ૭૪
જો કોઈ વૈરાટ સ્વરૂપધારી, ભૂલાવવાને મનવૃત્તિ મારી;
માયા રચે જો મુજ પાસ મોટી, તથાપિ હું જાણું ખચીત ખોટી. ૭૫
આકાશમાં જો અતિ ઊંડી જાય, તે સૂર્યમાં કે શશીમાં સમાય;
હું ભાર એનો ઉરમાં ન આણું, માયા તણો તેહ ગુલામ જાણું. ૭૬
શ્રીસ્વામિનારાયણ એક સાચા, બીજા બધા જોગિ જરૂર કાચા;
સિદ્ધાઈ પોતે શતધા બતાવે, એનો મને ભાર જરી ન આવે. ૭૭
કરે કદી પાવકમાં પ્રવેશ, કે વારિધીમાં વિચરે વિશેષ;
કહે પરાયા મન કેરી વાત, તથાપિ જાણું તુચ્છ જીવજાત. ૭૮
ભ્રમાવવા જોગી ઘણા ભમે છે, ભોળા જનોના મનમાં ગમે છે;
મેં તો ધરી અંતર એવી ટેક, શ્રીજી વિના અન્ય અસત્ય છેક. ૭૯
શ્રીજી તણો નિશ્ચય નો'ય જેને, બીજા તણો ભાર જણાય તેને;
સિદ્ધાઈ સાચો સતસંગી દેખે, પાખંડિ પૂરો ઠગ એમ લેખે. ૮૦
મહેશ કે શેષ સુરેશ રાય, મને ભમાવા જ કરે ઉપાય;
તથાપિ હું અંતરમાં ન આણું, શ્રીસ્વામિનારાયણ સત્ય જાણું. ૮૧

**ચોપાઈ :**

એવો ચિત્તમાં કરીને વિચાર, સુતી જઈને તે સજ્યા મોઝાર;
પછી જ્યાં થયો પ્રાતસકાળ, ચાલ્યા ત્યાં થકી દીનદયાળ. ૮૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

દૃઢ મન હરિમાં જ હેત જેને, તિલભર અન્ય તણી ન ભાર તેને;
કદિ અતિ વિદવાન હોય કોય, વિમુખ વિલોકિ મનાય મૂર્ખ તોય. ૮૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વજીબાખ્યાનકથનનામા*
*સપ્તદશો વિશ્રામઃ ॥૧૭॥*

**પૂર્વછાયો :**

વાત વિશેષ તે બાઈની, કહું સાંભળો હે નરરાજ;
કોઈ સમે ગઈ બાઈ તે, મહારાજનાં દર્શન કાજ. ૧

**ચોપાઈ :**

પછી કોઈ સમે તેહ બાઈ, ગઈ ગઢપુરમાં હરખાઈ;
ભારે ભીડ સમૈયાની હતી, તેથી દુર ઉભી રહી સતી. ૨
જોઈ શ્રીજીએ તેહને જ્યારે, એને આવવા દ્યો કહ્યું ત્યારે;
પાસે જઈને તે બાઈએ પ્રીતે, પૂજ્યાં ચરણકમળ રુડી રીતે. ૩
બોલ્યા મર્મવચન મહારાય, પીંપળે અડ્યા તે એહ પાય;
સુણી વાત સરવ યાદ આવી, નીચું જોયું શરમ મન લાવી. ૪
મોટીબાએ કહ્યું મહારાજ, કહો કારણ ગરીબનિવાજ;
ત્યારે શ્રીમુખથી સાક્ષાત, કહી વિસ્તારીને સર્વ વાત. ૫
પાકા હરિજનની કેવી ટેક, ન ભમાય ભમાવે અનેક;
બ્રહ્માદિકના ભુલાવ્યા ન ભૂલે, દૃઢ નિશ્ચય દિલથી ન ડૂલે. ૬
એવી ભક્ત આ બાઈ અનન્ય, તેનાં માતપિતાને છે ધન્ય;
એમ શ્રીમુખે વાત વખાણી, તે તો સત્સંગી સર્વેએ જાણી. ૭
હવે ચાલતી તે કહું વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
વિજાપુરથી પ્રભુજી વિચરીયા, જઈ વીસળનગરમાં ઠરીયા. ૮
હતા ચોમાસાના દિન તેહ, થાય ઝરમર ઝરમર મેહ;
જોઈ પ્રગટ પ્રભુનો પ્રતાપ, લોક બોલે માંહો માંહી આપ. ૯
હરિભક્તનાં કષ્ટ હઠાવા, આ તો સ્વામિનારાયણ આવ્યા;
રહ્યા ઉદયકુવરબાઈ ઘેર, પ્રભુ ત્યાં જ જમ્યા રુડી પેર. ૧૦

તેહ બાઈનો સુત બળદેવ, પ્રભુ તેને કહે તતખેવ;
જાઓ જ્યાં હોય મામો તમારો, મુજ આવ્યાની વાત ઉચ્ચારો. ૧૧
વળી તે સુબાને કહો તમે, તહાં આવીએ મળવાને અમે;
અથવા સુબો આંહી પધારે, મળવાની છે ઈચ્છા અમારે. ૧૨
બળદેવ કહે મહારાજ, સુબાને મળવાનું શું કાજ;
તે તો રાખે છે તમ સંગે વેર, ઝાઝું સત્સંગ ઉપર ઝેર. ૧૩
કરે તમને તે પકડીને કેદ, એથી અમને તો ઉપજે ખેદ;
એવું સુણિને બોલ્યા બળવાન, સુબો છે જીવ કે ભગવાન. ૧૪
બળદેવ કહે હે રમેશ, તે છે જીવ તમે પરમેશ;
ત્યારે બોલિયા ત્રિભુવનરાય, ધાર્યું જીવનું તો વ્યર્થ જાય. ૧૫
ઈચ્છા ઈશ્વરી બળવતી જાણો, ચિન્તા તો તમે ચિતમાં ન આણો;
મારી આજ્ઞા સુણીને સિધાવો, સુબાને તમે જઈને સુણાવો. ૧૬
એવું સાંભળીને બળદેવ, સુબા પાસે ગયો તતખેવ;
કહ્યું સ્વામિનારાયણ આવ્યા, તેણે મળવાને તમને બોલાવ્યા. ૧૭
તમે જો કહો તો આંહીં આવે, કહો તમને જેવી રીતે ફાવે;
સુબે પૂછ્યું ધરી ક્રોધ અંગે, કેટલા જન છે તેને સંગે. ૧૮
ત્યારે ત્યાં બળદેવ કહે છે, બ્રહ્મચારી અને એક એ છે;
હતો આરબનો જમાદાર, સુબે તેને કહ્યું તેહ વાર. ૧૯
સહજાનંદ પાસે સિધાવો, તેને પકડીને બાંધીને લાવો;
ત્રીશ આરબ રાખજો સાથે, સારાં હથિયાર રાખજો હાથે. ૨૦
જાણ્યા આરબ આવતા જ્યારે, કરી યુક્તિ કૃપાનાથે ત્યારે;
બ્રહ્મચારીને પાસે બોલાવી, તેને અંગે વિભૂતિ[1] ચોળાવી. ૨૧
બેસાર્યા વીર આસન વાળી, આપી હાથમાં સોટી રુપાળી;
કહ્યું જ્યારે બતાવું હું જેને, સોટી સનમુખ ધારજો તેને. ૨૨
એવામાં તો જમાદાર આવ્યો, તેણે હુકમ સુબાનો સુણાવ્યો;
બાંધો પકડો એવું બોલ્યા જ્યારે, સમશા કરી વર્ણિને ત્યારે. ૨૩
સોટી સન્મુખ ધારી જે વાર, સમાધિમાં પડ્યો જમાદાર;
દીઠો અકળીત તેજ અંબાર, દીઠા શ્રીહરિ તેજ મોઝાર. ૨૪

૧. રાખ, ભસ્મ

બ્રહ્મચારીને શ્રીભગવાને, સમજાવ્યા વળી કાંઈ સાને;
બીજું અગ્ર સોટીનું બતાવ્યું, જમાદાર જાગ્યો ભાન આવ્યું. ૨૫
બોલ્યો વિનયવચન અનેક, આપો આપ ખુદા તમે એક;
અણસમજે બોલ્યો જે હું આજ, ગુનો માફ કરો મહારાજ. ૨૬
એમ કહીને ગયો સુબા પાસ, કરી વાત ત્યાં સર્વ પ્રકાશ;
કહ્યું એ છે ખુદા અવતાર, એને કોઈ નહીં જીતનાર. ૨૭
શત્રુ સામો હું લડવાને જાઉં, સહજાનંદ સામો ન થાઉં;
ભલું ઈચ્છો જો આપનું આપ, પગે લાગો તેને તજી પાપ. ૨૮
એવી વાત કરે છે જે કાળ, આવ્યા વર્ણિ સહિત વૃષલાલ;
જોઈ વર્ણિનો સંન્યાસી વેષ, ઉર ઉપજ્યો ભાવ અશેષ. ૨૯
ઉભા થૈ કર્યો પ્રેમે પ્રણામ, આપ્યું આસન બેઠા તે ઠામ;
શ્રીજીને તેના સોબતી જાણી, દીધું માન મીઠી કહી વાણી. ૩૦
સુબાને કહે શ્રીઘનશ્યામ, લાલદાસ છે આપનું નામ;
તમે દેસાઈકુળ કહેવાઓ, સુબાપદથી સારા વખાણાઓ. ૩૧
વળી વીસલનગરા છો નાતે, જશ મેળવ્યો છે તમે જાતે;
અમ ઉપર રાખો છો દ્વેષ, તે તો તમને ઘટે નહીં લેશ. ૩૨
ભાગવત ને ગીતા તો સાંભળો, સંત ઉપરથી દ્વેષ ટાળો;
સંતજનનો જે દ્વેષ કરે છે, જમપુરમાં તે બહુ દુઃખ લે છે. ૩૩
લાલદાસ બોલ્યો તેહ ઠામ, શાસ્ત્ર કલ્પિત તે છે તમામ;
જમપુરની તો વાત અસત્ય, જોઉં, નજરે તો જાણું હું સત્ય. ૩૪
ત્યારે શ્રીજીએ દષ્ટિ ઠરાવી, તેને સદ્ય સમાધિ કરાવી;
જમપુરમાં ગયો જેહ વાર, જમ મારવા ધાયા અપાર. ૩૫
જમ સુક્ષમ દેહને તાડે[૧], સ્થૂળ દેહ પડ્યો બુમ પાડે;
દીનબંધુને દિલ દયા આવી, તેથી તરત સમાધિ તજાવી. ૩૬
ત્રાસે થરથર ધ્રુજે શરીર, નેણમાંથી વહ્યાં જાય નીર;
પ્રભુપદને નમ્યો પ્રેમ આણી, બોલ્યો ગદગદ કંઠેથી વાણી. ૩૭
કૃપાનાથ જગતકરતાર, તમે અમિતબ્રહ્માંડ આધાર;
કર્યો અજ્ઞાનતાથી મેં દ્વેષ, હવે સંશય નવ રહ્યો લેશ. ૩૮

૧. મારે

મારા ઉપર ઉર દયા આણો, મને આપનો આશ્રિત જાણો;
એમ કહિને થયો સતસંગી, કરી ભક્તિ ભલી નવ અંગી. ૩૯
પધરાવ્યા પોતાના તણે ઘેર, પ્રેમે પૂજા કરી રુડી પેર;
વસ્ત્ર ભૂષણ ભારે ધરાવી, ધર્યો થાળ રુપૈયાનો લાવી. ૪૦
જમાડ્યા વિપ્ર ચોરાશી નાત, સતસંગી જમ્યા ભલી ભાત;
હતા સત્સંગી જુદા પડાવ્યા, નાતમાં સર્વેને લેવરાવ્યા. ૪૧
થઈ પધરામણી ઘણે ઘેર, જે જેકાર કર્યો એવી પેર;
પ્રભુ ત્યાંથી કરીને પ્રયાણ, વર્ણી સહિત ગયા વઢવાણ. ૪૨
ભાળ્યું ભોગાવામાં પૂર ભારે, રાખ્યા વર્ણીને એ જ કિનારે;
પોતે તો કર્યો જળમાં પ્રવેશ, વાર્યા વર્ણીયે માન્યું ન લેશ. ૪૩
એક દેરીમાં વર્ણિ તો રહ્યા, પ્રભુ તો પૂર ઉતરી ગયા;
ધોળીપોળે પેઠા ધર્મનંદ, ચાલ્યા ચૌટામાં વૃષકુળચંદ. ૪૪
કારભારી તો ભાણજી મે'તા, વડનગરા તે નાગર હતા;
તેના ઘરની પાસે ગયા જ્યારે, ભાળ્યા ભાણજી મે'તાએ ત્યારે. ૪૫
પેખી પરમપુરુષ તે પ્રતાપી, ઘેર ઉતરવા જગ્યા આપી;
પછી પૂછ્યા જ્યારે સમાચાર, ત્યારે બોલિયા ધર્મકુમાર. ૪૬
અમે વીસળનગરથી આવ્યા, ગુરુજી અમને તેડી લાવ્યા;
નદીમાં નીર પેખી અપાર, ગુરુ તો અટક્યા પેલે પાર. ૪૭
પૂર ઉતરી આવિયા અમે, હવે કામ કરો એક તમે;
સામે તીર ત્રાપો મોકલાવો, ગુરુને ગામ માંહી તેડાવો. ૪૮
સૌને અચરજ ઉપજ્યું ઉર, કેમ ઉતર્યા આ નદીપુર;
તારા[1] ત્રાપો લઈ મોકલાવ્યા, બ્રહ્મચારીને ગામમાં લાવ્યા. ૪૯
કારભારી પૂછે તતખેવ, તમે આ મુનિના ગુરુદેવ;
બ્રહ્મચારી કહે હું છું શિષ્ય, એ છે જગતગુરુ જગદીશ. ૫૦
ધર્મ સ્થાપવા ધરણી મોઝાર, એણે લીધો મનુષ્ય અવતાર;
એવો સાંભળીને મહિમાય, સર્વે શ્રીહરિને નમ્યા પાય. ૫૧
થઈ ત્યાં તો રસોઈ તૈયાર, બેઠા જમવાને જગતઆધાર;
જમતા જોઈને ગિરધારી, બોલી તે કારભારીની નારી. ૫૨

૧. તરવૈયા

જમતા જોયા કચ્છ ભુજ માંય, ગંગારામજી મલ્લને ત્યાંય;
એ જ આ મહારાજ દિસે છે, અતિ સમરથ ઈશ્વર એ છે. ૫૩
જમીને જવાની રજા માગી, કારભારી બોલ્યા પગે લાગી;
મારું ઘર કરવાને પવિત્ર, રહો પાંચ દિવસ પ્રભુ અત્ર. ૫૪
સુણી બોલિયા શ્રીઘનશ્યામ, જવું છે સદ્ય ભોંયરા ગામ;
નાજો જોગીયો ભક્ત અમારો, તેને રાજાએ દીધો છે ડારો. ૫૫
માટે ત્યાં ગયા વગર ન ચાલે, જઈ પહોંચવું આવતી કાલે;
એમ કહી નાજાભક્તને કાજ, ત્યાંથી તરત ચાલ્યા મહારાજ. ૫૬

**પૂર્વછાયો :**

સુણી બોલ્યા અભેસિંહજી, નાજા ભક્તનું કહો આખ્યાન;
કેમ થયા સતસંગી તે, કહો શું પડ્યું કષ્ટ નિદાન. ૫૭

**ચોપાઈ :**

ત્યારે બોલિયા તે બ્રહ્મચારી, ધન્ય ધન્ય છે શ્રદ્ધા તમારી;
ભક્તનાં સુણતાં આખ્યાન, થાય પાવન મન અને કાન. ૫૮
નાજોભક્ત મહામુક્ત જેહ, ધર્યો કાઠીના કુળ વિષે દેહ;
રામો જોગીયો પણ તેનો ભાઈ, વસે લાખણકા ગામમાંઇ. ૫૯
તેને સદગુરુનો થયો સંગ, ચડ્યો ચિત્તમાં સતસંગરંગ;
બીજા કાઠી ગોવાળિયા સાખે, તે તો શ્રીજી સાથે વેર રાખે. ૬૦
આવ્યા શ્રીહરિ ત્યાં એક વાર, નાજે ભક્તે સેવા સજી સાર;
દ્વેષી દાઝિ મુવા દિલમાંઈ, પણ બોલી શક્યા નહીં કાંઇ. ૬૧
સવારે ઊઠી સારંગપાણિ, હરિકૃષ્ણ ગયા કારીયાણી;
વળી કોઈ દિવસ સંત બેય, આવ્યા લાખણકા માંહી તેય. ૬૨
નાજોભક્ત તથા તેનો ભાઈ, ગયેલા હતા તે સીમમાંઇ;
ભાવ ડોશીને અંતરે આવ્યો, સાધુઓને ઉતારો અપાવ્યો. ૬૩
સંત કાજે રસોઈ રંધાણી, તે તો વાત ગોવાળીએ જાણી;
દસબાર મળી જન આવ્યા, સાધુ બેયને કાઢી મુકાવ્યા. ૬૪
ડોશીયે ઘણી આજીજી કીધી, રસોઈ તોય જમવા ન દીધી;
ઘેર આવિયા બે ભાઇ જ્યારે, સુણી વાત ચડી રીસ ત્યારે. ૬૫

બેય ભાઈએ કીધો વિચાર, વેર વાળવું આ કોઈ વાર;
સંત માટે તો મુકીએ ગામ, સંત માટે તો તજીયે ભામ[1]. ૬૬
આવું સાંખીયે જો અપમાન, શેના આપણે ક્ષત્રીસંતાન;
તે તો ક્ષત્રી તણો નહીં ધર્મ, જુવો મન ધરી ગીતાનું મર્મ. ૬૭
પછી એક સમે ખળામાંય, હતો લાખો ગોવાળીયો ત્યાંય;
તેને ચેતાવીને બેય ભાઈ, ગયા કરવા તે સાથે લડાઈ. ૬૮
મલ્લજુદ્ધ કરી માર માર્યો, લાખો ગોવાળીયો તેથી હાર્યો;
ગયા ભાઈ બે તે તજી ગામ, રહેવાને ફર્યા બહુ ઠામ. ૬૯
પણ કોઈએ રાખ્યા ન ક્યાંઈ, ગયા તે ભડલી ગામમાંઈ;
ભાણ ખાચરે આશ્રય આપ્યો, વાસ ડોશી સહિત ત્યાં થાપ્યો. ૭૦
એક દિન હરિએ કરી દયા, નાજા જોગીયાને ઘેર ગયા;
વિપ્ર પાસે કરાવિયો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૭૧
પડે ગ્રીષમનો બહુ તાપ, તેથી બોલીયા શ્રીહરિ આપ;
ઠંડી જગ્યામાં પાદર જૈએ, પામી શીતળતા સુખી થૈએ. ૭૨
ગયા પાદર સૌ જનસંગે, દીઠો લીંબડો ત્યાં લીલે રંગે;
નાજા જોગીયાના ખોળામાંય, સૂતા શિર ધરી શ્રીહરિ ત્યાંય. ૭૩
ભાણ ખાચર પણ તેહ વાર, આવ્યા દર્શન કાજ તે ઠાર;
તેને જોઈને શ્રીજગદીશે, મુખ અંચળે ઢાંક્યું મુનીશે. ૭૪
વળી મુખ ઉઘાડી જોયું જ્યારે, કરી દર્શન તે ગયા ત્યારે;
નાજાભક્તે પૂછ્યું પછી એમ, નેત્ર ઢાક્યા ઉઘાડીયાં કેમ. ૭૫
સુણિ બોલિયા શ્રીભગવાન, ભાણ લૂંટે છે વિપ્ર ને જાન;
એવું કર્મ જ્યાં એનું સંભાર્યું, આંખો ઉપર અંચળ ધાર્યું. ૭૬
નિષકામીપણું એનું સત્ય, જ્યારે સાંભરી આવ્યું અત્યંત;
જોયા જોગ્ય એનું મુખ જાણી, લીધું આંખેથી અંચળ તાણી. ૭૭

**નિષ્કામીપણા વિષે : ઉપજાતિ :**

નિષ્કામી પૂરો જન જેહ હોય, ન થાય તે તુલ્ય તપસ્વિ કોય;
શાસ્ત્રે કહ્યાં છે વ્રત તો અનેક, નિષ્કામતા ઉત્તમ સત્ય એક. ૭૮

૧. સ્ત્રી, ગર્વ

બ્રહ્માજિ ભૂલ્યા વળિ ઈન્દ્ર ચંદ્ર, પરાશર ભૂલિ પડ્યા મુનીંદ્ર;
આ કાળમાં જે નિષકામિ જાણું, વિશેષ તેના મુખને વખાણું. ૭૯
ભલે કરે જો વ્રત દાન યજ્ઞ, સર્વે પ્રકારે જન હોય સુજ્ઞ;
તથાપિ નિષ્કામપણું ન જેને, તો હું ગણું છું અતિ તુચ્છ તેને. ૮૦
પરસ્ત્રીને પાપ વડે ન પેખે, પેખાઈ તે માત સમાન લેખે;
તે તુલ્ય બીજો નહિ પુણ્યશાળી, રાજી થઉં છું મુખ તેનું ભાળી. ૮૧
પૂજા કરી શ્રેષ્ઠ પદાર્થ અર્પે, કે આપીને ભોજન પાન તર્પે;
સંતોષ હું તેથી કદી ન પામું, જોવા ન ઈચ્છું જન જાર[1] સામું. ૮૨
નિષ્કામી જેવો ન પવિત્ર અન્ય, નિષ્કામિ જાણું જન ધન્ય ધન્ય;
ભક્તિ કરે ને શિલભ્રષ્ટ[2] હોય, પામે નહીં અક્ષરધામ સોય. ૮૩
ભલે ધર્યા હોય અનેક ધર્મ, ભલે કર્યાં હોય ઘણાં સુકર્મ;
દારુ બળી જાય જ દેવતાથી, સુકર્મ સર્વે વ્યભિચારતાથી. ૮૪
સત્સંગનું ભૂષણ બ્રહ્મચર્ય, પરસ્ત્રીનો ત્યાગ વ્રતાદિવર્ય[3];
સર્વે ગુણોથી ગુણ શ્રેષ્ઠ એ છે, શાસ્ત્રો તથા સૌ ઋષિયો કહે છે. ૮૫

**ચોપાઈ :**

ભાણ ખાચર છે નિષકામી, માટે દૃષ્ટિ કરી તેહ સામી;
એમ શીલની શ્રેષ્ઠતા કીધી, નાજે જોગીએ સાંભળી લીધી. ૮૬
એમ ભડલી વિષે ભગવાન, દીધાં દાસને દર્શનદાન;
એક બે દિન ત્યાં સ્થિર રહ્યા, પછી ગિરિધર ગઢપુર ગયા. ૮૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ફરી ફરી હરિ અન્ય ગામ ગામ, ગઢપુર માંહિ વસે જ ધારી ધામ;
નહિ ગઢપુર તુલ્ય અન્ય કોઈ, સુર મુનિ મુક્ત કરે વખાણ જોઈ. ૮૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિવીસળનગરગમનનામા અષ્ટાદશો વિશ્રામઃ ॥૧૮॥*

---

૧. વ્યભિચારી ૨. બ્રહ્મચર્ય રહિત ૩. સર્વે વ્રતોમાં શ્રેષ્ઠ વ્રત

**પૂર્વછાયો :**

દ્વેષ ન મૂકે દ્વેષિયો, જન જો દૂર વસવા જાય;
અતિ સંકટ ઉપજાવવા, વળી ત્યાં પણ તતપર થાય. ૧

**ચોપાઈ :**

નાજા ભક્તને ગોવાળિયાયે, ઉપજાવ્યો વળી ત્રાસ ત્યાયે;
ત્યારે ભડલી તણો તજી વાસ, ગયા વાસુર ખાચર પાસ. ૨
એ તો ભોંયરા ગામનો ભૂપ, જાણ્યું ત્યાં સુખ મળશે અનુપ;
નાજે ભક્તે કહી તેને વાત, પ્રગટ્યા છે પ્રભુ સાક્ષાત્. ૩
તેનું સ્વામિનારાયણ નામ, ભજો તેને તો પુરશે કામ;
કહે રાજા તે સાંપ્રત[1] કયાં છે, કહ્યું વીસળનગર ગયા છે. ૪
કહે ભૂપ પ્રભુ જે કહાવે, તે તો સંભારે ભક્ત ત્યાં આવે;
દ્રુપદીને સંકટ પડ્યું જ્યારે, પૂર્યા વસ્ત્ર તરત આવી ત્યારે. ૫
મે'તા નરસિંહને આપ્યો હાર, રોક્યો મંડળિકે જેહ વાર;
તારો સ્વામી હશે ભગવાન, દેશે કાલ્ય તે દર્શનદાન. ૬
તેની પાસે હું કલ્યાણ માગું, નહીં તો તારા ઢીંચણ ભાગું;
એમ કહિ દીધો બહુ ડારો, કહ્યું નક્કિ ઢીંચણ ભાંગનારો. ૭
નાજો ભક્ત કહે સુણો રાય, તે તો ગામ ઘણે દુર થાય;
એક દિનમાં તે કેમ અવાય, કોણ ત્યાં સુધી કહેવાને જાય. ૮
સુણી બોલ્યો પ્રજા તણો સ્વામી, પ્રભુ તો હોય અંતરજામી;
કદી હોય વૈકુંઠ મોઝાર, એને આવતાં લાગે ન વાર. ૯
નાજો ભક્ત કહે મારે મુખ, નહિ માગું જે ભાંગો આ દુઃખ;
સાચા ભક્ત હરિના જે હોય, માગે દૈહિક સુખ નહિ કોય. ૧૦
કામાદિક થકી રક્ષણ માગે, માગે પ્રભુપદમાં પ્રિત લાગે;
પંડ મો'ડો વે'લો પડનાર, તેના દુઃખસુખથી શું થનાર. ૧૧
નિધિમાં નાવ બૂડવા લાગે, સાચો ભક્ત ઉગરવા ન માગે;
પ્રભુ પાસે જે કામ કરાવે, સાચો દાસ તે કેમ કહાવે. ૧૨
સુણી અધિપતિ એમ ઉચરે, મારો હુકમ તો પાછો ન ફરે;
કાલ સ્વામીને જો ન દેખીશ, તારા ઢીચણ હું જ ભાંગીશ. ૧૩

૧. હાલ, અત્યારે

એમ કરતાં તો ત્યાં પડી રાત, હવે શ્રીહરિની કહું વાત;
સાથે ઘોડું ને ભોમિયો લૈને, ચાલ્યા વઢવાણથી સજ્જ થૈને. ૧૪
રાતો રાત ચાલ્યા ચોંપ[1] લાવી, નદી ગોમા ને ભાદર આવી;
અતિશે એમાં આવેલું નીર, તેથી ઉભા રહ્યા તેને તીર. ૧૫
વરણીને કહે નરવીર, તમે પણ રહો આ નદીતીર;
જ્યારે ઉતરે પૂર તમામ, રહેજો જઈ ભાદરે ગામ. ૧૬
અમે તો દિવ્યદેહ ધરીને, જશું આ નદીયો ઉતરીને;
એમ કહી સદ્ય શ્રીજી સિધાવ્યા, ભાનુ ઉગતાં ભોંયરે આવ્યા. ૧૭
મળ્યો પાદર ચારણ કોઈ, ત્યારે કૃષ્ણે કહ્યું તેને જોઈ;
જઈને વાસુર ખાચર પાસ, કરો એટલી વાત પ્રકાશ. ૧૮
નાજા જોગિયાના ભગવાન, દેવા આવ્યા છે દર્શનદાન;
પછી ચારણ તે તહાં ગયો, સમાચાર નરેશને કહ્યો. ૧૯
સુણી અચરજ પામિયા સહુ ક્યાંથી આવ્યા હતા દુર બહું;
પ્રભુજી નાજાભક્તને ઘેર, ઉતર્યા જઈને રુડી પેર. ૨૦
નાજાભક્તે કહ્યું સ્તુતિ કરી, ભલે આપ પધારિયા હરિ;
પ્રભુને પધરાવ્યા પલંગે, બેઠા આગળ અંગ ઉમંગે. ૨૧
ભક્તને કહે શ્રીમહારાજ, નદીએ ચાલો ના'વાને કાજ;
પછી ત્યાં જઈને પ્રભુ નાહ્યા, નાજા ભક્તને કહે જગરાયા. ૨૨
અમે ચાલિયા રજની મોઝાર, કાંટા પગમાં તો વાગ્યા અપાર;
એવાં વચન સુણી હરિ કેરાં, કાઢ્યા પગમાંથી કાંટા ઘણેરા. ૨૩
સુખે બેઠા જ્યારે ઘેર આવી, ડોશીએ ત્યાં રસોઈ કરાવી;
એક વિપ્ર પવિત્ર બોલાવ્યો, રોટલો બાજરાનો કરાવ્યો. ૨૪
કરલીની કરી તાજી ભાજી, જમીને થયા શ્રીહરિ રાજી;
દીન થૈને કહે નાજોદાસ, ચાલો જૈયે હવે નૃપ પાસ. ૨૫
પેઠા દરબારમાં પછી જ્યારે, દીઠું અચરજ અદ્‌ભુત ત્યારે;
પડ્યા કાને પીડાના પોકાર, કુટે છાતી રુવે નરનાર. ૨૬
આ તે શું છે પૂછે જગતાત, નાજેભક્તે કહી ત્યારે વાત;
એવો કાયદો નૃપનો છે આંહી, જન કોઈ ચોરે ચીજ કાંઈ. ૨૭

૧. ઝડપ

તેના ઢીંચણ ભાંગી નખાવે, ઘણથી જેમ લોઢું ટીપાવે;
કરે તેની પીડાના પોકાર, રુવે તેના કુટુંબી અપાર. ૨૮
પડ્યા જીવડા કોઈને છેય, પાટો બાંધવા તોય ન દેય;
કૈકનાં રુવે છે નાનાં બાળ, રુવે કોઈની નારી આ કાળ. ૨૯
દયાળુથી તો દીઠું ન જાય, ચડે છે ચીતરી ચિત્તમાંય;
એવું સાંભળ્યું જોયું તે ઠામ, કહે ભક્તને શ્રીઘનશ્યામ. ૩૦
ક્રૂર કર્મ કરે ભૂપ એવું, માટે તેને ન દર્શન દેવું;
અહિંથી પાછા જૈયે ઉતારે, બોલ્યા દુઃખી થતા જન ત્યારે. ૩૧
પ્રભુ ભૂપને દર્શન દેશો, વળી ઉત્તમ ધર્મ કહેશો;
તેથી ક્રૂર કરમ કદી આવું, તજી દેશે માટે તહાં જાવું. ૩૨
વળી છૂટકો થાશે અમારો, અમે માનશું પાડ તમારો;
દયા દિલમાં અમો પર લાવો, પ્રભુ તો ભૂપ પાસે સિધાવો. ૩૩
પછી શ્રીહરિ ગઢપર ગયા, રાજાજી જોઈને રાજી થયા;
બોલ્યો ભૂપ કરીને પ્રણામ, ભલે આવ્યા તમે ઘનશ્યામ. ૩૪
નહીં આવત તો એવું થાત, નાજાભક્તના ઢીંચણ જાત;
નિભાડામાંથી નાથજી જેમ, બચ્ચાં રાખ્યાં બિલાડીનાં તેમ. ૩૫
તમે નાજાને ઉગાર્યો આજ, મોટા ઈશ્વર છો મહારાજ;
કરે દેશમાં ચોરીનું કામ, તેના ઢીંચણ ભાંગું છું આમ. ૩૬
મારા ત્રાસથી ચોર ડરે છે, અજાણ્યા આવી ચોરી કરે છે;
સુણી એવું બોલ્યા હરિ આપ, તમે તે કરો છો મહાપાપ. ૩૭
કરે અપરાધ જે જન જેવો, તે પ્રમાણે તેને દંડ દેવો;
તે તો છે રાજનીતિનો ધર્મ, પણ સમજવો તેહનો મર્મ. ૩૮
જુગ જુગની જુદી જુદી રીત, ધર્મશાસ્ત્રમાં છે તે વિદીત;
તે પ્રમાણે કરે નૃપ ન્યાય, તો તે રાજાને પાપ ન થાય. ૩૯
મનકલ્પિત જે દંડ દે છે, નૃપ તે જમપૂર વિચરે છે;
અતિ ઉત્તમ માનુષ્ય દેહ, નાવ ભવજળ તરવાનું તેહ. ૪૦
અલ્પ દોષે એનો કરો નાશ, દેશો ઉત્તર શો જમ પાસ;
પાપનું ફળ પામવું પડશે, નિશ્ચે જાણો તે તો બહુ નડશે. ૪૧

નાજાભક્ત ઉપર પણ એવો, કર્યો ક્રૂર વિચાર તે કેવો;
સુણી રાય બોલ્યા અતિ રુઠી, જમપુરની તો વાત છે જુઠી. ૪૨
ભોળાને બીવરાવવાનું બાનું, તે હું જોયા વિના કેમ માનું;
ત્યારે શ્રીહરિએ દૃષ્ટિ સાંધી, મહીપતિને કરાવી સમાધી. ૪૩
એનો જીવ ગયો જમપુરમાં જોઇ ત્રાસ થયો અતિ ઉરમાં;
જમના દુત મારવા લાગ્યા, કહ્યું ઢીચણ તેં કેમ ભાંગ્યા. ૪૪
પ્રભુજીએ જગાડ્યાથી જાગ્યો, ત્યારે તો સ્તુતિ કરવાને લાગ્યો;
ધર્મસુત મને નિયમ ધરાવો, જમમારથી મુજને મુકાવો. ૪૫
કહે શ્રીજી કરો દૃઢ સહી, હવે ઢીંચણ ભાંગવા નહીં;
અલ્પ દોષના છે બંધીવાન, તેને જવા દ્યો નિજ નિજ સ્થાન. ૪૬
માનો આટલું વચન અમારું, તેથી કલ્યાણ થાશે તમારું;
પછી ભૂપતિએ એમ કીધું, પ્રભુજીનું વચન ધરી લીધું. ૪૭
છોડી મુક્યા બંધીવાન જેહ, નમ્યા શ્રીહરિને પગે તેહ;
નાજા જોગિયાને કહે નાથ, રહો ગઢપુરમાં અમ સાથ. ૪૮
એવી આજ્ઞા ચડાવીને માથે, ગયા ગઢપુર શ્રીહરિ સાથે;
એવી લીલા કરી એહ ઠામ, ગયા ગિરધર ગઢપુર ધામ. ૪૯
એવામાં બનેલી એક વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાંત;
નૃપ અભયની સ્ત્રી સુરબાઇ, હતી ભૂપથી કાંઇ રિસાઇ. ૫૦
પુત્ર ઉત્તમને સાથે લઇ, ગઢપુરથી રામપરે ગઇ;
તેના મનને મનાવાને કાજ, ગયા શ્રીહરિ લૈને સમાજ. ૫૧
ગઢપુર થકી પશ્ચિમ દીશ, ગયા બે ગાઉ જ્યાં જગદીશ;
તહાં ઉન્મત્તગંગાને તીર, અતિ નિર્મળ નિરખિયું નીર. ૫૨
સર્વે સંત સહિત ભગવાન, ઉતર્યા તહાં કરવાને સ્નાન;
નિર માંહી પેઠા બહુનામી, અતિશે ગંગા આનંદ પામી. ૫૩
ધારાસહસ્ર તણું રૂપ ધર્યું, શ્યામને શિર સિંચન કર્યું;
ફણા શેષની જેવી હજાર, એવી શોભી તે અપરમપાર. ૫૪
વળી શ્રીહરિનો મહિમાય, ગંગા વદન સહસ્રે ગાય;
નવી લીલા નિહાળવા એવી, આવ્યા નભ સહુ દેવ ને દેવી. ૫૫

પુષ્પવૃષ્ટિ કરે પ્રભુ શીશ, કહે જય જય શ્રીજગદીશ;
ગાય ગાંધર્વ હરિગુણગાન, નાચે અપસરાઓ લઈ તાન. ૫૬
લીલા સંત ને હરિજન દેખે, અતિ ઉત્તમ અવસર લેખે;
કહે ગંગા અહો ભગવાન, શ્રીકૃષ્ણ કૃપાના નિધાન. ૫૭
મારો દેહ પ્રલંબ[૧] છે જેહ, પણ હૃદય તણું સ્થળ એહ;
સદા આ સ્થળમાં અવિનાશ, દિવ્યરૂપે કરો તમે વાસ. ૫૮
મોટો સર્વથી મહિમા વધારો, અભિલાષ પુરો એહ મારો;
સુણી બોલિયા સારંગપાણિ, ગંગા તારું હૃદયસ્થળ જાણી. ૫૯
કર્યું સ્નેહ સહિત અમે સ્નાન, તમે દેવને આનંદદાન;
ધારા સહસ્ર ધરી તેં આ ઠામ, માટે આ તીર્થનું એ જ નામ. ૬૦
મોટો આ સ્થળનો મહિમાય, અહીં પાપી એ પાવન થાય;
આવી આ સ્થળે તીરથ કરશે, સહેજે ભવસાગર તરશે. ૬૧
આખા બ્રહ્માંડનાં તીર્થ જેહ, એક ત્રાજવામાં ધરે તેહ;
પણ આ તીર્થ તુલ્ય ન થાય, એવો આ તીર્થનો મહિમાય. ૬૨
તારે તટ તીર્થ છે ઠામ ઠામ, પણ આ સ્થળે તીર્થ તમામ;
સદા આ સ્થળમાં તુજ પાસ, દિવ્યરૂપે કરીશ હું વાસ. ૬૩
મહિમા જાણી ના'ય આ ઠામ, એને આપીશ અક્ષરધામ;
શ્રાદ્ધ આ સ્થળમાં જેહ કરશે, તેના પૂર્વજ તો નકી તરશે. ૬૪

**ઉપજાતિ :**

બોલ્યા વળી શ્રીહરિ સંત પાસ, તથા સુણો સૌ હરિભક્તદાસ;
સૌ જાણજો જે જન સ્નેહી મારા, સૌથી વડું તીર્થ સહસ્રધારા. ૬૫
આત્મા શરીરે હૃદયે ઠસે છે, આ ગંગાનું તત્ત્વ અહીં વસે છે;
માટે બધા આ નદીના કિનારા, સૌથી વડું તીર્થ સહસ્રધારા. ૬૬
ગંગા ગયા ગોમતી જે ગણાય, કાવેરિ કાલિંદિ મહી મનાય;
શોધી જુઓ સાત સમુદ્ર સારા, સૌથી વડું તીર્થ સહસ્રધારા. ૬૭
જે મુક્ત છે અક્ષરધામ કેરા, તે ઈચ્છશે આ સ્થળને ઘણેરા;
ન માનશે માનવ જે નઠારા, સૌથી વડું તીર્થ સહસ્રધારા. ૬૮

૧. ખૂબ લાંબો

**ચોપાઈ :**

દાન પુણ્ય જે આંહિ કરાય, અવિનાશી એનું ફળ થાય;
પ્રાણી પામશે અક્ષરવાટ, મોટું તીર્થ જાણો તેહ માટ. ૬૯
આ જે તીર્થ મને ઘણું પ્યારું, મનવાંછિત ફલ આપનારૂં;
એવી વાત કરી મહારાજે, સુણી સતસંગી સંતસમાજે. ૭૦
પછી ત્યાં થકી પરવર્યા પ્રીતે, ગયા રામપરે રુડી રીતે;
કર્યો ત્યાં એક સ્થળમાં ઉતારો, સંતને વસવા જોગ્ય સારો. ૭૧
સુરબાઈએ સાંભળી વાત, આંહિ આવ્યા શ્રીજી સાક્ષાત;
પાસે તેડાવ્યા દૈ સનમાન, કહ્યું આવ્યા ભલે ભગવાન. ૭૨
પ્રભુ છો નિજજનપ્રતિપાળ, ભલે દર્શન દીધું દયાળ;
સુણી બોલિયા શ્રીગિરધારી, તમે માનો જો આજ્ઞા અમારી. ૭૩
આંહીથી ગોખલાણે પધારો, તેથી સ્વાર્થ સુધરશે તમારો;
રાણી બોલિયાં વાણી વિચારી, પ્રભુ માનીશ આજ્ઞા તમારી. ૭૪
શશી સૂર્ય ફરે દિન નીશ, માની આજ્ઞા તમારી મુનીશ;
શેષનાગ ધરા શિર ધરે, આજ્ઞા આપ તણી અનુસરે. ૭૫
મેઘ વૃષ્ટિ કરે નિજટાણે, એ તો આપની આજ્ઞા પ્રમાણે;
સિંધું મેલે નહીં મરજાદ, રાખે આપની આજ્ઞાને યાદ. ૭૬
બ્રહ્મા વિષ્ણુ ને ઈન્દ્ર મહેશ, આજ્ઞા આપની લોપે ન લેશ;
ત્યારે હું કેમ આજ્ઞા લોપીશ, પ્રભુ જેમ કહો તે કરીશ. ૭૭
ત્યારે બોલ્યા પ્રભુ તેહ ટાણે, તમે જાઓ તરત ગોખલાણે;
સર્વ સામાન ગાડામાં ભરજો, આજ રાતે તો આંહી ન ઠરજો. ૭૮
પછી ત્યાં થકી ગઢપુર જાજો, સર્વ સંપે વસી સુખી થાજો;
મારી આજ્ઞાને માનસો જ્યારે, સુખિયાં થશો સર્વ પ્રકારે. ૭૯
જન જેહ છે રામપરામાં, કહું છું સૌને એહ સમામાં;
આજ રાતે રહેવું ન આંહી, માલ મિલકત લૈ જવું ક્યાંહી. ૮૦
અમે તો જશું દેશમાં ફરવા, દૈવી જીવને ઉપદેશ કરવા;
એમ કહિ હરિ તતપર થયા, ગામ ભાદરે ભગવત ગયા. ૮૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

મહત વચન માંહિ મર્મ હોય, જન નહિ જાણિ શકે જ તેહ કોય;
હરિનું અચળ વાક્ય જાણિ એવું, સમજુ જને સુણી સદ્ય માની લેવું. ૮૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે નાજાભક્તરક્ષણનામ*
*એકોનવિંશો વિશ્રામઃ ॥૧૯॥*

**પૂર્વછાયો :**

હરિએ આજ્ઞા કરી હતી, જન સર્વ જજો પરગામ;
રાતવાસો રહેશો નહીં, મારૂં માની વચન આ ઠામ. ૧

**ચોપાઈ :**

આજ્ઞા જે હરિએ ફરમાવી, તે તો સહુ જનને સંભળાવી;
માન્યુ વચન તે શ્રીજીનું જેણે, માલ મિલકત સંભાળી તેણે. ૨
સુરબાઈ ગયાં ગોખલાણે, બીજા જન ગયા કોઈ ઠેકાણે;
જેને હરિનો નહીં વિસવાસ, રાખ્યો તેણે તો ત્યાંજ નિવાસ. ૩
ફોજ ગાયકવાડની જેહ, આવી ત્યાં તો બીજે દિન તેહ;
ગામ રામપરા લૂંટી લીધું, કાંઈ કોઈનું રહેવા ન દીધું. ૪
બહુ પીડાના શબ્દ પોકારી, રુવે બાળક નર અને નારી;
આજ્ઞા શ્રીહરિની નહિ માની, તેથી તેને થઈ મોટી હાની. ૫
જેણે જેણે તે સાંભળી વાત, જાણ્યો શ્રીજીનો મહિમા અઘાત;
ગોખલાણા થકી સુરબાઈ, બીજે દિન ગયાં ગઢપુરમાંઈ. ૬
જઈ ભાદરે શ્રીભગવાન, દીધાં દાસને દર્શન દાન;
મળ્યા ત્યાં બ્રહ્મચારી મુકુંદ, અતિ ઉપજ્યો એથી આનંદ. ૭
વસે ત્યાં વશરામ સુતાર, બીજા પણ હરિભક્તો ઉદાર;
કરે શ્રીજીની સૌ જન સેવા, ભલો લાભ અલૌકિક લેવા. ૮
હતો ચાતુરમાસ સુકાળ, વળી તે દેશમાં એવો ચાલ;
શિવનો દોરો લે સોમવારે, વારા ફરતિ તે ઉજવે જ્યારે. ૯
સગા સ્નેહીને તે તો જમાડે, નોતરે હરિને તેહ દહાડે;
એક પ્રેમજી વાણીયો હતો, જમવા નિત્ય હરિ સાથે જતો. ૧૦

પણ લોભી અતિશે જ એય, કોઈને નહિ નોતરું દેય;
એના લોભ તણી વાત આવી, હરિને હરિભક્તે સુણાવી. ૧૧
પુણ્ય અર્થે તો પૈસોયે એક, કદી વાવરતો નથી છેક;
તેને ઘેર જમો જ્યારે તમે, તમને ખરા માનીએ અમે. ૧૨
કહે શ્રીજી તમે સઉ જમો, તો હું મેળવી દઉં એવો સમો;
સૌએ જમવાની હા કહી જ્યારે, વળી પૂછ્યું પ્રભુજીએ ત્યારે. ૧૩
ઝાઝિ છે એને શેમાં આસક્તિ, વિચારીને કહો તેની વ્યક્તિ;
બોલ્યા સૌ જન ત્યાં એવી રીત, રસાસ્વાદમાં છે એને પ્રીત. ૧૪
પછી શ્રીજીએ બોલાવ્યો એને, એક પ્રશ્ન તો પુછીયું તેને;
જમવામાં તમે વખણાઓ, કહો પેંડા તે કેટલા ખાઓ. ૧૫
બોલ્યો પ્રેમજી તે રુડી પેર, પેંડા તો હું જમું પાંચ શેર[૧];
કહે હરિ જો જમી ન શકાય, સતસંગી જમાડો બધાય. ૧૬
પ્રેમજી કહે હે પરમેશ, પાંચ શેરમાં છાંડું ન લેશ;
પૈસાભર જો ભુકોએ પાડું, સતસંગી બધાને જમાડું. ૧૭
મારો જો ન આવે વિસવાસ, મુકું નંગ પટેલની પાસ;
એમ કહી હેમનું નંગ કાંઈ, આપ્યું પટેલના હાથમાંઈ. ૧૮
પછી શ્રીજીએ પેંડા મંગાવ્યા, પાંચ શેર પુરા તે તો લાવ્યા;
પ્રેમજી પેંડા જમવાને લાગ્યો, વચે પાણી પીતાં ભ્રમ ભાંગ્યો. ૧૯
ત્રણ શેર જમ્યો તે તો જ્યારે, ઉપજી અકળામણ ત્યારે;
વળી શેર જમ્યો જેમ તેમ, પાંચશેર પુરા થાય કેમ. ૨૦
જેમ વિપ્ર ઘણું જમનાર, જમી જાય લાડુ દશબાર;
તોય જાણે કરૂં ઘણો ભોગ, નહીં આવે ફરી આવો જોગ. ૨૧
પછી કંઠ સુધી પેટ ભરે, પછીથી ભલે અકળાઈ મરે;
તેમ પ્રેમજી પણ બહુ જમે, કરે નહિ જ વિચાર તે સમે. ૨૨
પણ થાક્યો બહુ જમી જ્યારે, પડ્યા મુક્યા પેંડા પાંચ ત્યારે;
જગજીવન બોલિયા જોઈ, જમી જાઓ કે આપો રસોઈ. ૨૩
કહે પ્રેમજી હું તો જમાડું, થોડું ઘી ઘાલી ગોળના લાડું;
હરિભક્તો કહે ભગવંત, જમાડ્યા ન કદી એણે સંત. ૨૪

૧. એક શેર - ૫૦૦ ગ્રામ

પ્રસાદી લેવા પહેલો જ આવે, પુણ્ય કામમાં પૈસો ન લાવે;
ઘેર ખાય ન પૂરો આહાર, પાસે પુંજી છે પાંચ હજાર. ૨૫
કહે શ્રીજી સુણો સઉ કોઈ, દૂધપાકની લેશું રસોઈ;
કહે પ્રેમજી હે મહારાજ, એવી શક્તિ નથી મારી આજ. ૨૬
દુધપાક રસોઈ દેવાય, ત્યારે તો મારું ઘરબાર જાય;
પછી ઘડપણમાં શું હું ખાઉં, જાય ધન ભીખ માગતો થાઉં. ૨૭
કહે શ્રીજી કસર ઘણી કરશું, ઝાઝું ખરચ થવા થકી ડરશું;
કહે પ્રેમજી સો જણ કાજ, અઢીમણ દુધ લ્યો મહારાજ. ૨૮
તેમાં કાંઈ કપૂર નંખાય, ઝાઝું કોઈ થકી ન જમાય;
જે જે હરિજન જમવાને આવે, સાથે છોકરું કોઈ ન લાવે. ૨૯
પ્રેમજીએ પટેલને કહ્યું, આવજો જમવા જન સહુ;
દુધપાક રસોઈ બનાવો, કરકસર તો ખુબ કરાવો. ૩૦
બીજે દિવસે જમ્યાનું ઠરાવ્યું, પટેલે સીધું સર્વ મગાવ્યું;
થઈ સર્વ રસોઈ તૈયાર, જમ્યા પ્રથમ જગતકરતાર. ૩૧
પછી સંત ને હરિજન બેઠા, પ્રભુ પિરસવા પંગતે પેઠા;
દુધપાકમાં ઘી પીરસે છે, જોઈ પ્રેમજી એમ કહે છે. ૩૨
ઘણું ઘી આવી રીતે વાવરશો, મને તો ભીખ માગતો કરશો;
પીરશો પ્રભુ ઘી થોડું થોડું, ઝાઝું નાણું તે હું ક્યાંથી જોડું. ૩૩
ગણ્યા કરતાં અધિક કોઈ આવે, વઢી તેને તો કાઢી મુકાવે;
કહે પ્રેમજી સૌને કહેજો, મારું કારજ આ માની લેજો. ૩૪
સર્વ સંત જમી રહ્યા જ્યારે, માગી કોઈએ વરિયાળી ત્યારે;
બોલ્યો પ્રેમજી તેહ મુખથી, સાટું વરિયાળીનું કર્યું નથી. ૩૫
પછી જ્યાં વળતો દિન થયો, પ્રભુ પાસે તે પ્રેમજી ગયો;
કહ્યું દાગીનો મારો મગાવો, કહી પટેલને પાછો અપાવો. ૩૬
ત્યારે બોલ્યો પટેલ તે ઠામ, ચુકાવી દ્યો રસોઈના દામ;
ત્યારે દાગીનો દેશું તમારો, તમ સાથે ન થાય ઉધારો. ૩૭
દીધા દામ ચૂકાવીને જ્યારે, પટેલે દીધો દાગીનો ત્યારે;
પ્રભુએ કર્યું એવું ચરિત્ર, સુણતાં જન થાય પવિત્ર. ૩૮

**પૂર્વછાયો :**

પ્રભુ મળે દૂરગુણ ટળે, જાતિસ્વભાવ તો ન જનાર;
પારસ કરે હેમ લોહનું, પણ મટે ન ધાર આકાર. ૩૯
જોડીયા બંદરમાં બની, એવે સમે વળી એક વાત;
તેહ હવે તમને કહું, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત. ૪૦

**ચોપાઈ :**

ભલા જોડીયા બંદરમાંય, હતો એક પટેલ તે ત્યાંય;
સતસંગી તેનો સુત થયો, તેથી તાત તો રીસાઈ રહ્યો. ૪૧
સતસંગ છોડાવાને છેક, એણે કીધા ઉપાય અનેક;
ઘરમાંથી તેને કાઢી મુક્યો, તોય તે નહિ સત્સંગ ચુક્યો. ૪૨
હતો એક જ પુત્ર તે એને, તેથી દુઃખ લાગ્યું ઘણું તેને;
રાજા સંગ્રામજી કહેવાય, જામનો તાબેદાર ગણાય. ૪૩
તેની પાદરમાં કૂલદેવી, તે તો વા'લી તેને જીવ જેવી;
તેનાં દર્શન કાજ ગયેલ, મળ્યો ત્યાં જઈ તેહ પટેલ. ૪૪
બેય આંખમાં આંસુડાં લાવી, નૃપને અરજી સંભળાવી;
આજ સ્વામિનારાયણ જે છે, જાદુગર અતિ પાખંડી એ છે. ૪૫
મારા પુત્રને તેણે ભમાવ્યો, બાપદાદાનો ધર્મ છોડાવ્યો;
કુળદેવી તમારી છે જેહ, તેની નિંદા કરે બહુ તેહ. ૪૬
એવું સાંભળીને ચડ્યો ક્રોધ, કર્યો સતસંગી સાથે વિરોધ;
સૌને પકડીને કેદમાં નાખ્યા, તેમાં કોઈને છૂટા ન રાખ્યા. ૪૭
ભાદરે હતા હરિ સાક્ષાત, તેણે સાંભળી તે બધી વાત;
સારા સારા જનો લઈ સાથ, જોડીએ વિચર્યા જગનાથ. ૪૮
ગામ પાસે ગયા પરમેશ, વળ્યો દેવી પુજીને નરેશ;
પાલખીમાં બેઠો હતો રાજ, દીઠો શ્રીજીનો તેણે સમાજ. ૪૯
પુછ્યું ચાકરને ચિત્ત ધારી, કોણ આવે ધોળાં વસ્ત્ર ધારી;
ત્યારે ચાકર એમ કહે છે, પોતે સ્વામિનારાયણ એ છે. ૫૦
પગે ચાલી ગયો સામો રાય, પ્રભુને લાગ્યો પ્રેમથી પાય;
ત્યારે બોલિયા સુંદરશ્યામ, ભૂપ છો તમે બુદ્ધિના ધામ. ૫૧

કેમ દ્વેષ રાખો અમ માથે, વાંધો શો પડ્યો છે અમ સાથે;
સતસંગીને કેદ કર્યા છે, શાથી તે ગુનેગાર ઠર્યા છે. ૫૨
ભૂપે ઉચ્ચારી ત્યાં વાણી એવી, અમારા કુળની છે જે દેવી;
તમે તેની નિંદા કરો છો, તેથી દ્વેષી અમારા ઠરો છો. ૫૩
એવું સાંભળીને કહ્યું હરિએ, અમે દેવની નિંદા ન કરીએ;
દેવ હિંદુના યવનના હોય, નિંદા કરીએ નહીં અમે તોય. ૫૪
સૌને પોતપોતા તણા ઈષ્ટ, અતિશે હોય વા'લા અભિષ્ટ;
તેની જો કાંઈ નિંદા કરાય, કલેશ ઉપજે દિલડું દુખાય. ૫૫
માટે શિષ્ય અમારા જે હોય, દેવનિંદા કરે નહિ કોય;
એવી આજ્ઞા કરેલી છે અમે, કરે નિંદા તે અમને ન ગમે. ૫૬
સુણી રાજાએ માનિયું સત્ય, મોટાપુરુષ ન બોલે અસત્ય;
સારા વિનતિના શબ્દ સુણાવ્યા, પાલખીમાં પ્રભુ પધરાવ્યા. ૫૭
કહ્યું એમ વળી કર જોડી, હરિભકતોને મુકીશ છોડી;
દરબારમાં આવ્યા ઉમંગે, બેઠા ઓસરી માંહી પલંગે. ૫૮
કેદમાંથી છોડ્યા સતસંગી, આવ્યા સૌ હરિ પાસે ઉમંગી;
પછી ભૂપતિએ ભાવ લાવી, ભલી ભાતે રસોઈ કરાવી. ૫૯
બ્રહ્મચારીએ ત્યાં કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
સંતો જમવા બેઠા જેહ ઠામ, રહ્યા પિરસવા શ્રીઘનશ્યામ. ૬૦
સજી સાંજે સભા ઘણી સારી, ઘણી જ્ઞાનની વાત ઉચ્ચારી;
જ્ઞાનઅમૃતની વૃષ્ટિ થાય, સૌને આનંદ ઉર ન સમાય. ૬૧
કરે શ્રીહરિ દિવ્ય ચરિત્ર, ભાસે પૂરણ તેજ પવિત્ર;
પટેલે પેખ્યું ઐશ્વર્ય એવું, ટાળે સર્વના સંશય તેવું. ૬૨
સતસંગી થયો વ્રત ધારી, કહ્યું કાલે રસોઈ છે મારી;
બીજે દિવસે તો દીધી રસોઈ, જનો અચરજ પામીયા જોઈ. ૬૩
સતસંગી સહુને જમાડ્યા, સારી રીતે સંતોષ પમાડ્યા;
પછી હરિજનને ઘેર ઘેર, પધરામણી થઈ રુડી પેર. ૬૪
થઈ સર્વપ્રકારે ત્યાં શાંતિ, ભાંગી ગૈ સૌના મન તણી ભ્રાંતિ;
એવો મહાપ્રભુનો પ્રતાપ, એ તો અતિ અકળિત અમાપ. ૬૫

સૌને દઈ સુખનું એમ દાન, ગયા ભાદરે શ્રીભગવાન;
એવામાં હતો અશ્વિનમાસ[1], પણ વૃષ્ટિ થઈ ચારે પાસ. ૬૬
ત્રણ દિવસ લગી એલી લાગી, તેથી ટાઢ અતિશય જાગી;
સાધુઓને નિયમ હતું એવું, વનમાં જ અહોનિશ રહેવું. ૬૭
એક વાર જ વસ્તીમાં જાવું, રાંધ્યું માગી ગોળા વાળી ખાવું;
વનમાં એક આસન વાળી, બેસવું સ્થિર નિદ્રાને ટાળી. ૬૮
ધર્મનંદનું ધ્યાન ધરવું, વરુ વાઘ થકી નહિ ડરવું;
ઘણી વૃષ્ટિ થકી પડી ઠંડ, કરિ તે પણ સહન અખંડ. ૬૯
એક સાધુ અવાચક[2] થયા, તેને જોવા ગોવાળીયા ગયા;
નહીં બોલ્યા બોલાવતાં એહ, ત્યારે જાણ્યું તજી ગયા દેહ. ૭૦
જઈને મૂળજીભક્તને ઘેર, બોલ્યા ગોવાળીયા એવી પેર;
વનમાં એક સાધુ તમારા, ટાઢ્યે પામ્યા છે મૃત્યુ બિચારા. ૭૧
તેના દેહ જે બાળો ડટાવો, થતું હોય તે રીતે કરાવો;
પછી ત્યાં મૂળજીભક્તે જઈ, જોઈ સાધુની જે સ્થિતિ થઈ. ૭૨
જાણ્યું ટાઢથી થીજી ગયા છે, તેથી શબ સમ સાધુ થયા છે;
મગના ઘણા પાથરા લાવી, ગુફા તે ગોઠવીને બનાવી. ૭૩
મુક્યો તે માંહી સાધુનો દેહ, થયા તેથી સજીવન તેહ;
ઘેર જઈને રસોઈ કરાવી, સાધુને ખવરાવ્યું તે લાવી. ૭૪
ભક્ત મુળજી ગામમાં ગયા, સાધુ તો તેહ વનમાં જ રહ્યા;
એવા સાધુને અતિ ધન્ય ધન્ય, નહીં શ્રીજીનું લોપે વચન. ૭૫
પ્રભુજી નિજ આજ્ઞા પળાવે, એ જ ઐશ્વર્ય મોટું કહાવે;
અજ ઈન્દ્ર ને શંકર જેવા, આગન્યામાં રહે એવા એવા. ૭૬
ભાદરામાં રહી ભગવાને, એવી લીલા કરી એહ સ્થાને;
ગયા ગઢપુર શ્રીઘનશ્યામ, દેતા દર્શન તે ગામોગામ. ૭૭
કર્યો અનકૂટ ઉત્સવ ત્યાંય, હરિજન હરખ્યા મનમાંય;
ન મળે શિવ બ્રહ્માને જેવું, ગઢપુરવાસી લે સુખ એવું. ૭૮

૧. આસોમાસ ૨. બેહોશ, બેભાન

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ગઢપુર પરમેષ્ટ[1] ધામ પ્રીછે, તહિં રહી અક્ષરધામને ન ઈચ્છે;
પ્રગટ પરમનાથ જ્યાં બિરાજે, અતિ સુખ ત્યાં જ અનેક છેક છાજે. ૭૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ભાદરાગામે પ્રેમજીવણીક આખ્યાનકથનનામા વિંશતિતમો વિશ્રામઃ ॥૨૦॥*

**પૂર્વછાયો :**

પ્રભુ ચાલ્યા ગઢપુર થકી, દેવા દાસને દર્શનદાન;
કૃષ્ણ ગયા ગામ કોટડે, ભક્તિતનુજ શ્રીભગવાન. ૧

**ચોપાઈ :**

ગયા ગોંડળપુર સુખદાઈ, મળ્યા ભૂપતિ ત્યાં હઠીભાઈ;
કહ્યું તેણે આંહી સ્થિર ઠરો, મોટું મંદિર આ સ્થળે કરો. ૨
કહે શ્રીહરિ મંદિર થશે, જ્યારે ઈશ્વરની ઈચ્છા હશે;
એવું આપી તેને વરદાન, કાળાવડ ગયા કરુણાનિધાન. ૩
ખત્રિ જાદવજી તણે ઘેર, ઉતર્યા જઈ તે રુડી પેર;
માણાવદરમાં મહારાજ, ગયા દર્શન દેવાને કાજ. ૪
સામા આવિયા ભટ મયારામ, બીજા પણ ત્યાંના ભક્ત તમામ;
પ્રભુએ ત્યાં પ્રબોધિની કીધી, કાંઇ ખામી નહીં કોઈ વિધિ. ૫
ભટે વિનતિ કરી પ્રભુ પાસ, મહારાજ રહો એક માસ;
બોલ્યા ત્રિભુવનના પતિ ત્યારે, કચ્છદેશ જવું છે અમારે. ૬
ચાલ્યા ત્યાં થકી ધર્મનિધાન, ગયા ભાદરે શ્રીભગવાન;
ગામ જોડીએ દર્શન દઈ, આમરણમાં રહ્યા પછે જઈ. ૭
ધૂળકોટે ને પીપળીયામાં, ત્યાં થકી ગયા ગામ ભેલામાં;
વિપ્ર ગોવિંદજીને નિવાસે, કર્યો ઉતારો શ્રીઅવિનાશે. ૮
ગયા ગોવિંદ માળિએ ગામ, દરબારમાં ઉતર્યા શ્યામ;
રણ ઉતરી વાંઢીએ ગયા, ત્યાંથી આધોઈમાં જઈ રહ્યા. ૯

---

૧. શ્રેષ્ઠ

જાડેજા લાધાજી દરબાર, ત્યાં જૈ ઉતર્યા ધર્મકુમાર;
જમ્યા સંત તથા ભગવંત, ભાળી ભૂપનો ભાવ અત્યંત. ૧૦
સ્વામી મા'નુભાવાનંદ આવ્યા, ઘોડાસરપતિનો પત્ર લાવ્યા;
લખેલો એમાં એટલો સાર, ક્યારે આવશો જગત આધાર. ૧૧
પૂછ્યું શ્રીજીએ સ્વામીને એમ, વાતો ચાલે છે દેશમાં કેમ;
ત્યારે સ્વામીએ ઉત્તર દીધો, તમે યજ્ઞ ડભાણમાં કીધો. ૧૨
તેની ચાલે છે વાત તમામ, એ જ સાંભળીએ ઠામોઠામ;
ત્યારે શ્રીજીએ વાત સંભારી, કરી યજ્ઞ તણી વિસતારી. ૧૩
વસીને વળી આધોઈ ગામે, ઘણી લીલા કીધી ઘનશ્યામે;
ગિરધર ત્યાંથી ભચાઉ ગયા, ત્યાંથી ખોખરામાં જઈ રહ્યા. ૧૪
હતી પાણીની ત્યાં બહુ તાણ, પ્રાણીનાં તેથી પીડાતાં પ્રાણ;
હરિજનને કહે ઘનશ્યામ, ખોદો કૂપ નિકળશે આ ઠામ. ૧૫
ખોદતાં કૂપ નીકળ્યો ત્યાંય, જળ ખૂટે નહીં તેહમાંય;
એવો પેખી પ્રભુનો પ્રતાપ, સતસંગી થયા જન આપ. ૧૬
ભુજનગર પ્રભુજી પધાર્યા, હરિભક્તના હરખ વધાર્યા;
પ્રૌઢ લીલા કરી પરમેશ, લખતાં વધે ગ્રંથ વિશેષ. ૧૭
ગયા માનકુવે મુનિનાથ, હતો સંઘાથે સંતનો સાથ;
રવાગઢમાં ગયા રુડી પેર, શેઠજી હંસરાજને ઘેર. ૧૮
જમીને ત્યાંથી નટવરનાવ, ગયા જ્યાં ગામ કાળાતળાવ;
ભક્ત મેઘજી સુતાર નામ, ઉતર્યા પ્રભુ તેહને ધામ. ૧૯
ગયા માંડવીબંદર શ્યામ, મે'તા ત્યાં તો રહે શિવરામ;
ત્રણ દિન રહ્યા તેહને ઘેર, જ્ઞાનવાતો કરી રુડી પેર. ૨૦
ગામ દોણ તથા ગામ ઘાણ, પછી ત્યાં ગયા શ્યામ સુજાણ;
ત્યાંથી કૃષ્ણ ગયા ગામ તેરે, રહ્યા માવજી સુતાર ઘેરે. ૨૧
પ્રાગજી દવેને ત્યાં તેડાવી, પારાયણ ભાગવતની કરાવી;
સુણવા સંત સૌને તેડાવ્યા, તેઓ જ્યાં હતા ત્યાં થકી આવ્યા. ૨૨
આવે સંત જે જે પાસે ચાલી, ભેટે શ્રીહરિ બાથમાં ઘાલી;
વળી પૂછે બધા સમાચાર, દેશકાળ કેવો છે તે ઠાર. ૨૩

સાત દિવસે પારાયણ થઈ, સર્વે રાજી થયા સુણી લઈ;
દવેજીની પૂજા પછી કીધી, યથાયોગ્ય તે દક્ષિણા દીધી. ૨૪
સંત માધુકરી માગી લાવ્યા, પાણી છાંટીને ગોળા વળાવ્યા;
જમવા બેઠા તે સંત જ્યારે, ત્રિભુવનપતિ બોલિયા ત્યારે. ૨૫
આંહીથી હવે ચાલશું અમે, ઝટ પાછળ આવજો તમે;
એમ કહી વિચર્યા ભગવંત, જમી ચાલિયા તરત જ સંત. ૨૬
થયેલો હતો મધ્યાહ્નકાળ, રવિ તાપ તપ્યો વિકરાળ;
સંતો જોડા ન પહેરતા હતા, ચાલતાં અતિ ચરણ દાઝતા. ૨૭
સંતને શ્રીજીએ દીઠા જ્યારે, પોતે પણ કાઢ્યાં પગરખાં ત્યારે;
એક વિપ્રને દીઠો દયાળે, તેને આપી દીધાં તતકાળે. ૨૮
પગે દાઝતા શ્યામ સિધાવ્યા, એક બાવળ આગળ આવ્યા;
બેઠા છાયામાં ત્યાં ભગવંત, ત્યાં તો આવી બેઠા સહુ સંત. ૨૯
સ્વામી મા'નુભાવાનંદ પાસ, ઉચર્યા એમ શ્રીઅવિનાશ;
કહો આજ બળ્યા પગ કેવા, ત્યારે લાગ્યા તે ઉત્તર દેવા. ૩૦
અમદાવાદ માંહી ઉનાળે, ઝોળી માગીએ મધ્યાહ્નકાળે;
ત્યારે દાઝે છે પગ મહારાજ, એવાં દાઝ્યાં ચરણ અતિ આજ. ૩૧
દેખ્યાં દાઝતાં ચરણ તમારાં, એથી અંતર દાઝ્યાં અમારાં;
કહે શ્રીજી સુણો મુનિરાય, તપ સાધુને કરવું સદાય. ૩૨
ચાલ્યા ત્યાંથી મનોહર માવ, આવ્યા જ્યાં ગામ કાળાતળાવ;
રહી ત્યાંના તળાવની પાળે, સંતો આગળ શ્રીધર્મલાલે. ૩૩
જ્ઞાન વૈરાગ્યની કરી વાત, એમાં ઊંડું રહસ્ય અઘાત;
સ્વરૂપાનંદ આદિક સાધુ, બારનું એક મંડળ બાંધ્યું. ૩૪
ગુજરાતમાં ફરવાને કાજ, ત્યાંથી મોકલ્યો તેહ સમાજ;
સતસંગીયોને લખ્યું એમ, કરજો સાધુ આ કહે તેમ. ૩૫
પછી ત્યાં થકી શ્રીજી સિધાવ્યા, ગામ માનકુવે વળી આવ્યા;
ભુજનગર ગયા ભગવાન, શ્યામસુંદર સુખના નિધાન. ૩૬
સારા ભક્ત સુંદરજી સુતાર, તેને ઘેર રહ્યા તેહ વાર;
પણ વારે વારે કહે વાત, અમે જાશું સોરઠ ગુજરાત. ૩૭

કહે સુંદરજી સુણો નાથ, કેમ બંધાણા તે દેશ સાથ;
જુનો સત્સંગ છે કચ્છ માંહિ, રહેવું ઘટે ઝાઝું તો આંહી. ૩૮
મારા ઉપર જો હોય મેહેર, સદાકાળ રહો મુજ ઘેર;
પ્રભુએ ત્યારે થઈને પ્રસન્ન, આપ્યું સુંદરજીને વચન. ૩૯
કહેશો આંહીથી જાઓ તમે, ત્યારે આંહિથી જાશું જ અમે;
એમ કહીને રહ્યા હરિરાય, નિત્ય જ્ઞાનની વારતા થાય. ૪૦
પ્રભુને પગે ગુમડું થયું, વધતાં વધતાં વધી ગયું;
રાખ્યું આસન તો મેડામાંય, કરે દેહક્રિયા સર્વ ત્યાંય. ૪૧
ભુજના ભૂપનો કારભારી, હતો તે હરિનો દ્વેષકારી;
જગજીવન તેહનું નામ, નાત નાગર બહુ ધનધામ. ૪૨
સતસંગી થઈ તેની નારી, શિરસાટે તેણે ટેક ધારી;
જગજીવનને કેવો દ્વેષ, સાંભળો કહું તેહ નરેશ. ૪૩
સારો હય કે બળદ નિજ ધામ, પાડતો સહજાનંદ નામ;
કાંઈ વાત કરે વળી જ્યારે, બોલે શ્રીજીનું નામ તુંકારે. ૪૪
ભક્ત સુંદરજી જે સુતાર, રાજમાં તેનું માન અપાર;
ઘણો તાવ આવ્યો તેને તન, ત્યારે મે'તો તે જગજીવન. ૪૫
તેને જોવા તેને ઘેર ગયો, સમાચાર પુછી સ્થિર થયો;
પછી તેણે પૂછ્યું તેહ ઠામ, સહજાનંદ છે કયે ગામ. ૪૬
આપતા હતા ઉત્તર કાંય, આપોઆપ બોલ્યા પ્રભુ ત્યાંય;
અહીંયા સહજાનંદ હું છું, તમ પાસે હું તરત આવું છું. ૪૭
એમ કહિ હરિ ઉતર્યા હેઠા, કારભારી પાસે આવી બેઠાં;
કારભારીએ પૂછિયું એમ, પરમેશ્વર છો તમે કેમ. ૪૮
રાધા લક્ષ્મી તણો પતિ હોય, પરમેશ્વર કહેવાય સોય;
ત્યારે બોલ્યા પ્રભુ તેહ સાથ, હું છું રાધા ને લક્ષ્મીનો નાથ. ૪૯
હું તો છું સચ્ચિદાનંદ બ્રહ્મ,, મને ગાય નિગમ ને આગમ;
ચડ્યો ક્રોધ એવા સુણી બોલ, થયાં નેણ તેનાં રાતાં ચોળ. ૫૦
ગયો ઘેર તે રીસ ચડાવી, આરબોની બેરખને બોલાવી;
કહ્યું આરબ ઝાઝા સિધાવો, સહજાનંદને બાંધી લાવો. ૫૧

જાણી હીરજીભાઈએ વાત, સગા સુંદરજીના તે ભ્રાત;
કહ્યું જૈને રહો ઘનશ્યામ, ગંગારામજી મલ્લને ધામ. ૫૨
ગંગારામે કહ્યું રુડી પેર, પધારો પ્રભુજી મારે ઘેર;
બધા મલ્લ મરી જશું જ્યારે, દેશું તમને પકડવાને ત્યારે. ૫૩
કારભારીની ભારજા[1] કેરો, મગાવ્યો રથ સરસ ઘણેરો;
કહે સુતારને મહારાજ, તમારા કહ્યાથી જાઉં આજ. ૫૪
પ્રતિજ્ઞા મારી મેં પૂરી કરી, એમ કહી રથે બેઠા હરી;
ગંગારામજી મલ્લને ઘેર, પ્રભુજી તો રહ્યા રુડી પેર. ૫૫
નાત મલ્લની ત્યાં ભેળી થૈને, ઉભી હાથમાં હથિયાર લૈને;
આરબોની હલાં હતી જેહ, ગઈ સુતારને ઘેર તેહ. ૫૬
પુછ્યું જૈ સહજાનંદ ક્યાં છે, કહ્યું મલ્લને ઘેર ગયા છે;
મલ્લ લડવા થયા છે તૈયાર, એવી વાત જાણી જેહ વાર. ૫૭
ત્યારે આરબ તે પાછા ગયા, સમાચાર દીવાનને કહ્યા;
સુણી દીવાન બોલ્યો ન કાંઈ, સમજીને રહ્યો મનમાંઈ. ૫૮
દ્વેષનું ફળ પામ્યો દીવાન, ચૌટા વચ્ચે મરાણો નિદાન;
મોટા પુરુષનો દ્વેષ જે કરે, મહાપીડા તે પામીને મરે. ૫૯
કહે મલ્લ મહાપ્રભુ પાસ, મારે ઘેર રહો એક માસ;
અમે દર્શનનું સુખ લૈયે, સુણી જ્ઞાન કૃતારથ થૈયે. ૬૦
કહે શ્રીજી સુણો તમે સુજ્ઞ, કરવો છે જેતલપુર જજ્ઞ;
માટે ત્યાં જવું પડશે જરુર, એવી ઈચ્છા અમારે છે ઉર. ૬૧
એમ કહી હરિ ત્યાંથી વિચરિયા, આવી રાત અંજારમાં ઠરિયા;
ત્યાંથી ભૂધર આવ્યા ભચાઉ, સતસંગી ગયા સામા ગાઉ. ૬૨
ગયા માળિએ શ્રીમહારાજ, ત્યાંથી પીંપળીએ જન કાજ;
ગયા વણથળિએ વૃષનંદ, ભાયાવદરે આનંદકંદ. ૬૩
માણાવદરમાં મહારાજ, વિચર્યા લઈ સંતસમાજ;
ભટજી મયારામને ઘેર, પ્રભુજી ઉતર્યા રુડી પેર. ૬૪
પ્રભુને પધરાવી પલંગે, પૂજ્યા ભટજીએ અધિક ઉમંગે;
ભટજીએ ત્યાં થાળ કરાવ્યો, ધર્મનંદનને તે ધરાવ્યો. ૬૫

૧. પત્નિ

સર્વ સંતને દીધી રસોઈ, જમ્યા સૌ ભટ્ટનો ભાવ જોઈ;
ભટજીને કહે ભગવાન, તમે સાંભળો બુદ્ધિનિધાન. ૬૬
ઘણા ઓખાઈ[૧] જોડા કરાવો, સર્વ સાધુઓને પહેરાવો;
તાપે સાધુના દાઝે છે પાય, મારું અંતર એથી દુખાય. ૬૭
પછી ભટજીએ જોડા કરાવ્યા, સર્વે સાધુઓને પહેરાવ્યા;
માણાવદરનો મહીનાથ, હરિને નમ્યો જોડીને હાથ. ૬૮
બીબીયોએ કહાવિયું ત્યારે, કેમ દર્શન થાય અમારે;
ભટજી કહે બારીએ બેસો, ચક નાખી ઓઝલમાં રહેશો. ૬૯
આવશે શ્રીજીની અસવારી, તમે નીરખજો નેણ ધારી;
એમ શ્રીજીએ દર્શન દીધાં, સર્વ જનને કૃતારથ કીધાં. ૭૦
કોટી બ્રહ્માંડના કરતાર, સકળેશ્વર સર્વઆધાર;
ઈચ્છે અજ હરને સુરરાય, તોય દર્શન જેનાં ન થાય. ૭૧
કોટિ કલ્પનું સુકૃત ફળે, ત્યારે તેહનું દર્શન મળે;
જેણે જેણે કર્યા દરશન, અવતાર એનો ધન્ય ધન્ય. ૭૨
પછી સંતનો લઈને સમાજ, જુનેગઢ ગયા શ્રીમહારાજ;
ઉતર્યા ઝીણાભાઈને ઘેર, તેણે સેવા સજી સારી પેર. ૭૩
પછે ચાલીયા પ્રાતસકાળે, ગયા વણથળી થઈને પંચાળે;
પંચાળુ ઝીણાભાઈનું ગામ, માટે આવિયા તે તેહ ઠામ. ૭૪
જોવા જે સંત કેવા છે સહુ, પ્રભુ પ્રકરણ ફેરવે બહુ;
ત્યારે પ્રકરણ ફેરવ્યું એવું, મન માગે તે તનને ન દેવું. ૭૫
અનાદર થાય મન મોઝાર, નિત્ય એવો જ કરવો આહાર;
ઝીણાભાઈએ સૌને પૂછ્યું, તમને નહિ ભાવે તે શુંય. ૭૬
ત્યારે કોઈ કહે ખોરી જાર, તેની બાટી જ હું તો ખાનાર;
કહે કોઈ હું કોદારા કેરો, રોટલો જ જમીશ ઘણેરો. ૭૭
કહે કોઈ હું બાવટો ખાઉં, મનઈચ્છાથી ઉલટી થાઉં;
કહે કોઈ હુંતો ખાઉં બંટી, શબ્દ દળતાં કરે નહી ઘંટી. ૭૮
જેને મનને ગમે નહીં જેહ, અન્ન ખાવાને માગીયું એહ;
ઝીણાભાઈએ શ્રીપ્રભુ પાસ, કરી વાત તે સર્વ પ્રકાશ. ૭૯

૧. પગરખાંની જાત

આ તો જુદું જુદું માગે ખાવું, કહો ક્યાં થકી તે પ્રભુ લાવું;
કહે શ્રીજી કરો એ ઉપાય, ખોરી જારના ખાખરા થાય. ૮૦
અમારી સાથે જે ફરનાર, નિત્ય એવો કરે જ આહાર;
ગળ્યું ચીકણું જે કહેવાય, એવું ખાવાનું તે નહીં ખાય. ૮૧
ખોરી જારના ખાખરા કીધા, શ્રીજીએ સૌને પીરસી દીધા;
અલૈયે ખાચરે માંડ્યા ખાવા, પણ તેને તો છેક ન ભાવ્યા. ૮૨
નવ ભાવે તથાપિ તે ખાય, હુબકો થઈ નીકળી જાય;
એવું દેખી મુળુભાઈદાસે, કહી વાત તે શ્રીજીની પાસે. ૮૩
રોટલો સારો હરિએ કરાવ્યો, અલૈયાને તે ખાવા અપાવ્યો;
ખાઈને પસતાયો બહુય, બીજા નિઃસ્વાદી સ્વાદીયો હુંય. ૮૪
પછી તે તો જઈ તેહ કાળે, રોવા બેઠા તળાવની પાળે;
કહ્યું કોઈએ શ્રીહરિ પાસ, રુવે છે એક આપનો દાસ. ૮૫
કહ્યું પર્વતભાઈને નાથે, તેડી લાવો તમે ઝાલી હાથે;
પછી ત્યાં ગયા પર્વતભાઈ, તેને તેડી લાવ્યા કર સાઈ. ૮૬
તેને પુછે મહાપ્રભુ એમ, તમે ત્યાં જઈને રોયા કેમ;
અલૈયો કહે એમ મુઝાણો, બીજા નિઃસ્વાદી હું સ્વાદી જાણો. ૮૭
ખોરી જાર મને નહીં ભાવી, અકળામણ એ થકી આવી;
કહે શ્રીજી મારું કહ્યું માનો, જમજો રોટલો બાજરાનો. ૮૮
એવી આજ્ઞા કરી હરિ જ્યારે, અલૈયાને થયું સુખ ત્યારે;
દયા એવી દયાળુ ધરે છે, નિજ ભક્તની રક્ષા કરે છે. ૮૯
એક અવસરમાં મહારાજ, નદીએ ગયા ના'વાને કાજ;
પ્રાણાયામ કર્યો પાણીમાંય, બ્રહ્મરંધ્રે ચડ્યો શ્વાસ ત્યાંય. ૯૦
સર્વે ઐશ્વર્ય શ્યામ ધરે છે, વળી લીલા વિચિત્ર કરે છે;
સમાધિમાં રહ્યા ઘણી વાર, નાજે જોગીએ દીઠા તે ઠાર. ૯૧
અતિ ઉંચે સ્વરે હરિ કેરી, તેણે પ્રાર્થના કીધી ઘણેરી;
સમાધિમાંથી શ્રીહરિ જાગ્યા, નાજાભક્તને કહેવાને લાગ્યા. ૯૨
મારો સહજ સ્વભાવ છે જાણ, બ્રહ્મરંધ્રે ચડી જાય પ્રાણ;
તમે ઠીક જગાડ્યો અત્યારે, કોણ જાણે હું જાગત ક્યારે. ૯૩

પ્રભુજીએ પંચાળા મોઝાર, એવી લીલા તો કીધી અપાર;
વિચર્યા ત્યાંથી સુંદરશ્યામ, ફરતા ફરતા ઘણાં ગામ. ૯૪
જેતપુર ગયા જનદુઃખહારી, ત્યાંથી ગોંડળ ગિરિવરધારી;
કોટડે થઈ વાંકિએ ગયા, પછી ગઢપુર જઈ સ્થિર થયા. ૯૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ગઢપુર સમ કોઈ અન્ય ધામ, પ્રિય હરિને નહિ ધામ કોઈ ઠામ;
ફરિ ફરિ ગઢપત્તને જ આવે, વળિ વિચરે પણ ચિત્ત ત્યાં ઠરાવે. ૯૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિકચ્છદેશવિચરણનામ એકવિંશતિતમો વિશ્રામઃ ॥૨૧॥*

**પૂર્વછાયો :**

જીવન જેતલપુર જવા, વળી ચિત્તમાં કીધો વિચાર;
પરવરતાં ગઢપુર થકી, લીધા પાર્ષદ સંત અપાર. ૧

**ચોપાઈ :**

મહાસમરથ હરિ સાક્ષાત, જાણે ભૂત ભવિષ્યની વાત;
શું છે જેતલપુરમાં થવાનું, નથી તેહ પોતાના થકી છાનું. ૨
ઝીંઝાવદર વાલો સિધાવ્યા, સર્વે સત્સંગી કાઠી તેડાવ્યા;
કહે કૃષ્ણ ચાલી શકો જેહ, અમ સાથ તો આવજો તેહ. ૩
દોડવુંયે પડે કોઈ ઠામ, થાકી જાય તેનું નથી કામ;
દરબાર અલૈયા ખાચરનો, હતો ત્યાં ઉતારો હરિવરનો. ૪
સારો સામાન તેને મગાવી, રસોઈ ભલી ભાત કરાવી;
જમ્યા શ્રીહરિ ને જમ્યા સંત, જમ્યા કાઠિયો પણ મતિમંત. ૫
પછી કાઠીયોયે રુડી પેર, ઘોડાં તો મોકલાવિયાં ઘેર;
ચાલ્યા પાળા થઈ તેહ ટાણે, તેનું કારણ તો કૃષ્ણ જાણે. ૬
ગયા શ્રીહરિ અડવાળ ગામ, તુળજારામ વિપ્રને ધામ;
રંગભીનો જઈ રહ્યા રાત, તેણે સેવા સજી ભલી ભાત. ૭

બળોલે ગયા શ્રીઅવિનાશ, વશરામ ચારણને નિવાસ;
રુડી લીલા કરે હરિરાય, દેખવાને આવે દેવતાય. ૮
કોઠ્ય કેરી બજારમાં થૈને, જન સર્વને દરશન દૈને;
ધોળકે ગયા ધર્મકુમાર, રેવાશંકર કેરે અગાર. ૯
ગયા જેતલપુર જગદીશ, અગણિત બ્રહ્માંડના ઈશ;
પાદશાહી મહેલ જોઈ સારો, કર્યો તેમાં શ્રીકૃષ્ણે ઉતારો. ૧૦
મુક્તાનંદ આદિક સહુ સંત, આવ્યા મંડળ સહિત મહંત;
આસોપલ્લવના ઝાડ પાસ, સભા સારી રચે અવિનાશ. ૧૧
પ્રેમે સદ્‌ગુરુઓ પૂજા કરે, નિરખી છબી અંતરે ધરે;
દેશદેશના હરિજન આવ્યા, તે તો ભેટ ભલી ભલી લાવ્યા. ૧૨
આનંદાદિક સ્વામીને કહ્યું, લાવો યજ્ઞનો સામાન બહુ;
ભૂમિ તો કરી સ્વચ્છ વળાવી, કુંડ મંડપ વેદી કરાવી. ૧૩
ઘૃત ખાંડ ને ઘૌં તો મંગાવ્યા, ભક્તો ગાડાં ભરી ભરી લાવ્યા;
જે જે જોઈયે વસ્તુ જરૂર, તેને લાવી ભરી ભરપુર. ૧૪
ચારે વેદના વિપ્ર તેડાવ્યા, અતિ હર્ષ સહિત એહ આવ્યા;
ઉમરેઠમાં શ્રીજી સિધાવ્યા, નંદુભાઈએ ત્યાં જ તેડાવ્યા. ૧૫
કરી પૂજા પૂરો ધરી પ્યાર, રુપૈયા તો આપ્યા શત બાર;
રહ્યા ત્યાં પ્રભુજી એક રાત, આવ્યા જેતલપુર જગતાત. ૧૬
જયાબાઈ આદિક ગઢપુરથી, આવ્યાં આનંદ ધારીને ઉરથી;
થયો યજ્ઞસામાન તૈયાર, ચોખા વચમાં દિવસ રહ્યા ચાર. ૧૭
ત્યારે શ્રીપુરના જને આવી, ઘણી શ્રીજીને વિનતિ સુણાવી;
ચાલો શ્રીહરિ શ્રીપુર માંહી, રહી બે દિન આવજો આંહીં. ૧૮

**પ્રમાણિકા છંદ :**

નમામિ સંતનાયકં, સદૈવ સૌખ્યદાયકં;
અનેકવિશ્વકારણં, સુધર્મધૌર્યધારણં. ૧૯
કુપંથગ્રંથખંડનં, સ્વકીયમાર્ગમંડનં;
નમામિ મુક્ત અર્ચિતં, સુચંદનાદિચર્ચિતં. ૨૦
નમો ભવાબ્ધિપારદં, સમસ્તશાસ્ત્રસારદં;
નમો નરાકૃતિધરં, અપારઈશ્વરેશ્વરં. ૨૧

સુરારિગર્વગંજનં, સ્વભક્તભીતિભંજનં;
મનોવિકારભંજનં, નમો નમો નિરંજનં. ૨૨
પયોજપત્રલોચનં, મનોજમાનમોચનં;
નમામિ વિઘ્નવારણં, મદાંધદુષ્ટમારણં. ૨૩
સુધૌતવસ્ત્રસંધૃતં[૧], સદૂર્ધ્વપુંડ્રકં કૃતં;
પદાબ્જભક્તપાલકં, ભજામિ ભક્તિબાલકં. ૨૪

**ચોપાઈ :**

પ્રભુ શ્રીપુર માંહી પધારો, અમને અતિ હર્ષ વધારો;
સુણી શ્રીહરિ ઉત્તર દે છે, રાજના જન દ્વેષ કરે છે. ૨૫
તમે જાણો છો તે તો બધાય, માટે ત્યાં હમણાં ન અવાય;
યજ્ઞ આ પૂરો થાય ન થાય, તેનું પણ નક્કી કહી ન શકાય. ૨૬

**શાર્દૂલવિક્રીડિત :**

એવાં વેણ સુણી હરિમુખ તણાં ભક્તો ઉદાસી થયા,
આશાભંગ ઉમંગભંગ થઈને દુઃખી દિલે થૈ ગયા;
જાણ્યું યજ્ઞ ન જો થશે પ્રભુ જશે ક્યાંથી સમૈયો થશે,
ઈચ્છા અંતરની બધી રહિ જશે હોનાર એવું હશે. ૨૭

**ચોપાઈ :**

એવામાં તો બની એક વાત, કહું તે તમે સાંભળો ભ્રાત;
ચલોડા ગામમાં જીતબાઈ, સતસંગમાં શ્રેષ્ઠ ગણાઈ. ૨૮
લલિતા ને જયાબાઈ જેવી, ઉપમા એને આપીએ એવી;
મંદવાડ સુણ્યો એને અંગ, ગયા દર્શન દેવા શ્રીરંગ. ૨૯
ભાઉ સાહેબ શ્રીપુર માંય, પેશવાનો સુબો કહેવાય;
એને જૈને કહે જન અજ્ઞ, કરે છે સહજાનંદ જજ્ઞ. ૩૦
જો તે જજ્ઞ પુરેપુરો થાશે, રાજ્ય પેશવાનું નકી જાશે;
કર્યો પ્રથમ જગન એહ જ્યારે, તવ તાત મુવા તેહ વારે. ૩૧

૧. સ્વચ્છ વસ્ત્રોને ધારણ કરનાર

જજ્ઞ આ જો પૂરો હવે થાશે, નકી જીવ તમારો જ જાશે;
એવું સાંભળી હરિને પકડવા, જજ્ઞભંગ કરીને કનડવા. ૩૨
મોટી ફોજ તેણે મોકલાવી, એ તો જ્યારે જેતલપુર આવી;
પૂછ્યું સ્વામિનારાયણ ક્યાં છે, કહ્યું આંહિથી ક્યાંઈ ગયા છે. ૩૩
પત્તો લાગ્યો પ્રભુનો ન જ્યારે, ફોજ પાછી વળી ગઈ ત્યારે;
આવ્યા જેતલપુર જગતાત, મુક્તાનંદે કહી બધી વાત. ૩૪
પછી ખેડે ગયા મહારાજ, અંગરેજનું ત્યાં હતું રાજ;
કલેકટરને કહ્યું જઈ હરિયે, કરો મદદ તો ત્યાં જજ્ઞ કરીએ. ૩૫
ત્યારે સાહેબે એમ ઉચ્ચાર્યું, નથી જેતલપુર તો અમારું;
ખેડામાં જો કરો જજ્ઞ તમે, કરિએ તો સહાયતા અમે. ૩૬
મળ્યા એરણ સાહેબ નામ, મળ્યા રોબટ પણ તેહ ઠામ;
મળ્યા ડુગલ સાહેબ તે ટાણે, સર્વ શ્રીહરિને તે વખાણે. ૩૭
કહ્યું ધર્મ ચલાવો છો સાર, તજાવો છો ચોરી વ્યભિચાર;
નિંદો છો મધુપાનનો રાહ, એથી થાય છે ઓછા ગુનાહ. ૩૮
જે જે થાય છે દાસ તમારા, તે તો સુધરીને થાય છે સારા;
પ્રશંસા તો એવી ઘણી કીધી, તે તો શ્રીજીએ સાંભળી લીધી. ૩૯
આનંદાનંદને તેહ વાર, કહાવ્યા પ્રભુએ સમાચાર;
યજ્ઞ ત્યાં આ સમે નહીં થાય, સર્વ સંઘને કરજો વિદાય. ૪૦
આદિ જુગમાં અસુર બહુ ફરતા, તે તો જજ્ઞ તણો ભંગ કરતા;
જજ્ઞ ભંગ કરે જ્યારે રાય, તેને પાપે તેનું રાજ્ય જાય. ૪૧
પેશવાના સુબા આજ જે છે, મહાયજ્ઞનો ભંગ કરે છે;
તેનું ફળ તો તરત તેને થાશે, જાણજો જે તેનું રાજ્ય જાશે. ૪૨
કાળ આવે વિનાશનો જ્યારે, ઉપજે બુદ્ધિ વિપરીત ત્યારે;
અભ્યાગત કોઈ આવે એ ઠાર, અન્ન દેજો તેને શેર ચાર. ૪૩
નવું વસ્ત્ર દેજો નવ હાથ, રાજી કરજો અભ્યાગત સાથ;
એમ કહાવીને શ્યામ સુજાણ, દીનબંધુ પધાર્યા ડભાણ. ૪૪
રાયજીના કુબેરજી તાત, ઉતર્યા તેને ઘર નરભ્રાત;
મેડી ઉપર શ્રીમહારાજે, રાખ્યો ઉતારો એકાંત કાજે. ૪૫

માલ જેતલપુરથી મંગાવ્યો, એ તો અભ્યાગતોને અપાવ્યો;
અન્ન પ્રત્યેકને શેર ચાર, નવ હાથનું દે વસ્ત્રસાર. ૪૬
ત્યાં તો સુરતનો સંઘ આવ્યો, પ્રભુ પૂજવા સામાન લાવ્યો;
આવ્યા મલ્લ ત્યાં તો ગંગારામ, સૌએ પુજીયા શ્રીઘનશ્યામ. ૪૭
ગયા બુધેજમાં બહુનામી, રહી રાત ચાલ્યા સુખધામી;
દેતા દાસને દર્શનદાન, ગઢડે ગયા ગુણના નિધાન. ૪૮
ગઢપુરમાં રહી જગદીશે, સુખ દાસને દીધાં અતિશે;
દેહોખાચર ને મીણબાઈ, કરિયાણેથી આવીયાં ધાઈ. ૪૯
ભલો ભાવ અંતર માંહી ધારી, પ્રભુ આગળ અરજ ઉચારી;
ફુલડોલ ઉત્સવ એહ ટાણે, કૃપાનાથ કરો કરીયાણે. ૫૦
પછી આશ્રિતજન બહુ લૈને, કર્યો ઉત્સવ કરીયાણે જૈને;
કેસુડાં ને કેસર તણે રંગે, રમ્યા શ્રીહરિ સૌ જનસંગે. ૫૧
દેહા ખાચરને ભાવ આવ્યો, સારો પોશાક પ્રભુને ધરાવ્યો;
જામો સોનેરી ને સુરવાળ, કડાં સોનેરી કરમાં વિશાળ. ૫૨
એહ પોશાક લઈને મુનીશ, અલૈયાને આપ્યો બખશીશ;
કહ્યું એ જ સદા અંગે ધરજો, દેવા ઉપદેશ દેશમાં ફરજો. ૫૩
થઈ ત્યાં તો રસોઈ તૈયાર, જમ્યા જુક્તિથી જગકરતાર;
પ્રભુ પીરસી જમાડીયા સંત, જમ્યા હરિજન પણ ત્યાં અનંત. ૫૪
જે જેકાર કરી જગરાય, સર્વ સંઘને કીધા વિદાય;
ગઢપુર ગયા શ્રીગિરિધારી, ભક્તિનંદન ભવભયહારી. ૫૫
ગઢપુર અને ઉન્મત્તગંગ, એથી તીર્થ ન કોઈ ઉતંગ[1];
છપૈયે જનમ્યા અવિનાસ, કર્યો ગઢપુર માંહી નિવાસ. ૫૬
ગઢપુરમાં ફર્યા ઘેર ઘેર, કરી પાવન પૃથ્વી એ પેર;
રજ ગઢપુર સીમની જેહ, કરી સર્વ પ્રસાદીની તેહ. ૫૭

**દોહરો :**

ઘેલા સમ તીરથ નહીં, ગઢપુર સમ નહીં ધામ;
ગોપીનાથ સમ દેવ નહીં, શ્રીહરિ સમ નહિ નામ. ૫૮

૧. શ્રેષ્ઠ, ઉત્તમ

**ચોપાઈ :**

માટે તે ધામનો મહિમાય, સરવોપરિ શ્રેષ્ઠ ગણાય;
બીજું ધામ વળી વરતાલ, મહાશ્રેષ્ઠ જાણો મહીપાળ. ૫૯
વળી શ્રીજી બોલ્યા છે વચન, સુણો હેતથી સૌ હરિજન;
હરિનવમી પ્રબોધિની માંય, જાવું સૌ જને જાત્રાયે ત્યાંય. ૬૦
મારી આજ્ઞાને જો અનુસરો, બે સમૈયા તે વરતાલે કરો;
એવી આજ્ઞા હમેશની કીધી, સૌએ સ્નેહથી દિલ ધરી લીધી. ૬૧
વળી વરતાલમાં ઘણી વાર, રહ્યા આવીને ધર્મકુમાર;
બેય આચાર્ય આ સ્થળે સ્થાપ્યા, દેશના ભાગ બે કરી આપ્યા. ૬૨
શિક્ષાપત્રી જે ધર્મનો સાર, રચી તે વરતાલ મોઝાર;
મુખ્યદેવ અને મુખ્ય ગાદી, લખ્યા લક્ષ્મીનારાયણ આદિ. ૬૩
માટે વરતાલનો મહિમાય, ગણતાં તે ગણી ન શકાય;
બીજાં જે જે પ્રસાદીનાં ગામ, વળી જ્યાં વિચર્યા ઘનશ્યામ. ૬૪
કર્યા ચારુ ચરિત્ર તે ઠાર, સંભળાવું સ્મૃતિ અનુસાર;
એક અવસરે શ્રીગિરધારી, વરતાલ જવાનું વિચારી. ૬૫
સખામંડળને ઘણા સંત, સાથે લૈને ચાલ્યા ભગવંત;
ગયા ઝીંઝાવદર જગદીશ, આપ કોટિ બ્રહ્માંડ અધીશ. ૬૬
રહે અલૈયો ખાચર ત્યાંય, ઉતર્યા તેના દરબાર માંય;
તાત તેહનો સદગુણધામ, તેનું સામત ખાચર નામ. ૬૭
નામ માતાનું માંગલબાઈ, જેઠસુર અલૈયાનો ભાઈ;
જેઠસુરની નારીયો બેય, દેવુબાઈ બીજી રાણદેય. ૬૮
તેના સામત આલીગ પુત્ર, સારું શોભે તેથી ઘરસૂત્ર;
ખીમ બાલ ને સૂમરી બાઈ, ત્રણ પુત્રીયો તે પણ ડાઈ. ૬૯
ભક્ત અલૈયે લગ્ન ન કીધું, ઉર્ધ્વરેતા તણું વ્રત લીધું;
આખું કુટુંબ ઈશ્વર ભજે, તન મનથી કુસંગને તજે. ૭૦
સૌયે શ્રીહરિની સજી સેવા, ભલો લાવ અલૌકિક લેવા;
ભોજ ટાંક નામે ભલા ભક્ત, અતિશે હરિચરણે આસક્ત. ૭૧
તેની સુંદરી સાવલબાઈ, સતસંગી તે તેથી સવાઈ;
તેહ દંપતિએ શુભ પેર, તેડ્યા જમવાને જીવન ઘેર. ૭૨

સાથે લૈ સહુ પાર્ષદ સંત, તેને ભવન ગયા ભગવંત;
શુદ્ધ બ્રાહ્મણે કીધી રસોઈ, જમ્યા જીવન સદ્ભાવ જોઈ. ૭૩
પછી સંતની પંગત થઈ, પીરસ્યું પ્રભુએ પોતે જઈ;
ફળીયા વચે લીંબડા તળે, સભા સારી સજી તેહ પળે. ૭૪
ભોજે પૂજિયા શ્રીભગવંત, શેષ ચંદને અર્ચિયા સંત;
વધ્યું ચંદન પાત્રમાં જેહ, હરિએ લીધું હાથમાં તેહ. ૭૫
અરચા કરી તે લીંબડાને, સંતે પૂછી તે વાત વાલાને;
કેમ ઝાડને અરચા કરી, સુણી હેતથી બોલિયા હરિ. ૭૬
જોગી જોગથી ભ્રષ્ટ થયેલો, તેથી વૃક્ષનો દેહ ધરેલો;
પૂજ્ય જાણીને પૂજિયો એહ, થાશે મુક્ત જ્યારે તજે દેહ. ૭૭
સુણિ સૌ જન વિસ્મિત થયા, પછી શ્રીહરિ ઉતારે ગયા;
ઝીંઝાવદરમાં તેહ કાળે, ઘણી લીલા કરિ છે કૃપાળે. ૭૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

લલિત વિવિધ કૃષ્ણ કેરિ લીલા, હૃદય ધરે હરિભક્ત જે રસીલા;
સુણિ સુણિ ઉર ધારિ લેય જેમ, ચિત અતિ ચાહ વધે વિશેષ તેમ. ૭૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે જયતલપુરે*
*યજ્ઞભંગનિરૂપણનામ દ્વાવિંશો વિશ્રામઃ ॥૨૨॥*

**પૂર્વછાયો :**

ઝીંઝાવદરથી સંચરી, ગયા સારંગપુર ઘનશ્યામ;
ત્યાંથી ગયા ગુજરાતમાં, કરતા વચે વિશ્રામ. ૧

**ચોપાઈ :**

થોડા દિવસમાં દીનદયાળ, પહોંચ્યા ખેડે જનપ્રતિપાળ;
વાટે કૈકનાં કરતા કલ્યાણ, દીનબંધુ પધાર્યા ડભાણ. ૨
સૂતાં બેસતાં સરવે કાળ, વાલો સંભારે છે વરતાલ;
જેમ ઘરને સંભારે પ્રવાસી, એમ વરતાલને અવિનાશી. ૩

દીઠાં વરતાલનાં ઝાડ જ્યારે, બહુ રાજી થયા પ્રભુ ત્યારે;
નારાયણગરના મઠ માંય, ઉતર્યા વાલો આવીને ત્યાંય. ૪
નેણે નિર્ખીને શ્રીઅવિનાશી, હરખ્યા વરતાલના વાસી;
ઘેરઘેર જઈ જનપાળ, જમ્યા થાળ સ્વજનપ્રતિપાળ. ૫
કથા વારતા નિત્ય કરે છે, દાન જ્ઞાનનું દૈવીને દે છે;
થાય બ્રહ્મઆનંદની એલી, સૌને હૃદયે રહ્યો રંગ રેલી. ૬
રામનવમીનો ઉત્સવ કીધો, લાવો સૌ સતસંગીએ લીધો;
એ જ એકાદશી પૂર્ણમાસી, કરી વરતાલમાં અવિનાશી. ૭
પછી ચાલવા કીધી તૈયારી, ત્યારે વિનતિ કરે નરનારી;
વાલા આંહિ સદાકાળ વસો, કદી દૃષ્ટિથી દૂર ન ખસો. ૮
કરો આ સ્થળે આપનું ધામ, સરવોપરિ સુંદરશ્યામ;
એમ સૌને સ્નેહાતુર જાણી, વૃષનંદન બોલિયા વાણી. ૯
તમે સૌ જન ધીરજ ધારો, વળી વિશ્વાસ રાખો અમારો;
મોટું ધામ આ ઠામ કરીશ, સર્વ ધામમાં મુખ્ય ગણીશ. ૧૦
સુણી વાલાનાં એવાં વચન, થયાં શાંત સકળ જનમન;
પછી ચાલિયા શ્રીજી ને સંત, ગયા બુધેજમાં બળવંત. ૧૧
ગયા ત્યાં થકી ગોરાડ ગામ, ત્યાંથી ગઢડે ગયા ઘનશ્યામ;
રહ્યા રસ્તે જહાં જહાં રાત, તેની વિસ્તારી જો કહું વાત. ૧૨
વધે ગ્રંથનો બહુ વિસતાર, આખી ઉમરે આવે ન પાર;
માટે તે મુખ્ય ગામનાં નામ, તમને સંભળાવ્યાં આ ઠામ. ૧૩
ગઢપુર માંહિ શ્રીગિરધારી, વસ્યા વાસ સ્વધામને ધારી;
વળી એક સમે વૃષલાલ, જવા ઈચ્છા કરી વરતાલ. ૧૪
સાથે લૈ નિજ સંતસમાજ, ચાલ્યા ગઢપુરથી મહારાજ;
વાટે નિજજનનું ગામ આવે, દૈને દર્શન સુખ ઉપજાવે. ૧૫
દેતા દર્શન જનપ્રતિપાલ, પછી વાલો આવ્યા વરતાલ;
આસપાસના ગામોમાં ફરિયા, દૈવી જીવને ઉપદેશ કરિયા. ૧૬
સૌએ આંબાનો અવસર જોઈ, રસરોટલી દીધી રસોઈ;
એહ આંબાના ભાગ્ય અપાર, જેનાં ફળ જમ્યા જગતઆધાર. ૧૭

વરતાલમાં શ્રીવૃષલાલે, રથજાત્રા કરી તેહ કાળે;
આસપાસના હરિજન આવ્યા, સૌને આનંદ ઉર ઉપજાવ્યા. ૧૮
સિધાવ્યા વરતાલથી શ્યામ, રહ્યા જ્યાં ગામ લીંબાશી નામ;
ત્યાંથી કૌકે ગયા કરતાર, ગયા ખસતે ભુવનભરતાર. ૧૯
ગયા બોટાદમાં બહુનામી, ત્યાંથી ગઢપુરમાં ગયા સ્વામી;
થોડા દિવસ રહી તેહ ટાણે, કૃપાસિંધુ ગયા કરીયાણે. ૨૦
જન્મઅષ્ટમી ઉત્સવ જેહ, તેનો આદર ત્યાં કર્યો તેહ;
સંતદાસજી સંત સુજાણ, એવે અવસરે આવ્યા ડભાણ. ૨૧
બદરીકાશ્રમે રહેનાર, ઘણાં તીર્થ વિષે ફરનાર;
શતાનંદમુનિ પણ નામ, કરે સંસ્કૃત કાવ્યનું કામ. ૨૨
ગાય પ્રગટ પ્રભુનાં ચરિત્ર, જેની વાણી છે પરમપવિત્ર;
સતસંગિજીવન ગ્રંથ જેહ, રચનાર શતાનંદ તેહ. ૨૩
ધરે શ્રીહરિનું સદા ધ્યાન, ભુલી જાય તે દેહનું ભાન;
ફરે ક્યારે દિગંબર થૈને, બેસે ક્યારે એકાંતમાં જઈને. ૨૪
જળથળમાં ગમે ત્યાં સિધાવે, આવરણ કશું આડું ન આવે;
દૃષ્ટિ આગળ મૂર્તિ દેખાય, પળ એક ન દૂર પળાય. ૨૫
સ્વરૂપાનંદ આદિક જેહ, હતા સંત ડભાણમાં તેહ;
તેની પાસે ગયા સંતદાસ, ઉરમાં હરિદર્શન આશ. ૨૬
રહ્યા ત્યાં સંતદાસજી રાત, સાધુએ કહી શ્રીજીની વાત;
સંતમંડળ સાથે તે સંત, ગયા કરિયાણે ત્યાં ભગવંત. ૨૭
દીઠા દૂરથી જ્યાં ઘનશ્યામ, દંડવત કર્યો સૌએ પ્રણામ;
સર્વ બાઈયોને કહે હરી, સંતદાસ થકી રહો પરી[1]. ૨૮
તનનું ભાન તો નથી તેને, અડી બેસે રખે કોઈ એને;
એવાં વચન તે સાંભળી લઈ, વનિતા સહુ વેગળી ગઈ. ૨૯
સંતદાસજીને સંતનાથ, ભેટ્યા હેત ધરી ભીડી બાથ;
વીશ પગલાં હઠ્યા સંતદાસ, પાંચ વાર આવ્યા પ્રભુ પાસ. ૩૦
કરે ગાયનું વત્સ હિંરા, તેમ દોડિને આવે સજોરા;
દંડવત પડી કરતાં પ્રણામ, આવે પ્રેમનાં આંસુ એ ઠામ. ૩૧

૧. દૂર

અતિશે થાય રોમાંચ ગાત્ર, તે તો જોઈ રહે જન માત્ર;
સંતદાસજીનો પ્રેમ જેવો, અન્ય કોઈ તણો નહિ એવો. ૩૨
મળ્યા જોવાને હરિજન સંત, બીજા જન પણ આવ્યા અનંત;
દંડવત કરતા સંતદાસ, તેને જોઈ બોલ્યા અવિનાશ. ૩૩
દંડવત કરવાની ખચીત, વિશાળામાં છે આવી જ રીત;
પછી તેઓને બેસાડી પાસે, પેંડા ખાવા આપ્યા અવિનાશે. ૩૪
તેણે પેંડાનો બાચકો ભર્યો, મુખમાં એક વાર જ ધર્યો;
પેંડા ખાતાં ફાવ્યા નહીં જ્યારે, આપ્યો હરિએ ભુકો કરી ત્યારે. ૩૫
ખવરાવિયો ભૂકો બશેર, તોય ખાય તે તો તેજ પેર;
એવું ભાળી બોલ્યા ભગવાન, નથી ભુખ્યા ધરાયાનું ભાન. ૩૬
પછી પેંડા તે બંધ રખાવ્યા, હતા ઝાઝા પાછા મોકલાવ્યા;
સુરે ખાચરે ધારીને પ્રેમ, સંતદાસજીને પૂછ્યું એમ. ૩૭
સંતને સૂરો ખાચર પુછે, બદરીકાશ્રમે કહો શું છે;
સંતદાસ કહે આંહી જે છે, તત્ત્વનું તત્ત્વ જાણજો તે છે. ૩૮
આથી અધિક નથી કોઈ ઠામ, ભલે જૈ જુઓ અક્ષરધામ;
સૂરે ભક્તે પૂછ્યું વળી એમ, તમે ત્યાં ઘણું જાઓ છો કેમ. ૩૯
સંતદાસજી બોલિયા ત્યાંયે, નથી જાતો હું મારી ઈચ્છાયે;
મૂરતી મુજ આગળ થાય, મને દોરીને ત્યાં લઈ જાય. ૪૦
સંતદાસની સાંભળી વાત, થયા હરિજન સૌ રળિયાત;
શ્રીજી સર્વોપરી પરમેશ, તેમાં સંશય નવ રહ્યો લેશ. ૪૧
શ્રીજીની દિવ્ય મૂર્તિ રુપાળી, સંતદાસની આગળ ચાલી;
સંતદાસ ગયા કેડ્યે કેડ્યે, નદી ઉતરીને સામી તેડે. ૪૨
જીવો ખાચર ગઢડેથી આવ્યા, તેને શ્રીજીએ સ્નેહે બોલાવ્યા;
જીવો ખાચર શ્રીહરિ પાસ, બોલ્યા અંતરે થૈને ઉદાસ. ૪૩
સંતદાસનાં દર્શન કાજ, હું તો ગઢડેથી આવ્યો છું આજ;
તેનાં દર્શન મારે ન થયાં, કોણ જાણે તે કેટલે ગયા. ૪૪
જેનાં ભાગ્ય ભલાં વખણાય, તેને એવાનાં દર્શન થાય;
બોલ્યા એમ નેણે નીર લાવી, દયાસિંધુને દિલ દયા આવી. ૪૫

જે દિશામાં ગયા જ્ઞાનવાન, નિજ આંગળીએ કરી સાન;
સંતદાસને પાછા બોલાવ્યા, થોડી વારમાં તે પાછા આવ્યા. ૪૬
જીવા ખાચરે દર્શન કીધું, નિજ ભાગ્ય ભલું ગણી લીધું;
બ્રહ્મચારીએ ત્યાં કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૪૭
સંતોને પીરસીને જમાડ્યા, કૃષ્ણે સૌને સંતોષ પમાડ્યા;
સાંજે શ્રીહરિ ઘોડીએ ચડી, ગયા પાદરમાં તેહ ઘડી. ૪૮
ઘોડીને કુંડે નાંખી ખેલાવી, બહુ ચંચળતાથી ચલાવી;
કહે કાઠીયો સૌ એવું જોઈ, આમ ખેલાવી જાણે ન કોઈ. ૪૯
નવી લીલા એવી રીતે કરી, પૂર માંહી પધારીયા હરી;
સંતદાસને શ્રીજીએ ત્યાંય, રાખ્યા પાંચ દિવસ પુરમાંય. ૫૦
પછી તો બદરીપતિ પાસ, મોકલ્યાથી ગયા સંતદાસ;
જનમાષ્ટમી ઉત્સવ જાણી, આવ્યા સંઘ ઘણા હર્ષ આણી. ૫૧
મુક્તાનંદ આદિક મુનિ આવ્યા, સાથે સંતનાં મંડળ લાવ્યા;
અતિ ઉત્તમ ઉત્સવ કીધો, સૌએ લાવ અલૌકિક લીધો. ૫૨
આવેલા હતા સારંગપુરથી, હરિભક્ત હરખ ધરી ઉરથી;
જીવો ખાચર સદ્‌ગુણધામ, બીજા રાઠોડ ધાધલ નામ. ૫૩
એહ આદિક સતસંગી સાથ, હરિ પાસે બોલ્યા જોડી હાથ;
પ્રભુ સારંગપુરમાં પધારો, સૌના મનમાં આનંદ વધારો. ૫૪
કહે શ્રીહરિ ઘર તે તમારાં, પડી જાય એવાં છે નઠારાં;
માટે ત્યાં અમે કેમ અવાય, કોઈ સંતને સંકટ થાય. ૫૫
તોય આગ્રહ કીધો અતીશે, દયા દિલમાં ધરી જગદીશે;
સખપર થઈને ઘનશ્યામ, ગયા સારંગપુર સુખધામ. ૫૬
ઉતર્યા જીવા ખાચર ઘેર, તેની પત્નિને પૂછ્યું સુપેર;
જીવો ખાચર તે કહો ક્યાં છે, કહ્યું બાઈએ બોટાદમાં છે. ૫૭
સમૈયેથી જે સત્સંગી આવ્યા, એ તો એવા સમાચાર લાવ્યા;
હશે બોટાદમાં કાંઈ કામ, આવતાં ઠર્યા તેથી તે ઠામ. ૫૮
જીવા ખાચરને તેડવાને, મોકલ્યો હાજાને ભગવાને;
હાજો જીવા ખાચરની પાસ, પોતે ચાલ્યો ધરિને હુલાસ. ૫૯

જાય કુદતો હનુમાન જેમ, હાજો ભરવાડ ચાલીયો તેમ;
હાજો હીંમત રાખી સિધાવ્યો, જીવા ખાચરને તેડી લાવ્યો. ૬૦
જીવો ભક્ત કહે અહો સ્વામી, ભલે આવિયા અંતરજામી;
એમ કહીને બેઠા પ્રભુ પાસ, બેઠા બીજા ઘણા હરિદાસ. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ગુણનિધિ કરિયાણા ગામ કેરું, ઉદય થયું સદ્‌ભાગ્ય તે ઘણેરું;
નિજસહ જનવૃંદ લૈ ઘણાય, કરિ જનમાષ્ટમી શ્રીજીએ જણાય. ૬૨

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*કરિયાણાગ્રામે અષ્ટમ્યુત્સવનામ ત્રયોવિંશતિતમો વિશ્રામઃ ॥૨૩॥*

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો ભુપ ધરીને સ્નેહ;
સારંગપુરમાં શ્રીજીયે, કરિ લીલા કહું હવે તેહ. ૧

**ચોપાઈ :**

એવામાં હતી વૃષ્ટિની તાણ, પશુ ઘાસ વિના તજે પ્રાણ;
હરિભક્ત ભેળા સહુ થૈને, કરી વિનતિ પ્રભુ પાસ જઈને. ૨
દયાસિંધુ દયા દિલ આણો, પ્રાણી પીડા પામે છે તે જાણો;
ઈન્દ્ર આદિક દેવતા જે છે, આપના વશમાં સર્વ એ છે. ૩
તમથી દિલમાં સહુ ડરે, કરો આજ્ઞા તો વૃષ્ટિ તે કરે;
સુણી ધર્મસુતે દયા ધરી, પછી ચોક વચ્ચે સભા કરી. ૪
ઢોલિયો ગાડા ઉપર ઢળાવી, બેઠા તે પર શ્રીહરિ આવી;
ધ્યાન પોતાનું સૌને ધરાવ્યું, ભલી ભાતથી ભજન કરાવ્યું. ૫
કરજોરથી તાળી વજાડી, નારાયણધુન્ય સૌએ ઉપાડી;
એવામાં તો ઈશાનમાં ભ્રાત્ર, ચડી વાદળી ગોપદ માત્ર. ૬
દીઠી સૌએ પ્રથમ છેક છોટી, પણ ચડતી થતી આવિ મોટી;
આખો એથી છવાયો આકાશ, ચમકે વીજળી ચારે પાસ. ૭

ઘણી ગર્જના થૈ ઘન કેરી, પછી થૈ તહાં વૃષ્ટિ ઘણેરી;
નિરખી હરખ્યાં નરનાર, કહ્યો કૃષ્ણનો જય જયકાર. ૮
પોઢ્યા ઓરડામાં પ્રભુ રાતે, જીવો ભક્ત સેવે ભલી ભાતે;
ઈન્દ્રને હરિએ ધમકાવ્યો, નોતું વરસવું ને વરસાવ્યો. ૯
તેથી ક્રોધ ચડ્યો ઘણો તેને, જાણે બોળી મારું આજ એને;
જેમ વ્રજ પર રીસ ચડાવી, ઈન્દ્રે વૃષ્ટિ કરી અતિ આવી. ૧૦
થાય આકાશ માંહી કડાકા, ભારે તોપના જેવા ભડાકા;
થાય વીજળીના ચમકારા, જાણે વરસતા હોય અંગારા. ૧૧
પ્રલેકાળ ભયંકર ભાસે, તેથી માણસનાં મન ત્રાસે;
વરસે મેઘ મુશળધાર, જાણે આવ્યા ચડી મેઘ બાર. ૧૨
નીર નેવમાં તો ન સમાય, આખા ઘરમાં પાણી પાણી થાય;
પાડોસેં ઘર પડવાને લાગ્યાં, કળાહોળ થઈ જન જાગ્યાં. ૧૩
જીવા ખાચરનું ઘર જેહ, પડવા માંડ્યું તે સમે તેહ;
કહે શ્રીજી કહ્યું હતું તમને, તમે તેડી જાશો નહીં અમને. ૧૪
તોય માની નહીં તમે વાત, જુઓ કેવો થયો ઉતપાત;
હવે આ ઘર તો નકી પડશે, ત્યારે માગ જવાનો ન જડશે. ૧૫
કહે ભક્ત સુણો હરિ તમે, નવી ડેલી ચણાવી છે અમે;
માટે તેને મેડે તમે ચાલો, સુણી ત્યાં ગયા ધર્મનો લાલો. ૧૬
ત્યારે ઘર તો બધું પડી ગયું, ડેલીમાં પણ રસબસ થયું;
પ્રેમી જનનો પરખવાનો પ્રેમ, એવે ટાણે બોલ્યા હરિ એમ. ૧૭
ક્ષુધા તો લાગી છે બહુ અમને, કહું વાત ખરેખરી તમને;
વર્ણી પાસે રસોઈ કરાવો, અમને જમવા પીરસાવો. ૧૮
એવું સાંભળીને નરનારી, ઘણી અંતરે ધીરજ ધારી;
જોયા ચૂલા તો પલળી ગયેલ, રસબસ છાણાં કાષ્ટ થયેલ. ૧૯
કોઠી ભાંગી નવા ચૂલા કર્યા, ભાંગી ખાટલો છોડીયાં કર્યાં;
વર્ણી પાસે રસોઈ કરાવી, સ્નેહે શ્રીહરિને તે ધરાવી. ૨૦
ભક્તનો એવો ભાવ નીહાળી, રુદયામાં રીઝ્યા વનમાળી;
ડેલીનો મેડો પડવાને લાગ્યો, ત્યારે જનમનમાં ભય જાગ્યો. ૨૧

જીવો ખાચર ત્યારે કહે છે, દેવો ખાચર પાસે રહે છે;
તેણે ઘર તો કરાવ્યું છે નવું, માટે હમણાં તમારે ત્યાં જાવું. ૨૨
ત્યારે શ્રીહરિ તતપર થયા, દેવા ખાચરને ઘેર ગયા;
જીવા ખાચરની પડી ડેલી, તોય ધીરજ તેણે ન મેલી. ૨૩
તેને જ્યાન[1] ઘણું થવા લાગ્યું, પ્રભુ પાસે ન રક્ષણ માગ્યું;
પ્રેમભક્તિ જેને પ્રિય લાગે, તે તો માયિક સુખ ન માગે. ૨૪
વિત્યો દિવસ પડી ગઈ રાત, એવામાં તો બની એક વાત;
વૃષ્ટિયે તો ન લિધો વિરામ, પડે ઘર પલળી ઠામઠામ. ૨૫
લખો દેવો પાટીદાર ભાઈ, હરિભક્ત ભલા ગામમાંઈ;
તેનું ઘર તો પડ્યું મધ્ય રાતે, દબાયાં તેમાં ઢોર હતાં તે. ૨૬
તથા માણસો ઘરનાં દબાયાં, છૈયાં છોકરાં પણ ન રખાયાં;
બુમો પાડી બહુને બોલાવ્યાં, પણ માણસ કોઈ ન આવ્યાં. ૨૭
વરસાદની ગર્જના થાય, સાદ કોઈનો નહિ સંભળાય;
નહીં કોઈને જીવ્યાની આશ, રાખે પરનો ત્યાં કોણ તપાસ. ૨૮
પ્રભુની ત્યારે પ્રાર્થના કરી, કરો આવી સહાયતા હરી;
ઊંચો મોભ રહ્યો એક ટકી, પડી જાશે એ તે તહાં થકી. ૨૯
ઘરનાં જન સૌ મરી જાશે, બીજું પણ બહુ નુકશાન થાશે;
તમે કૈંક છોડાવીયાં દુઃખથી, છોડાવ્યા ગજ ગ્રાહના મુખથી. ૩૦
તમે પક્ષીનાં બચ્ચાં બચાવ્યાં, ગજઘંટની હેઠે રખાવ્યાં;
લાખાગૃહમાં પુરી સળગાવ્યા, તમે પાંડવોને ત્યાં બચાવ્યા. ૩૧
બુડતાં હરિભક્તનાં વહાણ, તમે તાર્યાં તે શ્યામ સુજાણ;
નાવ બોળત મહાનદી નીર, તમે ઉગરિયા રઘુવીર. ૩૨
તમે દ્રૌપદીની રાખી લાજ, એવાં એવાં કર્યાં ઘણાં કાજ;
દીનબંધુ દયા દીલ ધરો, આજ મારી સહાયતા કરો. ૩૩
કોપ્યો વ્રજ પર દેવનો[2] નાથ, તમે ધાર્યો ગોવર્ધન હાથ;
એવી રીતે પધારીને આજ, મારી રક્ષા કરો મહારાજ. ૩૪
આવે વહારે આવું દુઃખ જોઈ, તમ વગર નથી એવું કોઈ;
માટે આ સમે આવવું પડશે, નહીં આવો તો અપજશ ચડશે. ૩૫

૧. નુકશાન ૨. ઈન્દ્ર

એવો સાંભળ્યો એનો ઉચ્ચાર, ધાયા ઉઠીને ધર્મકુમાર;
ખભા ઉપર મોભને ધાર્યો, ભક્તને એવી રીતે ઉગાર્યો. ૩૬
વીતી રાત ને પ્રગટ્યું પ્રભાત, વરશીને થાક્યો વરસાદ;
આસપાસનાં માણસ આવ્યાં, પશુને તથા જનને કઢાવ્યાં. ૩૭
ત્યાં સુધી મોભ ખભે જ ધરી, એક ઠામ ઉભા રહ્યા હરી;
જન દેખે નહીં કોઇ જેમ, જઇને સુતા ઉતારામાં તેમ. ૩૮
જને જોયું પ્રભાતમાં જ્યારે, દીઠો કાપો ખભા પર ત્યારે;
કરી વિનતિ પુછી લીધી વાત, શ્રીમુખે બધિ કહી સાક્ષાત. ૩૯
નાયી નિત્યક્રિયા કરી નાથે, પછી વાત કરી સંત સાથે;
આજ ઈચ્છા છે એવી અમારી, ભીક્ષા લેવા જવું ઝોળી ધારી. ૪૦
ઘેર ઘેર ફરું થઇ એવો, જોવું વસ્તીનો ભાવ છે કેવો;
કહે સંત રહો આંહિ તમે, ઝોળી માગીને લાવશું અમે. ૪૧
ઘણો કાદવ કચરો છે વાટે, માનો વિનતી હરી એહ માટે;
વાત માની નહિ કાંઇ નાથે, ઝોળી ઝાલી પોતાને જ હાથે. ૪૨
જીવો ખાચર બોલિયા વાણી, સ્નેહે સાંભળો સારંગપાણિ;
હું તો આવીશ આપની સાથે, ઝોળી હેતથી ઝાલીશ હાથે. ૪૩
તોય ઝોળી તેને નહિ આલી, ચાલ્યા માગવા શ્રીવનમાળી;
પુરમાં દિશા દક્ષિણમાંય, બોઘા શેઠનું ઘર છે જ્યાંય. ૪૪
જૈને ઉચ્ચરિયા જગવંદ, નારાયણ હરે સચ્ચિદાનંદ;
શેઠના ઘર માંહિ ધરેલા, હતા મેથીના લાડુ કરેલા. ૪૫
દીનબંધુને તે લાડુ દીધા, જગજીવને ઝોળીમાં લીધા;
ગયા ત્યાંથી પાછા પરવરી, હીરા શેઠ તણે ઘેર હરી. ૪૬
નારાયણ હરે કીધો ઉચ્ચાર, આપી ત્યાં અતિ સુખડી સાર;
ઘનશ્યામ ફર્યા ઘણે ઘેર, પકવાન લાવ્યા રુડી પેર. ૪૭
પ્રભુ ચાલીને ચોરામાં આવ્યા, સર્વ સંતને જમવા બોલાવ્યા;
દહીં દુધનાં દોણાં ભરેલાં, જીવે ખાચરે લાવીને મેલ્યાં. ૪૮
બીજા હરિજન પણ એવું જોઇ, લાવ્યા રોટલા રોટલી કોઈ;
થઈ પંગત ચોરા મોઝાર, પ્રીતે પીરસ્યું પ્રાણઆધાર. ૪૯

સાધુ પાર્ષદ સૌને જમાડ્યા, શ્યામે સૌને સંતોષ પમાડ્યા;
બ્રહ્મચારીએ કીધેલો થાળ, પછી તે જમ્યા જનપ્રતિપાળ. ૫૦
વળી સાંજ સમો થયો જ્યારે, સભા શ્રીજેએ ત્યાં ભરી ત્યારે;
જોઈ ગામના ભાવિક જન, થયા શ્રીહરિ પૂર્ણ પ્રસન્ન. ૫૧
આખું ગામ પવિત્ર છે જાણી, જીવા ખાચરને કહી વાણી;
ગામ ઉપર હું છું પ્રસન્ન, માટે માગો તે આપું વચન. ૫૨
જીવે ખાચરે માગીયું ત્યાંય, જમ આવે નહીં ગામમાંય;
રાજી જો થયા છો ભગવાન, આપો એટલું એ વરદાન. ૫૩
એમ માગ્યું ત્યારે કહ્યું માવે, ગામમાં કદિ જમ નહિ આવે;
વસ્તો ખાચર બોલિયા વેણ, દીનબંધુ સુણો સુખદેણ. ૫૪
ગામના જન સીમમાં જાય, ત્યારે ત્યાં તેની શી ગતિ થાય;
માટે એવો આપો વર બેશ[1], સીમમાં જમ ન કરે પ્રવેશ. ૫૫
પછી એવું કહ્યું પરમેશે, સીમમાં પણ જમ નહિ પેસે;
સુણી રાજી થયા જન સહુ, બહુનામીને પદ નમ્યા બહુ. ૫૬
એવામાં એક થૈ બીજી વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
ગામ છાસરિયાના નિવાસી, આવ્યા અમરો ભગત ત્યાં હુલાસી. ૫૭
મોટાં ચીભડાં બે શુભ લાવી, કર્યાં ભેટ તે શીશ નમાવી;
જોઈ શ્રીજીએ તેને વખાણ્યાં, કહ્યું આવાં મોટાં ક્યાંથી આણ્યાં. ૫૮
ભક્ત અમરે ત્યાં ભેદ સુણાવ્યો, મારા વાઢમાંથી જ હું લાવ્યો;
પછી વર્ણીએ તેને સુધારી, માંહિ સાકર ભેળવી સારી. ૫૯
જમ્યા શ્રીપ્રભુ પરમ પ્રતાપી, પછી સૌને પ્રસાદી તે આપી;
અહો ભાગ્ય અહો ભાગ્ય એનાં, જમ્યા શ્રીહરિ ચીભડાં જેનાં. ૬૦
કોટી જજ્ઞે પ્રસન્ન ન થાય, રીઝ્યા તે પ્રભુ ચીભડામાંય;
એવા ભકતવત્સલ ભગવાન, માને અલ્પને મેરુ સમાન. ૬૧
વળી લીલા કહું એક અન્ય, ધરણીશ તમે શ્રોતા ધન્ય;
એક દિવસ પ્રભુ શુભ પેર, હતા રાઠોડ ધાધલ ઘેર. ૬૨
રાણદેબાઈ ત્યાં ધાધલાણી, થાક્યાં દીઠાં તે વલોણું તાણી;
સાથે શ્રીજી વલોવવા રહ્યા, દેખી દેવતા વિસ્મિત થયા. ૬૩

૧. ઉત્તમ

પછી માખણ ઉતાર્યું જ્યારે, થોડું વાટકીમાં લઈ ત્યારે;
માંહિ સાકર ભેળવી સારી, કહ્યું લ્યો જમો દેવ મુરારી. ૬૪
આપના શ્રમનો ભાગ એહ, એમ જાણી જમો પ્રભુ તેહ;
સર્વેશ સ્વતંત્ર સદાય, જમ્યા માખણ તે સુણો રાય. ૬૫
વળી બીજાં ચરિત્રની વાત, કહું સાંભળો થૈ રળિયાત;
જીવા ખાચરને દરબાર, એક દિવસ સભા ભરી સાર. ૬૬
બેઠા સંતમાં શ્રીમહારાજ, ગાય કીર્તન સંતસમાજ;
એક આવ્યો દિગંબર જોગી, નહિ વસ્ત્ર ને ભસ્મનો ભોગી. ૬૭
જટા મોટી દિસે તેને માથે, પગે પાવડી કંકણ હાથે;
રહ્યો ઉભો સભાથી બહાર, દૃષ્ટિ કૃષ્ણપદે એકતાર. ૬૮
જોઈ નગ્નરૂપે તે જોગીશ, સુરા ખાચરને ચડી રીષ;
ત્યારે તેનું કરી અપમાન, દીધી ગાળ સુણી સૌએ કાન. ૬૯
કહ્યું આ જો ગધેડીનો બાવો, ફરે વસ્ત્ર વિના નગ્ન આવો;
બાવાને કાંઈ ક્રોધ ન થયો, એ તો સાંભળીને ચાલ્યો ગયો. ૭૦
પછી બોલ્યા પ્રભુ સાક્ષાત, જુઓ કેવી છે કાઠીની જાત;
પુંછડાએ સહીત ગધાડી, રહે મોંઢામાં તે તો દહાડી. ૭૧
ગધેડીનો કે'વા શીખે જ્યારે, ભણી ઉતર્યો કાઠી તે વારે;
નિંદા કે જો વખાણ કરે છે, ગધેડીનું તો તેને કહે છે. ૭૨
કહે જ્યારે વખાણીને શુદ્ધ, શું છે મીઠું ગધેડીનું દૂધ;
તમે આશ્રય લ્યો છો અમારો, માટે બોલી તમારી સુધારો. ૭૩
જોગી આવી છેટે ઉભો રહ્યો, તેને કેમ ગધેડીનો કહ્યો;
પછી પુછવા લાગ્યો સમાજ, કહો કોણ હતા જોગીરાજ. ૭૪
સુણી બોલિયા શ્રીમહારાજ, આવ્યા શંકર દર્શન કાજ;
તેણે જાણ્યા વિના ગાળ દીધી, મહામોટી તે તો ભૂલ કીધી. ૭૫
સુરો ભક્ત સુણી શરમાયા, જોવા જોગીની પાછળ ધાયા;
પણ જોગી જડ્યા નહિ ક્યાંઈ, આવ્યા શ્રીજી કને સભામાંઈ. ૭૬
વારે વારે પ્રભુપદ લાગી, ભૂલ્યો ભૂલ્યો કહી માફી માગી;
કહે કૃષ્ણ મારું કહ્યું કરજો, આજ કેડે વિચારી ઉચરજો. ૭૭

**ગાળ દીધા વિષે : ઉપજાતિ :**

જો કોઈને ગાળ કદાપિ દે છે, દેનાર તે તો હલકો દિસે છે;
સાંખી રહે તે જ મનુષ્ય સારું, દેનારનું મોઢું દિસે નઠારું. ૭૮
પીંજારિ[1] ગાળે લડવા જ ધાય, રાણી સુણીને શરમાઈ જાય;
જો સામી ગાળો ઉચરે જ રાણી, રાણી નહીં તેહ પીંજારી જાણી. ૭૯
ગાળો દીધાની પડી ટેવ જેને, રહે નહીં કાંઈ વિચાર તેને;
સાળો કહે છે સુતને દહાડી, માને કહે છે મુખથી ગધાડી. ૮૦
જે આપ મોઢે અપશબ્દ બોલે, તો તેની વાણી ખરવાણી તોલે;
ભલે કદી માણસ હોય મોટો, તથાપિ તે તો ખરનાથી ખોટો. ૮૧
જે આબરુદાર જણાય સારો, કરે ન કોઈ જનને ટુંકારો;
જે ઢેઢ ને વાઘરી જેવી જાત, તે તો ટુંકારાથી કરે જ વાત. ૮૨
રસ્તા વચે ગર્દભ જોઈ જ્યારે, ખસો તમે એમ કહ્યું કુંભારે;
કહો દીધું માન જ કોણ કાજે, જાણ્યું ટુંકારે મુજ જીભ લાજે. ૮૩
વદે નહીં કોકિલ કાગવાણી, ન મોર મોઢે ખરવાણી જાણી;
તો વિશ્વમાં જે જન હોય સારો, તે શી રીતે શબ્દ કહે નઠારો. ૮૪
જે મુખને પાન ભલાં જ ભાવે, તે કોયલા કેમ કદાપિ ચાવે;
જે કૃષ્ણનું નામ જપે ત્રિકાળ, તે મૂખ બોલે કદી કેમ ગાળ. ૮૫

**દોહા :**

સુણિ સુરો ખાચર કહે, તે પ્રભુ પુછું પ્રશ્ન;
ઉત્તર આપો એહનો, કૃપા કરી હરિકૃષ્ણ. ૮૬

**પ્રશ્ન :**

ખાખી સંન્યાસી તથા, સંત જગતના જેહ;
દે ગાળો તાતી[2] અતી, કહિયે કેવા તેહ. ૮૭


**ઉત્તર : નૌકાપ્રબંધ :**

દે ગાળો અતિ તાતિ તો, તે અસંત સુણ ભ્રાત;
જોતાં તેની જાતિ તો, તે દીતિતનુજાત[3]. ૮૮

૧. પીંજવાનું કામ કરનાર સ્ત્રી ૨. તીખી, આકરી ૩. અસુરજાતી

એવાને અળગા તજો, તે સમ તજો સ્વભાવ;
સદા વિકટ સંકટ સમે, ઈશ્વર કરે બચાવ. ૮૯
પ્રગટે બુદ્ધિ પાંશરી[1], જો ઈશ્વર અનુકૂળ;
અવળિ બુદ્ધિ ઉપજે, પ્રભુ જેને પ્રતિકૂળ. ૯૦

**नौकाप्रबंध**



પંદર હતા અસંત જન, પંદર સંત સુજાણ;
નવ નવ ગણિ પંદર તજ્યા, ત્યારે વહ્યું વહાણ. ૯૧
રહ્યા અસંત તવર્ણ જ્યાં, અન્યાક્ષરથઈ સંત,
સુબુદ્ધિ આપે એ રિતે, સ્વભક્તને ભગવંત. ૯૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અતિ શુભ ઉપદેશ એમ દૈને, પરમ પ્રસન્ન મહાપ્રભુજી થૈને;
સુવચન સહુને વળી સુણાવ્યાં, નિયમ ન ગાળ દીધા તણાં ધરાવ્યાં. ૯૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિસારંગપુરલીલાકરણનામ ચતુર્વિંશતિતમો વિશ્રામઃ ॥૨૪॥*

૧. સવળી, સીધી

**પૂર્વછાયો :**

સારંગપુરમાં શ્રીહરિ, કર્યાં ચારુ ચરિત્ર વિચિત્ર;
જે જોઈને રાજી થતા, મહારાજ તણા સૌ મિત્ર. ૧

**ચોપાઈ :**

નિજજને મહાસુખ દેવા, થયા મોહન મનુષ્ય જેવા;
કરે ક્યારે મનુષ્યચરિત્ર, જોઈ જોઈ રાજી થાય મિત્ર. ૨
જેમ જનક શિશુને રમાડે, પોતે ચેષ્ટા શિશુની દેખાડે;
જાણી જોઈ બોલે કાલું કાલું, સુણી બાળકને લાગે વા'લું. ૩
ક્રિયા કાંઈક અવળી બનાવે, કોઈ બાળક ભૂલ બતાવે;
તેને તે સમે તાત વખાણે, પિતા ભૂલ પોતાની પ્રમાણે. ૪
વળી કાંઈ રમુજ કરાવે, પિતા પુત્રને એમ હસાવે;
એવી એવી આચરવાથી રીત, થાય પુત્રની તાતમાં પ્રીત. ૫
એમ જાણિને જનહિતકારી, કરે મનુષ્યચરિત્ર મુરારી;
સુરો ભક્ત સ્નેહે એક કાળ, લાવ્યા શ્રીજી કાજે સુરવાળ. ૬
અંગીકાર કરો કહ્યું જ્યારે, લાગ્યા પે'રવા શ્રીપ્રભુ ત્યારે;
એક પાંયસે બે પગ ધર્યા, સુરો ભક્ત તે જોઈ ઉચર્યા. ૭
અહો સાંભળો શ્યામ સુજાણ, વસ્ત્ર પે'રવામાં જો અજાણ;
સુરવાળ આવી રીતે ધરશો, ત્યારે કલ્યાણ શી રીતે કરશો. ૮
કહ્યું ચપટી બજાવીને હરિએ, આટલામાં કલ્યાણ તો કરિએ;
પછી વસ્ત્ર ધરી સ્વાર થયા, મોટી વાડીએ ગિરિધર ગયા. ૯
તહાં પીપરના ઝાડ પાસે, એક કાંબળો પાથર્યો દાસે;
વાલે ત્યાં જ્ઞાનની કરી વાત, સુણી સર્વે થયા રળિયાત. ૧૦
જીવાભક્તને કહે ભગવંત, અમે આંહી જમાડશું સંત;
દરબારમાં તરત કહાવો, સીધું સામાન આંહી મગાવો. ૧૧
પછી મોકલ્યું માણસ ત્યાંય, તેણે જૈ કહ્યું દરબારમાંય;
સુણીને સજ્જ થૈ સહુ બાઈ, સીધું સામાન લૈ તહાં ધાઈ. ૧૨
સોમબાઈ ને બાઈ પાંચાળી, દેવુબાઈ બહુ પ્રેમવાળી;
રાણદે રુકદે નામે બાઈ, પૂરી પંદર ગણતાં ગણાઈ. ૧૩

માથે ટોપલા લૈ હરખાતી, ચાલી કૃષ્ણનાં કીર્તન ગાતી;
થાળ લૈ ઋષિપત્નિયો જેમ, જતી શોભી હતી શોભી તેમ. ૧૪
જઈ વાડીયે વા'લાની પાસે, મુકી ટોપલા પ્રણમી હુલાસે;
તેનો પ્રેમ પેખી એહ ઠામે, મોટા મુક્ત તે આશ્ચર્ય પામે. ૧૫
પછી ચોકો તે ઠામ કરાવી, હરિ હાથે રસોઈ બનાવી;
સારું વૃતાંકનું કર્યું શાક, કરી બાટિયો સરસ અથાક. ૧૬
બાટી સોમલે ખાચરે જોઈ, તેમાં કાચી દીઠી એક કોઈ;
મારી કાંકરી તેહને તાકી, કહ્યું આને પ્રભુ કરો પાકી. ૧૭
એમ કરવાનું કારણ આદી, હરિહાથે લેવી પરસાદી;
જગજીવન બોલિયા જોઈ, અભડાણી આ આખી રસોઈ. ૧૮
હશી બોલીયા સોમલો તેહ, આપી દ્યો અમને હવે એહ;
પછી કાઠિયોને દઈ દીધી, કૃષ્ણે બીજી રસોઈ ત્યાં કીધી. ૧૯
ઘૃત સાકર બાટિમાં ઘાલી, બેઠા આરોગવા વનમાળી;
લાગી બાઈયો કીર્તન ગાવા, મહારાજને ખૂબ રિઝાવા. ૨૦
પણ ભામિની જાતની ભોળી, તેથી ઉલટ સુલટ પદ બોલી;
છોગાળો રે છોગાળો નાથ, છોગાં હાથમાં મોરલી માથ. ૨૧
હસીને કહ્યું નટવર નાથે, છોગાં માથે ને મોરલી હાથે;
એવી રીતે બોલો તમે બાઈ, પછી ગરબી ફરીથી તે ગાઈ. ૨૨
જમી ઉઠિયા પૂર્ણ પ્રતાપી, સતિયોને પ્રસાદિ તે આપી;
સંત પાર્ષદ સૌને સુરીતે, જમાડ્યા પ્રભુ પીરસી પ્રીતે. ૨૩
થયો જામિનીનો[૧] સમો જ્યારે, પ્રગટાવી મશાલો તે વારે;
ગાજતે વાજતે ગિરિધારી, ગયા ગામમાં દેવ મુરારી. ૨૪
એમ કર્તા લીલા એહ ઠામ, ઘણા દિવસ રહ્યા ઘનશ્યામ;
કહ્યું એક સમે સભા વિષે, જીવા ખાચરને જગદીશે. ૨૫
બ્રાહ્મણોની ચોરાશી તો ભારે, કરવી આંહી એક અમારે;
માટે સીધું સામાન કરાવો, જે જે જોઈએ તે વસ્તુ મગાવો. ૨૬
જીવા ખાચરે ત્યાં તો તેડાવ્યા, બોઘો શેઠ કમો શેઠ આવ્યા;
કહ્યું સામાન કરવાનું તેને, આપી ખૂબ ભલામણ એને. ૨૭

૧. રાત્રી

ચોરાશીનો દિવસ કર્યો નકી, તેડાવ્યા વિપ્ર પરગામ થકી;
વળી સંત સમસ્ત તેડાવ્યા, હરિઆજ્ઞા સુણી સહુ આવ્યા. ૨૮
ગામથી દિશા દક્ષિણમાંય, ખીજડાનાં હતાં ઝાડ જ્યાંય;
એક ત્યાં મોટો મંચ કરાવ્યો, પોતાને બેસવાને ઠરાવ્યો. ૨૯
મોટા ચોકા કરાવ્યા અપાર, પકવાન કરાવ્યાં તે ઠાર;
ઘણા બ્રાહ્મણ જમવાને આવ્યા, સાત દિવસ સુધી તે રખાવ્યા. ૩૦
જમે બ્રાહ્મણ ને જમે સંત, ઉડે સૂખડાં રોજ અનંત;
થાક્યા વિપ્ર જમી જમી જ્યારે, જવા ઘેર રજા માગી ત્યારે. ૩૧
નદી ફલકુમાં વિપ્ર બોલાવી, કૃષ્ણે પંગત મોટી કરાવી;
જણ દીઠ રુપૈયો અકેક, આપી દક્ષિણા એમ અનેક. ૩૨
જ્યારે રુપૈયા ખૂટવા લાગ્યા, માવે સત્સંગી આગળ માગ્યા;
હાજો ભરવાડ હરિજન હતો, ગયો ઘેર પોતાને દોડતો. ૩૩
ચૂલાની પાસે રુપૈયા જેહ, બસેં ડાટ્યા હતા લીધા તેહ;
લાવી તે દીનબંધુને દીધા, ધર્મલાલે તે ઝોળીમાં લીધા. ૩૪
હજારો વિપ્રને વહેંચાય, તોય ઝોળીમાં ઓછા ન થાય;
સૌને આપી રહ્યા હરિ જ્યારે, હાજાને હરિએ કહ્યું ત્યારે. ૩૫
વધ્યા છે આ રુપૈયા અમારા, બસેં તેમાંથી લ્યો આ તમારા;
નવ રાખીએ કોઈનું દેવું, આપ્યા રુપૈયા ઉચ્ચરી એવું. ૩૬

**ઋણ ન કરવા વિષે : ઉપજાતિ :**

દેવું બીજાનું જન જેહ રાખે, કદી મહાસંકટ તેહ સાંખે;
સંસારમાં જે ઋણવાન હોય, તેના સમો અન્ય દુઃખી ન કોય. ૩૭
ઉચ્ચાટ ચિત્તે ઋણવંત લાવે, નિદ્રા ન આવે નહીં અન્ન ભાવે;
તે ઓશિયાળો અતિશે જણાય, તૃણ થકી તુચ્છ ઋણી ગણાય. ૩૮
મિઠા વિના શાક જ રાંધિ ખાય, પથારિયે ભોંય સુવે સદાય;
તથાપિ માથે ઋણ જો ન હોય, તે તુલ્ય બીજો સુખિયો ન કોય. ૩૯
ઋણી હરિશ્ચંદ્ર હતો નરેશ, જે કષ્ટ પામ્યો જગમાં વિશેષ;
ચાંડાળને ઘેર ભર્યું જ પાણી, કરો ન કોઈ ઋણ એમ જાણી. ૪૦

ઋણી તણી લાજ ગણાય કેવી, તે પાતળા કાચ પ્રમાણ જેવી;
જો તેહને ઠોકર કાંઈ લાગે, સૌ ભાળતાં તે પળ માંહિ ભાંગે. ૪૧
જો અન્ન પાખી[1] ઉપવાસ કીજે, તથાપિ લેતાં ઋણ તો ડરીજે;
અરે અતિશે દુઃખ આપનારું, નથી જ બીજું ઋણથી નઠારું. ૪૨
ઋણી થકી તો ક્ષયરોગિ સારો, બેશી રહે એક થળે બિચારો;
ઋણી જનો જો મનમાં મુંઝાય, નાશી છુટે કે ખુબ ઝેર ખાય. ૪૩
જે પુત્ર માટે ઋણ મૂકી જાય, તે પુત્રનો શત્રુ પિતા ગણાય;
જેના પિતાએ ઋણ જો ન કીધું, તો પુત્રને તે ધન લક્ષ દીધું. ૪૪

**ચોપાઈ :**

સારી એમ સંસારીને કાજે, દીધી શિક્ષા શ્રીજીમહારાજે;
પોતે તો છે સમર્થ અપાર, એને કષ્ટ ન આવે લગાર. ૪૫
પછી શ્રીહરિ પુરમાં પધાર્યા, ઢાળિ ઢોલિયો સંતે બેસાર્યા;
જીવો ખાચર બોલિયા વાણી, સુણો શ્રીહરિ સારંગપાણિ. ૪૬
વધ્યાં છે પકવાન વિશેષ, તેને શું કરશું અક્ષરેશ;
કહે શ્રીહરિ એક દહાડો, નોતરી આખું ગામ જમાડો. ૪૭
સુણી વચન પ્રમાણે જ કીધું, આખા ગામને ભોજન દીધું;
તોય અન્ન વધ્યું ઘણું એહ, કારિયાણીયે મોકલ્યું તેહ. ૪૮
ભીખ માગતા ભાળો ભીખારી, તેને દેજો કહે ગિરધારી;
રહ્યો ભાદરવો થોડો માસ, આવી ઢુંકડી એની અમાસ. ૪૯
કહ્યું કોઈએ શ્રીપ્રભુ પાસે, ભીમનાથમાં મેળો ભરાશે;
લોક મળશે હજારોહજાર, દૈવી આસુરી અપરમપાર. ૫૦
સુણી ધર્મસુતે ચિત્ત ધર્યું, દૈવી જીવનાં કલ્યાણ કરું;
જૈને મેળામાં દર્શન આપું, કોટિ જન્મનાં પાતક કાપું. ૫૧
જીવા ખાચરને કહ્યું નાથે, કાઠી અસ્વાર લૈ જવા સાથે;
સગા સ્નેહી તમારા તેડાવો, કોઈ માણસને મોકલાવો. ૫૨
જીવા ખાચરે કાઠી તેડાવ્યા, કહું નામ તહાં જે જે આવ્યાં;
આવ્યા નાગડકાના ભૂપાળો, સુરો માણશિયો અને કાળો. ૫૩

૧. વિના

નાથો ડોસો ને સાદુળ નામે, એહ આદિ આવ્યા એહ ઠામે;
કારિયાણીના વસ્તો ને માંચો, દાદોખાચર સતસંગી સાચો. ૫૪
ઝીંઝાવદરથી તો જરૂર, આવ્યા અલૈયો ને જેઠસૂર;
ત્રીજા સામત ખાચર ત્યાંથી, આવ્યા રાજી થઈ મનમાંથી. ૫૫
આવ્યા બોટાદથી તો હમીર, દાહો ઓઘડ તે શૂરવીર;
ચોથા માતરો ધાધલ આવ્યા, નિજ સ્નેહિયોને સાથે લાવ્યા. ૫૬
રામપટગર ગામ કુંડળના, એ તો સાગર છે બુદ્ધિબળના;
દાદો ખાચર ખાચર જીવો, દુર્ગપુરનો તે પ્રત્યેક દીવો. ૫૭
ઈત્યાદિક થઈને અસવાર, આવ્યા હાથે ધરી હથીયાર;
બીજા અસ્વાર સારંગપુરના, હરિભક્ત હરિની હજુરના. ૫૮
જીવો વસ્તો અમરો ને વાઘો, પ્રભુથી કદી જાય ન આઘો;
બાવો મૂળુ ને રાઠોડ નામ, આવ્યા તે સજ્જ થૈને તમામ. ૫૯
હતા પાર્ષદ હથિયારબંધ, ધરી પ્રત્યેકે બંદુક કંધ;
કોઈ બખતર પાખરવાળા[1], કોઈ અસ્વાર ને કોઈ પાળા. ૬૦
કેડ્યે બાંધી તાતી તરવાર, ધીંગી ઢાલ ધરી નિરધાર;
લીધાં હાથમાં બરછીયો ભાલા, મહાશૂર દિસે મતવાલા. ૬૧
અભિમાનના બોલ ન બોલે, રણે રાવણ જેવાને રોળે;
સાથે શોભે છે ડંકો નિશાન, વાજે દુંદુભિ મેઘ સમાન. ૬૨
સેવકે માણકી સજ્જ કરી, સોનારૂપાના શણગાર ધરી;
વૃષપુત્ર થયા અસવાર, છડિદાર કહે જયકાર. ૬૩
ચારુ ચમર કરે બ્રહ્મચારી, મુકુંદાનંદ મનમુદ ધારી;
સંતમંડળ લૈ સહુ સાથ, ભગવાન ચાલ્યા ભીમનાથ. ૬૪
આવે વાટ માંહિ જે જે ગામ, દેતા દાસને દર્શન શ્યામ;
ગયા પોલારપર ગામ પાસ, ઉતર્યા સરતટ અવિનાશ. ૬૫
સરોવર થકી ઉત્તરમાંય, આજ તો એક ઓટો છે ત્યાંય;
વાલે ત્યાં જૈ કીધો વિશ્રામ, આવ્યા સતસંગી સૌ તેહ ઠામ. ૬૬
ગઢવી મોડભાઈ સુજાણ, પરશોતમ શેઠ પ્રમાણ;
રુડા શેઠ ત્રીજા જીવરાજ, કહે તે ત્રણયને મહારાજ. ૬૭

૧. લડાઈ વખતે રક્ષણ માટે ઘોડા કે હાથી ઉપર નાંખવાનું બખતર

તમે આગળથી પરવરો, મુજ ખબર મહાંતને કરો;
સુણી તે ત્ર્યણ્ય તરત જ ગયા, સમાચાર મહાંતને કહ્યા. ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિજન ઉચર્યા મહાંત પાસ, અહિ વિચર્યા પ્રભુ વિશ્વના નિવાસ;
સુણિ અતિ હરખ્યા મહાંત તેહ, ઉર ઉપજ્યો ઘનશ્યામસંગ સ્નેહ. ૬૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિભીમનાથપ્રતિવિચરણનામ પંચવિંશતિતમો વિશ્રામઃ ॥૨૫॥*

**પૂર્વછાયો :**

મહાંતજી ભીમનાથના, સુણી શ્રીહરિનું આગમન;
સારો ઉતારો આપવા, કહ્યાં કિંકર પાસ વચન. ૧

**ચોપાઈ :**

દરવાજા ઉપર તણી મેડી, તહાં લાવવા કૃષ્ણને તેડી;
માટે તે જગ્યા સાફ કરાવો, પછી ત્યાં જાજમો પથરાવો. ૨
ગાદી તકિયા પલંગ તળાઈ, પહોંચાડો તહાં પળમાંઈ;
સુણી કિંકરે સર્વ તે કર્યું, માથે વચન મહાંતનું ધર્યું. ૩
સ્નેહે મહાંત સામા સિધાવ્યા, એટલામાં તો શ્રીહરિ આવ્યા;
પ્રેમે કીધો મહાંતે પ્રણામ, આપ્યો ઉત્તરવા રુડો ઠામ. ૪
બહુ સારી કરી બરદાશ, તેમાં કાંઈ ન રાખી કચાશ;
ભીમનાથનાં દર્શન કાજ, ગયા શ્રીહરિ લૈને સમાજ. ૫
પાંચસેં રુપૈયા તહાં ધરી, નમ્યા શંકરને સ્નેહે કરી;
ત્યારે ધારીને દિવ્ય સ્વરૂપ, હરિને નમ્યા કૈલાસભૂપ. ૬
દિવ્ય દૃષ્ટિવાળા મુનિ દેખે, ચર્મચક્ષુ જેની તે ન પેખે;
કહે શંભુ ભલે આવ્યા શ્યામ, ધન્ય કીધું પવિત્ર આ ધામ. ૭
બેઠા'તા દ્વિજ પાંચસેં ત્યાંએ, અભિષેક કર્યાની ઈચ્છાએ;
ચારે વેદના વિપ્ર તે હતા, ભેદ સારી રિતે સમજતા. ૮

કહે હરિ લઘુરુદ્ર અકેક, અમારાવતી કરજો પ્રત્યેક;
ભણ્યા છો વિપ્ર જે સામવેદ, જાણો છો લઘુરુદ્રનો ભેદ. ૯
ષડ અંગ કરીને ઉચ્ચાર, રુદ્રવર્ગ ભણો નવ વાર;
ષડ વર્ગ ફરીથી ભણાશે, લઘુરુદ્ર ત્યારે એક થશે. ૧૦
વિપ્ર છો ઋગવેદ પ્રમાણ, તે તો નમક[૧] ચમકના છો જાણ;
વળી જેનો અથર્વણ વેદ, જાણે તે નિજ વેદનો ભેદ. ૧૧
આપ આપની રીત પ્રમાણે, લઘુરુદ્ર કરો આ ઠેકાણે;
એમ કહિ વિપ્ર પાંચસેં થાપ્યા, પાંચ પાંચ રુપૈયા ત્યાં આપ્યા. ૧૨
સીધાં સાકર કેરાં અપાવ્યાં, કરજો કહ્યું ભોજન ભાવ્યાં;
સર્વ રાજી થયા ભૂમિદેવ, પ્રભુ ત્યાંથી ચાલ્યા તતખેવ. ૧૩
જ્યારે આવિયા આપ ઉતારે, એક વાત બીજી બની ત્યારે;
પાળિયાદ તણા રહેનાર, જેની જાત કાઠી નિરધાર. ૧૪
કહે લોક વિહામણ પીર, છાપ ભક્તની પણ તેને શીર;
મોટાપંથમાં મોટા ગણાય, ચાલે માનતા એવા મનાય. ૧૫
ઘણી કોટમાં માળાઓ ઘાલે, પોતે હાથમાં ખડતાળ ઝાલે;
સાથે વેરાગી રાખે સદાય, નર નારીયો કૂદે ને ગાય. ૧૬
બજાવે ખડતાળ મૃદંગ, ગાય હીંચમાં સૌ મળી સંગ;
તોડે તાન ઊંચું લૈ અથાક, થાય શબ્દ ભફાક ભફાક. ૧૭
કહે કોઈ ભફાકિયો પંથ, નહિ શાસ્ત્ર કે નહિ કોઇ ગ્રંથ;
મેળો જોવાને તે તહાં આવ્યા, સાથે ઝુંડ વેરાગીનું લાવ્યા. ૧૮
દરવાજા ઉપર મેડી જેહ, વર્ષોવર્ષ ત્યાં ઉતરે તેહ;
તેથી આવ્યા ત્યાં કરવા ઉતારો, જાણ્યા ત્યાં તો છે ધર્મદુલારો. ૧૯
એક કાઠી કહે તેહ કાળ, જગ્યા ખાલી કરો હાલ હાલ;
એ છે જૂનો ઉતારો અમારો, નથી હક ઉતર્યાનો તમારો. ૨૦
એવું સાંભળીને કહ્યું હરિએ, અમે જગ્યા ખાલી નહીં કરિએ;
ત્યારે તેણે મહાંતની પાસ, જઈને વાત કરી તે પ્રકાશ. ૨૧
કહે મહાંત તે કેમ જાય, અમે તો એમને ન કઢાય;
તમે તેને દેખાડો સિદ્ધાઈ, તો તે નીકળશે ત્યાંથી ભાઈ. ૨૨

૧. નમક ચમક બે નામના બે અધ્યાય ઋગ્વેદમાં છે

પછી તેણે આવી પ્રભુ પાસ, કાંઈ સિદ્ધાઈનો દીધો ત્રાસ;
કહ્યું સાંભળો સહજાનંદ, ફરો છો તમે જ્યાં ત્યાં સ્વછંદ. ૨૩
નહીં જીતો તમે એહ ઠામ, સુણ્યું છે વિહળો પીર નામ;
એની માનતા ચાલે તે મોટી, પુછો કોઈને સાચી કે ખોટી. ૨૪
પીર જો તમને આવી નડશે, પટહય[૧] તો ચડાવવા પડશે;
વિહળો પીર જો કરે કોપ, તો આ બ્રહ્માંડનો થાય લોપ. ૨૫
માટે વીહળા દેવથી ડરો, એહ જગ્યા ખાલી ઝટ કરો;
એવાં ગર્વવચન સુણ્યાં જ્યારે, બોલ્યા શ્રીહરિ તે સમે ત્યારે. ૨૬
તેહ પીરની પાસે ઉચરજો, તમથી થાય તે ભલે કરજો;
નથી સિદ્ધાઈથી અમે ડરતા, નથી શસ્ત્ર તણી બીક ધરતા. ૨૭
છૈયે બેય ઉપાયે તૈયાર, તેની વિગત સુણો એહ વાર;
સિદ્ધાઈ તો અમારાથી ડરશે, શસ્ત્રચર્યા આ કાઠિયો કરશે. ૨૮
માટે જૈ પીરને સંભળાવો, ચર્ચા કરવી જો હોય તો આવો;
પછી જૈ વિહળા પીર પાસે, કહી વાત બધી તેને દાસે. ૨૯
પૂરો ક્રોધ કર્યો સુણી પીરે, પછી ઉતર્યા જૈ નદીતીરે;
જૈને ત્યાં પીર ધૂણવા લાગ્યા, જાણિએ વીર વૈતાળ જાગ્યા. ૩૦
ધૂધકારા કરે બુમો પાડે, પૃથવી પર હાથ પછાડે;
બોલ્યા પીર મહાક્રોધ પામી, કોણ છે સહજાનંદસ્વામી. ૩૧
હમણાં તો એને જવા દૈશ, માસ છમાં તેને જોઈ લૈશ;
જ્યારે આવશે તે પાળીયાદ, ત્યારે તેને ચખાડીશ સ્વાદ. ૩૨
તેનો પંથ નિકંદન કરું, મારું નામ તો વિહળો ખરું;
સહજાનંદ ને સરકાર, સાથે આવ્યા છે દેશ મોઝાર. ૩૩
સહજાનંદ આવ્યા છે આંહીં, સરકાર છે સૂરત માંહી;
સાથે આવ્યા છે ને સાથે જાશે, ત્યારે સૌ લોકને સુખ થાશે. ૩૪

**પૂર્વછાયો :**

નાશ કરીશ એ બેયનો, એ હું સાચું કહું છું આજ;
દાસ વિહામણના કહે, હવે ક્ષમા કરો મહારાજ. ૩૫

૧. બાધા પુરી કરવા ચડાવવામાં આવતો લુગડાનો ઘોડો

**ચોપાઈ :**

જેવી બોલ્યા વિહામણ વાણી, વાત શ્રીહરિએ સર્વ જાણી;
કહ્યું પાર્ષદ આગળ ત્યારે, પાળીયાદ જશું કોઈ વારે. ૩૬
ત્યારે જોર તેનું જોઈ લેશું, એ તે આપણને કરશે શું;
એવે ટાણે મહાંત ત્યાં આવ્યા, એક હાથી સારો સજી લાવ્યા. ૩૭
કહ્યું કૃષ્ણને વિનતી કરી, બેસો હાથી ઉપર તમે હરી;
સૌને દર્શન દેવાને કાજ, ફરો મેળામાં શ્રીમહારાજ. ૩૮
બેઠા હાથી ઉપર અવિનાશ, પછી બેઠા મહાંત તે પાસ;
સાથે પાર્ષદ ને અસવાર, લૈને ચાલિયા મેળા મોઝાર. ૩૯
ઉભા થૈ જન દર્શન કરે, મહારાજની જય ઉચ્ચરે;
દેશોદેશથી આવેલા જેહ, મહારાજે જોયા જન તેહ. ૪૦
મોટા તે માંહિ કોઈ શ્રીમંત, દીઠા કોઈ દરિદ્રી અત્યંત;
ભાળ્યા ભૂખ્યા તહાં ઘણા જન, કાલાવાલા કરી માગે અન્ન. ૪૧
દયા શ્રીહરિને દિલ આવી, સુખડી ગામમાંથી મંગાવી;
પાંચસેં રુપૈયા મૂલ દૈને, લાવ્યા ગાડાં ભરી જન જૈને. ૪૨
વેંચી દીધી તે મેળા મોઝાર, થયો શ્રીજીનો જય જયકાર;
એવો પેખીને પ્રૌઢ પ્રતાપ, અદેખા દીલે દાઝીયા આપ. ૪૩
સુણો ભૂપ અભેસિંહ ભાઈ, અદેખાને આવે અદેખાઈ;
કરે જો કોઈ સર્વનું સારું, અદેખાને તો લાગે નઠારું. ૪૪

**અદેખા વિષે : ઉપજાતિ :**

પરોપકારી જન જેહ હોય, તે સર્વને દે સુખદાન તોય;
જ્યારે અદેખો જશ સાંભળે છે, બહુજ તેના દિલમાં બળે છે. ૪૫
પર્જન્ય[1] તો પોષણકારી છેય, તે સર્વને જીવનદાન દેય;
સૌ વૃક્ષ વેલી પ્રફૂલીત થાય, જોઈ જવાસા[2] બળિને સુકાય. ૪૬
જો સૂર્ય ઉગે સુખ સર્વ પામે, પ્રસન્ન દીસે સહુ ઠામઠામે;
ઉલૂક[3] જેવા ઈરષા જ ધારે, જાણે થશે આ રવિ અસ્ત ક્યારે. ૪૭

૧. વરસાદ ૨. કાંટાવાળો છોડ જે વરસાદના પાણીથી સુકાઈ જાય છે. ૩. ઘૂવડ

પ્રકાશ પેખી શુભ ચંદ્ર કેરો, આનંદ સૌને ઉપજે ઘણેરો;
ચોરી કર્યાની ઉર વૃત્તિ આણે, તે ચંદ્રને શત્રુ સમાન જાણે. ૪૮
હંસો સ્વભાવે સુખથી ફરે છે, બહુ અદેખાઈ બગો કરે છે;
ભલે રહ્યા તે મનમાં મુંઝાય, ન હંસને કાંઇ કરી શકાય. ૪૯
વિદ્વાનને માન જહાં મળે છે, મૂર્ખા અદેખાઈ કરી બળે છે;
વિદ્વાન તેનું ન કશું બગાડે, તથાપિ તે દુઃખ દિલે લગાડે. ૫૦
જ્યાં ગર્જના મેઘ નભે કરે છે, તો સિંહ માથું પટકી મરે છે;
રે કેમ ગાજે મુજ શીશ તેહ, એવું વિચારે જે અબુદ્ધ એહ. ૫૧
શ્રીકૃષ્ણ જ્યારે અવતાર લે છે, દુષ્ટો સદા દ્વેષ ઘણો કરે છે;
પ્રતાપ ઓછો પ્રભુનો ન થાય, દુષ્ટો તણાં દીલ બળી મુંઝાય. ૫૨

**ચોપાઈ :**

પેખી શ્રીજીનો પૂર્ણ પ્રતાપ, આસુરી તો બળી મરે આપ;
દૈવી તો દિલમાં હરખાય, આવી શ્રીજીના આશ્રિત થાય. ૫૩
મેળામાં ફરીને મહારાજ, આવ્યા ઉતારે સહિત સમાજ;
ત્રણ દિવસ રહ્યા હરિ ત્યાંય, ચોથે દિવસ જવા માંડ્યું જ્યાંય. ૫૪
ભીમો દોસી જે પોલારપરના, તેણે રુપૈયા ધીરેલા ઘરના;
પ્રભુ પાસે કહ્યું તેહ વાર, આપો રુપૈયો ચાર હજાર. ૫૫
કહે કાઠીયોને મહારાજ, તમે આપો એનાં નાણાં આજ;
કરી હાસ્ય ત્યાં કાઠીએ કહ્યું, અમ પાસે નાણું નથી રહ્યું. ૫૬
કહો તો કુળનો ચાલ કરીએ, મેળો લુંટિને ધન લાવિ ધરિએ;
કહે કૃષ્ણ સુણો ધરી સ્નેહ, મારી ઘોડીનો મોવડ[૧] જેહ. ૫૭
તેહ વેચી નાણું કરી લાવો, ભીમાદોશીનું કરજ પતાવો;
કહે કાઠી સુણો મહારાજ, જો તે મોવડ વેચિએ આજ. ૫૮
ઉપજે રુપૈયા તો અઢાર, વળે શી રીતે ચાર હજાર;
એવી રીતે મનુષ્યચરિત્ર, કરતા હતા પરમ પવિત્ર. ૫૯
એવામાં કોઇ શેઠીયો આવ્યો, ગાડીમાં ચાર કોથળી લાવ્યો;
ભાવે ભેટ કરી તેહ ઠામ, પ્રભુને કર્યો દંડપ્રણામ. ૬૦

૧. ઘોડાના મોઢે પહેરવવાનું ઘરેણું

પુછે કૃષ્ણ તમે આવ્યા ક્યાંથી, કહે શેઠ આવ્યો દેશમાંથી;
મળ્યો લાભ વેપારમાં અમને, દેવા દ્રવ્ય દશાંશ તે તમને. ૬૧
જતો હતો દુરગપુર માંહી, ત્યાં તો સાંભળ્યું છો તમે આહીં;
માટે દર્શન કરવાને આવ્યો, ભેટ મુકવા આ ધન લાવ્યો. ૬૨
એમ ઉચ્ચરીને શેઠ ગયા, જન સૌ જોઈ વિસ્મિત થયા;
પુછ્યું શ્રીહરિને સારી પેઠ, કહો કોણ હતા એહ શેઠ. ૬૩
ત્યારે બોલિયા ગિરિવરધારી, હતા તે તો કુબેરભંડારી;
આંહિ નાણા તણું પડ્યું કામ, આવી આપી ગયા એહ ઠામ. ૬૪
કાઠી જોવાને પાછળ ગયા, ફરી શેઠ તે નજરે ન થયા;
ભીમાદોશીને શ્રીઘનશ્યામે, ગણી આપ્યા રુપૈયા તે ઠામે. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ભયહર હરિ ભીમનાથ જૈને, અકળ ચરિત્ર કર્યાં કૃપાળુ થૈને;
શ્રુતિ ધરિ સુણશે મનુષ્ય જેહ, પરમપવિત્ર થશે જ તર્ત તેહ. ૬૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિભીમનાથતીર્થે*
*દિવ્યચરિત્રકરણનામા ષડ્વિંશતિતમો વિશ્રામઃ ॥૨૬॥*

**પૂર્વછાયો :**

વિચર્યા વાજતે ગાજતે, ભીમનાથથી શ્રીભગવાન;
કૃપાનિધિ કુંડળ ગયા, દેવા દાસને દર્શનદાન. ૧

**ચોપાઈ :**

ભક્ત એક ભલા તેહ ઠામ, તેનું મામૈયો પટગર નામ;
રાખે પ્રેમ પ્રભુ પર પૂરો, નહીં ગોપાંગનાથી અધૂરો. ૨
હોય ત્રણે અવસ્થામાં તોય, મન તો હરિમૂર્તિમાં હોય;
તોય ચિત્તમાં એમ વિચારે, પ્રભુ કુંડળ ક્યારે પધારે. ૩
ક્યારે ભેટું ભુજા ભરી નેહે, ક્યારે પૂજું પ્રત્યક્ષ આ દેહે;
કેમ આવ્યા નહીં અવિનાશી, એવું ધારીને થાય ઉદાસી. ૪

જામિની માંહી ઝબકીને જાગે, આંખે આંસુડાં પાડવા લાગે;
ઓશરી માંહિ ઢાળી પલંગ, સુવે ધ્યાન ધરીને અભંગ. ૫
રાત બે ઘટિકા રહી જ્યારે, સ્થિતિ સ્વપ્ન સમી થઈ ત્યારે;
પીડા વા'લાના વિજોગ તણી, ઉપજી એને અંતરે ઘણી. ૬
એનું હૈયું રહ્યું નહી હાથ, અહો નાથ અહો સ્વામિનાથ;
એવો શબ્દ ઊંચે સ્વરે કીધો, હરિએ આવિ હોંકારો દીધો. ૭
જયારે જોયું ઉઘાડીને ચક્ષ, પુરુષોત્તમ દીઠા પ્રત્યક્ષ;
ઉઠીને પ્રણમ્યા પ્રભુ પાવે, ભુજા ભીડી ભેટ્યા બહુ ભાવે. ૮
પુછ્યું ક્યાંથી આવ્યા પરમેશ, ત્યારે બોલિયા શ્રીઋષીકેશ[1];
અમે જાતા હતા બીજે ગામ, કોઈ ભક્તનું કરવાને કામ. ૯
તમે બુમ પાડીને બોલાવ્યા, તેથી તરત અમે આંહી આવ્યા;
ક્રિયા સ્નાનાદિ કીધી કરાવી, વિપ્ર પાસે રસોઇ બનાવી. ૧૦
પૂજ્યા સોળ પ્રકારથી પ્રીતે, જમાડ્યા હરિને રુડી રીતે;
પીડા સર્વે વિજોગની ગઈ, શાંતિ સર્વ પ્રકારથી થઈ. ૧૧
ત્યાં તો સંતની મંડળી આવી, તેને માટે રસોઈ કરાવી;
સંત પાર્ષદ સૌને જમાડ્યા, નિજમનના ઉચાટ મટાડ્યા. ૧૨
બગીબાઈ મામૈયાની નારી, સતી સદ્‌ગુણી સતસંગી સારી;
તેણે પણ પૂજિયા પરમેશ, પામ્યાં આનંદ ઉરમાં અશેષ. ૧૩
પછી ચાલિયા પૂરણકામ, ગયા સારંગપુર ઘનશ્યામ;
જીવા ખાચરને દરબાર, ઉતર્યા જઈ વિશ્વઆધાર. ૧૪
સભામાં બેઠા સુંદરશ્યામ, ત્યાં તો દશરન કરવાને કામ;
ગામ પરગામના જન આવ્યા, હરિએ જ્ઞાનવાતે રિઝાવ્યા. ૧૫
બોલ્યા બુધેજના હરિજન, ચાલો બુધેજ જગજીવન;
ઘણા ભક્તોની એવી છે આશ, આશા પૂર્ણ કરો અવિનાશ. ૧૬
દયા આણીને દયાના ધામે, કર્યો એવો ઠરાવ તે ઠામે;
અન્નકૂટ બુધેજમાં ભરિયે, પછી કાર્તિકી વૌઠામાં કરિયે. ૧૭
મોટું તીરથ તે સ્થળમાંય, મોટો મેળો ભરાય છે ત્યાંય;
માટે જો તે મેળામાં જવાય, કૈક જીવોનું કલ્યાણ થાય. ૧૮

૧. ભગવાન

એવો નિશ્ચે કરી નિરધાર, લખી કંકોતરી ઠારોઠાર;
હરિભક્તોને હરિએ તેડાવ્યા, બહુ સંઘ બુધેજમાં આવ્યા. ૧૯
દીનબંધુ દિવાળીને ટાણે, ગયા બુધેજ એ જ પ્રમાણે;
ગામ પછમ થૈને પધાર્યા, હરિભક્તોના હરખ વધાર્યા. ૨૦
પ્રભુ બુધેજમાં રુડી પેર, ઉતર્યા ખોડાભાઈને ઘેર;
વર્ણી પાસે કરાવિયો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૨૧
આસપાસના ગામનિવાસી, આવ્યા હરિજન અધિક હુલાસી;
ગામ ગુડેલ ગોરાડ ગામ, ગામ આખોલ તામસા નામ. ૨૨
વડ પાનડ ઝીણજ જાણો, ગામ આંબલિયાળું પ્રમાણો;
ખાખસર પાદરું ઊંટવાળું, જ્યાં જ્યાં ભક્ત રહે તે રુપાળું. ૨૩
એહ આદિક ગામના જન, આવ્યા કરવા પ્રભુ દરશન;
ત્યાં તો સુરતનો સંઘ આવ્યો, તે તો વસ્તુ નવાઈની લાવ્યો. ૨૪
કીનખાબનો તકીયો ને ગાદી, જોતાં અચરજ પામે ઈન્દ્રાદિ;
ચારુ ચોકમાં પાટ ઢળાવી, તેની ઉપર ગાદી બિછાવી. ૨૫
તકિયો પણ ગોઠવ્યો ત્યાંય, શોભે તે તો બહુ સભામાંય;
ભારે વસ્ત્ર આભૂષણ અંગે, ધરી માવ ત્યાં બેઠા ઉમંગે. ૨૬
પૂજા સુરતના સંઘે કરી, ભલી ભેટ પ્રભુ પાસે ધરી;
ચારુ ચંદન હાર ચડાવી, ધૂપ દીપ નૈવેદ્ય ધરાવી. ૨૭
આરતી હરિ કેરી ઉતારી, સ્તુતિ સ્નેહ સમેત ઉચારી;
પછી મધ્યાહ્‌ન ઉત્તરકાળે, કરી ના'વાની ઈચ્છા કૃપાળે. ૨૮
ભારે વસ્ત્ર ને ભૂષણ ધારી, સજી માણકિયે અસવારી;
સેવા સુરતી સંઘે કરેલી, શોભા તે સર્વ અંગે ધરેલી. ૨૯
સાથે લીધા કાઠી અસવાર, સંત હરિજનનો નહિ પાર;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, એથી અવનિને આકાશ ગાજે. ૩૦
જન ટોળે મળી ઠામોઠામ, પ્રેમે નિરખે છે પૂરણકામ;
સખી પુછે છેસખીને આમ, આ તે કોણ છે સુંદરશામ. ૩૧
આવી સારી સજી કેણે સેવા, લાગી ત્યાં સખી ઉત્તર દેવા;
કહું સાંભળ તેહની વાત, રુદે થૈને કહું રળિયાત. ૩૨

**નાગપાશપ્રબંધ : સ્રગ્ધરા :**

જે છે કાલિન્દિવારિ રિપુધરનરનન્દીશનો ઈશ્વરેશ,
રિદ્ધી સિદ્ધી ખિલાવી ભલિ જળથળની રીઝિરીઝી દિનેશ;
છે જે પારેખ તેના સિર વિનવિ મહદ્દ્ભાવિ સેવા કરી છે,
ધર્માદી કોઈ કાજે જનતન ધરિયું તે સખી શ્રીહરી છે. ૩૩

नागपाशप्रबंध



**પૂર્વછાયો :**

હરિતળાવડીએ હરિ, જઈ પહોંચ્યા પૂરણકામ;
કોઈ કહે છે તેહનું, બીજું ગોમતિ નિર્મળ નામ. ૩૪
સ્નાન કર્યું ત્યાં શ્યામળે, સતસંગી ને સંત સહિત;
ગાજતે વાજતે ગામમાં, પછે આવિયા રુડી રીત. ૩૫
દીપોત્સવી હતી તે દિને, રાતે રુડી રચી દીપમાળ;
વચે બિરાજે વાલમો, પરમેશ્વર જનપ્રતિપાળ. ૩૬
તારા તણા મંડળ વચે, શશી પૂરણ શોભે જેમ;
મંજુલ દીપકમાળમાં, વૃષતનુજ શોભે તેમ. ૩૭
દર્શન કારણ દેવતા, રુડું દીપકનું ધરી રૂપ;
શું અવનીમાં આવિયા, એવો ભાવ જણાય અનૂપ. ૩૮

તાલ મૃદંગ બજાવીને, કરે ઉત્સવ સંતસમાજ;
સૌ જન જાણે એકઠી, થઈ ક્રોડ દિવાળી આજ. ૩૯
કોઠીયો ઝાડ બપોરિયા, એવો દારુખાનાનો ખેલ;
કર્યો કૃપાળુની આગળે, જોઈ રીઝ્યા રુદે રંગરેલ. ૪૦
અંતર ઈરષાળુ તણાં, સુખ પારકું જોઈ બળી જાય;
દારુખાનાનાં રમકડાં, જોતાં એમ સળગતાં જણાય. ૪૧

**ચોપાઈ :**

વીતી રાત ને પ્રગટ્યું પ્રભાત, અન્નકોટ ભર્યો ભલી ભાત;
કરી રાખ્યાં હતાં પકવાન, તેની વિગતિ સુણો ગુણવાન. ૪૨
ખોડોભાઈ તથા હઠીભાઈ, જીજીભાઈ અને કલભાઈ;
પીતામરભાઈ ભક્ત લુવાણા, એહ આદિક સતસંગી શાણા. ૪૩
મગાવ્યો હતો સૌએ સામાન, પખવાડિયા પ્રથમ તે સ્થાન;
પકવાન પડાવાને જાણી, તેડાવી હતી બાઈયો શાણી. ૪૪
ગંગામાત જેતલપુર તણાં, પાકવિધિમાં પ્રવિણ તે ઘણાં;
બાઈ જમનાં વસોનાં નિવાસી, અતિ ઉત્તમ પાક અભ્યાસી. ૪૫
મેમદાવાદ ઉમરેઠ તણી, વળી તેડાવી બાઈયો ઘણી;
ભાત ભાત ભલા પકવાન, કરી રાખ્યાં ઘણાં રસવાન. ૪૬
શાક પાક અથાણાં અનેક, એક એકથી ઉત્તમ એક;
ભાત ભાતના મેવા મીઠાઈ, ધર્યાં અનકોટમાં રસદાઈ. ૪૭
અન્નકોટ પુર્યો પ્રભુ પાસ, કરે ઉત્સવ કૃષ્ણના દાસ;
કર્યો ગોમય ગોવરધન, પ્રભુએ કર્યું તેનું પૂજન. ૪૮
અન્નકોટની શોભા નિહાળી, વડા વિબુધ[1] કહે હદવાળી;
જમ્યા શ્રીહરિ ને જમ્યા સંત, જમ્યા સૌ સતસંગી અનંત. ૪૯
હવે વળતા દિવસ તણી વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
આજ છે હરિમંદર જ્યાંય, વેલા લુવારનું ઘર ત્યાંય. ૫૦
હતા ત્યાં જન સૂરત કેરા, ઉતર્યા હતા આવિ ઘણેરા;
તેણે શ્રીજીને નોતર્યા ત્યાંય, જમાડ્યા હરખી હૈયામાંય. ૫૧

૧. દેવ

જમ્યા જ્યાં બેશીને ગિરધારી, તહાં છત્રી કરાવી છે સારી;
એમ ગામ બુધેજ મોઝાર, કૃષ્ણે કીધાં ચરિત્ર અપાર. ૫૨
પછી આવી પ્રબોધિની જ્યારે, ધર્મજન્મઉત્સવ કર્યો ત્યારે;
જાગરણ કર્યું સૌએ તે રાતે, પછી પારણાં કીધાં પ્રભાતે. ૫૩
સજી સારી અસ્વારીનો તાલ, પછી વૌઠે ચાલ્યા વૃષલાલ;
દેશ દેશના સંઘ ને સંત, નિજ સાથે લીધા ભગવંત. ૫૪
ગામ આમલિયા ને મૈયારી, ગયા ત્યાં ગુણિયલ ગિરધારી;
ઇંદણજ અને હાડેવા ગામ, વચે વાંક તળાવનું નામ. ૫૫
જોયું તે વિષે નિર્મળ નીર, જોઈ વૃક્ષની છાયા ગંભીર;
રિઝ્યા અંતરે શ્રી અવિનાશ, કર્યો તે સ્થળ રજની નિવાસ. ૫૬
રાતે બુધેજના સહુ દાસે, કરી વિનતિ મહાપ્રભુ પાસે;
દયાસિંધુ દયા દિલ લાવો, જમે સંત રસોઈ કરાવો. ૫૭
સીધું સામાન છે અમ પાસ, કરો પૂર્ણ અમારી એ આશ;
ભક્તિપુત્રને વાત તે ભાવી, સંત પાસે રસોઈ કરાવી. ૫૮
કરી બાટિયો વર્ણી મુકુંદે, કર્યું ભોજન વૃષકુળચંદે;
બાટિયોમાં ઘણું ઘી ને ગોળ, ઉપજ્યો એમાં સ્વાદ અતોળ. ૫૯
સર્વ સંત જમ્યા એ જ રીતે, ગાઈ ગર્બિયો પૂરણ પ્રીતે;
મુક્તાનંદમુની તણી પાસ, ઉચર્યા શ્રીમુખે અવિનાશ. ૬૦
ગામ બુધેજના હરિજન, અતિ ભાવિક છે તે અનન્ય;
સંતસેવા વિષે બહુ સ્નેહ, મુજ અર્થે કર્યા દેહ ગેહ. ૬૧
બોલ્યા મુક્ત મુનિ મુખે વાણી, કહો છો સત્ય સારંગપાણિ;
સમૈયામાં મળ્યા ઘણા દાસ, કરી સર્વની બહુ બરદાશ. ૬૨
સમૈયાના જે દિવસો ગયા છે, સેવામાં સહુ ઉભા રહ્યા છે;
દિનરાતે શયન નથી કીધું, સુખે ખાધું નથી નથી પીધું. ૬૩
મુકી ગામ આવ્યા અહીં વનમાં, તોય ભાવ એવો હજી મનમાં;
બ્રહ્મચારી કહે સુણો રાય, ધન્ય ભક્ત તો તે કહેવાય. ૬૪
જેનાં શ્રીમુખે કીધાં વખાણ, તેણે દેહ ધર્યો તે પ્રમાણ;
વીતી રાત દિવસ થયો જ્યારે, નાહી નિત્યક્રિયા કરી ત્યારે. ૬૫

પછી પરવર્યા સંઘ સહિતે, ગયા વૌઠા વિષે રુડી રીતે;
સારો સાભ્રમતી તટ જ્યાંય, લાખો લોક મળ્યા હતા ત્યાંય. ૬૬
ઘણા આવ્યા હતા સતસંગી, સામા આવિયા તેહ ઉમંગી;
વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા, પ્રભુને સૌએ પુષ્પે વધાવ્યા. ૬૭
કેવી અસ્વારી કૃષ્ણની ભાસે, હવે વર્ણન તેનું કરાશે;
શોભા શેષ કે શારદા ગાય, જથારથ તોય કહી ન શકાય. ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રભુદરશન ક્યાંઇ કીધું જેણે, જનમ કૃતાર્થ કર્યો જરૂર તેણે;
તનુધૃત જન તેહ ભાગ્યશાળી, છબી નિરખી છબિલા તણી રુપાળી. ૬૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિબુધેજગ્રામે*
*અન્નકૂટોત્સવકરણનામ સપ્તવિંશો વિશ્રામઃ ॥૨૭॥*

**પૂર્વછાયો :**

વૃષતનુજ વૌઠા વિષે, મોટો મેળો ભરાય છે જ્યાંય;
અસ્વારી સજીને સંચર્યા, જન જોવા મળ્યા બહુ ત્યાંય. ૧
વાજાં વિવિધ વાજે ઘણાં, થાય બંધુકના બહુ બહાર;
કીર્તન મુનિમંડળ કરે, જન ઉચ્ચરે જય જયકાર. ૨

**હરિગીતછંદ :**

જયકારનો ઉચ્ચાર મનુષ્ય અપાર એ સ્થળમાં કરે,
શુભ નિરખી જોવા સરખિ શોભા હરખિ હૈડામાં ધરે;
વળી શસ્ત્રવાળા પ્રેમિ પાળા બહુ નિહાળ્યા આગળે,
છડિદારનો ઉચ્ચાર વારમવાર સૌ જન સાંભળે. ૩
શણગારિ સારી માણકી અસવારિ શ્રીહરિએ કરી,
ધરી અંગપટ નવરંગ જડિયલ નંગનાં ભૂષણ ધરી;
અસવાર કાઠિ અપાર વિશ્વાધાર સાથે સંચરે,
શિર ઉપર મોટા પાગ પ્રભુપદ રાગ પણ પૂરણ ધરે. ૪

છોગાં ફરુકે શીશ દેવળ શીશ પર જેવી ધજા,
વિચરે નદીના ઘાટમાં વળી વાટમાં કરતાં મજા;
ઝળકે સુભાલા હાથ ઢળકે ઢાલ વાંસા ઉપરે,
કમરે કશી તરવાર હામ[1] અપાર હૈડામાં ધરે. ૫
શુરવીર શ્રેષ્ઠ ગરાશિયા જે ભીમ અર્જુન સમ ભલા,
સજી અસ્ત્ર શસ્ત્ર અનેક જાણે જુદ્ધની સઘળી કળા;
સેના સજી ચતુરંગ જાણે જંગ[2] કરવા જાય છે,
કામાદિ શત્રુ અભંગ કરવા ભંગ ચિત્ત ચહાય છે. ૬
હય હણહણે કૂદે ઘણા ન મળે મણા તનરૂપમાં,
ઉચ્ચૈઃશ્રવા હય ઈન્દ્રનો શું આપું એની ઉપમા;
બખતર ધર્યાં નરઅંગ પાખર[3] અશ્વના ઉપર ધરી,
જોતાં જ દુર્જન દુષ્ટ નાશે દૂરથી દિલમાં ડરી. ૭
સૌ સંઘના જે લોક થોકેથોક પાછળ સંચરે,
તાળી બજાવી તેહ ધરિને નેહે કીર્તન ઉચરે;
શાસ્ત્રી સુનિત્યાનંદ આદિક રથ વિષે રુડા દિસે,
ખટ શાસ્ત્રના ભણનારા એવા કોણ દુનિયામાં દિસે. ૮
પુસ્તક તણાં તો પ્રૌઢ ત્યાં ગણતી વગર ગાડાં ભર્યાં,
મતવાદી વદવા વાદ આવ્યા તેહ દેખીને ડર્યા;
જોઈ કહે જનવૃંદ સહજાનંદસ્વામિ સમર્થ છે,
તે સાથ કરવા વાદ મનમાં ચા'ય તે મતિમંદ છે. ૯
બહુ શસ્ત્રથી કે શાસ્ત્રથી ન જીતાય તેવા તેહ છે,
એનો પ્રતાપ અમાપ આપો આપ ઈશ્વર એહ છે;
મહાવ્યાળ સાથે અળશિયાનું વાળ[4] યુદ્ધ ન કરિ શકે,
તેવિ રીતે જનજાત શ્રીહરિ સાથ બાથ ન ભરિ શકે. ૧૦

**ચોપાઈ :**

પછી તેહ નદીતટ ઠામ, વારસિંઘ છે ગામનું નામ;
તેની સીમમાં કીધો ઉતારો, ભાળી ભૂમિનો ભાગ તે સારો. ૧૧

૧. હિંમત ૨. મોટી લડાઈ, ધીંગાણું ૩. ઘોડાનું બખ્તર ૪. સમુહ,ટોળુ

રુડી રાવટી[1] તંબુ[2] ને દેરા[3], તહાં ઉભા કરેલ ઘણેરા;
જથાજોગ્ય જેને ઘટે જેમ, સૌને ઉતારા આપિયા એમ. ૧૨
કર્યો ત્યાં ઘણા સંઘે પડાવ, દીસે શહેર સમાન દેખાવ;
કૈંક મોદિયે માંડી દુકાનો, વેચે કંદોઇ બહુ પકવાનો. ૧૩
મોટા મુક્ત વસ્યા જેહ ઠામ, એ તો અવનીમાં અક્ષરધામ;
મુકુંદાનંદે ત્યાં કર્યો થાળ, જમ્યા જુક્તિએ જનપ્રતિપાળ. ૧૪
રસોઈ કરી ત્યાં રુડિ રીતે, જમ્યા સંત ને પાર્ષદ પ્રીતે;
જમ્યા ત્યાં સરવે હરિજન, દીસે સૌનાં પ્રસન્ન તે મન. ૧૫
સભા રાતે ભરી ભલી ભાત, કરી જ્ઞાન વૈરાગ્યની વાત;
વળી સૌને કહ્યું નરભ્રાતે, શંભુ દર્શને જાશું પ્રભાતે. ૧૬
તમે સૌ આવજો અમ સાથ, પોઢ્યા એમ કહી પ્રાણનાથ;
જાગ્યા સર્વ પ્રભાતમાં જ્યારે, નાહ્યા જૈને ત્રિવેણીમાં ત્યારે. ૧૭
દિધાં દ્વિજને નાનાવિધ દાન, કર્યા રંક ને રાય સમાન;
મહાદેવ કાશી વિશ્વનાથ, પ્રભુ ત્યાં ગયા સૌ લઈ સાથ. ૧૮
એક મોહોર ત્યાં જૈ ભેટ કરી, હેતે શંકરને નમ્યા હરી;
થઈ દિવ્યરૂપે તેહ ઠામ, સામા શંકરે કીધા પ્રણામ. ૧૯
કર જોડી ઘણી સ્તુતિ કરી, છબિ અંતરમાં લીધી ધરી;
પછી ગામમાં છે ભીમનાથ, શ્યામ ત્યાં ગયા સૌ લઈ સાથ. ૨૦
ભેટ મુકી નમ્યા ભગવાન, રિઝ્યા પૂજારી પર તેહ સ્થાન;
આપ્યાં અંગનાં વસ્ત્ર ઉતારી, આપે અન્ય લિધાં અંગે ધારી. ૨૧
સિદ્ધનાથ સદાશિવ જ્યાંય, ત્રિભુવનપતિ વિચર્યા ત્યાંય;
મો'ર મુકીને કીધો પ્રણામ, ગયા સ્વસ્થાન શ્રીઘનશામ. ૨૨
શ્યામે રાતે સભા સજી સારી, સતશાસ્ત્રની વાતો ઉચ્ચારી;
કર્યું શયન શ્રી જગજીવન, ગયા નિજ નિજ ઉતારે જન. ૨૩
નાનાભાઈ ભલા વિપ્ર જેહ, મહારાજની આજ્ઞાથી એહ;
જઈ સંઘમાં સાદ પડાવ્યો, કાલે સૌ જન થાળ કરાવો. ૨૪
જમવાને પ્રત્યેક ઉતારે, પ્રભુ આવશે પૂરણ પ્યારે;
થયું પૂનમ કેરું પ્રભાત, વા'લે નોતરિયા વિપ્રજાત. ૨૫

**૧.** નાનો તંબૂ **૨.** દોરડા અને થાંભલાના ટેકે તાણેલું છત્રી ઘાટનું લૂગડાનું ઘર **૩.** છાવણી, થોડા વખત માટે નિવાસ

વરુણીમાં દ્વિજોને વરાવ્યા, રુદ્રિના[1] અભિષેક કરાવ્યા;
વા'લે વિપ્ર જમાડ્યા અપાર, ગણતાં નવ પામિયે પાર. ૨૬
સર્વે ઉતારે જૈ ધર્મલાલ, એક કાળે જમ્યા હરિ થાળ;
સાદ સર્વ સ્થળે ત્યાં પડાવ્યો, પ્રશ્ન પુછવાં હોય તે આવો. ૨૭
ઉદ્ધવી સંપ્રદાય આ ટાણે, કરશું સિદ્ધ શાસ્ત્ર પ્રમાણે;
વામમાર્ગનું ખંડન કરશું, શ્રુતિશાસ્ત્ર પ્રમાણે ઉચ્ચરશું. ૨૮
સભા સાંજે સજી મહારાજે, વાતો ત્યાં કરી સંતસમાજે;
મતવાદી આવ્યા સભામાંઇ, પણ બોલી શક્યા નહી કાંઇ. ૨૯
દાઝ્યા દિલ માંહિ દ્વેષી વેરાગી, એના અંતરમાં લા'ય લાગી;
કરે ઇચ્છા ઘણી યુદ્ધ કરવા, દેખી ઐશ્વર્ય લાગ્યા તે ડરવા. ૩૦
દુષ્ટ આવ્યા હતા ટોળે મળી, અસ્ત્ર શસ્ત્ર ધર્યા હતાં વળી;
ક્રોધે લોચન રાતાં જણાય, ડસે હોઠ ને કંપે છે કાય. ૩૧
દીઠા કૃષ્ણને કાળસ્વરૂપ, તેથી ચાલ્યા ગયા રહી ચૂપ;
વટપત્તન સુરત તણા, સતસંગી આવ્યા હતા ઘણા. ૩૨
વળી હરિજન શ્રીપુરવાળા, સૌએ સારી રચી દીપમાળા;
જોઇ રચના રુડી તેહ ઠામે, જનનાં મન અચરજ પામે. ૩૩
દીપમાળામાં દીપે દયાળ, જેમ ચંદ્ર ને નક્ષત્રમાળ;
સારો વાજિંત્રનો લઇ સાજ, કરે ઉત્સવ સંતસમાજ. ૩૪
પ્રગટાવી મશાલો હજાર, કરે દર્શન લોક અપાર;
કોઇ બાળક ગોસ્વામિ કેરા, ઉતર્યા હતા ત્યાં કરી ડેરા. ૩૫
ખર્ચ માટે મળે નહિ ધન, ત્યારે બંધ કરે દરશન;
બહુ કરગરીને કહે જ્યારે, શિષ્યો આપે તેને દ્રવ્ય ત્યારે. ૩૬
જોઇ વૈભવ શ્રીહરિ તણો, ઉપજ્યો એને વિસ્મય ઘણો;
એથી અંતરે થૈને ઉદાસ, ઉચર્યા નિજદાસની પાસ. ૩૭
આ છે સ્વામિનારાયણ જેહ, દ્રવ્ય ક્યાં થકી લાવે છે તેહ;
ઘણા દિવા મશાલો કરેલ, તેને કોણ દેતું હશે તેલ. ૩૮
વાત કુબેરસિંહ ચોપદારે, કાનોકાન તે સાંભળી જ્યારે;
વૃષનંદન આગળ આવી, બધી વાત તે તેણે સુણાવી. ૩૯

૧. અભિષેક કરતાં મહાદેવની સ્તુતિના અગિયારવાર પાઠ

સુંણી બોલિયા શ્રીભગવાન, એ તો બાળક બાળ સમાન;
થાય છે શું જગત મોઝાર, તેનું જ્ઞાન તેને ન લગાર. ૪૦
શ્રેષ્ઠ જાણે છે આપને આપ, નવ જાણે પ્રભુનો પ્રતાપ;
બ્રહ્મચારી કહે સુણો ભૂપ, એમ કીધો સમૈયો અનૂપ. ૪૧
દૈવી જીવ હતા જન જેહ, થયા શ્રીજીના આશ્રિત એહ;
જેનાં પૂર્વનાં કર્મ કઠોર, રહ્યા તે નિરભાગી નઠોર. ૪૨
જેમ જૈ ચડે ગંગાને તીર, નિરભાગી પિયે નહિ નીર;
જેમ સોનાની લંકા લુંટાય, નિરભાગી ન કાંઈ કમાય. ૪૩
તેમ પ્રગટ પ્રભુ આવિ મળિયા, તોય દુષ્ટના દોષ ન ટળિયા;
ઓળખ્યા નહિ વિશ્વઆધાર, ખોયો માણસનો અવતાર. ૪૪
એમ વૌઠા વિષે વૃષનંદે, દિગ્વિજય કર્યો જગવંદે;
ચાલ્યા જીવન સંઘની જોડે, ગયા ત્યાં થકી ગામ બરોડે. ૪૫
રાતવાસો વસીને સિધાવ્યા, પ્રભુજી ગામ પુંજેરે આવ્યા;
ત્રાજ ગામ છે ત્યાં ગયા હરી, રાત માતરમાં રહ્યા ઠરી. ૪૬
તહાં બારોટ નામે કુંવરજી, તેણે રાજી કર્યા ગિરિધરજી;
ત્યારે ભારે પ્રસાદીનું શેલું, હરિએ તેના હાથમાં મેલ્યું. ૪૭
મહિમા મહારાજનો જાણી, શેલું પૂજવા રાખ્યું વખાણી;
ચાલ્યા ત્યાં થકી પુરુષ પુરાણ, દીનબંધુ પધાર્યા ડભાણ. ૪૮
નિજજનને કરિને નીહાલ, પછી વા'લો આવ્યા વરતાલ;
પગી જોબનની મેડી જ્યાંય, ઉતર્યા શ્રીહરિ તેહમાંય. ૪૯
જ્ઞાનબાગમાં આમલો સારો, જોઈ સંતોએ કીધો ઉતારો;
જમી રાતે પોઢિ રહ્યા હરી, બીજે દિન આમલે સભા કરી. ૫૦
સંઘના જન ત્યાં સંચરીને, પુરા હેતથી પૂજ્યા હરિને;
લાગ્યા પૂજવા તે પછી સંત, ત્યારે થૈ તહાં ભીડ અત્યંત. ૫૧
નૃસિંહાનંદ આતમાનંદ, ચાલ્યા પૂજવા વૃષકુળચંદ;
એક તો પ્રભુ પૂજીને આવ્યા, પણ આતમાનંદ ન ફાવ્યા. ૫૨
પાત્ર ચંદનનું કર લઈ, ઘણી વાર ઉભા રહ્યા જઈ;
પણ પૂજવા પામ્યા ન વારો, દેખી રિઝિયા ધર્મદુલારો. ૫૩

બોલાવ્યા તેને પોતાની પાસ, લીધું ચંદન તે કરી હાસ;
નિજ અંગે તે ચર્ચિયું નાથ, પછી ભેટ્યા તેને ભરી બાથ. ૫૪
સર્વે સંતને શ્રીગોવિંદ, આપ્યાં છાતિમાં ચરણારવિંદ;
ભીડી અંક ને ભેટ્યા દયાળ, ઉપજ્યો અતિ હર્ષ તે કાળ. ૫૫
આરતી ટાણે આરતી કરી, નારાયણધુની પણ ઉચ્ચરી;
પગી જોબનની મેડીમાંય, પ્રભુ જૈને બિરાજિયા ત્યાંય. ૫૬
ઉત્તરાભિમુખે જોઈ બારી, બેઠા તે માંહિ શ્રીગિરિધારી;
ચોકમાં પગિયો તણી નારી, લાગિ ગરબિયો ગાવાને સારી. ૫૭
ફરતાં ઘડા હાથે ઉછાળે, તેમાં તાન લેતી તાળે તાળે;
એક રાવળ ઢોલ વગાડે, તાળ લેવાની ચાલ દેખાડે. ૫૮
નારીને પગે નેપુર ઝમકે, પગ માંડે લળી લળી ઠમકે;
એવી રીતે રમી બહુ રાસ, જોઈ રાજી થયા અવિનાશ. ૫૯
સૌને આપ્યાં પતાસાં સુપેર, ગઈ પોતપોતા તણે ઘેર;
પછી પોઢિયા શ્રીપરમેશ ઉઠ્યા ઉગતાં પ્રથમ દિનેશ. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ચતુર હરિવરે ઘણાં ચરિત્ર, વસિ વરતાલ વિષે કર્યા વિચિત્ર;
અધિક ઉચરતાં ન અંત આવે, વરણન સ્વલ્પ કરી સહુ સુણાવે. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિવૌઠાદિક્ષેત્રવિચરણનામ અષ્ટાવિંશતિતમો વિશ્રામઃ ॥૨૮॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે વસુધાપતિ, તમે સાંભળો સ્નેહ સહિત;
વદુ લીલા વરતાલની, હેએ ધારી સરવનું હિત. ૧
રુડા નારાયણ બાગમાં, ઉતર્યા હતા સુરતી જન;
તેણે હરિને નોતર્યા, ભાવે કરાવવા ભોજન. ૨
જીવન જમવાને ગયા, જમ્યા બાગ વિષે જઈ થાળ;
પ્રેમીજને પછી પૂજિયા, પરમેશ્વર જનપ્રતિપાળ. ૩

પ્રભુજીને પહેરાવિયો, મહામૂલી ભલો પોશાગ;
સુરતી ઘાટની શોભતી, સારી શિર ધરાવી પાગ. ૪
પૂરવ ભવના પુન્યથી, જેણે ઓળખિયા અવિનાશ;
લાવ લેતાં આ લોકમાં કેમ રાખે તે કાંઇ કચાશ. ૫
પછી પ્રભુજી પધારિયા, નિજ ઉતારે સહિત સમાજ;
કરી ભલી કથા વારતા, સૌના સંશય હરવા કાજ. ૬

**ચોપાઈ :**

કહે વર્ણી સુણો રુડા રાજ, મોટું મંદિર છે જહાં આજ;
હતું બોરડીનું ઝાડ ત્યાંય, જોતાં જનને ગમે મનમાંય. ૭
એક દિવસે ત્યાં દેવ મુરારી, બેઠા શ્રેષ્ઠ સભા સજી સારી;
ઘાટ સંકલ્પ સંબંધિ વાત, કરી શ્રીમુખે ત્યાં સાક્ષાત. ૮
મુક્તાનંદમુનિ પ્રત્યે માવ, બોલ્યા એ સમે નટવર નાવ;
ઘાટસંકલ્પ જે કહેવાય, થાય કે તમને નવ થાય. ૯
કહે મુક્તમુનિ કહું તેહ, મેં તો ધાર્યો છે મનુષ્ય દેહ;
ધાટસંકલ્પ તો તેથી થાય, પણ થૈને તે તરત શમાય. ૧૦
સુણી બોલિયા સુંદરશ્યામ, ઉઠી બેસો તમે એક ઠામ;
સ્નેહે આજ્ઞા એવી સુણી લૈને, મુનિ બેઠા બીજે સ્થળે જૈને. ૧૧
બ્રહ્માનંદને કહે ભગવાન, હવે બોલો તમે જ્ઞાનવાન;
ધાટસંકલ્પ જે કહેવાય, થાય કે તમને નવ થાય. ૧૨
બોલ્યા બ્રહ્મમુનિ તેહ વાર, ઘાટ તો મુજને ન થનાર;
કહે શ્રીહરિ બોલો વિચારી, નહિ તો પાપ લાગશે ભારી. ૧૩
કવિ બોલ્યા કરીને વિચાર, ઘાટ તો થાય છે ઘણી વાર;
નથી છાનું તમારાથી સ્વામી, આપ છો પ્રભુ અંતરજામી. ૧૪
સુણી એવું બોલ્યા અવિનાશ, જૈને બેસો મુનિમુક્ત પાસ;
ત્યારે બ્રહ્મમુનિ ઉભા થઈ, મુક્તાનંદ જોડે બેઠા જઈ. ૧૫
સર્વ સંતને એવી જ રીતે, ધાટસંકલ્પનું પુછ્યું પ્રીતે;
પછી પૂછ્યું ગૃહસ્થોને એમ, કહો ભક્તો તમારે છે કેમ. ૧૬

એક બે જણ બોલિયા ત્યારે, નથી થાતા સંકલ્પ અમારે;
અલૈયો કહોર[1] બોલ્યા એમ, મુઠીમાંથી રેતી વહે જેમ. ૧૭
ઘાટસંકલ્પ થાય અખંડ, ક્યારે સારા કે નરસા પ્રચંડ;
પછી શ્રીમુખથી સાક્ષાત, ઘાટસંકલ્પની કરી વાત. ૧૮
ઘાટ મનમાં નિરંતર થાય, જોતાં જ્ઞાનીને તરત જણાય;
જ્ઞાની ઓળખે મન તણા ઘાટ, અણસમઝુ ન જાણે તે વાટ. ૧૯
ઘાટ અજ્ઞાનીનું મન ઘડે, તેની ખબર તેને નવ પડે;
કહે સંત જે ઘાટ તો થાય, તેનો અવગુણ તે લે સદાય. ૨૦
કહે ઘાટ ઘડે મન જ્યારે, સંત તે કહિએ કેમ ત્યારે;
પણ મૂર્ખ જાણે નહિ મર્મ, ઘાટસંકલ્પ મનનો તે ધર્મ. ૨૧
મન તો ચડિ જાય છે ચાળે, સાચા સંત તેને પાછું વાળે;
વળી મનને તે નવરું ન રાખે, શુદ્ધ સંકલ્પમાં જોડી નાખે. ૨૨
જેમ ભૂત જેને વશ થાય, નવરું રહે તો ખાવા ધાય;
નવરું થવા દેવું ન એને, કાંઈ કામ ભળાવવું તેને. ૨૩
મન પણ જાણવું ભૂત જેવું, તેને નવરું રહેવા ન દેવું;
પ્રભુમુર્તિ વિષે મન ધારો, કાં તો કીર્તન ગાઈ વિચારો. ૨૪
કથા સાંભળો ને સંભળાવો, કાં તો ધર્મની ચર્ચા ચલાવો;
નવધા ભગતી કહેવાય, તેમાં રાખવું મનને સદાય. ૨૫
સતશાસ્ત્ર ભણો ને ભણાવો, કૃષ્ણભક્તિ કરો ને કરાવો;
એવી રીતે કરી ઘણી વાત, સુણી સર્વે થયા રળિયાત. ૨૬
પ્રભુને પદ વંદી વિશેષ, સંઘ સર્વે સિધાવ્યા સ્વદેશ;
જે જે સાધુ હતા ભણનારા, મુક્તાનંદ પાસે રહેનારા. ૨૭
મુક્તાનંદ સાથે સહુ એહ, ગયા સરસવણી ગામ તેહ;
આતમાનંદને કહે હરી, તમે મંડળ તૈયાર કરી. ૨૮
તમે સદ્ગુરુ સર્વ છો જેહ, જાઓ દેશમાં ફરવાને તેહ;
હોય વૃદ્ધ અશક્ત જે અંગે, કરી જાણે ન વાત પ્રસંગે. ૨૯
એવાનું જુદું મંડળ કરીએ, વરજાનંદ સદ્ગુરુ ધરિએ;
સાધુ લંગડા પરમાનંદ, સોંપિએ તેહને એક વૃંદ. ૩૦

૧. કાઠીની અટક છે

તેઓ એવાની સંભાળ લેશે, દયા રાખીને ધીરજ દેશે;
સંતના એમ મંડળ કીધાં, સદ્‌ગુરુઓના તાબામાં દીધાં. ૩૧
હતા કોઈ સ્વતંત્ર સ્વભાવે, તેને બંધી માંહી લીધા માવે;
મુંઝાણા કોઇ મનમાંઇ, પણ બોલિ શક્યા નહિ કાંઇ. ૩૨
પછી થાળ જમ્યા ભગવંત, જમ્યા પાર્ષદ ને જમ્યા સંત;
પછી ઘોડિએ થૈ અસવાર, ગયા ગોવિંદ ગામ બહાર. ૩૩
ગામથી પૂર્વમાં છે તળાવ, પછી ત્યાં ગયા નટવર નાવ;
શોભે તે સરનો તટ સારો, હતો સાધુઓનો ત્યાં ઉતારો. ૩૪
સંત સર્વે નમ્યા આવી પાય, ત્યારે બોલિયા વૃષકુળરાય;
જેને બંધીમાં રહેવાનું ગમે, રહો સરોવર તીર આ સમે. ૩૫
સારી જેહ સ્વતંત્રતા ધારો તે તો જોળને પંથે પધારો;
આતમાનંદ બોલિયા ત્યારે, બંધિમાં રહેવું છે જ મારે. ૩૬
એકે એકે બોલ્યા સહુ એમ, બંધિમાં રહિએ નહિ કેમ;
તમ અર્થે તજ્યાં ઘરબાર, તજી નાત તજ્યો પરિવાર. ૩૭
પ્રભુ તમને જ કરવા પ્રસન, અમે અર્પિયાં તન મન ધન;
તમે રાખો તે રીતે રહેશું, આપ આજ્ઞા માથે ધરિ લેશું. ૩૮
કહો તો વસિએ જઇ વનમાં, સહિએ ટાઢ ને તાપ તનમાં;
કહો તો તજિએ ખાનપાન, ધરિએ આપનું બેઠા ધ્યાન. ૩૯
સુંણી રાજી થયા મહારાજ, કહે સાંભળો સંતસમાજ;
આજથી આ વચન ધરી લેજો, આત્માનંદની આજ્ઞામાં રહેજો. ૪૦
તે તો જેને સોંપે કામ જેવું, તે જ રીતે તરત કરી દેવું;
જેના મંડળમાં જેને રાખે, જેહ દેશમાં ફરવાનું દાખે. ૪૧
એમાં શંકા કશીએ ન કરવી, કરે આજ્ઞા તે અંતરે ધરવી;
સુંણી બોલિયા સંતસમાજ, એમ કરશું અમે મહારાજ. ૪૨
આતમાનંદને કહે નાથ, તમે મંડળ લૈ નિજ સાથ;
કરો બામણગામ પ્રવેશ, દૈવી જીવને દ્યો ઉપદેશ. ૪૩
સુણી મંડળ લૈ સદ્ય ગયા, રાત બામણગામમાં રહ્યાં;
બીજા મંડળ મોકલ્યાં જ્યાંય, ગયાં તે પણ તે સ્થળમાંય. ૪૪

પ્રભુ ચાલિયા પાર્ષદ લૈને, તે તો ગામ બુધેજમાં થૈને;
ઉંટવાળા ને હાંસદ ગામ, નાર્ય પંડોળિએ ગયા શ્યામ. ૪૫
ધર્મનંદન ધર્મજ ગયા, રાત જઈને બોચાસણ રહ્યા;
ઉતર્યા કાશીદાસને ઘેર, તેણે સેવા સજી શુભ પેર. ૪૬
બોરસદમાં વસે આશારામ, તેને ઘેર ગયા ઘનશ્યામ;
તે તો વિપ્ર પવિત્ર છે જાણી, તેને ઘેર જમ્યા પદ્મપાણિ. ૪૭
ભાદરણ વિચર્યા ભગવાન, દીધાં દાસને દર્શનદાન;
કાળીદાસ પટેલ ત્યાં રહે, ભનુભાઈ તેના સુત કહે. ૪૮
પિતા પુત્ર ભલા હરિભક્ત, પૂજ્યા હરિને પૂજે જેમ મુક્ત;
પછી ત્યાંથી પ્રભુ પરવરિયા, ખેડાહે કંછડોલે વિચરિયા. ૪૯
જોયું માનપરું નારપરું, આવ્યું બામણગામ ત્યાં ખરું;
જ્યાં છે બેચર પંડ્યાની મેડી, હરિભક્તો ગયા તહાં તેડી. ૫૦
જોઈ પશ્ચિમ દ્વારની બારી, બેઠા તે માંહિ વિશ્વવિહારી;
હરિભક્તે ઘણી કરી તાણ, પણ નવ જમ્યા શ્યામ સુજાણ. ૫૧
પછી લૈને પ્રભુનું વચન, પારષદને કરાવ્યું ભોજન;
આતમાનંદ ભાઈ ત્યાં મળિયા, પ્રભુજીને પગે તે તો ઢળિયા. ૫૨
પછી સૌને કહ્યું પરમેશે, જાશું વાકળ કાનમ દેશે;
મહીસાગર ક્યાં ઉતરાશે, ભૂમિનો કોણ ભોમિયો થાશે. ૫૩
હરિભક્ત બોલ્યા શિર નામી, સુણો શ્રી સહજાનંદસ્વામી;
નામે એકલ બારાનો આરો, એ છે ઉતરવા જોગ્ય સારો. ૫૪
ઉચર્યા આતમાનંદ ભાઈ, આરો દીઠો છે મેં સુખદાઈ;
ત્યારે તેઓને લૈ નિજ સાથે, ગતિ ત્યાંથી કરિ મુનિનાથે. ૫૫
થૈને અશ્વ ઉપર અસવાર, માવો ચાલીયા મહી મોઝાર;
ગયા એકલબારાને આરે, ચાલ્યા સૌ મુનિ સામે કિનારે. ૫૬

**શાર્દૂલવિક્રીડિત :**

પ્રત્યક્ષ પ્રભુને નિહાળી મહિએ ધારી ભલા ભાવને,
પોતાના જળના તરંગ કરથી ધોયા પ્રભુપાવને;
જાણી પૂજ્ય પ્રસાદિ એક પગની જ્યાં મોજડી લૈ લિધી,
ત્યારે કૃષ્ણ પ્રસન્ન પૂર્ણ થઈને બીજીય તેને દિધી. ૫૭

સ્વર્ગંગા[1] પણ તે સમે સ્વમનમાં આશ્ચર્ય પામી અતિ,
મોટો તે મહિનો વિચારી મહિમા પોતે લજાતી હતી;
ધામી અક્ષરધામના પ્રભુ મળ્યા તેને શી ખામી રહી,
એવો લાવ લિધો ન લેશ કદિ મેં આ સ્વર્ગ માંહી રહી. ૫૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નદીજળ ઉતરી કૃપાનિધાન, સ્વજન સમેત કર્યું તહાં જ સ્નાન;
પ્રભુપદ પરશી પવિત્ર કીધી, મહિ નદિને પદ શ્રેષ્ઠ પ્રાપ્તિ દીધી. ૫૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિમહીનદીતટપ્રદેશ વિચરણનામ એકોનત્રિંશત્તમો વિશ્રામઃ ॥૨૯॥*

**પૂર્વછાયો :**

માવ મહીનદી ઉતરી, ગયા એકલબારે ગામ;
બાપુભાઈ કાભાઈ નામે, ઠાકોર બે તે ઠામ. ૧
તેણે સમાચાર સાંભળ્યા, આંહિ આવે છે શ્રીમહારાજ;
સામા જૈ સનમાન કીધું, આંહિ રહો કહ્યું આજ. ૨
સંત સરવને મોકલ્યા, ગિરિધારીએ ગામ ડભાસ;
ઠાકોરના દરબારમાં, એક રાત રહ્યા અવિનાશ. ૩
પછી ઉઠીને પ્રભાતમાં, ગયા ડભાસે દેવ મુરાર;
દર્શન કરીને સંત સૌ, ઉર આનંદ પામ્યા અપાર. ૪
સંત સહિત પછી સંચર્યા, ગયા સેજકુવે ઘનશ્યામ;
સ્નાન આદિક સરવે ક્રિયા, કરી ઠરિ હરિ તેહ ઠામ. ૫
ભક્ત ભલા પ્રભુદાસજી, તેણે કરી ઘણી ત્યાં તાણ;
ભાતું આપ્યું ઘણા ભાવથી, જમ્યા સંતને શ્યામ સુજાણ. ૬
સત્સંગી સાધી ગામના, મુખ્ય આવ્યા મળી તે ઠામ;
પ્રેમે પ્રભુને પદ નમ્યા, કહું તેહનાં નિર્મળ નામ. ૭
વિપ્રજાતિ વનમાળી છે, બાપુભાઈ ને ગંગાદાસ;
અંબાઈદાસ ને રતનજી, નમી બેઠા મહાપ્રભુ પાસ. ૮

૧. ગંગાનદી

કર જોડી સહુએ કહ્યું, પ્રભુ ચાલો અમારે ગામ;
સુણી સાધી ગામ સંચર્યા, સંત સહિત શ્રીઘનશ્યામ. ૯
આપ્યો ઉતારો અતિ ભલો, આપી રસોઈ પણ રસવંત;
શ્રીહરિ જમિયા સ્નેહથી, જમ્યા પાર્ષદ ને જમ્યા સંત. ૧૦
સાધિથી ચાલ્યા સવારમાં, ગયા ગોવિંદ આમળા ગામ;
વિપ્ર ભિખે રુપૈયો ધર્યો, ગયા સરસવણીયે સુખધામ. ૧૧

**ચોપાઈ :**

શેઠ અંબાઈદાસ આવાસ, ઉતર્યા અઘહર અવિનાશ;
ગામનું જે તળાવ ગણાય, હતો વડ ત્યાંથી દક્ષિણમાંય. ૧૨
તેનો છાંયો તપાસીને સારો, કર્યો સંતોએ ત્યાં જ ઉતારો;
રામચંદ્ર ને નાગજી નામે, રુડા ભક્ત રહે તેહ ગામે. ૧૩
તેણે કીધી રસોઈ રસાળી, જુગતીથી જમ્યા વનમાળી;
ભક્ત ત્રીકમ અંબાઈદાસ, આવ્યા ગિરિધર પણ પ્રભુ પાસ. ૧૪
મળી સૌએ ત્યાં દીધી રસોઈ, જમ્યા સંત તેનો ભાવ જોઈ;
પછી સાંજ સમે સુખકારી, વડશેઠ સભા સજી સારી. ૧૫
મુક્તાનંદ આદિક બહુ સંત, શ્રીજી પાસે બેઠા મતિમંત;
દેશ વાકળ કાનમ કેરા, હરિભક્ત ત્યાં આવ્યા ઘણેરા. ૧૬
તેમાં મુખ્ય તણાં એહ ઠામ, તમને હું સુણાવું છું નામ;
ગુણવંતું વેમાડી છે ગામ, વિપ્ર ત્યાં વસે તુળજારામ. ૧૭
પ્રેમિજન રામદાસ પટેલ, ભક્તિભાઈ કરે ભલી ટેલ;
જીજીભાઈ તથા કાનદાસ, આઠે પો'ર ભજે અવિનાશ. ૧૮
જીજીભાઈ રહે દોરા ગામ, ત્યાંના વિપ્ર વળી કાશીરામ;
બુવા ગામના તો કાનદાસ, દરુભાઈ ને ગુલાબદાસ. ૧૯
આવ્યા આમોદના હરિજન, શેઠજી સારા હરજીવન;
ભટ પંડિત તો દીનાનાથ, લક્ષ્મીરામ ને ગણપત સાથ. ૨૦
વલીભાઈ કેળોદના વાસી, અતિ વાલા જેને અવિનાશી;
વિપ્ર બાપુ ઈટોલાના જાણો, જીજીભાઈ પટેલ પ્રમાણો. ૨૧

દેવીદાસ ને ત્રીકમદાસ, નરહરભાઈનો ત્યાં નિવાસ;
નારાયણભાઈ શંકરભાઈ, રેવાદાસ આવ્યા હરખાઈ. ૨૨
વળી આવિયા અંબાવીદાસ, રહ્યા સેવામાં શ્રીહરિ પાસ;
ગામ કંડારીમાં જેનો વાસ, પરશોતમ ત્રીકમદાસ. ૨૩
જાણો માધવજી હરિજન, કાનજી તથા દાસ મકન;
ભક્ત રૂંવાદના ભગવાન, પામ્યા ગિરિધર ગોવિંદજ્ઞાન. ૨૪
ભટ ભગવાન ગામ સલાડ, તે તો માને પ્રભુજીનો પાડ;
મંડાળાના તો ભગો પટેલ, સતસંગી ખુશાલ આવેલ. ૨૫
પરશોતમ ગોવિંદભાઈ, જેની ભક્તિ ભલી વખણાઈ;
જોરોભાઈ શિણોરમાં વાસ, જેઠીભાઈ ને ભવાનીદાસ. ૨૬
ઉતરાદના જન રણછોડ, ભીખોભાઈ ને મોરાર જોડ;
નાનોબાવો તથા વેણીદાસ, એક ઈશવરની એને આશ. ૨૭
પારિખા ગામના રામજીય, મોટા ભક્ત બીજા મેઘજીય;
પીપળીમાં કુબેરજી ગણિયે, માણેજામાં ભૂધરભાઈ ભણિયે. ૨૮
ચારુ ગામ ચોરંદા છે જ્યાંય, રહે ભટ પરશોતમ ત્યાંય;
બીજા તો ભટ છે માહેશ્વર, ત્યાં જ જીવણ પટેલનું ઘર. ૨૯
વયણામે માધવજી વસે, જેનું મન હરિમૂર્તિમાં ઠસે;
વસે સારંગમાં માહેશ્વર, કાકુજીને વા'લા હરિવર. ૩૦
વસે ત્યાં વળિ શેઠ દયાળ, જેને પ્યારા પ્રણત જનપાળ;
ભલું ગામનું નામ ભદામ, આવ્યા ત્યાંથી તેનાં કહું નામ. ૩૧
નરોતમ ને ભુલો પુંજોભાઈ, વિપ્ર ઘેલો દયાળ દેસાઈ;
અવિધા ગામથી તો આવેલ, પુંજાભાઈ ને નરસિ પટેલ. ૩૨
શેઠ કેવળ ને હરીભાઈ, નાથોભાઈ આવ્યા હરખાઈ;
એહ આદિક ભક્ત અપાર, આવ્યા ભેટવા ભક્તિકુમાર. ૩૩
પ્રેમે શ્રીપ્રભુને લાગ્યા પાય, મનમાં ઉછરંગ ન માય;
મળી સૌએ પૂજા ભલી કરી, ભેટ નાના પ્રકારની ધરી. ૩૪
કૃપાદષ્ટિએ કૃષ્ણ નિહાળે, તાપ તનના ને મનના ટાળે;
અતી આનંદ આનંદ દરસે, જાણે આનંદનો ધન વરસે. ૩૫

જોઈ તે સુખની સરસાઈ, આવે ઈન્દ્રને ઉર અદેખાઈ;
ભવ બ્રહ્માએ સ્વપને ન ભાળ્યું, એવું સુખ જનને પ્રભુ આલ્યું. ૩૬
ધર્મ જ્ઞાન વૈરાગ્યની વાત, કરી શ્રીહરિએ સાક્ષાત;
પ્રશ્ન ઉત્તર પણ બહુ થયા, સુણી સંશય સર્વના ગયા. ૩૭
કહે કાનમના હરિજન, કરો પ્રાંત અમારો પાવન;
દેવા દર્શન ત્યાં ગામોગામ, સંત લૈ વિચરો ઘનશ્યામ. ૩૮
ઘણી ઈચ્છા રહે છે અમારે, અમ ઘેર આવે હરિ ક્યારે;
એવું સાંભળીને સુખકારી, બોલ્યા વાત ભવિષ્ય વિચારી. ૩૯
આંહિ દર્શન સૌ કરો તમે, અવાશે તો ત્યાં આવશું અમે;
ઈચ્છા રાજાની જો ન જણાય, અમારાથી તો ત્યાં ન અવાય. ૪૦
એવામાં શેઠ અંબાઈદાસે, કહ્યું આવીને શ્રીપ્રભુ પાસે;
મારે ઘેર કરાવ્યો છે થાળ, ચાલો જમવાને જનપ્રતિપાળ. ૪૧
વિનતી સુણી જમવા પધાર્યા, નિજજનના મનોરથ સાર્યા;
પછી આવીને આપ ઉતારે, બેઠા રાતે સભા ભરી જ્યારે. ૪૨
એવે આવ્યો કોઈ છડીદાર, તેને શ્યામે પૂછ્યા સમાચાર;
તમે કોણ છો ક્યાં થકી આવ્યા, કહો કેના સમાચાર લાવ્યા. ૪૩
વેત્રધર[૧] ઉચર્યો એહ વાર, હું છું કાનોબાનો છડીદાર;
પ્રભુ આપને તેડવા કાજ, મને મોકલ્યો છે અહીં આજ. ૪૪
કાનોબાએ કરીને પ્રણામ, કહ્યું છે આવો પાદરે ગામ;
આંહિ જો ન આવો નાથ તમે, તમ પાસે તો આવીએ અમે. ૪૫
સુણિ બોલિયા શ્રીગિરિધારી, દેશું ઉત્તર વાત વિચારી;
સભામાંથી પધાર્યા ઉતારે, મુક્તાનંદાદિને પૂછ્યું ત્યારે. ૪૬
પાદરે જાવું કે નવ જાવું, કેવો ઉત્તર તેને કહાવું;
સુણી બોલ્યા મુક્તાનંદસ્વામી, આપ છો પ્રભુ અંતરજામી. ૪૭
કેવો ભૂપના મનમાં છે ભાવ, તમે જાણો છો તેનો ઠરાવ;
સુણી બોલિયા શ્યામ સુજાણ, કાનોબા તણી છે ઘણી તાણ. ૪૮
માટે પાદરે જાવું જરૂર, નથી આંહિ થકી ઘણું દૂર;
મુક્ત બોલ્યા કરીને પ્રણામ, આપ સમરથ છો ઘનશ્યામ. ૪૯

૧. છડીદાર

આવે ઈચ્છામાં એમ કરો છો, દીલમાં કોઈથી ક્યાં ડરો છો;
વેત્રધરને કહે ધર્મલાલ, જાઓ ત્યાં અમે આવશું કાલ. ૫૦
ત્યારે તે ગયો પાદરે ગામ, જમ્યા બીજે દિવસ ઘનશ્યામ;
વે’લ અંબાઈદાસના ઘરની, લાવ્યા આજ્ઞા સુણી હરિવરની. ૫૧
મુક્તાનંદ ને દેવ મુરાર, બેઠા બેય તે વે’લ મોઝાર;
ગોરિયાદ ગયા ગિરિધારી, જગ્યા જોઈ સરોવરે સારી. ૫૨
વડ પીપળાની ભલી છાંય, જોઈ ઉતર્યા શ્રીહરિ ત્યાંય;
આવ્યા બહુજન દર્શન કરવા, લાગ્યા વાલોજી વાતો ઉચરવા. ૫૩
કહે કૃષ્ણ પવિત્ર છે ગામ, થાશે બહુ સતસંગી આ ઠામ;
પછી ત્યાં કરીને જળપાન, ગયા પાદરે શ્રીભગવાન. ૫૪
કાનોબાના ઉતારાની પાસ, હતો ત્યાં વાણિયાનો આવાસ;
જગદીશ ત્યાં ઉતર્યા જૈને, કાનોબા આવ્યા શ્રીફળ લૈને. ૫૫
રુપામો’ર ને શ્રીફળ ધરી, બેઠા પ્રભુપદ વંદન કરી;
કહ્યું હેતે જોડી જુગહાથ, કચેરીમાં પધારોજી નાથ. ૫૬
હતો તે સમે રાત્રિનો કાળ, પ્રભુએ પ્રગટાવી મશાલ;
એક તો ભક્ત વાળંદ કાળો, બીજો નરસી તે ગામેઠાવાળો. ૫૭
જણ બેએ બે પ્રગટી મશાલ, કચેરીમાં પધાર્યા કૃપાળ;
કાનોબા કહે શાસ્ત્રી અમારો, એક છે તે ભણેલો છે સારો. ૫૮
એને શાસ્ત્રની ચરચા આજ, કાંઈ કરવાની છે મહારાજ;
સુણી બોલિયા સુંદરશ્યામ, એક શાસ્ત્રી છે લક્ષમીરામ. ૫૯
શાસ્ત્રી સાથે તો ચર્ચા તે કરશે, પુછશે તેના સંશય હરશે;
તેઓ બે જણે વાદ ચલાવ્યો, આવ્યો એક દાદુપંથી[૧] બાવો. ૬૦
આડું આડું બોલે વચ્ચે એહ, સમાધાન થવા ન દે તેહ;
ક્યારે પક્ષ સગુણનો ધરે, ક્યારે નિર્ગુણ વાદ ઉચ્ચરે. ૬૧
રાત અર્ધિ ગઈ એહ ઠાર, પણ ચર્ચાનો આવ્યો ન પાર;
ત્યારે યુક્તિ કૃપાનાથે કીધી, માળા બાવાની જોવાને લીધી. ૬૨
જોતાં જોતાંમાં તે તુટી ગઈ, બધા પારાની વૃષ્ટિ ત્યાં થઈ;
બાવો લાગ્યો પારા વીણી લેવા, શ્રીજી લાગિયા ઉત્તર દેવા. ૬૩

૧. એ નામનો પંથ

કર્યું શાસ્ત્રીનું તો સમાધાન, બાવાને કાંઈ નવ રહ્યું ભાન;
ચાલ્યા ઘેર સભાસદજન, ત્યારે કાનોબા બોલ્યા વચન. ૬૪
કાલ તો રહેજો મહારાજ, આપ પાસ અમારે છે કાજ;
રહે'શું કહ્યું જગદાધારે, પ્રભુ ત્યાંથી પધાર્યા ઉતારે. ૬૫
કાનોબાને કહ્યું દાદુબાવે, સહજાનંદ જો હાથ આવે;
એની આગળ છે ઘણું ધન, મોટા મોટા કરે છે જગન. ૬૬
એના શિષ્ય થયા છે અમાપે, એક એક રુપૈયો જો આપે;
ધન ધારિએ તેવું થનારું, સ્વામી પકડાય તો ઘણું સારું. ૬૭
કાનોબાએ ઠેરાવ તે કીધો, જગદીશ્વરે તે જાણિ લીધો;
પ્રભુ જાગિયા જ્યારે સવારે, ચાલી નીકળ્યા એકલા ત્યારે. ૬૮
આતમાનંદને કહ્યું શ્યામે, તમે આવજો બામણ ગામે;
મુક્તાનંદને એમ કહેજો, જઈ સરસવણીમાં રહેજો. ૬૯
કાનોબાએ જાણી વાત જ્યારે, ઘણા અસ્વાર મોકલ્યા ત્યારે;
દીઠા કાળરૂપે બહુનામી, સ્વાર પાછા વળ્યા ભય પામી. ૭૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

લવ સમ ભૃકુટી તણો વિલાસ, જગત અસંખ્ય સ્રજે કરે વિનાશ;
પણ કદિ જનથી દિલે ડરે છે, મનુષ્યચરિત્ર મહાપ્રભુ કરે છે. ૭૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિપાદરાખ્યપુરવિચરણનામ ત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૦॥*

**પૂર્વછાયો :**

બામણ ગામ ગયા હરિ, ગામ ગોંદરે કર્યો વિશ્રામ;
ખોડા પંડ્યાને ખબર થૈ, ત્યારે આવ્યા તે દર્શનકામ. ૧
તાણ કરી તેડી ગયા, ઘનશ્યામજીને નિજ ઘેર;
ત્યાં જઈને દહીં રોટલો, જમ્યા જીવન રુડી પેર. ૨
આતમાનંદાદિક પછી, સંત આવિયા શ્રીહરિ પાસ;
ખોડે પંડ્યે ખૂબ તાણ કરી, પણ રાત ન રહ્યા અવિનાશ. ૩

સંત સહિત હરિ સંચર્યા, ગામ શેલડિએ ગયા શ્યામ;
બારૈયા મોકમસિંહજી, પ્રભુ ઉતર્યા તેને ધામ. ૪
કૃષ્ણ કહે કાનોબા થકી, અમે છાના આવ્યા છૈએ છેક;
રાખો તો રહિએ અમે, હોય ક્ષત્રિપણાની ટેક. ૫
મોકમસિંહ કહે હરિ, વસો સુખે અમારે નિવાસ;
લશકર આવે લક્ષધા, અમે તોય ન ધરિએ ત્રાસ. ૬
એવાં વચન ઉચ્ચારિયાં, સુણી રાજી થયા મહારાજ;
રાત રહીને સંચર્યા, સાથે લઈને સંતસમાજ. ૭
અલારસા ગામે થઈ, રહ્યા દાવોલમાં જૈ રાત;
નાપે થઈને ગાને ગયા, પછી ખાંધલીએ જગતાત. ૮
મેઘવે વાંછલીએ થઈ, ગયા મોગરિ આદિક ગામ;
ફરતા ફરતા કરમસદ, જઈ જોળ ગયા ઘનશ્યામ. ૯
ત્યાં છે કૂવો રામદાસનો, તહાં ઉતર્યા શ્રી મારાજ;
મઠ વાવ્યા હતા તેહમાં, મુક્યાં ઘોડાં ચરવા કાજ. ૧૦
તે જોઈને ત્યાં બોલિયો, તે ખેતરનો રખવાળ;
કોણ તમે છો કેમ આપ, મઠ ભેળાવો છો આ કાળ. ૧૧
ખેતર આ તો અમારું છે, એમ બોલ્યા હરિ સાક્ષાત;
ત્યારે તેણે જઈ ગામમાં, રામદાસજીને કહી વાત. ૧૨
આવ્યા તહાં રામદાસજી, દીઠા શ્રીહરિ દીનદયાળ;
કર્યા પ્રણામ અષ્ટાંગથી, કહ્યું કરાવું જમવા થાળ. ૧૩
તાણ ઘણી કરી તોય ત્યાં, જમવા ન રહ્યા હૃષિકેશ;
ચોંપ કરીને ચાલિયા, વરતાલ ભણી વિશ્વેશ. ૧૪
વા'લો આવ્યા વરતાલમાં, રહ્યા વાસણ સુતાર ઘેર;
પ્રેમી જનોએ પ્રેમથી, પ્રભૂ પૂજ્યા રુડી પેર. ૧૫
કાનમ દેશ વિષે ફર્યા, તેની કહી સ્વજનને વાત;
ચારુ ચરિત્ર વિચિત્ર તે, થયું વિશ્વ વિષે વિખ્યાત. ૧૬
વળિ લલિત લીલા કરી, વૃષનંદને વસી વરતાલ;
સંત હરિજન સર્વને, સુખ દિધું દીનદયાળ. ૧૭

થોડા દિવસ સ્થિરતા કરી, વરતાલ વિષે વસી વાસ;
કંઝરીએ કરુણા કરી, ગયા સંત સહિત અવિનાશ. ૧૮

**ચોપાઈ :**

રહે ત્યાં ખોજીદાસ પટેલ, ભલા ભાવિક ભક્ત થયેલ;
લાવ્યા શેલડીનું ગાડું ભરી, સૌની આગળ અકેક ધરી. ૧૯
હરિએ તે કરી અંગીકાર, ગયા ભાળજ ભવભરતાર;
ઉમરેઠ ગયા અવિનાશ, રહ્યા નંદુઠાકરને નિવાસ. ૨૦
ભગવાને ત્યાં ભોજન કીધું, નરભેરામને સુખ દીધું;
બીજે દિન દ્વિજ જમનાબાઈ, તેણે નોતર્યા જનસુખદાઈ. ૨૧
કર્યો વિવિધ પ્રકારનો થાળ, પણ જમવા રહ્યા ન દયાળ;
પણસોરે ગયા રુડી પેર, પાટીદાર નાગરદાસ ઘેર. ૨૨
તહાં વિપ્ર વિશ્વનાથભાઈ, તેની પત્નિ રુડી રુપબાઈ;
તેની પાસે કરાવિયો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૨૩
ઉમરેઠની જમનાબાઈ, કરી થાળ ઘણી અકળાઈ;
ઘણી હોંશે કર્યો હતો થાળ; પણ જમવા રહ્યા ન કૃપાળ. ૨૪
તેથી થૈ અતીશે જ ઉદાસ, ઝરે આસું ને નાખે નિઃશ્વાસ;
ભાવ જાણ્યો તે ભૂપના ભૂપે, ગયા જમવાને દિવ્યસ્વરૂપે. ૨૫
સ્વાર પાળા શોભે નિજ સાથે, એવું રૂપ ધર્યું મુનિનાથે;
જઈ ભાવથી ભોજન કર્યું, બાઈ જમનાનું અંતર ઠર્યું. ૨૬
જમી સૌ પુરબહાર નિકળિયા, જોઈ કોઈ જને નહિ કળિયા;
બેય ગામ ગયા સમાચાર, ત્યારે અચરજ ઉપજ્યું અપાર. ૨૭
પણસોરે તળાવને તીર, લીંબડા હેઠે શ્યામશરીર;
ઘણી વાતો સભા ભરી કરી, લીધા સર્વના સંશય હરી. ૨૮
બીજે દિવસ ડડુસર ગયા, ગલુજીના ઉપર કરી દયા;
તેને દર્શન દૈ વૃષલાલ, જઈ રાત રહ્યા કઠલાલ. ૨૯
નદીને તીર પીપળા પાસે, જોયો ચોતરો શ્રીઅવિનાશે;
ઢોલિયો તેહ ઉપર ઢળાવી, બેઠા તે પર શ્રીપ્રભુ આવી. ૩૦

સદારામ ને ખુશાલરાય, તેણે થાળ કર્યો પછી ત્યાંય;
જમ્યા શ્રીહરિ ને જમ્યા સંત, કરી ત્યાં જ્ઞાનવાર્તા અનંત. ૩૧
પ્રભુએ ત્યાંથી કીધું પ્રયાણ, ગયા સીમાડે શ્યામ સુજાણ;
એક ડોશી આવી પછવાડે, ઉભા રહો કહિને બૂમ પાડે. ૩૨
ઘડો પાણીનો પૂર્ણ ભરેલો, ડોશીએ નિજ માથે ધરેલો;
પછી ઉભા રહ્યા અવિનાશ, ડોશી આવી પ્રભુજીની પાસ. ૩૩
કહ્યું આ ઘડામાં પગ ધરો, જળ આ ચરણોદક કરો;
કહે શ્રીજી તે જળને શું કરશો, કહો ક્યાં જઈને તેહ ધરશો. ૩૪
કહે ડોશી કુવો એક જે છે, ગામનાં લોક પાણી પિવે છે;
તેમાં રેડીશ જઈને આ વારિ, તેથી સૌની મતિ થશે સારી. ૩૫
હરિએ ચરણોદક કીધું, ડોશીએ કૂપમાં રેડી દીધું;
એવા હરિજન પરઉપકારી, તેની રીત ત્રિલોકથી ન્યારી. ૩૬
રાખી સંતને પાર્ષદ સાથ, આંતરોલી ગામે ગયા નાથ;
શિંગાલીએ ગયા સુખરાશી, ત્યાંથી ઉંટડીએ અવિનાશી. ૩૭
મહાદેવનાં દર્શન કર્યાં, વસ્ત્ર શંકર આગળ ધર્યાં;
ફરતાં ફરતાં ઘણાં ગામ, પરાંતિજ ગયા સુખધામ. ૩૮
સેવ્યા બ્રાહ્મણોએ તેહ કાળ, ઘણે ઘેર જમ્યા જઈ થાળ;
ત્યાંથી ચાલી ઘણાં ગામ ફરીયા, પછી વિસળનગર વિચરીયા. ૩૯
ત્યાંના ભક્તોને પુછીયું ત્યારે, કાંઈ છે હવે કષ્ટ તમારે;
ત્યારે બોલિયા તે હરિજન, વા'લા સાંભળો સત્ય વચન. ૪૦
તમે દેખાડીને જમત્રાસ, આંહીં દેસાઈને કર્યો દાસ;
ત્યારથી અમને થયું સુખ, હવે દેતું નથી કોઈ દુઃખ. ૪૧
પ્રભુ પ્રૌઢ પ્રતાપ તમારો, કોઈ તમને નહિ જીતનારો;
તમ સાથે કરે જેહ દ્વેષ, તે તો પોતે પામે બહુ કલેશ. ૪૨
વળી વંશઉચ્છેદન થાય, મરીને પોતે નરકમાં જાય;
જ્યાં જ્યાં દ્વેષી હતા જે તમારા, બહુ પામીયા કષ્ટ બીચારા. ૪૩
વળી દ્વેષી તમારો જે થાશે, કષ્ટ પામશે ને વંશ જાશે;
જેમ સૂર્ય સામી રજ નાખે, પડે આવીને પોતાની આંખે. ૪૪

દેવા દુઃખ જે તમને ચહાય, તેહ દુઃખ તો તેને જ થાય;
એમ કહી સહુ પામ્યા આનંદ, રીઝ્યા સાંભળી વૃષકુળચંદ. ૪૫
ત્યાંથી ઉંઝે ગયા અવિનાશી, થયા રાજી ઉંઝાના નિવાસી;
પછી જૈ ઘણા ગામ મોઝાર, કડીએ ગયા ધર્મકુમાર. ૪૬
વાદ કરવાને મતવાદિક આવ્યા, ઘણા પ્રશ્ન લખી લખી લાવ્યા;
સર્વે ઉત્તર આપિયા એના, ટાળ્યા સર્વથા સંશય તેના. ૪૭
વળી પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, તેથી વિશ્વાસ કૈંકને આવ્યો;
દિગ્વિજય કર્યો એવી રીતે, જીવ આસુરી ચેત્યા ન ચિતે. ૪૮
ગયા ડાંગરવે જગદીશ, ત્યાંથી નારદીપુરમાં મુનીશ;
ગયા નાદરિએ નરભ્રાત, હરિભક્તે સેવ્યા રહ્યા રાત. ૪૯
પોઢી ઉઠ્યા પ્રભુજી પ્રભાતે, નિત્યકર્મ કર્યું નિજ જાતે;
સભામાં બેઠા સુંદર શ્યામ, એક વાત કરી એહ ઠામ. ૫૦
રાતે સુતા હતા અમે જ્યાંય, આવ્યા શંકર તે સમે ત્યાંય;
એવો શબ્દ શિવે મુખ ભાખ્યો, કાંઈ ચિહ્ન અમારું તો રાખો. ૫૧
શિવ દીઠા અમે વિકરાળ, માટે પડશે ભયાનક કાળ;
સતસંગિયો શક્તિ પ્રમાણે, અન્નસંગ્રહ કરજો આ ટાણે. ૫૨
સતસંગિયોમાં ગામોગામ, વાત કરજો આ સૌ ઠામોઠામ;
ફરતાં ફરતાં ઘણાં ગામ, પછી આવ્યા અડાળજ શ્યામ. ૫૩
ગયા મોટેરે શ્રીમહારાજ, આવ્યો શ્રીપુરનો ત્યાં સમાજ;
બોલ્યા સત્સંગી સૌ જોડી હાથ, ચાલો શ્રીપુરમાં કૃપાનાથ. ૫૪
છાસટ્યામાં પધાર્યા’તા જેય, તેને વર્ષ વિતિ ગયાં બેય;
કોઈ વૃદ્ધ અને કોઈ બાળ, કરે દશરન દીનદયાળ. ૫૫

**શાર્દૂલવિક્રીડિત :**

હે સ્વામી બહુનામિ ખામિ ન મળે સદ્ધર્મના ધામિ છો,
અંતર્યામિ અકામિ છો ગરુડના ગામી મહાહામિ[૧] છો;
હે રાજા અધિરાજ આજ અરજી કોડે ઘણે કીજિએ,
આવો શ્રીપુરમાં અલૌકિક ભલો લાવો અમે લીજિએ. ૫૬

૧. મહા હિંમતવાન

ચોપાઈ :

સુણી બોલિયા સુંદરશ્યામ, તહાં આવ્યાનું હમણાં ન કામ;
સુબો રાખે છે દ્વેષ વિશેષ, ઉપજે તહાં આવ્યાથી ક્લેશ. ૫૭
હવે થોડાં વરસ ધૈર્ય ધારો, પછી આવશે અવસર સારો;
ઈચ્છા સંપૂર્ણ થાશે તમારી, કરો ભાવથી ભક્તિ અમારી. ૫૮
એમ સૌ જનને શાંત કરી, ગયા જેતલપુર પરવરી;
નામ ગામડી ને કૂણા ગામ, ઘણાં ગામ ફર્યા ઘનશ્યામ. ૫૯
દીનબંધુ પધાર્યા ડભાણ, જે છે ભૂતભવિષ્યના જાણ;
રુડા ભક્ત ત્યાં રઘુનાથદાસ, પ્રભુ બોલિયા તેહની પાસ. ૬૦
આવશે કાળ અતિ વિકરાળ, અન્નસંગ્રહ કરજો વિશાળ;
પાંચસેં મણ કોદરા લેજો, બેસે નાણું તે તો સુખે દેજો. ૬૧
વા'લો જૈને રહ્યા વરતાલ, થયા હરિજન નિરખી નિહાલ;
પગી જોબન રણછોડદાસ, ત્રીજા તો નારાયણગિરિ પાસ. ૬૨
એમ બોલિયા જનપ્રતિપાળ, કાળ પડશે ઘણો વિકરાળ;
માટે મારું કહ્યું મન ધરજો, ઘણા અન્નનો સંગ્રહ કરજો. ૬૩
આસપાસ જે ભક્તનાં ગામ, જૈને પણ કહો વાત તમામ;
એમ કહીને ચાલ્યા અવિનાશી, ગયા ચાંગે થઈને લિંબાસી. ૬૪
કૌકા કરમડ ને ભેંસજાળ, ગયા જીવન જનપ્રતિપાળ;
દાણા લેવાની બહુ કરી વાત, ગયા નાગડકે નરભ્રાત. ૬૫
સુરા ખાચરને દરબાર, વસંતોત્સવ કીધો તે વાર;
પછી બોલ્યા પ્રભુ તતખેવ, મળ્યા નાદરિયે મહાદેવ. ૬૬
બોલ્યા બોલ મહાદેવ આવો, મારું ચિહ્ન તો કાંઈ રખાવો;
માટે રુદ્રાક્ષમાળા મગાવો, સૌને પારો અકેક બંધાવો. ૬૭
ભેંસજાણના દ્વિજ મોતીરામ, તે તો બેઠા હતા તેહ ઠામ;
માળા રુદ્રાક્ષની હતી પાસે, માગી લીધી તે શ્રીઅવિનાશે. ૬૮
પારો બાંધ્યો પ્રથમ હરિરાયે, અકેકો પછી આખી સભાયે;
સંત હરિજન ને બ્રહ્મચારી, થયા પાર્ષદ રુદ્રાક્ષધારી. ૬૯
તેનો મર્મ મહાપ્રભુ જાણે, બીજા તો ઉર સંશય આણે;
કૈક કામ કેવી રીતે થાય, કળા ઈશ્વરની ન કળાય. ૭૦

સભામાં બોલ્યા શ્રીમહારાજ, તમે સાંભળો સર્વ સમાજ;
રુદ્ર પાડશે કાળ કરાળ, આથી ઓછી થશે કાંઈ ઝાળ. ૭૧
આપણે ચિહ્ન રુદ્રનું ધાર્યું, તે પ્રકારે તેનું મન ઠાર્યું;
લોકોને ઝાઝું દુઃખ નહીં દેય, મારો એવો અભિપ્રાય છેય. ૭૨
એવામાં પરગામથી ત્યાંય, નિત્યાનંદ આવ્યા સભામાંય;
સાથે સંતનું મંડળ હતું, હરિને મળી હર્ષિત થતું. ૭૩
કહે સ્વામીને શ્રીવૃષલાલ, વિશ્વ ઉપર કોપ્યો છે કાળ;
ભાગવતની કથા તમે કરો, કાળ શાંત થશે તેથી ખરો. ૭૪
સુણી સ્વામી બોલ્યા તતકાળ, તમે છો પ્રભુ કાળના કાળ;
કાળ લોપે ન આજ્ઞા તમારી, રહે આજ્ઞામાં બ્રહ્માંડકારી. ૭૫
ઈન્દ્ર બ્રહ્મા ને શેષ મહેશ, આજ્ઞા આપની લોપે ન લેશ;
ચેષ્ટા માણસ કેરી કરો છો, એવા બાનાથી ઉપદેશ દ્યો છો. ૭૬
નિત્યાનંદે પછી રુડી રીતે, ભાગવતની કથા કરી પ્રીતે;
સભા લીંબડા હેઠ ભરાય, કથા સાંભળે શ્રીહરિરાય. ૭૭
ગામ આમોદથી એવામાંય, મુક્તાનંદમુનિ આવ્યા ત્યાંય;
આવ્યા ત્યાં સ્વરૂપાનંદસ્વામી, મળ્યા તે સૌને અંતરજામી. ૭૮
દેશાંતરના પૂછ્યા સમાચાર, સ્વરૂપાનંદ બોલ્યા તે વાર;
દેશદેશે ફરી લીધું જોઈ, મેં તો માણસ દીઠું ન કોઈ. ૭૯
બેઠા આ લીંબડા હેઠ જેહ, એટલા જ મનુષ્ય છે એહ;
ભગવાન જેને ન મનાય, જોતાં તે પશુ જાતિ ગણાય. ૮૦
મુક્તાનંદજીને મહારાજ, કહે હું કહું તે કરો કાજ;
ગામોગામ ફરવા સિધાવો, સતસંગીયો સૌને ચેતાવો. ૮૧
આવશે દુષકાળ કરાળ, કરજો અન્નસંગ્રહ હાલ;
પછી જાજો જેતલપુર માંય, હશે મા'નુંભાવાનંદ ત્યાંય. ૮૨
તેને સારંગપુર મોકલાવો, ફૂલદોલસામગ્રી કરાવો;
આ કથા થશે સંપૂર્ણ જ્યારે, અમે સારંગપુર જશું ત્યારે. ૮૩
સમૈયો ફુલદોલનો સારો, તે તો જાણજો ત્યાં જ થનારો;
એમ કહી તેને કીધા વિદાય, રહ્યા નાગડકે હરિરાય. ૮૪

સમાપ્તિ કથાની થઈ જ્યારે, બહુ વિપ્ર જમાડીયા ત્યારે;
સંતોને પણ સારી રસોઈ, સુરાભક્તે દીધી સમો જોઈ. ૮૫
કરી શ્રીજીની સંતની પૂજા, નમ્યા ભાવથી જોડીને ભૂજા;
જથો રુદ્રાક્ષનો ત્યાં મંગાવ્યો, મઢાવી પારો હરિને ધરાવ્યો. ૮૬
સંતને સારો પારો અકેક, કંઠે ધાર્યો ધરીને વિવેક;
એવી લીલા અલૌકિક કરી, પછી સારંગપુર ગયા હરિ. ૮૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અકળ અમિત કૃષ્ણનાં ચરિત્ર, મરમ ભરેલ વળી મહાવિચિત્ર;
અજહર[1] સમદેવ મોહ પામે, મનુજ શિ શક્તિ ધરે જ એહ ઠામે. ૮૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિદંઢાવ્યાદિદેશવિચરણનામ એકત્રિંશો વિશ્રામઃ ॥૩૧॥*

**પૂર્વછાયો :**

સારંગપુરમાં શ્રીહરિ, કરી કેવી લીલા એહ વાર;
એ તો અધિક ઉત્સાહથી, સુણો ભૂમિ તણા ભરતાર. ૧

**ચોપાઈ :**

જીવા ખાચરને દરબાર, ઉતર્યા જઈ વિશ્વઆધાર;
ફુલદોલઉત્સવ ત્યાં ઠરાવી, કંકોતરી ગામોગામ લખાવી. ૨
ગયા ત્યાં થકી ધર્મકુમાર, કારિયાણીએ જગકરતાર;
હેતે હળિમળિ હરિજન સાથ, ગયા ત્યાંથી નશિદપુર નાથ. ૩
ત્યાંના હરિજનને હરખાવ્યા, પછી સારંગપુર પ્રભુ આવ્યા;
જીવા ખાચરને દરબાર, ઓશરી રુડી ઉત્તમ દ્વાર. ૪
ઢોલિયા પર ત્યાં હરિ બેઠા, બેઠા સંત ને હરિજન હેઠા;
સંતે નરઘાં[2] ને સારંગી લૈને, ગાયાં હરિનાં પદ સ્વસ્થ થૈને. ૫
કર્યો ત્યાં બ્રહ્મચારીએ થાળ, જમ્યા જીવન દીનદયાળ;
પ્રભુ પોઢ્યા પલંગમાં રાતે, પછી જીવન જાગ્યા પ્રભાતે. ૬

૧. બ્રહ્મા-શંકર ૨. તબલા

દિન હોળીનો એહ ઉચરતાં, ગયો આનંદઉત્સવ કરતાં;
સંધ્યાકાળ થયો જેહ વારે, હોળી પાદર પ્રગટાઈ ત્યારે. ૭
રીતિ દેશ તણી અનુસરવા, ચાલ્યા હોળીનાં દર્શન કરવા;
કાઠીયો આવ્યા થૈ અસવાર, ચડ્યા ઘોડીએ ધર્મકુમાર. ૮
કૈક ગાડાં જોડી જોડી આવ્યા, તેમાં બાળકો બેસારી લાવ્યા;
વાગે ઢોલ નગારાં અપાર, શોભે તે અસવારી શ્રીકાર[1]. ૯
ગામથી તો ઉત્તર દિશમાંય, હોળી પ્રગટી હતી ગયા ત્યાંય;
હતા માણકી પર પ્રભુ પ્યારા, દીધી હોળીને દુધની ધારા. ૧૦
વળી પાંચ પ્રદક્ષિણા કીધી, કર્યું પૂજન પણ ભલી વીધી;
નાળિયેર હોમ્યું હોળીમાંય, જે જેકાર બોલે જન ત્યાંય. ૧૧
ઘણા હરિજન કીર્તન ગાય, સૌને અંગ ઉમંગ ન માય;
હોળીકાને સતીદેવી ધારે, અપશબ્દ ન કોઈ ઉચ્ચારે. ૧૨
પછી શ્રીહરિએ ધરી પ્રીત, પૂછી કાઠીના દેશની રીત;
જીવો ખાચર ખાચર વસ્તા, બોલ્યા રાઠોડ ધાધલ હસ્તા. ૧૩
હોળી પાદર પ્રગટાય જ્યારે, પારકું ગામ મારીએ ત્યારે;
લડવા મળીને ઘણા જૈએ, જીતીએ તો અમે ગોઠ[2] લૈએ. ૧૪
હારીએ તો અમે પાછા વળિએ, ત્યારે તો અમે કાંઈ ન રળિએ;
કહે શ્રીજી અમારા જે પાળા, ઝાંપો રોકી રહે મતવાલા. ૧૫
તમે કાઠી બધા અસવાર, રહો તે સહુ ગામ બહાર;
તમે પેસો પાળાને હઠાવી, પામો ગોઠ તમે મનભાવી. ૧૬
પણ જો તમથી ન પેસાય, તો તે પાળાને ગોઠ અપાય;
ઠરી રહેશું અમે એહ ઠામ, ઉભા જોશું તમાસો તમામ. ૧૭
એવું સાંભળીને કર્યું એમ, રિઝે શ્રીજગજીવન જેમ;
ઝાંપો રોકી ઉભા રહ્યા પાળા, મોટી બંદુકો લૈ મતવાલા. ૧૮
આવે કાઠી તણા અસવાર, કરે બંદુકના ત્યાં બહાર;
ભારે તોપના જેવા ભડાકા, કાં તો મેઘના જેવા કડાકા. ૧૯
ઘોડાં કાઠીના ભડકીને ભાગે, પેસવા તણો લાગ ન લાગે;
ઝાંપે દક્ષણાદે કાઠી ગયા, પાળા ત્યાં પણ તતપર થયા. ૨૦

૧. સુંદર, શ્રેષ્ઠ ૨. ઈનામ, ભેટ

ઝાંપો રોકી ઉભા તેહ ઠાર, કર્યા બંદુકો કેરા બહાર;
ઘોડાં તો બહુ ભડકીને નાસે, કાચા પોચાનાં કાળજા ત્રાસે. ૨૧
એમ કરતાં ઘણી થઈ વાર, પેસવા નહિ પામ્યા લગાર;
કાઠી શ્રીજીની પાસે પધાર્યા, કહ્યું પાર્ષદથી અમે હાર્યા. ૨૨
એવા માંહી સમીપનાં ગામ, સતસંગીઓ જે તેહ ઠામ;
સુણ્યા તેણે બંદુકના બહાર, જાણ્યું છે તહીં ધર્મકુમાર. ૨૩
તેથી દરશન કરવાને આવ્યા, ભેટ ખારેક ટોપરાં લાવ્યા;
પછી થૈ અસવારી તૈયાર, પેઠા ગિરિધર ગામ મોઝાર. ૨૪
જીવા ખાચરને દરબાર, ઓશરી ઉત્તરાદે છે બાર;
પ્રભુ ત્યાં જ વીરાજ્યા પલંગે, સભા આગળ બેઠી ઉમંગે. ૨૫
આરતી નારાયણધુન ગાઈ, જમ્યા થાળ સ્વજનસુખદાઈ;
પછે પોઢી રહ્યા પ્રભુ રાતે, જગજીવન જાગયાં પ્રભાતે. ૨૬
વસ્તા ખાચરના ફળિયામાં, બાંધ્યો હીંડોળો એહ સમામાં;
લીંબડે હીંડોળો લટકાવ્યો, તેને સારી રીતેથી શોભાવ્યો. ૨૭
પશ્ચિમાભિમુખે છે ઓસરી, પધરાવ્યા પલંગે ત્યાં હરી;
વસ્તા ખાચરે ત્યાં પૂજા કરી, હરિને સારા શણગાર ધરી. ૨૮
જરીયાનનો જામો ધરાવ્યો, સુરવાળ સારો પહેરાવ્યો;
પોંચીયો કડાં તથા સાંકળી, ધાર્યું મોળીયું મસ્તકે વળી. ૨૯
ધૂપ દીપ ને નૈવેદ્ય ધારી, આરતી અતિ હેતે ઉતારી;
પછી હીંડોળામાં પધરાવ્યા, ઝાઝા હેતે હરિને ઝુલાવ્યા. ૩૦
વાજે ઝાંઝ મૃદંગ ને ચંગ[1], ગાય સંત ને હરિજન સંગ;
પછે વિધ વિધ રંગ કરાવ્યો, મોટે મોટે રંગાડે ભરાવ્યો. ૩૧
જરીયાનનાં વસ્ત્ર ઉતારી, રંગે રમવા જેવાં વસ્ત્ર ધારી;
એક તરફ રહ્યા સહુ સંત, એક તરફ પાળા ભગવંત. ૩૨
પીચકારીયો હાથમાં લૈને, રંગ છાંટે પરસ્પર જઈને;
અંગ ઉપર નાંખે ગુલાલ, ભાસે અવની ને આકાશ લાલ. ૩૩
વાજે ઢોલ નગારાં અપાર, બોલે જન સહુ જય જયકાર;
પછી સધવા જે બાઈયો રહી, તેણે શ્રીહરિને સ્તુતિ કહી. ૩૪

૧. ટોકરો

કૃપાસિંધુ જગતકરતાર, સુણો પ્રીતમ પ્રાણઆધાર;
અમે નારીયોનો દેહ પામી, એવી શી તપમાં હશે ખામી. ૩૫
પુરુષોની પેઠે તમ સંગે, નહીં રમીએ અમે કેમ રંગે;
પ્રભુ આપ બિરાજો જે ઠામ, અમે જાણીએ અક્ષરધામ. ૩૬
કહે શ્રીહરિ સાંભળો તમે, સતી નર સંગે હોળી ન રમે;
બોલી બાઈયો શ્રીહરિ સંગ, આપો અમને પ્રસાદીનો રંગ. ૩૭
સુણી શ્રીહરિને દયા આવી, કુંડીયો રંગ ભરીને અપાવી;
પછી બાઈયો એકાંતે જૈને, માંહોમાંહી રમી રાજી થૈને. ૩૮
જાણી હરિપ્રસાદીનો રંગ, રમ્યા અંગે ધરિને ઉમંગ;
કહે બાઈયોને ઘનશ્યામ, માગો ફગવા તે આપું આ ઠામ. ૩૯
કાઠીયાવાડી બાઈ ઉચરી, બસેં રુપૈયા આપો શ્રીહરિ;
બોલી ત્યાં ગુજરાતની નારી, માયા વ્યાપે ન અમને તમારી. ૪૦
ન થશો તમમાં જનબુદ્ધિ, નિશ્ચે અડગ રહે સદા સુધી;
શ્રીજીએ એવી સાંભળી વાણી, ગુજરાતીની બુદ્ધિ વખાણી. ૪૧
ચાલ્યો રંગનો મોટો પ્રવાહ, ભળ્યો ફલ્ગુ નદીમાં અથાહ;
એવી લીલા નિરખવાની આશે, છાયાં દેવવિમાન આકાશે. ૪૨
પુષ્પવૃષ્ટિ કરે વારે વારે, વળી જય જયકાર ઉચ્ચારે;
ગાય ગાંધર્વ હરિગુણગાન, નાચે અપસરાઓ લઈ તાન. ૪૩
આવે અવસરે માનુષ્ય દેહ, પામ્યા છે જન જે ધન્ય તેહ;
એમ અજ હર આદિ વખાણે, મહીમા ઘણો અંતર આણે. ૪૪
હરિજન અને સંતની સંગે, રમે કેવી રીતે હરિ રંગે;
ઘણા જન પિચકારી ચલાવે, અખિલેશ્વરને અકળાવે. ૪૫
વા'લો વેગળે નાસવા જાય, તોય હરિજન પાછળ ધાય;
નાશી જાવાને રસ્તા ન જડીયા, પ્રભુ લીંબડા ઉપર ચડીયા. ૪૬
ગયા ઝાલવા જન જેહ કાળ, ફાટી અંગરખા તણી ચાળ;
કહે કૃષ્ણ સુણો સહુ કોય, આવી રમવાની રીત ન હોય. ૪૭
અકળાવ્યા તમે બહુ અમને, ફાડ્યાં વસ્ત્ર તે શું કહું તમને;
ત્યારે હરિજન બોલીયા એમ, અમોથી થયું પ્રેમમાં તેમ. ૪૮
ફાડ્યાં વસ્ત્ર તો ઝાલતાં હાથ, માટે ચુક ક્ષમા કરો નાથ;
એવું સાંભળી શ્રીહરિ હસિયા, સર્વ દાસના દીલ માંહી વસિયા. ૪૯

રહ્યા જન સહુ વેગળા જ્યારે, પ્રભુ ઝાડથી ઉતર્યા ત્યારે;
થઈ માણકીએ અસવાર, ચાલ્યા ના'વાને ધર્મકુમાર. ૫૦
સંત હરિજન કીર્તન ગાય, વાજે વાજાં ઉત્સાહ ન માય;
રુડું ધોળાનદી જેનું નામ, કુંડ હમણાં બાંધ્યો છે જે ઠામ. ૫૧
ના'યા ત્યાં જઈ અકળિત અંગે, જળક્રીડા કરી સખા સંગે;
પછી ઘોડીએ થઈ અસવાર, ચાલ્યા ત્યાં થકી ત્રિભુવનાધાર. ૫૨
ગઢપુર તણો મારગ જ્યાં છે, સારો શોભિત ખીજડો ત્યાં છે;
તેને છાંયે ઉભા રહ્યા જ્યાંય, ગઢડેથી આવ્યા સંત ત્યાંય. ૫૩
ગોવિંદાનંદ નિષ્કુળાનંદ, આવ્યા લૈ સાથે સંતનું વૃંદ;
ઘોડીથી હરિ ઉતર્યા હેઠા, મગાવીને પલંગે તે બેઠા. ૫૪
સંતોએ કર્યા દંડપ્રણામ, ત્યારે બોલિયા શ્રીઘનશ્યામ;
શું શું લાવ્યા છો કાજે અમારે, સુણી બોલિયા તે સંત ત્યારે. ૫૫
આપ છો પ્રભુ અંતરજામી, બધું જાણો તમે બહુનામી;
એમ કહી કંડીયામાંથી સાર, કાઢ્યા પુષ્પના તોરા ને હાર. ૫૬
બાજુ ગજરા જે કંકણ જેહ, હતાં સર્વ ગુલાબનાં તેહ;
ધરાવ્યા શ્રીહરિને તે કાળે, કંકુચંદ્ર ભલો કર્યો ભાલે. ૫૭
ધૂપ ને દીપ આગળ ધારી, આરતી શ્રીહરિની ઉતારી;
રુડું સ્તવન[1] કર્યું તેહ ઠામ, પૂરા પ્રેમથી કીધા પ્રણામ. ૫૮
એહ ઠામે કરાવ્યો છે ઓટો, મહિમા તેનો છે ઘણો મોટો;
પછી ઘોડી ઉપર થઈ સ્વાર, પુરમાં આવ્યા પ્રાણઆધાર. ૫૯
જીવા ખાચરને દરબાર, ઓરડો છે જે ઉત્તરદ્વાર;
પ્રભુને પધરાવ્યા પલંગે, સભા આગળ બેઠી ઉમંગે. ૬૦
શેઠ સુરતના ભાઈચંદે, હતી દીધી રસોઈ આનંદે;
જલેબી અને મોતિયા લાડુ, બીજાં શાક લાવ્યા ભરી ગાડું. ૬૧
પ્રભુ પોતે પ્રથમ જમી થાળ, પછી સંતને પિરસે કૃપાળ;
ફરે પંગતમાં વારંવારે, લાડુ લ્યો એવી વાણી ઉચારે. ૬૨
જમી તૃપ્ત થયા સંત જ્યારે, બેઠા શ્રીજી સભા સજી ત્યારે;
ભાઈચંદભાઈ પૂજવા આવ્યા, ભલા ભારે પોશાક ધરાવ્યા. ૬૩

૧. સ્તુતિ, પ્રાર્થના

જરિયાનનાં વસ્ત્ર ધરાવ્યાં, મુક્તાફળનાં[૨] ઘરેણાં ચડાવ્યાં;
મણિ માણિક નંગ જડેલાં, ઘણા શાણા સોનારે[૩] ઘડેલાં. ૬૪

**શાર્દૂલવિક્રીડિત :**

સોનું પથ્થર પૃથ્વિમાંથી નિકળે ત્યાં કોણ તેને નમે,
મોતી માછલી છીપના ઉદરમાં પાકે જ સ્વાતી સમે;
હીરા મૌક્તિક હેમ તુચ્છ ગણીને જે ત્યાગ ત્યાગી કરે,
અંગે શ્રીહરિને ચડ્યાથી મુનિયો સૌ ધ્યાન તેનું ધરે. ૬૫

**ચોપાઈ :**

પૂજા સર્વોપચારથી કીધી, પ્રસાદી પ્રભુએ પછી દીધી;
પ્રેમાનંદે કર્યું પછી ગાન, તુંબરુ નારદાદિ સમાન. ૬૬
પછી સંધ્યા સમો થયો જ્યારે, આરતી ધુન્ય ઉચ્ચારી ત્યારે;
કરી જ્ઞાનની વાતો વિશેષ, વાળુ કરવા પધાર્યા વિશ્વેશ. ૬૭
પછી પોઢિયા નાથ પલંગે, રહે સેવામાં દાસ ઉમંગે;
ત્યાં તો મા'નુભાવાનંદ સ્વામી, પગ ચાંપે મહામુદ પામી. ૬૮
પદ પાછા ખેંચ્યા ભગવંતે, ત્યારે વિનતિ કરી તેહ સંતે;
કેમ પાછા ખેંચ્યા પદ સ્વામી, અમારા તપમાં શી છે ખામી. ૬૯

**શાર્દૂલવિક્રીડિત :**

આ પાદાબ્જનિમિત્ત ભેખ ધરિને સંસાર છોડ્યો અમે,
આ પાદાબ્જનિમિત્તે દુષ્ટ જનનાં કષ્ટો સહ્યાં કૈં સમે;
આ પાદાબ્જનિમિત્ત વાસ વનમાં કૈં કાળ સુધી કીધા,
ખામી શી રહી છે તથાપિ તપમાં જે પાવ ખેંચી લિધા. ૭૦

**ચોપાઈ :**

સુણી બોલિયા શ્રીઘનશ્યામ, સુણો દૃષ્ટાંત એક આ ઠામ;
ભીખ માગતો એક ભીખારી, ગયો શ્રીમંતનું ઘર ધારી. ૭૧
એને આંગણે વાશીદું વાળ્યું, ભલા શ્રીમંત શેઠે તે ભાળ્યું;
કહે ભીખારી મેં કર્યું કામ, આપો અધમણ સોનું આ ઠામ. ૭૨

૧. એક જાતના મોતી ૨. સોનીએ

કહે શેઠ સોનું દઉં શાનું, કર્યું કામ તેં એક પૈસાનું;
અધમણના રુપૈયા અત્યારે, સવા લાખથી થાય વધારે. ૭૩
સોનું અધમણ એટલા કાજ, માગતાં નથી આવતી લાજ;
સુણો સિદ્ધાંત દૃષ્ટાંત કેરુ, જે છે જાણવા જોગ્ય ઘણેરું. ૭૪
માંસ સુકાઈ હાડકાં ગળતાં, તોય ચરણકમળ નહીં મળતાં;
ભેખ ભગવો તમે અંગે ધારી, તજ્યું દ્રવ્ય તથા તજી નારી. ૭૫
અપમાન સહન કર્યું કાંઇ, ચરણ માગો છો એટલામાંઈ;
કૈક જોગીયો જોગથી ચળિયા, આશા ભંગ થઈને નિકળિયા. ૭૬
કહે માનુભાવાનંદ એવા, અમે તપસી નથી તેના જેવા;
ઈન્દ્ર બ્રહ્માદિ આવે ભુલાવા, નથી સમરથ અમને ચલાવા. ૭૭
એવું સાંભળી રીઝ્યા દયાળ, પદ લાંબા કર્યા તેહ કાળ;
સંતે છાતીમાં એ પદ ધરીયા, સ્પર્શ આંખે ને મસ્તકે કરીયા. ૭૮
હતા ત્યાં પરમાનંદસ્વામી, તેણે પણ પ્રેમ પૂરણ પામી;
પદ છાતીએ મસ્તકે ધાર્યા, તાપ તનના ને મનના નિવાર્યા. ૭૯
પછી પોઢી રહ્યા પ્રભુ રાતે, કર્યું આહ્નિક કર્મ પ્રભાતે;
સભામાં બેઠા સુંદરશ્યામ, સંતો પ્રત્યે બોલ્યા તેહ ઠામ. ૮૦
નદી નર્મદાને તટ સારો, તવરાનો મેળો છે થનારો;
જ્યારે વૈશાખ માસ બે થાય, ત્યારે તવરાનો મેળો ભરાય. ૮૧
સંતો સૌ તમે ત્યાં જ સિધાવો, દૈવિ જીવને જ્ઞાન બતાવો;
ત્યાં અવાશે તો આવશું અમે, નહીં તો જઈ આવજો તમે. ૮૨
જતાં રસ્તામાં આવે જે ગામ, ત્યાંના સત્સંગીને કહો આમ;
કાળ પડશે મહાવિકરાળ, અન્નસંગ્રહ કરજો વિશાળ. ૮૩
દેશ કાનમ વાકળ દેશ, કરો ત્યાં જઈ વાત વિશેષ;
રણુમાં રહે દેસાઈભાઈ, તેને કાળની કહેજો વડાઈ. ૮૪
એવા શ્રીજીનાં સુણોને વચન, મુક્તાનંદ આદિક મુનિજન;
ગયા વાકળ દેશમાં ફરવા, દૈવી જીવને ઉપદેશ કરવા. ૮૫
ગયા ગઢપુર શ્રીગિરિધારી, નિરખી હરખ્યાં નરનારી;
એના આનંદનું વરણન, ન કરી શકે સહસ્રવદન. ૮૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ચમુ[1] નરપતિની ફરે જ જેમ, મુનિજનવૃંદ ફરે વિશેષ તેમ;
અઘમય મતનો કરે વિનાશ, પરમ સુધર્મ તણો કરે પ્રકાશ. ૮૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે સારંગપુરે હુતાશન્યુત્સવકથનનામ દ્વાત્રિંશો વિશ્રામઃ ॥૩૨॥*

**પૂર્વછાયો :**

શ્રીગિરિધર ગઢપુર વિષે, કરે લીલા અનેક પ્રકાર;
મુનિ શતાનંદ વરણવે, પણ પામે નહીં તેનો પાર. ૧

**ચોપાઈ :**

રામનવમીનો ઉત્સવ આવ્યો, તે તો ત્યાં ભલી ભાતે ભજાવ્યો;
આસપાસથી આવિયા સંત, હરિભક્ત તો આવ્યા અનંત. ૨
જે જે આવ્યા હતા હરિજન, તેઓને કહે પ્રાણજીવન;
આવશે કાળ તે થકી ડરજો, સારો અન્નનો સંગ્રહ કરજો. ૩
અન્નસંગ્રહ કરશે ન જેહ, અતિશે દુઃખ પામશે તેહ;
કહ્યું એ રીતે ધર્મદુલારે, સણુી સૌ ગયા નિજને ઉતારે. ૪
કાકુભાઈ તથા પુંજોભાઈ, વસે વાસ તે મેથાણમાંઈ;
તેઓ બેને કહે પરમેશ, અન્નસંગ્રહ કરજો વિશેષ. ૫
ત્યારે બોલ્યા તે તો રાજી થૈને, ઘણું અન્ન લેશું ઘેર જઈને;
અહીંથી પણ લેશું અનાજ, ભાવ ઠીક છે હે મહારાજ. ૬
એમ બોલી બજારમાં ગયા, અન્ન લેવાને તતપર થયા;
લીમડી ગામના રહેનાર, મળ્યા મૂળજી શેઠ તે ઠાર. ૭
તેણે પૂછી લીધી બધી વાત, કહ્યું તે પછી સાંભળો ભ્રાત;
શ્રીજી તો એમ કહે છે સદાય, અન્ન સંઘરે તે સુખી થાય. ૮
જાણો આજ્ઞા સાધારણ એહ, મુખ્ય આજ્ઞા ન જાણવી તેહ;
શેઠનું વેણ સાંભળી એવું, એણે બંધ રાખ્યું અન્ન લેવું. ૯

૧. સેના, ફોજ

સુતા જામનિમાં પછી જ્યારે, કાકુભાઈએ સ્વપ્રમાં ત્યારે;
જોયાં અન્ન વિના જન મરતાં, કૈંક અન્ન માટે કરગરતાં. ૧૦
નરનારિયો બહુ દ્વારદ્વારે, આપો ખાવાનું એમ પોકારે;
બહુ આંખમાં આંસુઓ લાવે, દયાળુને દેખી દયા આવે. ૧૧
પછી જાગીયા જ્યારે પ્રભાત, મુળજી શેઠને કહી વાત;
કહે શેઠ સ્વપ્ર ન મનાય, જેવી ઝંખના એવું જણાય. ૧૨
શેઠને કહ્યો નિર્ભય થૈને, અન્ન લીધું નહીં ઘેર જઈને;
પછી કેવી ગતિ તેની થાશે, કથા આગળ તે કહેવાશે. ૧૩
વળી એ જ સમૈયા મોઝાર, વસોગામ વિષે વસનારા;
હરિજન હતા જેસંગભાઈ, કહે તેને હરિ સુખદાઈ. ૧૪
મારી આજ્ઞા તમે અનુસરજો, સારો અન્નનો સંગ્રહ કરજો;
કરી વંદન બોલ્યા તે વાર, હે પ્રભુ અમે તો પાટીદાર. ૧૫
અંગે વસ્ત્ર તો ઉજળાં ધરિએ, જર રોકડું ઘરમાં ન જરીએ;
કહો રુપૈયા ક્યાંથી લવાય, કેમ અન્નનો સંગ્રહ થાય. ૧૬
સુણી બોલીયા શ્રીજી વચન, કહો કેટલું ઘરમાં છે અન્ન;
બોલ્યા જેસંગભાઈ તે વાર, ઘેર બાજરી મણ છે અગ્યાર. ૧૭
કોઠીમાં ભરી છે મહારાજ, એમાંથી વવરાય છે આજ;
કહે કૃષ્ણ કહ્યું માની લેજો, કોઠીનું મુખ છંદાવી દેજો. ૧૮
તે તો ઉઘાડું કદિએ ન કરજો, દાણા સાણેથી કાઢી વાવરજો;
એવું સાંભળીને ઉર ધરીયું, જૈને કોઠીનું મુખ બંધ કરીયું. ૧૯
રોજ સાણેથી દાણા કઢાય, વળી છૂટ થકી વવરાય;
શાક આદિક લે દાણા દૈને, જમે દશ જણ તે રાજી થૈને. ૨૦
એમ અગન્યોતેરો ગયો કાળ, માસ અગ્યાર અતિ વિકરાળ;
કાંઈ આવિયું સરકારી કામ, ગયા જેસંગભાઈ પરગામ. ૨૧
વાંસે વનિતાએ કીધો વિચાર, દાણા સંભાળું કોઠી મોઝાર;
હવે પહોંચશે કેટલા માસ, કરું તેનો હું પક્કો તપાસ. ૨૨
છાંદો કોઠીના મુખનો ઉપાડ્યો, હાથ ઘાલીને સંશે મટાડ્યો;
કોઠી અગ્યાર મણની ભરેલી, હતી તેમની તેમ ઠરેલી. ૨૩

પછી તેમાંથી જે વવરાય, એટલી તો અધૂરી તે થાય;
જ્યારે આવ્યા જેસંગભાઈ ઘેર, પોતે જાણી કોઠીની તે પેર. ૨૪
દીધો નારીને ઠપકો તે કાંઈ, હરિઈચ્છા ગણી મનમાંઈ;
ક્ષમાવંત ક્ષમા મન રાખે, વેણ ક્રોધ ભરેલાં ન ભાખે. ૨૫
બ્રહ્મચારી કહે સુણો ભાઈ, કથા ચાલતી કહું સુખદાઈ;
સમૈયામાં જે આવેલા જન, ગયા તે નિજ નિજને ભુવન. ૨૬
જયા લલિતાદિ બાઈની પાસ, પછી એમ બોલ્યા અવિનાશ;
જન્મભૂમિ છપૈયાની જેવી, પીપલાણે દીક્ષાભૂમિ તેવી. ૨૭
જેતપુર થયો પટ્ટાભિષેક, એ તો જાણે છે ભક્ત અનેક;
સરવાર ને સોરઠ દેશ, મને સોરઠ પ્રિય છે વિશેષ. ૨૮
માટે ત્યાં જઈ જનને ચેતાવું, અન્નસંગ્રહ સારો કરાવું;
નથી તવરે જવાની જરુર, એવો નિશ્ચે કર્યો છે મેં ઉર. ૨૯
બોલી બાઈયો સૌ તેહ ટાણે, કરો આપની ઈચ્છા પ્રમાણે;
પછી પ્રભુએ લખાવીને પત્ર, હરિભક્તોને મોકલ્યો તત્ર. ૩૦
લખાવ્યું હરિએ પત્રમાંય, અમે તવરે નહીં જ અવાય;
માટે અમને પૂજો જેવી રીતે, મુક્તાનંદને પૂજજો પ્રીતે. ૩૧
અમે સંચરી સોરઠ દેશ, કાંઈ કારજ કરશું વિશેષ;
એવો પત્ર પહોંચ્યો ત્યાં જ્યારે, વાટ જોતા હતા જન ત્યારે. ૩૨
પત્ર વાંચીને તે જ પ્રમાણે, મુક્તાનંદને પૂજ્યા તે ટાણે;
પછી ગઢપુરથી ગિરિધારી, ગયા સોરઠમાં સુખકારી. ૩૩
ગયા વાંકિએ વૃષકુળચંદ, ત્યાંથી કોટડે આનંદકંદ;
ગયા ગોંડળમાં ગુણવાન, જેતપુર ગયા જગના નિદાન[૧]. ૩૪
ગયા ધોરાજી ધર્મકુમાર, કર્યો વણથળી ગામ વિહાર;
આખા પીપલાણા અગત્રાઈ, ગયા માણાવદર ગામમાંઈ. ૩૫
મેઘપુરમાં ગયા મહારાજ, ગયા પંચાળે ગરિબનિવાજ;
ઝીણાભાઈને દર્શન દીધાં, મનવાંછિત પૂરણ કીધાં. ૩૬
જે જે ગામ ગયા હરિ ફરવા, કહ્યું અન્નનો સંગ્રહ કરવા;
ઝીણાભાઈને પૂછ્યું સુપેર, કહો કેટલું અન્ન છે ઘેર. ૩૭

૧. જગતના કારણ ભગવાન

ઝીણાભાઈ કહે મહારાજ, ઘરમાં નથી ઝાઝુ અનાજ;
કહે શ્રીહરિ પડશે દુકાળ, કરો અન્નનો સંગ્રહ હાલ. ૩૮
ત્યારે સો કળશી લીધી જાર, ભરી રાખી તે ખાણ મોઝાર;
પછી ત્યાંથી કરીને વિહાર, ગયા ગઢપુર વિશ્વઆધાર. ૩૯
અષાઢી સુદી બીજ ત્યાં આવી, રથજાત્રા ભલી જ ભજાવી;
આવ્યા તે પર પણ જન બહુ, સૌને અન્ન સંઘરવાનું કહ્યું. ૪૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રભુ જન સહુને સ્વકીય[1] પ્રીછે[2], ઈહ પરલોક વિષે સુખાર્થ ઈચ્છે;
પણ પ્રભુવચનો ન જેહ માને, અતિ દુખિ થાય પરત્ર એહ થાને. ૪૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે તવરાતીર્થે*
*સંતવિચરણનામ ત્રયસ્ત્રિંશો વિશ્રામઃ ॥૩૩॥*

**પૂર્વછાયો :**

એ અવસરમાં આવિયા, મહારુદ્ર શ્રીહરિ પાસ;
કર જોડી નમીને કહે, હરિ હું છું તમારો દાસ. ૧
પાપી વધ્યા છે પૃથ્વીમાં, વામમારગી જે કહેવાય;
તેથી વધ્યો વ્યભિચાર ને વળી, મંત્રીને મદિરા પાય. ૨
મૂરખ તે નથી માનતા, સારા સંત તણો ઉપદેશ;
સંતને દુઃખ દે તે થકી, મને વધ્યો છે ક્રોધ વિશેષ. ૩
નાશ કરીશ હું તેહનો, પાડી કાળ મહાવિકરાળ;
તેહનું દુઃખ દેખી નહિ શકો, પ્રભુ તમે છો દીનદયાળ. ૪
સુકાની સાથે લીલું બળે, જેનું જેવું પૂરવનું કર્મ;
આજ્ઞા પ્રમાણે આપની, મેં તો ધાર્યો છે એવો ધર્મ. ૫
આપને જો કોઈ દેખશે, ઘણા માગવા આવશે અન્ન;
ગોવિંદ ગુપ્ત રહો તમે, નિજ દેશો નહીં દર્શન. ૬
કહે શ્રીકૃષ્ણ તથાસ્તુ તે, રુદ્રદેવ ગયા નિજસ્થાન;
આખો અષાઢ વીતિ ગયો, પણ નીર ન વરશું નિદાન. ૭

૧. પોતાના ૨. જાણે છે

શ્રાવણ પણ સઘળો ગયો, ભાસે ભાદરવો ભયંકર;
ભરતખંડની ભૂમિમાં, ક્યાંઇ વારિ ન વરશું લગાર. ૮
દાદા તણા દરબારમાં, રહ્યા ગુપ્ત રિતે ગોપાળ;
આજ્ઞા વિના હરિભક્તને પણ, દર્શન દે ન દયાળ. ૯
વેષ તપસ્વી તણો ધર્યો, વળી વધાર્યા નખ ને કેશ;
રહે ઉદાસી અંતરે, પોતે પરમ દયાળુ દિનેશ. ૧૦
કોઇ કહે હરિ કચ્છમાં, કહે કોઇ ગયા ગુજરાત;
આ અવસર હરિ ક્યાં વસે, તેની કોઇ ન જાણે વાત. ૧૧
બોટાદ કે કારિયાણિએ, ઝીંઝાવદર સારંગપુર;
દર્શન દેવા દાસને, રાતે જાય આવે હરિવર. ૧૨

**દુષ્કાળવર્ણન : વૈતાલીય :**

બહુ માણસ મારવાડનાં, અહીં આવ્યાં જન જેમ ધાડના;
નર નિર્બળ તેમ નારિયો, ભટકે ભૂખ દુઃખે ભિખારીયો. ૧૩
દ્વિજ કે જન શુદ્ર હોય તે, જઇ ચાંડાળ નિવાસ તોય તે;
કરમાં થકી ભક્ષ ઝુંટિ લે, વળી કૈનાં ઘરબાર લુંટિ લે. ૧૪
અતિ ભૂખથી છોકરાં રુવે, ધરિ આશા જન સામું તે જુવે;
કદિ દે જન કોઇ રાબડી, લઇ ખેંચી જમી જાય માવડી. ૧૫
પતની તજીને પતી ગયા, તજતાં બાળ ધરી નહીં દયા;
કંઇકે નિજ બાળ વેચિયાં, કઇકે કષ્ટ અખંડ ખેંચિયાં. ૧૬
પુરમાં કુળવંત જે હતા, પરદેશે ભિખવા રહ્યા જતા;
કંઇ તો વિખ ખાઇને મુઆ, કઇ તો જાતિ થકી પડ્યા જુઆ. ૧૭
સતી કોઇ હતી સુવાવડી, ન મળી પોસ પિવાની રાબડી;
નિજ બાળનું માંસ ખાઇને, પણ તે પેટ ભર્યું ધરાઇને. ૧૮
મડદું બળતું મુકી જતા, દિન બીજે જઇ ટાઢિ છાંટતા;
મઉએ[૧] મળિ ભક્ષ તે કર્યું, દિન એકે જળ છાંટવું ઠર્યું. ૧૯
પથમાં મડદાં દિસે પડ્યાં, કરવા ભક્ષ ઘણાં ગિધો ચડ્યાં;
નહિ બાંધવ બાળવા રહે, દુઃખ કેને જઇ જીવનું કહે. ૨૦

૧. ભૂખે મરતી કંગાળ ટોળી

બહુએ દુષ્કાળ તો ગયા, પણ આ તુલ્ય નહીં બીજા થયા;
નજરે નિરખ્યો સુણ્યો હશે, નહિ તેને કદિ વીસરી જશે. ૨૧
નહિ ઉદ્યમ લોક શું રળે, ધન દેતાં પણ અન્ન ના મળે;
ઘરમાં કદિ અન્ન હોય તે, મિતમુક્તા થઈ ખાય તોય તે. ૨૨
ઘર ઉજડ કૈંક થૈ ગયાં, મરણો અન્ન વિના ઘણાં થયાં;
જમતા જન જે ગળ્યુગળ્યું, હલકું અન્ન ન તેહને મળ્યું. ૨૩
નિરખી નભ થાય ત્રાસ છે, ભૂમીકાનો ભયભીત ભાસ છે;
જીવવું દુઃખકારિ જાણિએ, મરવાની ઉર આશ આણિએ. ૨૪

**પૂર્વછાયો :**

દુર્ગપુરીની બજારમાં, આવ્યાં ભીખારી અપરમપાર;
નરનારી અને બાળકો, કરે ભૂખનું દુઃખ પોકાર. ૨૫
દીનબંધુ દયાસિંધુને, દયા દીલમાં ઉપજે અનંત;
કોઈ કોઈ સમે રાત્રિએ, અન્ન આપે જઈ ભગવંત. ૨૬
આપને કોઈ ન ઓળખે, વૃષનંદ ધરે એવો વેશ;
વજ કછોટો વાળીને, છૂટા મૂકે જટાના કેશ. ૨૭
ટોપી પીળી કચ્છદેશની, કંઠે પારો રુદ્રાક્ષનો એક;
ખભે શેલું ગુઢા રંગનું, બીજું અંગ ઉઘાડું છેક. ૨૮
ખુબ ખીચડી ને ખાખરા, જાય આપવા જગનો રાય;
સાથે કમળશી વાણીયો, અન્ન એહ ઉપાડી જાય. ૨૯
થાળ કરાવે ભક્તજન, પોતે જમે તે જગદાધાર;
ગુપ્ત રીતે રહેતાં થકાં, ચોમાસાના ગયા માસ ચાર. ૩૦

**લલિતછંદ :**

દુઃખ નિહાળીને બૌ દયા ધરે, ઉન્નડ[૧] ખાચરે એમ ઉચ્ચરે;
જીવ દયાળુનો બૌ દુખાવિયો, અરર કાળ આ ક્યાંથી આવિયો. ૩૧
રખડતા જનો બૌ બહુ રુવે, અરર કોણ જૈ આંસુડા લુવે;
ગરવ સર્વનો તે મુકાવિયો, અરર કાળ આ ક્યાંથી આવિયો. ૩૨

૧. દાદા ખાચર

મુખ ભુખ્યા તણું જે ન ભાળતા, અધિક અન્ન દૈ દુઃખ ટાળતા;
નિયમ એ હતો તે તજાવિયો, અરર કાળ આ ક્યાંથી આવિયો. ૩૩
સ્વર સુણાય જે બાળકો રડે, તરત હાથથી કોળિયો પડે;
જરુર દુઃખનો દા જગાવિયો, અરર કાળ આ ક્યાંથી આવિયો. ૩૪
નહિ દિઠો કદી સાંભળ્યો નહીં, સમય એહવો આવિયો અહીં;
ક્ષય કર્યા તણો ખેલ લાવિયો, અરર કાળ આ ક્યાંથી આવિયો. ૩૫
જબર જુદ્ધમાં થાય મોત તે, સ્વરગ સંચરે કીર્તિ સોત તે;
મરદને દિલે બૌ મુંઝાવિયો, અરર કાળ આ ક્યાંથી આવિયો. ૩૬
મનુષની ગતી માઠિ થૈ રહી, પશુ તણી ગતિ જાય શું કહી;
સુખ તણો સમો સૌ ગુમાવિયો, અરર કાળ આ ક્યાંથી આવિયો. ૩૭
મન કૈંક તો માળવે[૧] ગયાં, તદપિ તે સુખી ત્યાં નહીં થયાં;
સકળ સૃષ્ટિમાં કાળ ફાવિયો, અરર કાળ આ કયાંથી આવિયો. ૩૮

**પૂર્વછાયો :**

એવી રીતે અતિ જલ્પના, કરે નૃપતિ કરુણાકંદ;
એ અવસર ગુજરાતથી, મુનિ આવિયા મુક્તાનંદ. ૩૯
પ્રેમજી ઠક્કર ભક્તના, આવી હાટમાં ઉતર્યા આપ;
પુરજને મળી પુછિયું, કહો ક્યાંથી આવ્યા નિષ્પાપ. ૪૦
આવ્યા અમે ગુજરાતથી, સુણો સૌ સતસંગી સમાજ;
હવે જશું કચ્છદેશમાં, કૃપાનાથનાં દર્શન કાજ. ૪૧
જાણ કર્યું નાજે જોગિએ, પોતે મહાપ્રભુની પાસ;
આવ્યા છે. મુક્તાનંદજી, જશે કચ્છમાં દર્શન આશ. ૪૨
કૃષ્ણ કહે જયાબાઈને, તેડો મુનિને જમવા કાજ;
કરે અમારાં એ મિષે, આંહી આવીને દર્શન આજ. ૪૩
તાતની સાથે કહાવિયું, મુનિમુક્તને જમવા માટ;
ગયા મુની દરબારમાં, તજી ઉરના સર્વ ઉચાટ. ૪૪
શ્રીહરિનાં દર્શન કર્યાં, વળી ભેટ્યા ભીડીને બાથ;
ચાકળે મુનિને બેસારીને, પૂછે સર્વ સમાચાર નાથ. ૪૫

૧. મધ્યભારતનો એક પ્રદેશ

મુક્ત કહે ગુજરાતમાં, અતિ મોંઘુ મળે છે અન્ન;
તો પણ પોતે ભુખ્યા રહી, આપે સંતને અન્ન હરિજન. ૪૬
સેવા સજે છે સંતની, સતસંગીયો સ્નેહ સહિત;
સંતનો મહિમા સમજીને, રાખે પૂરણ મનમાં પ્રીત. ૪૭
એવું સુણી ઉર રીઝિયા, ધર્મનંદન ધર્મનિધાન;
ભક્ત ભલા ગુજરાતના, એમ બોલ્યા મહાબળવાન. ૪૮
થાળ પૂરી પછી લાવિયા, ત્યાં તો વર્ણિ મુકુંદાનંદ;
પોતે જમે અને પીરસે, મુની મુક્તને વૃષકુળચંદ. ૪૯
તૃપ્ત થઈ મુની ના કહે, પ્રભુ પીરસે વારમવાર;
કહે પ્રસાદી બહુ દિને, આજ મળી છે લ્યો મુનિસાર. ૫૦
વાતો વિદેશની દેશની, કરી કરીને જમતા જાય;
પ્રભુજીનું મુખ પેખીને, મુનિને મન હરખ ન માય. ૫૧
એક પ્રહર અવસર ગયો, ત્યારે જમી ઉઠ્યા જગતાત;
આજ્ઞા લઈ ઉતારે જઈ, મુનિમુક્ત ગયા ગુજરાત. ૫૨
જીવો ખાચર જગ જાણિતા, ગઢપુર વિષે રહેનાર;
તેને જગતજન સૌ કહે, રાજા કરણ સમ દાતાર. ૫૩
જેમ જઈ ગંગા તટે, જન કોઈ ન તરશો જાય;
જીવા ખાચર પાસે જઈ, નહિ કોઈ નિરાશી થાય. ૫૪
માગણ આવે માગવા, તેને કહે નહીં નાકાર;
દુઃખ કાપે દુઃખિયા તણાં, એવું અંતર અધિક ઉદાર. ૫૫
એવો સુજશ એનો સાંભળી, ભુખદુઃખે પીડાતા જન;
જીવા ખાચરને આંગણે, આવી માગે ખાવાને અન્ન. ૫૬
ખૂબ ખીચડી ને રોટલા, ખાવા આપે ધરીને ખાંત;
તે ખવરાવ્યાથી ખૂટશે, એવી ભાસે ન મનમાં ભ્રાંત. ૫૭
એવી રીતે અન્ન આપતાં, વીત્યા કાળ તણા કાંઈ માસ;
કોઠારમાં કણ ખુટિયા, થયું અંતર એથી ઉદાસ. ૫૮
જમવા બેસે જે સમે, કોઈ આવે ધરી અન્નઆશ;
આહાર નિજનો આપી દે, અને આપ કરે ઉપવાસ. ૫૯

કોઈને પણ ભુખ્યો કાઢતાં, પોતે પાડે આંસુની ધાર;
એવી ઈચ્છા ઉરમાં ધરે, વિખ ખાઈ મરું આ વાર. ૬૦
પુત્રી જીવા ખાચર તણી, અમુલાબાઈ નામ વિખ્યાત;
શ્રીજીની આગળ આવીને, તેણે વિસ્તારીને કહી વાત. ૬૧
વળી વિનતી કરીને કહ્યું, પ્રભુ છો તમે જનપ્રતિપાળ;
રક્ષા કરો મુજ તાતની, દયાસાગર દીનદયાળ. ૬૨
બાપ વિનાની જે બેટડી, તૃણ તુલ્ય તે હલકી થાય;
લાડ લડાવે લક્ષધા, જેનો હોય હયાત પિતાય. ૬૩
પછી પ્રભુએ બોલાવિયા, જીવા ખાચરને નિજ પાસ;
શું દુઃખ છે અમને કહો, એમ ઉચ્ચરિયા અવિનાશ. ૬૪

**વસંતતિલકાછંદ :**

બોલ્યા સુણી વચન ખાચર એહ જીવો,
જેને સુક્ષત્રિકુળનો કહિયે જ દીવો;
મેં ટેક એક ધરિ છે કરિને વિચાર,
હું જાચનાર જનને ન કહું નકાર. ૬૫
જો જાચનાર મુજ મસ્તક આવિ માગે,
તે આપતાંય મુજને નહિ વાર લાગે;
ક્ષત્રી તણો ધરમ તે દૃઢ મેં ધર્યો છે,
તેનો નિભાવ હરિએ હજીએ કર્યો છે. ૬૬
જીવો કહે જન મને પણ હું ખરો રે,
જીવો કહું સકળને ન કહું મરો રે;
ભાળી ભિખારી જન અન્ન હમેશ આપું,
કષ્ટો સહું પણ સદા પરકષ્ટ કાપું. ૬૭
ભીખારી આવિ મુજ પાસ નિરાશ જાય,
તો તે સમે જ મુજ ચિત્ત વિચારી થાય;
આ જાય છે થઈ નિરાશ ઉદાસ થાતો,
તું પ્રાણ તે પ્રથમથી નથી કેમ જાતો. ૬૮

કોઠારમાં કણ ખુટ્યા પ્રભુ એહ કાળ,
જાતો નથી તદપિ આ વિકરાળ કાળ;
માટે કરું વિષ વડે મુજ જીવ ઘાત,
એવો વિચાર ઉપજે મુજ ચિત્ત તાત. ૬૯

**દોહરા :**

તે સુણિને શ્રીજી કહે, મમત ન ધરિયે મન;
આપશક્તિ સમ આપિયે, અન્નાર્થીને અન્ન. ૭૦
અતિ દાતા અતિ કૃપણતા[1], અતિ ભુખ અતિ આહાર;
અતિ મમત્વ અભિમાન અતિ, અતિ સર્વત્ર અસાર. ૭૧
પુત્રાદિકને પાળવા, ગૃહસ્થનો તે ધર્મ;
વધે વિત્ત તે વાવરી, કરે ધર્મનું કર્મ. ૭૨
અગ્નિરૂપ ઈશ્વર તણી, સાખે વિવાહ વાર;
પોષણ કરવા પત્નિનું, કરે જ કંથ કરાર. ૭૩
જે જર પોષણ જેટલું, તે વેંચી દે દાન;
ચોર એહ ઈશ્વર તણો, અધર્મિ અધમ સમાન. ૭૪

**પૂર્વછાયો :**

સુણી જીવો ખાચર કહે, નથી બધું વાવરિયું અન્ન;
પણ ભીખારી પાછા જાય છે, તેથી દુખાયા છે મુજ મન. ૭૫
પછી શ્રીહરિએ આપીયા, એને રુપૈયા એક હજાર;
અન્ન અધિક વળી આપીયું, અને એમ કહ્યું એ વાર. ૭૬
કોઠીમાં આ અન્ન નાખજો, મોઢું છંદાવી લેજો છેક;
સાણા થકી અન્ન કાઢજો, તેથી રહેશે તમારી ટેક. ૭૭
તે સુણીને જીવા ખાચરે, કર્યું આજ્ઞા પ્રમાણે એમ;
કણ વધે ઘણા કોઠીમાં, વવરાય વિશેષે જેમ. ૭૮

૧. કંજૂસાઈ

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રભુ નિજજનને હમેશ પાળે, નિજજન ટેક ધરેલી તે ન ટાળે;
દિલ અતિ હરિનું દિસે દયાળુ, જનદુઃખ દેખિ જણાય તે દુખાળું. ૭૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુષ્કાળવર્ણનનામ*
*ચતુસ્ત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૪॥*

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો અભયસિંહ ભૂપાળ;
વળી કહું અગનોતરો, કેવો હતો મહા દુષ્કાળ. ૧
કાઠીયાવાડના કાઠીયો, નહિ જેહને ગામ ગરાસ;
અન્ન વિના અકળાઈને, કૈંક આવ્યા શ્રીપ્રભુની પાસ. ૨
દુકાળ કેરા દુઃખની, કહી વાલમ આગળ વાત;
કાઠીયોને મહાકષ્ટ છે, પ્રભુ અન્ન વિના ખરેખાત. ૩
કૃષ્ણ કહે હોય કષ્ટ તો, એને મોકલજો અમ પાસ;
અન્ન ખાવા અમે આપશું, બહુ રાખશું વળી બરદાશ. ૪
એ પછી આવ્યા કાઠીયો, અન્ન વિના હતા દુખી જેહ;
અન્ન શ્રીહરિએ આપીયું, તેથી સુખી થયા સહુ તેહ. ૫
પોતાની પાસે રાખીયા, કૈંક કાઠીયોને ભલી ભાત;
સંત સમીપે મોકલ્યા, વળી કૈંકને તો ગુજરાત. ૬
એહ કથા સુણી ઉચર્યા, પછી અભયસિંહ ભૂપાળ;
મેથાણના કાકુભાઈનું, કહો કેમ થયું તેહ કાળ. ૭
કહે અચિંત્યાનંદજી, હવે વર્ણવી કહું એહ વાત;
જ્યારે ગયા ગઢપુર થકી, તેહ મેથાણમાં બેઉ ભ્રાત. ૮
જઈને જીજીબા બહેનને, કહ્યું એમ બોલ્યા મહારાજ;
વડો વિષમ કાળ આવશે, માટે સંગ્રહ કરજો અનાજ. ૯
ભગની કહે ભગવાનનું, તમે માનજો સત્ય વચન;
નહિ તો બહુ દુઃખ પામશો, એમ જાણજો નિશ્ચય મન. ૧૦

એવાં કથન કહ્યાં તોય પણ, વડી આળસ કરી એહ વાર;
કણનો સંગ્રહ નવ કર્યો, પછી પામિયા દુઃખ અપાર. ૧૧
દયા આવી દીનબંધુને, તેનું કષ્ટનિવારણ કાજ;
ઉઠી ચાલ્યા રાતે એકલા, ગઢપુર થકી મહારાજ. ૧૨
વિત્યો દિવસ એક વાટમાં, પછી રાત જતાં ઘડી ચાર;
મેથાણ ગામ તળાવ છે, તેને કાંઠે બેઠા કરતાર. ૧૩
દેવશંકર ને કૃષ્ણજી, વસે વિપ્ર તે ગામ મોઝાર;
કૃષ્ણે કહાવ્યા તેહને, કોઈ જન સાથે સમાચાર. ૧૪
સગા વિષે વહાલો સગો, તમારો જે જરૂર કહેવાય;
બેઠા તળાવ તટ તેહ છે, આવે ઘેર જો તેડવા જાય. ૧૫
વિપ્રે વચન એવાં સાંભળી, કર્યો ચિત્તમાં એમ વિચાર;
વા'લા સગા વૃષનંદ છે, તેહ આવ્યા હશે એહ ઠાર. ૧૬
બાંધવ બે મળી ચાલીયા, ગયા તળાવતટને ઠામ;
દેખી અનાથના નાથને, કર્યા પ્રેમથી દંડપ્રણામ. ૧૭
પ્રભુ પધારો પુર વિષે, એમ બોલ્યા દ્વિજો મતિમાન;
કૃષ્ણ કહે અમે આવિયે, હોય ગુપ્ત રહ્યાનું સ્થાન. ૧૮
છે પ્રભુ ઘર પાડોશીનું, વસનારાં ગયાં છે વિદેશ;
સોપ્યું છે અમને સંભાળવા, એમાં આવી વસો વિશ્વેશ. ૧૯
કોઈએ જન નહીં જાણશે, એવા એકાંતનો છે નિવાસ;
પછી પધાર્યા ગામમાં, એહ વિપ્ર સાથે અવિનાશ. ૨૦
રસોઈ સરસ કરાવીને, વળી વિનય કરીને વિશેષ;
જમાડીયા જગદીશને, પછી પોઢી રહ્યા પરમેશ. ૨૧
પછી ઉઠીને પ્રભાતમાં, કર્યું દાતણ દીનદયાળ;
પૂછયું પછી બેય વિપ્રને , તમે કેમ ઉતરશો કાળ. ૨૨
કેમ ભિક્ષા નથી માગતા, શીદ રાખો છો મનમાં શર્મ;
ભિક્ષા આપદમાં માગવી, તે તો છે જ બ્રાહ્મણનો ધર્મ. ૨૩
મહાપ્રભુએ મોકલ્યા, બેય ભાઈને ભિક્ષા કાજ;
સ્ત્રીને કહ્યું દેવાશંકરે, આવ્યા વા'લા સગા છે આજ. ૨૪

નીર માગે તો આપજો, પણ દેશો ન ભોજનદાન;
અમે આવીને આપશું, મહારાજને તો મિષ્ટાન્ન. ૨૫
વિપ્ર ગયા પછી વાલમે, માગ્યું ના'વાને કારણ નીર;
એ અબળાએ આપીયું, ના'યા શ્રીઘનશ્યામ શરીર. ૨૬
કામિનીને મહાપ્રભુ કહે, આપો ખાવાને મુજને અન્ન;
નારી કહે ઘરમાં નથી, કાંઈ જમવા જગજીવન. ૨૭
કૃષ્ણ કહે ઘેર ગૃહસ્થને, ખાવાનું અન્ન ઢાંક્યું ન હોય;
એવી જો વાત ઉચ્ચારીએ, સાચી માને નહીં જન કોય. ૨૮
ઢાંકેલો છે એક રોટલો, મરચાંનું અથાણું છેય;
બતાવું હું તમે ત્યાં થકી, મને લાવીને આપો તેય. ૨૯
બાઈને અચરજ ઉપજ્યું, આ તો દેખી શકે સર્વત્ર;
તેનાથી છાનું શું રાખીયે, છાનું રહે ન અત્ર પરત્ર. ૩૦
આપ્યો ફડશ[૧] એક રોટલો, મરચાંનું અથાણું જેહ;
ભાવ ભલો તેનો ભાળીને, લાગ્યા જીવન જમવા તેહ. ૩૧
એ અવસર ત્યાં આવિયા, શિવશંકર આપોઆપ;
સ્તુતિ કરી પ્રભુને કહે, પ્રભુ છે તવ પરમ પ્રતાપ. ૩૨
આપો પ્રસાદી આપની, આવ્યો છું હું ધરીને આશ;
દીનદયાળુ દયા કરો, નાથ મને ન કરશો નિરાશ. ૩૩
આપી પ્રસાદી શ્રીજીએ, જમ્યા શંકર સ્નેહ સહિત;
વિપ્ર હતો શિવભક્ત ત્યાં, તેણે દેખી વિચાર્યું ચિત્ત. ૩૪
શંકર આ સાક્ષાત છે, જેનો દીસે જથારથ વેષ;
સ્તુતિ કરી પ્રસાદી જમ્યા, માટે આ કોઈ એથી વિશેષ. ૩૫
શિવ અદર્શ થઈ ગયા, વિપ્રે કર્યા હરિને પ્રણામ;
ભિક્ષા માગી બે ભાઈયો, આવ્યા એ અવસર એહ ઠામ. ૩૬
જીવન જમતા જોઈને, કરી રામ ઉપર બહુ રીસ;
રોટલો તેં કેમ આપીયો, કહ્યુ હતું જે નહીં આપીશ. ૩૭
રામો કહે મહારાજ તો, દેખે દષ્ટિએ સઘળે ઠાર;
રોટલો મરચાં માગીયાં, કહ્યું આપો આમાંથી આહાર. ૩૮

૧. અર્ધો, ચીરી

આપ્યું ખાવા એહ કારણે, કદી જો તેને નહિ હું દેત;
જયાં હતું ત્યાંથી જોઈને, પ્રભુ પોતાને હાથે લેત. ૩૯
દેવશંકર તથા કૃષ્ણજી, બેય ભાઈ મળી ભલી ભાત;
રસોઈ કરી રસદાર તે, રુડી રીતે જમ્યા જગતાત. ૪૦
પછી મહાપ્રભુ પોઢીયા, જાગ્યા દિવસ રહ્યો ઘડી ચાર;
મુખમજ્જન જળપાન કરી, બેઠા મંચક પર મોરાર. ૪૧
તે ઘરનાં જન સૌ મળી, બેઠા શ્રીજીની સુણવા વાત;
વેળા વિનોદમાં વહી ગઈ, દિન અસ્ત થયો પડી રાત. ૪૨
દેવશંકર દ્વિજને તથા, કહે કૃષ્ણજીને અવિનાશ;
કાકુભાઈને પુંજાભાઈને, લાવો બોલાવીને અમ પાસ. ૪૩
જેમ જન ન કોઈ સાંભળે, એમ કહો આવ્યા મહારાજ;
ગુપ્ત રહે છે આ ગામમાં, માટે રાતે તેડાવ્યા આજ. ૪૪
તે સુણી દ્વિજ દરબારમાં, જઈ તેડી લાવ્યા બે વીર;
પ્રભુને પ્રણમ્યા પ્રેમથી, અને નેણમાં આવ્યાં નીર. ૪૫
અન્ન વિના અતિ દુઃખ પડ્યું, તેની કાંઈક કહી જ્યાં વાત;
માવ કહે મુજ વચનને, તમે ભંગ કર્યું છે ભ્રાત. ૪૬
તેનું આ ફળ પામ્યા તમે, હવે થાઓ છો બહુ હેરાન;
એમ જ આજ્ઞા ન માનશે, તે તો દેખશે દુઃખ નિદાન. ૪૭
કૈંકમ એવા સતસંગી છે, મને જાણે છે જગકરતાર;
તો પણ આજ્ઞા તોડતાં, કાંઈ કરતા નથી જ વિચાર. ૪૮
એવાને ચિત્ત ચેતાવવા, દીધું મેં તમને મહાદુઃખ;
તોડશે આજ્ઞા અમ તણી, તેને સાંપડશે કેમ સુખ. ૪૯
ડસકાં ભરી ભરી ભાઈ બે, અતિ રુવે ને અતિ અકળાય;
તેડવા આવજો ત્રીકમા, હવે જીવ્યાનો નથી ઉપાય. ૫૦
જો દીલ માંહી દયા ધરો, પ્રભુ આવો અમારે ઘેર;
આપનાં ચરણ થવા થકી, થશે લક્ષધા લીલા લહેર. ૫૧
કૃષ્ણ કહે અમે આવીયે, હોય ગુપ્ત રહ્યાનું સ્થાન;
કોઈએ જન જાણે નહીં, કોણ આવીયા છે મેમાન. ૫૨

એવું સ્થાનક પ્રભુ આપશું, જેમ જાણે નહીં જન કોય;
છાના જ છેક રહી શકે, કદી હજાર જન જો હોય. ૫૩
છે જે ખવાસની છોકરી, તેના પેટમાં ન ટકે વાત;
તોય તેને વારી રાખશું, તેથી નહીં કરે વાત વિખ્યાત. ૫૪
પછી પ્રભુજી પધારિયા, કાકુભાઈ પુંજાભાઈ સંગ;
એકાંતમાં એક ઓરડે, સારો પાથરી આપ્યો પલંગ. ૫૫
પોઢીને ઉઠીયા પ્રભાતમાં, નિત્યક્રિયા કરી મુનિનાથ;
દર્શન કરવા આવિયા, બેય કુંવર મળીને સાથ. ૫૬
હાલાભાઈ નામ એકનું, બીજો પણ બાદરજી કહેવાય;
બેઠા શ્રીહરિની સમીપમાં, પ્રેમે નમી પ્રભુને પાય. ૫૭
હેતે શ્રીહરિએ બોલાવીય, કહ્યું કરો નારાયણધુન્ય;
હાલાજીએ કરી હેતથી, પણ બાદરજી રહ્યા મુન્ય. ૫૮
કૃષ્ણે કહ્યું તેના તાતને, હાલાભાઈ થશે હરિભ્કત;
બાદરજીનું મદ બહુ, થશે સંસાર માંહી આસકત. ૫૯
પછી પ્રસાદીનું ટોપરું, દીધું હાલાજીને જગદીશ;
બાદરજી ચડ્યા લીંબડે, ઘણી હૃદયમાં ધરી રીસ. ૬૦
કેમ ચડયા તમે લીંબડે, એમ પૂછયું ત્યારે કહે ભ્રાત;
છાના રહ્યા છો આપ તે, બૂમ પાડીશ કરીશ વિખ્યાત. ૬૧
પછી તેને સમજાવીને, હેઠો ઉતારીયો તતકાળ;
આપ્યું પ્રસાદીનું ટોપરું, તેથી રાજી થયો તે બાળ. ૬૨
કહે અચિંત્યાનંદજી, મહીનાથ સુણો ધરી મન;
હવે કથા ગઢપુર તણી, કહું તેહ પરમ પાવન. ૬૩
પરોઢીએ ઉઠી પ્રીતમ, ચાલી નીકળ્યા એકાએક;
પ્રભાતમાં પ્રેમી જનો, કરે તર્ક વિતર્ક અનેક. ૬૪
કૃપાનિધિ ઉઠી ક્યાં ગયા, દીઠો શો હશે આપણો દોષ;
કેમ છાના ગયા છેક તે, રખે કાંઈ ચડ્યો હોય રોષ. ૬૫
કચ્છમાં કે ગુજરાતમાં, કાં તો કોઈક ભકતને કાજ;
સહાય કરવા સંચર્યા, મન દયા ધરી મહારાજ. ૬૬

જયા લલિતા ને રાજબાઈ, એહ આદિક અબળા આપ;
ધીરજ તજી ધરણી ઢળ્યાં, કરે વિવિધ રીતે વિલાપ. ૬૭

**વિરહવર્ણન : રાગ વેરાડી :**

કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરનો ટળશે....ટેક૦
આભ તુટી પડે જેમ અજાણ્યો, પૃથ્વી પ્રલય થઈ જાય;
આ તો પડ્યું દુઃખ એમ અજાણ્યું, કાંઈ કહ્યું નવ જાય,
કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરહનો ટળશે. ૬૮
સુખના સમુદ્રમાં કલ્લોલ કરતાં, આનંદ ધરતાં અપાર;
આવિ વેળા વળી આવશે એવું, લાગતું નહિ જ લગાર,
કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરહનો ટળશે. ૬૯
વરસાદ જો ન આ વરસમાં વરશો, તે દુઃખ તો સહેવાય;
પણ વૃષનંદન વાલા વિયોગો, જરૂર નહીં જીવાય,
કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરહનો ટળશે. ૭૦
જો જગજીવન કહીને ગયા હોત, આટલું દુઃખ ન થાત;
ક્યાં લખી કાગળ કેને મોકલીયે, એકે સુઝે નહીં વાત,
કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરહનો ટળશે. ૭૧
પૂરવ પશ્ચિમ પંખીડાં ઉડે, જાય છે દેશવિદેશ;
કોણ કહે શ્રીહરિનો સંદેશો, કયાં વિચર્યા વિશ્વેશ,
કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરહનો ટળશે. ૭૨
નીર વિના જેમ મીન તરફડે, તરફડીયે અમે એમ;
પ્રાણજીવન પ્રભુજીને વિજોગો, ધારીયે ધીરજ કેમ,
કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરહનો ટળશે. ૭૩
વાંક વિના કેમ વાલાએ કીધો, તરત અમારો ત્યાગ;
સંકટવાળું શરીર સમાવીએ, મેદિની[1] આપે જો માગ,
કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરહનો ટળશે. ૭૪
કેમ દયા દીલમાં નહીં આવી, કાળજું કીધું કઠોર;
ઝાઝી વિરહની ઝાળમાં નાખી, ચાલ્યા ગયા ચિત્તચોર,
કૃપાનાથ ક્યાં હવે મળરે રે ક્યારે તાપ વિરહનો ટળશે. ૭૫

૧. પૃથ્વી

અમૃત પાઈ ઉછેરીયાં અમને, આપીયાં સુખ અનેક;
આવી રીતે અણચિંતવ્યાં અમને, છાંડી ગયા કેમ છેક[1],
કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરહનો ટળશે. ૭૬
કોઈનું દુઃખ ન દેખી ખમો તમે, એવા છો દીનદયાળ;
આ મહાદુઃખ મટાડવા આવો, વિશ્વવિહારીલાલ,
કૃપાનાથ ક્યાં હવે મળશે રે, ક્યારે તાપ વિરહનો ટળશે. ૭૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વિરહ હરિ વિના વિશેષ વ્યાપ્યો, અનળ ઉદે થઈ દેહને ઉતાપ્યો;
સુરભિ[2] સલિલથી ન શાંતિ થાય, મરણ ચહે મનમાં બહુ મુંઝાય. ૭૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવિયોગદુઃખ-વર્ણનનામ પંચત્રિંશો વિશ્રામઃ ॥૩૫॥*

**પૂર્વછાયો :**

ભક્ત ભલા નાજો જોગીયો, શ્રીજી પાસે સદા રહેનાર;
તેને બોલાવીને કહે, જયાબાઈ આદિક તે વાર. ૧
પાર્ષદ છો પ્રભુના તમે, વળી ભલા એકાંતિક ભક્ત;
છો સતસંગીશિરોમણી, વળી વિશ્વ થકી છો વિરક્ત. ૨
ખાંત ધરી જાઓ ખોળવા, લાઓ શ્રીહરિના સમાચાર;
દુઃખ અમારું દેખિને, પ્રભુ આગળ કરજો ઉચ્ચાર. ૩
ખબર પ્રભુની પામશું, અમે ત્યારે જ જમશું અન્ન;
તે વિના તન તજશું અમે, પણ જમશું નહીં ભોજન. ૪
દૂત જેવા હનુમાનજી, સદા સીતાપતિની પાસ;
ઉદ્ધવ અક્રૂર કૃષ્ણના, એવા છો તમે હરીના દાસ. ૫
તમ વિના ન બની શકે, કોઈ બીજા થકી એહ કામ.
શોધ કરો શ્રીહરિ તણી, ગામોગામ ને ઠામોઠામ. ૬
બાઈ જયા વળી બોલીયાં, અર્ધરાત્રી પછી મેં આજ;
સિધાવતા જોયા સ્વપ્નમાં, ગામ મેથાણ ભણી મહારાજ. ૭

૧. સાવ,બિલકુલ ૨. સુગંધી ચંદન

તે માટે ત્યાં પણ જઈ તમે, કરો તપાસ પુર મોઝાર;
જમશું અન્ન જ્યારે પામશું, સારા શ્રીહરિના સમાચાર. ૮
ભક્ત નાખો મુખથી ભણે, ચિત્તે ચિંતા ન કરશો લેશ;
ખબર લાવીશ હું ખરી, બહુ વિચરી દેશવિદેશ. ૯
આકાશમાં જાઉ એકલો, કરું પાતાળ માંહિ પ્રવેશ;
શોધી વળું સાતે દ્વીપમાં, વળી પહોંચું જ્યાં પરમેશ. ૧૦
એમ કહીને ઉતાવળા, જઈ જોયાં ઘણાં ઘણાં ગામ;
મેથાણ ગામને ગોંદરે, જઈ ઉભા રહ્યા એક ઠામ. ૧૧
ત્યાં તો ખવાસની છોકરી, જતી જળ ભરવાને કાજ;
તેને પૂછયું કહો બાઈ છે, આંહિ સ્વામિનારાયણ આજ. ૧૨
બાઈ કહે મને ખબર શી, પણ ચાલો પુંજાભાઈ પાસ;
પત્તો શ્રીપ્રભુનો લાગશે, એમ ઉચ્ચરી કરીને હાસ. ૧૩
તેથી તરત તેણે જાણિયું, નકી આંહી છે નટવર નાથ;
તે દરબારની ડેલીયે, ગયાતે છોકરીની સાથ. ૧૪
ભક્ત ઉભા રહ્યા ડેલીએ, ગઈ છોકરી શ્રીહરિ પાસ;
કહી વધામણી કૃષ્ણને, દુર્ગપુરથી આવ્યો છે દાસ. ૧૫
તેની કેડ્યેં તરવાર છે, વળી બોકાની વાળી છે બેશ;
ઈચ્છે છે મળવા આપને, કહો તો તેડી લાવું જનેશ. ૧૬
પછી પ્રભુની રજા પાકી, તેડી લાવી તે જનને ત્યાંય;
નમ્યા શ્રીહરિને દંડવત, મહામોદ ધરી મનમાંય. ૧૭
કૃષ્ણ કહે કેમ જાણીયું, હું છું આ દરબાર મોઝાર;
નાજો કહે નકી જાણીયું, બોલી બાઈ આ હસીને લગાર. ૧૮
શ્રીજી કહે સંસારમાં, જેની હોય જ હલકી જાત;
કોઈ પેરે તેના પેટમાં, છેક છાની રહે નહિ વાત. ૧૯
પછી પ્રભુજીએ પુછિયા, ગઢપુર તણા સમાચાર;
નાજો કહે અહો નાથજી, નથી આપથી છાનું લગાર. ૨૦

**વસંતતિલકા :**

જે પ્રેમિ છે બહુ જયા લલિતાદિ બાઈ,
એવા જ પ્રેમિ અતિ ઊનડ નામ ભાઈ;
તેઓ તણા દિલતણું દુઃખ શું સુણાવું;
જાણે સ્વભાવ જન સૌ બહુ શું બતાવું. ૨૧

મત્સ્યો મહાદુઃખિત વારિવિજોગ ટાણે,
જાતિસ્વભાવ મછનો જન સર્વ જાણે;
તો આપ પ્રેમી જનની સ્થિતિ સર્વે જાણો,
હે નાથ કેમ દિલ તોય દયા ન આણો. ૨૨

ખાતાં નથી તમ વિજોગથી કોઈ અન્ન,
મુંઝાય છે મરણસંકટ તુલ્ય મન;
રાખી ઉચાટ દિલઘાટ ઘણા ઘડે છે,
થૈને અચેત અવની તળમાં પડે છે. ૨૩

આસું તણો નયનથી નિકળે પ્રવાહ,
જોનારને દિલ દયા ઉપજે અથાહ;
હે નાથ નાથ હરી હે મુખથી ઉચ્ચારે,
ધારી શકાય નહિ ધીરજ કેમ ધારે. ૨૪

છાના જ છેક વિચર્યા ઉઠિને પ્રભાતે,
તેથી થયાં જ ભયભીત અનેક ભાતે;
જો આપ જાણ કરિને વિચર્યા જ હોત,
તો શાંતતાથી રહિને સહુ વાટ જોત. ૨૫

જાણો સ્વભાવ તદપી તજિ આમ જાવું,
હે પ્રાણનાથ તમને ન ઘટે જ આવું;
જો કોઈનો તમ વિજોગથી જીવ જાશે,
કેને શિર પ્રભુ કરો અઘ તે ગણાશે. ૨૬

છે એક તો દુઃખ શિવે અતિ કોપ કીધો,
દાઝયાનિ ઉપર તમે વળી ડામ દીધો;
તે જેમ નિર્દય પડ્યા પર પાટુ મારે,
એવું કૃપાળુ જન કોઈ કરે ન ક્યારે. ૨૭

જ્યારે ખરી ખબર આપની ત્યાં જણાશે,
ત્યારે જ તે જન ખુશી થઈ અન્ન ખાશે;
જેવી તમારી મરજી પ્રભુ તે પ્રમાણે,
આપે કરોજી અખિલેશ્વર એહ ટાણે. ૨૮

**પૂર્વછાયો :**

જીજીબાને પુંજાભાઈને, પછી એમ કહે પરમેશ;
હવે જશું ગઢપુર અમે, એમાં સંશય નહિ લવલેશ. ૨૯
તે સુણીને તેહ બેયને, આવ્યાં આંખમાં આંસુ અપાર;
ક્યાંથી આ અક્રૂર આવિયો, મુખે એમ કર્યો ઉચ્ચાર. ૩૦
જીજીબાને એ જ રાત્રિમાં, દીધું લક્ષ્મીએ દર્શન દાન;
કષ્ટ જશે કહ્યું કાળનું, સુખે પામશો અન્ન ને પાન. ૩૧
પ્રભાતે કહ્યું પુંજાભાઈને, સુણી પામીયા સંતોષ કાંઈ;
પણ પ્રભૂ ગઢપુર જશે, એવું જાણી બળે જીવમાંઈ. ૩૨
એવે સમે એક વાણીયો, અન્ન વેચાતું લેવાની આશ;
જીરણગઢ જઈ આવીયો, તેણે વાત કરી સૌ પાસ. ૩૩
હું જુનેગઢ જઈ આવીયો, દાણા લેવા ખરચીને ધન;
દેતાં રુપૈયા રોકડા, પણ ક્યાંઈ મળ્યું નહિ અન્ન. ૩૪
વાત સુણી એવી વણિકની, સૌના ઉરમાં ઉપજ્યો ત્રાસ;
અન્ન વિના અવની વિષે, થશે માણસનો બહુ નાશ. ૩૫
ગોવિંદ શ્રીગઢપુર જવા, પછી ત્યાં તો થયા તૈયાર;
કાકુભાઈ પુંજાભાઈને, ઉર ઉપજ્યું કષ્ટ અપાર. ૩૬
કૃષ્ણ કહે ધીરજ ધરો, હવે દુઃખનો થાશે નાશ;
જાઓ જેતલપુરમાં તમે, રામદાસ મુનિની પાસ. ૩૭
કહેજો કૃષ્ણે મોકલ્યા, અન્ન લેવાને કારણ એહ;
બે બેડીયાં[૧] ભરી બાજરી, ત્યાંથી અપાવશે મુનિ તેહ. ૩૮
તે કણ લાવીને કોઠીમાં, ભરી છાંદી લેજો તેનું મુખ;
સાણેથી કણ નિત્ય કાઢજો, તેથી જશે દુકાળનું દુઃખ. ૩૯

૧. બે બળદ ખેંચી શકે એવું ગાડું

શ્રીજીના વચનો સાંભળી, ગયા જેતલપુર સંત પાસ;
કહ્યો સંદેશો શ્યામનો, કહ્યું આવ્યા છૈયે અન્ન આશ. ૪૦
પુરના જનને પુછીયું, રામદાસે મળે કયાંઈ અન્ન;
એવું સુણીને ઉચર્યા, પાણિ જોડીને પુરના જન. ૪૧
આઠ દિવસથી અગાઉ જો, આવ્યા હોત તો મળત અનાજ;
અતિ અધિક મૂલ આપતાં, અન્ન ક્યાંઈ મળે નહિ આજ. ૪૨
પછી મુનિએ પાટીદારનો, ત્યાં તો બોલાવ્યો સર્વ સમાજ;
મેથાણના દરબાર તે, કહ્યું આવ્યા છે અન્નને કાજ. ૪૩
મહાપ્રભુએ છે મોકલ્યા, માટે એટલું તો કરો કાજ;
અકેક ઘરથી એક મણ, એને લાવીને આપો અનાજ. ૪૪
અનાજ લાવીને આપીયું, તેનાં ભરાયાં બેડીયાં બેય;
મેથાણમાં જઈ કોઠીમાં, ભરી છાંદી લીધું મુખ તેય. ૪૫
સાણે થકી નિત્ય કાઢતાં, અન્ન અખુટ થઈ પડ્યું એહ;
એમ દુકાળ ઉલંઘીયો, મહાપ્રભુ પ્રતાપથી તેહ. ૪૬
વાત કરે પ્રતિપક્ષિયો, સહજાનંદ જેને સહાય;
અન્ન તણો કે વસ્ત્રનો, તેને કદીયે તોટો ન થાય. ૪૭
શ્રીગિરિધર ગઢપુર ગયા, સર્વ સુખી થયાં નરનાર;
આનંદ ઉત્સવ અતિ ઘણો, થાય શ્રીગઢપુર મોઝાર. ૪૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પછિ ગઢપુરમાં પ્રભુ પ્રસિદ્ધ, રહિ કરતા જનનાં સકાર્ય સિદ્ધ;
હરિજન હરિદર્શનાર્થ આવે, વિવિધ પ્રકારની વસ્તુ ભેટ લાવે. ૪૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે મેથાણગ્રામે*
*ભક્તકાળોલ્લંઘનનામ ષટત્રિંશો વિશ્રામઃ ॥૩૬॥*

**પૂર્વછાયો :**

સંત સરવને દિધાં હતાં, રસકસ તણાં વર્તમાન;
તેને વરસ એક વહી ગયું, તોય પાળે થઈ સાવધાન. ૧

એવામાં આવી હુતાશની, તેનો સમૈયો કરવા કાજ;
પત્ર લખીને તેડાવીયા, ગામોગામથી સંતસમાજ. ૨
સુરત આદિક શહેરના, સતસંગીયોને લખ્યા પત્ર;
થશે ઉત્સવ ફુલડોળનો, તેહ ઉપર આવજો અત્ર. ૩
આવે છે મંડળ સંતનાં, સુણ્યા શ્રીજીએ તે સમાચાર;
કુંડળ સુધી સામા ગયા, પ્રભુ ઘોડીયે થઈ અસવાર. ૪
સંતને નિરખ્યા આવતા, ઘોડી દોડાવી શ્રીઘનશ્યામ;
હેઠા ઉતરી હરિએ કર્યા, પછી સંતને દંડપ્રણામ. ૫
સંતોએ પણ બહુ દંડવત, કર્યા વાલમને તેહવાર;
ભુજા ભીડીને ભેટીયા, શ્રીજી સૌ સંતને તેહ ઠાર. ૬
વાલમજીનાં વસ્ત્રને, રજ વળગી જોઈ વિશેષ;
સંત કહે કર જોડિને, સુણો શ્રીહરિ પરમ પરેશ. ૭
કેમ કર્યા તમે દંડવત, આપ કોટી જગતકરતાર;
અમે તો કિંકર આપના, હરિ હુકમ શિર ધરનાર. ૮
કહે હરિ તપસ્વી તમે, ધરી કઠણ નિયમ વિશેષ;
નિશ્ચે કરાવો છો મુજ તણો, દેશદેશમાં દઈ ઉપદેશ. ૯
જોગી છો નમવા જોગ્ય છો, સર્વ વાતે છો સંત સુપાત્ર;
પ્રાણ થકી પ્રિય છો મને, તો આ શરીર તે શા માત્ર. ૧૦
મેં કર્યા સંતને દંડવત, તેથી રજે ભરાયાં વસ્ત્ર;
તેની ફીકર નથી રાખતો, સંત ઉપર વારું સહસ્ર. ૧૧

**ચોપાઈ :**

ગામ કુંડળમાં કૃપાનાથ, સંગે લઈ સહુ સંતનો સાથ;
મામૈયા પટગર દરબાર, ત્યાં જૈ ઉતર્યા વિશ્વઆધાર. ૧૨
ગળપણ વિના થૂલી કરાવી, પીરસે સંતને પ્રભુ આવી;
ત્યારે સંતના દર્શન કાજ, મુખ્ય કાઠીનો આવ્યો સમાજ. ૧૩
દીઠા સંતના દુર્બળ દેહ, રસકસના નિયમ થકી તેહ;
પ્રભુ આગળ પાગ ઉતારી, નમી નાથને વિનતિ ઉચ્ચારી. ૧૪
કહ્યું હે હરિ દિલ દયા લાવો, હવે સંતને નિયમ મુકાવો;
ત્યારે શ્રીજીએ સંતોને કહ્યું, રસકસ નિયમ તજો સહુ. ૧૫

એવું સાંભળીને બોલ્યા સંત, ભાવે તેમ કહો ભગવંત;
રસકસ અમને નવ ભાવે, ત્યાગમાં જ રુચિ ઉપજાવે. ૧૬
ત્યાગવચન છે મુખ્ય તમારું, આ તો ગૌણવચન દેહ સારું;
મુખ્ય માનશું ત્યાગનું વેણ, સુણી એવું બોલ્યા સુખદેણ. ૧૭
રસત્યાગ ઘણા દિન કીધો, તમે ત્યાગનો તો અંત લીધો;
ઈચ્છો કરવા જો મુજને પ્રસન્ન, માનો તો તમે મારું વચન. ૧૮
ત્યાગમાર્ગ પાળ્યો તમે જેવો, કોઈ પાળી શકે નહીં એવો;
સંતઅર્થે જે અન્નાદિ થાય, તેહ જગત તણા જન ખાય. ૧૯
સંત જો નહિ રસકસ જમે, રસ નહિ ઉપજે કોઈ સમે;
થાઓ જન પર જો દયાવંત, જમો રસકસ તો સહુ સંત. ૨૦
એવો આગ્રહ અતિશય કીધો, ત્યારે સંતે થોડો રસ લીધો;
બેઠા સાંજે સભા સજી નાથ, મળ્યો ત્યાં સહુ સંતનો સાથ. ૨૧

**પૂર્વછાયો :**

ઘણા દિવસના વિજોગથી, દર્શનાતુર થૈ ઘણા સંત;
આવ્યા હતા જ ઉતાવળ, એવી વાત જાણી ભગવંત. ૨૨
સંતો તમે સહું સાંભળો, અવિનાશી ઉચરીયા એમ;
ઉત્સવ ઉપર તેડાવીયા, આવ્યા આગળથી તમે કેમ. ૨૩
પાછા પધારો ગામડે, દેવા દૈવીને જ્ઞાનનું દાન;
ઉત્સવ ઉપર આવજો, ગઢપુર વિષે ગુણવાન. ૨૪
બેઠા હતા મુનિ બ્રહ્મ ત્યાં, સર્વ પરમહંસની માત;
સંતોનું દુઃખ જણાવવા, તેણે ત્યાં કર્યો મર્મ અઘાત[૧]. ૨૫
કહ્યું સંતો કોઈ આ સમે, રાતે દેખો છો મારો સતાર;
દેખી શકો તો તે લાવીને, મને આપો તરત આ ઠાર. ૨૬
મા'નુભાવાનંદ બોલીયા, રાતે બીજા ન દેખે સંત;
પણ મારા મંડળ તણા, સંત રહ્યા છે દષ્ટિમંત. ૨૭
સુણી શ્રીહરિએ પૂછ્યું, તેનું કારણ શું કહેવાય;
બીજા તો સંત દેખે નહીં, તવ મંડળથી દેખાય. ૨૮

૧. ઉંડો

મા'નુભાવાનંદજી કહે, રસકસનો કર્યો છે ત્યાગ;
છાંડી દીધિ છે છાશ પણ, તેમાં ભાળીને રસનો ભાગ. ૨૯
તેથી થયા તે રંતાધળા, પણ અમે રહ્યાતા ડભાણ;
ભાજી બડેલાની લાવતા, ત્યાંના જે સતસંગી સુજાણ. ૩૦
ખુબ અમને ખવડાવતા, તેથી રંતાધળાનો રોગ;
અમારા મંડળમાં પ્રભુ, નથી જણાતો તેનો જોગ. ૩૧
ત્યારે બોલ્યા પ્રભુ તે સમે, હવે જશો ન ક્યાંઈ ખચિત;
આંહીં રસોઈયો આપશે, રસકસ જંમો રુડી રીત. ૩૨

**ચોપાઈ :**

એવી આજ્ઞા કરી હરિરાયે, તે તો સાંભળી જનસમુદાયે;
એવો ઉત્તમ અવસર જોઈ, જન આપવા લાગ્યા રસોઈ. ૩૩
ભાતભાતનાં ભોજન થાય, સંત તો જળ મેળવી ખાય;
કોઈ ધારણાં પારણાં કરે, ચાંદ્રાયણવ્રત કોઈ આચરે. ૩૪
ત્યાંની ઉતાવળી નદીમાંય, ન્હાવા સંત સહિત હરિ જાય;
જૈને શીખવે જોગઅભ્યાસ, સર્વે સંતને બેસારી પાસ. ૩૫
મામૈયા પટગર તણી માય, જુનાં સત્સંગી જે કહેવાય;
રામાનંદ રહ્યા જેને ધામ, રાઈબાઈ જેનું રુડું નામ. ૩૬
તેણે શ્રીહરિને કહ્યું એમ, રાખો વેશ તપસ્વીનો કેમ;
જટાજૂટ જરૂર ઉતારો, દેખી દાઝે છે જીવ અમારો. ૩૭
પારો રુદ્રાક્ષનો કાઢી નાખો, રુડી કંઠી તો તુળસીની રાખો;
તમે રાખશો તપસીનો વેશ, દુઃખ પામશે તો બધો દેશ. ૩૮
તમે વસ્તુ કરો અંગીકાર, ઉપજે તેહ વસ્તુ અપાર;
જેનો ત્યાગ તમારાથી થાય, તેની ઉત્પતિ અલ્પ જણાય. ૩૯
રહ્યા ભેખ ભીખારીનો ધારી, ભાસે સૌ જન તેથી ભીખારી;
માટે દિલમાં દયા પ્રભુ ધારો, સજો વેશ શોભે તેવો સારો. ૪૦
વેશ રુદ્રનો વરવો છે એવો, તેનાં ભૂત પિશાચનો તેવો;
વેશ સારો ધરે જે સુરેશ, તેથી દેવ ધરે રુડો વેશ. ૪૧

સારો વેશ તમારો જણાશે, આખો દેશ સુશોભિત થાશે;
દુનિયામાંથી જાશે દુકાળ, થાશે સર્વ પ્રકારે સુકાળ. ૪૨
એવી વિનતિ વિશેષ સુણાવી, જટા ત્યારે પ્રભુયે પડાવી;
કાઢી નાખ્યો રુદ્રાક્ષનો પારો, સજ્યો વૈષ્ણવનો વેષ સારો. ૪૩
પાસે સંતોને પણ ત્યાં બોલાવી, સૌને વૈષ્ણવ દીક્ષા ધરાવી;
પારો રુદ્રાક્ષનો તે તજાવ્યો, સારો વૈષ્ણવી વેષ સજાવ્યો. ૪૪
સર્વે રાજી થયા સતસંગી, કરે દર્શન અંગ ઉમંગી;
કરી લીલા એવી જગરાય, વધ્યો કુંડળનો મહિમાય. ૪૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજ જનહિત ચિત્તમાં વિચારી, અરજ સુણી હરિએ જટા ઉતારી;
દુખકર ઉતર્યો મહાદુકાળ, સુખકર સર્વ થળે થયો સુકાળ. ૪૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે કુંડલગ્રામલીલા-કથનનામસપ્તત્રિંશો વિશ્રામઃ ॥૩૭॥*

**પૂર્વછાયો :**

કથા અધિક કુંડળ તણી, વળી કહું સુણો વસુધેશ;
કુંડળનો મહિમા વધ્યો, જેથી જગત માંહિ વિશેષ. ૧

**શાર્દૂલવિક્રીડિત :**

જેવું કુંડળ શોભિતું સરસ છે શ્રીકૃષ્ણના કાનમાં,
તેવું કુંડળ નામ ગામ ગણિને ધારે મુનિ ધ્યાનમાં;
જ્યાં લીલા કરિ છે ઘણી જગદિશે વાસો વિશેષે વસી,
તેની આગળ તીર્થ પુષ્કર તથા કાશીનિ કીર્તી કશી. ૨
વારંવાર વિહાર તત્ર કરિને સર્વત્ર શ્રીજી ફર્યા,
ગંગા તુલ્ય ઉતાવળી નદિતટે જે ઠામઠામે ઠર્યા;
સાધ્યો જોગ સધાવિયો મુનિ કને અષ્ટાંગ એ તો સહી,
તેની તુલ્ય ન નર્મદા મહિ નહીં કાલિંદી કૃષ્ણા નહીં. ૩

**કુંડળ ગામના મહિમાની ગરબી : પદ-૧**

**''સખી ગોકુળ ગામના ચોકમાં રે'' - એ રાગ છે.**

સુણો સુણો સકળ સતસંગીયો રે,
જાણો તે તો છે જાણવા જોગ; કાંઈ લીલા શ્રીકુંડળની કહું રે.
જ્યાંની જાત્રા કર્યાથી જનજાતના રે,
મટે જનમમરણ મહારોગ...કાંઈ લીલા૦ ૪
તહાં રહિને રામાનંદસ્વામીયે રે,
દીધો દૈવી જનોને ઉપદેશ....કાંઈ લીલા૦
વળી શ્રીસહજાનંદ સ્વામીયે રે,
વારે વારે કર્યો વાસ વિશેષ....કાંઈ લીલા૦ ૫
રસકસના નિયમ અતિ આકરા રે,
હતા સૌ મુનિજનને જેહ....કાંઈ લીલા૦
કૃપાનાથ ઘણી કરુણા કરી રે,
વ્રત ત્યાં તો તજાવિયું તેહ ...કાંઈ લીલા૦ ૬
જગદીશે જટા ધરી જે હતી રે,
હતો રાખ્યો વિશેષ વૈરાગ...કાંઈ લીલા૦
કંઠે પારો રાખેલો રુદ્રાક્ષનો રે,
ત્યાં જ કીધો તે વેશનો ત્યાગ....કાંઈ લીલા૦ ૭
સંત સર્વને પણ એ જ રીતથી રે,
કંઠે તિલક રખાવ્યાં તે કાળ....કાંઈ લીલા૦
રીઝયા રીઝયા રુડાં રાઈ બાઈને રે,
વા'લો વિશ્વવિહારીલાલ....કાંઈ લીલા૦ ૮

**પદ-૨**

ધન્ય ધન્ય તેહ ગામના જનને રે,
ઘનશ્યામ વિચર્યા ઘેર ઘેર, ગુણ ગાઈયે શ્રીકુંડળ ગામના રે.
પ્રભુ જ્યારે જ્યારે ત્યાં પધારિયા રે,
સૌયે સેવા સજી શુભ પેર...ગુણ ગાઈયે૦ ૯

પ્રેમી મામૈયો પટગર ત્યાં વસે રે,
વનમાળી વસ્યા તેને વાસ....ગુણ ગાઈયે૦
ત્યાં તો સર્વે પ્રસાદીની રજ છે રે,
જેવું વૈકુંઠધામ વિલાસ....ગુણ ગાઈયે૦ ૧૦
સંઘ સોરઠમાં જાત્રા જે કરે રે,
તે તો કુંડળમાં જાય જરૂર....ગુણ ગાઈયે૦
લીલા પુછી પુછીને ત્યાંની સાંભળે રે,
તેના દોષ જાય નાસીને દુર....ગુણ ગાઈયે૦ ૧૧
શ્યામે સંતોને જોગ સધાવિયો રે,
તે તો જૈને ઉતાવળીને તીર....ગુણ ગાઈયે૦
સખા સાથે ત્યાં જળક્રીડા કરી રે,
મુનિનાથે વખાણીયું નીર....ગુણ ગાઈયે૦ ૧૨
ન્હાય માહાત્મ્ય જાણી આ નીરમાં રે,
તેને નડે નહીં જમજાળ....ગુણ ગાઈયે૦
બહુનામી સ્વામી એમ બોલિયા રે,
વા'લો વિશ્વવિહારીલાલ.....ગુણ ગાઈયે૦ ૧૩

**ચોપાઈ :**

પછી ત્યાંથી ગયા ભગવાન, કારીયાણીએ કરુણાનિધાન;
વસ્તા ખાચરને દરબાર, રહ્યા રાત જગતકરતાર. ૧૪
બીજે દિવસે હુતાશની આવી, રહ્યા તે દિન ગઢડે સિધાવી;
જીવા ખાચર કેરી રસોઈ, લીધી ભાવ ભલો તેનો જોઈ. ૧૫
કર્યો વળતે દિવસ ફુલદોલ, કરે હરિજન સંત કલ્લોલ;
દાદા ખાચરને દરબાર, બાંધ્યો હીંડોળો શોભિત સાર. ૧૬
હેતે સંતોએ હરિને ઝુલાવ્યા, પછી રંગના ખેલ રચાવ્યા;
ગાય હરિજન ત્યાં હોરી રાગ, વાજાં અદ્ભુત વાગે અથાગ. ૧૭

**સંબંધાતિશયોક્તિ અલંકાર : ઉપજાતિ :**

હોરી રમે શ્રીહરિ સંત સંગે, અનેક લોકો નિરખે ઉમંગે;
ગુલાલની જ્યાં ગરદી થઈ જે, ઉડી રવિમંડળમાં ગઈ તે. ૧૮

ત્યાં રંગનો પૂર્ણ પ્રવાહ ચાલ્યો, ઘેલા નદીમાં મળતો નિહાળ્યો;
આ રક્ત રંગે જળઓઘ જાણો, સમુદ્રમાં તેહ જઈ સમાણો. ૧૯
પછી પ્રભુજી અસવાર થૈને, ના'યા નદીમાં સહુ સંગ જૈને;
પેઠા પૂશીમાં પ્રભુ નિર્વિનાશ, બેઠા જઈ ઉનડને નિવાસ. ૨૦
તે ભૂપતિયે દિધિ ત્યાં રસોઈ, જમ્યા હરિ ને મુનિ ભાવ જોઈ;
જનો ઘણા દર્શન કાજ આવ્યા, વિજ્ઞાન વાતે સહુને રિઝાવ્યા. ૨૧
તે સંઘ સોતા પ્રભુ પદ્મપાણિ, ગયા બીજે વાસર કારિયાણી;
ત્યાંથી જઈ કુંડળમાં કૃપેશ, દીધી રજા સંઘ જવા સ્વદેશ. ૨૨

**ચોપાઈ :**

રામદાસ કરે ભલી વાત, તેને મોકલીયા ગુજરાત;
સંત મા'નુભાવાનંદસ્વામી, ગુજરાત ગયા નિષકામી. ૨૩
મુનિનાં બીજાં મંડળ જેહ, દેશદેશમાં મોકલ્યાં તેહ;
વસ્યા ગઢપુર જૈ પછી વાલો, ગાળ્યો ત્યાં રહી આખો ઉનાળો. ૨૪
મુનિ મા'નુભાવાનંદ આવ્યા, ગુજરાતથી કેરીયો લાવ્યા;
જમે ભાવ સહિત ભગવંત, જમે શ્રીજીની આજ્ઞાથી સંત. ૨૫
મળી શ્રીપુરના સહુ દાસે, પત્ર મોકલ્યો શ્રીહરિ પાસે;
આંહી કેરીયો પાકી અત્યંત, પણ જમતા નથી તેહ સંત. ૨૬
આજ્ઞા આપની આવશે જ્યારે, જમશે સંત કેરીયો ત્યારે;
પ્રભુયે એવો વાંચીને પત્ર, લખી મોકલ્યું સંતને તત્ર. ૨૭
હરિભક્ત આપે હેત ધારી, કેરી જમજો છે આજ્ઞા અમારી;
સંતે વાંચયો પત્ર તે પ્રીતે, જમ્યા કેરીયો તે યોગ્ય રીતે. ૨૮

**તપ વિષે : ઉપજાતિ :**

સંતો કરે છે તપ તીવ્ર એવું, અંતે ચહે અક્ષરધામ લેવું;
રીઝાવવા શ્રીહરિને ચહે છે, સ્વદેહથી દુઃખ ઘણાં સહે છે. ૨૯
જેવું રખાવે વ્રત તેહ રાખે, નહીં પળે એવિ ગિરા ન ભાખે;
આજ્ઞા થકી અંગ કરે જ ચૂરા, સંગ્રામમાં જેમ મરાય શૂરા. ૩૦
ત્યાગિ થશે જેહ વિરાગહીન, રહે રસાસ્વાદ વિષે જ લીન;
ખાવાનું ખૂણે જઈ છાનું ખાય, તેનાથિ તે શું નિયમો પળાય. ૩૧

**શાલિની :**

સંતાઈને નારિને જે નિહાળે, સંતાઈને ખાય જે કોઈ કાળે;
સંતાઈને શિષ્ય મર્તા રુવે છે, તે તો સર્વે શ્રીહરિ તો જુવે છે. ૩૨

**ઉપજાતિ :**

સંસારના દુઃખથી સાધુ થાય, પૂરેપૂરો ધર્મ નહીં પળાય;
જાણે જતી થૈ મનમાન્યું ખાશું, અંતે મરી અક્ષરધામ જાશું. ૩૩
એવું નથી અક્ષરધામ સોંઘુ, મહાતપે તે મળવાનું મોંઘું;
સંતો હતા અક્ષરવાસિ સિદ્ધ, પ્રભુ રિઝાવા તપ તીવ્ર કીધ. ૩૪
દેહાભિમાની પ્રભુધામ પામે, બને નહીં તે કદિ બેય કામે;
ચુસે મુખડે શેલડિ અન્ન ખાય, તો બેયનો સ્વાદ જરૂર જાય. ૩૫
જે દેહનું પોષણ પૂર્ણ ઈચ્છે, પ્રભુનિ આજ્ઞા નહિ કાંઈ પ્રીછે;
ભલે લિધો હોય વિરાગિ વેશ, તથાપિ તેને નહિ લાભ લેશ. ૩૬
જમી રમીને જતિ થાય જાડો, પખાલિનો જેમ પળાય પાડો;
સજે નહિ તે ગુરુદેવ સેવા, તૈયાર તે અક્ષરધામ લેવા. ૩૭
વર્ણી કહે સાંભળ ભૂપભ્રાત, પ્રસંગ પામી કહિ એહ વાત;
શ્રીજી તણા આશ્રિત સંત જે છે, ત્યાગી ભલા તીવ્ર તપસ્વી તે છે. ૩૮

**ચોપાઈ :**

રહે ગઢપુરમાં ગિરધારી, કરે દર્શન સૌ નરનારી;
રથજાત્રા તણો દિન આવ્યો, તેનો ઉત્સવ સરસ કરાવ્યો. ૩૯
જાણે રણમાં બેઠા હરિરાય, એવાં સર્વને દર્શન થાય;
જેવું અક્ષરધામ પ્રકાશે, એવો અક્ષરઓરડો ભાસે. ૪૦
થાય કોઈને જોઈ સમાધી, ટળે તેની તો સર્વ ઉપાધી;
જેવા અક્ષરધામના વાસી, એવા પેખે પ્રગટ અવિનાશી. ૪૧
તેમાં ભાસે નહીં કાંઈ ભેદ, ગુણ ગાય જેના ચાર વેદ;
વસે જ્યાં મુનિને મુનિરાય, ત્યાં જ અક્ષરધામ જણાય. ૪૨
સતસંગીયો લે એવું સુખ, પણ જાણે ન જન જે વિમુખ;
સતસંગીની પદરજ લૈને, શિવ બ્રહ્મા ધરે શીશ જૈને. ૪૩

ચંદ્રબિંબને જળજંતુ જેમ, જાણે પોતા જેવો પ્રાણી તેમ;
સતસંગીને એ જ પ્રમાણે, જીવ માયાના નિજ તુલ્ય જાણે. ૪૪
કૃષ્ણજન્મ તણો દિન આવ્યો, ત્યારે ઉત્સવ સરસ કરાવ્યો;
હરિજન બહુ દર્શને આવ્યા, સમૈયો કરી ઘેર સિધાવ્યા. ૪૫
વળી એક સમે કૃપાનાથ, લૈને સંતના મંડળ સાથ;
ગઢપુરથી પ્રભુ પરવરિયા, બહુ સોરઠ દેશમાં ફરિયા. ૪૬
ફરતાં ફરતાં તેહ કાળે, ગયા ગિરધર ગામ પંચાળે;
ઝીણાભાઈના દરબારમાંય, થોડા દિવસ રહ્યા હરિ ત્યાંય. ૪૭
ગયા માણાવદર મહારાજ, દૈવી જીવનું કરવાને કાજ;
ત્યાંના ભૂપે કર્યું સનમાન, રાખ્યા ભાવ કરી ભગવાન. ૪૮
જાળિયે ગામ જીવન ગયા, ત્યાંના દાસ ઉપર કરી દયા;
ઊતર્યા હીરાભાઈને ઘેર, તેણે સેવા સજી સારી પેર. ૪૯
હીરા ઠક્કરને કહે હરી, મુજ અંગે કસર છે ખરી;
માટે આ ગામમાં એક માસ, કરવો છે અમારે નિવાસ. ૫૦
માટે એકાંતનું ઘર ક્યાંઈ, તમે ગોતી જુઓ ગામમાંઈ;
ભક્તે પોતા તણું ઘર જેહ, ઉત્તરાભિમુખે હતું તેહ. ૫૧
વળી વાડો હતો તેની પાસે, આપ્યું તે ઘર વસવાને વાસે;
આપ્યો ઢોલિયો આપી તળાઈ[1], બીજો સામાન પણ સુખદાઈ. ૫૨
માવે માનુષ ચેષ્ટા તે કીધી, અંગે જ્વરની દશા ધરી લીધી;
ભગુજી નાજો જોગીયો જાણ, ત્રીજા વર્ણી મુકુંદ પ્રમાણ. ૫૩
સજે શ્રીજીની સેવા તે સારી, ઘણાં જોવા આવે નરનારી;
કૃપાનાથને જોવાને કાજ, આવ્યા દૂરથી સંતસમાજ. ૫૪
જનમન તણા સંકલ્પ જેહ, કે'વા માંડ્યા કૃપાનાથે તેહ;
કહે મુક્તમુનિ જોડી હાથ, કહેશો મનના ઘાટ નાથ. ૫૫
થાય તે જનનો ઉપહાસ, ત્યારે કોણ આવે તમ પાસ;
મન મર્કટ તુલ્ય ગણાય, એની વાત ઉઘાડી ન થાય. ૫૬
સુણી શ્રીજીએ લીધું વિચારી, ઘાટ કહેવાની વાત વિસારી;
બાઈયો હરિભક્ત કહાવે, રસોઈનો તે સામાન લાવે. ૫૭

૧. ગાદલું

સાંગા બાબરિયા તણી નારી, નામ રતન જેની મતિ સારી;
હીરાભક્તની સ્ત્રી કલુબાઈ, તે તો પરમ પવિત્ર ગણાઈ. ૫૮
નારી કાંથડ બાબરિયાની, નામે કુંવર્યબાઈતે જ્ઞાની;
નગા બાબરિયાની સુધરમા, જાણો નામ જેનું બાઈ પરમા. ૫૯
બાઈ સોની જેનું નામ પ્રેમ, ગુલબાઈ તે સુતાર તેમ;
એહ આદિક બાઈયો આવે, જે જે જોઈએ તે ચીજ લાવે. ૬૦
અન્ન તો ન જમે અવિનાશ, અગિયાર કર્યા ઉપવાસ;
નવ ઉઠાય તે ન ચલાય, નાવા ઉપાડીને લઈ જાય. ૬૧
કાળના કાળ જે કહેવાય, એવી લીલા કરે હરિરાય;
જનમન કેવો નિશ્ચે રહે છે, એવી લીલા મિષે જોઈ લે છે. ૬૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અસુરહૃદય મોહ ઊપજાવવા, નિજ્જનને મન પ્રીતિ પૂર્ણ થાવા;
વિધવિધ કૃતિનાં કરે ચરિત્ર, શ્રુતિ સુણતાં જન થાય છે પવિત્ર. ૬૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિજાળિયાગ્રામે*
*સ્વદેહેજ્વરધારણનામ અષ્ટત્રિંશો વિશ્રામઃ ॥૩૮॥*

**પૂર્વછાયો :**

જાળિયામાં જગજીવને, કર્યો જ્વરને અંગીકાર;
વર્ણિ કહે નૃપ સાંભળો, કહું તેહ કથા વિસ્તાર. ૧

**ચોપાઈ :**

ઉપવાસ થયા અગિયાર, અન્ન નવ જમે જગદાધાર;
સતસંગી ને સંત સુજાણ, જમવાની કરે ઘણી તાણ. ૨
બારમે દિન અર્ધી નિશાએ, નમ્યા સંત પ્રભુજીને પાયે;
અતિ આગ્રહ જમવાનો કીધો, પ્રભુએ મનમાં ધરી લીધો. ૩
સૌને દીઠા અતીશે ઉદાસ, જમ્યા જીવન ત્યારે બે ગ્રાસ;
હરિભક્ત બોલ્યા સહુ વાણી, સુણો શ્રીહરિ સારંગપાણિ. ૪

જમવાની રુચિ હોય જેહ, કહો કૃષ્ણ કરાવિએ તેહ;
કહે કૃષ્ણ સુણો સહુ સંત, રાધા લક્ષ્મી જેવી અનંત. ૫
ભાત ભાતના લાવીને થાળ, જમવાને ધરે છે ત્રિકાળ;
અંગિકાર અમે નથી કરતા, જમવાની ઈચ્છા નથી ધરતા. ૬
સ્વાત્મરૂપ વિષે તૃપ્ત છૈયે, અન્યમાં નહિ આસક્ત થૈયે;
સતસંગી બોલ્યા તેહ ઠામ, પ્રભુ છો તમે પૂરણકામ. ૭
ઈચ્છા તમને ન હોય લગાર, ભક્ત અર્થે કરો અંગિકાર;
અમને જો હરખ ઉપજાવો, રુચિ જમવાની કાંઈ બતાવો. ૮
ત્યારે વાલાએ વેણ ઉચ્ચાર્યું, પેંડા બરફી મગાવો તો સારૂં;
વળિ જમિયે જલેબિ જો લાવો, બ્રહ્મચારીની પાસે કરાવો. ૯
એવું સાંભળીને હરિજન, અતિ રાજી થયા નિજ મન;
હીરો ઠક્કર નગો આહીર, રાતોરાત ચાલ્યા બેઉ વીર. ૧૦
ભાયાવદર દાખલ થૈને, જગાડ્યા ઝુણાભાઈને જૈને;
હાંટ કંદોઈનું ઉઘડાવી, પેંડા બરફી આપ્યાં ત્યાંથી લાવી. ૧૧
ભર્યા ગોવિંદે બે ત્રણ ગ્રાસ, દેખી રાજી થયા સહુ દાસ;
જલેબીનો સામાન મગાવી, બ્રહ્મચારીને સોંપ્યો તે લાવી. ૧૨
જ્યારે વીતી ગઈ તેહ રાત, ભક્ત પ્રત્યે બોલ્યા નરભ્રાત;
આજ તો અમે ધાર્યું છે આવું, પાણી પુષ્કળ લૈને નહાવું. ૧૩
રેલો આંહિયાં થકી નીકળે, જઈ વેણું નદી માંહી મળે;
એટલું જળ ના'વા મગાવો, હરિજન બાઈયોને કહાવો. ૧૪
વાત બાઈયોને કે'વરાવી, બેડાં શુદ્ધ ભરી જળ લાવી;
પછી નાવાને બેઠા શ્રીરંગ, ચોળે નાજો ભગુજી બે અંગ. ૧૫
હીરો ભક્ત કરે જળધાર, મળ્યા દર્શને દાસ અપાર;
રેલો નીરનો ત્યાંથી નિકળિયો, જઈ વેણું નદી માંહિ ભળિયો. ૧૬

**શાર્દૂલવિક્રીડિત :**

શ્રીવૈકૂંઠ વિષેથી ગંગ ઉતરી તે નીલકંઠે શિરે,
ધારી ત્યાંથી સુમેરુબાજઠ શિરે ધારા પડી છે ધિરે;
ચાલી પૃથ્વી વિષે અનેક જનને ઉદ્ધારવાને વળી,
વેણું સાગરમાં મહા ઝડપથી તે ગંગ જૈને મળી. ૧૭

ચોપાઈ :

કોરાં વસ્ત્ર ધરીને કૃપાળ, બેઠા ઢોલિયે જન પ્રતિપાળ;
નિજ દાસ પ્રત્યે કહે માવો, આમલી તણા કાતરા લાવો. ૧૮
લાવો ચીભડાં જોઈને મીઠાં, ઘણા દીવસ થયા નથી દીઠાં;
તેહ ખાવાની થાય સુવાણ, તે ઓસડ છે રામબાણ. ૧૯
હરીએ એવો હઠ બહુ લીધો, દાસ સૌએ વિચાર તે કીધો;
એ છે અજર અમર અવિકારી, એની રીત જગતથી છે ન્યારી. ૨૦
ઉપજાવા પ્રીતિ જનમન, જનચેષ્ટા કરે છે જીવન;
માટે જે માગે તે લાવી ધરીએ, એમાં સંશય કાંઈ ન કરીએ. ૨૧
પછી કાતરા ક્યાંઈથી આણ્યા, મહારાજે જમીને વખાણ્યા;
ચીભડું એક હરિજન લાવ્યો, જમી જીવને હરખ જણાવ્યો. ૨૨
જમે છે ચીભડાં જગરાય, એવી વાત ચાલી જનમાંય;
ગાડાં ચીભડાંના ભરી ભરી, જનો ભેટ કરે ભાવ ધરી. ૨૩
ગામોગામથી હરિજન આવે, ગાડાં ચીભડાંનાં ભરી લાવે;
જનમન હરખાવાને કાજે, મંદવાડ તજ્યો મહારાજે. ૨૪
ધનતેરશ ચૌદશ કાળી, કર્યો ઉછવ આવી દિવાળી;
અતિ હરખે રચી દીપમાળા, ગાય કીર્તન પુરુષ ને બાળા. ૨૫
અન્નકોટ તણો દિન આવ્યો, એહ ઉત્સવ સરસ કરાવ્યો;
પછી આવી પ્રબોધિની જ્યારે, થયો સારો સમૈયો તે વારે. ૨૬
પ્રભુ એવી રીતે એક માસ, કર્યો જાળિયા માંહિ નિવાસ;
જાળિયાના હરિજન તણો, સહુ ભાવ વખાણે છે ઘણો. ૨૭
રહ્યા સેવામાં નિત્ય હજૂર, પળ એક ખસ્યા નહિ દૂર;
જોઈ લીલા વિચિત્ર પ્રકાર, પણ સંશય ન થયો લગાર. ૨૮
જોયું કૃષ્ણચરિત્ર તે જ્યારે, ભ્રમ બ્રહ્માને પણ થયો ત્યારે;
માટે હરિજનનો મહિમાય, આજ તો અતિ અધિક ગણાય. ૨૯
બ્રહ્મા ભવ અને અમરઅધીશ, તેના ચરણની રજ ધરે શીશ;
ધન્ય ધન્ય ધરા ધન્ય ગામ, એવા ભક્ત વસે જેહ ઠામ. ૩૦
રહી જાળિયામાં જગદીશે, દાસને સુખ દીધાં અતીશે;
એ તો ઉત્તમ તીર્થ ગણાય, જન ત્યાં તીર્થ કરવાને જાય. ૩૧

વેણું ગંગામાં જૈ કરે સ્નાન, પુણ્ય સરજુના સ્નાન સમાન;
એવો તે તીર્થનો મહિમાય, મોટામોટા મુનિજન ગાય. ૩૨
પછી દુર્ગપુરે જવા કાજે, મન ઈચ્છા ધરી મહારાજે;
સારા બળદને શકટ મગાવ્યું, પણ બેસતાં તેમાં ન ફાવ્યું. ૩૩
થયા માણકીયે અસવાર, નહિ તે પણ ફાવી લગાર;
પછી ત્યાં વશરામ સુતારે, એક ડોળી બનાવી તે વારે. ૩૪
તેમાં બેસીને સુંદર શ્યામ, વિચર્યા તે ઊપલેટે ગામ;
ઝાંઝમેર ગયા ગિરિધારી, ત્યાં તો દીઠી ખજુરીયો સારી. ૩૫
ગામથી તે આથમણી દિશાએ, આપ ઈચ્છાએ ઊતર્યા ત્યાંયે;
કર્યો વર્ણી મુકુંદે ત્યાં થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૩૬
કહ્યું તે ખજૂરી ધન્ય ધન્ય, જમ્યા જેની છાયામાં જીવન;
જાળિયા થકી નગો બાબરિયો, આવ્યો દર્શને હરખનો ભરિયો. ૩૭
તેના મન માંહિ સંશય જાણી, કૃપાનાથે કૃપા ઉર આણી;
ધર્યું વૈરાટ રૂપ મુરારી, જોઈ ભય ઉપજ્યો તેને ભારી. ૩૮
નાસવા માંડ્યું પાછા ફરીને, ત્યારે હરિ નરરૂપ ધરીને;
નગા બાબરિયાને બોલાવ્યા, ત્યારે તે પ્રભુની પાસે આવ્યા. ૩૯
પૂછ્યું શ્રીહરિએ તેહ સમે, કહો કેમ નાઠા હતા તમે;
નગો બોલિયા મસ્તક નામી, આપ જાણો છો અંતરજામી. ૪૦
મારા મન માંહી સંશય હતો, તેથી સંકલ્પ વિકલ્પ થતો;
તમે વૈરાટ દેહ દેખાડ્યો, મારા મનનો સંદેહ મટાડ્યો. ૪૧
જોઈ વૈરાટરૂપ તમારું, ભયભીત થયું મન મારું;
તેથી નાઠો ત્વરા ઘણી લાવી, આપે બોલાવ્યો રૂપ સમાવી. ૪૨
નરરૂપે જોયા ફરી જ્યારે, આપ પાસે આવી શક્યો ત્યારે;
નિજ જન પર રાખીને નેહ, ભક્તઅર્થે ધરો નરદેહ. ૪૩
જન અર્થે હરિ જન સાથ, ઘણાં લાડ લડાવો છો નાથ;
કોઈ હરખે છે સુતરુપે જોઈ, સુખ લે છે સખા ભાવે કોઈ. ૪૪
કોઈ તો સગા સ્નેહી પ્રમાણે, કોઈ તો ગુરુ કે શિષ્ય જાણે;
કોઈ ખોળામાં લૈને રમાડે, કોઈ જુગતિ કરીને જમાડે. ૪૫

કોઈ વસ્ત્ર આભૂષણ લાવી, ભાવે ભેટ ધરાવે છે આવી;
કોઈ વૈદ થઈ રોગ ટાળે, કોઈ ચોકી કરીને સંભાળે. ૪૬
કોઈ ગાન કરીને રીઝાવે, કોઈ છાની વાતો સમજાવે;
પંથે મારગ કોઈ દેખાડે, એક સ્થળથી બીજે પહોંચાડે. ૪૭
એવી રીતે અનેક પ્રકારે, દ્યો છો સુખ જનને કોઈ દ્વારે;
મૂળરૂપ છે જેહ તમારું, સૂર્ય કોટિ ઝાંખા કરનારું. ૪૮
એવે રૂપે જ જો રહો નાથ, સુખ શું લઈયે તમ સાથ;
દયાસિંધુ સદા દયા કરજો, આવે રૂપે જ અંતર ઠરજો. ૪૯
વળી માગુ છું હે વરદાય, તવ માયાથી મોહ ન થાય;
લીલા જોઈ વિચિત્ર તમારી, મતિ સંશય નવ કરે મારી. ૫૦
ભક્ત જાણીને હે ભગવાન, આપો એ જ મને વરદાન;
એવી વિનતી ઘણી કરી જ્યારે, તથા અસ્તુ કહ્યું હરી ત્યારે. ૫૧
ત્યાંથી વિચર્યા હરિ સંત સાથ, ગયા કંડોરડે કૃપાનાથ;
રાયપર ગયા શ્રીમહારાજ, નિજ ભક્તનું કરવાને કાજ. ૫૨
રાજગર સતસંગી તે ઠામ, લક્ષ્મણજી અને માવજી નામ;
ઉતર્યા પ્રભુજી તેને ઘેર, તેણે સેવા કરી સારી પેર. ૫૩
ભગુજી મૂળજી બ્રહ્મચારી, સમીપે હતા સેવનકારી;
ભગવાન બોલ્યા ભલી ભાતે, ઊઠી ચાલવું પાછલી રાતે. ૫૪
રાખ્યું ગાડું મગાવી તૈયાર, પણ કાયામાં ન હતો કરાર[૧];
વૃષનંદને વાત વિચારી, પરીક્ષા લેવા ભક્તોની ધારી. ૫૫
મારા મહિમાનો નિશ્ચય કેવો, તેના મનનો મરમ જાણી લેવો;
કરું કાંઈ મનુષ્ય ચરિત્ર, જોતાં સર્વને લાગે વિચિત્ર. ૫૬
પામે મોહ બ્રહ્માદિક જેવા, જોઉં આ દૃઢ ભક્ત છે કેવા;
પોતે જાગિયા પાછલી રાતે, જન સૌને જગાડિયા જાતે. ૫૭
સન્નિપાત વિષે બકે જેમ, પ્રભુ બોલવા લાગિયા તેમ;
જોઈ ચંદ્રને પશ્ચિમ પાસ, ભગુજીને કહે સુણ દાસ. ૫૮
કેમ ચંદ્ર જતો નથી આ તે, માટે માર્ય એને લાતે લાતે;
એવી હરિએ હઠીલાઈ ધારી, ભગુજી ત્યાં ઊઠ્યા હાક મારી. ૫૯

૧. રોગથી છૂટકારો, આરામ

વળી તરત તાણી તરવાર, વિંઝી ચંદ્ર સામી બહુ વાર;
બોલ્યા શ્રીહરિ દાસની સાથ, હવે કેવો નમ્યો નિશાનાથ. ૬૦
પછી ચાલવા કીધી તૈયારી, કહ્યું ગાડે સૂઓ ગિરધારી;
કહે હરિ ગાડું ટુંકું દેખાય, સુખે મારાથી કેમ સુવાય. ૬૧
ખેંચી ખેંચી કરો લાંબું તમે, તો તે ઉપર પોઢીયે અમે;
બાંધ્યું ઘુંસરે દોરડું એક, જેમ છુટી પડે નહીં છેક. ૬૨
ભગુજી ખેંચે હાથમાં ધારી, ઠાઠું ખેચે મુકુંદ બ્રહ્મચારી;
જ્યારે ખેંચ્યું ઘણું કરી જોર, ત્યારે બોલિયા ધર્મકિશોર. ૬૩
હવે લાંબું થયું તે વધારે, સુવા જોગ્ય થયું છે અમારે;
એમ કહીને ગાડે હરિ ચડિયા, ત્યારે હરિજન સૌ પગે પડિયા. ૬૪
રાજગર ભગુજી બ્રહ્મચારી, સ્તુતિ સૌએ મળીને ઉચ્ચારી;
તમે છો પ્રભુ કાળના કાળ, બહુનામી છો ધર્મના બાળ. ૬૫

**વસંતતિલકા :**

હે ધર્મલાલ જનપાળ દયાળ દેવા,
સ્નેહે સજે સુર સુરેશ તમારી સેવા;
છો અક્ષરેશ અચળેશ અશેષશક્તિ,
ભાવે કરે સકળ અક્ષરમુક્ત ભક્તિ. ૬૬
માનુષ્ય રૂપ ધરિ વિશ્વ વિષે વિચિત્ર,
કોઈ સમે મનુષ્ય તુલ્ય કરો ચરિત્ર;
પામે જ મોહ અજ ઈન્દ્ર જટેશ[૧] જેવા,
જાણો તમે પ્રભુ અમે નહિ કાંઈ એવા. ૬૭
છૈયે અમે જ સહુ અક્ષર માંથી આવ્યા,
માયા તમારી થકી શું ભમિયે ભમાવ્યા;
જેની ન હોય મતિ નિશ્ચળ મોહ પામે,
જ્યાં વજ્ર તુલ્ય અવની તરુ ત્યાં ન જામે. ૬૮
છુંટે ન ભાત પડિ તે કદિયે પટોળે,
જો અન્ય રંગ રસમાં બહુ દિન બોળે;

૧. શંકર

ઊગે ન સૂર્ય કદિ આથમણી દિશાયે,
બુદ્ધિ અમારી નહિ નિશ્ચયથી ડગાયે. ૬૯
કીધી અમારી હરિ આજ તમે પરીક્ષા.
જાણી અમે તરત જેથી તમારી દીક્ષા;
આપો તથાપિ વર તે મુખ માગિ લૈયે,
માનુષ્ય ભાવ થકિ મોહિત તો ન થૈયે. ૭૦

**ચોપાઈ :**

સુણી રીઝિયા સુંદરશ્યામ, હસી બોલિયા ધર્મના ધામ;
ધર્મવંત તમે ધન્ય ધન્ય, દઢ નિશ્ચયવાળા અનન્ય. ૭૧
કરી એવાં વિશેષ વખાણ, પ્રભુએ કર્યું ત્યાંથી પ્રમાણ;
સર્વે સંત સહિ તે ટાણે, હરિકૃષ્ણ ગયા કરિયાણે. ૭૨
તહાં કાઠી કાળા મકવાણો, પ્રભુનો મહાભક્ત પ્રમાણો;
ઘનશ્યામ રહ્યા તેને ઘેર, મનમાં ધરીને ઘણી મેહેર. ૭૩
દેહો ખાચર ત્યાં કરે રાજ, સ્નેહે તેણે સેવ્યા મહારાજ;
તેનો પાવન છે પરિવાર; તેનાં નામ સુણાવું આ ઠાર. ૭૪
ઓઢો ઉનડ લુણો ને રાણો, ભોજ પાંચમો પુત્ર પ્રમાણો;
સૌએ શ્રીહરિની સજી સેવા, મોટો લાભ અલૌકિક લેવા. ૭૫
એવામાં ખંડણી ઉઘરાવા, આવી ફોજ તે યુદ્ધ મચાવા;
દેહો ખાચર કૃષ્ણને કહે, હવે લાજ અમારી ન રહે. ૭૬
નથી નાણું પ્રભુ અમ પાસે, ફોજ લીધા વિના કેમ જાશે;
હોય આપણા ઝાઝા સિપાઈ, ફોજ સાથે તો કરીએ લડાઈ. ૭૭
ફોજ આવ્યાથી ગામ લુંટાશે, કૈંકને પકડી લઈ જાશે;
નાણું આપશું તેહને જ્યારે, છોડી મૂકશે માણસ ત્યારે. ૭૮
માટે આંહિથી ઉચાળા ભરીએ, છાના કોઈ સ્થળે થઈ ઠરીએ;
મટશે જ્યારે ફોજનો ત્રાસ, પાછા આવીને કરશું નિવાસ. ૭૯
કાં તો સામા થઈ યુદ્ધ કરશું, તેને મારશું કે કાં તો મરશું;
મોટો આવ્યો છે આપતકાળ, કહો શું કરું દીનદયાળ. ૮૦
કહે કૃષ્ણ હું પુછું છું તમને, કહોજી કેવા જાણો છો અમને;
દેહો ભક્ત બોલ્યા જોડી હાથ, જાણું છું તમને જગનાથ. ૮૧

તમે કોટીક બ્રહ્માંડકાર, વળી પળમાં પ્રલે કરનાર;
કહે કૃષ્ણ એવો મને જાણો, ત્યારે દઢ મન વિશ્વાસ આણો. ૮૨
તમે ધૈર્ય રુદે ધરો રાય, તમને કશુંએ નહીં થાય;
સુણી રાજાએ ધીરજ ધરી, શ્યામે એવે સમે સભા ભરી. ૮૩
જાણી વાત સુબે ફોજ માંહી, છેય સ્વામિનારાયણ આંહી;
તેથી ધાર્યું તેણે નિજ મન, મળશે આંહિથી બહુ ધન. ૮૪
કેટલા જન છે સ્વામી પાસ, જોવાને મોકલ્યા બેય દાસ;
સભા પાસે આવી ઊભા રહ્યા, જોઈ પાછા સુબા પાસે ગયા. ૮૫
જઈને એવા કહ્યા સમાચાર, શસ્ત્રધારી તો છે દશ બાર;
કહે સૂબો ગામ પર પડશું, સ્વામિનારાયણને પકડશું. ૮૬
પૈસા આપશે પુષ્કળ જ્યારે, તેને તો છોડી મુકશું ત્યારે;
દેહો ખાચર થર થર કાંપે, પણ શ્રીહરિ ધીરજ આપે. ૮૭
કહે શ્રીજી તમારા કુમાર, બીજા જે હોય બડકમદાર[1];
તેહ સર્વને શસ્ત્ર ધરાવો, અમ આગળ આ ઘડી લાવો. ૮૮
આવ્યા તે સહુ તૈયાર થૈને, તરવાર ને બંદુકો લૈને;
પ્રભુ પાસે હતા જેહ પાળા, આવ્યા તે પણ બંદૂકોવાળા. ૮૯
પ્રભુ તે સહુને સંગ લૈને, કાળુભાર નદીતટ જૈને;
પંચપીરની જગ્યા છે જ્યાંય, ઊભા રાખ્યા તે સર્વને ત્યાંય. ૯૦
કર્યા બંદૂક કેરા બહાર, એ તો એકના ભાસે અપાર;
કાળુભારને સામે કિનારે, ચડીને આવ્યું લશ્કર જ્યારે. ૯૧
તેણે શ્રીજીના બડકમદાર, પેખ્યા પૂરા પચાસ હજાર;
તેથી જાણ્યું નહીં જ જીતાય, ખાલી માણસનાં મોત થાય. ૯૨
ધનની તજી આશા તમામ, ગયા પાંશરા કોટડે ગામ;
સૂબે પીઠાવાળા પાસે જૈને, પૂછી જોયું તે વિસ્મિત થૈને. ૯૩
સ્વામિ પાસે તો બડકમદાર, અમે પેખ્યા પચાસ હજાર;
એટલા એણે રાખ્યા છે ક્યારે, પીઠોવાળો બોલ્યા પછી ત્યારે. ૯૪
સ્વામી પાસે પાળા દશબાર, અમે દીઠા છે બડકમદાર;
એ છે સ્વામિ પોતે ભગવાન, સર્વ સામર્થ્યના છે નિધાન[2]. ૯૫

૧. બંદૂક,નિશાન તાકવામાં હોંશિયાર ૨. ખજાનો

એ જ સ્વામીના ભ્રૃકુટી વિલાસે, કોટિ બ્રહ્માંડ ઊપજે ને નાસે;
સુબો તે સુણિ વિસ્મિત થયો, ફોજ લૈ અમરેલિયે ગયો. ૯૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પુનિત ચરિત એ રિતે ફરીને, કૃત કરિયાણા વિષે સ્થિતિ કરીને;
શ્રુતિ ધરિ સુણશે જિભ્ભેથી ગાશે, નકિ નરનારિ કૃતાર્થ તેહ થાશે. ૯૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે સોરઠદેશે શ્રીહરિ-વિચરણનામૈકોનચત્વારિંશો વિશ્રામઃ ॥૩૯॥*

**પૂર્વછાયો :**

ગોવિંદજી ગઢપુર ગયા, કારિયાણીથી કરુણાનાથ;
દયાળુનાં દર્શન કરી, હૈયે હરખ્યો હરિજન સાથ. ૧
દર્શન કરવા આવીયા, એવે અવસરે ભાઈ રામદાસ;
મુક્તાનંદ મંડળ લઈ, આવ્યા ત્યાં પરમેશ્વર પાસ. ૨

**ચોપાઈ :**

દીનબંધુનું દર્શન કીધું, રૂપ અંતરમાં ધરી લીધું;
શ્રીજીને નિરખી સુખ થાય, તે તો જીભે વરણવ્યું ન જાય. ૩
એવા માંહિ અભય નૃપ જેહ, તજ્યો તેણે તો ભૌતિક દેહ;
છાયાં આકાશે દેવવિમાન, ગાય ગાંધર્વ હરિગુણગાન. ૪
વાજે દેવનાં વાજાં અપાર, થાય જય જયકાર ઉચ્ચાર;
ગયા એમ તે અક્ષરધામ, થયું તેનું તો ઈચ્છિત કામ. ૫
પછી તેની દેહોત્તર વીધી, દાદા ખાચરે તે બધી કીધી;
હતું ઘી રુપૈએ સવાશેર, તોય પકવાન કીધાં સુપેર. ૬
જમ્યા કાઠીનું જે ઘરે નામ, જમ્યા જાચક લોક તમામ;
જમ્યા શ્રીજી તથા જમ્યા સંત, તોય અન્નનો આવ્યો ન અંત. ૭
ભૂપપત્ની સતી સુરબાઈ, મહામુક્ત દીસે બહુ ડાઈ;
બોલ્યાં શ્રીહરિ પાસ વચન, મેં તો અર્પ્યાં છે તન મન ધન. ૮

માટે રાજ્ય આ આપ સંભાળો, પુત્ર ઉત્તમને તમે પાળો;
તેની રાખજો બહુ બરદાસ, તેને જાણીને દાસનો દાસ. ૯
કહે શ્રીજી સારું સર્વ થાશે, કીર્તિમાન આ કુંવર ગણાશે;
પછી પ્રભુએ વિચારીને ઉરમાં, સંત મોકલ્યા જેતલપુરમાં. ૧૦
નિત્યાનંદ મા'નુભાવાનંદ, ગયા ત્યાં સંતનાં લઈ વૃંદ;
મુક્તાનંદને તો ચરોત્તરમાં, મોકલ્યા વળી તે અવસરમાં. ૧૧
ભૂપ મછિયાવના દાજીભાઈ, તેના પંડમાં પીડા જણાઈ;
માટે સંત સકળને તેડાવ્યા, તેથી મછિયાવમાં સહુ આવ્યા. ૧૨
આપે ભોજન નૃપ ભાત ભાત, વળી સાંભળે જ્ઞાનની વાત;
એને અંત સમય થયો જ્યારે, થયાં શ્રીજીનાં દર્શન ત્યારે. ૧૩

**શાર્દૂલવિક્રીડિત :**

આવે અંતસમો સુભક્ત જનને સંતો સમીપે રહે,
કોઈ કીર્તન ગાય થાય સુમતી વાર્તા પ્રભુની કહે;
પ્રીતી દેહ સુગેહ માંહિ ન રહે વૃત્તી પ્રભુમાં ઠરે,
એવાનું અતિ ધન્ય ધન્ય મરવું સદ્ધામમાં સંચરે. ૧૪
આવે અંતસમે ઉદાસ કરવા સ્વાર્થી સગાં સૌ મળી,
પાડે આંસુ સમીપ આવિ પતની સંતાન સાથે વળી;
તે દેખી તનવાસના અતિ વધે ક્યાં કષ્ટનો પાર છે,
એવું અંતસમે મુંઝાઈ મરવું ધિક્કાર ધિક્કાર છે. ૧૫

**ચોપાઈ :**

દાજીભાઈ સિધાવ્યા સુધામ, ઘણા લોકે દીઠા તેહ ઠામ;
દીઠાં આવેલાં દિવ્ય વિમાન, ભાળ્યા આવેલા શ્રીભગવાન. ૧૬
ભૂપના બાપુભાઈ કુમાર, દેહોત્તરક્રિયા કીધી તે ઠાર;
હતી તો અતિશે મોંઘવારી, તોય દિલમાં ઉદારતા ધારી. ૧૭
પડાવ્યાં વિધ વિધ પકવાન, આપ્યું સર્વને ભોજન પાન;
સંતોને પણ દીધી રસોઈ, જમ્યા વગર રહ્યું નહિ કોઈ. ૧૮
પછી શ્રીજીના દર્શન કાજ, ગઢપુર ગયો સંતસમાજ;
નિત્ય શ્રીપરમેશ્વર પાસ, જ્ઞાનવાર્તાનો થાય વિલાસ. ૧૯

એક અવસરે દરબારમાંય, બેઠા શ્યામ સભા ભરી ત્યાંય;
ઘણા બેઠા ગૃહસ્થ ને સંત, તેમાં શોભે ભલા ભગવંત. ૨૦
તે સમે શ્રીમુખે સાક્ષાત, કહી નારીના ગુણ તણી વાત;
ગૃહસ્થાશ્રમી સાંભળો દાસ, તજો સ્ત્રીનો વિશેષ વિશ્વાસ. ૨૧

**સ્ત્રીના સ્વભાવ વિષે : ઉપજાતિ :**

જો ધર્મવાળી બહુ ડાહિ હોય, સ્વભાવથી ભામિની ભોળિ તોય;
તેણે કહ્યું તેમ જ કામ કીધું, તે પુરુષોએ બહુ દુઃખ લીધું. ૨૨
ભલે પતિના કદિ પ્રાણ જાય, ભોળિ વિચારે નહિ ચિત્તમાંય;
કૈકયિ કાજે તજી પુત્ર જાણ[1], ખોયા અયોધ્યાપતિ આપ પ્રાણ. ૨૩
ઘણો લિધો હઠ્ઠ સિતા સતીએ, માર્યો જઈને મૃગલો પતિએ;
કેવું પડ્યું કષ્ટ જુઓ વિચારી, ન કીજિએ જેમ કહે જ નારી. ૨૪
ક્યારેક તો કારણ લૈ લગાર, કંકાસ તો નારી કરે અપાર;
જો ફૂલડાં કારણ સત્યભામા, કહ્યા કુશબ્દો નિજ કંથ સામા. ૨૫
નારી નદી ભાગિરથી સમાન, સદૈવ વાંકી વિચરે નિદાન;
પ્રવાહમાં પર્વત ઝાડ આવે, તો મૂળ તોડી સ્થળ તે તજાવે. ૨૬
સુપત્નિ કે હોય સુજાણ માતા, જો હોય તે સારી સલાહ દાતા;
તથાપિ તે કામ વિચારી કીજે, તેના કહ્યાથી જ નહીં કરીજે. ૨૭
સ્ત્રીને ઘણું માન કદી ન દીજે, પાત્ર પ્રમાણે સનમાન કીજે;
પાશેરનું પાત્ર કદી જણાય, તે માંહિ વસ્તુ મણ કેમ માય. ૨૮
ભોળી સ્ત્રિયો તે ઠગથી ઠગાય, ભૂતાદિના તે ભ્રમમાં ભમાય;
મોટો મહિમા પ્રભુનો ન જાણે, ધૂર્તો વિષે સત્ય પ્રતીત આણે. ૨૯
જે રાખવી હોય જ છાની વાત, તે નારી પાસે કરશો ન ભ્રાત;
જો ગુપ્ત ફૂંકે શરણાઈ કોય, પ્રસિદ્ધ આખા પુર માંહિ હોય. ૩૦
બલિષ્ઠ તો જ્યાં અબળા જણાય, મંત્રી ભણેલો નહિ બાળ રાય;
ત્યાં દ્રવ્યની પ્રાપ્તિ તણી શી આશા, જહાં દિસે દુર્લભ જીવિતાશા. ૩૧
પાષાણની ચિત્રની નારી હોય, ત્યાગી ન તેને નિરખે જ તોય;
સ્પર્શ થકી ત્યાગ વિનાશ થાય, ત્યાગી જનો દૂર રહો સદાય. ૩૨

૧. સમજુ,જ્ઞાની

ચોપાઈ :

સુંણી બોલિયા વ્યાપકાનંદ, સુણો શ્રીહરિ વૃષકુળચંદ;
ચિત્રની કે પાષાણની નારી, એ તો નિર્જીવ શું કરનારી. ૩૩
એને જોતાં કે સ્પર્શતાં એમ, બ્રહ્મચર્ય ભાગે કહો કેમ;
સુણી બોલ્યા શ્રીજીમહારાજ, એનો ઉત્તર નહિ દૈયે આજ. ૩૪
હમણાં તો તમે જાઓ ફરવા, દૈવી જીવને ઉપદેશ કરવા;
વ્યાપકાનંદ ત્યાંથી સિધાવ્યા, ફરતા થાનગઢ પાસે આવ્યા. ૩૫
ત્યાં છે વાસંગી નાગનું ધામ, રાત વાસો રહ્યા તેમ ઠામ;
હતી ઘૂમટમાં ચિતરેલી, ઘણી પૂતળિયો અલબેલી. ૩૬
વ્યાપકાનંદે જોઈ નિહાળી, ભૂલ્યા ભાન એનું રૂપ ભાળી;
સર્વ હોય સજીવન જેમ, નાચવા લાગી તે સમે તેમ. ૩૭
વ્યાપકાનંદ તો અકળાયા, જાણી ચિત્રની સ્ત્રી પણ માયા;
પછી શ્રીહરિનું ધરી ધ્યાન, કરી પ્રારથના તેહ સ્થાન. ૩૮
ત્યારે ચિત્ર તે ચિત્ર જ થયાં, તેની દૃષ્ટિ થકી દૂર ગયાં;
ફરી આવિયા ગઢપુર જયારે, લાગ્યા શ્રીહરિને પગે ત્યારે. ૩૯
બોલ્યા ગદગદ કંઠેથી વાણી, આપની વાત મેં સત્ય જાણી;
ચિત્રમાં પણ ચિત્રેલી નારી, ત્યાગીને તો વિઘન કરનારી. ૪૦
કહે વર્ણિ સુણો મહીપાળ, રહ્યા ગઢપુર માંહિ કૃપાળ;
પંચમી ત્યાં વસંતની આવી, હરિભક્ત તણે મન ભાવી. ૪૧
દેશદેશના હરિજન આવ્યા, ભેટ નાના પ્રકારની લાવ્યા;
અતિ હરખથી ઉત્સવ કર્યો, પછી સંઘ સ્વદેશ વિચર્યો. ૪૨
કહે સંતોને શ્રીવૃષલાલ, ફૂલદોલ થશે વરતાલ;
માટે આગળથી જાઓ તમે, પછી પાછળ આવશું અમે. ૪૩
ત્યારે સંત સરવ તો સિધાવ્યા, જ્યારે ઉત્સવના દિન આવ્યા;
કરી હરિએ જવાની તૈયારી; પણ રાખ્યા ઉત્તમનૃપે વારી. ૪૪
અસાધારણ ભૂપનો પ્રેમ,એનું થાય ઉલ્લંઘન કેમ;
કર્યો દુર્ગપુરે ફૂલદોલ, સૌને આનંદ ઊપજ્યો અતોલ. ૪૫
પછી પરવરિયા જનપાલ, વદી છઠચે આવ્યા વરતાલ.
પગી જોબનપગી મેડી જ્યાંય, ઉતર્યા જગજીવન ત્યાંય. ૪૬

દેશદેશથી આવિયા દાસ, એકે ખાલી રહ્યો નહિ વાસ;
ભાત ભાતના રંગ રચાવી, રંગસાતમે ધૂમ મચાવી. ૪૭
પગી જોબનની બારીમાંય, બહુનામી બિરાજીને ત્યાંય;
રંગ ખેલ કર્યો સખા સંગે, પછી નાવાને ચાલ્યા ઉમંગે. ૪૮
પગી સુંદરનો કુવો જ્યાંય, વિચર્યા વૃષનંદન ત્યાંય;
નાહ્યા થાળામાં બેસીને નાથ, ગાય કીર્તન મુનિજન સાથ. ૪૯
કૃપાનાથે કોરાં વસ્ત્ર ધાર્યાં, રંગવાળાં થાળામાં ઉતાર્યાં;
હરિભક્તોએ થાળાનું પાણી, નાખ્યું કૂપમાં પ્રસાદી જાણી. ૫૦
પછી આવિયા શ્યામ ઉતારે, જમ્યા સંત જમ્યા હરિ જ્યારે;
કહે વર્ણી સુણો રૂડા રાય, જ્ઞાનબાગ જે આ કહેવાય. ૫૧
આંહિ રાયણથી પૂર્વ ભાગે, હતો આંબો જોતાં ભલો લાગે;
બાંધ્યો હિંડોળો ત્યાં મળી સંતે, અંગીકાર કર્યો ભગવંતે. ૫૨
ઝૂલ્યા તેમાં બેસી ભગવાન, કર્યું સંતે વાજિંત્રમાં ગાન;
એમ ઉત્સવ પૂરણ કીધો, સંતે લાવ અલૌકિક લીધો. ૫૩
પછી સંતોને મોકલ્યા ફરવા, દેશદેશમાં ઉપદેશ કરવા;
મુક્તાનંદાદિ શ્રેષ્ઠ મુરત[૧], મોકલી ધર્મપુર સુરત. ૫૪
બામણોલીને નરસંડા ગામ, તહાં જૈ આવ્યા સુંદરશ્યામ;
વરતાલથી વાલો વિચરિયા, ગઢપુર જઈને સ્થિર ઠરિયા. ૫૫
હરિનવમી તણો દિન આવ્યો, ત્યારે ઉત્સવ સારો કરાવ્યો;
પછી અક્ષયતૃતીયા આવી, તે તો ભક્તોએ સારી ભજાવી. ૫૬
દેશદેશથી આવિયા દાસ, સર્વ સંત આવ્યા પ્રભુ પાસ;
સમૈયો તે થયો ઘણો સારો, નહીં કોઈને વીસરનારો. ૫૭
ચરોતરના હતા હરિજન, થયા કાઠિયો જોઈ પ્રસન્ન;
દાદા ખાચર ખાચર જીવા, મળ્યા મોટા મોટા કુળદીવા. ૫૮
કર્યો સૌએ વિચાર ત્યાં એવો, આપણા દેશનો કાંઈ મેવો;
ગુજરાતી જનોને અપાય, વસ્તુ આપણી તે વખણાય. ૫૯
પછી ચોખામું[૨] દહીં મેળવાવ્યું, ઘણી જુક્તિથી સારું જમાવ્યું;
જેનાં ચોસલાં છરિયે કપાય, એને બરફીની ઉપમા અપાય. ૬૦

૧. સાધુના મંડળ માટે શબ્દ વપરાય છે ૨. ચોખ્ખુ, શુદ્ધ

દૂધ ભેંસોનું પણ બહુ સારું, કાઠિયાવાડમાં જ થનારું;
વળી ઘી પણ ભેંસોનું એવું, વસ્ત્ર માંહિ લેવાય જો લેવું. ૬૧
ગોળ સોનાનું ઢીમ ગણાય, કાઠીયાવાડમાં એવો થાય;
લઈને સારો રસકસ એવો, કહ્યું લ્યો કાઠિયાવાડી મેવો. ૬૨
ગુજરાતના ભક્તોને દીધો, ભાવ ભાળીને ભક્તોએ લીધો;
સર્વ વસ્તુનાં કીધાં વખાણ, કહ્યું આ તો અમૂલ્ય પ્રમાણ. ૬૩
ગુજરાતીએ કીધો વિચાર, કેરી ટાણું આવ્યું નિરધાર;
માટે કાઠીયો શ્રીહરિસંગે,ગુજરાતમાં આવે ઉમંગે. ૬૪
કેરિયો તો જમાડિયે ટાણે, ગુજરાતનો મેવો વખાણે;
પછી તે ગુજરાતના જન, બોલ્યા શ્રીહરિ પાસ વચન. ૬૫
અહો નાથ કૃપાના નિધાન, ભક્તિપુત્ર સુણો ભગવાન;
સારા કાઠિયોને લઈ સાથ, વરતાલ ચાલો મુનિનાથ. ૬૬
કેરી ટાણું આવે છે કૃપાળ, જમો કેરીયો આવી રસાળ;
સતસંગી સગા એ જ સાચા, બીજા સ્વારથિયા સગા કાચા. ૬૭
આવે સાચા સગા ઘેર જ્યારે, અમે આનંદ પામિયે ત્યારે;
ગુજરાતમાં કેરિયો થાય, તે તો અમૃત તુલ્ય ગણાય. ૬૮
જમો તમે ને દાસ તમારા, થાય સાર્થક આંબા અમારા;
ચાલો કેરિ જમાડિયે સારી, કરો પૂર્ણ તે ઈચ્છા અમારી. ૬૯
સુણી બોલિયા શ્રીમહારાજ, જાઓ આવશું લૈને સમાજ;
કહી એમ વિદાય તે કર્યા, પ્રભુ તે પછીથી પરવર્યા. ૭૦
દાદો જીવો ને ખાચર સૂરો, સોમલો વસતો પ્રેમી પૂરો;
દેહો ખાચર ને નાગમાલો, અલૈયો પ્રભુને અતિ વા'લો. ૭૧
મોકો ખાચર મુળુ હમીર, વળી માણશિયો શૂરવીર;
જીવો ખાચર સારંગપુરના, એ તો દાસ હરિની હજુરના. ૭૨
ભક્ત મામૈયો પટગર જેવા, રામપટગર તે પણ તેવા;
ભક્ત માતરો ધાધલ નામ, જેનું મન હરિમાં આઠે જામ. ૭૩
એહ આદિક કાઠીનો સાથ, સાથે લૈને ચાલ્યા મુનિનાથ;
સાથે ગરાશિયા હઠીભાઈ, ઝીણાભાઈ તથા કાકાભાઈ. ૭૪

ગઢપુરના બીજા હરીજન, સાથે લીધા જેનું દીઠું મન;
લીધા પાર્ષદ ને લીધા સંત, ચાલ્યા ગઢપુરથી ભગવંત. ૭૫
ઉમરેઠના સત્સંગી તણી, તેડાવાની હતી તાણ ઘણી;
માટે પાંશરો[૧] પંથ તપાસી, ઉમરેઠ ગયા અવિનાશી. ૭૬
સામા આવિયા હરિજન સર્વ, જેવું દિસે દિવાળીનું પર્વ;
એ થકી પણ હર્ષ અતિશે, પ્રભુદર્શનથી દિલે દિસે. ૭૭
પ્રભુને કર્યા દંડપ્રણામ, નાથે બોલાવિયા લઈ નામ;
સર્વ સંતને લાગિયા પાય, ભેટી કાઠિયોને હરખાય. ૭૮
ભલે આવ્યા તમે એમ કહે, ચિત્ત માંહિ પરસ્પર ચહે;
વાજતે ગાજતે ગામમાંય, પધરાવ્યા મહાપ્રભુ ત્યાંય. ૭૯
જાગનાથમાં આપ્યો ઉતારો, જોતાં સર્વને લાગ્યો તે સારો;
ખાનપાન અને ચંદી ઘાસ, આવી કીધી બહુ બરદાસ. ૮૦
થાય કૃષ્ણકથાનો કલ્લોલ, છુટે જ્ઞાન વૈરાગયની છોળ;
સુણી શ્રોતાના સંશય જાય, દૈવી જન આવી આશ્રિત થાય. ૮૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણિ હરિમુખની સુમિષ્ટ વાણી, અમૃત સમાન ગણે સુપાત્ર જાણી;
ખલ જન મન માંહિ ઝાળ લાગે, ભર વન માંહિ દાવાગ્નિ જેમ જાગે. ૮૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિદુર્ગપુરાત્ ઉમરેઠવિચરણનામ ચત્વારિંશો વિશ્રામઃ ॥૪૦॥*

**પૂર્વછાયો :**

અવિનાશી ઉમરેઠમાં, રહી લીલા કરે રૂડી રીત;
જે જોઈને ઉપર ઊપજે, અતિ પ્રેમી જનને પ્રીત. ૧

**ચોપાઈ :**

નંદુભાઈએ પોતાને ઘેર, પરમેશ્વરને રુડી પેર;
તેડ્યા જમવાને સંઘ સહિત, મનમાં ધરી પૂરણ પ્રીત. ૨

૧. સીધો કે ટૂંકો રસ્તો

કેરિયો અતિ ઉત્તમ લાવ્યા, રસ લૂગડે ગાળી કઢાવ્યા;
ધૃત સાકર ભેળવ્યાં તેમાં, રાખી કાંઈ કસર નહિ એમાં. ૩
પડસૂલીની[1] પોળી[2] કરાવી, ભલા વાસણમાં તે ભરાવી;
કર્યા કારેલાં આદિક શાક, ભજિયાં રાઈતાં તે અથાક. ૪
વડાં પાપડ મઠિયાં તળાવ્યાં, અથાણાં તો અનેક રખાવ્યાં;
ગોટલા ધોઈ કીધો ફજેતો, કઢી થઈ અતિ સ્વાદિષ્ટ એ તો. ૫
તજ સૂંઠ ઈલાયચી વાળો, નાંખ્યો ઉત્તમ એમાં મસાલો;
પછી જીવન જમવાને આવ્યા, પાટલા ઉપર પધરાવ્યા. ૬
નંદુભાઈએ ત્યાં ધર્યો થાળ, બેઠા જમવાને દીનદયાળ;
જમતાં ત્યાં તો પરસેવો થાય, નંદુભાઈ પંખે ઢોળે વાય. ૭
નિજ જન મનરજંન કાજ, વખાણે રસને મહારાજ;
જમીને મુખમંજન કીધું, પછી તાંબૂલ[3] મુખ માંહિ લીધું. ૮
પછી જમવાને બેઠા તે સંત, બેઠા પાર્ષદ કાઠી ધીમંત;
પ્રભુ પીરસે છે ધરી પ્રેમ, કાંઈ ખામી રહે પછી કેમ. ૯
કાઠીયો પાસે મુકેલા પડિયા, જમતાં જાય તે રડવડિયા;
કાઠીયોને તે જમતાં ન ફાવે, તે તો તાંસળાં મોટાં મગાવે. ૧૦
રસિયા જમે છે રસ પોળી, ધૃતસાકરમાં ઝબકોળી;
કોઈને ભજિયાં ભલાં ભાવે, કોઈ તો રસને જ શિરાવે. ૧૧
કોઈ તો મુખે તાંસળી માંડી, રસ ખૂબ પીવે શર્મ છાંડી;
જમતાં રસને તે વખાણે, એનું નામ જ અમૃત જાણે. ૧૨
કોઈ તો પોળિયો બહુ જમે, કોઈને મઠીયાં મન ગમે;
ભાવે કોઈને તો કઢી ભાત, અથાણાથી કોઈ રળિયાત. ૧૩
બોલી કાઠીની બોલી જણાવે, હસે પોતે બીજાને હસાવે;
કોઈને રસ મુંછે દેખાય, કોઈને છાંટા પડતા જણાય. ૧૪
શોભે ગોપનું મંડળ જેમ, કાઠીમંડળ શોભે છે તેમ;
પીરસે છે પ્રભુ કરી તાણ, કરે ઝાઝુ જમે તો વખાણ. ૧૫
જમીને તેહ ઊઠિયા સહુ, ઉર આનંદ પામિયા બહું;
નંદુભાઈની મેડીની બારી, જે છે પૂર્વમુખે ઘણી સારી. ૧૬

૧. મેંદો, ઘઉં પલાળીને બનાવેલ લોટ ૨. ગળી રોટલી, પૂરણપોળી ૩. પાનબીડું

બેઠા આસને ત્યાં બળવંત, સામા બેઠા ગૃહસ્થને સંત;
નંદુભાઈએ પૂજન કીધું, પગ ધોઈ પાદોદક પીધું. ૧૭
ધર્યું ચંદન પુષ્પના હાર, વસ્ત્ર ભૂષણ અર્પ્યા અપાર;
ધૂપ દીપ ને નૈવેદ્ય ધારી, આરતિ અતિ હેતે ઉતારી. ૧૮
પછી સંતનું પૂજન કરી, ચાદરો અંગે એહને ધરી;
કર્યા પ્રેમથી દંડપ્રણામ, રુદે રીઝીયા શ્રીઘનશ્યામ. ૧૯
કૃપાદષ્ટિ કરીને કૃપાળ, નંદુભાઈને કીધા નિહાલ;
આવ્યા ઉતારે શ્રીમહારાજ, સાથે લૈને પોતાનો સમાજ. ૨૦
નરભેરામભાઈને ઘેર, બીજે દિવસ જમ્યા આવી પેર;
રસ રોટલી ત્યાં પણ હતી, રહ્યા પીરસવા મુનિપતી. ૨૧
તેની ખડકીના મેડા ઉપર, પછી પોઢી રહ્યા હરિવર;
ફળિયામાં છે છોબંધ[1] ઓટો, બહુ બેસવા લાયક મોટો. ૨૨
સાંજે ત્યાં બિરાજ્યા ઘનશ્યામ, કરી આરતી ધૂન્ય તે ઠામ;
પછી ઉતારે જૈ અવિનાશ, કર્યો રાત્રિએ ત્યાં જ નિવાસ. ૨૩
નિત્ય આનંદઉત્સવ થાય, તે ઉમંગ વરણવ્યો ન જાય;
હરિભક્ત પોતાનાં ભુવન, પ્રભુપદથી કરાવે પાવન. ૨૪
જેણે સેવિયા શ્રીઘનશ્યામ, કહું સાંભળો તેહનાં નામ;
મલ્લિકાર્જુન ને ગંગાદત્ત, વિષ્ણુદત્ત જાણે પ્રભુ સત્ય. ૨૫
દવે મકનજી શુભરાય, દવે ઈશ્વરજી કહેવાય;
દવે જગા માણેકજી નામ, ઘણી ભક્તિ કરે ઘેલારામ. ૨૬
શુકલ લક્ષ્મીદત્તજી એવા, કૃપારામ દયારામ તેવા;
કૃપાશંકર શુક્લ છે સારા, હરિભાઈ પંડ્યા હરિપ્યારા. ૨૭
ભટ જેભાઈ ને લીલાધર, નંદલાલ ભજે હરિવર;
વિશ્વનાથ પંડ્યા કહેવાય, વજેરામજી વ્યાસ ગણાય. ૨૮
જેની ઠાકર છે અવટંક, ભક્ત કેશવજી છે નિઃશંક;
બીજા ઠાકર ગોવિંદરામ, દવે ભાઈશંકર શુભ નામ. ૨૯
નંદલાલ નામે જોશી જેહ, જજ્ઞો જેતલપુર હતા તેહ;
જજ્ઞો જેતલપુર ને ડભાણ, હતા દવે કુબેર સુજાણ. ૩૦

૧. ઈંટ,પથ્થર કે ચૂનાથી બનાવેલ

પ્રભાશંકર વિપ્ર પવિત્ર, કાશીરામની ભક્તિ વિચિત્ર;
તેના પુત્ર રુડા રણછોડ, કરે કૃષ્ણભજન ધરી કોડ. ૩૧
નથુભાઈ પ્રમુખ બહુ વિપ્ર, પ્રભુ આગળ આવિયા ક્ષિપ્ર;
ભલા પટેલ તો વાલાભાઈ, ગંગામાતને અમૃતબાઈ. ૩૨
નાથબાઈ નામે બાઈ બેય, હરિભક્ત અનન્ય તે છેય;
ઘેલાભાઈની સ્ત્રી નાથબાઈ, એણે એક સમે હરખાઈ. ૩૩
ઉમરેઠથી કેરિયો લૈને, જમાડ્યા હરિ ગઢપુર જૈને;
એહ આદિક બાઈ ને ભાઈ, સૌએ સેવ્યા પ્રભુ સુખદાઈ. ૩૪
સુખ લીધું અલૌકિક એવું, ભવ બ્રહ્માને નવ મળે તેવું;
એવામાં કોઈ કૃષ્ણના દાસે, ગાયું કીર્તન શ્રીહરિ પાસે. ૩૫
કોઈ મોટાપુરુષ જે થયેલા, તેણે શબ્દ ભવિષ્ય કહેલા;
કળિમાં પ્રભુ અવતાર લેશે, તે તો કાંકરિએ ડેરા દેશે. ૩૬
જુનાગઢ માંહિ કરશે મુકામ, વળી વિચરશે ડાકોર ધામ;
એવું કીર્તન સાંભળ્યું શ્યામે, ત્યારે બોલ્યા પ્રભુ એહ ઠામે. ૩૭
હરિભક્તો ચાલો અમ સંગે, જૈએ ડાકોર ધામ ઉમંગે;
નંદુભાઈ તથા નંદરામ, મલ્લિકાર્જુન નરભેરામ. ૩૮
ઘેલાભાઈ આદિક હરિજન, સાથે લૈ ચાલ્યા જગજીવન;
થયા માણકીએ અસવાર, સાથે કાઠિયો પણ શસ્ત્રધાર. ૩૯
સારા શાસ્ત્રી પુરાણીયો સંત, બીજા સંત ને વર્ણિ અનંત;
ગયા ડાકોરે દીનદયાળ, જોયું દેવનું નામ વિશાળ. ૪૦
નેણે નિરખિયા રણછોડરાય, પછી બેઠા તે મંડપમાંય;
આવ્યા સ્વામિનારાયણ જાણી, વિપ્ર આવિયા શાસ્ત્રી પુરાણી. ૪૧
મતવાદી આવ્યા વાદ કરવા, લાગ્યા પ્રશ્ન અનેક ઉચરવા;
કૃષ્ણે સર્વના ઉત્તર આપ્યા, શાસ્ત્રઆધારે સંશય કાપ્યા. ૪૨
પુછયા શ્રીહરીએ પ્રશ્ન જેહ, નવ દૈ શક્યા ઉત્તર તેહ;
હતા દૈવી તે આશ્રિત થયા, આસુરી જન એવા જ રહ્યા. ૪૩
જાણ્યા કોઈએ શ્રીઅવિનાશ, કર્યો કોઈએ તો ઉપહાસ;
વિદવાનોને દક્ષિણાદાન, દૈને ચાલિયા શ્રીભગવાન. ૪૪

ઉમરેઠ થઈ વરતાલ, વેગે આવિયા શ્રીવૃષલાલ;
જઈ વાસણ સુતાર ઘેર, ઉતર્યા પ્રભુજી રુડી પેર. ૪૫
સંઘ ઉતર્યો પાદરમાંય, ઝાડની સારી શોભા છે જ્યાંય;
કેરીટાણું હરિજન જોઈ, રસપોળીની આપે રસોઈ. ૪૬
સગાવાલાને નોતેરે જેમ, કાઠિયોને જમાડિયા તેમ;
બીજા ગામના હરિજન આવે, ગાડાં કેરિયોનાં ભરી લાવે. ૪૭
નિત્ય નિત્ય કરે રસપોળી, વવરાય સાકર અણતોળી;
બામણોલી તખો પગી રહે, કર જોડી તે કૃષ્ણને કહે. ૪૮
ઘનશ્યામ આવો મુજ ગામ, મારા હૈડાની પૂરવા હામ;
ગયા ત્યાં હરિ કાઠી સહિત, રસપોળી જમ્યા રુડી રીત. ૪૯
જીંડવે પરે મહુડિયે પરે, નરસંડે પ્રભુ પરવરે;
સંજાયા ને વલાસણ ગામ, જોળ આદિક પણ બહુ ઠામ. ૫૦
હરિભક્તે હરિને તેડાવ્યા, રસપોળી ત્યાં જૈ જમી આવ્યા;
કેરિયો જમી કાઠી ધરાયા, હરિ સાથે રહી હરખાયા. ૫૧
કરે નિત્ય જ્ઞાનામૃત પાન, એકે સ્વાદ ન એહ સમાન;
નિત્ય પાસે દિસે પરમેશ, તેથી વીસારી મુક્યો સ્વદેશ. ૫૨
પ્રભુથી લાગી પ્રીતિ અપાર, તેથી વિસરિયાં ઘરબાર;
નિત્ય સંતસમાગમ થાય, સગાં સંબંધિને ન ચહાય. ૫૩
આવે ને જાય વિજળી જેમ, વહ્યા જાય દિવસ ઝટ તેમ;
રહે આનંદસિંધુમાં આપ, નવ લાગે ઉનાળાનો તાપ. ૫૪
મળે હરીજન હેતુ અપાર, તેથી વીસર્યો સુત પરિવાર;
થયો આમ્રરસોત્સવ એવો, કોટિ કલ્પે ન વીસરે તેવો. ૫૫
એવા ઉત્સવમાં થવા યુક્ત, ઈચ્છે અક્ષરધામના મુક્ત;
આપી કાઠિયોને સુખ ભારી, વરતાલથી વિચર્યા મુરારી. ૫૬
ક્યાંઈ ક્યાંઈક કરતા મુકામ, ગયા ગઢપુરમાં ઘનશ્યામ;
હરીભક્ત તણા મળી વ્રાત, રસઉત્સવની કરે વાત. ૫૭
એવી લીલા અનંત અપાર, કરે વાલોજી વારમવાર;
રસઉત્સવની કથા એહ, સુણશે કે સુણાવશે જેહ. ૫૮

એનું અંતર પાવન થાશે, પાપ પૂર્વનાં સંચિત જાશે;
જનને નિજની સ્મૃતિ થાય, કરે શ્રીહરિ એવી લિલાય. ૫૯
તેનો મર્મ મુનિજન જાણે, માટે એ લીલા ધ્યાનમાં આણે;
સ્નેહે સાંભળે ને સંભળાવે, અતિ ઉત્સાહ અંતરે લાવે. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પરમ પુનિત કૃષ્ણનાં ચરિત્ર, સુણિ સુણિને જન થાય છે પવિત્ર;
અહિપતિ મુખ ઉચ્ચરે સદાય, તદપિ ન તેહ કદાપિ તૃપ્ત થાય. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ચારુતરપ્રાંતેશ્રીહરિકૃત-આમ્રરસોત્સવનિરૂપણનામ એકચત્વારિંશો વિશ્રામઃ ॥૪૧॥*

**પૂર્વછાયો :**

ગોવિંદજી ગઢપુર વિષે, રહી લીલા કરે નવી નિત્ય;
જેથી સ્વજનના મન વિષે, પરિપૂરણ ઊપજે પ્રીત. ૧

**ચોપાઈ :**

હરિભક્તોના કાગળ આવે, અતિ તાણ કરીને તેડાવે;
એક વાર આવો પ્રભુ પ્યારા, કરો પૂર્ણ મનોરથ અમારા. ૨
એવા પ્રેમના વાંચીને પત્ર, વાલે ઈચ્છા કરી જવા તત્ર;
સંતમંડળને લઈ સાથ, વિચર્યા ગઢપુર થકી નાથ. ૩
પગલાં ઘણા ગામમાં કીધાં, જઈને દાસને દર્શન દીધાં;
ફરતાં ફરતાં બહુ ઠામ, જૈને વેજળકું જોયું ગામ. ૪
દયા દિલમાં ધરીને અપાર, ગયા જાખડે જગકરતાર;
ભક્તો આનંદ ઉર અતિ આણે, પૂરાં ભાગ્ય પોતાનાં પ્રમાણે. ૫
ત્યાંથી ધોલીએ શ્યામ સિધાવ્યા, આંબારેલીએ ત્યાં થકી આવ્યા;
ગામ કૌકા તણા હરિજન, આવ્યા ત્યાં કરવા દરશન. ૬
આવ્યો ધોળકાનો ત્યાં સમાજ, કૃષ્ણને ત્યાં તેડી જવા કાજ;
આંબારેલીથી નાથ સિધાવ્યા, બેય ગામના હરિજન આવ્યા. ૭
કહે કૌકાના જન જોડી હાથ, આજ કૌકે ચાલો પ્રાણનાથ;
કહે ધોળકાના તહે વાર, ચાલો ધોળકે ધર્મકુમાર. ૮

ત્યારે બોલિયા સુંદરશ્યામ, મુકૂં ઘોડીની છૂટી લગામ;
તેને જ્યાં ગમે ત્યાં ચાલી જાશે, અમોથી પણ ત્યાં જ જવાશે. ૯
છુટી મૂકી લગામ તે જ્યારે, ચાલી કૌકાને મારગે ત્યારે;
પ્રભુજી તેથી કૌકે પધાર્યા, હરિભક્તોના હરખ વધાર્યા. ૧૦
ગામ પશ્ચિમે લીંબડો સારો, કર્યો ત્યાં જઈ કૃષ્ણે ઉતારો;
હરિભક્તે સેવા સજી સારી, તેનાં નામ કહું છું સંભારી. ૧૧
હાજોભાઈ તથા જેઠીભાઈ, અલુભાઈ ત્યાં આવિયા ધાઈ;
આવ્યા બાદરજી બુદ્ધિમાન, ખોડાભાઈ આવ્યા તેહ સ્થાન. ૧૨
આવ્યા અસમાલજી ત્યાં ઉમંગે, મૂળુભાઈ ગગાભાઈ સંગે;
વનોભાઈ તથા ભાઈ હકો, તેનો સત્સંગ તો અતિ પક્કો. ૧૩
દીપસિંહજી ને ડાહ્યોભાઈ, દાજીભાઈની ભક્તિ સવાઈ;
અલુભાઈ ઝીણાભાઈ ગણીએ, ભક્ત કાંથડજી ભલા ભણિએ. ૧૪
ચાંદોભાઈ ને બેય હમીર, સત્સંગી ભલા શૂરવીર;
બીજા પરગામના હરિજન, આવ્યા બહુ કરવા દરશન. ૧૫
વીશ મણના ત્યાં લાડુ કરાવ્યા, કહું વિપ્ર તે કરવા જે આવ્યા;
ભગો જાની ને વલ્લભ જાની, એ તો ધર્મ પાળે સોળે આની. ૧૬
હરજીવન જેભાઈ પરોત[1], આવ્યા તે તો રાજારામ સોત;
મયારામ અને આશારામ, વળી બાપુજી નિર્મળ નામ. ૧૭
રસોઈ કરે તે સૌને ગમે, સંત ને હરિજન સહુ જમે;
વાલે બે દિન કીધો નિવાસ, હરિજનની પૂરી કરી આશ. ૧૮
પછી ત્યાંથી કરીને વિહાર, ગયા ધોળકે ધર્મકુમાર;
રહી ત્યાં એક દિવસ ને નીશ, ગયા જેતલપુર જગદીશ. ૧૯
હરિભક્ત જે આસજીભાઈ, એહ આદિક આવિયા ધાઈ;
વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા, પુરમાં પ્રીતથી પધરાવ્યા. ૨૦
રોજ રોજ રસોઈ અપાય, પધરામણી ઘેર ઘેર થાય;
કેટલાએક દિન તહાં રહ્યા, અશલાલીએ ત્યાં થકી ગયા. ૨૧
વેણીભાઈને મેડે નિવાસ, કર્યો જાણી તેને મુખ્ય દાસ;
બીજા ગોપાળજી ગુણવંત, જેને વા'લા બહુ ભગવંત. ૨૨

૧. પુરોહિત, ગોર

સારી રીતે કરી તેણે સેવા, ભલો લાભ અલૌકિક લેવા;
કરીને તેનું ઉત્તમ કાજ, ગયા મોટેરે શ્રીમહારાજ. ૨૩
ત્યાં તો શ્રીપુરના જન આવ્યા, સારી પૂજાની સામગ્રી લાવ્યા;
પૂછયું દિલગીર થૈ જોડી હાથ, ક્યારે શહેરમાં આવશો નાથ. ૨૪
ત્યારે બોલિયા પ્રાણજીવન, ધારી ધીરજ કરજો ભજન;
થોડો સમય હવે વહી જાશે, ઈચ્છા પૂર્ણ તમારી તો થાશે. ૨૫
સુણી રાજી થયા હરિજન, કર્યું પ્રેમે પ્રભુનું પૂજન;
મોટેરા ગામના રહેનાર, પુરુષોત્તમ ભક્ત ઉદાર. ૨૬
તેણે હેતે પૂજા કરી હાથે, અંગીકાર કરી મુનિનાથે;
સતસંગી રાજી સહુ થયા, પછી શ્યામ અડાલજ ગયા. ૨૭
ગઢવી મૂળુજી ને ગેંદાલ, ભલા ભક્ત હતા તેહ કાળ;
તેની સેવા કરી અંગીકાર, ભાવે ભેટિયા ભક્તિકુમાર. ૨૮
પછી ત્યાં થકી કરતા કલ્લોલ, ગિરધારી ગયા ગામ ઓળ;
ભક્ત ત્યાં રહે શ્રીધરદાસ, પૂજ્યા તેણે પોતાને આવાસ. ૨૯
પછી ત્યાંથી જઈ રુડી પેર, જમ્યા જીવણદાસને ઘેર;
પ્રભુએ સંત સહુને જમાડ્યા, પીરસીને સંતોષ પમાડ્યા. ૩૦
વાલો ત્યાંથી ગયા વડુગામ, ભક્ત ત્યાં દાસ જેરામ નામ;
તેના પૂર્ણ મનોરથ કરી, વિચર્યા કરજીસણ હરી. ૩૧
ભક્ત ગોવિંદ આદિક જેહ, આવ્યા સામૈયું લઈ સહુ તેહ;
વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા, પુષ્પહાર ને તોરા ચડાવ્યા. ૩૨
પ્રભુને ગામમાં પધરાવ્યા, ગામના લોકો દર્શને આવ્યા;
બેઠા સારી સભા સજી હરિ, જ્ઞાનવારતાઓ બહુ કરી. ૩૩
ભક્તે આપ્યાં ભોજન ભાત ભાત, જમ્યા શ્રીહરિને સંતવ્રાત[૧];
પ્રભુને પલંગે પધરાવી, પૂજ્યા કેશર ચંદન લાવી. ૩૪
પુષ્પહાર તોરા ધૂપ દીપ, કરી આરતી બેઠા સમીપ;
કોરા કાગળ માવે મગાવ્યા, ગામોગામ લખી મોકલાવ્યા. ૩૫
સમૈયો અમે આ સ્થળે ભરશું, જન્મઅષ્ટમી ઉત્સવ કરશું;
માટે આવજો સહુ હરિભક્ત, તથા આવજો સંત વિરક્ત. ૩૬

૧. સંત સમૂહ

પ્રભુના એવા વાંચીને પત્ર, વધ્યો હરખ ઘણો સરવત્ર;
વદી સાતમ શ્રાવણી જ્યારે, આવ્યા સતસંગી ને સંત ત્યારે. ૩૭
અષ્ટમીને દિવસ ગામ બહાર, પૂર્વમાં એક વડ જોઈ સાર;
હરિભક્તોએ બાંધ્યો હિંડોળો, શોભે વૈમાન સમ લાંબો પહોળો. ૩૮
તેમાં પ્રગટ પ્રભુ પધરાવ્યા, ઝાઝી વાર હરિને ઝુલાવ્યા;
વસ્ત્ર ભૂષણ જરીયાનવાળાં, શોભે શ્રીજીને અંગે રૂપાળાં. ૩૯
વાલે બહુ કરી જ્ઞાનની વાત, ભણીને શ્રુતિયો ભાત ભાત;
નાદ તાલ મૃદંગના થાય, સંત હરિજન કીર્તન ગાય. ૪૦
જેમ હોય જે નિર્ધન છેક, પછી પામે ચિંતામણી એક;
અતિ અંગમાં ઊપજે ખુમારી, એમ હરખ્યાં સકળ નરનારી. ૪૧
દેશદેશના આવેલા જન, તેણે કર્યું પ્રભુનું પૂજન;
મહિમા ચિત્ત માંહિ વિચારી, સ્તુતિ ઉત્તમ રીતે ઉચ્ચારી. ૪૨
પછી શ્રીહરિએ સાક્ષાત, કરી સંપ વિષે ઘણી વાત;
સતસંગી અમારા છે જેહ, તમે સૌ સંપ રાખજો તેહ. ૪૩

**સંપ વિષે : ઉપજાતિ :**

જે ભક્ત જાણે મહિમા પ્રભુનો, તો તેહ જાણે મહિમા સહુનો;
જો ભક્ત સાથે નહિ સંપ રાખ્યો, તો ઈષ્ટ સાથે પણ તોડી નાખ્યો. ૪૪
સત્સંગી સૌ છે હરિના જ અંગ, તે શું રુઠે તે હરિને જ સંગ;
જોમ અંગ એકે હરિનું દુખાય, તો દુઃખ તે શ્રીહરિને જ થાય. ૪૫
છરી કરી હોય સુવર્ણવાળી, તેણે જ જો આંગળિ કાપી ભાળી;
તથાપિ જો કીંમત જાણિ હોય, તો તે છરી નાખિ ન દે જ કોય. ૪૬
જો દુઝણી ગાય જ લાત મારે, કાઢી ન મૂકે કદી કોઈ ક્યારે;
કલ્યાણરૂપી પય લેવું હોય, સત્સંગીથી કલેશ કરે ન કોય. ૪૭
જો ભક્ત સાથે ઈરષા જ જામી, તો તેટલી નિશ્ચય માંહિ ખામી;
હીરો ચુસી પુત્ર કદી મરેય, પિતા ન હીરો કદી નાખી દેય. ૪૮
જ્યાં સંપ છે ત્યાં સુખ છે વિશેષ, કુસંપમાં તો દુઃખ છે અશેષ;
જો સર્વ ઈચ્છો સુખ સંપ સેવો, સુખપ્રદાતા નથી સંપ જેવો. ૪૯
ગોવિંદદાસાખ્ય સુભક્ત જે છે, તેને ગૃહે સંપ સદા વસે છે;
તો અન્ન પાણી કૃતવાસ કેવો, સૌ રાખજો ભક્ત સુસંપ એવો. ૫૦

જ્યારે ચડે છે મન માંહિ ક્રોધ, ત્યારે કરે છે જનશું વિરોધ;
છે ક્રોધ ચાંડાલ સમાન એહ, જે માંહિ પેસે અભડાય તેહ. ૫૧

**શાર્દૂલવિક્રીડિત :**

જ્યારે સદ્‌ગુરુ સંત કે સુદ્વિજને ચાંડાળ આવી અડે,
ત્યારે તે અભડાય થાય શુદ્ધ તો સ્નાનાદિ કીધા વડે;
જો શુદ્ધિ ન કરે તથાપિ જન જૈ તેને પગે લાગશે,
તેને આભડછેટ એ જ નડશે અસ્પૃશ્ય એ તો થશે. ૫૨

**ચોપાઈ :**

એવી વાત કરી મહારાજે, તે તો સાંભળી સર્વસમાજે;
કર્યો અષ્ટમીનો ઉપવાસ, કર્યો ઉત્સવ શ્રીપ્રભુ પાસ. ૫૩
પછી પારણું કીધું પ્રભાતે, જમ્યા ભોજન તે ભાત ભાતે;
પછી સંઘને કીધા વિદાય, રહ્યા થોડા દિવસ હરિરાય. ૫૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કરજિસણ વિષે રહી કૃપાળ, અકળ ચરિત્ર કર્યું સુ એહ કાળ;
મુનિજન સઉ ધ્યાન માંહિ ધારે, વરસ ઘણાં વિતતાં નહીં વિસારે. ૫૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે કરજિસણગ્રામે*
*અષ્ટમ્યુત્સવવર્ણનનામ દ્વિચત્વારિંશો વિશ્રામઃ ॥૪૨॥*

**પૂર્વછાયો :**

દૈવીને ઉપદેશ આપવા, અને સ્થાપવા ઉત્તમ ધર્મ;
વિચરે વસુધામાં હરિ, તેનો મૂર્ખ ન જાણે મર્મ. ૧

**ચોપાઈ :**

ગયા ડાંગરવે દીનનાથ, સંતમંડળને લઈ સાથ;
રહે જ્યાં વેણીદાસ પટેલ, પ્રભુના ભલા ભક્ત થયેલ. ૨
બીજા પણ સતસંગી ઉદાર, તેની સેવા કરી અંગીકાર;
અંગ સૌને ઉમંગ વધાર્યા, કરજીસણ કૃષ્ણ પધાર્યા. ૩

ગામથી દીશા ઉત્તરમાંય, નાનાભઈનો કૂપ છે ત્યાંય;
તેની આગળ ઓરડી સારી, તેમાં ઉતર્યા જે ગિરિધારી. ૪
જનના હરવા પરિતાપ, પ્રભુ દેખાડ્યો પ્રૌઢ પ્રતાપ;
તેથી કૈંકના સંશય ટળિયા, સતસંગમાં બહુ જન ભળિયા. ૫
નાના ભક્તે સેવા સજી સાર, કૃપાનાથે કરી અંગીકાર;
ચાલ્યા ત્યાંથી પછી જનપાલ, લાંઘણોજ ગયા ધર્મલાલ. ૬
ભક્ત રામો ભલો ભાવસાર, એહઆદિ ધરમ પાળનાર;
મળી શ્રીજીના સન્મુખ આવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા. ૭
કરી પધરામણી ઘેર ઘેર, સૌએ સેવા સજી સારી પેર;
મેઉ ગામ ગયા ઘનશ્યામ, ગયા ત્યાં થકી ખોરજ ગામ. ૮
ગામ ઓળા અડાલજ થઈ, હરિભક્તોને દર્શન દઈ;
આવ્યા મોટેરે શ્રીમહારાજ, વળી દર્શન દેવાને કાજ. ૯
આવ્યા શ્રીપુરથી જનવૃંદ, મુખ્ય ચોકસી તો હીરાચંદ;
પુજા તેઓએ આવીને કીધી, જ્ઞાનવાત ઘણી સુણી લીધી. ૧૦
ત્યારે તેઓને ધીરજ દેવા, શબ્દ શ્રીહરિએ કહ્યા એવા;
જનભીડ ન આંહિ ભરાય, સુખે દર્શન સ્પર્શન થાય. ૧૧
લ્યો છો દર્શનનું સુખ જેવું, થાત શ્રીપુરમાં નહિ એવુ;
વળી જ્યાં હોય પોતાનું ગામ, ઘણાં ત્યાં ઘરનાં હોય કામ. ૧૨
કથા ત્યાં ન સુણાય નિરાંતે, જેવી આંહિ સુણાય એકાંતે;
કોઈ કાંઈ ન કામ બતાવે, કોઈ બોલાવવા નવ આવે. ૧૩
એમ સમજીને સંતોષ રાખો, પૂરો પાડ પ્રભુ તણો ભાખો;
વાણી સાંભળી ને એવી સારી, સતસંગીએ ધીરજ ધારી. ૧૪
પ્રભુ ત્યાંથી ગયા અશલાલી, ત્યાંથી જેતલપુર વનમાળી;
મુક્તાનંદ તથા બ્રહ્માનંદ, આવ્યા સુરતથી જનવંદ્ય. ૧૫
ઘણા હરિજન દર્શને આવ્યા, સૌને દર્શન દૈ હરખાવ્યા;
ગામ કેરા તળાવની પાળે, આસોપાલવ વૃક્ષ રુપાળે. ૧૬
નિત્ય નિત્ય સભા ભરે સ્વામી, બહુ વાતો કરે બહુનામી;
અતિ આશ્ચર્ય જનને જણાય, સૌને આનંદ ઉર ઉભરાય. ૧૭

થોડા દિવસ દઈ ઉપદેશ, ગયા પાલડીએ પરમેશ;
ગયા ત્યાંથી કાશંદરે ગામ, માંડાસર ગયા પૂરણકામ. ૧૮
મછીયાવ ગયા મહારાજ, સાથે રાખીને સંત સમાજ;
બાપુભાઈ તણે દરબાર, ઉતર્યા જઈ પ્રાણઆધાર. ૧૯
રાયે લાભ અલૌકિક લેવા, કરી શ્રીજીને સંતની સેવા;
તેની સેવા કરી અંગીકાર, દદૂકે ગયા દેવ મોરાર. ૨૦
દેવા દરશન ધારિને દયા, કૃષ્ણ ગામ કટેચીયે ગયા;
તલસાણે થઈને શીયાણી, ગયા દાઉ ઉપર દયા આણી. ૨૧
રહે ત્યાં ભટજી શિવરામ, જૈને ઘેર જમ્યા ઘનશ્યામ;
ચાલ્યા લીંબડી પાદર થૈને, લાલીયાદ રહ્યા રાત જઈને. ૨૨
ત્યાં ઉઠીને ચાલ્યા પ્રભાત, ગયા નાગડકે નરભ્રાત;
સુરા ખાચરને દરબાર, ઊતર્યા જઈ વિશ્વઆધાર. ૨૩
જેમ સારો સમો થવા માટ, જુવે વરસાદની જન વાટ;
વૃષ્ટિ સાત ગાઉ પર થાય, આંહિ થાવાની આશા રખાય. ૨૪
એમ શ્રીજીને આવ્યાનું જાણે, ઉરમાં અતિ આનંદ આણે;
સાત ગાઉ સામા કોઈ જાય, રખે માર્ગ બીજે મરડાય. ૨૫
એવી ચિંતા ચિત્તે ઉપજાવે, માટે સામા જઈ તેડી લાવે;
ગયા બોટાદમાં તેહ વાર, દાદા ખાચરને દરબાર. ૨૬
ઊતર્યા સારી જગ્યા તે જોઈ, ભગાદોશીએ દીધી રસોઈ;
જમ્યા પોતે પછી પૂરી પ્રીતે, સંતને પીરસું સારી રીતે. ૨૭
સારી જુક્તિથી હરિએ જમાડ્યા, બહુ સંતોષ સૌને પમાડ્યા;
પછી ત્યાંથી પ્રભુ પરવરિયા, તે તો જૈ ગઢપુર માંહિ ઠરિયા. ૨૮
દાદા ખાચરને દરબારે, ઊતર્યા આપ કેરે ઉતારે;
સભા ત્યાં નિત્ય સારી ભરાય, કથા વારતા કીર્તન થાય. ૨૯
ભલા ભક્ત એકાંતિક જેહ, અતિશે સુખ તો લે છે એહ;
આપે નિત્ય નવાં પકવાન, ભાવ જોઈ જમે ભગવાન. ૩૦
પ્રભુ સંતને પીરસી જમાડે, હૈયાનું બહુ હેત દેખાડે;
એમ લક્ષધા લાડ લડાવે, એ તો વાત કહ્યામાં ન આવે. ૩૧
મુક્તાનંદ બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ પ્રમુખ અકામી;
સભામાં કરે ગાવણું સારું, પ્રભુને બહુ લાગે તે પ્યારું. ૩૨

રીઝી આપે પ્રસાદીના હાર, આપે ચરણ બે છાતી મોઝાર;
કયારે ગાન સુણી હરિ ડોલે, ધન્ય ધન્ય મુખે એમ બોલે. ૩૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ત્રણ મુનિજન મુક્ત બ્રહ્મ પ્રેમ, કૃત શુભ ગાન રિઝયા પ્રભુજી જેમ;
નહિ નહિ શુભ ગાન નારદાનું, નહિ નહિ તેહ સમાન શારદાનું. ૩૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ વિચરણનામત્રિચત્વારિંશો વિશ્રામઃ ॥૪૩॥*

**પૂર્વછાયો :**

વાલો વશા ગઢપુર વિષે, દેવા દાસને દર્શનદાન;
પૂરણ સુખ પુરવાસિયો, લે છે અક્ષરમુક્ત સમાન. ૧

**ચોપાઈ :**

એવામાં કપિલાછઠ[૧] આવી, ભક્તિનંદનને મન ભાવી;
શ્રીજીએ સંત સૌને તેડાવ્યા, દેશ દેશના હરિજન આવ્યા. ૨
સમૈયો તે થયો બહુ સારો, આવ્યા સંઘ હજારે હજારો;
સંત હરિજનને લઈ સાથ, ઘેલે ના'વા પધારિયા નાથ. ૩
આરો ખીજડાવાળો છે જેહ, નામે આનંદઘાટ છે એહ;
એહ ઘાટનો મહિમા વિચારી, નાહ્યા ત્યાં જઈ દેવ મુરારી. ૪
કપિલાગાય[૨] અગણિત આણી, દીધાં દાન ત્યાં સારંગપાણિ;
ધર્મ સ્થાપવા ધાર્યો છે દેહ, માટે શાસ્ત્રે કહ્યું કરે તેહ. ૫
પછી આવિયા દરબારમાંય, શ્રીજી બેઠા સભા સજી ત્યાંય;
કરી શ્રીમુખે બહુ જ્ઞાનવાત, સુણી સર્વે થયા રળિયાત. ૬
દાદા ખાચરે શુભ તક જોઈ, દીધી લાડુ જલેબી રસોઈ;
જમ્યા પ્રથમ મહાપ્રભુ થાળ, પછી પીરસે જનપ્રતિપાળ. ૭
સંતને કરતાં મુનહાર[૩], ફરે પંક્તિમાં વારમવાર;
સાંજે આરતી ને ધૂન્ય થાય, કથા વંચાય કીર્તન ગાય. ૮
બીજા સત્સંગી પણ સમો જોઈ, નિત્ય આપવા લાગ્યા રસોઈ;
લાડવાને જલેબિયો નિત્યે, પીરસે પ્રભુ સંતને પ્રીતે. ૯

૧. ભાદરવા વદ-૬ (બાર વર્ષે આવે છે) ૨. તદ્દન સફેદ ગાય ૩. આગ્રહ કરી પીરસવું

જીવા ખાચરને દરબાર, જમી આવ્યા સહુ એક વાર;
ગામ પંચાળેથી અદીબાઈ, આવ્યાં એ દિન ગઢપુર માંઈ. ૧૦
કરી પ્રેમે પ્રભુને પ્રણામ, કર જોડીને ઉચર્યાં આમ;
મારી વિનતિ સુણો મહારાજ, મારે દેવી રસોઈ છે આજ. ૧૧
ભાખે એવું સુણી ભગવંત, હમણાં જ જમી આવ્યા સંત;
ઉતાવળ શી છે આજને આજ, જમશે કાલ સંતસમાજ. ૧૨
અદિબા કહે કે મહારાજ, મારી ઈચ્છા છે આજને આજ;
સુણી શ્રીજીએ કીધો વિચાર, જમાડું સંતને બીજી વાર. ૧૩
સાંભળો બાઈ બોલ્યા શ્રીહરિ, તમે વાત વિચારી છે ખરી;
ધર્મનું કામ તો ઝટ કરવું, વ્યવહારી વિચારી આદરવું. ૧૪

**ધર્મનું કામ ઝટ કરવા વિષે : ઉપજાતિ :**

જે ધર્મનું કારજ સદ્ય કીજે, વિચારીને અન્ય ક્રિયા કરીજે;
સુકામમાં વિઘ્ન અનેક આવે, કર્યા વિચારો ચિતમાં રહાવે. ૧૫
કૈકેં કરેલા સુવિચાર રાતે, કરીશ આ કામ પછી પ્રભાતે;
મનોરથો તે મનમાં રહ્યાં છે, તનૂ તજી જીવ વિદા થયા છે. ૧૬
રાજા તથા બાળક હોય જેવું, સ્વભાવથી છે મન તેમ તેવું;
વિચાર તેના ફરી જાય અદ્ય, માટે કરો ધર્મનું કૃત્ય સદ્ય. ૧૭
જમ્યાનું કીજે શત કામ ચૂકી, નાવું સદા કામ સહસ્ર મુકી;
જે દાન દેવું તજી લાખ કામ, કોટી તજી લેવું હરીનું નામ. ૧૮
જે ધર્મ કેરું શુભ હોય કાજ, કાલે કર્યાનું કરી લેવું આજ;
તાળી પડે ત્યાં બદલાય તાલ, કેણે દિઠી છે પછી કેવિ કાલ. ૧૯
આ ઈન્દ્રિયો ને મન છે કુસંગી, તેનો નહીં રંગ રહે અભંગી;
તે જીવને ભોળવિને ભમાવે, સારા વિચારો પળમાં તજાવે. ૨૦
સ્વાતી તણું બુંદ સુછીપ જેમ, સારા વિચારો મનના જ તેમ;
જો સદ્ય ઝીલે ફળ શુદ્ધ થાય, ઝીલે નહીં જો ઝટ વ્યર્થ જાય. ૨૧
જો ધર્મનો ચિત્ત વિચાર આવે, ડાહ્યા જનો તો દઢતા ઠરાવે;
કરે રુડું કારજ તે જ ટાણે, ન દીર્ઘસૂત્રીપણું[1] દીલ આણે. ૨૨

૧. હરકોઈ કામમાં ઘણો સમય પસાર કરનાર

**ચોપાઈ :**

માટે જે તમે કીધો વિચાર, કરો આજને આજ આ ઠાર;
પછી સદ્ય સામાન મંગાવ્યો, બહુ સ્વાદુ બિરંજ કરાવ્યો. ૨૩
સારાં શાક ને પૂરી કરાવી, દૂધ લાવ્યા ગાયો દોવરાવી;
ભલી ભાતે જમ્યા ભગવંત, બેઠા આજ્ઞાથી જમવાને સંત. ૨૪
રહ્યા પીરસવા પરમેશ, આપે તાણ કરીને વિશેષ;
કેડ બાંધી પંગત માંહિ ફરે, લ્યો લ્યો બીરંજ એમ ઉચ્ચરે. ૨૫
પછી પીરસું ઉપર દૂધ, તેમાં સાકર પીરસી શુદ્ધ;
બ્રહ્માનંદમુનિને શીશ, રેડી તાંબડી શ્રીજગદીશ. ૨૬
એવી શ્રીજીની લીલા અનંત, સ્નેહે નિત્ય સ્મરણ કરે સંત;
ખરું હૈયાનું દેખાડ્યું હેત, કેમ વિસારે કોઈ સચેત. ૨૭
મહાસુખ દીધાં ઘણાં માવે, સુતાં બેસતાં સાંભરી આવે;
એવી લીલા કરી ગઢપુરમાં, સૌને સાંભરે તે અતિ ઉરમાં. ૨૮
વળી એક સમે વૃષલાલ, ગઢપુરથી ચાલ્યા વરતાલ;
લઈ સંતને સારંગપાણિ, કૃપાનાથ ગયા કારીયાણી. ૨૯
ફરતાં હરિભક્તોના ગામ, સંજીવાડે ગયા ઘનશ્યામ;
વરતાલ આવ્યા વિશ્વપતી, વદી દ્વાદશી આસોની હતી. ૩૦
સારા સૂતાર વાસણ ઘેર, પ્રભુ ઉતર્યા જૈ શુભ પેર;
ધનતેરશનો દિન આવ્યો, ભક્તિનંદનને મન ભાવ્યો. ૩૧
રુડો જ્યાં છે નારાયણબાગ, ગયા ત્યાં કરીને અનુરાગ;
પૂજી ગાયોને ત્યાં કરી પ્રીત, ધણ દોડાવિયું રુડી રીત. ૩૨
પછી કૃષ્ણચતુર્દશી આવી, હનુમાન પૂજ્યા હેત લાવી;
વડાં સુખડી નૈવેદ્ય ધાર્યું, આરતી કરી સ્ત્રોત્ર ઉચ્ચાર્યું. ૩૩
અતિ ઉત્તમ આવી દીવાળી, એના ઉત્સવની હદ વાળી;
જ્યાં છે લક્ષ્મીનારાયણધામ, હતી બોરડી એક તે ઠામ. ૩૪
તહાં એક સિંહાસન ધાર્યું, શોભે ઈન્દ્રઆસન થકી સારું;
તેના ફરતી રચી દીપમાળ, તારામંડળ તુલ્ય વિશાળ. ૩૫
સિંહાસનમાં બિરાજીયા શ્યામ, લાજે દેખીને કોટિક કામ;
કરે ઉત્સવ સંત ઉમંગે, વાજે તાલ ને વાજે મૃદંગે. ૩૬

શોભે અક્ષરધામમાં જેમ, શ્રીજી મુક્તમાં શોભે છે તેમ;
અતિ તેજનો ઓપે અંબાર, જોતાં અચરજ પામે જોનાર. ૩૭
અન્નકૂટનો ઉત્સવ આવ્યો, હતો સામાન પ્રથમ કરાવ્યો;
વરતાલના હરિજને મળી, આપી સામગ્રી એહ સઘળી. ૩૮
રસોઈ કરવામાં જે ડાઈ, એવી આવી હતી બહુ બાઈ;
ગંગા માતા જેતલપુર તણાં, રસોઈમાં પ્રવીણ તે ઘણાં. ૩૯
જમનાબા વસોનાં નિવાસી, ભલાં તે પણ તેવાં અભ્યાસી;
બાઈયો મેમદાવાદ તણી, ઉમરેઠની પણ હતી ઘણી. ૪૦
ભાત ભાત કર્યા પકવાન, જેહ જમતાં રિઝે ભગવાન;
અન્નકૂટ પૂર્યો ભલી ભાતે, તેમાં ખામી નહીં કોઈ વાતે. ૪૧
અમદાવાદની જે મંડળી, વટપત્તનની હતી વળી;
તેણે લૈ ભલાં તાળ મૃદંગ, કર્યો ઉત્સવ આણી ઉમંગ. ૪૨
જમ્યા ભાવ જોઈ ભગવંત, જમ્યા તે પછી વર્ણીને સંત;
એમ ઉત્સવ પૂરણ થયો, મેં તો સંક્ષેપથી કાંઈ કહ્યો. ૪૩
એમ કરતાં પ્રબોધિની આવી, શ્યામે સંતોને લીધા તેડાવી;
દેશ દેશ થકી સંઘ આવ્યા, ઘણે ઠામ ઉતારા ઠરાવ્યા. ૪૪
કર્યો ઉત્સવ એકાદશીનો, પુનમે કર્યો પૂર્ણ શશીનો;
કરી વાલાએ વાતો વિચિત્ર, વળી દેખાડ્યાં દિવ્ય ચરિત્ર. ૪૫
પછી સંઘ ગયા નિજ ગામ, ચાલ્યા વરતાલથી ઘનશ્યામ;
ગયા મેળાવ થૈ પીપળાવ, ત્યાંથી સારંગપુર ગયા માવ. ૪૬
એમ દાસોને દર્શન દૈને, રહ્યા શ્રીહરિ ગઢપુર જૈને;
કરે લીલા નવીન પ્રકાર, નિરખી હરખે નરનાર. ૪૭
જેમ અક્ષરધામના વાસી, નિત્ય પાસે દેખે અવિનાશી;
તેમ ગઢપુરનાં નરનારી, દેખે દષ્ટિની પાસે મોરારી. ૪૮
પ્રભુ ફરવાને પરગામ જાય, દુર્ગપુર માંહિ તોય દેખાય;
જેની દષ્ટિ પ્રભુમાં જોડાય, કેમ તેથી પ્રભુ દૂર થાય. ૪૯
સાધારણ જન તો એમ જાણે, ગયા છે પ્રભુ બીજે ઠેકાણે;
સર્વવ્યાપક છે તો પરોક્ષ, ગઢપુરમાં જણાય પ્રત્યક્ષ. ૫૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

રવિ જયમ રહિને સદા સ્વવાસે, અવર રુપે વિચર્યા જ કુંતિ પાસે;
રહિ ગઢપુરમાં પ્રભુજી તેમ, અવર રુપે પરગામ જાય એમ. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે કપિલાષષ્ઠી-વર્ણનનામ ચતુશ્ચત્વારિંશો વિશ્રામઃ ॥૪૪॥*

**પૂર્વછાયો :**

હે નરનાથ હવે સુણો, ઉર ધારિ અધિક ઉત્સાહ;
સુખે કહું સંક્ષેપમાં, નૃપ ઉત્તમનો ઉદ્વાહ[૧]. ૧

**ચોપાઈ :**

નૃપ ઉત્તમ ઉત્તમ જે છે, દાદો ખાચર લોક કહે છે;
શોભે સદ્‌ગુણી તે બહુ શુરા, થયા પરણવા લાયક પૂરા. ૨
નિજ માતાએ મનમાં વિચારી, પ્રભુ આગળ વાત ઉચ્ચારી;
સારી કન્યાનો શોધ કરાવું, મારો પુત્ર હવે પરણાવું. ૩
પરણાવે સ્વપુત્રને જ્યારે, માતા જાણે સુફળ ભવ ત્યારે;
પુત્રને પરણાવવો જે છે, શુભ સંસારનું ફળ એ છે. ૪
માટે આપની આજ્ઞા જો થાય, તો તે કારજ સિદ્ધ કરાય;
સુણી બોલિયા શ્રીગિરિધારી, તમે વાત કહી ઘણી સારી. ૫
હોય કન્યા કે હોય કુમાર, વીતે બાળપણું જેહ વાર;
ગૃહસ્થાશ્રમધર્મનો મર્મ, સમજે કરી જાણે સુકર્મ. ૬
ત્યારે શોધી સુલક્ષણી જોડ, જેમાં હોય નહિ કાંઈ ખોડ;
વેદ વાક્યથી કરવો વિવાહ, એમાં ઊંડો છે અર્થ અથાહ. ૭
અગ્નિરૂપ ઈશ્વર તણી સાખે, પાળવાની પ્રતિજ્ઞાઓ ભાખે;
જે જે ધર્મનું કર્મ કરાય, કંથ જે કાંઈ નાણું કમાય. ૮
એમાં નારીનો ભાગ ગણાય, એ રીતે અરધાંગના થાય;
કરી બેય તણું મન એક, ચાલવું એવી રાખવી ટેક. ૯

૧. વિવાહ

ફરે મંગળ ફેરા તે ચાર, કરે સપ્તપદી તેહ ઠાર;
ત્યારે લગ્ન થયું કહેવાય, વેદ શાસ્ત્રમાં છે એવો ન્યાય. ૧૦
ધ્રુવ તારાને કરી પ્રણામ, કન્યા ચોરીમાં બોલે છે આમ;
જેવો નિશ્ચળ છે ધ્રુવ તુંય, પતિકુળમાં અચળ થઈ હુંય. ૧૧
જ્યાં સુધી નહિ સમજણ આવે, એવાં બાળક જે પરણાવે;
વેદશાસ્ત્રથી તે તો વિરુદ્ધ, રીત જાણવી એ તો અશુદ્ધ. ૧૨
એક ગોત્રમાં લગ્ન ન થાય, માટે ગોત્ર પ્રથમ ઉચરાય;
થાય ગોત્રમાં લગ્ન અજાણે, તેને પાળવી માતા પ્રમાણે. ૧૩
સારી કન્યા કયાંઈ જોવરાવો, પુત્રને સુખથી પરણાવો;
દાદા ખાચરને હું કહીશ, લગ્ન કરવાની આજ્ઞા કરીશ. ૧૪
જોવરાવી કન્યા ઘણે ઠામ, મળી સારી તો બોટાદ ગામ;
પુત્રી માતરા ધાધલ કેરી, તે તો સદ્‌ગુણી જાણી ઘણેરી. ૧૫
કુમુદા કહીએ ભલુ નામ, રતિ તુલ્ય તે રૂપનું ધામ;
કહે ઉત્તમ નૃપને અઘારી, થાઓ લગ્ન કરી ઘરબારી. ૧૬
નૃપ ઉત્તમ ઉચ્ચર્યા ત્યારે, નથી પરણવાની રુચિ મારે;
આખો ભવ ઊર્ધ્વરેતા રહીશ, જપ તપ વ્રત તીવ્ર કરીશ. ૧૭

**લગ્નના દુઃખ વિષે : ઉપજાતિ :**

વિવાહ કીધાથી અનેક દુઃખ, છે એકલાને જ અસંખ્ય સુખ;
અનેક વસ્તુ પ્રતિદિન માગે, ન આપીએ તો અતિ દુઃખ લાગે. ૧૮
સમુદ્ર પૂરો કદિયે ભરાય, પ્રિયાની ઈચ્છા નહિ પૂર્ણ થાય;
ઘડાવી દેતાં શણગાર સારા, જે ચક્રવર્તી નૃપ તેહ હાર્યા. ૧૯
જે અંગ તે કૌવચ[૧] સંગ લાગે, જરૂર તેથી અતિ પીડ જાગે;
એવી જ પીડા અતિ અંગનાથી, પામ્યા ઘણા પુરુષ તે બલાથી. ૨૦
છે નિષ્કુળાનંદ મુનીદ્ર જેહ, નારી તણાં કષ્ટ કહે જ તેહ;
તે સાંભળી હું બહુ ત્રાસ પામું, કદાપિ સ્ત્રીના નહિ જોઉ સામું. ૨૧
વામા વર્યાથી સુખજો ગણાત, તો કૈંક ત્યાગી વનમાં ન જાત;
નાશી છુટેલા નજરે ચડે છે, તથાપિ મુર્ખા દવમાં પડે છે. ૨૨

૧. ખંજવાળ ઉત્પન્ન કરનાર વનસ્પતિ(ફાંઠડો થોર)

નારી મને નાગણ તુલ્ય લાગે, તે ભાળતાં તો મન મારું ભાગે;
રહી કુંવારો સુખિયો રહીશ, થશે કદી સંકટ તો સહીશ. ૨૩
પ્રિયા રુપાળી પણ જેવી પાળી[1], તે પ્રાણીના પ્રાણ વિનાશવાળી;
તેથી કહું આ તક પાડી તાળી, નથી વર્યા તે નર ભાગ્યશાળી. ૨૪
સંસારી થાવા નર થાય શૂરો, પછીથી તે તો પસતાય પૂરો;
કાં તો ખરું તે વિષ ઘોળી ખાય, કાં જોગી થૈને પરદેશ જાય. ૨૫

**ચોપાઈ :**

માટે હું તો કદી નહિ પરણું, સદા રાખીશ આપનું શરણું;
સુણી બોલિયા ધર્મદુલારો, તમે જો મુજને ઈષ્ટ ધારો. ૨૬
જેમ હું કહું તેમ જ કરવું, ધર્મવાળી કન્યા જોઈ વરવું;
અતિ આગ્રહ એવો જણાવી, કન્યા વરવાની વાત મનાવી. ૨૭
પછી બોટાદ સગપણ કીધું, લગ્ન સારો દિવસ જોઈ લીધું.
જાનમાં સગાવાલા સિધાવ્યા, ધામધૂમથી પરણાવી આવ્યા. ૨૮
જો તે વીવાનું વર્ણન થાય, કથા વિસ્તાર બહુ વધિ જાય;
કુમુદાબાઈ શુભ કરમાળી[2], હરિભક્ત ભલી એ તો ભાળી. ૨૯
અતિ શોભિયો એનો સંસાર, ધન્ય ધન્ય એનો અવતાર;
સંપી જંપીને બહુ સુખ લીધું, પરલોકનું સાધન કીધું. ૩૦

**પૂર્વછાયો :**

દુર્ગપુરીમાં દયાનિધિ, રહી એવે સમે સાક્ષાત;
પ્રકરણ એક ચલાવિયું, સુણો તેની કહું હવે વાત. ૩૧

**ચોપાઈ :**

સભા માંહિ બોલ્યા ભગવંત, સુણો સૌ સતસંગી ને સંત;
વ્રત એકાદશી સૌએ કરવું, કાંઈ ખાવાનું મુખમાં ન ધરવું. ૩૨
ફળ ઉત્તમ છે અતિ એનું, લખ્યું શાસ્ત્રમાં માહાત્મ્ય જેનું;
કરે તપ જપ તીર્થ અનેક, કરે એકાદશી વ્રત એક. ૩૩
ફળ એનું બરાબર થાય, એવો મોટો એનો મહિમાય;
બાળ વૃદ્ધ પુરુષ અને નારી, કરો એકાદશી એવું ધારી. ૩૪

૧. છરી ૨. સારા કર્મવાળી

અમે એ થકી થાશું પ્રસન્ન, નકી જાણજો સૌ હરિજન;
ભક્ત સૌ સવારે ભેળા થાવું, ગાતા કીર્તન ના'વાને જાવું. ૩૫
જાગરણ કરવું વળી રાતે, કરો ઉત્સવ તે ભલી ભાતે;
એવી રીતે એકાદશી થાય, વ્રત ત્યારે ખરું કહેવાય. ૩૬
સુણી બોલિયા હરિજન સંત, ભવતારણ હે ભગવંત;
આપની જ પ્રસન્નતા કાજ, વ્રત કરશું અમે મહારાજ. ૩૭
તે વિના તો બીજું ફળ કાંઈ, અમે ઈચ્છીયે નહિ મનમાંઈ;
નથી ઈચ્છતા ભુક્તિ કે મુક્તિ, એક આપની ઈચ્છીયે ભક્તિ. ૩૮
વેદ શાસ્ત્ર તમારા વચનમાં, નકી માની લીધું અમે મનમાં;
કહો તો પ્રભુ ભણિયે પુરાણ, કહો તો કંઠે કરિયે કુરાન. ૩૯
અમે તો દઢ આપના દાસ, બીજા કોઈનો નહિ વિશ્વાસ;
કહો તો વન જૈ તપ કરિયે, મોટા જોગી જેવી ક્ષમા ધરિયે. ૪૦
કહો તો ધરી ધનુષને બાણ, લૈયે રાક્ષસ જેવાના પ્રાણ;
અમે કરિયે કહો તેની સેવા, આપની જ પ્રસન્નતા લેવા. ૪૧
કહો તો પરઘર પાણિ ભરિયે, કહો તો ઊંડે કૂપ ઉતરિયે;
રાજી થાઓ તમે મહારાજ, એવું કરશું અમે નિત્ય કાજ. ૪૨
તમે બંધાવ્યો રુદ્રાક્ષ પારો, અમે તોય ગણ્યો તેને સારો;
વળી તે તમે જ્યારે તજાવ્યો, ત્યારે અમને ન સંશય આવ્યો. ૪૩
તમે મુમતી જ્યારે બંધાવી, તેહ બાંધતાં શંકા ન આવી;
તમે જેમ નચાવો હે નાથ, તેમ નાચશું આનંદ સાથ. ૪૪
અજ ઈન્દ્રાદિ ઈશ કહાવ્યા, તે તો નાચે તમારા નચાવ્યા;
મળી એ રીતે સૌએ ઉચાર્યું, પછી એકાદશીવ્રત ધાર્યું. ૪૫
જ્યારે એકાદશી દિન થાય, કોઈ અન્ન કે ફળ ન ખાય;
પ્રભુ પોતે રહે નિરાહારી, કેમ કોઈ જમે નરનારી. ૪૬
નહીં ભૂખ્યો રહી શકે જેહ, ઉપવાસ કરે પણ તેહ;
ભત્રીજો ભલો સુરા ખાચરનો, નામ માણશીયો સુખી ઘરનો. ૪૭
નાનપણથી અફીણ બંધાણી, ભજે શ્રીહરિને ઈષ્ટ જાણી;
એક દિવસે જમે ચાર વારે, શીરામણ તો કરે તે સવારે. ૪૮

કાઠી રોટલો ને દુધ ખાય, પણ છાશ પીધી કહેવાય;
બપોરે જમે ઉની રસોઈ, જમ્યા એમ કહે સહુ કોઈ. ૪૯
ત્રીજો પહોર કાંઈ ખાઈ લે છે, તે તો રોંઢો કર્યો તે કહે છે;
સાંજે ઘરનાં જમે સહુ મળી, તે તો વાળું કર્યું કહે વળી. ૫૦
ચાર વાર જમે નિત્ય એમ, ઉપવાસ કરી શકે કેમ;
સુણે એકાદશી તણું નામ, જાણે બળબળતો દીધો ડામ. ૫૧
જ્યારે રાત દસમ તણી થાય, હાડકાં તો નરમ થઈ જાય;
જ્યારે થાય શિરામણ વેળા, ચાલે આંખથી આંસુના રેલા. ૫૨
વળી રોંઢાવેળા જ્યારે થઈ, સુધ માણશિયાની તો ગઈ;
થઈ મૂર્છા રહ્યું નહિ ભાન, તે તો થૈ પડ્યો મરણ સમાન. ૫૩
કોઈ માણસ જૈ પ્રભુ પાસ, કરી વાત તે સર્વ પ્રકાશ;
જોયો શ્રીજીએ તેહને જઈને, પાયું દહીં તથા સાકર લૈને. ૫૪
ત્યારે તેને કાંઈ સુધ આવી, પ્રભુએ પૂછયું તેને બોલાવી;
બોલ ભાઈ તને તે શું થયું, કર જોડી ત્યારે તેણે કહ્યું. ૫૫
નિત્ય હું જમું છું ચાર વાર, ત્રણ વાર ન કીધો આહાર;
તેથી જીવ મારો ગભરાયો, મહાદુઃખનો દિવસ દેખાયો. ૫૬
સુરો ભક્ત બોલ્યા પ્રભુ પાસે, આવી એકાદશી જો કરાશે;
કૈક હરિજનના જશે પ્રાણ, ત્યારે બોલિયા શ્યામ સુજાણ. ૫૭
નિરાહાર રહી ન શકાય, ફળાહાર તેણે તો કરાય;
સુરો ભક્ત કહે અહો સ્વામી, ફળાહારની દેશમાં ખામી. ૫૮
સુણિ બોલિયા હરિ ત્યારે, ફળાહાર મળે નહિ જ્યારે;
કામ કરનારે રહી ન શકાય, એક વાર જમી વ્રત થાય. ૫૯
જુદો આપદકાળનો ધર્મ, તેનો શાસ્ત્રથી સમજવો મર્મ;
ભક્તિ કરવાને માનુષ્ય દેહ, રાખો આપદે સાચવી એહ.. ૬૦

**પૂર્વછાયો :**

આપદ દૈવી કે માનુષી, કાં તો કાયા વિષે રોગ થાય;
તેમાં રક્ષણ થાય તન તણું, એમ વર્તવું સૌએ સદાય. ૬૧

**ચોપાઈ :**

પ્રભુએ એવો ઉપદેશ દીધો, સૌએ અંતરમાં ધરી લીધો;
ત્યાં તો પંચમી આવી વસંત, આવ્યા હરિજન સંત અનંત. ૬૨
કર્યો ઉત્સવ તે ભલી ભાતે, ચોર્યા ચિત્ત તો જ્ઞાનની વાતે;
લીલા ઉચ્ચરતા રુડી પેર, સતસંગી ગયા સહુ ઘેર. ૬૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિજન થઈ એકઠા સમૈયે, ભજન કરે નિરખી પ્રસન્ન થૈયે;
નિરખી નિરખી કૃષ્ણનાં ચરિત્ર, પછી વિચરે સ્મરતા લીલા વિચિત્ર. ૬૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ઉત્તમનૃપવિવાહ-*
*વર્ણનનામા પંચચત્વારિંશો વિશ્રામઃ ॥૪૫॥*

**પૂર્વછાયો :**

પ્રભુ રહ્યા ગઢપુર વિષે, ત્યાં જ વિતી ગયો માઘ માસ;
ફાગણ ફૂલ્યો ફૂલડે, ફૂલ્યાં કેસુડાં બહુ ચહુ પાસ. ૧

**ચોપાઈ :**

ભૂપ મછીયાવના બાપુભાઈ, તેની માતા તો ફૈબા મનાઈ;
પ્રભુને લખી મોકલ્યો પત્ર, ફૂલદોલ કરો આવી અત્ર. ૨
અમે સામાન કીધો તૈયાર, માટે વાર ન કરશો લગાર;
કંકોતરીના લખાવીને પત્ર, ત્યાંથી મોકલજો સર્વત્ર. ૩
એવો પત્ર લખાવીને પ્રીતે, લખી કંકોતરી રુડી રીતે;
સૌને તેડાવિયા મછીયાવ, વળી દર્શનનો લેવા લાવ. ૪
સર્વે સંતોને શ્રીજીએ કહ્યું, ગામ લીંબડીએ જાઓ સહું;
મછીયાવ સિધાવશું અમે, માટે આવજો ત્યાં સહુ તમે. ૫
એમ મોકલી સંતસમાજ, ગયા સારંગપુર મહારાજ;
ગયા ત્યાં થકી સુંદરિયાણે, ગયા ત્યાંથી શિયાળ તે ટાણે. ૬

પુત્ર મેઘજીના તેહ ઠામ, રહે માધુને જેસંઘ નામ;
ઉતર્યા પ્રભુ તેહને ઘેર, પોતે થાળ જમ્યા રુડી પેર. ૭
રહ્યા ત્યાં શ્રીહરિ એક રાત, કરી જ્ઞાન વૈરાગ્યની વાત;
બીજે દિવસ દુમાલીયે ગયા, ત્યાંના સત્સંગી સૌ રાજી થયા. ૮
એની સેવા કરી અંગીકાર, વિચર્યા મછિયાવ મુરાર;
બાપુભાઈએ સામૈયું કીધું, ઘણા સ્નેહથી સનમાન દીધું. ૯
વાજતે ગાજતે પધરાવ્યા, દરબારમાં એ રીતે આવ્યાં;
સારો આપીયો ત્યાં જ ઉતારો, તેમા ઉતર્યા ધર્મદુલારો. ૧૦
પુષ્પદોલ તણો દિન આવ્યો, બહુ સારો હિંડોળો બંધાવ્યો;
હરિને હરિભક્ત ઝુલાવે, ગવૈયા સંત કીર્તન ગાવે. ૧૧
ભાત ભાતનો રંગ રચાવ્યો, મણ ઝાઝા ગુલાલ મંગાવ્યો;
પીચકારી લઈ જગદીશ, રંગ નાખે હરિજન શીશ. ૧૨
નાખે ફાંટ ભરીને ગુલાલ, થયાં અવનિ ને અંબર લાલ;
સંત હરિજન પણ મળી સંગ, નાખે શ્રીહરિ ઉપર રંગ. ૧૩
વાજે ઢોલ ત્રાંસા શરણાઈ, બોલે કીર્તન ભાઈને બાઈ;
જન સર્વ સામું તેહ કાળે, કૃપાદષ્ટિયે કૃષ્ણ નિહાળે. ૧૪
ત્યાં તો થૈ જનની ભીડ ભારે, માગ ખાલી રહ્યો ન લગારે;
ત્યારે ચારણના ફળીયામાં, ગયા શ્રીહરિ તેહ સમામાં. ૧૫
સરોવરમાં કર્યું જઈ સ્નાન, આવ્યા દરબારમાં ભગવાન;
ત્યાં તો સ્થાપ્યા દામોદાર દેવ, સભા રુડી સજી તતખેવ. ૧૬
બેઠા ચોતરા ઉપર જઈ, સભા ત્યાં તો સુશોભિત થઈ;
બેઠા સાધુ તથા બ્રહ્મચારી, બેઠા પાળા તથા ઘરબારી. ૧૭
ત્યાં તો સુરતનો સંઘ આવ્યો, તેણે પોશાક પ્રભુને ધરાવ્યો;
જરીયાનનાં વસ્ત્ર રુપાળાં, કડાં વેઢ હિરામોતીવાળા. ૧૮
સ્વસ્થ થૈને બેઠા સઉ જ્યારે, થયો એક તમાસો તે વારે;
એક વાળંદ ગોવિંદનામ, વેષ કાઢીને આવ્યો તે ઠામ. ૧૯
મોટાપંથીના વેરાગી જેવો, દીસે વેષ બરાબર એવો;
બેય કાનમાં મુદ્રાઓ લટકે, ટીલું ભાળીને ભેંસ તો ભડકે. ૨૦

ગરોડાના[1] જેવી ટોપી માથે, રાખી રામકી બાળક સાથે;
બાવો એકલતારો[2] બજાવે, રામકીને બાવો બેય ગાવે. ૨૧
એને આવતાં જોયાં જ જ્યારે, સર્વ સંત ઉઠી ગયા ત્યારે;
તેથી સંત અસંતની રીત, સમજુ જન સમજ્યા ખચીત. ૨૨
જેવી દિવસ ને રાતની પેર, તેવો સંત અસંતમાં ફેર;
સાચા સંત તજે ધન નારી, ખોટા સંત બને ઘરબારી. ૨૩
રામકી સાડી કાંચળી માગે, ન આપે તો ગાળો દેવા લાગે;
એવા ચાળા કરીને બતાવ્યા, હરિ ને હરિજનને હસાવ્યા. ૨૪
પછી હરિએ પ્રસાદી અપાવી, ગયાં લૈને તે બાવો ને બાવી;
દેખી સંત અસંતનો વેશ, દૈવી જીવે લીધો ઉપદેશ. ૨૫
જ્યારે બાવો ને બાવી સિધાવ્યા, ત્યારે સંત સભા માંહિ આવ્યા;
બોલ્યા એવે સમે બહુનામી, સુણો મા'નુભાવાનંદ સ્વામી. ૨૬
જન દેશી વિદેશી હશે જો, તમે સંભાળ સર્વની લેજો;
ભૂખ્યાને તો અપાવજો અન્ન, ખૂટે ખરચી અપાવજો ધન. ૨૭
અહો શ્રીહરિ એવા દયાળુ, બીજો બ્રહ્માંડમાં કોણ ભાળું;
પછી સંત ને હરિજનસંગે, પ્રભુ ત્યાંથી પધાર્યા ઉમંગે. ૨૮
ગામથી પશ્ચિમે છે તળાવ, દક્ષણાદી પાળે ગયા માવ;
કુવાકાંઠે મગાવીને રંગ, રમ્યા શ્રીહરિ સૌ જનસંગ. ૨૯
ઈન્દ્ર આદિક જોવાને આવ્યા, સારાં પુષ્પે પ્રભુને વધાવ્યા;
ત્યાંથી જૈને તળાવમાં નાથે, જળક્રીડા કરી સખા સાથે. ૩૦
આસપાસ સખા સહુ ના'ય, તાળી પાડીને કીર્તન ગાય;
પછી નીસરીને નીર બહાર, કોરાં વસ્ત્ર ધર્યા કરતાર. ૩૧
અશ્વે અસવાર થૈ મહારાજ, પેઠા પુર માંહિ સહિત સમાજ;
દેતાં દર્શન સર્વને ત્યાંય, બિરાજ્યા જઈ દરબારમાંય. ૩૨
પૂરવાભિમુખે છે ઓશરી, બેઠા ઢોલિયા ઉપર હરિ;
બેઠા સંત ને હરિજન સહુ, સભા શોભિત થૈ તે તો બહુ. ૩૩
ભક્તિપુત્ર બોલ્યા ભગવંત, સુણો સૌ હરિભક્ત ને સંત;
મોક્ષ પામ્યાનાં ચાર નિદાન, ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન. ૩૪

૧. હરિજનના ગોર ૨. તંબુરો, એકતારો

અહિંસા અને શુદ્ધ આહાર, જાણો ધર્મનો એહ પ્રકાર;
પ્રભુમાહાત્મ્ય જ્ઞાન સહિત, પૂરો પ્રેમ તે ભક્તિની રીત. ૩૫
કૃષ્ણ વગર બીજે નહીં રાગ, જાણો તેનું જ નામ વૈરાગ;
જીવ ઈશ્વર માયાને જાણે, જાણો જ્ઞાન તો એ જ પ્રમાણે. ૩૬
સદા સ્મરણ રહે જેને મારું, તેને ઉત્તમ ભક્ત હું ધારું;
વસ્ત્ર ધોળાં કે ભગવાં જે ધારે, નથી એ થકી ઓછું વધારે. ૩૭

**ગીતછંદ :**

સૌને સરખા જાણું, ધોળાને વળી સભેખ ભગવાને[1];
પૂરણ પ્રેમે રીઝું, ભાખ્યું ભક્તીતનૂજ ભગવાને. ૩૮
શ્રી સ્વામિનારાયણ, આશ્રિત જનને અનેક વરદાતા;
અતિશય ઉદાર એવો, અખિલ જગતમાં નથી અવર દાતા. ૩૯

**ચોપાઈ :**

વાલે વાતો કરી ઘણી વાર, ઉપદેશ દીધો બહુ સાર;
સૌના હૈયામાં હરખ વધાર્યા, પ્રભુજી પછી જમવા પધાર્યા. ૪૦
જમતાં જમતાં લાગે સ્વાદ, આપે હરિજનને તે પ્રસાદ;
જમી ઉઠી લીધો મુખવાસ, દેખીને હરખે હરિદાસ. ૪૧
પછી સંતની પંગત થઈ, પીરસે પ્રભુજી તહાં જઈ;
લૈને લાડુ જલેબીનાં નામ, વારે વારે ફરે ઘનશ્યામ. ૪૨
પીરસા પછી ધોઈને હાથ, ઢોલિયે બિરાજ્યા મુનિનાથ;
ગંગારામ આદિક મલ્લ જેહ, કચ્છવાસી તહાં આવ્યા તેહ. ૪૩
મલ્લે ખેલ કર્યો ચાહિ[2] ચિત્ત, શ્રીજીએ શિખવી તેની રીત;
જોઈ રાજી થયા છે મુરારી, આપ્યાં અંગનાં વસ્ત્ર ઉતારી. ૪૪
એવી લીલા કરીને અપાર, કર્યો શ્રીજીએ જય જયકાર;
પછી ત્યાંથી વિદાય તે થયા,દદુકે થઈ ગઢપુર ગયા. ૪૫

૧. ભગવા વસ્ત્રને ૨. ઈચ્છિને

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સરસ કુસુમદોલનો સમૈયો, પુર મછિયાવ વિષે વિચિત્ર થૈયો;
મુનિજન મનમાં વિચારી લે છે, ગણિ ગણિ ધન્ય સુધ્યાનમાં ધરે છે. ૪૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે મછીયાવગ્રામે*
*પુષ્પદોલોત્સવનામ ષટ્ચત્વારિંશો વિશ્રામઃ ॥૪૬॥*

**પૂર્વછાયો :**

ગોવિંદજી ગઢપુર વિષે, રહી કરે ચરિત્ર વિચિત્ર;
જે સુણતાં જન સર્વનાં, તન ને મન થાય પવિત્ર. ૧

**ચોપાઈ :**

બ્રહ્માનંદને એવે પ્રસંગે, મંદવાડ થયો કાંઈ અંગે;
થોડે થોડે કરજ વધે જેમ, મંદવાડ વધ્યો ઘણો તેમ. ૨
સૂણે સંત કે હરિજન જેહ, આવે દર્શન કરવાને એહ;
બહુ માંદા દેખી મુનિરાય, દીલમાં સહુ દિલગીર થાય. ૩
મુનિ સતસંગના થંભ જેવા, કવિ તો કોઈ દીસે ન એવા;
કોઈ દિવસ જો શ્રીજી રીસાય, પાસે કોઈ થકી ન જવાય. ૪
કવિતા મુનિબ્રહ્મ સુણાવે, ઉદાસી હોય તોય હસાવે;
રીસ તો ઝટ ઉતરી જાય, વાદળાં જેમ પવને વિખાય. ૫
કહે સૌ મુનિબ્રહ્મ જો જાશે, સતસંગીની શી ગત થાશે;
એવું ધારીને સર્વ સમાજ, કહે શ્રીજીને હે મહારાજ. ૬
મુનિને મંદવાડ મટાડો, એને આ વખતે તો ઉઠાડો;
સુણી શ્રીહરિએ વાત કહી, એની આવરદા આવી રહી. ૭
કરીએ કદી કોટિ ઉપાય, તોય જીવતા તો ન રખાય;
આ છે પ્રારબ્ધને વશ દેહ, રહે આવરદા સુખી એહ. ૮
સંત હરિજન બોલિયા ત્યારે, કાળ કર્મ તો વશ છે તમારે;
તમે જેમ કરો તેમ થાય, અન્યથી ફેરવી ન શકાય. ૯
માટે બ્રહ્મમુનિને ઉગારો, અમે માનશું પાડ તમારો;
એવી બોલતાં ગદગદ વાણી, સૌની આંખમાં આવિયા પાણી. ૧૦

ત્યારે બોલ્યા પ્રભુ સાક્ષાત, આપો આયુષ દીન સાત સાત;
તેથી જીવતા એને રખાય, નથી બીજો તો એકે ઉપાય. ૧૧
બોલ્યા પ્રત્યેક નર અને નારી, આખી આવરદા આપું મારી;
આખા બ્રહ્માંડના પ્રાણ જાય, તો સારું જો એને રખાય. ૧૨
કહે શ્રીજી બીજી તજી વાત, આપો આયુષ દીન સાત સાત;
નરનારી મળી એહ સ્થાન, હતાં જન ત્યાં છસેં અનુમાન. ૧૩
સાત સાત દિવસ સૌએ દીધાં, શ્રીજીએ મુનિને સાજા કીધા;
કહે કૃષ્ણ આ મુલક મોઝાર, મુનિ આ જીવશે વર્ષ બાર. ૧૪
સુણી સર્વે જનો રાજી થયાં, પગે લાગી પોતે ઘેર ગયાં;
એવો પ્રગટ પ્રભુનો પ્રતાપ, માપતાં તેનું થાય ન માપ. ૧૫
કહે વર્ણિ સુણો હે નરેશ, બ્રહ્માનંદની વાત વિશેષ;
કહું આજ હું પામી પ્રસંગ, આપ સાંભળો રાખી ઉમંગ. ૧૬
બ્રહ્માનંદ તણો એક ચેલો, ઉપદેશથી સાધુ થયેલો;
રહે તે તો બ્રહ્માનંદ પાસ, સજે સેવા ખરો થઈ દાસ. ૧૭
પણ તેનો વિચિત્ર સ્વભાવ, બીજા સાધુથી ન રહ્યો બનાવ;
તેથી મુક્તમુનિના મંડળમાં, તે તો જઈને રહ્યો એહ પળમાં. ૧૮
મુક્તાનંદે તો જાણીયું એમ, રાખવો તેહને જેમ તેમ;
નહી રાખીએ તો અકળાશે, સતસંગમાંથી પડી જાશે. ૧૯
એમ જાણીને રાખીયો એને, આપી ધીરજ તે સમે તેને;
બ્રહ્માનંદે તે સાધુ બોલાવ્યો, પાસે રાખવા બહુ સમજાવ્યો. ૨૦
પણ તે તો થઈને ઉદાસ, રહ્યો જૈ મુનિ મુક્તની પાસ;
બ્રહ્માનંદને તો શંકા આવી, મુક્તાનંદે રાખ્યો ફોસલાવી. ૨૧
મુક્તાનંદના દર્શન કાજ, સાત દિન ન ગયા મુનિરાજ;
શ્રીજી આગળ જઈને તે સહી, વાત સર્વ રતનજીએ કહી. ૨૨
પછી સાંજે સભા થઈ જ્યારે, નિત્યાનંદ કથા કરે ત્યારે;
તેમાં પંચમસ્કંધ વંચાય, જડભરતની આવી કથાય. ૨૩
સમાપ્તિ કથાની થઈ જ્યારે, ત્રિભૂવનપતિ બોલીયા ત્યારે;
જડભરતજી વરતીયા જેમ, સાધુએ સદા વર્તવું તેમ. ૨૪

સાધુ રાખે ન રાગ કે દ્વેષ, નહીં મારું તારું લવલેશ;
અપમાનથી શોક ન થાય, કદી કોઈ સાથે ન રીસાય. ૨૫
બ્રહ્માનંદ સુણો રુડા સંત, તમે છો ભલા વૈરાગ્યવંત;
તમે કાવ્યકળા વિષે કાવ્યા, ઘણા ભૂપના સિરપાવ લાવ્યા. ૨૬
કૈક રાયે રાખવા માંડ્યા, પણ છેક તમે તેને છાંડ્યા;
પછી આવ્યા પંચાળદેશ, અમારો સાંભળ્યો ઉપદેશ. ૨૭
ઉપજ્યો ઉર માંહિ વિરાગ, ત્યારે કીધો કુટુંબનો ત્યાગ;
તમે ત્યાગી થયા બડભાગી, તમ તુલ્ય છે કોણ વિરાગી. ૨૮
દીઠું અચરજ આજ વિશેષ, કર્યો માયાએ તમમાં પ્રવેશ;
મુક્તાનંદ સાથે મુનિરાયા, એક ચેલાને માટે રીસાયા. ૨૯
મુક્તાનંદ ગુરુ છે અમારા, ગુરુ જાણવા તે તો તમારા;
આજ સાત દિવસ ગયા વહી, તમે દર્શન પણ કર્યા નહી. ૩૦
ઓરડામાં હતાં મોટી બાય, બોલ્યાં ત્યાંથી અહો હરિરાય;
સાધુમાં પણ ચેલા ને માટ, થાય છે આવી તો ફૂટફાટ. ૩૧
પછી બ્રહ્મમુનિ બોલ્યા વાણી, કહું સાંભળો સારંગપાણિ;
નથી મારો એમાં કાંઈ વાંક, હું તો છું સતસંગમાં રાંક. ૩૨
પણ માંદો થયો હતો જ્યારે, સૌએ આવરદા આપી ત્યારે;
કોઈ બાઈ હશે વઢકારી, ખરી હોય જેવી બલા ખારી. ૩૩
એની આયુષ્યના દિન સાત, આ મે ભોગવિયા નરભ્રાત;
થયો બુદ્ધિમાં તેથી બગાડ, ઉપજ્યું ઈરષા તણું ઝાડ. ૩૪
એમ ઉચરીને ઉભા થઈ, મુનિમુકતની આગળ જઈ;
કર્યો પ્રેમથી દંડપ્રણામ, વળી વિનતી કરી એહ ઠામ. ૩૫

**વૈતાલીય :**

મુનિબ્રહ્મ નમી નમી કહે, વળિ આંખે બહુ આંસુડાં વહે;
મુનિમુક્ત મહાગુરુ તમે, મુનિ બીજા તવ શિષ્ય સૌ અમે. ૩૬
રહીએ નમતા ઉમંગમાં, પણ માયા પસરાઈ અંગમાં;
ઉપજ્યો અવગુણ એ થકી, ન નમ્યો હું તમને જ તે થકી. ૩૭

તજીને ઘરબાર આવિયો, નથી સાથે સુત શિષ્ય લાવિયો;
મૃગલું ભરતાખ્યનું ગયું, મુજ ચિત્તે પણ એ રીતે થયું. ૩૮
સહેજે તરી જાય સાગરે, પછી કાંઠે જઈને બુડી મરે;
તજી રાજ્ય વસે વન જઈ, પછી તૃષ્ણા ઉરમાં ઉદે થઈ. ૩૯
મુજનું મન એહવું થયું, નહીં જાણું નિજ જ્ઞાન ક્યાં ગયું;
અવગુણ લિધો જ આપનો, શિર લીધો બહુ બોજ પાપનો. ૪૦
ખરી તે ખળતા ક્ષમા કરો, દિનબંધુ દિલમાં દયા ધરો;
મુજને નિજ દાસ જાણિને, મુનિ બોલો મુખ મિષ્ટ વાણિને. ૪૧
ઉચર્યા મુનિમુક્ત એ સમે, નથી કાંઈ ઈરષા કરી તમે;
મુજને નથી દુઃખ લાગિયું, તમ સાથે નથી હેત ત્યાગિયું. ૪૨
મુનિનાં મન બેયનાં મળ્યાં, શુભ જેવાં પય[1] શર્કરા[2] ભળ્યાં;
અતિ અંટસ[3] સાધુ રાખશે, જીવ જાણો અસુરાંશ એ હશે. ૪૩

**ચોપાઈ :**

બ્રહ્માનંદ તણી એહ વાત, સર્વ સંતમાં થઈ પ્રખ્યાત;
તેથી સૌએ શીખામણ લીધી, ટેવ ઈરષા તણી તજી દીધી. ૪૪
કદી ઈરષા જો ઉત્પન્ન થાય, જળમાં જેમ લીટિ જણાય;
વળી વર્ણિ કહે સુણો રાય, કહું શ્રીહરિ કેરી કથાય. ૪૫
એક અવસરે સુંદરશ્યામ, રથજાત્રા કરી એહ ઠામ;
વરતાલ જવાનું વિચારી, ગયા સારંગપુર સુખકારી. ૪૬
જીવા ખાચર કેરે નિવાસ, મહારાજ રહ્યા એક માસ;
કરી લીલા અનેક પ્રકાર, જનને સુખ આપ્યું અપાર. ૪૭
ગયા શ્રીહરિ સુંદરિયાણે, એક રાત રહ્યા તે ઠેકાણે;
ગયા ધંધુકે ધર્મકુમાર, ત્યાંથી ખસતે ગયા સુખકાર. ૪૮
રહ્યા ત્યાં જઈને એક રાત, ગયા ગામ ખડોળ પ્રભાત;
જોઈ ત્યાંનું તળાવ વિશાળ, નાહ્યા તે વિષે ધર્મનો લાલ. ૪૯
ઝાડ છે ત્યાં તળાવની પાળે, કર્યો ઉતારો દીનદયાળે;
વર્ણિ વૈકુંઠાનંદ સ્વછંદ, બીજા વર્ણિ નારાયણાનંદ. ૫૦

૧. દૂધ, ૨. સાકર ૩. વેર લેવાની વૃત્તિ, પાડાખાર

ત્રીજા રાઘવાનંદજી હતા, સદા સેવા વિષે સજ્જ થતા;
એક વિપ્ર આવ્યો તેહ ઠામ, જાણો જેનું હરિભાઈ નામ. ૫૧
પગે લાગીને બેઠા સભામાં, વાત નીકળી એવા સમામાં;
સગા વૈકુંઠાનંદના જાણ્યા, વળી સૌએ સ્વભાવે વખાણ્યા. ૫૨
સુણી શ્રીજી બોલ્યા તેહ સમે, કરો વિપ્ર રસોઈ તો તમે;
આજ ઈચ્છા થઈ છે અમારી, ખાવી બાટી કરેલી તમારી. ૫૩
પછી વિપ્રે તે બાટી બનાવી, કર્યું શાક વૃંતાક મગાવી;
જમ્યા શ્રીજી તથા બ્રહ્મચારી, કહ્યું થૈ છે રસોઈ તો સારી. ૫૪
વિપ્રની દઢતા જોવા નાથે, જમવાને માંડ્યું બેય હાથે;
ક્રિયા પ્રાકૃત દીઠી તે ઠાર, તોય સંશય ન થયો લગાર. ૫૫
થયા શ્રીપ્રભુ તેથી પ્રસન્ન, આપ્યું કલ્યાણકારી વચન;
પછી ચાલિયા સુંદરશ્યામ, પ્રભુજી ગયા પછિમ ગામ. ૫૬
મહારાજ રહ્યા કરી મેહેર, જયરાજ પટેલને ઘેર;
કમિયાળે ગયા કૃપાનાથ, ત્યાંથી બોરુ ગયા સહુ સાથ. ૫૭
પછી પરવર્યા પૂરણકામ, દેતા દર્શન તે ગામો ગામ;
ગળિયાણે ગયા ગિરધારી, ત્યાંથી સંજીવાડે સુખકારી. ૫૮
જગરૂપ બારોટને ઘેર, પ્રભુ રાત રહ્યા રુડી પેર;
ગયા સોજીતરાને પાદર, આવ્યાં દર્શને નારીયો નર. ૫૯
પાટીદાર ત્યાં ગોકળભાઈ, લખાભાઈ આવ્યા હરખાઈ;
તેણે પૂજા કરી સુપ્રકાર, કૃપાનાથે કરી અંગીકાર. ૬૦
ત્યાંથી વાલો આવ્યા વરતાલ, થયા નિરખીને ભક્તો નિહાલ;
નારાયણગર બાવાની મેડી, તહાં લઈ ગયા સૌ જન તેડી. ૬૧
કર્યો ત્યાં રુડી રીતે ઉતારો, રીઝયા જોઈને ધર્મદુલારો;
પણ વાસણ સુતાર વાસ, જમવા જતા શ્રીઅવિનાશ. ૬૨
કૃષ્ણજન્માષ્ટમી દિન આવ્યો, ત્યારે સમૈયો સારો ભરાવ્યો;
ભલા સુરતના ભક્ત આવ્યા, તાવદાન[1] ભલું ભેટ લાવ્યા. ૬૩
તેમાં બેસીને વિશ્વવિહારી, ચાલ્યા ના'વા સજી અસવારી;
ધન્ય ધન્ય તે ધના તળાવ, ના'યા જે વિષે નટવરનાવ. ૬૪

૧. ખુરશીના ઘાટની પાલખી

જળકેળી કરી સખાસંગે, કોરાં વસ્ત્ર ધર્યા પછી અંગે;
ગામનું જે તળાવ ગણાય, તે તળાવથી ઈશાન માંય. ૬૫
આંબે હિંડોળો બાંધ્યો તે ઠામ, ઝૂલ્યા ત્યાં બેસી સુંદરશ્યામ;
હતો હિંડોળો નાનો હે ભૂપ, નાથે ત્યાં ધર્યુ નાનુ સ્વરૂપ. ૬૬
જોઈ જનમન વિસ્મિત થાય, જાણ્યો શ્રીહરિનો મહિમાય;
એવાં પાવનકારી પવિત્ર, કરે નાથ વિચિત્ર ચરિત્ર. ૬૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ધરમતનુજનાં રુડાં ચરિત્ર, શ્રુતિ સુણતાં જન થાય છે પવિત્ર;
નિશદિન સુણવા ચહે અતંત[1], જન તન પામિ વિવેકી બુદ્ધિમંત. ૬૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયેકૃષ્ણ-*
*જન્માષ્ટમીકરણનામ સપ્તચત્વારિંશો વિશ્રામઃ ॥૪૭॥*

**પૂર્વછાયો :**

વર્ણિ કહે નૃપ સાંભળો, વરતાલમાં શ્રીવૃષનંદ;
ચરિત્ર જે અદ્‌ભૂત કર્યું, એહ ઉચ્ચરું ધરી આનંદ. ૧

**ચોપાઈ :**

જ્ઞાનબાગમાં આમલો સારો, જોઈ સંતે કર્યોતો ઉતારો;
તહાં હીંડોળો એક બંધાવ્યો, ભાળતાં ભક્ત સર્વને ભાવ્યો. ૨
સંતે વિનતિ હરિ પાસ, અહો નાથ અજર અવિનાશ;
કૃષ્ણજન્મ સમો થાય જ્યારે, ત્યારે આવી અમારે ઉતારે. ૩
હીંડોળામાં ઝુલો હરિરાય, પુરો એવી અમારી ઈચ્છાય;
સુણી શ્રીહરિએ માની વાત, પછી જ્યારે ગઈ અર્ધરાત. ૪
જ્ઞાનબાગે આવ્યા ગિરિધારી, ઝૂલ્યા હીંડોળે વિશ્વવિહારી;
સૌએ હીંડોળામાં તેહ વાર, દીઠો અકળિત તેજઅંબાર. ૫
જાણે એ જ છે અક્ષરધામ, દેખે તે રીતે લોક તમામ;
તેજમાં દિસે મૂર્તિ અનૂપ, પુરુષોત્તમ પ્રગટ સ્વરૂપ. ૬

૧. નિઃશંકપણે, આનંદસહિત

પુષ્પવૃષ્ટિ આકાશથી થાય, તે તો દષ્ટિએ સૌને દેખાય;
બ્રહ્માનંદ કહે મહારાજ, ક્યાંથી પુષ્પ પડે છે આ આજ. ૭
સુણી શ્યામ બોલ્યા તતખેવ, આજ દર્શને આવ્યા છે દેવ;
નભે રહી પુષ્પવૃષ્ટિ કરે છે, ક્ષિતિમાં[1] તેહ પુષ્પ ખરે છે. ૮
એવું અદ્‌ભુત જોઈ અપાર, થયાં વિસ્મિત સૌ નરનાર;
મહિમા મહારાજનો જાણ્યો, એ તો પ્રૌઢ પ્રતાપ પ્રમાણ્યો. ૯
પછી સંત હિંડોળાને ફરતા, ફર્યા ફેરતે ગર્બી ઉચરતા;
રાસમંડળ સરસ જણાય, તેની શોભા ન વરણી શકાય. ૧૦
એમ ઉત્સવના દિન ગયા, ત્યારે સંઘ વિદાય તે થયા;
ભલો માસ ભાદરવો આવ્યો, ચંદ્ર હસ્ત નક્ષત્રે સુહાવ્યો. ૧૧
ઉપાકર્મ[2] ક્રિયા કરવાને, શોધી એકાંત શ્રીભગવાને;
તેવું જાણિયું ધનાતળાવ, ગયા ત્યાં મનમોહન માવ. ૧૨
સારા ગોભિલસૂત્ર[3] પ્રમાણે, ઉપાકર્મ કર્યું તેહ ટાણે;
ચોથને દિન પૂજ્યા ગણેશ, વેદમંત્ર ઉચારી વિશેષ. ૧૩
આવી ઝીલણી ત્યાં એકાદશી, વૃષનંદનને મન વસી;
સારી રીતે સજી અસવારી, ગયા ટાડણસર ગિરધારી. ૧૪
કર્યું મજ્જન તેમાં ઉમંગે, જળકેળી કરી સખાસંગે;
આવ્યો દસરા તણો દિન જ્યારે, શમી પૂજવા નીસર્યા ત્યારે. ૧૫
ભારે ભૂષણ ને વસ્ત્ર ધારી, સજી શોભે તેવી અસવારી;
ધારાળા[4] સરવે ધીર વીર, આવ્યા ધારીને કામઠાં તીર. ૧૬
પછી આવિયા સર્વ પટેલ, ઘણા શોભિત ઘોડે ચડેલ;
કાઠીના અસવાર અપાર, તે તો દીસે સારા સરદાર. ૧૭
બામણોલી ને મહુડીયું પરું, નરસંડા વલાસણ ખરું;
એહ આદિક પાસેના ગામ, ત્યાંના આવિયા ભક્ત તમામ. ૧૮
જેવી ઈન્દ્ર તણી અસવારી, શોભે શ્રીજીની તે થકી સારી;
છબિલા શિર છત્ર બિરાજે, વાજાં વિવિધ પ્રકારનાં વાજે. ૧૯
પ્રભુજી પાસે ચાલે છે પાળા, મહાશૂરા ભલા મતવાળા;
છડીદાર ખમા ખમા બોલે, શોભા દેખીને દીગપાળ ડોલે. ૨૦

૧. પૃથ્વિ ૨. જનોઈ બદલવાની ક્રિયા ૩. સામવેદનું એ નામનું એક સૂત્ર ૪. કોળીની જાત

ભલું ધારુતળાવ જે ઠામ, આજ છે જેનું ગોમતી નામ;
હાલ છત્રી કરાવી છે જ્યાંય, શ્રીજી ને સંત જે બેઠા ત્યાંય. ૨૧
ખૂબ કાઠીએ ખેલાવ્યાં ઘોડાં, કોઈ એકલાં કોઈ સજોડાં;
જેમ વીજળી આવે ને જાય, ઘોડાં દોડતાં અમ દેખાય. ૨૨
કોઈ અસ્વાર દોડે છે અળગા, કોઈ તો એક એકને વળગ્યા;
દડો ફૂલનો નાખે અગાડી, દોડતે ઘોડે લે છે ઉપાડી. ૨૩
જેને ઉત્તમ અસવાર જાણે, વૃષનંદન તેને વખાણે;
થાય બંદૂકના બહુ બહાર, છૂટે ટેટા[1] હવાઈ અપાર. ૨૪
હતો ખીજડો ઉત્તરમાંય, પૂજવાને પ્રભુ ગયા ત્યાંય;
ગોર ડાયા મેતા વનમાળી, તેણે પૂજા કરાવી રુપાળી. ૨૫
દ્વિજને દીધાં દક્ષિણાદાન, આવ્યા પ્રથમ સ્થળે ભગવાન;
હતા સંત ભણ્યા ગણ્યા જેહ, બોલ્યા શ્લોક નવા જોડી તેહ. ૨૬
શાસ્ત્રીયોએ ત્યાં ચર્ચા ચલાવી, સુણી ભૂધરને મન ભાવી;
રાત થૈ પ્રગટાવી મશાલો, વળ્યા ગામ ભણી વૃષલાલો. ૨૭

**શાર્દૂલવિક્રીડિત :**

અસ્વારી અવલોકવા બહુજનો એ સ્થાન આવી અડ્યા,
જગ્યા ત્યાં ન જડી ઘણા જન મળી પ્રત્યેક ઝાડે ચડ્યા;
સ્રષ્ટાના મનનો શું ગર્વ હરવા જાણે સ્વ ઈચ્છા ધરી,
માટે માણસ કેરી કશ્યપમુની વૃક્ષોથી સૃષ્ટી કરી. ૨૮

**ચોપાઈ :**

આવ્યા ઉતારે નટવર નાથ, ભેટ્યા સૌને ભિડી ભિડી બાથ;
પુરવાસી ગયા નિજ ઘેર, થઈ આનંદની અતિ લહેર. ૨૯
ભક્ત બોલ્યા તખોપગી ત્યારે, આવો હે પ્રભુ ગામ અમારે;
કરો શરદપુનમ તહાં શ્યામ, ઈચ્છે જન બામણોલીના આમ. ૩૦
નવા પુંવા કર્યા છે તૈયાર, આવીને કરો અંગીકાર;
એવી વિનતિ સુણીને અતોલ, બહુનામી ગયા બામણોલ. ૩૧
હતો શરદપુનમ દિન સારો, કર્યો ખેતર માંહિ ઉતારો;
તખો બાદર જોરો ને બાજી, વનેસંગ થયા બહુ રાજી. ૩૨

૧. ફટાકડાની જાત

ભલા ભક્ત અમરસિંહ એવા, મળી સૌએ સજી ભલી સેવા;
દૂધ સાકર ને પુવા લાવ્યા, ધર્મનંદન પાસે ધરાવ્યા. ૩૩
ભગવંત જમ્યા જમ્યા સંત, જમ્યા પાર્ષદ આદિ અનંત;
પુંવા જેણે કરેલા તૈયાર, તેના પુણ્ય તણો નહિ પાર. ૩૪
ધન્ય ધન્ય તે બાઈયો ધર્મી, કહેવાય તે તો સતકર્મી;
તખાની નારી ઉજમ છેય, ફુલબા પ્રાણબા પુત્રી બેય. ૩૫
પુંવા તૈયાર તેણે કરેલા, સાચવી શુભ પાત્રે ધરેલા;
કોટિબ્રહ્માંડના કરતાર, પુંવા તેણે કર્યા અંગિકાર. ૩૬
ગુણ વર્ણવે શારદા શેષ, મહિમા શું વખાણું વિશેષ;
હતી રાયણ ખેતરમાંય, બાંધ્યો હિંડોળો સુંદર ત્યાંય. ૩૭
હેતે તેમાં ઝુલાવ્યા હરિને, ગાયાં કીર્તન સંતે ફરીને;
જળકુંડે શોભે શશી જેમ, શોભે સંતમાં શ્રીહરી તેમ. ૩૮
એવી લીલા કરી વૃષલાલ, આવ્યા વળતે દિવસ વરતાલ;
આપે હરિજનને સુખ આપ, ક્યારે દેખાડે પ્રૌઢ પ્રતાપ. ૩૯
પાટીદાર વસે આંહિ વાસ, દાસ કુબેર રણછોડદાસ;
એહ આદિક હરિજન જેહ, જમવાનું કહે આવી તેહ. ૪૦
તેને ઘેર જઈ ઘનશ્યામ, જમે સતં સહિત સુખધામ;
વાલે તે સર્વ સ્થળે વીચરી, જગ્યા સર્વ પ્રસાદીની કરી. ૪૧
ગોમતીને તટે જહાં, શુભ બેઠક છે સુણ રાજ;
બહુ ત્યાં જઈ બેસતાં સ્વામી, અક્ષરાતીત અંતરજામી. ૪૨
જ્ઞાનબાગમાં આમલો હતો, જોતાં સૌથી સરસ શોભતો;
શ્રીજી ત્યાં બેસતા ઘણી વાર, સજી સંત સભા સુખકાર. ૪૩
વરતાલમાં એમ વિચર્યા, આસપાસના ગામમાં ફર્યા;
કરી એમ આનંદકિલ્લોલ, ગિરિધારી ગયા ગામ જોળ. ૪૪
વાલો ત્યાંથી વલાસણ ગયા, નિજદાસ ઉપર કરી દયા;
રઘાભાઈ રહે તેહ ઠામ, તથા બારોટ રાઈજી નામ. ૪૫
બીજા ત્રીકમ ને ત્રીજા વજો, તેણે અધરમનો સર્ગ તજ્યો;
સૌએ સેવા કરી સુપ્રકાર, કૃપાનાથે કરી અંગિકાર. ૪૬

વાલોજી બોચાસણે વિચર્યા, કાશીદાસ ઘેર ઉતર્યા;
રહ્યા ત્યાં શ્રીહરિ બેય રાત, પછી ઉઠીને ચાલ્યા પ્રભાત. ૪૭
ધરમજ અને વડદલા ગામ, બેનો સીમાડો છે જેહ ઠામ;
તહાં એક તળાવડી ભાળી, એનું નામ કહે છે અંબાળી. ૪૮
તેની પાસે જ ખેતરમાંય, હતી રાયણ ને કોઠી ત્યાંય;
ઊતર્યા પ્રભુજી એહ સ્થાન, કર્યું નિર્મળ જળમાં સ્નાન. ૪૯
પેંડા બરફી જમ્યા ભગવંત, જમ્યા મોતીયા કાઠીને સંત;
ખેત્રનો ધણી ભૂખણદાસ, પગે લાગ્યો આવી પ્રભુ પાસ. ૫૦
તેણે તાણ કરી તેહ કાળે, પ્રસાદી આપી પરમ કૃપાળે;
પછી ઘોડીએ થઈ અસવાર, વિચર્યા ત્યાંથી વિશ્વઆધાર. ૫૧
વાટે આવિયું વડદલા ગામ, જોયું નાથે તળાવ તે ઠામ;
ત્યાંથી માણજ થૈ અવિનાશ, ગયા રામોલડી ગામ પાસ. ૫૨
કુવે જઈ ઘોડીને જળ પાઈ, તહાં ઊભા રહ્યા સુખદાઈ;
કરણો ગઢવી ગામમાંય, રહેતા તે આવી ચડ્યા ત્યાંય. ૫૩
તેણે શ્રીજીને ઓળખ્યા નહીં, ઘોડી શ્રીજીની ઓળખી સહી;
જાણ્યું આ કાઠિયાવાડવાસી, ઘોડી ચોરીને જાય છે નાશી. ૫૪
ઉચર્યા ગઢવી આંખ તાણી, કહો ક્યાંથી ઘોડી તમે આણી;
સુણી બોલિયા શ્રીગિરિધારી, એ તો ઘરની છે ઘોડી અમારી. ૫૫
કહે ગઢવી તે જુઠી કહી છે, એ તો સ્વામિનારાયણની છે;
કહે શ્રીજી જૂઠા નથી અમે, કહે શી રીતે ઓળખી તમે. ૫૬
ત્યારે ગઢવી બોલ્યા તતકાળ, નરસંડે છે મારું મોસાળ;
ત્યાંથી વરતાલ હું એક વારે, ગયો દર્શન કરવાને જ્યારે. ૫૭
ત્યારે આ ઘોડીએ ચઢી એહ, સ્વામી નાવા જતા હતા તેહ;
છત્ર ચામર ને છડીદાર, દીઠી સાહેબી અપરમપાર. ૫૮
તેની ધોડી ચોરી લાવ્યા તમે, કેમ લૈ જવાને દેશું અમે;
એવી રગજગ થાય છે જ્યાંય, એક આવિયો અસવાર ત્યાંય. ૫૯
ગઢવીને તે એમ કહે છે, આપે સ્વામિનારાયણ એ છે;
ત્યારે ઝાંખા પડ્યા તેહ ઠામ, પ્રભુને કર્યા દંડપ્રણામ. ૬૦

કરી વિનતિ જોડી જુગ હાથ, તમને મેં ન ઓળખ્યા નાથ;
અતિ દુસ્તર છે તમ માયા, ભવ બ્રહ્મા જેવા ભરમાયા. ૬૧
ત્યારે માણસ તે કોણ માત્ર, જે છે અલ્પમતિ તણું પાત્ર;
એવી વિનતિ સુણી ભગવાન, તેને આપ્યું અભય વરદાન. ૬૨
કૃષ્ણ ત્યાંથી ચાલ્યા તેહ કાળે, ગયા સાંસદ થૈ ઊંટવાળે;
ગામ બુધેજમાં પ્રભુ ગયા, ખોડાભાઈ ભુવન રાત રહ્યા. ૬૩
ગયા ગુડેલ ગામ સુપેર, રહ્યા ત્યાં જીજીભાઈને ઘેર;
ગયા પિપળીએ હરિરાય, દાદાભાઈના દરબારમાંય. ૬૪
ગયા ઘોલેરે અક્ષરધામી, ત્યાંથી નાવડે અંતરજામી;
હીરાભાઈને ઘેર શ્રીહરિ, એક રાત રહ્યા દયા કરી. ૬૫
પછી ઉઠીને પ્રાતઃકાળે, બહુનામી ગયા બરવાળે;
વીરાભૂતા વણિકને વાસ, ઉતર્યા જઈને અવિનાશ. ૬૬
શીરો પુરી ને દહીં તણો થાળ, તેને ઘેર જમ્યા જનપાળ;
ગામના હરિજન સહુ આવ્યા, લાડુ મોતીયા ગાંઠિયા લાવ્યા. ૬૭
સંત પાર્ષદને તે જમાડ્યા, એમ સૌને સંતોષ પમાડ્યા;
કારિયાણિએ ત્યાં થકી ગયા, ત્યાંથી ગઢપુરમાં જઈ રહ્યા. ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજજન હિત કાજ સચ્ચરિત્ર, વસી વરતાલ કર્યા ઘણાં વિચિત્ર;
બહુ સ્થળ વિચર્યા સ્વભક્ત સારુ, ભગવત તેહ કરો ભલું અમારું. ૬૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે
અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયાદિ
વિચરણનામ અષ્ટચત્વારિંશો વિશ્રામઃ ॥૪૮॥*

**પૂર્વછાયો :**

નિત્ય લલિત લીલા કરે, રહી દુર્ગપુરમાં દયાળ;
દીપોત્સવી અન્નકુટનો, કર્યો ઉત્સવ અધિક વિશાળ. ૧
આવી એવામાં પ્રબોધિની, થયો સમૈયો પણ બહુ સાર;
હરિજન દેશોદેશથી, મળી આવ્યા હજારોહજાર. ૨

નદીયો ચારે તરફથી, આવી સાગરમાં મળે જેમ;
દશે દિશાથી સંઘ બહુ, આવે દુર્ગપુરીમાં તેમ. ૩
સંત મહાં મળ્યા ઘણા, કથા કીર્તન નિત્યે થાય;
જોતાં દુરગપુર તે સમે, નૈમિષારણ્ય ક્ષેત્ર જણાય. ૪
સંત આવ્યા ધર્મપુર થકી, કળી કુશળકુંવર્યની વાત;
ઈચ્છા રાખે છે અતિ ઘણી, પ્રભુ દર્શનની સાક્ષાત. ૫
સમો સમૈયાનો ગયો, સહુ દાસ ગયા નિજ દેશ;
સંતમંડળ ફરવા ગયાં, દેવા દૈવીને શુભ ઉપદેશ. ૬

**ચોપાઈ :**

ઉચર્યા અભેસિંહ ભૂપાળ, અહો વર્ણિજી દીનદયાળ;
ધર્મપુરના રાજા તણી રાણી, બાઈ કુશળકુંવર બહુ શાણી. ૭
તેને કેમ થયો સતસંગ, કહો એહ કથાનો પ્રસંગ;
સુણી વર્ણિ કહે સુણો રાય, કહું કુશળકુંવરની કથાય. ૮
જયારે હરિએ લીધો અવતાર, ત્યારે અવતર્યા મુક્ત અપાર;
રમા રાધા જેવી કોઈ શક્તિ, જન્મી ભૂતળ કરવાને ભક્તિ. ૯
પેટલાદ પાસે એક ગામ, જેનું ધર્મજ એવું છે નામ;
રહે ત્યાં મહીડા રજપુત, કેસરીસિંહ ગુણ અદ્ભુત. ૧૦
તેનો ઉમેદસિંહ કુમાર, ક્ષત્રિધર્મ તણો ધરનાર;
તથા પુત્રી પ્રગટ થઈ જેહ, નામ કુશળકુંવર ધર્યું તેહ. ૧૧
શિશુપણથી જ ધર્મ આચરતી, ભગવાનનું ભજન તે કરતી;
ધર્મપુરનો ધરાપતિ જેહ, સોમદેવ નામે શુભ તેહ. ૧૨
સુર્યવંશી શિશોદીયા જાતે, કશી ખામી નહીં કોઈ વાતે;
તેની સાથે તેને પરણાવ્યાં, સારો દાયજો દૈને વળાવ્યાં. ૧૩
રૂપદેવજી નામે કુમાર, પ્રગટ્યો તેને પેટે ઉદાર;
વજદેવ કુંવર થયા તેના, જશ ખૂબ પ્રસિદ્ધ છે જેના. ૧૪
તેનો તાત ને તાતનો તાત, વશા સ્વર્ગમાં જઈને વિખ્યાત;
ત્યારે કુશળકુંવરે વિચારી, વજદેવને પાટે બેસારી. ૧૫

જેમ રાજ્યને આંચ ન આવે, બાઈ એ રીતે રાજ ચલાવે;
તેને પૂર્વ તણું થવા જ્ઞાન, ઈછયા એક સમે ભગવાન. ૧૬
સાધુ પરમચૈતત્યાનંદ, તેને આગન્યા કરી ગોવિંદ;
ધર્મપુરમાં તમે તો સિધાવો, દૈવીને સતસંગ કરાવો. ૧૭
રહેજો તહાં ચાતુર માસ, કરજો મુજ જ્ઞાનપ્રકાશ;
સુણી એવું બોલ્યા તેહ સંત, ભક્તિપુત્ર સુણો ભગવંત. ૧૮
નથી સંસ્કૃત હું ભણ્યો કાંઈ, નથી વક્તાપણું મુજમાંઈ;
નવ જાણું શ્રુતિસ્મૃતિ લેશ, કરી કેમ શકું ઉપદેશ. ૧૯
મતવાદી વદે વાદ આવી, તેને કેમ શકું સમજાવી;
સુણી બોલિયા શ્રીભગવંત, કહું તે તમે સાંભળો સંત. ૨૦

**સંતનો ધર્મ જોઈને સત્સંગ થાય છે તે વિષે : ઉપજાતિ :**

સદ્ધર્મવાળા શુભ હોય સંત, એનાથી સત્સંગ વધે અનંત;
ભલે ભણ્યા કે ન ભણેલ હોય, તેના થકી થાય સમાસ તોય. ૨૧
સંન્યાસી શાસ્ત્રો બહુધા ભણે છે, તે ગામ ગામે રખડે ઘણે છે;
ભલે ભલા પંડિત તે ગણાય, વધે ન તેના થકી સંપ્રદાય. ૨૨
શૈવી તથા વૈષ્ણવ જૈનવાદી, કુરાનવાદી વળિ પાર્શિકાદી[૧];
તે સાધુના ધર્મ નિહાળી સારા, થયા ઘણા આશ્રિત છે અમારા. ૨૩
જો વારતા કાંઈ નહીં કરાશે, વૃત્તાંત જોઈ જન શિષ્ય થાશે;
ક્યાં સૂર્ય કાંઈ ઉપદેશ દે છે, તથાપિ તેના ગુણને નમે છે. ૨૪
સભા જીતે શાસ્ત્ર સમસ્ત જાણી, વદે સુસાહિત્ય સમેત વાણી;
ધર્મપ્રવૃત્તિ નહિ તેથિ થાય, વાચાળ તે વિશ્વ વિષે ગણાય. ૨૫
સાધુ વિષે ધર્મ જણાય સારો, ત્યાં સુધી સત્સંગ ઘણો થનારો;
શિથીલતા ધર્મ વિશે જણાશે, સત્સંગની વૃદ્ધિ પછી ન થાશે. ૨૬
સદ્ધર્મથી જીત સદૈવ થાય, એવો નથી સત્ય બીજો ઉપાય;
કરે કુસંગી ઈરષા અપાર, તથાપિ પામે સહુ તેહ હાર. ૨૭
શૂરા જિતે શસ્ત્ર વડે સદાય, વિદ્યા વડે વિપ્ર જીતે સભાય;
સેના વડે રાય જિતે દિગંત, સદ્ધર્મથી વિશ્વ જીતે સુસંત. ૨૮

૧. પારસી

પાખંડી જે સંત થઈ ફરે છે, ક્રિયા અતી તે ઉલટી કરે છે;
જે કોઈ આપે જમવા સુઅન્ન, વેચે વધે તે ખલ સાધુજન્ન. ૨૯

**ચોપાઈ :**

એવો હોય અધરમી જેહ, તમ સાથે ન રાખશો તેહ;
સુણી પરમચૈતન્યાનંદ, પામ્યા અંતર માંહિ આનંદ. ૩૦
સ્નેહે પ્રભુપદ નામીને શીર, ગયા ધર્મપુરે ધરી ધીર;
રહ્યા ત્યા જઈ ચાતુર માસ, કર્યો ઉદ્ધવમતનો પ્રકાશ. ૩૧
તેનો દેખીને ત્યાગ વૈરાગ, આવે દર્શને લોક અથાગ;
થયો ત્યાં સતસંગનો વ્યાપ, તે તો પ્રગટ પ્રભુનો પ્રતાપ. ૩૨
વિજેદેવજી રાજકુમાર, તહાં આવી ચઢયા એક વાર;
તેની ઉમર તો હતી છોટી, પણ બુદ્ધિ તો મોટાથી મોટી. ૩૩
સાધુતા જોઈને નામ્યું શીશ, કહ્યું કોણ તમે છો મુનીશ;
કેના છો શિષ્ય ઉત્તમ એવા, કેટલા છે બીજા તમ જેવા. ૩૪
નવ લોભાય સ્ત્રીધન માંહી, એવા આજ દીઠા નથી ક્યાંહી;
તમે છો શુક કે સનકાદી, વાણી સત્ય વદો બ્રહ્મવાદી. ૩૫
સુણી સંતે કર્યો ત્યાં ઉચ્ચાર, થયો છે હરિનો અવતાર;
દુર્ગપુરમાં કર્યો છે નિવાસ, કરે છે વેદધર્મ પ્રકાશ. ૩૬
તેની સેવામાં પાંચસેં સંત, ત્યાગ વૈરાગ્યવાળા અત્યંત;
હું તો છું તેના દાસનો દાસ, મને મોકલ્યો છે તમ પાસ. ૩૭
તેના પ્રૌઢ પ્રતાપની વાત, આવ્યો હું કરવાને વિખ્યાત;
કહી એમ ઘણી વાત કરી, કુંવરે સુણી અંતરે ધરી. ૩૮
બાઈ કુશળકુંવર મોટી માય, તેને જૈ કહી સર્વ કથાય;
સુણતાં જ સ્મરણ તેને થયું, હતું અજ્ઞાન તે સર્વ ગયું. ૩૯
મહારાજની મૂર્તિ દેખાણી, કર્યું વંદન ઉત્સાહ આણી;
થયાં ભક્ત અનન્ય તે એવાં, લલિતા ને જયાબાઈ જેવાં. ૪૦
સારી ડાંગર ફોલીને પંડે, ઘણા કાઢીને ચોખા અખંડે;
મોકલે મહારાજને કાજે, ગાતાં કીર્તન કાંઈ ન લાજે. ૪૧

કરી શ્રીજીને તેડાવા આશ, પત્ર મોકલ્યો શ્રીપ્રભુ પાસ;
લૈને સેવક ગઢપુર આવ્યો, પત્ર શ્રીપ્રભુ પાસ ધરાવ્યો. ૪૨
વાંચી વાલાએ કીધો વિચાર, જાવું ધર્મપુરે નિરધાર;
પણ જો કહું વાત પ્રકાશી, જવા દે ન દુરગપુર વાસી. ૪૩
પત્ર લાવ્યો હતો જેહ જન, કહ્યાં શ્રીજીએ તેને વચન;
બાઈને તમે જઈને કહેજો, સદા આનંદ માંહિ રહેજો. ૪૪
અમે આવશું સંત સહિત, ખરી માનજો વાત ખચિત;
એવાં વેણ કહી સુખદાય, રાત રાખીને કીધો વિદાય. ૪૫
તે પછી રહ્યા ચાતુરમાસ, અન્નકુટ કર્યો અવિનાશ;
વળી કાર્તિકી પૂનમ કરી, ધાર્યું ધર્મપુરે જવા હરિ. ૪૬
કહ્યું શ્રીજીએ સર્વને ત્યારે, વરતાલ જવું છે અમારે;
જઈ આવશું વેલેરા અમે, દીલે થાશો ઉદાસી ન તમે. ૪૭
કૃષ્ણ આજ્ઞાથી કરીમભાઈ, વેલ્ય જોડી લાવ્યા સુખદાઈ;
થોડા સંત ને પાર્ષદ સાથ, લઈ ચાલિયા નટવરનાથ. ૪૮
ગયા સુખપર થૈ કારીયાણી, રહ્યા રોઝકે સારંગપાણી;
રહ્યા બુધેજમાં હરિરાય, ખોડાભાઈના ખેતરમાંય. ૪૯
કર્યો ત્યાં બ્રહ્મચારીએ થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
રહી રાત ચાલ્યા વૃષલાલ, વાલો ત્યાંથી આવ્યા વરતાલ. ૫૦
પગી જોબનની મેડી સારી, ઉતર્યા તહાં ગિરિવરધારી;
દુર્ગપુરના નિવાસીનો સ્નેહ, જાણ્યું જોઉ જે કેવો છે તેહ. ૫૧
ધાર્યો કરવાને ગુપ્ત નિવાસ, વરતાલમાં શ્રીઅવિનાશ;
રમાનાથનું છે આજ ધામ, હતી પર્ણકુટી તેહ ઠામ. ૫૨
રહેતા ભાઈ ત્યાં રામદાસ, પ્રભુએ કહ્યું તેહની પાસ;
મારે ગુપ્ત રહેવું છે ભ્રાત, કહેશો નહીં કોઈને વાત. ૫૩
અવિનાશી રહ્યા તહાં એમ, ઘણા લોક જાણે નહિ જેમ;
ઈંટોલાના પટેલ તે ઠામ, આવ્યા નારણભાઈ જે નામ. ૫૪
શ્રીજીને કાજે કરવાને શાક, લાવ્યા ગલકાં તથા વૃંતાક;
ગયા જોબનભાઈને ત્યાંય, પૂછયું શ્રીજી વિરાજે છે ક્યાંય. ૫૫

મને દર્શન તેનાં કરાવો, તમે જૈ પ્રભુને પુછી આવો;
કહ્યા જોબને જઈને વચન, ત્યારે નાથે દીધાં દરશન. ૫૬
શાક ભેટ કર્યું તેહ ઠામ, પ્રભુને કર્યા દંડપ્રણામ;
રાજી થૈને બોલ્યા જગતાત, ગુપ્ત રાખજો આ બધી વાત. ૫૭
એમ વીતી ગયો એક માસ, થયાં ગઢપુરવાસી ઉદાસ;
કેમ આવ્યા નહીં હજી નાથ, શું તે રિસાયા આપણી સાથ. ૫૮
ગયા વાસર વીતી અનેક, પણ પત્ર ન આવિયો એક;
રહે છે ક્યાં તે ધર્મકુમાર, નથી આવતા તે સમાચાર. ૫૯
બોલ્યા ઉત્તમ ત્યાં તજી ધીર, એવો છે કોઈએ શૂરવીર;
દેશ ને પરદેશ સિધાવે, જઈ શ્રીહરિની સુધ લાવે. ૬૦
બહુ બેઠા હતા તેહ ઠામ, પણ કોઈએ ઘાલી ન હામ;
નાજો જોગિયો ત્યાં ઉભા થઈ, હાકી[1] બોલ્યા મુછે હાથ દઈ. ૬૧

**અથ વીરરસવર્ણન : ઉપજાતિ :**

આજ્ઞા કરો તો ઝટ હું સિધાવું, શ્રીજી તણી નિશ્ચય સુધ લાવું;
સમસ્ત ભૂમંડળ શોધિવાળું, આકાશ પાતાળ નકી નિહાળું. ૬૨
જો કોઈ ઐરાવણ દુષ્ટ જેવો, હરી ગયો હોય કુપાત્ર એવો;
તો તેહને મારી પ્રભૂજી લાવું, તો ક્ષત્રિનો પુત્ર ખરો કહાવું. ૬૩
વૈરાટમાં પાંડુતનૂજ જેમ, રહ્યા હતા જો હરિ હોય તેમ;
તો ત્યાં રહું કિંકર કોઈ પાસ, શ્રીજી તણો ગુપ્ત કરૂં તપાસ. ૬૪
જો કોઈ મોટા વનમાં જઈને, બેઠા હશે વેષ બીજા લઈને;
તો જોગિ થૈને સ્થળ તેહ જાઉં, તો જોગિયો સત્ય સદા ગણાઉં. ૬૫
જો તે વિશાળા બદરી સમીપે, રહ્યા હશે કે કદિ શ્વેતદ્વીપે;
તો ત્યાં જઈ તર્ત તપાસ લાવું, ઠાલો ફરી દુર્ગપુરે ન આવું. ૬૬
ગયા હશે અક્ષરધામમાંય, કરી સમાધી પણ જાઉં ત્યાંય;
આ સર્વનું કષ્ટ થઈ સુણાવું, તે ધામમાંથી અહીં તેડી લાવું. ૬૭

૧. હાકલો કરી (ઉંચા અવાજથી)

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અભયતનુજ સાંભળી સુવાણી, દઢ શુરવીરપણાની સત્ય જાણી;
સુવચન કહિને કહ્યું સિધાવો, પ્રિયજન પ્રાણપતિની સુદ્ધિ લાવો. ૬૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયે*
*ગુપ્તસ્થિતિકરણનામૈકોનપંચાશત્તમો વિશ્રામઃ ॥૪૯॥*

**પૂર્વછાયો :**

ગઢપુરથી નાજો જોગિયો, લેવા શ્રીહરિની સંભાળ;
જતાં વિત્યા ત્રણ વાટમાં, આવ્યા ચોથે દિવસ વરતાલ. ૧

**ચોપાઈ :**

વરતાલના પાદરમાંય, મુકુંદાનંદજી મળ્યા ત્યાંય;
તે જતા હતા મુજ્જન કાજ, નમી પૂછયું અહો વર્ણિરાજ. ૨
કહો ક્યાં છે શ્રીધર્મકુમાર, સુણી વર્ણિએ કીધો ઉચ્ચાર;
મને પૂછશો નહિ તેહ વાત, ભલા થૈને ચાલ્યા જાઓ ભ્રાત. ૩
કહી એમ ચાલ્યા ગયા જ્યારે, નાજે ભક્તે વિચારિયું ત્યારે;
મુકુંદાનંદથી હરીરાય, ક્યાંઈ જુદા પડીને ન જાય. ૪
જેમ દેહ ને દેહની છાય, તેમ શ્રીહરીને વર્ણિરાય;
કદી જાય નહિ જુદે સ્થાન, માટે છે આ સ્થળે ભગવાન. ૫
રામદાસની પર્ણકુટીએ, પુછયું જઈને તે નાજે જોગીએ;
તેણે કાન આડા હાથ ધર્યા, નાજો જોગિયો ત્યાં થકી ફર્યા. ૬
પગી જોબનને ઘેર ગયા, જવા મેડીએ તત્પર થયા;
એક ભક્ત હતો એહ સ્થાન, તેણે કાઢ્યા કરી અપમાન. ૭
ગામમાં વિચરી ઘણે ઠાર, પૂછયા શ્રીહરિના સમાચાર;
પણ ક્યાંઈ ખબર નવ પડી, ત્યારે મનમાં વિચાર્યું તે ઘડી. ૮
હવે તો કોઈને ઘેર જઈ, રહું તેહનો કિંકર થઈ;
ઘણા દિવસ તપાસીશ જ્યારે, શ્યામની સુધ પામીશ ત્યારે. ૯
જાણ્યા એક પગી જગમાલ, તેને ઘેર ગયા તતકાળ;
કહ્યું ચાકર રાખો તો રહું, અન્ન ને વસ્ત્ર કેવળ લહું. ૧૦

જગમાલે કહ્યું તેહ ઠામ, કહો શું કરી જાણો છો કામ;
નાજો ભક્ત કહે શું વખાણું, આટલાં કામ હું કરી જાણું. ૧૧

**શાર્દૂલવિક્રીડિત :**

ઘોડાં ઉન્મત્ત હોય તોય વશ તો હું તર્ત તેને કરું,
આવે શત્રુ અનેક તોય લડતાં પાછી ન પાની ધરું;
ચોકી રાત્રી દિને કરું પણ મને નિદ્રા નથી આવતી,
સ્વેચ્છા માસ સુધી જ ચાકરી કરું ઝાઝી નથી ફાવતી. ૧૨

**ચોપાઈ :**

એવી સાંભળીને હુશિયારી, રાખ્યા ઘોડાં સુધારવા ભારી;
ઘોડાને ખેલવે ભલી ભાતે, જાગી ચોકી કરે વળી રાતે. ૧૩
પગી જોબનની મેડીમાંય, કોણ આવે અને કોણ જાય;
તેની રાખે ખબર દિનરાત, પૂછે બહુ જનને વળી વાત. ૧૪
એમ કરતાં ઘણા દિન ગયા, પ્રભુ તોય પ્રસિદ્ધ ન થયા;
પણ જાણિ લીધું કોઈ પેર, પ્રભુ છે પગી જોબન ઘેર. ૧૫
નાજે ભક્તે વિચારિયું ચિત્તે, લઈ જાઉં પ્રભુને શી રીતે;
રાતે ઉપાડીને લઈ જાઊં, તો હું ચાહન[1] ચોર ગણાઊં. ૧૬
કરી જોર પેસું એના ઘરમાં, યુદ્ધ થાય તો આ અવસરમાં;
એક દિવસ પગી જગમાલે, કહ્યું વચન વિશેષ વહાલે. ૧૭
પગી જોબનને ઘેર જાઓ, મેડી ઉપર જે ભેળા થાઓ;
કહો મારા કહીને પ્રણામ, આંહિ આવો તમારું છે કામ. ૧૮
નાજો ભક્ત સુણી રાજી થયા, પગી જોબનને ઘેર ગયા;
મેડીએ ચડવા માંડ્યું ધાઈ, આવ્યા રોકવા કરીમભાઈ. ૧૯
નાજો ભક્ત કહે કોણ તું છું, જગમાલનો ચાકર હું છું;
જતાં કોણ મને અટકાવે, કરું યુદ્ધ આડો કોઈ આવે. ૨૦
શ્રીજીએ સાંભળી તકરાર, થયા પોતે પ્રસિદ્ધ તે વાર;
નાજાભક્તને પાસે બોલાવ્યા, કહ્યું ક્યારે તમે આંહી આવ્યા. ૨૧

૧. પ્રસિદ્ધ, ખુલ્લો

ગઢપુરના કહો સમાચાર, સુખી છે નૃપનો પરિવાર;
નાજોભક્ત કહે શિર નામી, સર્વ જાણો છો અંતરજામી. ૨૨
તોય પૂછો છો શ્રીજગદીશ, ત્યારે વાત જથાર્થ કહીશ;
થયા છો આપ દૂરનિવાસી, દુર્ગપૂરના જનો છે ઉદાસી. ૨૩

**કરુણારસવર્ણન : વૈતાલીય :**

ઘનશ્યામ તમે સુજાણ છો, જનકેરા પ્રિય જેમ પ્રાણ છો;
પ્રભુ જે દિન દૂર જૈ રહ્યા, જન સો જીવ વિના તહાં થયા. ૨૪
અતિ પ્રીત કરી અહો હરી, મનવૃત્તી જનની હરી ખરી;
પછી ત્યાગ કરી ખસી જવું, ન ઘટે નાથ દયા વિના થવું. ૨૫
જળથી દૂર મત્સ્ય જો પડે, અતિ પીડા થકી તેહ તર્ફડે;
ગઢપૂરનિવાસી જે સહુ, દુઃખી છે નાથ વિજોગથી બહુ. ૨૬
જનવલ્લભ ક્યાં થઈ વસ્યા, નથી સંદેશ તહાં મળ્યા કશા;
પ્રભુ પત્ર નહીં લખાવિયો, અતિશે કેમ અભાવ આવિયો. ૨૭
મળશે કહિં પ્રાણના પતિ, નથી એકે દિશ કોઈ સુજતિ;
જન સૌ મનમાં મુંઝાય છે, દગ આંસૂ વહિયાં જ જાય છે. ૨૮
હરિ હે હરિ હે હરિ કહે, દિન ને રાત્રિ ઉદાસ સૌ રહે;
પ્રભુને મળવાની આશથી, તન રાખે ન જીવે નિરાશથી. ૨૯
જન કોઈ અરણ્યકૂપમાં, ધરિને જાય જ એવી ઊપમાં;
પ્રભુજી તમને કહે સહુ, વળતી વાત વિશેષ શી કહું. ૩૦
વિરહાગ્નિ દિલે વધ્યો અતિ, સુખ કે શાંતિ કદી થતી નથી;
અતિ તે દુઃખ શી રીતે સહી, મરવાનું મનમાં સદા ચહે. ૩૧
પ્રભુ જે દિનથી દુરે ગયા, દુખિયાં છે લલિતા તથા જયાં;
જળ અન્ન દિધાં અરે તજી, પણ છે પ્રાણ શરીરમાં હજી. ૩૨
નથી લોહિ શરીરમાં રહ્યું, ત્વક[1] અસ્થી તન પાંજરું થયું;
દિલમાં જરી જો દયા ધરો, સુખદાતા ગઢપૂર સંચરો. ૩૩

૧. ચામડી

**ચોપાઈ :**

વાલે વચન એવાં સુણ્યાં જ્યારે, આંખ્યમાંથી વહ્યાં આસું ત્યારે;
કહ્યું બંધ રાખો એહ વાત, સુણી સહન થતી નથી ભ્રાત. ૩૪
મને વા'લા છે ગઢપુરવાસી, પણ જોવાને પ્રેમ તપાસી;
આંહિ ગુપ્ત રહ્યો છું હું આવી, સ્થિતિ તેની તમે સંભળાવી. ૩૫
પ્રેમ તેઓના મનમાં છે જેવો, મારો પ્રેમ તેના પર તેવો;
તેઓ અર્થે મેં અવતાર ધર્યો, સદા વાસ મેં ત્યાં આવી કર્યો. ૩૬
કરે ભજન જે ભાવથી મારું, તેને હું કદિએ ન વિસારું;
પછી શ્રીજીએ પત્ર મગાવ્યો, લખાવી ગઢપુર મોકલાવ્યો. ૩૭
તેમાં સર્વ લખ્યા સમાચાર, વળી એમ લખાવ્યું તે વાર;
ધર્મપુર જવા ધાર્યું છે અમે, માટે તૈયાર થૈ રહો તમે. ૩૮
બીજો પત્ર મોકલિએ જ્યારે, ધર્મપુર તમે આવજો ત્યારે;
દુર્ગપુર મોકલ્યો એવો પત્ર, તેથી શાંતિ થઈ કાંઈ તત્ર. ૩૯
ત્યાં તો આવ્યા ડભાણના દાસ, કહ્યું ચાલો અમારે નિવાસ;
તેની જોઈ અતિ ઘણી તાણ, દીનબંધુ પધાર્યા ડભાણ. ૪૦
તેના પૂર્ણ મનોરથ કરી, વરતાલ આવ્યા વાલો ફરી;
થયા પોતે પ્રસિદ્ધ પરેશ, એવી વાત ચાલી દેશોદેશ. ૪૧
તેથી સત્સંગિયો તથા સંત, આવે દર્શન કરવા અનંત;
રામદાસની ઝુંપડી પાસ, સભા નિત્ય સજે અવિનાશ. ૪૨
સાધુ ઉતારામાં ન સમાય, આમલે તે ઉતરવાને જાય;
એવું દેખી બોલ્યા સુખદાઈ,રામદાસ સુણો તમે ભાઈ. ૪૩
મને વરતાલમાં બહુ ગમે, માટે આવું છું હું બહું સમે;
થાય છે સભા આમલા પાસ, આંહિ તો પડે છે સંકડાશ. ૪૪
સાધુ ગામમાં પણ ઉતરે છે, બહુ અડચણ તેથી પડે છે;
માટે જગ્યા વિશાળ જો થાય, ઉપજે સુખ સૌને સદાય. ૪૫
એવી વાત સુણી રામદાસે, તેડ્યા સર્વ પટેલોને પાસે;
બાપુજી તથા રણછોડદાસ, ભાઈબા પ્રભુના ભલા દાસ. ૪૬
ધોરીભાઈ અને જીવાભાઈ, દલાભાઈ ને શામળભાઈ;
નરસી ને નરોત્તમદાસ, લાલદાસ ને ભાઈજીદાસ. ૪૭

જોરાભાઈ તથા ગલાભાઈ, પ્રભુદાસ તથા દલાભાઈ;
વસનદાસ ને રાયજીદાસ, શવદાસ નારાયણદાસ. ૪૮
પગી જોબન સુંદર પગી, એહઆદિક આવ્યા ઉમંગી;
દરિયા જેવા દિલના ઉદાર, રાજા કર્ણ જેવા તો દાતાર. ૪૯
કર્યા પ્રેમે પ્રભુને પ્રણામ, બેઠા સ્થિર થઈને તેહ કામ;
રામદાસે તે વાત સુણાવી, સુણી સર્વ જનોને તે ભાવી. ૫૦
વાણી બોલ્યા પટેલો વિચારી, આંહિ જગ્યા ઘણી છે અમારી;
અમે તન મન ધન સોંપ્યા તમને, હવે પૂછવાનું શું છે અમને. ૫૧
જગ્યા જેટલી જોઈને આજ, સુખે રાખો શ્રીજીમહારાજ;
ધન્ય ભાગ્ય અમારું ગણાશે, આંહિ ભજન પ્રભુજીનું થાશે. ૫૨
પુત્ર પૌત્ર આદિક જે અમારા, સતસંગી રહેશે તે સારા;
આખા કુળનો થાશે ઉદ્ધાર, અહો ભાગ્ય અમારાં અપાર. ૫૩
પછી જગ્યાનો લેખ કરીને, હેતે હાથમાં આપ્યો હરિને;
પ્રભુજી થયા તેથી પ્રસન્ન, કહ્યું ધન્ય તમે હરિજન. ૫૪
પછી વાલાએ ચિત્ત વિચારી, ધર્મપુર જવા કીધી તૈયારી;
રામદાસને કહે વૃષલાલ, અમે ચાલશું આંહિથી કાલ. ૫૫
ધર્મપુર જવા ધાર્યું છે અમે, રહેજો વરતાલમાં તમે;
મુક્તાનંદાદિ હોય જે ગામ, તેને તેડાવી લેજો આ ઠામ. ૫૬
સૌને મોકલજો ધર્મપુર, ત્યાં છે તેઓનું કામ જરૂર;
શ્યામે સાથે લીધા જેહ જન, કહું તેહનાં નામ પાવન. ૫૭
નાજો જોગિયો કરીમભાઈ, ભગુજી આદિ આવિયા ચાઈ;
પગી જોબન સુંદર તખો, જુસજી પણ તેહ સરખો. ૫૮
પગી બેચરને પગી ખોડો, ગલો પણ પગી ગુણમાં ન થોડો;
પગી ભક્ત ભવાન છે જેવા, બામણોલીના આસજી એવા. ૫૯
એહઆદિ પગી શુરવીર, લીધા સંઘાથે શ્યામશરીર;
થોડા સંત તથા બ્રહ્મચારી, સાથે લૈ વિચર્યા સુખકારી. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વૃતપુર થકી ભક્તિધર્મલાલ, ધરમપુરી પ્રતિ ચાલિયા દયાળ;
અજર અમર એક ઈષ્ટ એહ, શુભ સરવેનું કરો સદૈવ તેહ. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયપુરાત્ ધર્મપુરપ્રતિવિચરણનામ પંચાશત્તમો વિશ્રામઃ ॥૫૦॥*

**પૂર્વછાયો :**

સંત સખા પાર્ષદ લઈ, વરતાલથી વિચર્યા નાથ;
ધર્મતનુજ ધર્મપુર જવા, ચાલ્યા તેહ સુણો શુભ ગાથ. ૧
વિશ્વપતી બેઠા વે'લ્યમાં, ગાના ગામ ગયા જગતાત;
ત્યાંથી બોચાસણ જઈ પ્રભુ, રહ્યા વિમાનિયે કુવે રાત. ૨
કુવો તે તો કાશીદાસનો, તેણે દીધી રસોઈ તે ઠામ;
ભાતું વળી સુખડી તણું, આપ્યું સર્વને મારગ કામ. ૩
પ્રભુજી ત્યાં થકી પરવર્યા, ગયા ચૂવાને રુંદેલ ગામ;
દર્શન દઈ નિજદાસને, રહ્યા સીમમાં જૈ ઘનશ્યામ. ૪
પદ્મનાભાનંદસ્વામિએ, તેહ ગામમાં કરીને પ્રવેશ;
આણ્યું ઉત્તમ દૂધ ગાયનું, પ્રેમે પાન કર્યું પરમેશ. ૫
શેષ પ્રસાદી દૂધની, આપી પાર્ષદને કરી પ્રીત;
ઝારોળે ગામ ગયા પ્રભુ, ત્યાંથી સિંહવે સંત સહીત. ૬
ત્યાંથી ગયા પ્રભુ ગાજણે, ત્યાંના રાયે કર્યુ સનમાન;
ત્યાંથી મહી નદી ઉતર્યા, બેશી હોડી વિષે ભગવાન. ૭
રાખ્યા લાંબા પગ લટકતા, નદીનીરે ભીજાયા તેહ;
ઊંડો મરમ એહ વાતનો, જન જાણે સમાધિસ્થ જેહ. ૮
હતો ઉદકનો ઉભરો, સરિતાનો શમ્યો તેહ વાર;
આતુરતા અંતર તણી, શમે જેમ ભેટ્યે ભરતાર. ૯
સામે તટે ભાઠામાં થઈ , લીધાં વૃતાંક સુંદર જોઈ;
ગાજણાના નરપતિ તણું, સીધું હતું તે કીધી રસોઈ. ૧૦

સંઘ સહિત શ્રીહરિ જમ્યા, આવ્યો એક ભીખારી બાળ;
અન્ન માગ્યું અતિ કરગરી, કહે ભક્તોને દીનદયાળ. ૧૧
અન્ન આપો ભાઈ એહને, સુણી કોઈ બોલ્યો જન એમ;
મત્સાહારી જેવો માનવી, અન્ન આપીયે એહને કેમ. ૧૨
પ્રભુએ બાળને પુછિયું, જળડોડી તું ખા કે ન ખાય;
તે સુણી બાળકે ના કહી, ત્યારે દાસને કહે હરિરાય. ૧૩

**અન્નદાન વિષે : ઉપજાતિ :**

સ્વધર્મિ કે જો પરધર્મિ ભાસે, તથાપિ ભૂખ્યો દુખિયો જણાશે;
તો દુઃખ તેનું દિલ ધારિ લેવું, સ્વશક્તિ તુલ્યે જળ અન્ન દેવું. ૧૪
પાપી દિસે કે જન પુણ્યશાળી, કસાઈ ચાંડાળ કુપાત્ર ભાળી;
જો તેહ ભૂખ્યો દુખિયો જણાય, તો અન્ન દીધા થકી પુણ્ય થાય. ૧૫
દેશી વિદેશી હરકોઈ નાતે, સ્વ મિત્ર કે શત્રુ મનુષ્ય જાતે;
જો કોઈ ભૂખ્યો દુખિયો જણાય તો અન્ન આપ્યે પ્રભુ રાજી થાય. ૧૬
કરે ઘણું કાંચન દાન કોઈ, દે મોતિ માણિક્ય ઉદાર હોઈ;
આપે ભરેલા ધનના નિધાન, નહીં નહીં અન્ન સમાન દાન. ૧૭
જો અન્ન આપે જન કીર્તિ પામે, જો અન્ન આપે બહુ પુણ્ય જામે;
જ્યારે જે છે જન અન્નદાતા, સૃષ્ટિ ગણે સાર્થક આ વિધાતા. ૧૮
ન કૃષ્ણના નામ સમાન નામ, ન ધામ જેવું ગઢપુરધામ;
ન તીર્થ ઉન્મત્તનદી સમાન, નહીં નહીં અન્ન સમાન દાન. ૧૯
ભલે કરે કોટિક જજ્ઞ કોઈ, ભલે વળે તીર્થ સમસ્ત જોઈ;
ભલે ભણેજ સાર્થક સામગાન, છે શ્રેષ્ઠ એ સર્વથી અન્નદાન. ૨૦
હરેક ભૂખ્યો જન કોઈ હોય, દેખાય દુઃખી તન માંહિ તોય;
જેને દિલે કાંઈ દયા ન આવે, તે જાતિ તો રાક્ષસની કહાવે. ૨૧

**ચોપાઈ :**

એવાં વાલાનાં સુણી વચન, આપ્યું પાર્ષદે તેહને અન્ન;
બીજે દિન વિચર્યા ગિરધારી, ગયા ગોવિંદ ગામ ચોકરી. ૨૨
કાનવા ગામ થઈ સાક્ષાત, ગવાસદ જઈને રહ્યા રાત;
ગયા સોખડે સુંદર શ્યામ, નદી ઢાઢર છે જેહ ઠામ. ૨૩

એક આંબાનો વૃક્ષ નિહાળી, ઉતર્યા તહાં શ્રીવનમાળી;
ભાળી ત્યાં વેરાગીની જમાત, તેને વસ્ત્ર દિધાં ભલી ભાત. ૨૪
પ્રાંતના લોકની બુદ્ધિ સારી, થવા શ્રીજીએ વાત વિચારી;;
જાણ્યું મારી પ્રસાદીને ખાય, બુદ્ધિ તેહની પાવન થાય. ૨૫
નાજા જોગિયાને કહે નાથ, ભૂખ્યો છે સહુ સંતનો સાથ;
સોખડા ગામ માંહિ સિધાવો, ત્યાંથી વેચાણી ખીચડી લાવો. ૨૬
નાજો ભક્ત સુણી શબ્દ એવા, ગયા ગામમાં ખીચડી લેવા;
દાળનો ગંજ દીઠો દુકાને, ભાવ પૂછયો તેનો વાણિયાને. ૨૭
હતી લેવાની જેટલી તેહ, મૂલ આપી અને લીધી એહ,
વળી એ જ રીતે ચોખા લઈ, મુક્યા શ્રીજીની આગળ જઈ. ૨૮
માવે મુઠી ભરી દાળ લીધી, નિજ કેરી પ્રસાદી તે કીધી;
નાજા ભકતને પૂછે કૃપાળ, કહો કેટલી છે તહાં દાળ. ૨૯
નાજો ભક્ત બોલ્યા તેહ વાર, દાળ સો મણનો છે અંબાર;
કહે શ્રીજી નથી સારી દાળ, તેમાં પાછી નાખો તતકાળ. ૩૦
આથી સારી બીજી દાળ લાવો, તમે ગામમાં તરત સિધાવો;
નાજે ભકતે જઈ કર્યું તેમ, તેનો મર્મ જાણે જન કેમ. ૩૧
સુણો ભૂપ અભેસિંહભાઈ, દાળ તે પ્રગણામાં વેચાઈ;
જે જે જન તણા પેટમાં ગઈ, બુદ્ધિ તેહની પાવન થઈ. ૩૨
વધ્યો તેથી ઘણો સતસંગ, કરે એવાં ચરિત્ર શ્રીરંગ;
ધરી આ અવસર અવતાર, કીધા જીવ અનેક ઉદ્ધાર. ૩૩
સોખડેથી બીજે દિન શ્યામ, ગયા ગુણનિધિ માતર ગામ;
બોલ્યા પાર્ષદ સાથ શ્રીરંગ, નથી આ પ્રાંતમાં સતસંગ. ૩૪
કરે લોક ઉપાધિ આ ઠામ, પુછે તો ન લેશો મુજ નામ;
ગયા માતરની પાસે જ્યાંય, મળ્યો એક ગરાશિયો ત્યાંય. ૩૫
તેણે પાર્ષદને પુછી વાત, કહો આ છે કેનો સંઘ ભ્રાત;
ત્યારે પાળે કહ્યું તેહ ઠામ, એ છે શેઠ ગોવિંદજી નામ. ૩૬
હતો સંઘ વિષે દ્વિજ કોઈ, તેને પુછિયું પંડિત જોઈ;
કહો કોણ શ્રીમંત છે એહ, સુણી બોલિયો બ્રાહ્મણ તેહ. ૩૭


**રથચક્રપ્રબંધ : અનુષ્ટુપ શ્લોક :**

તે સદા સુખ દે છે તે, તે છે દેવાધિદેવ તે;
તે વદે વાત માને તે, તેને માને સ્વદાસ તે. ૩૮

**ચોપાઈ :**

સુણી સમજ્યો ગરાશિયો ઉર, કોઈ મોટા પુરુષ છે જરૂર;
નમ્યો શ્રીહરિને પદે આવી, બેય કાકડી ભેટ ધરાવી. ૩૯
વળી વિનયથી વચન ઉચાર્યું, સારું કરજો મહારાજ મારું;
તેથી રાજી થયા ભગવાન, દીધું મનવાંછિત વરદાન. ૪૦
ત્યાંથી સંચરિયા સંત સાથ, દોરા ગામે ગયા દીનનાથ;
જીજીભાઈ પટેલ તે ઠામ, વળી વિપ્ર રુડા કાશીરામ. ૪૧

रथचक्रप्रबंध




તેણે રાખ્યા પ્રભુને ત્યાં રાત, ભલી આપી રસોઈ પ્રભાત;
જમીને ચાલિયા જગતાત, રહ્યા ટંકારિયે જઈ રાત. ૪૨

જોઈ પાદરમાં વડ સારો, કર્યો ત્યાં હરિકૃષ્ણે ઉતારો;
દોરા ગામના દ્વિજ કાશીરામ, લાવ્યા દુધપુરી તેહ ઠામ. ૪૩
જમ્યા તે પરમેશ્વર પ્રીતે, ચાલ્યા ત્યાંથી પછી રુડી રીતે;
ગામ હળદરના હરિજન, દીધું તેઓને જૈ દરશન. ૪૪
જાડેસર ગયા જગદાધાર, આવ્યાં દરશને બહુ નરનાર;
રેવાપાર[1] જવા ધરિ ભાવ, કહ્યું નાવિકને લાવો નાવ. ૪૫
સુણિ નાવિક નાવ ત્યાં લાવ્યા, ખભે તેડિ પ્રભુ પધરાવ્યા;
લઈ પાર્ષદ ને લઈ સંત, સામે પાર ગયા ભગવંત. ૪૬
નાવિકે ખભા ઉપર ધાર્યા, નાવમાંથી પ્રભુને ઉતાર્યા;
કૃપાનાથે કૃપા બહુ કીધી, પ્રસાદી તેને શેલાની દીધી. ૪૭
બોરભાઠામાં જૈ બળવંત, ઉતર્યા ભલે સ્થળ ભગવંત;
જાડેસરના આવ્યા હરિજન, કરવા પ્રભુનાં દરશન. ૪૮
ભક્ત આવ્યા ભરુચના વાસી, નિરખ્યા નજરે અવિનાશી;
આપી તેઓએ ત્યાં તો રસોઈ, આપ્યાં વૃતાંક સુંદર જોઈ. ૪૯
જમી ત્યાંથી ચાલ્યા સંત જોડે, ગિરધારી ગયા ગરખોડે;
સિંધવાઈનો ચોતરો સારો, જોઈ ત્યાં જઈ કીધો ઉતારો. ૫૦
ગામના લોક ઉચર્યા એમ, ચોરે માતાને ઉતર્યા કેમ;
સુણી ઉચર્યા શ્રીવનમાળી, દેવી છે અમારા ઘરવાળી. ૫૧
અમારે ઘેર ઉતર્યા અમે, એમ નિજ ઘરમાં રહો તમે;
વાલે ઉચ્ચારી એવાં વચન, ખેંચ્યા સર્વે મનુષ્યનાં મન. ૫૨
એમ પ્રગટ પ્રતાપ જણાવ્યો, દૈવીને સતસંગ કરાવ્યો;
લોકે ઘાસ આપ્યું પશું કાજે, વાળુની ના કહી મહારાજે. ૫૩
સવારે ઉઠી સંચર્યા શ્યામ, અંકલેશ્વર આવિયું ગામ;
ભાતું ત્યાંથી લેઈને વિચરિયા, જઈને ગામ ઉમરવાડે ઠરિયા. ૫૪
કર્યું સ્નાન તળાવમાં ત્યાંય, જમ્યા ભાતુંય તે સ્થળમાંય;
પાનોલીને આથૂરણ ગામે, દીધાં દાસને દર્શન શ્યામે. ૫૫
નદી કીમ કૃપાળુ ઉતરિયા, કીમચોકિયે જૈ રાત ઠરીયા;
પછી કારેલી સાયણ ગામ, ગામ ગોપા ને ભરથાણું નામ. ૫૬

૧. નર્મદા

ત્યાંના દાસોને દર્શન દૈને, રાત્ય કાહોરમાં રહ્યા જઈને;
ભાનુ ઉગ્યે જઈ ભગવાન, કર્યું તાપી સરિતામાં સ્નાન. ૫૭

**ઉપજાતિ :**

અપાપિ કે પાપિ જનો તથાપિ, તાપી વિષે સ્નાન કરે સદાપિ;
પાપી જનો જે અઘ જાય આપી, સ્પર્શે પ્રભૂ તાપી થઈ અપાપી. ૫૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ધરમપુર જતાં ધરાધરેશ, કરી બહુ દેશ વિદેશમાં પ્રવેશ;
હરિજન નિજના કર્યા હજારું, અઘહર એહ કરો અમારું સારું. ૫૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિધર્મપુરમાર્ગે*
*તાપીનદીપ્રત્યાગમનનામૈકપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૧॥*

**પૂર્વછાયો :**

સુરતના સતસંગિને, નિજ દૈને દર્શનદાન;
ઉધને જઈને ઉતર્યા, ભવમંદિરમાં ભગવાન. ૧

**ચોપાઈ :**

અનોપમ નામનો બ્રહ્મચારી, હતો ત્યાં શિવપૂજનકારી;
તેણે શ્રીહરિનું સનમાન, શુભ રીતે કર્યું તેહ સ્થાન. ૨
ભાઈજી નામે બ્રાહ્મણ એક, વદ્યો વાણી ધરીને વિવેક;
મારે ઘેર રસોઈ હું આજ, કરાવું તે જમો મહારાજ. ૩
કૃપાનાથે તેને કહ્યું ત્યારે, વર્તમાન તમે ધર્યાં ક્યારે;
કહે વિપ્ર સુણો પ્રભુ પ્યારા, નથી નિયમ તમારા મેં ધાર્યા. ૪
શિષ્ય સુરતમાં છે તમારા, તેમાં મિત્ર ઘણાક છે મારા;
તેથી તેના સમાગમ થકી, પ્રભુ જાણું છું તમને હું નકી. ૫
પધારીને પછી તેને ઘેર, પ્રભુ થાળ જમ્યા રુડી પેર;
સંતમંડળ સહિત ઉમંગી, આવ્યા સુરતના સતસંગી. ૬
ચડાવ્યા હરિને પુષ્પહાર, ધરી અંતરે પ્રેમ અપાર;
બરફી તણી માટલી ભરી, ભક્ત પ્રત્યેકે ભેટ તે કરી. ૭

હતું બોરડીનું ઝાડ જ્યાંય, બાંધ્યો હરિજને હિંડોળો ત્યાંય;
પ્રભુને તે વિષે પધરાવ્યા, ઝાઝો પ્રેમ ધરીને ઝુલાવ્યા. ૮
સંત હરિજન કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય;
સતસંગી મળી સહુ સાથ, કરી હેતે સ્તુતિ જોડી હાથ. ૯

**ઉપજાતિ :**

અહો અહો ભાગ્ય પ્રભુ અમારાં, પામ્યા અમે દર્શન જે તમારા;
જો સાધનો કોટિ જુગે કરાય, તમારું તો દર્શન કાંઈ થાય. ૧૦

**ઉત્તરાર્ધગતાગતભેદ :**

મુનીન્દ્ર મોટા મળીને અનેક, તે પામવાને તમને જ એક;
યદા સજે યજ્ઞ યજે સદાય, યથાર્થતા કૃત્ય કૃતાર્થ થાય. ૧૧
અમે નથી સાધન કાંઈ કીધાં, દયા કરી દર્શન તોય દીધાં;
એતો ઘણો પાડ પ્રભુ તમારો, નહીં કદાપિ વિસરે વિસાર્યો. ૧૨

**ચોપાઈ :**

ઉચ્ચરી એમ કીધા પ્રણામ, રીઝી બોલિયા સુંદરશ્યામ;
ધન્ય છો સતસંગી સમાજ, મારા ભક્ત અનન્ય છો આજ. ૧૩
હવે અસ્ત થવા આવ્યો સૂર, અને ઘર છે તમારાં દૂર;
માટે સૌ નિજ ઘેર સિધાવો, ભાવ રાખજો આવો ને આવો. ૧૪
અતિ આગ્રહ નાથનો જોઈ, સતસંગી ઊઠયા સહુ કોઈ;
પણ ઘર ભણી પગ ન ભરાય, પ્રભુમાં મનવૃત્તિ તણાય. ૧૫
આઘા પાછા બેઠા ક્યાંઈ જઈ, ધૂન્ય આરતિની વેળા થઈ;
કીધી સંતોએ આરતિ ધૂન્ય, એકે એકે આવ્યા હરિજન. ૧૬
મહારાજે જાણ્યું મનમાંઈ, કોઈને ન કહ્યું પણ કાંઈ;
માટલી બરફીની મગાવી, પ્રસાદી સર્વને વહેંચાવી. ૧૭
આતમાનંદ સ્વામીને હાથે, વહેંચાવી પ્રસાદી તે નાથે;
જગ્યાના બ્રહ્મચારીને ઘણી, પ્રસાદી આપી બરફી તણી. ૧૮
પછી ચાલવાનું બોલ્યા નાથ, હરિભક્તે કહ્યું જોડી હાથ;
આપવી છે રસોઈ અમારે, જમી ચાલવું કાલ તમારે. ૧૯

બોલ્યા શ્યામ સુણી એવી વાત; અમે ચાલશું પાછલી રાત;
રહેશે સંતમંડળ નકી, જમી આવશે પાછળ થકી. ૨૦
સમૈયો ધર્મપુર થશે સારો, લઈ આવજો સંઘ તમારો;
સંત પ્રત્યે બોલ્યા મહારાજ, જમી ચાલજો સંતસમાજ. ૨૧
અમે આગળ જઈને રોકાશું, આપણે સહુ ત્યાં ભેળા થાશું;
ભૂમિ આ છે ભયંકર પુરી, નવ ચાલશો વેળા અસુરી. ૨૨
વસે હિંસક વનચર વનમાં, તે તો આવી પીડા કરે તનમાં;
ભક્તિ યોગ્ય અમૂલ્ય છે દેહ, માટે સાચવી રાખવો તેહ. ૨૩
જાણી જોઈ મૃત્યુમુખે જાય, તે તો આત્મહત્યારો ગણાય;
વેરાગીરૂપે અસુર ફરે છે, સંતને તે તો પીડા કરે છે. ૨૪
સંપી ચાલજો બહુ મળી સંગે, એકલા રહેશો નહી અંગે;
બે બે સંતની જોડ બંધાય, અન્યોઅન્યની ખબર રખાય. ૨૫
કોઈ માંદો પડે એક જ્યારે, બીજો ચાકરી તે કરે ત્યારે;
રસ્તે એક પાછળ રહી જાય, તેની થાય બીજાને ચિંતાય. ૨૬
જોડ હોય ન બીજાની જેને, ઝાઝામાં કોણ સંભાળે તેને;
માટે આ વાત અંતરે ધરજો, મારી આજ્ઞા સદા અનુસરજો. ૨૭
સંત બેય જુવાને જુવાન,જોડ કરવી નહીં કોઈ સ્થાન;
વૃદ્ધ સાથે જુવાન જોડાય, ત્યારે તેનો ધરમ સચવાય. ૨૮
મનની રીત છે વિપરીત, બરાબરિયા સાથે કરે પ્રીત;
મનનું ગમતું તજી દેવું, રાખે સદ્‌ગુરુ તેમ રહેવું. ૨૯
એવી એવી શિખામણ સારી, ઘનશ્યામે ઘણીક ઉચ્ચારી;
સુણી સંતોએ દિલ ધરી લીધી, કરી મનમાં મનન દઢ કીધી. ૩૦
વાલે શયન કર્યું થોડી વાર, થયા પાછલી રાતે તૈયાર;
સખા પાર્ષદને લઈ સાથ, ઉન ગામ ગયા મુનિનાથ. ૩૧
ગયા ભેંસાન થઈને સચીન, ત્યાં તો દોઢ પ્રહર ચડ્યો દિન;
પોસરા ગામની વાવ્યે જઈ, જમ્યા ભાતું તહાં સ્થિર થઈ. ૩૨
ઉધનેથી જમી ચાલ્યા સંત, તેહ વાવ્યે ભેટ્યા ભગવંત;
શ્રીજી સંત સહિત સંચરિયા, નદી મીઢોળ પાર ઉતરીયા. ૩૩

અસુંદરનો આવ્યો વડ જ્યાંય, રાત વાસો રહ્યા હરિ ત્યાંય;
મુકુંદાનંદે ત્યાં કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૩૪
રાત અરધી ગયા પછી ત્યાંય, બોલી શીયાળ પૂરવમાંય;
બોલી ચીબરી પશ્ચિમ ભણી, શ્યામે સાંભળી વાણી તે તણી. ૩૫
પગી જોબન ને તખો નામ, પૂછે તેહને સુંદરશ્યામ;
વનેચર સ્વર સાંભળી ભ્રાત, તમે જાણો છો શુકનની વાત. ૩૬
પગી બોલ્યા સુણો મહારાજ, એક ગ્રંથ છે વસંતરાજ;
પશું પક્ષી તણા સ્વર થકી, તેનાં શુકન કરેલાં છે નકી. ૩૭
સારો સંસ્કૃત છે ગ્રંથ એહ, અમે તો ન ભણ્યા કાંઈ તેહ;
પણ તેહ તણો જેહ સાર, અમે જાણીયે છૈયે લગાર. ૩૮
સુણીને કહે કૃષ્ણ કૃપાળ, બોલી ચીબરી બોલી શિયાળ;
કહો કેવાં શુકન તેહ છેય, ત્યારે બોલિયા તે પગી બેય. ૩૯
પૂર્વ ઈશાન વચ્ચે સદાય, લોહિ કેરો પ્રવાહ ગણાય;
તહાં બોલી શિયાળ આ ટાણે, દેખશું લોહી કોઈ ઠેકાણે. ૪૦
પછી પશ્ચિમે ચીબરી બોલી, તેનો ભેદ કહું હવે ખોલી;
વિપ્રનું ઘર પશ્ચિમ માંય, પરુણો આજ ક્ષત્રિ ગણાય. ૪૧
માટે માણસને નહિ મારે, ભેદ શુકનનો એવો ઉચ્ચારે;
એમ શુકન જાણે તે બતાવે, પણ મળતું કોઈ સમે આવે. ૪૨
સર્વ જાણે છે અંતરજામી, પણ મનુષ્યલીલા કરે સ્વામી;
એમ કરતાં થઈ કાંઈ વાર, એક વાઘ આવ્યો તેહ ઠાર. ૪૩
તેણે બળદ ઉપર પંઝો માર્યો, કર્યો શ્રીહરિએ ત્યાં હોંકારો;
વાઘ ત્રાસ પામી ગયો નાશી, પગી પ્રત્યે બોલ્યા અવિનાશી. ૪૪
તમે શુકન કહ્યાં હતાં જેવાં, આજ તો દીશી આવીયાં એવાં;
ઘણું બળદને લોહી નિકળિયું, કહ્યું એવું શુકન આજ ફળિયું. ૪૫
શ્રીજી ત્યાંથી સવારે સિધાવ્યા, આમરી ગામ છે તહાં આવ્યાં;
નદી પૂર્ણાને ઉતરી પાર, કરી નિત્યક્રિયા તેહ ઠાર. ૪૬
નવસારિયે નાથ સિધાવ્યા, કાલિયાવાડિયે ત્યાંથી આવ્યા;
કાલિયાવાડી કોલવા ગામ, જોયા જૈ હનુમાન તે ઠામ. ૪૭

ગામ દાંભરવેડસા જયાંય, ત્રિભુવનપતિ સંચર્યા ત્યાંય;
ગયા ચીખલીયે રુડી પેર, ઉતર્યા નિછાભાઈને ઘેર. ૪૮
કાવેરી નદીમાં કર્યું સ્નાન, આવ્યા ઉતારે શ્રીભગવાન;
ભલા હરિજન ત્યાં હઠિભાઈ, આવ્યા દર્શન કરવાને ધાઈ. ૪૯
બેયે સેવા સજી ઘણી સારી, રીઝયા તે પર વિશ્વવિહારી;
વાણા[1] માંહિ વિદાય તે થયા, ધર્મપુત્ર ધરમપુર ગયા. ૫૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ધરમવરમ ધર્મનો દુલારો, ધરમપ્રવર્તક ધર્મ પાળનારો;
ધરમધુર ધરી ધરા પ્રદેશ, ધરમપુરે વિચર્યા અહો ધરેશ. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિધર્મપુર-પ્રાપ્તનામ દ્વિપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૨॥*

**પૂર્વછાયો :**

જાણ થયું ધર્મપુર વિષે, આવ્યા શ્રીહરિ સહજાનંદ;
ઘર ઘર પ્રતિ તેથી ઘણો, વધ્યો જનમનમાં આનંદ. ૧

**ચોપાઈ :**

ભક્ત કુશળકુંવરબાઈ જેહ, આવ્યાં મેનામાં બેસીને તેહ;
વળી તેહનો સુજ્ઞ પ્રધાન, આવ્યો સન્મુખ આપવા માન. ૨
રાણીપૌત્ર વિજયદેવ નામ, સામા આવ્યા સજી ધુમધામ;
સારા હાથી ઘોડા શણગારી, સજી શોભે એવી અસવારી. ૩
સાથે સારા સારા સરદાર, રથ પાલખીનો નહિ પાર;
શોભે બેરખ આરબ કેરી, છોડે બંદુકો તે તો ઘણેરી. ૪
સાથે શોભે છે ડંકો નિશાન, છડિદાર બોલે ગુણવાન;
તેજ કુંવર તણું ઝળમળે, તેના શિર પર ચમર ઢળે. ૫
એવી છત્ર તણિ છબિ છાજે, વાજાં વિવિધ પ્રકારનાં વાજે;
કોઈ બખતરીયા ને પાખરિયાં, શસ્ત્ર વિવિધ પ્રકારનાં ધરિયાં. ૬

૧. પ્રભાત, પરોઢિયું

ગામથી ગાઉ એક સિધાવ્યા, ત્યાં તો સન્મુખ શ્રીહરિ આવ્યા;
ઉતર્યા વાહનેથી કુમાર, દંડવત નમિયા તેહ ઠાર. ૭
બાઈ શ્રીહરિને પગે લાગ્યાં, ઉર હરખી આશીર્વાદ માંગ્યા;
ભલે આવ્યા તમે ભગવાન, દયાથી દીધું દર્શનદાન. ૮
એવા સ્નેહના શબ્દ ઉચ્ચારી, છબી અંતરે લીધી ઉતારી;
હાથી ઉપર હરિને બેસાર્યા, સંતને ગજ રથ પર ધાર્યા. ૯
છત્ર શ્રીહરિને શિર છાજે, હેમકળશ તે ઉપર બિરાજે;
બેય બાજુએ ચમર થાય, તેની શોભા વરણવી ન જાય. ૧૦
ખમાં ખમા કહે છડિદાર, કરે કીર્તન સંત ઉચ્ચાર;
એમ પુરમાં પધાર્યા મુરારી, નિરખી હરખ્યાં નરનારી. ૧૧
પૌષી દશમ વદી રવિવાર, ધર્મપુર ગયા ધર્મકુમાર;
એ તો દિવસ નવાઈનો એવો, જુગોજુગ સમરે ન તેવો. ૧૨
જન દર્શન કરવાને ધાય, ભીડ મારગમાં બહુ થાય;
જન સૌ ઉચરે તતખેવ, જય સ્વામિનારાયણ દેવ. ૧૩

**અથ ઉલ્લેખાલંકાર : શાર્દૂલવિક્રીડિત :**

ભક્તે શ્રીભગવાન જોગિ જતિએ સ્ત્રીએ રતીના પતિ,
દૈત્યે કાળ દયાળ દૈવી પુરુષે શૂરે સ્વસેનાપતિ;
શૈવે રુદ્રસ્વરૂપ જૈનમતિએ માન્યા મહાવીર છે,
ધાર્યા ધર્મતનૂજને નિરખિને તુર્કે પિરાન્પીર છે. ૧૪

**ચોપાઈ :**

રસ અદ્ભુત હાસ્ય શૃંગાર, ભયાનક કરુણા વીર સાર;
રૌદ્ર શાંત બિભત્સ સ્વરૂપ, ભાળ્યા એવી રીતે જગ ભૂપ. ૧૫
આવી દરબારમાં અસવારી, હવેલી ત્યાં પૂરમુખે સારી;
આપ્યો શ્રીજીને તેમાં ઉતારો, હતો સામાન તે વિષે સારો. ૧૬
ગાદિ તકિયા ને પ્રૌઢ પલંગ, રંગદાર રુડા નવરંગ;
કાચ તખતા ને ઝુમર હાંડી, સિંહાસન ત્યાં રાખ્યાં હતાં માંડી. ૧૭

સંત વર્ણી ને પાર્ષદ દાસ, થયો તે સ્થળ સૌને સમાસ[1];
ખાન પાન મેવા મિષ્ટાન, વસ્તુ સર્વ હતી તેહ સ્થાન. ૧૮
કહ્યું જે જોઈએ તેહ લેજો, હોય કાંઈ કમી તો કહેજો;
મુકુંદાનંદ વર્ણિએ થાળ, કર્યો તે જમ્યા જનપ્રતિપાળ. ૧૯
જમ્યા સંત તથા જમ્યા પાળા, જમ્યા હરિજન વરતાલવાળા;
નિરખ્યા બાઈએ હરિરાય, તેથી આનંદ ઉર ન સમાય. ૨૦
કર્યું વંદન વારમવાર, આવ્યાં પ્રેમનાં આંસુ અપાર;
મળે રાંકને તો રિદ્ધિ જેમ, ભૂલે ભાન ભૂલ્યાં ભાન તેમ. ૨૧
જ્યારે ભાન પામી નૃપનારી, સ્તુતિ ગદગદ કંઠે ઉચ્ચારી;
વારે વારે નમાવિયું શીશ, દયાસાગરે દીધી આશીષ. ૨૨
પાણિ જોડી કહ્યું પ્રભુ પાસ, વસો આ પુરમાં ખટ માસ;
સાધુ સત્સંગિયોને તેડાવો, આંહિ સારો સમૈયો કરાવો. ૨૩
સુણી બોલિયા જનસુખદાઈ, તમે સાંભળો સદ્‌ગુણી બાઈ;
કાઠીયાવાડના જન આવે, ભારે ભારે ઘોડાં સંગે લાવે. ૨૪
વાટે લાગે ભરુચનું દાણ, પડે અડચણ એહ પ્રમાણ;
વળી આવે બીજાં બાઈ ભાઈ, વાટે ચોર લૂંટે દુખદાઈ. ૨૫
બોલ્યાં બાઈ સુણો પ્રભુ તમે, દાણ માફ કરાવશું અમે;
ચોકી મૂકશું રસ્તે સમસ્તે, કોઈ લુંટિ શકે નહિ રસ્તે. ૨૬
મૂકશું અસવાર ને પાળા, શૂરવીર ભલા શસ્ત્ર વાળા;
એમ આગ્રહ કીધો અતીશે, ત્યારે તેડાવ્યાં જન જગદીશે. ૨૭
કહ્યું આતમાનંદને તત્ર, તમે દુર્ગપુરે લખો પત્ર;
ત્યાંથી આવે થોડાં બાઈ ભાઈ, રહ્યાં જે મુજ વિણ અકળાઈ. ૨૮
પછી પત્ર લખી મોકલાવ્યો, બાઈને મન મુદ ઉપજાવ્યો;
ઘણો ભાવ છે બાઈને મન, આપે નિત્ય નવાં તે ભોજન. ૨૯
સંત દર્શનનો લોભ સાંધી, જમે કાચું પાકું અન્ન રાંધી;
તેથી માંદા પડ્યા સંત ત્યારે, જાણી વાત તે બાઈએ જ્યારે. ૩૦

૧. સમાવેશ થવો

કરવાને રસોઈ તૈયાર, રાખ્યા વિપ્ર રસોઈયા ચાર;
તોય બાઈ રહી તેહ પાસે, કાચી પાકી રસોઈ તપાસે. ૩૧
થાય શ્રીહરિને કાજે થાળ, બાઈ તેનીયે રાખે સંભાળ;
જ્યારે ભોજન સંત આદરે, બાઈ દૂરથી દર્શન કરે. ૩૨
બાઈ કથન કહાવે તે એવું, સંતે અન્નમાં નીર ન લેવું;
આ તો એવો છે દેશ અમારો, અપચો તેથી તરત થનારો. ૩૩
આપી શ્રીજીએ આગન્યા ત્યાંય, જળ લેવું નહીં અન્નમાંય;
પીરસે સંતને ભગવંત, છબિ જોઈ રાજી થાય સંત. ૩૪
એવું જોઈ બોલ્યા મહારાજ, સંત રાજી દીસે સહુ આજ;
ઊંડો અર્થ એ વાક્યનો જેહ, જુદી જુદી રીતે જાણ્યો તેહ. ૩૫
બાઈને મન એમ ઉતર્યું, ખટ માસ રહેવાનું ઠર્યું;
તેથી રાજી થયા સહુ સંત, એમ ભાખે છે શ્રીભગવંત. ૩૬
પણ સંત તો સમજીયા એવું, ઠર્યું અન્નમાં પાણી ન લેવું;
એથી રાજી થયા સંત આજે, એમ મર્મ કર્યો મહારાજે. ૩૭
સ્વાદવશ સહુ સાધુને જાણ્યા, એવું જાણી સાધુ શરમાણા;
સંતે લાજી નીચું જોયું જ્યારે, પ્રભુ તરત પધાર્યા ઉતારે. ૩૮
જઈ પોઢી રહ્યા પરમેશ, ઊઠ્યા છ ઘડી દિવસ રહ્યે શેષ;
પછી બેઠા સભા સજી સારી, બેઠા સંત પાળા બ્રહ્મચારી. ૩૯
બેઠા સત્સંગી સૌ થઈ સ્વસ્થ, બેઠા ગામના આવી ગૃહસ્થ;
ધર્મ જ્ઞાન સંબંધી ત્યાં વાત, કહી શ્રીહરિએ સાક્ષાત. ૪૦
પછી લજ્જા વિષે વૃષલાલે, કહી વાત ભલી તેહ કાળે;
લજ્જાથી પણ ધર્મ રહે છે, લજ્જા ધર્મની પાળ કહે છે. ૪૧

**લજ્જા વિષે : ઉપજાતિ :**

લજ્જા ભલી ધર્મની પાળ જાણો, લજ્જા સદાચાર ગઢ પ્રમાણો;
જો લાજ જેના મનથી ન તૂટે, તો ધર્મ તેનો નહિ છેક છૂટે. ૪૨
હાથી પગે સાંકળ બંધ જેમ, છે ચિત્તનું બંધન લાજ તેમ;
જો બંધ તૂટે વહી ક્યાંઈ જાય, ભાલા તણા માર વિશેષ ખાય. ૪૩
કુસંગિને જો મન લાજ હોય, ડરે કુચાલે દિલ માંહિ તોય;
જેણે તજી લોક તણી જ લાજ, કહો પછી શું ન કરે કુકાજ. ૪૪

લાજે કરીને જન શીલ પાળે, લાજે કરી દુર્ગુણ દૂર ટાળે;
જો લાજવાળા તણી લાજ જાય, તો મૃત્યુનો તે કરશે ઉપાય. ૪૫
લાજે લડીને રણમાં મરે છે, લાજે જ લોભી ધન વાવરે છે;
લાજે લીધેલું ધન પાછું આલે, લાજે જનોનો વ્યવહાર ચાલે. ૪૬
લાજે વદેલું નિજ વેણ પાળે, લાજે પિતાનું ઋણ પુત્ર વાળે;
લાજે કરે છે જન કામ સારાં, નારી નરો નિર્લજ તે નઠારાં. ૪૭
શરીરની નાડી સમાન લાજ, જાણો તમે સૌ જનનો સમાજ;
તે હોય ત્યાં સુધી થશે ઉપાય, તે તુટિ તો આશ નહીં રખાય. ૪૮
ભલે સજ્યા સદ્‌ગુણ જો અનેક, લજ્જા વિના નીચ ગણાય છેક;
સર્વાંગથી હોય શરીર સારું, નાસા વિના તેહ દિસે નઠારું. ૪૯

**ચોપાઈ :**

જુઓ સંતોમાં કેવી છે લાજ, એનો દાખલો દીઠો મેં આજ;
સંત જમવા બેઠા હતા જ્યારે, અમે મર્મ કર્યો કાંઈ ત્યારે. ૫૦
સૌએ નીચું જોયું શરમાઈ, એ જ છે ધર્મની દઢતાઈ;
એવી રીતે સભા નિત્ય થાય, કથા વારતા નિત્ય કરાય. ૫૧
હરિ સંતને અર્થે તે બાઈ, બહુ મોકલે મેવા મિઠાઈ;
સાંઠા શેલડીયોના મગાવી, ઘણાં મોકલે ગાડાં ભરાવી. ૫૨
રસ શેરડીનો ઘડા ભરી, ક્યારે મોકલે બહુ પ્રેમ કરી;
નવા ગોળનાં ઉત્તમ ભીલાં, ક્યારે મોકલે રુડા રસિલાં. ૫૩
પરગામથી મેવો મગાવે, સંતને અરથે મોકલાવે;
દૂધ દહીં ધૃત આપે અઘાત[૧], ખાંડ સાકરની તો શી વાત. ૫૪
જાણે વાવરું જે સંત સારુ, ખરું એટલું છે ધન મારું;
આવો અવસર ક્યારે ફરી આવે, એમ જાણિ જમાડે છે ભાવે. ૫૫
ધન્ય કુશળકુંવરબાઈ રાણી, જેની શાસ્ત્રમાં વાત લખાણી;
રાણિયો બહુ થૈ અને થાશે, ગુણ આના હમેશ ગવાશે. ૫૬
જ્યાં સુધી શશી સૂર્ય આ ઠામ, રહેશે એનું અવિચરળ નામ;
એના વંશમાં જન્મશે જેહ, ભાગ્યશાળી ગણાશે જ તેહ. ૫૭

૧. પુષ્કળ

ધન્ય માતપિતા પણ તેનાં, ધન્ય ધન્ય સાસરિયાં જેનાં;
કર્યો બે કુળ કેરો ઉદ્ધાર, ધન્ય ધન્ય એનો અવતાર. ૫૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિજન અવતાર જ્યાં ધરે છે, સ્થિત કરિ જે સ્થળ માંહિ તે ઠરે છે;
અવનિ અધિક ધન્ય તે ગણાય, કુળપણ તેહ પવિત્ર બેય થાય. ૫૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિધર્મપુર-વિચરણનામ ત્રિપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૩॥*

**પૂર્વછાયો :**

સુરતના સતસંગીને, મુખે કહ્યું હતું મહારાજ;
સુરતનો સંઘ આવિયો, તેથી દર્શન કરવા કાજ. ૧

**ચોપાઈ :**

આનંદાનંદસ્વામી જે આવ્યા, એ જ સુરતનો સંઘ લાવ્યા;
જામો જરિયાનો સુરવાળ, સારો મુગટ જડાવ વિશાળ. ૨
કડાં વેઢ વીંટી મોતિમાળા, લાવ્યા શણગાર એવા રૂપાળા;
પ્રભુપદ કરી પ્રેમે પ્રણામ, ભલી ભેટી ધરી તેહ ઠામ. ૩
જન સૌ કહે એમ વચન, ધન્ય સુરતના હરિજન;
એનો ભાવ પ્રભુ પર ભારી, એની સમજણને બલિહારી. ૪
જ્યારે જાણ્યું આવ્યો સંઘ સારો, આપ્યો બાઈએ સારો ઉતારો;
ભલાં મોકલ્યાં ભોજન પાન, જાણ્યા સૌ સગાવા'લા સમાન. ૫
એક દિવસ ત્રીજે પો'રે ધારી, આવ્યા કુંવર સજી અસવારી;
સજી લાવ્યા સારા હય હાથી, સાથે સરદાર પોતાના સાથી. ૬
ઘણા પાળા તથા અસવાર, રથ પાલખી શોભે અપાર;
સાથે આરબ બેરખ છાજે, વાજાં વિવિધ પ્રકારનાં વાજે. ૭
કર્યો કૃષ્ણને કુંવરે પ્રણામ, કર જોડી ઉચર્યા આમ;
હનુમાનનાં દર્શન કાજ, ચાલો સંત સહિત મહારાજ. ૮
બેસો હાથિયે હે ભગવંત, રથમાં બેસશે બીજા સંત;
કરવા દરશન આપ તણાં, પુરવાસીયો ઈચ્છે છે ઘણાં. ૯

માટે એવે મિષે મહારાજ, આપો દર્શન સર્વને આજ;
સુણી શ્યામ ઉભા થયા જ્યારે, આવ્યા સુરતના જન ત્યારે. ૧૦
કર જોડીને વાણી ઉચારી, વા'લા સાંભળો વિનતી અમારી;
અમે પોશાગ આપ્યો ઉમંગે, પ્રભુ એ જ ધરો આજ અંગે. ૧૧
અતિ વિનતિ કરી સૌ સમાજે, ત્યારે માન્યું વચન મહારાજે;
જામો જરિયાનનો સુરવાળ, ધર્યો મસ્તકે મુગટ વિશાળ. ૧૨
કડાં વેઢ વિંટી ધરી હાથે, મોતિમાળા ધરી મુનિનાથે;
હાથી અંબાડીએ બેઠા હરિ, બેઠા કુંવર ચામર ધરી. ૧૩
છત્ર હેમકળશ શુભવાળું, ભગુજીએ તે ધાર્યું રૂપાળું;
નાજો જોગિયા દાસ હરીનો, રહ્યા રુમાલ ધારી જરીનો. ૧૪
બેય બાજુએ પાટિયાં બેય, જડ્યાં તે પર તે ઉભા છેય;
શોભે જય ને વિજય બેય જેવા, ભગુજી ને નાજો શોભે તેવા. ૧૫
મોટા સંત બેઠા રથમાંય, બીજા ચાલતા કીર્તન ગાય;
કોઈ અસવાર ને કોઈ પાળા, સતસંગી ચાલ્યા સંઘવાળા. ૧૬
ચાલ્યા પાર્ષદો બંદુક ધરી, અસ્ત્ર શસ્ત્ર ધર્યા સજ્જ કરી;
જે જેકાર વદે છડીદાર, જોવાને ઉલટ્યાં નરનાર. ૧૭
જન દર્શન કરવાને ધાય, તે તો મારગમાં ન સમાય;
ઝરુખે ને અગાશીએ ચડ્યાં, કોઈ છાપરા ઉપર અડ્યાં. ૧૮
કોઈ ઓઝલમાં રહેનારી, નિરખે ચક નાખીને નારી;
કોઈ માવનાં મીઠડાં લે છે, કોઈ પુષ્પાદિકે વધાવે છે. ૧૯
અસવારી ધિમે ધિમે જાય, જન નિરખતા તૃપ્ત ન થાય.
વળી આગળ આગળ દોડી, નિરખે ને નમે કર જોડી. ૨૦
ભાલાં ઝળકે ને ફરકે નિશાન, કરે બંદીજનો ગુણગાન;
આવી ચૌટા વચે અસવારી, નમે પ્રેમથી સર્વ વેપારી. ૨૧
અન્યોઅન્ય કરે છે ઉચ્ચાર, અહો આપણાં ભાગ્ય અપાર;
શાસ્ત્રે સાંભળતાં જે સ્વરૂપ, આજ પ્રત્યક્ષ નિરખ્યું અનૂપ. ૨૨
મોરમુગટ બિરાજે છે માથે, શુકજી જેવા સંત છે સાથે;
ગણે દર્શન દુર્લભ દેવ, તે તો આજ દીઠા તતખેવ. ૨૩

સુણો ભૂપ હું શું કહું ભાખી, સ્વારી ધારી રિઝી પુરી આખી;
આવ્યા ઈન્દ્રાદિ દેવ અપાર, જુવે તે પણ વારમવાર. ૨૪


**હસ્તિપ્રબંધ : શાર્દૂલવિક્રીડિત :**

હાથીએ હરિ સ્વારિ સારિ કરિ છે રીજી પુરી ધારીને,
ધારિ ધારિ ફરી ફરી ઠરિ ઠરી હેરી હરી સ્વારિને;
શ્રીજી આગળ સ્વાર હાર્ય થઈ હર્ખે છે ઘણા હેતથી,
જોવા સૌ સુર ધાઈને ફરિથિ ફર્કે છે ઠઠ શ્વેતથી. ૨૫

**ભ્રાંતાપહ્નુતિઅલંકાર : શાર્દૂલવિક્રીડિત :**

ગાજે છે ઘન હે સખી નહિ સખી ત્રંબાળુનો[1] નાદ છે,
બોલે છે બહુ મોર જો નહિ છડીદારો તણા સાદ છે;

हरित्तप्रबंध



જો આ વીજળિ મેઘચાપ ચળકે તે શસ્ત્રનીશાન છે,
જો આ મેઘ ચડ્યો નહીં ગજશિરે શ્રીજી બિનેવાન છે. ૨૬

૧. તાંબાની મોટી નોબત (નગારૂ)

**ચોપાઈ :**

આખા પુરમાં ફરી અસવારી, નિરખી હરખ્યાં નરનારી;
હનુમાનના મંદિર પાસ, ઉતર્યા જઈને અવિનાશ. ૨૭
નિજદાસને દેવાને માન, નમ્યા હનુમાનને ભગવાન;
નમ્યા કુંવર તથા સંત પાળા, નમ્યા હરિજન સૌ સંઘવાળા. ૨૮
પછી નીકળ્યા મંદિર બહાર, મોટું મેદાન છે તેહ ઠાર;
પ્રભુને કરવાને પ્રસન્ન, ધાર્યું રાજસુતે નિજ મન. ૨૯
કલા અશ્વ ખેલવવાની જાણે, એને અસ્વાર સર્વ વખાણે;
મહારાજને ખૂબ રિઝાવા, માગ્યો પોતાનો અશ્વ ખેલાવા. ૩૦
અશ્વ લૈ એક રાવત[1] આવ્યો, ભાળી અશ્વ તે સર્વને ભાવ્યો;
જેવો ઉચ્ચૈઃશ્રવા ઈન્દ્ર કેરો, ઘોડો તે થકી સરસ ઘણેરો. ૩૧

**અશ્વપ્રબંધ : ઉપજાતિવૃત્ત :**

જે અશ્વ અર્થે અતિ અન્ય ભૂપે, તપો કર્યાં ખ્યાત યતીશરૂપે;
ઓપે રુપાળા અતિ અશ્વિનીશ[2], સુભાગિ પામે ઈહ લોકઈશ. ૩૨

अश्वप्रबंध



૧. રખેવાડ ૨. ઘોડીઓનો સ્વામી

**ચોપાઈ :**

એહ અશ્વ ઉપર એહ વારે, કરી અસ્વારી રાજકુમારે;
પછી તેને દોડાવ્યો ખેલાવ્યો, અતિ અદભુત ખેલ જણાવ્યો. ૩૩
છોડી બંદુક દોડતે ઘોડે, વળી દોડાવ્યા બે અશ્વ જોડે;
બેય ઉપર બે મૂકયા, સાથે દોડાવતાં નવ ચૂકયા. ૩૪
લઈ હાથમાં તીર કમાન, દોડતે ઘોડે પાડ્યું નિશાન;
મહારાજને મુજરો[1] કીધો, વખાણીને આશીર્વાદ દીધો. ૩૫
ક્ષત્રિપુત્ર તમે ધન્ય ધન્ય, તમ જેવા જોયા નથી અન્ય;
રીઝયા કૃષ્ણ કહી વેણ એમ, રીઝે મોટા તપસ્વીને જેમ. ૩૬
હતા તેમ હાથી પર બેઠા, બીજા ચૌટામાં ફરવાને પેઠા;
દીધાં દર્શન બહુ કરી દયા, પછી આપને ઉતારે ગયા. ૩૭
થોડા દિવસ વિત્યા એમ જ્યારે, આવ્યાં સાધુનાં મંડળ ત્યારે;
મુકતાનંદ અને નિત્યાનંદ, એહ આદિક સંતના વૃંદ. ૩૮
આવ્યા દુર્ગપુરી થકી ધાઈ, મોટીબા મીણબા રામબાઈ;
ફૈબા આદીક બાઈયો આવ્યાં, વૈશ્ય રાજુબાને સાથે લાવ્યાં. ૩૯
ભટ્ટ બેચર લક્ષ્મીરામ, દવેજી હરજીવન નામ;
એહ આદિ આવ્યા સતસંગી, હરિદર્શન કરાવા ઉમંગી. ૪૦
જીવુબાનું મોટીબા છે નામ, તેણે પ્રભુપદ કીધા પ્રણામ;
ઘણા દિવસ વિજોગમાં રહ્યાં, તેથી નેણ થકી નીર વહ્યાં. ૪૧
બોલ્યાં ગદગદ કંઠે વચન, આવું નવ ઘટે પ્રાણજીવન;
મત્સ્ય વારિ વિના ટળવળે, વારિને તો દયા નવ મળે. ૪૨
એવી નિર્દયતા ધરી નાથ, તમે છોડ્યો અમારો સંઘાથ;
એવાં સાંભળી વિરહવચન, બોલ્યા મધુરવચન ભગવન. ૪૩
જોવા પ્રેમ તમારો જરૂર, થોડા દિવસ રહ્યો છું હું દૂર;
પણ ભજન કરે છે જે મારું, તેને હું પણ પળ ન વિસારું. ૪૪
જાણ્યો પ્રેમ તમારો અપાર, કહો ગઢપુરના સમાચાર;
સુણી બોલ્યાં જયાબાઈ વાણી, સુણો શ્રીહરિ સારંગપાણિ. ૪૫

૧. સલામ

નૃપ અભયનો ઉત્તમ પુત્ર, તથા તેનું બધું ઘરસૂત્ર;
જીવો ખાચર કુટુંબ સમેત, અતિ છે સૌનું તમ પર હેત. ૪૬
તે છે તમ વિના સર્વે ઉદાસી, કહે ક્યારે આવે અવિનાશી;
કોઈ તો નથી અન્ન જ ખાતાં, રોઈ રોઈ કર્યા નેણ રાતાં. ૪૭
કોઈ તો ભૂલ્યા દેહનું ભાન, કોઈ તો થયા વિકળ સમાન;
કોઈ વિરહનાં બોલે વચન, કોઈ તજવાને ઈચ્છે છે તન. ૪૮
સ્વામિ છે સચ્ચિદાનંદ નામ, તે તો વન ભટકે ઠામ ઠામ;
ઝાડને પૂછતા તે ફરે છે, હરિ ક્યાં હરિ ક્યાં ઉચરે છે. ૪૯
રોઈ નેણનું ખૂટ્યું છે નીર, તેણે કાને વહે છે રુધીર;
મુખે લેતા નથી અન્ન પાણી, વદે હે હરિ હે હરિ વાણી. ૫૦
પશુ પક્ષીને પૂછે છે જઈ, કહો કૃષ્ણ ગયા અહીં થઈ;
નથી ઉત્તર દેતાં તે જ્યારે, અતિ થાય ઉદાસી તે ત્યારે. ૫૧
દે છે તાળું જો ઘરમાં ઘાલી, રહે તાળું ને તે જાય ચાલી;
એને જો નહિ ઘો દરશન, તજશે તે નકી નિજ તન. ૫૨
સુણી સંતની એવી અધીર, આવ્યાં નાથના નેણમાં નીર;
કહે શ્રીજી બહુ ન રોકાશું, થોડા દિનમાં દુરગપુર જાશું. ૫૩
સચ્ચિદાનંદનો જોઈ સ્નેહ, આપી દિવ્યગતિ છતે દેહ;
શ્રીજી સાથે આવી જમે મથાળ, જાય ગઢપુર વળી તતકાળ. ૫૪
જમવાનું કહે જન જ્યારે, આપે ઉત્તર તેહને ત્યારે;
શ્રીજી સાથે જમી આવ્યો હુંય, નથી ભૂખ્યો હવે જમું શુંય. ૫૫
કહી એમ કોઈક દહાડે, મુખમાં મિષ્ટ અન્ન દેખાડે;
ધર્મપુરમાં લીલા હરિ કરે, સચ્ચિદાનંદ તેહ ઉચ્ચરે. ૫૬
બ્રહ્મચારી કહે સુણો ભૂપ, એવાં કૃષ્ણચરિત્ર અનૂપ;
ધર્મપુરની કથા હવે કહું, સાવધાન થઈ સુણો સહુ. ૫૭
જયાબાઈ આવ્યાં એવું જાણી, ભેટ્યાં કુશળકુંવરબાઈ રાણી;
રાણીને કહે શ્રીમહારાજ, જયાબા છે મોટાં ભક્તરાજ. ૫૮
જ્ઞાનવારતા સારી કરે છે, બાઈયોના તે સંશે હરે છે;
તમ અર્થે તેડાવ્યા છે એને, આપો ઉતારો તમ પાસે તેને. ૫૯

રાત દિવસ સમાગમ રાખો, એના મુખથી જ્ઞાનામૃત ચાખો;
સુણી એવું સમાગમ આશે, આપ્યો ઉતારો પોતાની પાસે. ૬૦
આપી ઉત્તમ ખાન ને પાન, સારી રીતે કર્યું સનમાન;
મુકતાનંદઆદિ સંત જેહ, રહ્યા શ્રીજીની સમીપે તેહ. ૬૧
જ્ઞાનવારતા નિશદિન થાય, જ્યાં ત્યાં હરિકીર્તન સંભળાય;
ધર્મપુર માંહિ એ સમે રાય, અતિ આનંદ ઉર ઉભરાય. ૬૨
જોતાં ભાસે ધરમપુર કેવું, નૈમિષારણ્ય પ્રત્યક્ષ તેવું;
એવાં ભજન સ્મરણ તહાં થાય, વિશાળા સમ જોતાં જણાય. ૬૩
કાં તો ધારિએ અક્ષરધામ, એવી શોભા બની એહ ઠામ;
કર્યો વર્ણીમુકુંદે ત્યાં થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૬૪
સંત અર્થે ફનસનું શાક, ઘૃત ઘાલેલું જેમાં અથાક;
ભલાં બીજાં ભોજન ભાત ભાત, રાંધનારા રાંધે દ્વિજ જાત. ૬૫
પીરસે પુરુષોત્તમ પ્રીતે, જમે સંત સરવ શુભ રીતે;
એમ આનંદ ઉત્સવ થાય, હરિભકતને હરખ ન માય. ૬૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ધરમતનુજ ધર્મશાસ્ત્ર ધારી, ધરમ વધારી અધર્મને વિદારી;
ધરમ કરમ શુદ્ધ જે સુહાવ્યાં, ધરમપુરે રહિ ધાત્રિમાં[૧] ચલાવ્યાં. ૬૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ધર્મપુરે દુર્ગપત્તન-*
*સંઘાગમનનામ ચતુઃપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૪॥*

**પૂર્વછાયો :**

મુકતાનંદમુની ઉચર્યા, એક સમે કુંવરની પાસ;
શ્રીજી ચડે અસવારિએ, એવાં દર્શનની મને આશ. ૧

**ચોપાઈ :**

સ્વારી સારી સજાવીતી તમે, ન કર્યાં દર્શન પણ અમે;
ફરીથી જો કરો એ જ રીતે, પ્રભુ નિરખિએ પ્રેમ સહિતે. ૨

૧. પૃથ્વી, ભૂમિ

પછી કુંવરે સજી અસવારી, આવી શ્રીજીને અરજ ઉચારી;
બેસો અંબાડીમાં મહારાજ, ફરિએ વળિ પુર માંહિ આજ. ૩
નોતા હાજર તે દિન જેહ, ઈચ્છે દર્શન કરવાને તેહ;
એવું સાંભળી દીનદયાળ, ધર્યો મુગટ ધર્યો સુરવાળ. ૪
જામો જરૂરિયાનનો ધર્યો નાથે, કડાં વેઢ વીટી ધરી હાથે;
ધર્યા શોભિતા શુભ શણગાર, થયા હસ્તી ઉપર અસવાર. ૫
બેઠા કુંવર ચમર લઈ પાસ, બેય બાજુ ઉભા રહ્યા દાસ;
એકે છત્ર ને એકે રુમાલ, કર માંહિ ધર્યા તેહ કાળ. ૬
જેવી પ્રથમ સજી હતી સ્વારી, શોભે એ થકી પણ અતિ સારી;
શેરી શેરીએ શેહેરમાં ફરિયા, પાછા આવી ઉતારે ઉતરિયા. ૭
કર્યા દર્શન લોક અનંતે, કર્યા દશર્ન હરિજન સંતે;
કર્યા દર્શન ગઢપુરવાસી, છબી હૈયામાં ધારી હુલાસી. ૮
સભા સાંજે સજી ઘનશ્યામે, આવ્યા રાજકુંવર એહ ઠામે;
લાવ્યા નિજના ગવૈયાને સંગે, તેઓ ગાવાને લાગ્યા ઉમંગે. ૯
ધ્રુવપદનું કર્યું એક ગાન, ઉરમાં ધરીને અભિમાન;
દેવાનંદ હતા ગાન અભ્યાસી, એને એમ કહ્યું અવિનાશી. ૧૦
કરો એક આલાપ પસારી[૧], અમે જોઈએ બુદ્ધિ તમારી;
સુણી તેણે સરોદો મંગાવ્યો, તતબીરથી[૨] તાર ચડાવ્યો. ૧૧
એક આલાપી રાગણી સારી, નૃપના ગવૈયા રહ્યા હારી;
માયા તોસેં લગી કેસે છૂટે, જેસે હીરો ફોર્યો નવ ફુટે. ૧૨
એહ પદ અતિ ઉત્તમ ગાયું, શોભ્યું શારદાથી તે સવાયું;
ગવૈયા કહે સાંભળો તમે, નભી શકિએ નભાવો તો અમે. ૧૩
દેવાનંદનું સાંભળી ગાન, ગવૈયાએ મૂકયું અભિમાન;
ગાને રાજી થયા ગિરધારી, નિજ તનથી ડગલી ઉતારી. ૧૪
હતી તે કિનખાબનીય ભારે, કરી સુરતના કરનારે;
મુખે બોલિયા શ્રીમહારાજ, આપું આ દેવાનંદને આજ. ૧૫
પણ ત્યાગીએ તે ન રખાય, કોઈ ચોરજનો ચોરી જાય;
પછી ફેરવી તેહને શીશ, ગવૈયાને કરી બખશીશ. ૧૬

૧. વિસ્તારી ૨. યુક્તિથી

પછી સભા વિસર્જન થઈ, જમ્યા શ્રીકૃષ્ણ ઉતારે જઈ;
રોટલો બાજરીનો ને દહીં, સ્નેહે શ્યામ આરોગિયા સહી. ૧૭
પછી પોઢ્યા પવિત્ર પલંગે, સારો શાલજોટો ઓઢિ અંગે;
વળી એક દિવસ તણી વાત, કહું તે તમે સાંભળો ભ્રાત. ૧૮
બાઈ કુશળકુંવરનો ભાઈ, રહેતો હતો તે પુરમાંઈ;
તેણે પધરામણી શુભ પેર, કરી નાથ તેડ્યા નિજ ઘેર. ૧૯
કરી પૂજા ષોડશ ઉપચારે, વસ્ત્ર પેરાવિયાં ભારે ભારે;
માથે સુંદર મુગટ ધરાવ્યો, રુપૈયા ભરી થાળ મગાવ્યો. ૨૦
પ્રભુ આગળ તે ભેટ ધરી, ધૂપ દીપ ને આરતી કરી;
પૂજી સંતને વસ્ત્ર ઓઢાડ્યાં, પ્રભુને નમી પાપ મટાડ્યાં. ૨૧
વળી એક સમે મહારાજ, નદીએ ગયા મજ્જન કાજ;
નાહ્યા ત્યાં હતી ટાઢ અંત્યત, તાપ્યા તાપે હરિ સહું સંત. ૨૨
કરી દષ્ટિ સામાતટ પાર, દીઠી અદ્‌ભૂત ઝાડી તે ઠાર;
સંતને વસવા યોગ્ય વન, આ છે એમબોલ્યા ભગવાન. ૨૩
કંદ મૂળ ને ફળનો આહાર, મળે આ વન માંહિ અપાર;
કહે સંત મળ્યા અવિનાશ, હવે કોણ વસે વનવાસ. ૨૪
એવી રીતે વિનોદ કરીને, ગયા ઉતારે નાથ ફરીને;
વાંસદાના રાજા ગુણધામ, રાયસિંહજી જેહનું નામ. ૨૫
સુણ્યો તેણે શ્રીજીનો પ્રતાપ, આવ્યા તેડવાને નૃપ આપ;
કહ્યું કુશળકુંવરબાઈ પાસ, મારે ગામ આવે અવિનાશ. ૨૬
એવી અરજ પ્રભુને ઉચ્ચારો, તો હું માનીશ પાડ તમારો;
પછી બાઈએ વિનતિ ઉચ્ચારી, જાઓ વાંસદે દેવ મુરારી. ૨૭
રાજા આવ્યા છે તેડવા કાજ, એના પૂરો મનોરથ આજ;
નૃપને કહ્યું નાથે તે સમે, જાઓ ત્યાં તમે આવશું અમે. ૨૮
રાયસિંહજી વાંસદે ગયા, બીજે દિન હરિ તૈયાર થયા;
સાથે લૈ સહું સંત સમાજ, વાંસદે ગયા શ્રીમહારાજ. ૨૯
ત્યારે ભૂપ તથા કારભારી, સામા આવ્યા સજી અસવારી;
સનમાનથી શેહેરમાં લાવ્યા, દરબાર વિષે પધરાવ્યા. ૩૦
પ્રભુજીને બેસાર્યા પલંગે, કર્યું અર્ચન અધિક ઉમંગે;
અલંકાર અનૂપ ધરાવ્યા,સોના રૂપાને પુષ્પે વધાવ્યા. ૩૧

કર્યો વર્ણી મુકુંદે ત્યાં થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
કરાવ્યા રાયે પાક રસાળા, જમ્યા સંત તથા જમ્યા પાળા. ૩૨
બીજે દિવસે સભા સજી સારી, તેમાં અદભુત વાતો ઉચ્ચારી;
જણાવ્યું પુરુષોત્તમપણું, સૌને અચરજ ઉપજ્યું ઘણું. ૩૩
થોડા દિવસ વસી તહાં વાસ, જવા માગી રજા અવિનાશ;
ભૂપને કહે શ્રીભગવાન, કાંઈ માગો તમે વરદાન. ૩૪
સુણી બોલિયા રાય સુજાણ, પ્રભુ કરજો અમારું કલ્યાણ;
પદની છાપ પૂજવા કાજ, પાડી આપો મને મહારાજ. ૩૫
એ જ માગું છું હું વરદાન, અન્ય ઈચ્છા નથી ભગવાન;
કહે કૃષ્ણ વચન સુણો મારું, નકી થાશે કલ્યાણ તમારું. ૩૬
એમ કરી નિજ ચરણની છાપ, પાડી આપી પ્રભુજીએ આપ;
રુદે રાજી થયા તેથી રાય, તેના હૈયામાં હરખ ન માય. ૩૭
એમ આનંદ સૌને વધાર્યા, ધર્મપુર ધર્મપુત્ર પધાર્યા;
માઘી પંચમીનો દિન આવ્યો, તેનો ઉત્સવ ત્યાં જ ઠરાવ્યો. ૩૮
બાઈ કુંશળકુંવરે વિચારી, તેડાવ્યાં સગાં સ્નેહી સંભારી;
મહારાજનાં દર્શન કરવા, વળી ભવજળ પાર ઉતરવા. ૩૯
બહુ આવ્યાં તહાં નરનારી, સમૈયાની શોભા થઈ સારી;
ભાત ભાતનો રંગ રચાવ્યો, મણ ઝાઝા ગુલાલ મગાવ્યો. ૪૦
કર્યા પંચમીને દિન ખેલ, થઈ રંગની રેલમછેલ;
પછી સારી સજી અસવારી, નદીએ ગયા ના'વા મુરારી. ૪૧
જમ્યા આવીને જીવન થાળ, જમ્યા સંત રસોઈ રસાળ;
ધર્મપુરમાં રહી ધર્મજાત, એવી લીલા કરી ભલી ભાત. ૪૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કૃત સુખકર સચ્ચરિત્ર ભારે, ધરમપુરે રહિ ધર્મના કુમારે;
નિજજન હિતકારિ નાથ એહ, અમપર નિત્ય થજો પ્રસન્ન તેહ. ૪૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિધર્મપુરે*
*વસંતોત્સવવર્ણનનામ પંચપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૫॥*

**પૂર્વછાયો :**

માગી રજા મહારાણીની, પછે વાલે જવા વરતાલ;
બાઈ ઉદાસી બહુ થયાં, પણ માન્યું નહીં વૃષલાલ. ૧

**ચોપાઈ :**

ત્યારે બાઈએ વાત વિચારી, દિન એક રુડો નિરધારી;
પધરામણી કરવાને કાજ, કચેરીમાં તેડ્યા મહારાજ. ૨
બેઠા કુંવર વિજયદેવ ત્યાંય, બેઠા ભાયાત તે સ્થળમાંય;
બેઠા નાના મોટા કારભારી, બેઠા શ્રીમંત શેઠ વે'પારી. ૩
એક ખંડમાં ચક નખાવી, બેઠાં કુશળકુંવર બાઈ આવી;
લઈ સંત ને સત્સંગી સાથ, નેહે ત્યાં તો પધારિયા નાથ. ૪
બોલ્યા ઊંચે સ્વરે ચોપદાર, ઉઠી સૌએ કર્યા નમસ્કાર;
કુંવરે બહુ હેતે બોલાવ્યા, શુભ સિંહાસને પધરાવ્યા. ૫
અતિ પ્રેમથી પૂજન કીધું, પદ ધોઈ પાદોદક[1] પીધું;
કરી કેસર અરચા ભાલ, કર્યો કંકુનો ચાંદલો લાલ. ૬
જરિયાની ભલો સુરવાળ, પહેરાવ્યો પ્રભુને તે કાળ;
ફુમતાંવાળી રેશમી નાડી, અતિશે તે તો શોભે અગાડી. ૭
કીનખાબી જામો લીલે રંગે, પેહેરાવ્યો પ્રભુજીને અંગે;
રુડો રેટો જે બુરાનપુરનો, રચેલો જાણે સ્વર્ગના સુરનો. ૮
મહારાજને માથે બંધાવ્યો, દુપટ્ટો ભારે કમરે કસાવ્યો;
શોભિતું લીલા રંગનું શેલું, પ્રભુના તે ખભા પર મેલ્યું. ૯
ધરી નંગજડિત કંઠમાળ, જાણે નક્ષત્રમાળ વિશાળ;
શોભે શ્રીહરિનું મુખ કેવું, તારામંડળમાં શશી જેવું. ૧૦
હૈયે હેમની ઉતરી ધારી, બાજુબંધ બાંધ્યા સુખકારી;
વાઘમોરાં કડાં કાંડે ધરિયાં, નિરખી જનનાં નેણ ઠરિયાં. ૧૧
ધર્યા વેઢ ને વિંટી આંગળીયે, જડ્યા નંગ તે તો કેમ કળિયે;
પુષ્પતોરા ને પુષ્પના હાર, પહેરાવ્યા કરી બહુ પ્યાર. ૧૨

---

૧. ચરણ ધોયલું જળ (ચરણામૃત)

સોના રૂપાની મોહોરના થાળ, ધરીને ભેટ મૂક્યા વિશાળ;
ધૂપ દીપ ને નૈવેદ્ય ધરી, પછી કર્પૂરે આરતી કરી. ૧૩
મંત્રી સરદાર શેઠ વેપારી, સૌએ પૂજા કરી ભેટ ધારી;
પૂજ્યા સંતને કુંવરે સપ્રીત, વસ્ત્ર ઓઢાડિયાં રુડી રીત. ૧૪
આપ્યા પાર્ષદને સુપોશાગ, લક્ષ્મીરામને શેલું ને પાગ;
માતાએ કહી મુકેલું જેમ, કુંવરે આપ્યું સર્વને એમ. ૧૫
બેઠાં કુશળકુંવરબાઈ દૂર, પણ નિરખી છબિ ધરે ઊર;
પૂજા માનસી મન માંહિ ધારી, કરીને સ્તુતિ કેવી ઉચ્ચારી. ૧૬

**તોટકછંદ :**

નમુ કૃષ્ણ હરિં કરુણાકરણનું, જનનાં જનનં મરણં હરણં;
નમુ વર્ણીસ્વરૂપધરં વરંદ, નિજ સેવકને પદ અક્ષરદં. ૧૭
વરદેવ સુવંદિતપાદ વિભો, પદભક્તિ અનન્ય સુદેહિ પ્રભો;
નમુ દાસહિતં નરદેહધરં, ભવપાશકરાલવિનાશકરં[1]. ૧૮
નમુ શેષ ગણેશ મહેશપત, નમુ શ્રીવૃષનંદ અગમ્યગતિં;
નમુ શ્રીહરિ સુંદરશ્યામતનં, નિજઆશ્રિતચાતકસ્વાતિઘનં. ૧૯
નમુ શ્યામતમાલસમં વરણં, નમુ માધવ સાધુમનોહરણં;
નમુ નિર્મળકોમળકંજપદં, જિતકામસદા ગતમોહમદં. ૨૦
અસુરારિ અઘારિ અધર્મઅરિં, નમુ હાટકસંઘૃતહારહરીં[2];
નમુ મંજુલ કોમળ હાસ્યમુખં, નમુ સંતજનાર્પિતસર્વસુખં. ૨૧
શ્રુતિમાર્ગ પ્રવર્તનકારિ સદા, નમુ નાથ નિરંજન દેવ મુદા;
નમુ ધર્મપુરે નિજઅંઘ્રિધરં, નિજદાસમનોરથ પૂર્ણકરં. ૨૨
નમુ કોટિમકવિશ્વધરં રુચિરં, સુખદાયક બોધકરં સુચિરં;
નમુમાનસહંસવિશાલસરં, નમુ નૈષ્ઠિતાવ્રતનિત્યધરં. ૨૩
અરપો મુજને વરદાન અહો, તવ આ છબિ અંતર માહિ રહો;
ક્ષણમાત્ર કદી ન જશો વિસરી, વરદાયક વિશ્વવિહારી હરી. ૨૪

૧. કઠોર, પ્રચંડ ૨. સોનાની જાતી

**ચોપાઈ :**

સ્તુતિ તો એવી રીતે ઉચ્ચારી, વળી બોલ્યાં વિશેષ વિચારી;
મહારાજ આ રાજય અમારું, તે તો જાણજો સર્વ તમારું. ૨૫
ભરેલો છે જ ધનનો ભંડાર, નથી એમાં અમારું લગાર;
આપ ઈચ્છા પ્રમાણે વાવરો, મોટા મોટા જગન આંહિ કરો. ૨૬
શેર અન્ન તણાં સાથી અમે, પ્રભુ રાજયના માલિક તમે;
સુણી બોલિયા શ્રીમહારાજ, અમને ગમતું નથી રાજ. ૨૭
નથી બંધાવું એક જ ઠામ, કરવાં છે હજી ઘણાં કામ;
કરી દેશ વિદેશ પ્રવેશ, કરવો જનને ઉપદેશ. ૨૮
કચ્છ સોરઠ ને ગુજરાત, વધ્યો છે વામપંથ વિખ્યાત;
તેનું ખંડન કરવું છે મારે, ધર્મ સ્થાપવા શ્રુતિ અનુસારે. ૨૯
એ જ માટે લીધો અવતાર, હરું અધરમ ભૂમિનો ભાર;
મોટાં પૂર્વના મુક્ત છો તમે, તમ અર્થે આવ્યા આંહિ અમે. ૩૦
મારા રૂપનો નિશ્ચે કરાવ્યો, પુર પાવન કરવા હું આવ્યો;
હવે આંહિ નથી અન્ય કામ, થયું પૂરણ કામ તમામ. ૩૧
આખી પૃથ્વીનું જો મળે રાજ, નથી મારે તેનું કાંઈ કાજ;
ધનને ગણું ધૂળ સમાન, ગણું સનમાનને અપમાન. ૩૨
દેખું છું સરખાં નરનારી, હોય વૃદ્ધ જુવાન કુમારી;
દેખું રૂપ કુરૂપ સમાન, નથી ભાસતો ભેદ નિદાન. ૩૩
જેમ કીડીયોની હોય હાર, દીસે સર્વનો સરખો આકાર;
તેમાં કોણ પુરુષ અને નારી, કોણ કદ્રૂપ ને કોણ સારી. ૩૪
એમાં ભેદ કશો ન ભણાય, જોતાં સર્વ તે સરખી જણાય;
તેમ માણસ જાતિ આ સ્થાન, મનને ભાસે છે સર્વે સમાન. ૩૫
એવી વાત બહુવિધિ કરી, સુણી સર્વને અંતરે ઠરી;
હતી થાળમાં મોહોરો જેહ, રાજકિંકરને વેં'ચી તેહ. ૩૬
ઘણા વિપ્રોને દક્ષિણા દીધી, પુરમાં થઈ વાત પ્રસિદ્ધી;
એક ટેલિયો બ્રાહ્મણ આવ્યો, ટેલનો તેણે શબ્દ સુણાવ્યો. ૩૭

બોલ્યો ગદગદ જોડીને હાથ, મારી અરજ સુણો કૃપાનાથ;
ટેલ નાખતાં દિન બહુ ગયા, નથી આવતી કોઈને દયા. ૩૮
મોટી કન્યા થઈ છે કુંવારી, નથી પરણાવવા શક્તિ મારી;
વળી પુત્રને દેવી જનોઈ, પણ ધન નથી ધીરતું કોઈ. ૩૯
હવે શું મુખ લૈ જાઊં ઘેર, કરૂં પ્રાણ તજ્યા તણી પેર;
દીનનાથ દયા જો દેખાડો, મારું સંકટ શ્યામ મટાડો. ૪૦
સુણી બોલિયા શ્રીહરિ ત્યારે, કેટલું ધન જોઈએ તમારે;
તારે ટેલિએ કીધો ઉચ્ચાર, જોઈએ ધન એક હજાર. ૪૧
તેને શ્રીહરિને તેહ ટાણે, આપ્યા રુપૈયા એ જ પ્રમાણે;
પછી બાઈશ્રી બોલ્યાં વચન, કરો અંતઃપુરને પાવન. ૪૨
તહાં દર્શન સર્વને આપો, કોટિ જન્મનાં પાતક કાપો;
શસ્ત્રાગાર તથા જે ભંડાર, દયા દષ્ટિ કરો સર્વ ઠાર. ૪૩
સુણી અરજ ધરી હરિ ઉરમાં, પધાર્યા પછી અંતઃપુરમાં;
તહાં દર્શન સર્વને દીધાં, કૃપાદષ્ટિથી પાવન કીધાં. ૪૪
દરબારમાં સર્વ ઠેકાણે, પગલાં કર્યા એ જ પ્રમાણે;
જોઈ શસ્ત્રશાળા જોયા કોશ, કર્યા દષ્ટિ વડે નિર્દોષ. ૪૫
અતિ આનંદ સૌને વધાર્યા, પછી કૃષ્ણ ઉતારે પધાર્યા;
પછી થોડા દિવસ ગયા જ્યારે, જવાને થયા તૈયાર ત્યારે. ૪૬
બાઈએ તો બહુ કરી તાણ, રહો શ્રીહરિ શ્યામ સુજાણ;
વિના દર્શન દિન કેમ જાશે, મારું અંતર અતિ અકળાશે. ૪૭
એવું સાંભળી શ્રીહરિ આપ, છાપી આપી સ્વ ચરણની છાપ;
કહ્યું લ્યો નિત્ય દર્શન કરજો, મનમાં દઢ ધીરજ ધરજો. ૪૮
વળી બાઈ બોલ્યાં બહુ વહાલે, મારી સુધ લેજો અંતકાળે;
ક્યાંઈ વાસના ન રહે લગાર, આપો એ વર જગકરતાર. ૪૯
તથા અસ્તુ કહ્યું હરિ જ્યારે, વળી બાઈ બોલ્યા ફરી ત્યારે;
જીવુબાઈ આદિક છે જેહ, થોડા દિવસ રહે આંહિ તેહ. ૫૦
એવી આજ્ઞા કરો અવિનાશી, સુણી એવું બોલ્યા સુખરાશી;
પ્રવાસે થયા દિવસ વિશેષ, જવા દ્યો તેમને નિજ દેશ. ૫૧

સગાં સ્નેહી જોતાં હશે વાટ, કરતાં હશે અધિક ઉચાટ;
જીવુબાઈને કહે મહારાજ, તમે લૈને તમારો સમાજ. ૫૨
લક્ષ્મીરામ ચારણ ભોજોભાઈ, સાથે બેયને લઈ જાઓ બાઈ;
જળપંથે[1] સુરતથી વિચરજો, જઈ ભાવનગરમાં ઉતરજો. ૫૩
જજો દુર્ગપુરે થોડા દિનમાં, દઢ ધીરજ ધારજો મનમાં;
કહી એ રીતે કીધાં વિદાય, ગયો સુરત તે સમુદાય. ૫૪
જવા શ્રીજીએ કીધી તૈયારી, આવ્યા કુંવર સજી અસવારી;
આવ્યા મેતા મુસદી[2] પ્રધાન, આવ્યા આરબ ડંકો નિશાન. ૫૫
બેઠા અંબાડિમાં અવિનાશ, લઈ ચમર કુંવર બેઠા પાસ;
વાજે વાજિંત્ર વિવિધ પ્રકાર, સાથે શોભે ઘણા અસવાર. ૫૬
રથમાં બેઠા મોટેરા સંત, ચાલે હરિજન પાળા અનંત;
કોઈ ઝાંઝ મૃદંગ બજાવે, કોઈ તાળી પાડી ગુણ ગાવે. ૫૭
જેવી રીતે પ્રથમ પધરાવ્યા, તેવી શોભાએ શ્યામ વળાવ્યા;
ગાઉ એક સુધી ગયા જ્યારે, બેઠા વાલમ વેલ્યમાં ત્યારે. ૫૮
પ્રભુએ સહુને પાછા વાળ્યા, ભલા ભાવિક સર્વને ભાળ્યા;
કરી પ્રભુપદ પ્રેમે પ્રણામ, સહુ ઉભા રહ્યા એહ ઠામ. ૫૯
ઘણે દૂર ગયા હરિ જ્યારે, પુરવાસી પાછા વળ્યા ત્યારે;
રહ્યા ઝાડીમાં જૈ હરિ રાત, ચાલ્યા ત્યાંથી ઉઠીને પ્રભાત. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કુશળકુંવરબાઈ કાજ નાથ, ધરમપુરે જઈને સુસંત સાથ;
અગણિત જનને કૃતાર્થ કીધાં, દરશનદાન દઈ ઉધારિ લીધાં. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિધર્મપુરાત્*
*વિચરણનામ ષટ્પંચાશત્તમો વિશ્રામઃ ॥૫૬॥*

૧. વહાણ દ્વારા ૨. મુનિમ,દાવપેચ જાણનારો

**પૂર્વછાયો :**

ધર્મતનૂજ ધર્મપુર થકી, રહ્યા ઝાડી વિષે જઈ રાત;
સંઘ સહિત પછી ત્યાં થકી, ઉઠિ પરવરિયા પરભાત. ૧

**ચોપાઈ :**

ચીખલીમાં રહ્યા રાત વાસો, આવ્યા દર્શન કરવાને દાસો;
ત્યાંથી ચાલતાં મારગડામાં, રાત વાસો રહ્યા વગડામાં. ૨
ત્યાંથી કૃષ્ણ પધાર્યા કતાર, આવ્યાં સુરતી ત્યાં નરનાર;
તેણે સેવા સજી સમો જોઈ, બીજે દિન પણ દીધી રસોઈ. ૩
જમી ચાલિયા જગદાધાર, પહોંચ્યા પ્રભુ તાપીને પાર;
વરિયાવે વસ્યા રાત વાસ, ઉઠી પરીયે ગયા અવિનાશ. ૪
કૃષ્ણ ત્યાંથી કારેલિયે ગયા, કીમચોકીયે જૈ રાત રહ્યા;
ત્યાંથી ગમન કરી ગામોગામ, દેતા દાસોને દર્શનદાન. ૫
આવ્યા જીતાલીયે અલબેલ, તહાં ભૂધરદાસ પટેલ;
તેણે રાખ્યા ને દીધી રસોઈ, બીજે દિન બોલ્યો પટેલ કોઈ. ૬
મારે ઘેર જમી જજો હરી, પણ કૃષ્ણે ઉતાવળ કરી;
ત્યારે તેણે સીધું સારું દીધું, ગાડીતે[1] ગાડામાં ભરી લીધું. ૭
પ્રભુ ઉતર્યા નર્મદા પાર, જાડેસર ગયા જગતઆધાર;
પૂરણાનંદ વિપ્ર બોલાવી, તેની પાસે રસોઈ કરાવી. ૮
જમી રાજી થયા જનપાળ, પૂરણાનંદને દીધી શાલ;
પછી ત્યાં થકી શ્યામ સિધાવી, રહ્યા રાત ટંકારિયે આવી. ૯
નદી ઢાઢર ઉતરી નાથ, રહ્યા વણછરે સૌ જન સાથ;
વિપ્ર જીવણ ને આશારામ, તેણે સેવા સજી તેહ ઠામ. ૧૦
આવ્યા ભોજની સીમમાં જ્યાંય, પાકું કોઠું જમ્યા પ્રભુ ત્યાંય;
રણું ગામે તળાવને તીર, દીઠી દેવીની જગ્યા રુચીર. ૧૧
તહાં રાત રહ્યા અવિનાશ, આવ્યા તે ગામના નિજ દાસ;
દેસૈભાઈ ને ભગવાનદાસ, ભવાનીદાસ ને કાશીદાસ. ૧૨

૧. ગાંડી હાંકનાર માણસ

પ્રભુદાસ અને પુંજાભાઈ, તુળજાભાઈ આવિયા ધાઈ;
આલમગર ને પ્રભાતગર, દીધું સૌએ તે માન આદર. ૧૩
સેવા સૈની કરી અંગિકાર, પ્રાતે પરવર્યા પ્રાણઆધાર;
ડભાઈ થઈ એકલબારે, ગયા ત્યાંના મળ્યા ભૂપ ત્યારે. ૧૪
તેણે જમવાની બહુ કરી તાણ, પણ જમવા રહ્યા ન સુજાણ;
નદી ઉતરવા માગ્યું નાવ, ભૂપે આપ્યું ભલો ધરી ભાવ. ૧૫
ભાઠામાં ઉતર્યા ભગવાન, આપ્યું રાયે ત્યાં સીધું સામાન;
અતિ આગ્રહ એહનો જોઈ, જમ્યા શ્રીજી ને સંત રસોઈ. ૧૬
ગયા ત્યાં થકી બામણગામ, ફળી બારોટનું જેહ ઠામ;
તહાં સંતોને ઉતરવાની, ઓરડી હતી આ સંપ્રદાની. ૧૭
ઉતર્યા તહાં જૈ અવિનાશ, પામ્યા દર્શન સૌ હરિદાસ;
ચાલ્યા રાત રહી તેહ ઠામ, આવ્યા શેલડિયે ઘનશ્યામ. ૧૮
ભક્ત મોકમસિંહજી જેહ, પ્રભુને પ્રણમ્યા આવી તેહ;
ખોડાભાઈ તથા હઠીભાઈ, સેવ્યા સૌએ મળી સુખદાઈ. ૧૯
પછી ત્યાંથી ગયા અલબેલ, ખેડાહા ભાદરણ ને રુંદેલ;
બોચાસણ જઈને રહ્યા રાત, ગયા વેરા દેદૈડે પ્રભાત. ૨૦
ગાના ગામની સીમમાં કૂપ, તહાં પૂરી જમ્યા જગભૂપ;
થયો જે સમે મધ્યાહ્ન કાલ, વૃષપુત્ર આવ્યા વરતાલ. ૨૧
પગી જોબનની મેડી જયાંય, માવો ઉતરિયા તેહમાંય;
પગીયોને બોલાવીને પાસ, આપે ઉચ્ચરિયા અવિનાશ. ૨૨
રસ્તે સારી સજી તમે સેવા, માટે ઈચ્છું છું વરદાન દેવા;
અતિ રાજી થયો છું હું ઉર, જીભે માગો તે આપું જરૂર. ૨૩
પગી બોલ્યા કરીને પ્રણામ, મળ્યા છો પ્રભુ પૂરણકામ;
મુરતી તમારી ભગવાન, સદા છે કલ્પવૃક્ષ સમાન. ૨૪
ઈચ્છા પૂરો છો અંતરજામી, નથી કોઈ વાતે રહી ખામી;
વરદાન દેવા દિલ ધરો, તો આ હોરીઉત્સવ આંહિ કરો. ૨૫
માગિએ છૈએ એ વરદાન, ભલા થૈને આપો ભગવાન;
કૃષ્ણે આપિયો કર માંહિ કોલ, કરશું આંહિ આ ફુલદોલ. ૨૬

પગી રાજી થયા તે અપાર, કર્યું વંદન વારમવાર;
ત્યાં તો સૂરતથી તેહ કાળ, જયાબાઈ આવ્યાં વરતાલ. ૨૭
આવી પ્રભુપદ કીધો પ્રણામ, ત્યારે બોલિયા સુંદરશ્યામ;
તમે વાણે બેસી ન સિધાવ્યાં, મહાવિકટ પંથે કેમ આવ્યાં. ૨૮
જયાબાઈ બોલ્યાં તેહ કાળ, જાણ્યું રહેશો તમે વરતાલ;
દુર્ગપુરમાં તેડી જવા કાજ, અમે આવ્યાં અહીં મહારાજ. ૨૯
ઈચ્છા છે સહુને અતિ ઉરમાં, ફુલદોલ કરો ગઢપુરમાં;
સુણી બોલિયા શ્રીભગવાન, અમે આપ્યું આંહિ વરદાન. ૩૦
ફુલદોલનો ઉત્સવ એહ, કરવો વરતાલમાં તેહ;
જો તે મારું વચન વ્યર્થ થાય, વિશ્વમાં મુજ વિશ્વાસ જાય. ૩૧

**વચન પાળવા વિષે : ઉપજાતિ :**

સલીલ[૧] દેવા ઘન[૨] શ્યામ ગાજે,તે વ્યર્થ જાતાં નહિ લેશ લાજે;
જો હું વદીને કરું વ્યર્થ આમ, નિંદાય તે નિશ્ચે ઘનશ્યામ નામ. ૩૨
જે કોઈ વાણી વદિને ન પાળે, પોતાની તે તો કિરતી પ્રજાળે;
મનુષ્ય તે તો હલકું ગણાય, વિશ્વાસ તેનો જગમાંથી જાય. ૩૩
માટે યશસ્વી જન હોય જેહ, વિચારીને વેણ વદે જ તેહ;
કરે કુબુદ્ધી બકવા અપાર, પાળે નહીં વેણ પછી લગાર. ૩૪
જો વામ ભાગે ખર શબ્દ થાય, ભલો દિલાસો[૩] જનને જણાય;
જેનો દિલાસો કદિ વ્યર્થ જાય, તે તો ભૂંડો ગર્દભથી ગણાય. ૩૫
ફરે નહીં પશ્ચિમમાંથી સૂર, ફરે ન જોગીની સ્થિતિ જરૂર;
ફરે ન દેવો વરદાન દે તે, ફરે નહીં સજ્જન જે કહે તે. ૩૬
જો હોય રાજા કદિ રંક હોય, પ્રતાપી પૂરો પણ હોય તોય;
જો બોલીને બોલ જુઠો કરે છે, લબાડ તે વિશ્વ વિષે ઠરે છે. ૩૭
વાણી ન પાળ્યે વ્યવહાર જાય, વાણી ન પાળ્યા થકી પાપ થાય;
વિશ્વાસઘાતી જન દુષ્ટ જે છે, જુઠા દિલાસા દઈને ઠગે છે. ૩૮
જે સત્યવાદી જન સત્ય બોલે, અસત્ય વાચા વદને ન ખોલે;
રિઝે સદા શ્રીહરિ સત્યતાથી, ખિજે ખરા જૂઠ જિભે કહ્યાથી. ૩૯

૧. પાણી ૨. વાદળું ૩. ધીરજ, ભરોસો

**ચોપાઈ :**

માટે આપ્યું વચન અમે જેહ, પાળવું પડશે નહી તેહ;
ફુલદોલનો ઉત્સવ બાઈ, કરશુ અમે વરતાલમાંઈ. ૪૦
જીવુબાઈ બોલ્યાં જોડી હાથ, સુણો કોટિ બ્રહ્માંડના નાથ;
તમે ગઢપુરથી દૂર થયા, તેને દિવસ ઘણા વહિ ગયા. ૪૧
તેથી જે જન ત્યાંનાં નિવાસી, અતિ અંતરમાં છે ઉદાસી;
વા'લા આપનો વિજોગ જેહ, અતિ રોગ અસાધ્ય છે એહ. ૪૨
નથી કોઈ સુખેથી રહેતા, અન્ન જળ કોઈ તો નથી લેતા;
વધી આતુરતા છે અથાગ, તનનો કરશે કોઈ ત્યાગ. ૪૩
માટે ગઢપુર આપ પધારો, વ્યથા વિરહની છે તે વિદારો;
વસી બે દીન પાછા વિચરજો, ફુલદોલ આંહિ આવી કરજો. ૪૪
સુણી શ્રીહરિને ગમી વાત, કહી હા રુદે થૈ રળિયાત;
પછી ગઢડે જવા ગિરધારી, છડી સ્વારીયે કીધી તૈયારી. ૪૫
પગી તખો તથા છે જોબન, બીજા પાટીદાર હરિજન;
સૌને બોલાવીને ઘનશ્યામ, કહે સાંભળો ભકત તમામ. ૪૬
મારા વિહરથી ગઢપુરવાસી, દિલમાં છે અત્યંત ઉદાસી;
માટે દુર્ગપુરેથી હું જઈશ, થોડા દિવસમાં પાછો આવીશ. ૪૭
પુષ્પદોલનો ઉત્સવ ભારે, આવી કરવો છે આંહિ અમારે;
દેશદેશના સંઘ ભરાશે, ગામમાં સીમમાં ભીડ થાશે. ૪૮
સૌને ઉતારા દેવા વિચારી, જગ્યા સાફ કરાવજો સારી;
મોટો આંબલો છે શુભ જ્યાંય, સંત ઉતરશે સહુ ત્યાંય. ૪૯
નારાયણબાગ બાગ વિશાળા, શોધી કરજો તે સાફ રુપાળા;
તહાં ઉતરશે હરિજન, થાય તેનાં આનંદિત મન. ૫૦
કેસુડાં કસુંબો[૧] ને પતંગ[૨], વળી કેસર કરવાને રંગ;
ગંજેગંજ અબીર ગુલાલ, મોટા પુરથી મગાવજો માલ. ૫૧
જ્ઞાનબાગમાં બે હોજ કરવા, ભલા તે અવસર રંગ ભરવા;
ખૂબ કરવો છે રંગનો ખેલ, જેવો આજ સુધી ન થયેલ. ૫૨

---

૧. કસુંબાના સુકા ફુલ,લાલ ઘેરો રંગ ૨. કાચો રંગ

એવી શ્રીજીએ વાત સુણાવી, કંકોતરીયો પછીથી લખાવી;
દેશે કાનમ વાકળ નામ, દેશ દંઢાવમાં ગામોગામ. ૫૩
ઘણી ઠામ લખી કંકોતરી, પછી પરવર્યા ગઢપુર હરિ;
ચાલ્યા વરતાલથી અવિનાશ, કર્યો જઈને વસોયો નિવાસ. ૫૪
રામસર નામનું છે તડાગ, ભાળ્યો ત્યાં થકી ઈશાન ભાગ;
ઉભા તંબુ કરી તેહ ઠામ, કર્યો કયારડા માંહિ મુકામ. ૫૫
દવે દાદા આવ્યા તેહ ઠાર, આવ્યા તુલસીભાઈ પાટીદાર;
આવ્યા જેસંગ વાંસજીભાઈ, આવ્યા ધ્રુવાલા ને બાલાભાઈ. ૫૬
કરી સંઘ તણી બરદાસ, આપ્યાં અન્ન ચંદી અને ઘાસ;
શ્રીજી સંચર્યા ત્યાંથી સવારે, પશે ગામ તણે ગયા આરે. ૫૭
જઈ સાભ્રમતી નદી પાર, બોલ્યા તે સ્થળ પ્રાણઆધાર;
આંહિ ભાઠામા[૧] વૃંતાક સારાં, થાય છે અન્ય દેશથી ન્યારાં. ૫૮
એમ કહીને ચાલ્યા વૃષજાત, ખોડાભાઈએ સાંભળી વાત;
તે તો ઝીંઝરના રહેનાર, હરિભક્ત તે પરમ ઉદાર. ૫૯
બીજા તો રહે બોટાદપુર, દાદા ખાચરના જે શ્વશુર[૨];
નામે માંતરો ધાધલ હતા, અટકયા જણ બેય તે જતા. ૬૦
કહ્યું વાડીવાળા પાસે જઈ, આપો વૃંતાક કીંમત લઈ;
લાવ્યો જઈને તે વૃંતાક બેય, પણ દેખાડ્યું એક જ છેય. ૬૧
મૂલ આઠ આના તેના માગ્યા, ત્યારે બે જણ બોલવા લાગ્યા;
પ્રભુ અરથે લૈયે છૈયે અમે, પ્રભુ માથે રાખી બોલો તમે. ૬૨
બીજું વૃંતાક તે સુણી દીધું, આઠ આના બેનું મૂલ લીધું;
વટામણ ગયા વિશ્વઆધાર, ગયા બે જણ પણ તેહ ઠાર. ૬૩
પ્રભુને ભેટ વૃંતાક કર્યાં, લીલાં મરચાં લાવી વળી ધર્યાં;
શાક કરવા બેઠા ધર્મલાલો, નાખ્યો સુંદર તેમાં મસાલો. ૬૪
બહુનામીયે બાટીયો કરી, બેઠા જમવા અધર્મના અરી;
ખોડાભાઈના પ્રેમનું શાક, લાગ્યું તે થકી મિષ્ટ અથાક. ૬૫
શાકને વારે વારે વખાણે, નથી આવું જમ્યા કોઈ ટાણે;
તારે માતરે વેણ સુણાવ્યાં, આઠ આનાનાં વૃંતાક આવ્યાં. ૬૬

૧. નદીકાંઠાની વાવેતર થઈ શકે તેવી કાંપવાળી જમીન ૨. સસરા

ખોડાભાઈનો પ્રેમ અથાક, તેથી લાગે છે મીઠાં વૃંતાક;
પ્રસાદી પ્રભુએ સૌને દીધી, જવા તૈયારી તે પછી કીધી. ૬૭
ત્યાંથી કૃષ્ણ ગયા કમિયાળે, કારિયાણી ગયા તેહ કાળે;
ત્યાંથી ગોવિંદ ગઢપુર ગયા, કરી દર્શન જન રાજી થયા. ૬૮
પ્રભુ પ્રગટનાં દર્શન પામી, સૌના વિરહની વેદના વામી;
અતિ આનંદમાં દિન જાય, શેષ નાગે ન વર્ણન થાય. ૬૯
મહારાજે ધરી મન મરજી, તેડ્યા ઠક્કર લીધો ને હરજી;
પ્રભુ પાસે તે બે જણ આવ્યા, માવે કાગળ લખવા મગાવ્યા. ૭૦
પછી બોલિયા જીવન પ્રાણ, તમે સાંભળો ભક્ત સુજાણ;
ફુલદોલનો ઉત્સવ ભારે, કરવો વરતાલ અમારે. ૭૧
માટે કંકોતરી ઠામોઠામ, લખીને મોકલો ગામોગામ;
દાદા ખાચરે બહુ કરી તાણ, કરો ઉત્સવ આંહિ સુજાણ. ૭૨
વરતાલે દીધું વરદાન, ભાખી વાત તે શ્રીભગવાન;
બેઠા લખવા પછી જણ બેય, બુદ્ધિવાળા બે ઠક્કર તેય. ૭૩
દેશ સોરઠ હાલાર કચ્છ, ઝાલાવાડ ને વળાક સ્વચ્છ;
કાઠિયાવાડમાં ગામોગામ, લખી કંકોતરી સહુ ઠામ. ૭૪
લઈ મોકલ્યા કાશદ[૧] ઘણા, લખવામાં રાખી નહિ મણા;
એહ અવસરમાં એહ ઠાર, ધર્મપુરથી આવ્યા સમાચાર. ૭૫
વાલાવિરહનાં વાગિયાં બાણ, તજ્યા કુશળકુંવરબાઈએ પ્રાણ;
જ્યારે એનો થયો અંતકાળ, તમે તેડવા આવ્યા દયાળ. ૭૬
વળી આપ તણાં દરશન, પામ્યા કોઈ કોઈ પરીજન;
બાઈ એ મોટા મુક્ત સમાન, તજી કાયા ધરી તવ ધ્યાન. ૭૭
એવા સાંભળીને સમાચાર, પામ્યાં ખેદ ઘણાં નરનાર;
દશ વર્ષ રહ્યાં હોત આંહી, સતસંગ વધત દેશ માંહી. ૭૮
ઘણા લોક તો ઉચ્ચરે એમ, પણ કૃષ્ણઈચ્છા મટે કેમ;
હરિઈચ્છા થકી જાય જેહ, સુખદાયક સમજવું તેહ. ૭૯

૧. કાગળ લઈ જનાર (દૂત)

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કુશળકુંવરબાઈને કૃતાર્થ, જગતવિદીત કર્યા ભલાં જથાર્થ;
અગણિત જન એ રિતે ઉદ્ધારે, વૃષસુત તેહ વસો દિલે અમારે. ૮૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિધર્મપુરાદ્ગત્તાલય-દુર્ગપુરાગમનનામ સપ્તપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૭॥*

**પૂર્વછાયો :**

બડો ઉત્સવ વરતાલમાં, ફુલદોલનો કરવા કાજ;
ગોવિંદજી ગઢપુર થકી, ચાલ્યા સાથે લઈને સમાજ. ૧

**ચોપાઈ :**

સહુ હરિજનને લઈ સાથ, રહ્યા બોટાદમાં જઈ નાથ;
ભલા ખાચર ભક્ત હમીર, તેને ત્યાં ઉતર્યા નરવીર. ૨
ત્યાંથી પરવર્યા સુંદરશ્યામ, દેતા દર્શન જૈ ગામોગામ;
ઘણા કાઠી ગરાશિયા જેહ, ભાલદેશના રહેવાસી તેહ. ૩
સાથે લીધા શ્રીજીમહારાજે, મોટો ઉત્સવ નિરખવા કાજે;
વસોમાં આવિયા વનમાળી, ત્યાંના ભક્તો ખુશી થયા ભાળી. ૪
વાલાઘ્રુને બીજા વાલા ભાઈ, દવે દાદા ને વાંસજી ભાઈ;
એહ આદિ મળી સતસંગી, સજી શ્યામની સેવા ઉમંગી. ૫
જમનાં બાઈએ કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
કાઠિ આદિક કાજે રસોઈ, બાઈ અવલે કરી સમો જોઈ. ૬
જમીને થયા વાલો વિદાયે, ચાંગે થૈ ગયા ગામ સુજાયે;
કૃષ્ણ આવે છે કોઈએ કહ્યું, સામા વરતાલથી ગયા સહું. ૭
જ્ઞાનબાગમાં સંત સહીત, પધાર્યા પ્રભુજી ધરી પ્રીત;
પગી જોબન કુબેરદાસ, બેઠા રણછોડદાસજી પાસ. ૮
નારાયણગરજી તેહ ઠામ, આવી પ્રભુપદ કીધા પ્રણામ;
હતા જે જન શ્રીહરિ સંગે, મળ્યા સૌને તે અધિક ઉમંગે. ૯
હરિને કહ્યું જોડીને હાથ, ભલે આપ પધારિયા નાથ;
મોટા જન કાઠિયાવાડ માંય, તેના રોક્યા રહ્યા નહિ ત્યાંય. ૧૦

દેશદેશના જનને તેડાવ્યાં, કૈંક આવશે ને કૈંક આવ્યા;
ભારે આંહિ સમૈયો ભરાશે, લીલા અદ્ભુત ગ્રંથે લખાશે. ૧૧
એ તો અમ પર બહુ દયા આણી, નિજ દાસના દાસ પ્રમાણી;
અહો ભાગ્યશાળી અમે જેવા, નથી અન્ય આ જગતમાં એવા. ૧૨
પછી બોલ્યા શ્રીજીમહારાજ, તમે સાંભળો ભક્તસમાજ;
આંબલો છે આ ઉત્તમ સારો, સંત સૌ આંહિ કરશે ઉતારો. ૧૩
જઈને વાસણ સુતાર ઘેર, અમે ઉતરશું રુડી પેર;
અમ સાથે છે જે અસવારો, તમે આપજો તેને ઉતારો. ૧૪
નારાયણગર બોલિયા ત્યારે, મઠે ઉતરશે તે અમારે;
પછી ગામમાં શ્યામ પધાર્યા, નિજ સદને સુતારે ઉતાર્યા. ૧૫
કાઠિ આદિક મઠમાં ઉતરિયા, ભાસે જન સહુ આનંદ ભરિયા;
ગંગામાએ કર્યો જેહ થાળ, જમ્યા પ્રીતે પ્રણત જનપાળ. ૧૬
પછી પોઢ્યા પ્રભુ થોડી વાર, જાગી વદન પખાળ્યું તે વાર;
આવ્યા વરતાલના જન વાસી, તેણે દેખાડ્યા રંગના રાશી[૧]. ૧૭
પીચકારી આણેલી અપાર, તેનો દેખાડ્યો એક અંબાર;
ગંજ દેખાડ્યા અબિર ગુલાલ, દેખી રીઝિયા દીનદયાળ. ૧૮
પછી ચોથો પ્રહર થયો જ્યારે, જ્ઞાનબાગે ગયા હરિ ત્યારે;
જગ્યા જોઈ કહે સુખારી, રંગ રમવાની જગ્યા છે સારી. ૧૯
હરિએ નિરખ્યા હોજ બેય, અહો ભૂપ તે અદ્યાપિ છેય;
હોજ જોઈ કહે હરિરાય, વાહ સારી રચી છે શોભાય. ૨૦
હોડી આગળ હોડકું જેમ, કરી કુંડી અકેકી છે એમ;
રંગસામાન સર્વ મગાવો, લાવી આ સ્થળ માંહિ મુકાવો. ૨૧
દાસને એવી આજ્ઞા ઉચ્ચારી, શ્રીજી બેઠા સભા સજી સારી;
જ્ઞાનવારતા કીધી ઘણેરી, ધર્મ ભક્તિ ને વૈરાગ્ય કેરી. ૨૨
જમ્યા ઉતારે જૈ હરિ રાતે, તહાં પોઢીને ઉઠ્યા પ્રભાતે;
કરી નિત્યક્રિયા સજ્જ થઈ, જ્ઞાનબાગે સભા સજી જઈ. ૨૩
સુણો ભૂપ અભેસિંહ ભ્રાત, હવે ઉચરું અયોધ્યાની વાત;
ઘર મુકી ચાલ્યા ઘનશ્યામ, દુઃખી ત્યારથી લોક તમામ. ૨૪

૧. ઢગલા,સમૂહ

ઈચ્છારામ ને રામપ્રતાપ, ઘરે એ તો ઉદાસી અમાપ;
મુરતી મન માંહિ સંભારે, ક્ષણ વાર કદી ન વિસારે. ૨૫
તીર્થવાસી મળે કોઈ ઠાર, તેને પૂછે જઈ સમાચાર;
ક્યાંઈ દીઠો તમે મુજ વીર, તેનું છે ઘનશ્યામ શરીર. ૨૬
રુડુ તેનું મનોહર રૂપ, પગે ષોડશ ચિહ્ન અનૂપ;
ચિહ્ન છાતિમાં શ્રીવત્સ શોભે, વેષ વર્ણીનો જનમન લોભે. ૨૭
ભાળ્યા હોય તો તે કહો ભાઈ, એમ પૂછે પ્રવાસીને ધાઈ;
એવા માંહિ માયાતીતાનંદ, સાધુ ત્યાં ગયા પ્રેર્યા ગોવિંદ. ૨૮
જાણી તીરથમાં ફરનાર, પ્રણમીને પૂછયા સમાચાર;
કહો ક્યાં થકી આપ પધાર્યા, કહો કોણ ગુરૂ છે તમારા. ૨૯
સુણી સંત બોલ્યા તેહ ઠામ, જે છે ધર્મતનુજ ઘનશ્યામ;
ધર્યા ધર્મસ્થાપન અવતાર, એ છે અખિલ જગતઆધાર. ૩૦
ગુરુ એ ઈષ્ટદેવ અમારા, અમે એનું ભજન કરનારા;
એવું વેણ સાંભળતા માત્ર, થયાં ભાઈનાં રોમાંચ ગાત્ર. ૩૧
પુછી વિસ્તારથી પછી વાત, થયા સાંભળીને રળિયાત,
કહ્યા સંબંધીને સમાચાર, સૌને ઉપજ્યો હરખ અપાર. ૩૨
મહારાજ તણા બેય વીર, થયા દર્શન કાજ અધીર;
અયોધ્યાપુરથી તતકાળ, લીધી વાટ જવા વરતાલ. ૩૩
સગા સ્નેહી લીધા બીજા સંગ, જેને કૃષ્ણ મળ્યાનો ઉમંગ;
કેટલાક વિત્યા દિન જ્યારે, પહોંચ્યા વરતાલ તે ત્યારે. ૩૪
કહ્યું કોઈએ જૈ સભા માંહી, અયોધ્યાવાસી આવે છે આંહી;
સુણી રાજી થયા મહારાજ, થયા આતુર ભેટવા કાજ. ૩૫
માવે માણકી ઘોડી મંગાવી, કરી પાર્ષદે હાજર લાવી;
થયા અશ્વીએ હરિ અસવાર, સાથે સર્વે ચાલ્યાં નરનાર. ૩૬
જ્યાં છે ટાડણ નામે તલાવ, ગયા ત્યાં મનમોહન માવ;
આવ્યા ત્યાં તો અયોધ્યાના વાસી, ભેટ્યા ઉતરીને અવિનાશી. ૩૭
ઈચ્છારામ ને રામપ્રતાપ, જેનો પ્રભુપદ પ્રેમ અમાપ;
દંડવત કરી દૂરથી ધાઈ, ભુજા ભીડી ભેટ્યા બેઉ ભાઈ. ૩૮

ભેટ્યા જેમ ભરત ને રામ, ભેટ્યા ભાઈને શ્રીઘનશ્યામ;
ભુજા ભ્રાતે ભરી તે ન મૂકે, આંખો માંહિથી આંસુ ન સૂકે. ૩૯
કહો ભાઈ તમે મુકી ગયા, દયાસિંધુ તજી કેમ દયા;
પ્રેમ પીયૂષનું પાઈ પાન, વિષ પાયું પછી ભગવાન. ૪૦
એવાં પ્રેમનાં વેણ ઉચાર્યા, દુઃખ વિરહનાં વાલે વિદાર્યાં;
સગાં સ્નેહી સંભારી તે વાર, શ્યામે સૌના પૂછયા સમાચાર. ૪૧
ભેટ્યા ભાઈને સૌ હરિભક્ત, વળી ભેટ્યા સંત વિરક્ત;
વાલો અશ્વે થયા અસવાર, આવ્યાં ગામમાં સૌ નરનાર. ૪૨
હરિભક્તોએ ભાઈને સારો, આપ્યો ઉતરવાને ઉતારો;
મુકુંદાનંદને કહે માવો, ભાઈની તમે ખબર રખાવો. ૪૩
અજાણયા એહ છે જો આ કાળ, વળી છે અતિશે શરમાળ;
વસ્તુ માગતાં તે શરમાશે, માટે રહેજો તમે તેહ પાસે. ૪૪
પછી શ્યામ પોતાને ઉતારે, સ્વસ્થ થૈને બિરાજીયા જ્યારે;
વૈકુંઠાનંદ વર્ણી તે વાર, જમવા કર્યો થાળ તૈયાર. ૪૫
રુડી રીતે રસોઈ રસાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
પછી પોઢી રહ્યા પરમેશ, થોડી વારે ઉઠ્યા સ્વજનેશ. ૪૬
આવી ફાગણી ચૌદશ જ્યારે, તહાં સંઘ આવ્યા ઘણા જ્યારે;
રુડી રાવટી તંબુ ને દેરા, ગામ ફરતા વસાયા ઘણેરા. ૪૭
ભારે રસ્તા વિષે ભીડ થાય, સીમમાં ન મનુષ્ય સમાય;
આવ્યા વેપારી કરવા વેપાર, બની બહુ ભલી બવળી[૧] બજાર. ૪૮
જ્ઞાનબાગમાં આમલા પાસે, સભા જઈને સજી અવિનાશે;
આમલા થકી દક્ષિણે છેક, હતું બાવળનું ઝાડ એક. ૪૯
મુકી તે પર નોબત સારી, જ્યારે આવે સભામાં મુરારી;
ચિદાનંદસ્વામી તે બજાવે, તેથી જાણે સહુ શ્રીજી આવે. ૫૦
થયો નોબતનો નાદ જ્યારે, ઉલટયા જન દર્શને ત્યારે;
પ્રભુની પૂજા બહુ જન કરે, વસ્ત્ર ભૂષણ ધન ભેટ ધરે. ૫૧
હરિને ચડાવે કોઈ હાર, હારનો થયો ત્યાં તો અંબાર;
કોઈ આરતી હરિને ઉતારે, કોઈ આવીને સ્તવન ઉચ્ચારે. ૫૨

૧. પહોળી, વિશાળ

વાજે નરઘાં સરોદા સતાર, કરે કીર્તન સંત ઉચ્ચાર;
કોઈ પ્રશ્ન પૂછે તેહ ઠામ, આપે ઉત્તર શ્રીઘનશ્યામ. ૫૩
એક બાજુયે બેઠા ગૃહસ્થ, બેઠી વેગળે બાઈયો સમસ્ત;
હરિજનના જુદા જુદા દેશ, જુદી ભાષા અને જુદા વેશ. ૫૪
કોઈ શિર સુરતી પાગ ભાળી, કોઈને તો કચ્છી ચાંચવાળી;
રુડી કોઈ શિરે ગુજરાતી, કોઈ ગોહિલવાડી ગણાતી. ૫૫
કોઈને શિર મોળિયાં મોટાં, છોગાં કોઈને મોટાં કે છોટાં;
દક્ષિણી પાગ કોઈની દીસે, પારશિ પાગ કોઈને શીશે. ૫૬
પુરવી મારવાડી મેવાડી, કોઈ ઝીણી અને કોઈ જાડી;
કોઈ તો મોટા ચોરણાવાળા, કોઈ ધોતિયાંવાળા નિહાળ્યા. ૫૭
એક એકનો વેષ વિરુદ્ધ, પોતપોતા તણો ગણે શુદ્ધ;
એમ જુદા જણાય અનેક, ઈષ્ટ સર્વ તણા શ્રીજી એક. ૫૮
અન્યોઅન્ય હરિભક્ત કેરો, સગાથી પણ સ્નેહ ઘણેરો;
કરે તિલક દેખીને પ્રણામ, લૈને સ્વામિનારાયણ નામ. ૫૯
મહિમા હરિજન તણો જાણે, ધ્રુવ પ્રહ્લાદ જેવા પ્રમાણે;
કોઈ રસ્તાની રજ લઈ હાથે, મહિમા જાણીને ધરે માથે. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિજન જન માંહિ હેત કેવું, પય જળ કેરું જણાય હેત જેવું;
જળ જળ પય હેઠ જૈ જળે[1] છે, પય ઉભરાય ઉતાપ ઓલવે છે. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયપુષ્પદોલોત્સવે*
*શ્રીહરિજનસંઘાગમનનામ અષ્ટપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૮॥*

૧. બળે છે



**પૂર્વછાયો :**

હે નૃપ આવી હુતાશની, તેહ વાસરની કહું વાત;
બની શોભા જ્ઞાનબાગમાં, ધામ અક્ષર સમ સાક્ષાત. ૧
છે આજ છત્રી જે સ્થળે, એથી અગ્નિ દિશા મોઝાર;
ઉત્તમ બે આંબા હતા, એક એક તણે અનુસાર. ૨
ચતુરાનને[1] ચતુરાઈથી, જાણે રુડા રચેલા હોય;
અવની ઉપર ઉગિયા, પણ મુક્ત હતા બે સોય. ૩
મોભ મુક્યો તે ઉપરે, હેતે બાંધ્યો હિંડોળો ત્યાંય;
નિષ્કુળાનંદે નેહથી, તેની રચી હતી રચનાય. ૪
બાર હતાં તેને બારણાં, રુડાં કમાનદાર કરેલ;
ફૂદડીયો સોના તણી, સારી શોભતી માંહિ મઢેલ. ૫
લીંબુ કરાવી કનકનાં, લટકાવિયાં ચારે પાસ;
કળશ ઝળકે હેમના, જેવા સૂરજ સોમ પ્રકાશ. ૬

૧. ચતુર્મુખ બ્રહ્મા

વિમાન જે વિબુધો તણાં, જેની આગળ ઝાંખા જણાય;
કારિગરિ તેની નિરખતાં, વિશ્વકર્મા તે વિસ્મિત થાય. ૭

**ચોપાઈ :**

જરિયાનનાં વસ્ત્રે જડેલો, ગાલીચો ગોઠવી પાથરેલો;
મોભ સાથે તે બાંધ્યો હિંડોળો, શોભે સુંદર ઉચો પહોળો. ૮
ગામમાં જઈ નિષ્કુળાનંદ, કહે કૃષ્ણને હે જગવંદ;
જ્ઞાનબાગમાં આપ પધારો, સજ્યો છે અમે હિંડોળો સારો. ૯
તેમાં આવીને આપ બિરાજો, કરે દર્શન સર્વે સમાજો;
સુણી શ્રીહરિએ સજી સ્વારી, જ્ઞાનબાગે ચાલ્યા ગિરધારી. ૧૦
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, છબી ચામર છત્રની છાજે;
સંત હરિજન કીર્તન ગાય, સૌને આનંદ મનમાં ન માય. ૧૧
જ્ઞાનબાગમાં આંબલા પાસ, બેઠા ઓટે જઈ અવિનાશ;
ચિદાનંદે નોબત બજાવી, કરે દર્શન જન દોડી આવી. ૧૨
નિષ્કુળાનંદે વિનતી કરી, હિંડોળામાં બિરાજિયે હરી;
હરિ હિંડોળાની પાસે ગયા, રચના જોઈને રાજી થયાં. ૧૩
હરિ હિંડોળા માંહિ બિરાજ્યા, ભેટ ધરવા આવ્યા જન ઝાઝા;
ભલા સુરતના જન આવ્યા, જરિયાની પોશાગ તે લાવ્યા. ૧૪
સારો જામો તથા સુરવાળ, પહેરાવ્યો પ્રભુને તે કાળ;
ધર્મપુરમાં ધર્યો હતો જેહ, માટે મુગટ ધરાવિયો તેહ. ૧૫
વટપુર અમદાવાદ કેરા, લાવ્યા હરિજન ઘાટ[૧] ઘણેરા;
કડાં વેઢ વીંટિ બાજુબંધ, બાંધી સારું શેલું ધર્યું કંધ[૨]. ૧૬
રુડો રેટો તે કેડે બંધાવ્યો, હાર મોતિનો હૈયે ધરાવ્યો;
સોટી ગુંથેલી સોનાના તારે, આપી હાથમાં હરિને તે વારે. ૧૭
રુડી રુપાળી મોરલી જેહ, બીજે હાથે ધરી હરિ તેહ;
પ્રભુ એવું સ્વરૂપ પ્રકાશે, બારે બારણે સન્મુખ ભાસે. ૧૮
દોરી હીરની લૈ હાથમાંય, મુક્તાનંદે ઝુલાવિયા ત્યાંય;
મુનિજન લઈ તાલ મૃદંગ, ગાય કીર્તન આણી ઉમંગ. ૧૯

૧. ઘરેણા ૨. ખભો

**માતા-જસોદા ઝુલાવે પુત્ર પારણે : એ રાગ છે :**

મુનિવર મુક્તાનંદ ઝુલાવે હરિને હેતથી,
ઝુલે ધર્મકુંવર પ્રભુ ધર્મધુરંધર ધીર;
વાલમ બેશ રુપાળો વેશ ધરી વરણાગીયો,
શોભે નટનાગર સુખસાગર શ્યામશરીર;
મુનિવર મુક્તાનંદ ઝુલાવે હરિને હેતથી. ૨૦
કોટિક સૂરજ સોમ સમાન દીસે દીપ્તી ભલી,
હરિજન નિરખી નિરખી હરખે હૈડામાંય;
દીનદયાળ પ્રભૂનાં દરશન કરવાને કારણે,
આવ્યા અજ હર આદિક સુરવર સરવે ત્યાંય. મુનિવર૦ ૨૧
હેમજડિત હિંડોળે ફરતાં શોભે ફૂમતાં,
મેરુશિખર સરીખું શિખર બિરાજે શીશ;
હાલે હિંડોળો ત્યાં ઘમઘમ વાજે ઘૂઘરા,
જુક્તી જોતાં રીઝે જગજીવન જગદીશ. મુનિવર૦ ૨૨
કોટિ પ્રકાર કરેલી કારિગકે કારીગરી,
છબી શુભ છાજે જોતાં લાજે દેવવિમાન;
મનહર તે હિંડોળાસૂધાં હરિની મૂરતી,
જ્ઞાની ધ્યાની મનમાં ધરે ધરીને ધ્યાન. મુનિવર૦ ૨૩
વસુધા અન્ય અધિક એ આંબાનો અવતાર;
ઉચરે ધન્ય અધિક એ આંબાનો અવતાર;
જેની ડાળે દિવ્ય હિંડોળે હીંચ્યા શ્રીહરિ,
અક્ષરધામનિવાસી અખિલ જગત આધાર. મુનિવર૦ ૨૪
જેને મળવા જોગીજન જપ તપ વ્રત આદરે,
જેનું ધ્યાન ધરે ગંગાધર ગૌરી ગણેશ;
જેની આજ્ઞા નવ ઉલંઘે સૂરજ ને શશી,
જેના જશ ઉચ્ચારે શારદ નારદ શેષ. મુનિવર૦ ૨૫
જેની આજ્ઞા આપ નિરંતર અંતરમાં ધરી,
મુકે નહિ કદિયે મહાસાગર પણ મરજાદ;

જેના વચન પ્રમાણે વાય પવન પણ વિશ્વમાં,
જેના વચન પ્રમાણે વરસે છે વરસાદ. મુનિવર૦
એવા પરમેશ્વર પ્રગટ્યા છે પૃથ્વી ઉપરે, ૨૬
દર્શન દૈ જનને સુખ દેવા દીનદયાળ;
વિચર્યા સ્વેચ્છાથી વૃષનંદન શ્રીવરતાલમાં,
લીલા વિવિધ કરે છે વિશ્વવિહારીલાલ. મુનિવર૦ ૨૭

**ચોપાઈ :**

હિંડોળામાં હરિ એમ ઝુલે, જોઈ હરિજનનાં મુખ ફુલે;
વાસુદેવ ને અખંડાનંદ, કરે ચમર ધરીને આનંદ. ૨૮
તહાં કુબેરજી છડીદાર, સ્વર ઊંચે કરે છે ઉચ્ચાર;
દાસ દર્શને ઉલટ્યા અપાર, હાથમા ધરી પુષ્પના હાર. ૨૯
હાર જે જે જનો અરપે છે, બારે દ્વારે હરિ હાર લે છે;
હાર સોટી વડે ગ્રહે હરિ, આપે સંતોને તે ભેગા કરી. ૩૦
લીલા અદ્‌ભુત જોઈ તે વાર, બોલે જન સહુ જય જયકાર;
દેવ દુંદુભી ગાજે આકાશે, હર્ષ આખા બ્રહ્માંડમાં ભાસે. ૩૧
નભમાં છાયાં દેવવિમાન, કરે ગાંધર્વ હરિગુણ ગાન;
દેવઅંગના આકાશે રહી, કરે પુષ્પ તણી વૃષ્ટિ તહીં. ૩૨
સતસંગીનો ધારીને વેશ, આવ્યા શેષ મહેશ સુરેશ;
કરે પ્રભુપદને તે પ્રણામ, આપે આશીષ સાનમાં શ્યામ. ૩૩
મહાદેવને હરખ ન માય, કરી તાંડવ હરિગુણ ગાય;
કોઈ અમર ભમર થઈ ભમે, જાણે પામું પ્રસાદી હું ક્યમે. ૩૪
હરિલીલા જેણે જોઈ એહ, ધન્ય ધન્ય તેનો નરદેહ;
ઘણું તપ વ્રત ફળ ઉદે થાય, ત્યારે તે સમે જન્મ પમાય. ૩૫
એવાનો પરિવાર જે થાશે, જન તે પણ ધન્ય ગણાશે;
જે કુળમાં હરિભક્ત થાય, આખું કુળ તે પવિત્ર ગણાય. ૩૬
એમ વ્યાસ મુનીએ કહ્યું છે, એવું શાસ્ત્રમાં વચન રહ્યું છે;
સહુ શ્રીહરિમાં ગુલતાન, ભૂલ્યા ખાન ને પાનનું ભાન. ૩૭
એહ આનંદ શું કહું ગાઈ, ન ભૂતો ન ભવિષ્યતિ ભાઈ;
પછી સદ્‌ગુરુ પૂજવા આવ્યા, સારી પૂજન સામગ્રી લાવ્યા. ૩૮

નિત્યાનંદ અને મુક્તાનંદ, આનંદાનંદ સ્વામી સ્વચ્છંદ;
ચારુ ચંદન પુષ્પ ચડાવ્યાં, ધૂપ દીપ નૈવેદ્ય ધરાવ્યાં. ૩૯
આરતી બતી ચોસઠવાળી, નિત્યાનંદે ઉતારી સંભાળી;
સંત હરિજન સૌ ઉભા થઈ, ગાઈ ત્યાં આરતી તાળી દઈ. ૪૦
ઈચ્છારામ ને રામપ્રતાપ, અવલોકીને હરખ્યા અમાપ;
ગાઈ આરતી હરિજન જેહ, તમને સંભળાવું હું તેહ. ૪૧

**રાગ : આરતીનો :**

જય અક્ષરધામી જય અક્ષરધામી,
શ્રી સહજાનંદસ્વામી છો અંતરજામી..જય દેવ જય દેવ.
ટ ે ક .
જય જય શ્રીવૃષનંદન કષ્ટનિકંદન છો, ૪૨
ચર્ચિત ભાલે ચંદન સુરકૃતવંદન છો.. જય દેવ૦
ચિહ્ન કળશનું ચરણે શુભ તિલ છે કરણે, ૪૩
સજ્જન રાખો શરણે છો શ્યામળ વરણે.. જય દેવ૦
જય જય નાથ નિરંજન જનરંજનકારી, ૪૪
ભયભંજન ખલગંજન ખંજન[1] દગ ધારી.. જય દેવ૦
શ્રીધર તમે ગિરિધર પ્રભુ પૃથવીધર છો, ૪૫
કૌસ્તુભ નામ મણીધર શુદ્ધમતીધર છો.. જય દેવ૦
છો કારણના કારણ અધમોદ્ધારણ છો, ૪૬
દુર્મતિદોષ વિદારણ વિઘ્નનિવારણ છો.. જય દેવ૦
જય જય શ્રી જગદીશ્વર મુક્તમુનીશ્વર છો, ૪૭
ઈશ્વરના પણ ઈશ્વર અખિલઅધીશ્વર છો.. જય દેવ૦
તમે પિતા ને માતા ભગિની ને ભ્રાતા, ૪૮
દિનબંધુ સુખદાતા જય જગના ત્રાતા... જય દેવ૦
કોટિ ભુવનના કર્તા ભગવત છો ભરતા, ૪૯
પ્રલય સમે સંહર્તા ધર્મ વિષદ[2] ધર્તા..જય દેવ૦
જય વૃષવંશદિવાકર ગુણરત્નાકર છો, ૫૦

૧. કાજળ ૨. શુદ્ધ


કોટિ પ્રકાર કૃપાકર સકળસુખાકર છો.. જય દેવ૦
જય જય જય મુનિનાયક ઉપમાલાયક છો, ૫૧
જે જન તવ ગુણગાયક નિજ સુખદાયક છો.. જય દેવ૦
કાળ તણા છો કાળક નિજજનપાળક છો, ૫૨
વૃષભક્તિના બાળક પાપપ્રજાળક છો.. જય દેવ૦
ઉચરે નારદ શારદ પ્રભુ ભવપારદ છો, ૫૩
કોણ કળે તવ હારદ બુદ્ધિવિશારદ છો.. જય દેવ૦
અખિલેશ્વર અવતારી જય નરઆકારી ૫૪
વંદે લાલવિહારી છબિ મનમાં ધારી.. જય દેવ૦

**ઈન્દ્રવજા :**

એવી રીતે આરતિ તો ઉતારી, નિર્ખી છબી અંતર માંહિ ધારી; ૫૫
ઉચ્ચારી સૌએ સ્તુતી શ્યામ કેરી, રિઝયા દિલે લાલ ભલા લહેરી.
આંબા તણાં બે તરુ એહ જોઈ, તેને કહે છે કવિ સંત કોઈ; ૫૬
વંદુ તમોને જુગ જોડિ હાથ, પૂજ્યા તમે પૂર્ણ પ્રતાપી નાથ.

**અથ વૃક્ષપ્રબંધ :**

वृक्षप्रबंध, दोलाप्रबंध



રે આમ્રતારી તરુતા[1] નિહાળી, તારી પ્રભા ભૂતળ ભાગ્યશાળી; ૫૭
ભાસે મને તે તુજને કહું છું, નેહી સદા કૃષ્ણપદાબ્જ તું છું.
રે આમ્ર કેવું તપ કેવી ભક્તી, કે તેં કરી કાંઈ પુરી પ્રયુક્તી; ૫૮
રીઝયા હરિ કેમ કરી તને ને, રીતિ કહો એમ અહો મને તે.

**વસંતતિલકા :**

હે ભૂપ એહ સમયે હરિ શોભતા તે,
દોલા વિષે નિરખવા જન લોભતા તે;
જેણે નિહાળી છબી અંતરમાં ઉતારી, ૫૯
તેને નહીં જ કદિયે વિસરે વિસારી.

**દોલપ્રબંધ :**

દોળાનિ સારિ રચના સજતાં રચાવી,
વીચારતાં જ કહિયે શિરને નમાવી;
વીમાન ને રથ રુડા નથિ રે જણાતાં. ૬૦
દોળે નમાવિ શિર સૌ વિબુધો જતાતા.
સંધ્યા સુધી હરિ ઝૂલ્યા હરખી હિંડોળે,
નિરખ્યા અનેક મળીને નરનારી ટોળે;
રાત્રી ગઈ પછી તહાં ઘડી પાંચ જ્યારે, ૬૧
ત્યારે ગયા સુઅસવારિ સજી ઉતારે.

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિવર હરખી હિંચ્યા હિંડોળે, અદભુત એહ લિલા કરી અતોળે; ૬૨
ગુણ ગણિ જન જેહ એહ ગાય, પ્રગટ પ્રમાણ પ્રભુ પ્રસન્ન થાય.

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીવૃત્તાલયે મહાદલોત્સવ નિરૂપણનામૈકોનષષ્ટિતમો વિશ્રામઃ ॥૫૯॥*

૧. કોમળતા, પ્રફુલીતતા

**પૂર્વછાયો :**

જોબન પગિની મેડિયે, જઈ થાળ જમ્યા જગદીશ;
બેઠા પછી તહાં બારીયે, અતિ પ્રસન્નમન મુનિઈશ. ૧
મુનિમંડળ મેદાનમાં, ફરી રાસમંડળની રીત;
કીર્તન ગાયાં કૃષ્ણનાં, ધરી પૂરણ મનમાં પ્રીત. ૨
કીર્તન ગાતાં કોડશું, તહાં વીતી વિશેષે રાત;
મુક્તાનંદ મુની કહે, તમે સાંભળો સૌ મુનિવાત. ૩
આજ તો આખા દિવસના, બહુ શ્રમિત છે ઘનશ્યામ;
પોઢવા દ્યો પરમેશને, કાલે રંગ રમ્યાનું છે કામ. ૪
સૌ સંતે એવું સાંભળી, તજ્યું ગરબિયોનું ગાન;
સુંદર સજ્યા ઉપરે, ભલી ભાતે પોઢ્યા ભગવાન. ૫
પોઢણનું પદ પ્રેમથી, ગાવા લાગ્યા ગુણી જન સંત;
મધુર સ્વર તે મુનિ તણો, ભલો સાંભળે ભગવંત. ૬

**રાગ બિહાગ : પોઢો પ્રભુ સકલ મુનિકે શ્યામ-એ રાગ છે;**

પોઢો પ્રભુ પ્રગટ પરમ ઉદાર, ॥ટેક॥
અક્ષર પર અક્ષર અધિપતિ, અખિલ જગઆધાર..પોઢો૦
છો સતસંગી સંતના, શુભ નેણ તણા શણગાર;
પ્રીતમ છો જન પ્રણતના[1], હરિવર હૈયાના હાર..પોઢો૦ ૭
કીર્તનગાન કલ્લોલમાં, ઘણી રાત ગઈ ઘનશ્યામ;
વિનતિ સુણીને વાલમા, હવે આપ કરો આરામ..પોઢે૦ ૮
માથે આવ્યો છે ચંદ્રમાં, ફાલગુની નક્ષત્ર સહિત;
પ્રાણપતિ પોઢી રહો, પ્રભુ આ છે પલંગ પુનીત..પોઢો૦ ૯
જેષ્ઠા ઉદતિ જણાય છે, હરણ્યો તો થઈ હવે અસ્ત;
સપ્તઋષિ ઉત્તરદિશામાં, શોભી રહ્યા છે સમસ્ત..પોઢો૦ ૧૦
પક્ષિયો પણ નથી જાગતાં, માળા માંહિ રહ્યાં છે સમાઈ;
પોયણીયો પ્રફુલિત થઈ, ગયા કમળ તો કરમાઈ..પોઢો૦ ૧૧

૧. શરણાગતના

ભક્તજનો ભલિ ભાતથી, રુડો ગયા છે રાગ બિહાગ;
ચકોર ચંદ્ર સમાન તે, રાખે તવ પદે અનુરાગ..પોઢો૦ ૧૨
જેમ વૃદ્ધિ સતસંગની, જોઈ અસદગુરુ અકળાય;
ચોરને ન ગમે ચાંદની, જોઈ જોઈને જીવ મુંઝાય..પોઢો૦ ૧૩
જેમ પ્રભુજી પ્રગટ્યા થકી, નાસે અજ્ઞાનતિમિર[૧] અપાર;
તેમજ ચંદ્ર ચડ્યા થકી, ટળ્યો અવનિનો અંધકાર..પોઢો૦ ૧૪
દર્શનથી તવ દાસને, જેમ આનંદ ઉર ન સમાય;
તેમજ ચંદ્ર ચડ્યા થકી, જળ ઉદધિનું[૨] ઉભરાય..પોઢો૦ ૧૫
આજ લીલા અદભુત કરી, તમે કૃપા કરીને અપાર;
આખા દિવસના આજ તો, આપ શ્રમિત છો સુખકાર...પોઢો૦ ૧૬
ખૂબ ખાંતે ખેલ રંગનો, કરવો છે કૃપાનાથ કાલ;
માટે આ સમય સુખાળવા, થાઓ વિશ્વવિહારીલાલ..પોઢો૦ ૧૭

**પૂર્વછાયો :**

પોઢી રહ્યા પછી મહાપ્રભુ, ગયા આસને સંતસમાજ;
કોઈ તો અલ્પ ઉંઘે નહીં, કરે યોગક્રિયાનું કાજ. ૧૮
પદ્માસને સિદ્ધાસને, મયૂરાસને બેસી મહાંત;
ધ્યાન ધરે ધર્મપુત્રનું, રાતે રહીને આપ એકાંત. ૧૯
જાગી ઉઠે મુનિજન સહુ, રહે જ્યારે ખટ ઘડી રાત;
કરીને નારાયણધ્વની, પછે ઉચ્ચરે રાગ પ્રભાત. ૨૦
નિત્યક્રિયા કરી નેહથી, પછી પરવરીને પ્રભુ પાસ;
ચિંતવીને ચિહ્ન ચરણનાં, ધરે અંતરમાં આભાસ[૩]. ૨૧
જગાડવા જગદીશને, કરે મધુર સ્વર મુખગાન;
રાગ આલાપે પ્રભાતનો, તોડે હળવે હળવે તાન. ૨૨
મધૂર મધુર બજાવતાં, કર લૈને સરોદા સતાર;
ષડજ કે સ્વર ઋષભમાં, કરે ધિમે ધિમે ઉચ્ચાર. ૨૩

૧. અંધકાર ૨. સમુદ્ર ૩. કલ્પના

**રાગ પ્રભાતી :**

**જાગો મારા જગના જીવનપ્રાણ વાલમ વેલા જાગો રે-એ રાગ છે :**

જાગો મારા જીવના જીવનપ્રાણ, જીવન જાગો જાગો રે; ॥ટેક॥
સંત મળીને સ્નેહે જગાડે, ગાઈ મુખે ગુણગાન;
દીનદયાળ દયા કરીને ઘો, દાસને દર્શનદાન..જીવન૦ ૨૪
દિવ્ય દેહે આંહિ આવી ઉભાં છે, ભાવથી ભક્તિમાત;
મુખ જોવાને આતુર છે મન, વાલા વીતિ ગઈ રાત..જીવન૦ ૨૫
ચંદ તણું તેજ મંદ થયું છે, મંદ દીવાની જોત;
કુર્કટ સોર બકોર કરે, ગયો ઉડુગણનો ઉદ્યોત[1]..જીવન૦ ૨૬
આદિત્યના કર ઉગવા લાગ્યા, લાલ થયો આકાશ;
મહી વલોવે છે મહીયારી, પ્રીતમ ચારે પાસ..જીવન૦ ૨૭
ચકલિયો ચક ચક કરે, શુક સારીકા બોલે બોલ;
કંજના[2] વૃંદ વિકસવા લાગ્યાં, ભૃંગ[3] કરે કલ્લોલ..જીવન૦ ૨૮
વિદ્યારથીયો વિદ્યા ભણે છે, ધ્યાની ધરે છે ધ્યાન;
હોમનારા દ્વિજ હોમ કરે છે, જ્ઞાની હરિગુણગાન..જીવન૦ ૨૯
પંથી જનો પરવરિયા પંથે, તીર્થે કરે જન સ્નાન;
પૂજન પાઠ પ્રભુનો કરીને, દાની કરે છે દાન..જીવન૦ ૩૦
હરિજન આવી હજારો ઉભા છે, દર્શન કરવા દ્વાર;
દયા કરી દર્શન આપો, ધીમંત ધર્મકુમાર..જીવન૦ ૩૧
આજ રુડા રંગનો કરવો છે, ખાંતે કરીને ખેલ;
માટે સવારમાં સત્વર ઉઠો, શ્યામ છબીલા છેલ..જીવન૦ ૩૨
જ્ઞાનઉદ્યાનમાં ગંજ કર્યા છે, લાવી અબીર ગુલાલ;
રંગ રચ્યો ઉછરંગથી, રુડા વિશ્વવિહારીલાલ..જીવન૦ ૩૩

**ચોપાઈ :**

જાગ્યા જીવન જગદાધાર, બોલ્યા જન સહુ જય જયકાર;
વાલો વાસણ સૂતાર ઘેર, પછી ત્યાંથી પધાર્યા સુપેર. ૩૪

---

૧. પ્રકાર ૨. કમળના ૩. ભમરાઓ

નાથે નિત્યક્રિયા કરી ત્યાંય, મુદ સૌને ઘણો મનમાંય;
જ્યારે દિવસ ચડ્યો ઘડી ચાર, કર્યો સામાન સર્વે તૈયાર. ૩૫
પુષ્પદોલ તહાં જ બંધાવી, નરનારાયણ પધરાવી;
ડાહ્યો મે'તો તથા વનમાળી, ભણેલા બેય બ્રાહ્મણ ભાળી. ૩૬
મહારાજે કહ્યું દ્વિજ આવો, બદરીશની પૂજા કરાવો;
એના ઉત્સવનો દિન આજ, કર્યો તૈયાર છે સર્વ સાજ. ૩૭
પછી બે દ્વિજે પૂજા કરાવી, કર્યો ઉત્સવ દેવ ઝુલાવી;
એવી રિતે ક્રિયા એ ઠેકાણે, કરી સર્વ તે શાસ્ત્ર પ્રમાણે. ૩૮
જ્ઞાનબાગમાં સંત સમાજે, કરી તૈયારી ખેલવા કાજે;
કૂપ મૂળજી પટેલ કેરો, જળ નિર્મળવાળો ઘણેરો. ૩૯
કોસ કંતાનના ત્યાં જોડાવ્યા, ત્યાંથી હોજ વિષે જળ લાવ્યા;
હોજ રંગે ભર્યા તેહ ઠામ, નિરધારિયાં જૂજવાં નામ. ૪૦
હોજ પૂર્વનો સંતને સારું, સંતકુંડ તેનું નામ ધાર્યું;
હરિનો કુંડ પશ્ચિમ ઠામ, તેનું ધાર્યું હરિકુંડ નામ. ૪૧
રુડા હોજ દિસે મનરંજ, પિચકારિયોનો કર્યો ગંજ;
સંત જૈને કહ્યું પ્રભુ પાસ, આવો ખેલવા શ્રી અવિનાશ. ૪૨
ત્યાં તો સત્સંગી સૌ મળી આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યાં;
લાવ્યા માણકીને શણગારી, ઘનશ્યામે સજી અસવારી. ૪૩
જેમ સાગરજળ ઉભરાય, તેમજ બાગ ભણી જન જાય;
વાજતે ગાજતે રુડી રાતે, જ્ઞાનબાગે ગયા પ્રભુ પ્રીતે. ૪૪
મોટી નોબત સંતે બજાવી, સૌએ જાણ્યું જે અસવારી આવી;
હરિએ જોયા હોજ ભરેલા, જોયા ગંજ ગુલાલ કરેલા. ૪૫
પીચકારીયોનો પુંજ ભાળી, મનમાં હરખ્યા વનમાળી;
વેદી ઉપર જૈ ભગવાન, ગાદી તકિયે બિરાજ્યા તે સ્થાન. ૪૬
સંતે પુષ્પનો દોલ બનાવ્યો, તે તો આંબાની ડાળે બંધાવ્યો;
આનંદાનંદ સદ્ગુરુ જેહ, લાવ્યા વાઘા વસંતી[1] ત્યાં તેહ. ૪૭
શ્રીજીમહારાજને તે ધરાવ્યા, પછી પુષ્પદોલે પધરાવ્યા;
પૂજા સંતે કરી તેહ કાળ, ચરચ્યું કેસર ચંદન ભાલ. ૪૮

૧. કેસરી,પીળા

પુષ્પહાર લાવીને પવિત્ર, ધાર્યા વાલાને કંઠે વિચિત્ર;
ભણી ઝોળી ગુલાલ ભરીને, હાથકાંડે ધરાવી હરીને. ૪૯
ભક્ત સુરતના તેહ ઠાર, લાવ્યા ખાંતથી ખાંડના હાર;
પ્રભુને પહેરાવ્યા તે પ્રીતે, ચિંતવી હરિમૂરતી ચિતે. ૫૦
પીચકારી કનક કેરી લાવી, અરપી પગી જોબને આવી;
ધૂપ દીપ ને નૈવેદ્ય ધારી, આરતી મુક્તાનંદે ઉતારી. ૫૧
પુષ્પદોલે પ્રભુને ઝુલાવી, કર્યો ઉત્સવ વાજાં વજાવી;
દેશદેશથી આવેલા જન, કરે શ્રીહરિનાં દરશન. ૫૨
લાખો લોકની ભીડ ભરાય, પણ નર ત્રિયા સ્પર્શ ન થાય;
પગ પુરુષનો પુરુષ ન પીલે, પગ અડકે તો માફી માગી લે. ૫૩
બાઈ ભાઈ જે વૃદ્ધ જુવાન, ભાસે સૌ ભાઈ બેન સમાન;
પ્રભુમા મન સૌનાં પ્રોવાય, બીજો ઘાટ ન મનમાં ઘડાય. ૫૪
દીસે દોષ વિના સૌની દષ્ટિ, ભાસે સંસારથી ભિન્ન સૃષ્ટિ;
એવું આશ્ચર્ય જેને જણાય, પ્રભુનો કેમ નિશ્ચે ન થાય. ૫૫
પડી વસ્તુ ઉપાડે ન કોય, ભલે હેમનું ભૂષણ હોય;
વાટ વાટે જનો જે વિચરતા, દીસે શ્રીજીનું નામ ઉચ્ચરતા. ૫૬
કામ ક્રોધ કે લોભનો લેશ, કોઈમાં ન કરે તે પ્રવેશ;
ભાસે બાળક વૃદ્ધ સમાન, તેની વાતમાં વૈરાગ જ્ઞાન. ૫૭
તજી ગેડી દડા મોઈદંડ, ધરે બાળક ધ્યાન અખંડ;
જોઈ બાળક સત્સંગી એવા, પામે અચરજ સનકાદિ જેવા. ૫૮
ભક્તિ બાઈયોની એવી ભાસે, ગર્વ ગોપિયોનો પણ નાસે;
વિપ્ર ક્ષત્રિ ને વૈશ્ય છે જેવા, શુદ્ર પણ સતસંગી છે તેવા. ૫૯
પૂજા પાઠ કર્યા વિના કોઈ, જળ ન પિવે જમે શું રસોઈ;
કોઈ ભાંગ તમાકું ન ખાય, જોવા ભાંડ ભવાઈ ન જાય. ૬૦
એવો આચાર જોઈ આ ટાણે, ઋષિ ગૌતમ જેવા વખાણે;
ધર્મકર્મ જયાં એવાં જણાય, કળિકાળ ત્યાં કેમ ગણાય. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રગટ પ્રભુ તણો પ્રતાપ તેહ, જનમન માંહિ જૂવે વિચારી જેહ;
અતિ અચરજ અંતરે જણાય, હરિ અવતાર થયો નકી મનાય. ૬૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિપુષ્પદોલોત્સવ-કરણનામ ષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૦॥*



**પૂર્વછાયો :**


સંતે કહ્યું ઘનશ્યામને, અતિ પ્રેમ કરીને પ્રણામ;
ખાંતે હવે ખેલ રંગનો, કરો આવી કરુણાધામ. ૧
સુણી પ્રભુજી સજ્જ થયા, ધોળાં વસ્ત્ર ધર્યા નિજ અંગ;
વજ્ર કછોટો વાળિયો, રુડી રીતે રમવા રંગ. ૨
સંત હરિજન સજ્જ થયા, હતા માવ તણા જે મિત્ર;
હરિ આજ્ઞાથી હાથમાં, પીચકારિયો લીધી પવિત્ર. ૩
હોજ હતા જ્યાં રંગના, પ્રભુ આવિયા તેહની પાસ;
હોજની રચના જોઈને, કહે સંતને શ્રીઅવિનાશ. ૪
રચના રચવા કુંડની, આવી કેમ સુજી કહો વાત;
સંત કહે પ્રભુ સાંભળો, તેનું કારણ કહું ભલી ભાત. ૫

**હોજપ્રબંધ પહેલો : રથોદ્ધતા :**

હોજ એ જ સજતા જહાં અમે, રીત ભાત હિત તો તહાં તમે;
વાર વાર ઉરમાં રહી રહી, વાંક ઘોંક ચુક ટોકતા કહી. ૬

**હોજપ્રબંધ બીજો : રથોદ્ધતા :**

होजप्रबंध पहेलो होजप्रबंध बीजो



દેવ દેવ તવ સેવના થકી, જ્ઞાનદાન જન લે નવું નકીં;
એમ શ્યામ તમથી મળી મતી, અંગ અંગ ઉગતી ગઈ ગતી. ૭

**ચોપાઈ :**

સુણી રાજી થયા મહારાજ, કહ્યું ધન્ય છો સંતસમાજ;
પછી ખેલવા તેહ ઠેકાણે, ભાગ બેય કર્યા તેહ ટાણે. ૮
સંતકુંડ પાસે રહ્યા સંત, હરિકુંડ પાસે ભગવંત;
સખા શ્યામના શ્યામને સંગે, રહીને રમવા માંડ્યું રંગે. ૯
છોળ્યો રંગની ઉછળે એવી, મહામેઘની ધારાઓ જેવી;
અન્યોઅન્ય ઉડાડે ગુલાલ, દીસે અવની ને આકાશ લાલ. ૧૦
તંહાં ભુંગળ ડફ ઢોલ ભેરી, શરણાઈ ને ત્રાંસાં નફેરી;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, આખું બ્રહ્માંડ એહથી ગાજે. ૧૧

કોઈ ગાય છે સંત વસંત, ઉર આનંદ વાધ્યો અનંત;
થાયે અદ્‌ભુત ખેલ અપાર, બોલે જન સહુ જય જયકાર. ૧૨
રમ્યા એવી રીતે ઘણી વાર, પછી બોલિયા પ્રાણઆધાર;
હવે બે બે તણી થાઓ જોડ, કરો ખેલ ધરી મનકોડ. ૧૩
એવું વેણ સુણી હરિ કેરું, ભલા બે બે થયા પટભેરું[૧];
ઈચ્છારામ ને રામપ્રતાપ, રમે સામસામા બેય આપ. ૧૪
રમવાની સ્વદેશની રીતે, લાગ્યા તે રમવા પુરી પ્રીતે;
મુક્તાનંદ ને આનંદાનંદ, રમે સામસામા તે સ્વછંદ. ૧૫
નિત્યાનંદ સાથે બ્રહ્માનંદ, ગોપાલાનંદ ને શુકાનંદ;
સચ્ચિદાનંદ ને શતાનંદ, ચૈતન્યાનંદ નરસિંહાનંદ. ૧૬
મા'નુભાવા ને ભગવદાનંદ, વાસુદેવા ને અખંડાનંદ;
વૈષ્ણવાનંદ વૈકુંઠ નામ, માધવાનંદ વર્ણી જેરામ. ૧૭
ભલા પાળા રતનજી ભગૂજી, પામ્યા મોટાઈ જે પ્રભુ પુજી;
સોમલો અને ખાચર સૂરો, એક એકથી તે ન અધૂરો. ૧૮
દાદો ખાચર ને ઝીણોભાઈ, જુક્તે જુક્તિ તે જોડ જણાઈ;
બીજી કાઠીની જોડ ઘણેરી, બની જોડ ગરાશિયા કેરી. ૧૯
રાયધણજી સાથે પુંજોભાઈ, ગુણવંત તે જોડ ગણાઈ;
દવે પ્રાગજી ભટ મયારામ, બેની જોડ ઠરી તેહ ઠામ. ૨૦
પગી જોબન ને પગી તખો, દીસે તે એક એક સરખો;
નારાયણગરની જોડ ભાસી, બાવો પ્રભાતગર રણુવાસી. ૨૧
વરતાલના રણછોડદાસ, કાશીદાસ બોચાસણવાસ;
જોડ કુબેરદાસની જેહ, ભક્તિદાસ વેમાડીના તેહ. ૨૨
નડીયાદના મોહનલાલ, દવે દાદા વસોના તે કાળ;
ઉમરેઠના નિર્ભયરામ, તેની જોડે રુડા રૂપરામ. ૨૩
વસોના તુલસીભાઈ સંગે, મુમધા અજુભાઈ ઉમંગે;
સંજીવાડે વસે બાપુભાઈ, વસો ગામ વસે વાલાભાઈ. ૨૪
સંજીવાડાના બારોટ સારા, જગરૂપ પ્રભુ ભજનારા;
તે સાથે વલાસણના નિવાસી, રાયજી પ્રભુપદના ઉપાસી. ૨૫

૧. રમતમાં આગેવાન

વેમાડી તથા તુળજારામ, કાશીરામ રહે દોરા ગામ;
અશલાલીના વાસી સદાઈ, વેણીભાઈ તથા હરિભાઈ. ૨૬
વળી ગોપાળજી કાલીદાસ, રહ્યા એમ અન્યોઅન્ય પાસ;
અજુભાઈ ને જેસંગભાઈ, વસે ગામ તે વેલાલમાંઈ. ૨૭
વટપુરના હરિજન જોડે, થયા સુરતના જન કોડે;
અમદાવાદના જને એમ, બાંધી જોડ જેને ફાવે જેમ. ૨૮
પછી રંગનો ખેલ મચાવ્યો, જોતાં શ્રીહરિને મન ભાવ્યો;
દ્વન્દ્વ યુદ્ધનો દેખાવ જેવો, ખેલ એ અવસર થયો એવો. ૨૯
વરુણાસ્ત્રની ધારાઓ છૂટે, ઉડે એ રીતે રંગ અખૂટે;
અગ્નિ અસ્ત્ર તણી રક્ત ઝાળ, રક્ત એવો જ ઉડે ગુલાલ. ૩૦
પીચકારીએ રંગની ધાર, મારે આંખ ને કાન મોઝાર;
ઝોળી ફેંકે ગુલાલ ભરીને, સામાસામુ તે જોર કરીને. ૩૧
જીત્યા જીત્યા અમે એમ ભાખે, પણ ઉરમાં અદા[1] નવ રાખે;
અન્યોઅન્ય હઠાવાને ઈચ્છે, પણ મિત્ર પરસ્પર પ્રીછે. ૩૨
કોઈ તો તહાં રંગ સજે છે, કોઈ હર્ખિ હરિને ભજે છે;
રમે છે ઘણા બંધુ સહીત, અદા રહિત પૂરી ધરી પ્રીત. ૩૩

**ગતાગત : ઉપજાતિ :**

તહીં સહુ બન્ધુ બહુ સહીત,તજી અદા મુખ્ય મુદા અજીત;
છે જે સમે રંગ રમે સજે છે, છે જે ભરી હર્ષ હરી ભજે છે. ૩૪

**ચોપાઈ :**

ત્યાં તો રંગનો ચાલ્યો પ્રવાહ, જાણે ગંગા વહે છે અથાહ;
ભલી તેમાં સરસ્વતી ભાસે, રંગે તે થકી રક્ત પ્રકાશે. ૩૫
પીચકારી પડેલી અનેક, જોતાં મત્સ્ય જણાય પ્રત્યેક;
પડી પાઘડીયો તેહ માંય, જોતાં કાચબા જેવી જણાય. ૩૬
લાંબા ફેંટા તણાય છે જેહ, દીસે સર્પ સમાન તો તેહ;
પગમાંથી પડેલાં પગરખાં, દીસે તે જળજંતુ સરખાં. ૩૭

---

૧. ઈર્ષા,ખાર

જન જે લપસી પડી જાય, તે તો મગર સમાન મનાય;
વાજાં એ અવસર જેહ વાજે, જાણે નીર નદી તણાં ગાજે. ૩૮
હંસરૂપ પરમહંસ સહુ, પડ્યાં પુષ્પ કમળ સમ બહું;
શરણાઈ ને ભૂંગળ સોર, જાણે બોલે છે દાદુર મોર. ૩૯
છાંટો એહ પ્રવાહનો લાગે, તેનાં પાપ પુરાતન ભાગે;
જન જોવાને ઉભા હજારો, જાણે સંઘ તીરથ કરનારો. ૪૦
કરે કોઈ હરિગુણ ગાન, વિપ્ર વેદ ભણે તે સમાન;
રંગખેલ કરે ખેલનારા, જુવે નાથ ઉભા રહી ન્યારા. ૪૧
શુરવીરપણું ધરી ચિત્તે, વીર રસમાં રમ્યા એવી રીતે;
ખેલનારે હરિને હસાવા, માંડી હાસ્યની રમત રચાવા. ૪૨
કુંભ રંગ ભરેલો ઉડાડે, પટભેરુને પકડીને પાડે;
એક એકની ચોટલી ઝાલે, કર કંઠમાં જોરથી ઘાલે. ૪૩
કોઈ મુખમાં ભરે છે ગુલાલ, રંગે કોઈ રાતા કરે ગાલ;
સૂર સોમની પકડી શિખાય, સોમલો શિખા પકડવા જાય. ૪૪
તેને ટાલ્ય હતી શિરમાંઈ, તેથી હાથમાં આવે ન કાંઈ;
એવું કૌતુક નજરે નિહાળી, હસે સૌ જન શ્રીવનમાળી. ૪૫
મયારામને પ્રાગજી દવે, તેની વાત કહું સુણો હવે;
પ્રાગજી દવે થાકી રહે છે, રાખો રાખો જીવાબા કહે છે. ૪૬
મયારામની તૂટી જનોઈ, મુંગમુંગા ઉભા નીચું જોઈ;
પગલું ન ભરે એહ પળે, થૂ થૂ ને થૂંક ન ગળે. ૪૭
માગે સમશા કરીને જનોઈ, ત્યારે કાઠિયો મશકરા કોઈ;
આપવા અન્ય વસ્તુઓ લાવે, હરિને એવી રીતે હસાવે. ૪૮
પુષ્ટ કાયાથી લડથડે કોઈ, ત્યારે ખૂબ હસે હરિ જોઈ;
કોઈ હારીને નાશી નિકળે, હાસ્યરસની તો ત્યાં હદ વળે. ૪૯
પડ્યા ઉપર જોર જો થાય, કરે શ્રીહરિ તેની સહાય;
કહે થાઓ સામા સહુ તમે, થશું ભાગ્યાના ભેરુ તો અમે. ૫૦
તેની સાથે મળે ભગવંત, પછી થાય સામા સહુ સંત;
એવો અદ્‌ભુત ખેલ મચાવે, દેવ જોવા આકાશમાં આવે. ૫૧

ઘણું જોર કરી ઘનશ્યામ, હઠાવે સંતને તેહ ઠામ;
સંત કોઈ સમે ચડી આવે, પ્રભુને પણ પાછા હઠાવે. ૫૨
મધુ કૈટભ મૂર લંકેશ, તેથી લડતાં હઠ્યા નહીં લેશ;
હઠે તે પ્રભુદાસની પાસ, દેવા આનંદ કરવા વિલાસ. ૫૩
ખૂબ ખેલ કરી ગિરિધારી, ચાલ્યા ના'વા સજી અસવારી;
જઈને સૌ હરિજનને ઉતારે, દીધાં દર્શન ધર્મદુલારે. ૫૪
નાખે હરિજનને ઉતારે, વાલા ઉપર ઊપજે વહાલ;
જઈને ધનાતળાવડી માંય, સ્નાન સ્વજન સહિત કર્યું ત્યાંય. ૫૫
થયો તે જળનો રંગ રાતો, અળતાનો[1] સમુદ્ર જણાતો;
હરિ નાહીને નિસર્યા બહાર, ભારે વસ્ત્ર ધર્યાં તેહ વાર. ૫૬
અસવારી સજી ચાલ્યા નાથ, શોભે સંત ને હરિજન સાથ;
ગાજતે વાજતે ગિરિધારી, આવ્યા ઉતારે ભવ ભયહારી. ૫૭
બદરી સમીપે તેહ કાળ, ગંગામાયે કર્યો હતો થાળ;
વસોવાસી જે જમનાબાઈ, હતાં તે પણ તેમાં સહાઈ. ૫૮
બીજી પણ મેમદાવાદ કેરી, ઉમરેઠની બાઈયો ઘણેરી;
કરી સૌએ મળીને રસોઈ, જન સર્વ વખાણે તે જોઈ. ૫૯
મુકુંદાનંદે બાજોઠ ઢાળ્યો, રુડો રત્નજડિત રૂપાળો;
પ્રભુ આવ્યા પીતાંબર ધારી, બેઠા બાજોઠ પર સુખકારી. ૬૦
લાવી થાળ કનક કેરો ધર્યો, બહુ ભાતના ભોજન ભર્યો;
કરે ભોજન ભાવે મુરારી, બ્રહ્મચારી ઉભા ધરી ઝારી. ૬૧
પીવે જળ પ્રભુ કનક કટોરે, ચીતવી જનનાં મન ચોરે;
જ્યારે ઊઠ્યા જમી ભગવાન, દીધી દાસે રુડી બીડી પાન. ૬૨
સખા સંત ને પાર્ષદ કેરી, થઈ પંક્તિયો જમવા ઘણેરી;
પીરસે પ્રભુજી પકવાન, દેવા સર્વને બહુ સુખદાન. ૬૩
સૌને તૃપ્ત કરી સુખકાર, પછી પોઢી રહ્યા થોડી વાર;
પાછલે પોર આમલા પાસ, સભા જઈને સજી અવિનાશ. ૬૪
ભક્તિ જ્ઞાન ને વૈરાગ્ય કેરી, કરી ધર્મની વાત ઘણેરી;
પ્રશ્ન પૂછિયાં જે હરિજને, આપ્યા ઉત્તર જગજીવને. ૬૫

૧. લાખમાંથી બનાવવામાં આવતો લાલ રંગ

પછી બોલિયા શ્રીપરમેશ, કાલ સૌ જન જાઓ સ્વદેશ;
લીલા જે જે જોઈ તમે આંહીં, સદા સંભારજો મન માંહી. ૬૬
વાસના પંચ વિષયની જેહ, તોડજો તમે સૌ જન તેહ;
રાખશો જો વચનવિશ્વાસ, સદા વાસ થશે મુજ પાસ. ૬૭
પછી કહી જય સચ્ચિદાનંદ, ગયા પોઢવાને જગવંદ;
પ્રભુનું એહ ચારુ ચરિત્ર, પાપી પણ થાય સુણતાં પવિત્ર. ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

જગતવિદિત રંગખેલ જેહ, કૃત વરતાલ વિષે પ્રભુજી તેહ;
સ્મરણ મનને જો કરે સદાય, પ્રભુ પર પ્રેમ પ્રદીપ્ત પૂર્ણ થાય. ૬૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયે*
*રંગમહોત્સવકરણનામ એકષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૧॥*

**પૂર્વછાયો :**

સમૈયો કરી ફુલદોળનો, હરખિત થઈ હરિજન;
વિચરીને વરતાલથી, ગયા પોતપોતાને ભુવન. ૧
તખોપગી બામણોલીના, તેણે કરી પ્રભુને પ્રણામ;
કહ્યું બહુ વિનતી કરી, પ્રભુ આવો અમારે ગામ. ૨
જાઓ તમે અમે આવશું, એમ કહીને મોકલ્યા ઘેર;
સંત સહિત પછી શ્રીહરિ, ચાલ્યા બામણોલી શુભ પેર. ૩
વિચરતાં તે વાટમાં, એક નેળ આવી તે ઠાર;
ફેર પડે રસ્તા તણો, જો વિચરે તેહ મોઝાર. ૪
વાવેલું ખેતર ત્યાં હતું, વાડ્ય થોર તણી હતી ત્યાંય;
એક હરિજને ત્યાં જવા, છીંડું પાડિયું તે વાડમાંય. ૫
બાઈ હતી રખવાળ ત્યાં, તેણે દીધી તરત તેને ગાળ;
શ્રીહરિએ તે સાંભળી, બોલ્યા જન પ્રત્યે જનપાળ. ૬
વાડ્ય તોડી તે કારણે, મળ્યો પાઘડીનો શિરપાવ;
ચાલો હવે આ નેળમાં, એમ બોલ્યા મનોહર માવ. ૭

ચાલ્યા પછી સૌ નેળમાં, જતાં બોલિયા નટવર નાથ;
એક શિખામણ ઉચ્ચરું, સ્નેહે સાંભળો સૌ જન સાથ. ૮

**છીંડું પાડીને ન જવા વિષે : ઉપજાતિ :**

છિંડું કરીને કદિયે ન જાવું, ખરેખરા જો મુજભક્ત થાવું;
આ માનજો વેણ સહુ અમારું, ઈચ્છો ભલું જો ઉરમાં તમારું. ૯
વંડી કુદીને પણ કોઈ વાટે, જવું નહિ તર્ત જવા જ માટે;
તેના ધણીની મરજાદ તોડી, તે પાપ કેરી નહિ વાત થોડી. ૧૦
તાળું પરાયું જન જે ઉઘાડે, કે વાડ્ય તોડી તહિ છીંડું પાડે;
તે તો કહું તસ્કર કેરું કામ, કદી હરિભક્ત કરે ન આમ. ૧૧
જે કોઈ જગ્યા ધણિયાત હોય, જણાય તેની મરજી ન તોય;
તહાં કદાપિ ન કરે નિવાસ, ખરેખરા જે મુજ થાય દાસ. ૧૨

**ચોપાઈ :**

શ્યામે એવી શીખામણ દીધી, સુણી સૌ જને ઉર ધરી લીધી;
બામણોલીયે જૈ બહુનામી, રહ્યા રાયણતરુતળ સ્વામી. ૧૩
તખો પગી ત્યાં લાવ્યા પલંગ, ઉરમાં ધરી અધિક ઉમંગ;
બેઠા તે પર પ્રાણજીવન, આવ્યા દર્શને બહુ હરિજન. ૧૪
પંથે પાછળથી એક આવ્યો, ભલી ચોળાફળી ભેટ લાવ્યો;
મુકી આગળ લાવીને જયારે, કૃપાનાથે કહ્યું તેને ત્યારે. ૧૫
અહો ભક્ત ભલે તમે આવ્યા, કહો ક્યાંથી ચોળાફળી લાવ્યા;
કર જોડી કહે ભકત ત્યાંય, દીઠું ખેતર મારગમાંય. ૧૬
જોઈ તેમાં ચોળાફળી સારી, લાવ્યો તમ અરથે મન ધારી;
સુણી બોલિયા સુંદર શ્યામ, કર્યું તસ્કરનું તમે કામ. ૧૭

**ધર્માર્થે ચોરી ન કરવા વિષે : ઉપજાતિ :**

ચોરી કરે જે જન ધર્મ અર્થ, તેની થશે ભક્તિ કરેલી વ્યર્થ;
ચોરી કર્યાંથી અતિ પાપ લાગે, આજ્ઞા પ્રભુની જન એહ ભાંગે. ૧૮
ચોરી કરીને મુજ કાજ આપે, પાપી પડે તેહ વિશેષ પાપે;
તીર્થે બીજા સ્થાનનું પાપ જાય, તીર્થે કર્યું પાપ ન નાશ થાય. ૧૯

સ્વધર્મ પોતે પ્રભુના પિતા છે, પ્રભુની ધર્મે જ પ્રસન્નતા છે;
તે ધર્મનું ખંડન જો કરાય, તેને પ્રભુ કેમ પ્રસન્ન થાય. ૨૦
ચોરી લઈ મૂર્તિ મુકુંદ કેરી, પૂજે પછી પ્રીતિ ધરી ઘણેરી;
એવાય છે મૂર્ખ મનુષ્ય કોઈ, પ્રભૂ થશે કેમ પ્રસન્ન જોઈ. ૨૧
આધીન બ્રહ્માંડ અનેક જેને, કશી નથી ખામી કદાપિ તેને;
આજ્ઞા ઉલંઘી પ્રભુ કેરી આપ, પાપી કરે છે પ્રભુ અર્થ પાપ. ૨૨
ચિત્તે ધરો સૌ સુણિ એહ શિક્ષા, જે પામિયા હો મુજપંથ દીક્ષા;
જે મેં કહ્યું તેહ વિચારી જોઈ, ધર્માર્થ ચોરી કરશો ન કોઈ. ૨૩

**ચોપાઈ :**

વાલો બોલિયા એવાં વચન, ગમ્યાં સૌ હરિજનને મન;
હતો ચોળાફળી લાવનાર, કહે તેહને ધર્મકુમાર. ૨૪
ભાઈ જ્યાંથી ચોરાફળી લાવ્યો, તમે ત્યાં જઈને મુકી આવો;
પછી તેણે ચોળાફળી લીધી, જઈ તેના ધણીને જ દીધી. ૨૫
પછી સંત હરિજને મળી, બાંધ્યો હિંડોળો રાયણે વળી;
પ્રભુને તે વિષે પધરાવ્યા, કરી ઉત્સવ ખૂબ ઝુલાવ્યા. ૨૬
હતો ત્યાં શુભ રંગ તૈયાર, રંગખેલ કર્યો તેહ ઠાર;
જન જોવાને આવ્યા હજારો, સમૈયો થયો ત્યાં પણ સારો. ૨૭
તહાં કૂપ છે પૂરવમાંય, ના'યા સંત સહિત હરિ ત્યાંય;
થઈ ત્યાં તો રસોઈ રસાળી, જમ્યા સંત સહિત વનમાળી. ૨૮
ત્યાંના ભક્તોએ બહુ ધરી ભાવ, પ્રભુ પુજી લીધો ભલો લાવ;
અતિ આનંદ સૌને વધાર્યા, વાલો વરતાલે સાંજે પધાર્યા. ૨૯
ત્રણ દ્વિજસુતને ઉપવીત, આપ્યાં તેની કહું સુણો રીત;
જોશી ડભાણના દયારામ, માણસાના તો અનોપરામ. ૩૦
વડથલના જાદવજી નામ, તેહ ત્રણે બાળકને તે ઠામ;
ઉપવીત વગરના જ જોઈ, ધાર્યું જીવને દેવા જનોઈ. ૩૧
મહૂરત જુગતે જોવરાયું, તે તો થોડા દિવસમાં આવ્યું;
બામણોલિયાના ફળિયામાં, રચ્યો મંડપ તેહ સમામાં. ૩૨

ઘર ગંગામાને રહેવાનું, હતું ત્યાં રસોઈ કરવાનું;
ત્રણ દ્વિજને જનોઈ ત્યાં દીધી, વિધિ વેદોક્ત તે સર્વ દીધી. ૩૩
મંત્ર ગાયત્રિનો ઉપદેશ, પ્રીતે પોતે દીધો પરમેશ;
બડવા ત્રણેને ત્યાં દોડાવ્યા, જ્ઞાનબાગ સુધી એ તો આવ્યા. ૩૪
વાજતે ગાજતે ત્યાંથી લાવ્યા, લાવી મંડપમાં પધરાવ્યા;
અવિનાશીયે એ સ્થળે આવી, ત્રણ પાઘડીયો ત્યાં મગાવી. ૩૫
પગી જુસજીય દીધી લાવી, બડવા ત્રણેને તે બંધાવી;
નાત નાતના બ્રાહ્મણ જેહ, જગદીશે જમાડિયા તેહ. ૩૬
દીધાં દક્ષિણાદાન અપાર, જન સૌ કહે જય જયકાર;
એમ વાલે વસી વરતાલ, ઘણી લીલા કરી તેહ કાળ. ૩૭
મુનિ સાથે ચાલ્યા પછી માવ, ગયા ગિરિધર ગામ મેળાવ;
ત્યાંથી શ્યામ સોજીતરે થૈને, રહ્યા રાત સંજીવાડે જઈને. ૩૮
ફરતાં ફરતાં બહુ ગામ, ગયા ગઢપુર શ્રીઘનશ્યામ;
હરિનવમીનો ઉત્સવ જેહ, ભલો ત્યાં રહીને કર્યો તેહ. ૩૯
એવા માંહી બની એક વાત, સુણો તેહ અભેસિંહ ભ્રાત;
કારિયાણીના ખાચર માંચો, જેનો સ્નેહ પ્રભુપદે સાચો. ૪૦
તજી સંસાર સાધુ થયેલા, અચિંત્યાનંદ નામે રહેલા;
હતા તે સમે બામણગામ, તેણે દેહ તજ્યો તેહ ઠામ. ૪૧
વસ્તા ખાચરે સાંભળી વાત, ત્યારે ખર્ચ કર્યું ભલી ભાત;
તેડવા તેહ ટાણે હરિને, વસ્તો ખાચર ઈચ્છા ધરીને. ૪૨
ગઢપુરમાં ગયા પ્રભુ પાસ, કર્યાં વિનતિનાં વચન પ્રકાશ;
કહ્યું આ અવસર મહારાજ, ચાલો લૈ સાથે સર્વ સમાજ. ૪૩
માંચા ખાચરનું ખર્ચ જેહ, તમો આવ્યાથી સુધરશે તેહ;
તમે સાચા સગા છો અમારે, તમથી નથી કોઈ વધારે. ૪૪
માટે આવવું પડશે જરૂર, સુણી અરજ ધરિ હરિ ઉર;
દાદા ખાચરને લઈ સાથ, ચાલ્યા સંત સહિત મુનિનાથ. ૪૫
કૃપાસિંધુ ગયા કારિયાણી, ભાવ ભક્તોનો તે ભલો જાણી;
તેણે સાટાની દીધી રસોઈ, જમ્યા શ્રીજી તથા સહુ કોઈ. ૪૬

જમ્યા અન્ન મહાપ્રભુ જેનું, ધન્ય ઉત્તાર કારજ એનું;
જેના ઉરમાં બ્રહ્માંડ અનેક, થાય સર્વ તૃપત જમે એક. ૪૭
થોડા દિવસ કરી તહાં વાસ, પછી ગઢડે ગયા અવિનાશ;
પુરવાસીને દર્શન દીધું, દૈવી જીવનું કલ્યાણ કીધું. ૪૮
સાથે લૈ નિજ સર્વ સમાજ, ગયા બોટાદ રાજાધિરાજ;
ભગાદોશીએ બહુ સેવા કીધી, મોતિયાની રસોઈ ત્યાં દીધી. ૪૯
પછી ત્યાંથી ચાલ્યા મુદ પામી, ગયા નાગડકે બહુનામી;
સૂરા ખાચરે ત્યાં કરી સેવા, ભલો લાભ અલૌકિક લેવા. ૫૦
રાજો દાનો ને ઝાલો પ્રમાણ, અલૈયો મુળુ ઓઢો સુજાણ;
અતિ ઉત્તમ હરિજન એહ, સૌએ પૂજ્યા હરિ ધરી સ્નેહ. ૫૧
આવ્યો પત્ર ત્યાં પ્રેમ ભરેલો, ગુજરાતી જનોએ લખેલો;
એમાં એક લખ્યો હતો અર્થ, અહો શ્રીધર્મપુત્ર સમર્થ. ૫૨
આંબા પાક્યા છે ખૂબ અમારા, સરવોપરિ સ્વાદિષ્ટ સારા;
માટે લૈને સખાનો સમાજ, આવો આ અવસર મહારાજ. ૫૩
સાથે લાવજો સંતસમાજ, થાય એ થકી ઉત્તામ કાજ;
અમે લૈયે અલૌકિક લાવ, આવી પૂરો મનોરથ માવ. ૫૪
વિનતિ અતિ એવી લખેલી, પરિપૂરણ પ્રેમ ભરેલી;
વાલે વાંચી દયા દીલ લાવી, કહ્યું સર્વે સખાને બોલાવી. ૫૫
ચરોતરના હરિજન જેહ, કરે છે અતિ આગ્રહ એહ;
માટે વરતાલ ચાલો વિચરીયે, ઈચ્છા એહની પૂરણ કરીયે. ૫૬
પછી કાઠી અસ્વાર તેડાવ્યા, કેટલાએક ગામથી આવ્યા;
સાથ સૌને લઈ તેહ કાળ, ભગવાન ગયા ભેંસજાળ. ૫૭
કાયાભાઈના દરબારમાંય, ઉતર્યા ત્રિભુવનપતિ ત્યાંય;
ત્યાંના હરિજનનાં કહું નામ, એક તો ગગોભાઈ તે ઠામ. ૫૮
સજોભાઈ સુભક્ત સુજાણ, બાજીબા તેની પત્નિ પ્રમાણ;
કર્ણિબા જેઠીભાઈની નારી, ઝુણાભાઈની ચાંદાબા સારી. ૫૯
ભાઈજીભાઈ આદિક ભક્ત, અતિશે પ્રભુપદમાં આસક્ત;
સૌએ સેવા સજી શુભ રીત, પ્રભુ રીઝયા પૂરી જોઈ પ્રીત. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજજન મનનો નિહાળી નેહ, પરમકૃપાળુ થયા પ્રસન્ન જેહ;
અમ પર પણ નિત્ય એ જ રીતે, પરમકૃપાળુ થજો પ્રસન્ન પ્રીતે. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિદુર્ગપુરાત્ ભેંસજાળગ્રામવિચરણનામ દ્વિષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૨॥*

**પૂર્વછાયો :**

ભક્તિનુજ ભેંસજાળથી, સર્વે સખા લઈ નિજ સાથ;
વિચર્યા વાગડ ગામમાં, મુનિમંડળ સહ મુનિનાથ. ૧

**ચોપાઈ :**

ગયા ત્યાંથી મોરશિયે ગામ, ત્યાંથી ધંધુકે ધર્મના ધામ;
વાવ્ય માતા ભવાનીની જ્યાંય, રાતવાસો રહ્યા હરિ ત્યાંય. ૨
નથુરામ ને દલપતરામ, ભટ ઘેલો ને લાલજી નામ;
ચાર વિપ્ર ને કંસારો વાલો, જેને વા'લો બહુ ધર્મલાલો. ૩
કૃષ્ણરાવજી દક્ષણી જેહ, સૌએ સેવ્યા હરિ ધરી સ્નેહ;
ધંધુકેથી ચાલ્યા ધર્મનંદ, ગયા રોઝકે આનંદકંદ. ૪
ગામના જને સાંભળી વાત, આવે છે શ્રીહરિ સાક્ષાત;
ઠાકોરભાઈ હરિ સામા આવ્યા, સાથે માણસ સોએક લાવ્યા. ૫
વાજે ઢોલ નગારાં નિશાન, કરે હરિજન કીર્તનગાન;
સૂરો ખાચર થૈ અસવાર, ચાલ્યા આગળ ગામ મોઝાર. ૬
ક્ષત્રિ એક પુંજોગોળ[1] જેહ, હરિ સામા જતા હતા તેહ;
સૂરાભક્તને શ્રીહરિ જાણી, નમ્યા જે જે પ્રભુ વાણી. ૭
સૂરોભક્ત બોલ્યા તેની સાથ, તમારો પડ્યો ઘેંશમાં હાથ;
લાડવા જલેબી સ્વાદ જેહ, તે તો છે જાઓ પાછળ તેહ. ૮
કહે પુંજો શુકન સારાં ફળશે, મળી ઘેંશ તો લાડવા મળશે;
મળે દાસ પ્રભુજીના જયારે, પ્રભુદર્શન પામિયે ત્યારે. ૯

૧. ગોળ નામની અટક છે

એવું ઉચ્ચારી આગળ ગયા, પ્રભુને નમી પાવન થયા;
પુર માંહિ પધાર્યા મુરારી, નિરખી હરખ્યાં નરનારી. ૧૦
માનાભાઈના દરબારમાંય, ઓરડો છે ઉગમણો જ્યાંય;
કર્યો ત્યાં જઈ કૃષ્ણે ઉતારો, બેઠા ઢોલિયે ધર્મદુલારો. ૧૧
માનાભાઈની પરમાર્ય માતા, મહાભક્ત તે વિશ્વવિખ્યાતા;
તેણે થાળ કરાવ્યો તૈયાર, જમ્યા મેડી ઉપર તે મુરાર. ૧૨
બહુ તે ગામમાં સતસંગી, હતા તે સહુ આવ્યા ઉમંગી;
સભા થૈ ઘનશ્યામની પાસ, કર જોડી બોલ્યા સહુ દાસ. ૧૩
મહારાજ અમારે જ ઘેર, કરો પગલાં તમે રુડી પેર;
ઘણા દિવસની ઈચ્છા અમારી, આજ પૂર્ણ કરો કૃપા ધારી. ૧૪
પછી સંત સખા લઈ સાથ, પધરામણીયે ગયા નાથ;
કાકાભાઈ તણે દરબાર, પોતે પ્રથમ પધાર્યા મુરાર. ૧૫
ઉત્તરાભિમુખે ઓરડામાં, પધરાવ્યા પ્રભુ તે સમામાં;
કર્યું પૂજન સોળ પ્રકારે, લાવી ભેટ ધરી ભારે ભારે. ૧૬
આરતી પ્રભુજીની ઉતારી, સ્તુતિ બે કર જોડી ઉચ્ચારી;
જય જય ધર શક્તિ અનેક, સૌના ઈશ્વર છો આપ એક. ૧૭

**શાર્દૂલવિક્રીડિત :**

સૌના ઈશ્વર એક છો દ્વિભુજ છો ત્રાતા ત્રિકાળે તમે,
ચારે વેદ સુકીર્તિ ગાય સુરતો[1] પાંચે તમોને નમે;
ષટ્ શાસ્ત્રો મુનિ સાત આઠ વસુઓ ભક્તિ નવે આદશે,
લીધા જન્મ દશે તમે જ જગમાં વંદું સદા હે હરે. ૧૮
આ આદિત્ય તમે રચ્યો શશિ રચ્યો માંગલ્યદાતા હરિ,
બોલે બુદ્ધ જનો તમે જ ગુરુ છો શુક્રાદિધાતુ કરી;
પંગુ પ્રાણિ શનૈશ્વરા[2] તમ વડે શૈલો ઉલંઘે સહી,
રાહુ કેતુ જુદા કર્યા જગતમાં તે આપ આવ્યા અહીં. ૧૯
ધર્મસ્થાપન કાજ આજ વિચર્યા રાજાધિરાજા તમે,
પામ્યા દર્શનદાન દિવ્ય મૂરતી દૃષ્ટિથી દીઠી અમે;

૧. દેવોનો સમૂહ ૨. થોડું ચાલનારા

આ મૂર્તિ જ અખંડ આવિ ઉરમાં વાસો કરીને વસો,
વાણી મિષ્ટ વદી વિનોદ કરીને નિત્યે હસાવો હસો. ૨૦

**ચોપાઈ :**

સ્તુતિ ઉચ્ચારીને એવી રીત, માગી પ્રભુપદ નિશ્ચળ પ્રીત;
વળી માગીયું એવું વચન, અંતકાળે દેજો દરશન. ૨૧
માગ્યું તેવું દઈ વરદાન, પછી ચાલીયા શ્રીભગવાન;
કાંધાવાળાને ઘેર પધાર્યા, અતિ આનંદ એને વધાર્યા. ૨૨
તેણે પૂજા કરી તેહ ઠામ, ઘડી વાર બેઠા ઘનશ્યામ;
પછી ત્યાંથી પ્રભુ શુભ પેર, વિચર્યા મશ્રુવાળાને ઘેર. ૨૩
દુદાવાળાને ઘેર સિધાવ્યા, પાતાભાઈને ત્યાં પછી આવ્યા;
જામબા તેની નારીનું નામ, તેણે પ્રેમથી કીધા પ્રણામ. ૨૪
દવે કરશન દ્વિજ ગગો નામ, મહાભક્ત જોશી મયારામ;
તેને ઘેર જઈ રુડી પેર, પધાર્યા ગજા ગઢવીને ઘેર. ૨૫
તેણે પણ પૂજિયા પ્રભુ પ્રીતે, શુભ ષોડશ ઉપચાર રીતે;
આરતિ અતિ હેતે ઉતારી, સ્તુતિ બે કર જોડી ઉચ્ચારી. ૨૬

**દોહરો :**

જય વૃષનંદ મુકુંદ હરિ, જય આનંદસુકંદ;
છંદ વૃંદ વંદન કરે, સુખકર સહજાનંદ. ૨૭

**ત્રિભંગી છંદ :**

જય જય સુખકારી નરતનુધારી દઢ બ્રહ્મચારી દૈત્યારી,
જય જય મદનારી જય ક્રોધારી મદમોહારી લોભારી;
જય વૃષવૃષનારીરક્ષણકારી ભક્તોદ્ધારી ભયહારી,
પ્રભુ આજ અમારી ઉપર અપારી કરુણાધારી મુદકારી. ૨૮

**ચોપાઈ :**

સ્તુતિ એમ કરીને ઉચ્ચાર, માગ્યો પ્રભુપદ પ્રેમ અપાર;
તેને દૈ વરદાન સિધાવ્યા, માનાભાઈને દરબાર આવ્યા. ૨૯

બીજે દિવસ ચાલ્યા ઘનશ્યામ, ગયા ગિરધર પછિમ ગામ;
રહે ત્યાં તો જાદવજી ત્રવાડી, ભજે શ્રીહરિને તે દહાડી. ૩૦
જ્ઞાતિ ઔદિચ ને વેદ સામ, ઉતર્યા હરિ તેહને ધામ;
દ્વિજ સેવા સજી ઘણી સારી, ઈષ્ટ એક જ આપના ધારી. ૩૧
કસળી તેની માસીનું નામ, તેણે થાળ કર્યો તેહ ઠામ;
જમ્યા ભાવ જોઈ મુનિનાથ, જમ્યા સંત ને સૌ સખા સાથ. ૩૨
પુત્ર જાદવજી તણો જેહ, વર્ષ એકની ઉમરે તેહ;
મહાશંકર તેહનું નામ, તેને લાવી કરાવ્યો પ્રણામ. ૩૩
તેને નિયમ ધરાવિયા નાથે, હેતે હાથ મૂક્યો વળી માથે;
શ્રીજી બોલીયા સ્નેહ સંયુક્ત, આ તો અવતર્યો છે એક મુક્ત. ૩૪
નથી સંસારમાં રહેનારો, થાશે નૈષ્ઠિક વ્રત ધરનારો;
એવું સાંભળીને એહ જાગ્ય, માતતાતે ગણ્યાં ધન્ય ભાગ્ય. ૩૫
કથા સાંભળી વાઘજીભાઈ, ભૂમાનંદને પૂછે છે ચાઈ;
સ્વામિ પૂછું છું પામી પ્રસંગ, કહો એહ કથા તણું અંગ. ૩૬
કેમ નૈષ્ઠિકપદ મળ્યું એને, કેણે દીક્ષા દીધી કહો તેને;
તમે જાણો છો તે સર્વ વાત, કહો થાઉ સુણી રળિયાત. ૩૭
ભૂમાનંદ કહે સુણો ભાઈ, કહું સંક્ષેપમાં સુખદાઈ;
મહાશંકર તે મોટા થયા, ગોપાળાનંદની પાસે રહ્યાં. ૩૮
ધનજોગ ઉગે બીજ જેમ, પ્રગટ્યાં જ્ઞાન વૈરાગ્ય તેમ;
મૂક્યા સ્વામીએ ગઢપુરવાસે, ચૈતન્યાનંદ સ્વામીની પાસે. ૩૯
ભણ્યા કૌમુદી કાવ્ય સુજાણ, ભણ્યા ભાગવતાદિ પુરાણ;
જ્ઞાનવાન તે સદગુણી સારા, મુકુંદાનંદને લાગ્યા પ્યારા. ૪૦
રઘુવીરજીની પાસે આવી, દીક્ષા વર્ણીની તેણે અપાવી;
વીત્યાં સંવત શતક અઢાર, સાલ છનુની તે પર સાર. ૪૧
ત્યારે દીક્ષા દિધી સુખકંદ, નામ ધાર્યું શ્રીઅનંતાનંદ;
મહારાજ વિહારીજીલાલે, ગ્રંથ કરવા ધાર્યું જેહ કાળે. ૪૨
અનંતાનંદનો અભિપ્રાય, પુછી લીધો તે પ્રારંભમાંય;
વાઘજીભાઈ જે તમે વાત, પુછી તે મેં કહી સાક્ષાત. ૪૩
કથા કૃષ્ણની ચાલતી જેહ, હવે સાંભળો હું કહું તેહ;
અભેસિંહને વર્ણી કહે છે, ગામ પછિમમાં પ્રભુ જે છે. ૪૪

ત્યાંથી સંચર્યા નિજ જન સાથ, કમિયાળે ગયા કૃપાનાથ;
રહ્યા જાખડે જૈ હરિ રાત, પછી પરવર્યા ઉઠી પ્રભાત. ૪૫
નદી સાભ્રમતી ઉતરીને, દેવા ગામ બપોરા કરીને;
ચાંગા ગામમાં જૈ રહ્યા રાત, તહાં બારોટ ભક્ત વિખ્યાત. ૪૬
નથુ બારોટ લક્ષ્મણ નામ, તેણે સ્નેહે સેવ્યા ઘનશ્યામ;
પોઢી ઉઠીને પ્રાતસકાળે, વિચર્યા શ્રીહરિ વરતાલે. ૪૭
ઉતર્યા જઈ વાસણવાસ, હતો તે સમે વૈશાખ માસ;
ફળ્યા એ સમે આંબા અનેક, એક એકથી ઉત્તમ એક. ૪૮
આપઆપના આંબા વેડાવે[૧], હરિભક્ત ગાડાં ભરી લાવે;
રસપોળીની આપે રસોઈ, એક એકથી ઉત્તમ જોઈ. ૪૯
જમે સંત ધરી હરિધ્યાન, તેને તો રસનું નથી ભાન;
રસરોટલી શાક ને પાણી, જમે ભેળું કરી ભક્ષ જાણી. ૫૦
ગ્રાસે ગ્રાસે નારાયણ નામ, સંત તો ઉચ્ચરે એહ ઠામ;
હરિજન જોઈને એમ જાણે, મને કીધો કૃતાર્થ આ ટાણે. ૫૧
સખા નિઃસ્વાદિ છે હરિ કેરા, જ્ઞાન વૈરાગ્યવંત ઘણેરા;
પછી હરિજનની રુચિ જાણે, માટે જમતાં તે રસને વખાણે. ૫૨
સભા શ્રીજીની પાસે ભરાય, જ્ઞાનવારતા ત્યાં નિત્ય થાય;
સુણી સંસારથી તૂટે સ્નેહ, નાશવંત જાણે દેહ ગેહ. ૫૩
સંતનો ધર્મ સારો જણાય, જોઈ બહુ જન સત્સંગી થાય;
એમ સત્સંગ વાધ્યો અપાર, ભજે પ્રગટ પ્રભુ નરનાર. ૫૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ભુવીતળ સતસંગ સંત દ્વારે, દિન દિન જેહ થતો દિસે વધારે;
પણ હરિવરનો બધો પ્રતાપ, સરવથિ એક સમર્થ એ જ આપ. ૫૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઆમ્રરસોત્સવાર્થે*
*વૃત્તાલયઆગમનનામ ત્રિષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૩॥*

---

૧. કેરી આદિક ફળો ઝાડ પરથી તોડાવવા

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, લીલા આમ્રરસોત્સવ નામ;
વાલે કરી વરતાલનાં, આસપાસ તણાં જ્યાં ગામ. ૧
તે સંભળાવું સ્નેહથી, જેહ સાંભળતા સુખ થાય;
ભાવ કેવો હરિભક્તનો, તે તો જેથી જથાર્થ જણાય. ૨

**ચોપાઈ :**

પ્રભુ અક્ષરધામવિહારી, તેણે ભૂતળ નરતનું ધારી;
વાસી અક્ષરના મુક્ત જેહ, થયા સંતસ્વરૂપે તો તેહ. ૩
જેણે જાણ્યો તેનો મહિમાય, તેના હૈયામાં હરખ ન માય;
જાણે ધન્ય આ અવસર આવ્યો, આજ લૈયે અલૌકિક લાવો. ૪
એવા સંત અને પ્રભુ એવા, સજીએ તેની સ્નેહથી સેવા;
તન મન ધનથી જો સેવાય, સર્વ તો તેહ સાર્થક થાય. ૫
ઘેર તેડાવીને રુડી રીતે, પૂજીએ ને જમાડીને પ્રીતે;
એવો ભાવ ભલો ઉર લાવે, અવિનાશીને તેડવા આવે. ૬
રહેનાર જે સંજાયે ગામ, જેનું દાસ ગરીબ છે નામ;
આવ્યા તેડવા કાજ હરિને, કરિ વિનતિ પ્રણામ કરીને. ૭
દયાસિંધુ દયા દિલ ધારો, મારે ગામ પ્રભુજી પધારો;
બોર શબરી તણાં જમ્યા જેમ, જમ્યા ભાજી વિદુરની તેમ. ૮
સુદામાના તો જમ્યા તાંદુલ, તુચ્છ તે ગણ્યા આપે અમૂલ્ય;
આમ્રફલ જમો એમ અમારાં, રાખ્યાં છે તમ અર્થે તે સારાં. ૯
આશા પુરો અહો અવિનાશ, આજ આવો અમારે આવાસ;
સખામંડળને સહુ સંત, સાથે લાવજો શ્રીભગવંત. ૧૦
સુણી વિનતિ દયા દિલ ધારી, ચાલ્યા સંજાયે શ્રીગિરધારી;
સખામંડળને લીધું સાથે, મુનિમંડળ પણ મુનિનાથે. ૧૧
દાદો ખાચર ખાચર જીવો, મોકો ખાચર પણ કુળદીવો;
વસ્તો ખાચર સોમલો સુરો, ભક્ત હમીર પણ પ્રેમી પુરો. ૧૨
ઝીણો પુંજો કાકો માનોભાઈ, ખોડોભાઈ ભજે સુખદાઈ;
બીજા વરતાલના સતસંગી, એહ આદિ હરિ તણા અંગી. ૧૩

સાથે લૈને પ્રભુ શુભ પેર, ગયા દાસ ગરીબને ઘેર;
હતો લીંબડો ફળિયામાંય, બાંધ્યો હરિજને હિંડોળે ત્યાંય. ૧૪
તેમાં બેસાડી હરિને ઝુલાવ્યા, જન ઉત્સવ કરવાને આવ્યા;
દાસ ગરીબે તે અવસર જોઈ, રસપોળીની દીધી રસોઈ. ૧૫
સંતને પ્રભુ પીરસે જેમ, સખાજનને કરે રાજી તેમ;
જમે સૌ સખા કરતા વિનોદ, પેખી હરિજન પામે પ્રમોદ. ૧૬
સંજાયામાં લીલા કરી શ્યામે, તે તો વિખ્યાત થૈ બહુ ઠામે;
ગુણવંત વળોટવું ગામ, પગી થોભણ ભક્ત તે ઠામ. ૧૭
અવિનાશીને તેડવા આવ્યા, તેથી ત્યાં સહુ સાથે સિધાવ્યા;
વડ મોટો છે પાદરમાંય, ઝૂલ્યા હિંડોળે શ્રીહરિ ત્યાંય. ૧૮
જમ્યા સૌ રસપોળી રસાળ, પછી આવ્યા પાછા વરતાલ;
આખડોલે પટેલનિવાસ, તેનું નામ તો ગોવિંદદાસ. ૧૯
પ્રભુને તે તેડી ગયા ત્યાંય, હતો લીંબડો ફળિયામાંય;
હરિને ત્યાં હિંડોળે ઝુલાવ્યા, રસપોળી જમાડી રીઝાવ્યા. ૨૦
વાલો ત્યાંથી આવ્યા વરતાલ, ધર્મરક્ષક ધર્મનો લાલ;
ચાંગાગામે ગોવિંદ પટેલ, નથુ બારોટ ભક્ત થયેલ. ૨૧
નથુજી દવે પરમ પવિત્ર, રામેશ્વર અને ઈશ્વરપુત્ર;
આવ્યા તે બેય તેડવા કાજ, ગયા તેહી તહાં મહારાજ. ૨૨
હતી પાટ પટેલને ઘેર, ગાદીતકીયો ધર્યો રુડી પેર;
સભા ત્યાં બેસીને સજી શ્યામે, જ્ઞાનવાત કરી તેહ ઠામે. ૨૩
રસપોળી જમીને રસાળ, વાલો આવ્યા ફરી વરતાલ;
કેરીયાવી થકી ગલાભાઈ, આવી તેડી ગયા સુખદાઈ. ૨૪
પ્રભુ ત્યાં પણ તેવી જ રીતે, જમી આવ્યા સમાજ સહીતે;
ગામ મહૂડીયું પરું જ્યાંય, ભક્ત જાલમજી પગી ત્યાંય. ૨૫
તેણે આવી કરી ઘણી તાણ, તેથી ત્યાં ગયા શ્યામ સુજાણ;
જ્યાં જ્યાં જાય તે નટવર નાથ, સખા ને સંત તો હોય સાથ. ૨૬
હતો લીંબડો આંગણામાંય, હરિ ઝૂલ્યા હીંડોળામાં ત્યાંય;
રસપોળી જમ્યા હરિરાય, જમ્યા સંત ને સર્વ સખાય. ૨૭

પ્રભુ પોઢી રહ્યા થોડી વાર, જ્યારે જાગીયા જગદાધાર;
ટોપલા આઠમાં કેરી સારી, ભરી ભેટ પ્રભુ પાસે ધારી. ૨૮
કેરી બે હરિએ જમી લીધી, બીજી સૌ સંતને વેંચી દીધી;
પગી ઉત્તમ ને પગી નાના, પગી બેય ભલા ભક્ત ત્યાંના. ૨૯
પ્રભુને પ્રણમી રુડી પેર, તેઓ તેડી ગયા નિજ ઘેર;
આમલો હતો આંગણામાંય, ઝુલાવ્યા હરિ હિંડોળે ત્યાંય. ૩૦
સંધ્યા સમય થયો પછી જ્યારે, કરી આરતી ને ધૂન્ય ત્યારે;
રીઝાવા હરિને રુચિ લાવી, પરાની બાઈયોને બોલાવી. ૩૧
પછી માતાના ગરબા[1] મગાવ્યા, તેમાં દીવા ભલા પ્રગટાવ્યા;
મઢ[2] માતાના બે હતા જેહ, બાઈ બેએ માથે લીધા તેહ. ૩૨
બીજી હાથમાં ગરબા ઉછાળે, ગાય ગર્બિયો રાગ રૂપાળે;
હરિ રીઝાવા તે કર્યું કાજ, જોઈ રાજી થયા મહારાજ. ૩૩
આપી પ્રસાદી પતાસાં તણી, કૃપાનાથે કૃપા કરી ઘણી;
કરી ભક્તોની પૂરણ આશ, વરતાલ આવ્યા અવિનાશ. ૩૪

**પૂર્વછાયો :**

તખો પગી બામણોલીના, આવ્યા કૃષ્ણને તેડવા કાજ;
સ્નેહ વિલોકીને સંચર્યા, પ્રભુ સાથે લઈને સમાજ. ૩૫
પ્રભુ સ્વતંત્ર સમર્થ છે, દોર્યા કોઈના નવ દોરાય;
પ્રેમી જનોના પ્રેમના, એક તંતુએ બાંધ્યા જાય. ૩૬
બ્રહ્મા સમાન સમર્થ કે, હોય કંગાલ કીટ સમાન;
ભાળે ભલો ભાવ જેહનો, થાય વશ્ય તેને ભગવાન. ૩૭
જાતિ કુજાતિ જુવે નહીં, નહિ વિમૂઢ કે વિદ્વાન;
રૂપ કુરૂપ જુવે નહીં, સદા ભાવને વશ ભગવાન. ૩૮
વેદ ભણેલો વિપ્ર જો, હરિપદવિમુખ તે હોય;
એથી ઉત્તમ હરિભક્ત છે, હોય શ્વપચ જાતિ તોય. ૩૯
ગીધ ને ગજ ગણિકા જુઓ, થયા શ્રીહરિનેભજી સિદ્ધ;
પ્રભુવિમુખ એવી પદવીને, નથી પામ્યા કોઈ પ્રસિદ્ધ. ૪૦

૧. કાણાંવાળી માંટીની માટલી ૨. માતાનું સ્થાન અથવા સિંહાસન

ગોકુળની ગોવાલણી, છેક છાસ તણી વેચનાર;
શ્રુતી ગણાણી વેદની, પુરો પામી પ્રભુપદ પ્યાર. ૪૧
તેમ જ કાઠી ગરાશિયા, દ્વિજ પગી ને પાટીદાર;
પ્રભુ ભજીને આ સમે, થયા ઉત્તમ ભક્ત અપાર. ૪૨

**ચોપાઈ :**

તખાભક્તનો નેહ નિહાળી, બામણોલી ગયા વનમાળી;
બાંધ્યો રાયણે હિંડોળો સારો, ઝૂલ્યા તે વિષે ધર્મદુલારો. ૪૩
રસપોળી જમ્યા રુડી રીતે, પછી પોઢ્યા થોડી વાર પ્રીતે;
પ્રભુ પોઢી ઊઠ્યા જ્યારે, તખાભક્તે કહ્યું વળી ત્યારે. ૪૪
ગાડાં આઠ આણી હતી કેરી, વધી છે હજી તેમાં ઘણેરી;
વે'ચી આપો સમાજને સ્વામી, મારી ઈચ્છા પુરો બહુનામી. ૪૫
પછી શ્રીહરિએ સાક્ષાત, આપી સૌને કેરી સાત સાત;
વાલો ત્યાંથી આવ્યા વરતાલ, પુરુષોત્તમ જનપ્રતિપાળ. ૪૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજજન મનને પ્રમોદદાતા, સરવ પ્રકાર સમર્થ સર્વજ્ઞાતા;
નરતનુ ધરિ દાસ શ્રેય સારું, શુભ કરજો પ્રભુ તે સદા અમારું. ૪૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયસમીપ-ગ્રામાંતરે આમ્રરસોત્સવકરણનામ ચતુઃષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૪॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે અભેસિંહને, સુણો આમ્રરસોત્સવ સાર;
વિસ્તારથી જો વરણવું, નવ આવે ઉચ્ચરતાં પાર. ૧

**ચોપાઈ :**

પછી ભક્ત ડભાણના આવ્યા, શ્રીજી તેથી ડભાણ સિધાવ્યા;
જમ્યા ત્યાં રસપોળી જીવન, આવ્યા તેડવા પૈજના જન. ૨
પ્રભુ પૈ'જ પધાર્યા સુપેર, ત્યાંના ભક્ત ઉપર ધરી મહેર;
બચાભાઈની ખડકી છે નામ, ઉતર્યા તહાં જૈ ઘનશ્યામ. ૩

કાનદાસ ને ભગવાનદાસ, ઝવેરીદાસ આવિયા પાસ;
એક વિપ્ર ત્રવાડી જીભાઈ, આવ્યા દર્શન કારણ ધાઈ. ૪
બીજા વિપ્ર વડોદરા જેહ, આવ્યા મોરારજી પણ તેહ;
તેઓ બે જણે કીધી રસોઈ, જમ્યા નાથ ભલો ભાવ જોઈ. ૫
જમ્યા ત્યાં રસ જગજીવન, વળી ભક્ત ઘણાને ભુવન;
પધરામણીયે જનપાળ, જઈ જઈને જમ્યા તહાં થાળ. ૬
એમ આનંદ સૌને વધાર્યા, પછીથી વરતાલ પધાર્યા;
જીંડવાપરાના નાથાભાઈ, ખોજીદાસ ને કરશનભાઈ. ૭
તે તો તેડવા આવ્યા હરિને, ગયા તેડી તે વિનતિ કરીને;
નાથાભાઈના ફળિયા મોઝાર, બાંધ્યો લીંબડે હીંડોળો સાર. ૮
અતિ હેતે હિંડોળે ઝૂલાવ્યા, રસપોળી જમાડી રીઝાવ્યા;
કરી જ્ઞાનની વાત કૃપાળ, પાછા આવ્યા વળી વરતાલ. ૯
નરસંડે ઉત્તમગર બાવા, તે તો નાથને તેડવા આવ્યા;
રામગર શિષ્યને લાવ્યા સંગે, દર્શનાતુર દેખીને અંગે. ૧૦
સાથે મકનદાસ પટેલ, વાલાભાઈ સહીત આવેલ;
દાદાભાઈ ને કુબેરદાસ, એહ આદિ બીજા હરદાસ. ૧૧
કરી વિનતિ કરીને પ્રણામ, પ્રભુ તેડી ગયા નિજ ગામ;
તહાં સારી સજી અસવારી, ઘેર ઘેર પધાર્યા મુરારી. ૧૨
કોઈને ઘેર ભોજન કીધું, કોઈને ઘેરથી કાંઈ લીધું;
વડ વૃક્ષે તળાવને તીર, ઝુલાવ્યા હીંડોળે નરવીર. ૧૩
એમ સૌને દઈ દરશન, આવ્યા વરતાલ પ્રાણજીવન;
ગલાભાઈ ને રાયજીભાઈ, દાસ નરહર બેચરભાઈ. ૧૪
એ તો ચારે એકાંતિક દાસ, જેનો ઉતરસંડે નિવાસ;
આવ્યા તેડવા તે રુડી રીતે, પધાર્યા પ્રભુ ત્યાં પણ પ્રીતે. ૧૫
નરહરદાસની ખડકીયે, તહાં કીધો ઉતારો શ્રીજીયે;
એક પાટ ઉપર પધરાવી, શેલું આપીને પાઘ બંધાવી. ૧૬
પ્રેમે પૂજી સ્તવન શુભ કીધું, રસરોટલી ભોજન દીધું;
તેની ભક્તિ વિશેષ વખાણી, વરતાલ આવ્યા પદ્મપાણિ. ૧૭

કંજરી ગામના ખોજીદાસ, દાસ ઈશ્વર રણછોડદાસ;
રામજી નામે હવાલદાર[૧], આવ્યા વરતાલ એ જણ ચાર. ૧૮
કૃષ્ણને વિનતિ ઘણી કરી, તેથી ત્યાં પણ સંચર્યા હરિ;
ચોરા આગળ પાટ ઢળાવી, પધરાવ્યા પ્રભૂ તહાં લાવી. ૧૯
ઘર ઘર પધરામણી કીધી, રસોઈ રસપોળીની દીધી;
વરતાલ આવ્યા પછી વાલો, ધર્મરક્ષક ધર્મનો લાલો. ૨૦
જોળના રામદાસ પટેલ, આવી તેડી ગયા અલબેલ;
નિજ ક્ષેત્રમાં રાયણ સારી, તહાં ઝુલાવ્યા દેવ મુરારી. ૨૧
જાંબુડો તહાં કૂપની પાસ, જમ્યા થાળ તહાં અવિનાશ;
રસરોટલીયો રસદાર, જમ્યા સંત ને સૌ અસવાર. ૨૨
પછી ગામમાં પોતાને ઘેર, પ્રભુને પધરાવ્યા સુપેર;
સ્નેહે સેવા સજી રાખ્યા રાત, પછી પ્રગટિયું જ્યારે પ્રભાત. ૨૩
ચોરા પાસે શિવાલય જ્યાંય, બાંધ્યો હીંડોળો આંબલે ત્યાંય;
ઝુલાવ્યા હરિને ધરી હેત, કર્યો ઉત્સવ સંત સમેત. ૨૪
ભલા ભક્ત ગોપાળજીભાઈ, જેના પુત્ર નામે ભલાભાઈ;
તેણે અવસર ઉત્તમ જોઈ, રસપોળની દીધી રસોઈ. ૨૫
ઘેર તેડી પૂજ્યા પ્રભુ પ્રીતે, કરી આરતી ઉત્તમ રીતે;
પિતા પુત્ર નમ્યા પ્રભુ પાય, તેના હૈયામાં હરખ ન માય. ૨૬
એમ આનંદ સૌને વધારી, આવ્યા વરતાલ વિશ્વવિહારી;
વલાસણના વાસી રઘાભાઈ, તથા બારોટ રાયજીભાઈ. ૨૭
આવ્યા તેડવા કાજ હરિને, ગયા તેડી ત્યાં વિનતિ કરીને;
મોટો આમલો પાદર માંય, ઝુલાવ્યા હરિ હીંડોળે ત્યાંય. ૨૮
પછી પધરામણી ઘેર કીધી, રસોઈ રસપોળીની દીધી;
પછી સંત સખા લઈ સાથ, વરતાલ આવ્યા વિશ્વનાથ. ૨૯
ગામ ઘુંટેલીના સતસંગી, આવ્યા તેડવા કાજ ઉમંગી;
તહાં પણ પ્રભુજી જઈ આવ્યા, એ જ રીતે પૂજ્યા પધરાવ્યા. ૩૦
જઈ આવ્યા બીજે પણ ગામ, મને સાંભર્યાં તે કહ્યાં નામ;
રસઉત્સવ એ રીતે કીધો, જને લાવ અલૌકિક લીધો. ૩૧

૧. ગામ ઉઘરાત ખાતાનો પટેલ, તલાટીનો સિપાઈ

કાઠી આદિ સખા હતા જેહ, થાક્યા સર્વ જમી રસ તેહ;
સખા સૌ બોલ્યા શ્રીહરિ પાસ, આવ્યો ઉતરવા જેઠ માસ. ૩૨
વરસાદ વધારે જો થાશે, ભાલ ભરાશે કેમ જવાશે;
ગઢપુરના હરિજન જેહ, વાટ જોતા હશે હવે તેહ. ૩૩
કેરિયો જમી સર્વે ધરાયા, ચાલો ગઢપુર હે હરિરાયા;
ચરોતરના હરિભક્ત કેરો, નિરખ્યો અમે નેહ ઘણેરો. ૩૪
એ તો પ્રેમ તણા સતપાત્ર, અમે એની આગળ તે શા માત્ર;
પ્રભુ પુજીને માગિયે એમ, આપો એ જનના જેવો પ્રેમ. ૩૫
જેમ ઉદ્ધવનો ગર્વ હરવા, મુક્યા ગોપિને ઉપદેશ કરવા;
એમ હરવાને ગર્વ અમારો, લાવી દેખાડ્યો સત્સંગ સારો. ૩૬
સુણી વિનતિ સખાજન તણી, પ્રભુ પરવર્યા ગઢપુર ભણી;
ગાના ગામે તળાવની પાળે, કર્યો ઉતારો ધર્મને લાલે. ૩૭
આવ્યા સેવામાં રગનાથદાસ, પ્રભુએ કહ્યું તેહની પાસ;
રોટલા કરી તૈયાર લાવો, ઈચ્છા હોય તેને ખવરાવો. ૩૮
પછી રોટલા જઈને કરાવ્યા, અવિનાશીની આગળે લાવ્યા;
જોતાં ઉજળો રોટલો લાગ્યો, અલૈયે ખાચરે એક માગ્યો. ૩૯
લૈને ચાવવા માંડ્યો તે જ્યારે, ચાવતાં તે કઠણ પડ્યો ત્યારે;
પુછી રગનાથદાસને વાત, શેનો છે એહ રોટલો ભ્રાત. ૪૦
બોલ્યા રગનાથદાસ લજાઈ, રોટલો છે ચીણાનો તે ભાઈ;
બાજરી તો અહીં થતી નથી, ઘણા ખેડુ વાવી મુઆ મથી. ૪૧
કાંઈ દૈવનો કોપ જણાય, આંહી ચીણો જ એકલો જાય;
એવી શ્રીજીએ સાંભળી વાણી, દયાસાગરે દિલ દયા આણી. ૪૨
કૃષ્ણે રગનાથદાસને કહ્યું, બાજરી હવે વાવજો સહું;
દૈવનો કોપ તે મટી જાશે, સદા બાજરી સુંદર થાશે. ૪૩
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, તેથી થાય છે બાજરી સારી;
પ્રભુની કૃપાથી શું ન થાય, ખારી ભૂમિમાં બાગ રચાય. ૪૪
ગાના ગામથી સંચર્યા સ્વામી, ગયા બોચાસણે બહુનામી;
સંતમંડળ મોકલ્યાં ફરવા, ગામોગામમાં ઉપદેશ કરવા. ૪૫

નિત્યાનંદઆદીક ભણનાર, પ્રભુ પાસે રહ્યા તેહ વાર;
શ્રીહરિ પછી ત્યાંથી સિધાવ્યા, ગામ વડદલાની પાસે આવ્યા. ૪૬
ગામથી દિશા દક્ષિણમાંય, હતો આમલો સરતટે ત્યાંય;
વાલો ઉભા રહ્યા ઘડી વાર, પછી પરવર્યા પ્રાણઆધાર. ૪૭
એ જ આમલાને સ્થળ આજ, વડ પીપર છે સુણ રાજ;
પ્રભુ પરવર્યા બુધેજ પંથે, તે તો છે લખવા જેવું ગ્રંથે. ૪૮
વાદળી નભમાં ચડી છોટી, થોડી વારમાં થૈ પડી મોટી;
નભમંડળ આખું છવાયું, રવિમંડળ છેક છુપાયું. ૪૯

**હરિગીતછંદ :**

છવરાયું મંડળ છેક રવિનું મેઘ મંડ્યો ગાજવા,
શું ઈંદ્રની અસ્વારિનાં વાજિંત્ર લાગ્યાં વાજવા;
ચમકે સુચપળા[1] ચહુ દિશે શું શસ્ત્ર ચમકે શૂરનાં,
બોલે છડીદારો ભલા કે સોર શુદ્ધ મયૂરના. ૫૦
ધનુ મેઘનાં મોટા દિસે શું શૂર કરનાં કામઠાં,
થઈ મુશળધારા વરસતી શું બાણ છૂટે સામટાં;
સુજે ન કર આકાર ત્યાં અંધકાર તો એવો થયો.
જળમય જગત દેખાય ને ન જણાય રસ્તો ક્યાં રહ્યો. ૫૧
લાગે ઝપાટા પવનના સૌ ઝાડ લાગ્યાં ઝૂમવા,
જાણે સુભટ[2] રણરંગના ઘણી રીત લાગ્યા ઘૂમવા;
ગડુડાટ ગાજે ગગન ઘન ઘડુડાટ ધરણી પર પડે,
હડુડાટ નીરપ્રવાહનો સડુડાટ શબ્દ પવન વડે. ૫૨
જળધોધ ધરણી ધમધમે મન કમકમે કાયર તણાં,
અક્ષમ ખમે નહિ જોઈને ચિત ચમચમે તેનાં ઘણાં;
હય ચાલતાં બહુ હણહણે ખૂબ ખણખણે પાખર ખરી,
પગમાં ઝાંજર ઝમઝમે ઘણી ધમધમે છે ધુગરી. ૫૩

૧. વિજળી ૨. યોદ્ધા,શૂરવીર

**ચોપાઈ :**

પહોંચ્યા પ્રભુ બુધેજ ગામે, ઉતર્યા ખોડાભાઈને ધામે;
ઉકો ખાચર પાછળ રહ્યા, તે તો તે સમે ગભરાઈ ગયા. ૫૪
કેવી ધીરજ છે દઢ એની, પ્રભુએ પરીક્ષા લેવા તેની;
રાખી પાછળ તેહને સ્વામી, જુવે છે સર્વ અંતરજામી. ૫૫
પગ લપસે અને પડી જાય, કાયા કાદવથી લપટાય;
જળ માંહી ન મારગ હીસે, અકળાયા તે એથી અતિશે. ૫૬
બહુ ચિડાઈ ચિતમાં વિચારે, કેરી ખાવા રહ્યા ઘણું જ્યારે;
તેથી આવી પીડા માથે લીધી, બહુ ગાળો ત્યાં કેરીને દીધી. ૫૭
દીઠો દાસને એ રીતે ત્રાસ, વૃષ્ટિ બંધ કરી અવિનાશ;
વળી મેળવ્યો સંગાત ત્યાંય, તેની સાથે ગયા ગામમાંય. ૫૮
જઈ કીધા પ્રભુને પ્રણામ, હસી બોલિયા શ્રીઘનશ્યામ;
અમો ધીરજ જોઈ તમારી, આજ તો પરીક્ષા કરી સારી. ૫૯
કહે ભક્ત નહીં દુઃખ દેશો, કદી આવી પરીક્ષા ન લેશો;
પછી શ્રીહરિ કુંડળ થૈને, કર્યો વાસ દુરગપુર જઈને. ૬૦
લીલા આમ્રરસોત્સવ તણી, સંભળાવી મેં સંક્ષેપે ગણી;
સંભળાવે કે સાંભળે જેહ, પામે પૂરો પ્રભુપદ નેહ. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નવ રસમય નાથ કેરી લીલા, હૃદય ધરે હરિભક્ત જે રસીલા;
સુણી સુણી સતસંગી રાજી થાય, જનમતિ મૂઢ ન ચિત્તમાં ચહાય. ૬૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે
અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયપ્રાંતે
આમ્રરસોત્સવકરણનામ પંચષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૫॥*

**પૂર્વછાયો :**

ભૂપ કરે બ્રહ્મચારીને, કહો કૃષ્ણચરિત્ર કથાય;
સાંભળવા ઈચ્છું સદા, મન તૃપ્ત ન સુણતાં થાય. ૧

**ચોપાઈ :**

બ્રહ્મચારી કહે સુણો ભૂપ, કહું કૃષ્ણચરિત્ર અનૂપ;
એક અવસરે શ્રીમહારાજે, અન્નકુટના ઉત્સવ કાજે. ૨
ગઢપુરમાં રહી મન ધાર્યું, વરતાલ જવાને વિચાર્યું;
સંતમંડળને લઈ સંગે, મનમોહન ચાલ્યા ઉમંગે. ૩
ગયા સારંગપુર ઘનશ્યામ, ત્યાંથી દર્શન દઈ બહુ ગામ;
આવ્યા વરતાલમાં વૃષનંદ, પામ્યા સત્સંગી સર્વ આનંદ. ૪
નારાયણગરના મઠમાંય, જઈને ઉતર્યા જીવન ત્યાંય;
સાંભળી હરિના સમાચાર, આવ્યા દર્શને સંઘ અપાર. ૫
ધનતેરસનો દિન આવ્યો, ત્યારે ઉત્સવ સારો કરાવ્યો;
આવી કૃષ્ણચતુર્દશી જ્યારે, પૂજ્યા પવનના પુત્રને ત્યારે. ૬
આવી બીજે દિવસ તો દિવાળી, દીપમાળા રચાવી રુપાળી;
મહારાજ તે વચ્ચે બિરાજ્યા, છબિલો તે સમે બહુ છાજ્યા. ૭
ફરી રાસમંડળ તણી રીતે, ગાઈ ગર્બિયો સંતોએ પ્રીતે;
અન્નકૂટ કર્યો દિન બીજે, તેનું વર્ણન કેમ કરીજે. ૮
પકવાન્ન અનેક પ્રકાર, ગણતાં નવ પામિયે પાર;
શાક પાક અથાણાં અનેક, ભર્યાં પાત્ર કરીને વિવેક. ૯
વાજે ભુંગળ તાલ મૃદંગ, જનમન ન સમાય ઉમંગ;
બેઠા જમવાને જગદાધાર, નિરખી હરખે નરનાર. ૧૦
પછી સંતોને જમાડ્યા, એમ સંતોષ સૌને પમાડ્યા;
ધન્ય નારાયણગિરિ બાવો, જેણે લીધો અલૌકિક લાવો. ૧૧
ધન્ય ધન્ય તેનો મઠ એહ, થયો તીર્થભૂમિ સમ તેહ;
જહાં પ્રગટ પ્રભુજી બિરાજ્યા, કોટિ બ્રહ્માંડ રાજાધિરાજા. ૧૨
તહાં આવી પ્રબોધિની જ્યારે, થયો સારો સમૈયો તે વારે;
અહો ભૂપતિ એવાં ચરિત્ર, કેમ વિસરે પરમ પવિત્ર. ૧૩
પછી જનને કહે પરમેશ, હવે સૌ જન જાઓ સ્વદેશ;
નિજ દેશ ગયાં નરનારી, ગયા ગઢપુર શ્રીગિરિધારી. ૧૪
આવી મહાશુદી પંચમી જ્યારે, સમૈયો કર્યો ત્યાં વળી ત્યારે;
ફુલદોલનો ઉત્સવ જેહ, ધાર્યો વરતાલ કરવાનો તેહ. ૧૫

વાલે તે કરી સંતને વાત, સુણી સંત થયા રળીયાત;
મોટા સદગુરુઓ સહુ મળી, નિષ્કુલાનંદને કહે વળી. ૧૬
તમે જાઓ પ્રથમ વરતાલ, રાખો તૈયાર રંગ ગુલાલ;
હોજ છે રંગ ભરવાના જેહ, તમે તાજા કરાવજો તેહ. ૧૭
હીંડોળો કરજો નવો એવો, ઘણાં વર્ષ સુધી ટકે તેવો;
સુણી શ્રીહરિની રજા લૈને, ગયા વરતાલ તે રાજી થૈને. ૧૮
બીજાં મંડળ મોકલ્યા ફરવા, દૈવી જીવને ઉપદેશ કરવા;
કહ્યું તે સહુને વૃષલાલે, ઉત્સવે આવજો વરતાલે. ૧૯
શુદી ફાગણની બીજ આવી, કંકોતરિઓ શ્રીકૃષ્ણે લખાવી;
પુષ્પદોલ ઉપર વરતાલ, લઈ આવજો બાળ ગોપાળ. ૨૦
એવા પત્ર લખી ઠામોઠામ, મોકલ્યા હરિભક્તને ધામ;
પછી લૈ સંગે સર્વ સમાજ, ચાલ્યા ગઢપુરથી મહારાજ. ૨૧
કારિયાણિયે જૈ રહ્યા રાત, ગયા કુંડળ પ્રગટે પ્રભાત;
બરવાળે ગયા બહુનામી, ત્યાંથી ગાંફે ગયા સંતસ્વામી. ૨૨
મનુભા નામે ત્યાં મહીપાળ, સારા સત્સંગિ બુદ્ધિ વિશાળ;
સામા આવ્યા સજી અસવારી, પ્રણમ્યા પ્રભુને પ્રેમ ધારી. ૨૩
દીધો દરબાર માંહી ઉતારો, સજી સેવા ધરી ભાવ સારો;
સુણી શ્રીજી પધાર્યાની વાત, આવ્યા પરગામથી જનવ્રાત. ૨૪
સાંજે ટાંણે સભા સ્થળમાંય, રાયે સારી સભા ભરી ત્યાંય;
સ્નેહે શ્રીજીને ત્યાં પધરાવ્યા, સેંકડો જન દર્શને આવ્યાં. ૨૫
ભૂપે પૂજા કેરી કરી, વસ્ત્ર ભૂષણની ભેટ ધરી;
આરતી અતિ હેતે ઉતારી, સ્તુતિ બે કર જોડી ઉચ્ચારી. ૨૬

**શાર્દૂલવિક્રીડિત :**

હે શ્રીજી સુખધામ શ્યામ સહજાનંદાખ્ય સર્વેશ્વરા,
મત્સ્યાદી અવતાર ભાર હરવા તે તો તમોયે ધર્યા;
સૌના કારણરૂપ ભૂપ સૌના ત્રાતા વિધાતા તમે,
પ્રેમે નિત્ય પ્રણામ શ્યામ કરિયે સ્વાભીષ્ટ જાણી અમે. ૨૭

**રત્નાવલી અલંકાર :**

જે શ્રીજી રઘુવીર થૈ જળનિધી બાંધી લિધો ત્યાં જઈ,
સીતા જે ભગવત્પ્રસાદ થકી તો નિર્બંધ નિશ્ચે થઈ;
તે તો વિશ્વવિહારલીલાલ અમને આવી મળ્યા છો તમે,
પામ્યા પૂર્ણ કૃતાર્થતા તવ ઘનશ્યામ પ્રસાદે અમે. ૨૮

**ચોપાઈ :**

સ્તુતિ એહ પ્રકારે ઉચ્ચારી, દિલે રીઝિયા દેવ મુરારી;
રાયે સંતનું પૂજન કીધું, એકેકું વસ્ત્ર સર્વને દીધું. ૨૯
વસ્તો રાવળ ને ગગો વ્યાસ, એહ આદિક કૃષ્ણના દાસ;
સૌએ શ્યામને પૂજિયા પ્રીતે, ધરી ભેટ ભલી શુભ રીતે. ૩૦
દીધાં દર્શન સૌને દયાળે, ત્યાંથી કૃષ્ણ ગયા કમિયાળે;
ત્યાંથી બોરુ ગયા બહુનામી, અખિલેશ્વર અંતરજામી. ૩૧
આરે ગોલાણાને ઉતરીને, રહ્યા ગોરાડ ગામ ઠરીને;
કાંધાજીને તહાં દરબાર, ઉતર્યા તહાં વિશ્વઆધાર. ૩૨
ગામ ગુડેલવાસી જીભાઈ, આવ્યા દર્શન કરવા ચહાઈ;
તેને સાથે લઈ ઘનશ્યામ, બીજે દિન ગયા બૂધેજ ગામ. ૩૩
જતાં ત્યાં થકી મોરજ ગામ, ધરાધાર આવી એક ઠામ;
તહાં ભૂમિ ભયંકર ભાસે, નરની જોતાં હીંમત નાસે. ૩૪

**ભયાનક રસવર્ણન :**

થયો ત્યાં તો અદર્શ હોકારો, ભલા સુભટને[૧] ભય કરનારો;
ભડક્યા અશ્વ ને અસવાર, ત્રાસ ઉપજ્યો એને અપાર. ૩૫
અશ્વ આડે પંથે દોડી ગયા, અસવારના રોક્યા ન રહ્યા;
કોઈ અસવાર તો પડી જાય, કંપે થર થર તેહની કાય. ૩૬
કોઈની પડે પાઘડી હેઠી, જાણે રણ માંહિ બગલી છે બેઠી;
કોઈ નાસે થઈ પગપાળા, રહ્યા સ્થિર કોઈ હીમતવાળા. ૩૭
દીસે કોઈનાં હથિયાર પડતાં, ખાસડાં દીસે કોઈનાં રખડતાં;
કોઈને શરીરે વળ્યો સ્વેદ[૨], ખૂબ અંતરે ઉપજ્યો ખેદ. ૩૮

૧. શૂરવીર, યોદ્ધા ૨. પરસેવો

ભૂલાય કોઈ તો દેહનું ભાન, કહે કોઈ તો હે ભગવાન;
વાલા વારે ચડો એહ વારે, અમે સૌ છૈયે શરણે તમારે. ૩૯
શ્રીજી પાસે ગયા સહુ જ્યારે, દીધી ધીરજ સર્વને ત્યારે;
મળી સૌએ ત્યાં શ્રીજીને કહ્યું, કૃપાનાથ કહો આ શું થયું. ૪૦
કોપ્યો રુદ્ર કે પ્રલયનો કાળ, શબ્દ શેનો થયો વિકરાળ;
સુણી બોલિયા ધર્મદુલારો, કહું સત્ય સુણી મન ધારો. ૪૧
ગયે કોઈ સમે એહ ઠામ, થયો છે શ્રેષ્ઠ રણસંગ્રામ;
વાસનાયે રહિત શૂર જેહ, શત્રુ સન્મુખ રહિ મુવા તેહ. ૪૨
તેણે સ્વર્ગમાં જઈ કર્યો વાસ, પણ કાયર જે પામ્યા ત્રાસ;
પાછે મોંઢે આ ઠામ મરાયા, વળી વાસનાથી જે બંધાયા. ૪૩
ભૂતયોનીને પામિયા ભાઈ, કર્યા શબ્દ તેણે અકળાઈ;
એવું સાંભળીને સખા સાથ, હરિને કહે જોડીને હાથ. ૪૪
આપનાં થયાં દર્શન એને, આપો સદ્‌ગતી તે માટે તેને;
પ્રભુએ પછી નીર મગાવ્યું, પોતે પીને બીજું છંટકાવ્યું. ૪૫
સર્વે ભૂત અદર્શ રહીને, બોલ્યાં જય જયકાર કહીને;
પ્રભુ અમને તો પાવન કીધાં, હતાં દુષ્કૃત તે બાળી દીધાં. ૪૬
હવે ભક્તિ તમારી કરાવો, પછી સદ્‌ગતિ અમને અપાવો;
બોલ્યા શ્રીહરિ ધારી સનેહ, ધરો સત્સંગમાં જઈ દેહ. ૪૭
મારી ભક્તિ કરી તેહ ઠામ, અંતે પામશો અક્ષરધામ;
શ્યામ દૈ વરદાન સિધાવ્યા, ગામ મોરજ ગુણનિધી આવ્યા. ૪૮
ગઢવી તહાં ગોકળદાસ, ઉતર્યા પ્રભુ એને આવાસ;
બીજે વાસરે સહિત સમાજ, આવ્યા માણજ શ્રીમહારાજ. ૪૯
વડ છે ગામથી પૂર્વમાંય, બપોરા કર્યા શ્રીજીએ ત્યાંય;
ધોરીભાઈ ને ગોવિંદદાસ, ઘોડાં માટે દીધું તેણે ઘાસ. ૫૦
જમવાની કરી ઘણી તાણ, પણ નવ રહ્યા શ્યામ સુજાણ;
ત્યારે રોટલા લાવી તૈયાર, આપ્યા તે તો જમ્યા અસવાર. ૫૧
દળના[1] લાડુ માટલી ભરી, લાવી શ્રીહરિ આગળ ધરી;
જમ્યા તેમાંથી પ્રૌઢ પ્રતાપી, શેષ તેને પ્રસાદી તે આપી. ૫૨

૧. ઘઉંના લાડું

નાર ગામના બે કાળીદાસ, વા'લાભાઈ આવ્યા પ્રભુ પાસ;
ભલા બારોટ ભગવાન નામ, ભાઈજીભાઈ આવ્યા તે ઠામ. ૫૩
કરી પ્રેમે પ્રભુને પ્રણામ, કહ્યું નાથ ચાલો નારગામ;
પ્રેમ જોઈ પ્રભુ ત્યાં પધાર્યા, અતિ આનંદ સૌને વધાર્યા. ૫૪
સર ગામથી ઉત્તરમાં છે, સામે કાંઠે સારો વડ ત્યાં છે;
ઉતર્યા તહાં જૈ અવિનાશ, આવ્યા દર્શન કરવાને દાસ. ૫૫
જમી ત્યાં જ રહ્યા હરિ રાત, પછી પરવર્યા ઉઠી પ્રભાત;
ગામ પંડોળી થૈ પીપળાવ, રહ્યા આવી મનોહર માવ. ૫૬
વાલો ત્યાંથી આવ્યા વરતાલ, થયા નિરખીને ભક્ત નિહાલ;
પગી જોબનની મેડીમાંય, ઉતર્યા ત્રિભુવનપતિ ત્યાંય. ૫૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વૃતપુર પ્રિય માનીને વિશેષ, ફરી ફરી આવી ઉદાર અક્ષરેશ;
કરી કરી શુભ ઉત્સવો અપાર, અધિક કર્યું નિજ ધામ શ્રેષ્ઠ સાર. ૫૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયે*
*પુષ્પદોલોત્સવાર્થાગમનનામ ષટ્ષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૬॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે વરતાલમાં, ફુલદોલના ઉત્સવ કાજ;
સંઘ આવ્યા દેશ દેશના, સહુ આવીયો સંતસમાજ. ૧

**ચોપાઈ :**

નિષ્કુળાનંદે પ્રથમથી આવી, રાખ્યો હિંડોળો સરસ બનાવી;
જ્ઞાનબાગમાં બાંધિયો તેહ, આંબા બે વચ્ચે શોભિયો એહ. ૨
તેમાં ઝૂલાવ્યા નટવરનાથ, કર્યો ઉત્સવ વાજીંત્ર સાથ;
પૂર્વે મુગટ ધર્યો હતો જેમ, ધર્યો આ અવસર પણ એમ. ૩
સમૈયો શ્રેષ્ઠ તે સમે જેવો, થયો આ અવસર પણ એવો;
પડવેને દિવસ પણ પ્રીતે, કર્યો રંગઉત્સવ રુડી રીતે. ૪

અહો ભૂપતિ હિંડોળો એહ, નારાયણમોલ માંહિ છે તેહ;
હોજ પણ બાગ માંહી છે બેય, જેમાં રંગ ભર્યા હતા તેય. ૫
જનદર્શન આવી કરે છે, જોતાં એહ લીલા સાંભરે છે;
રમી રંગે સજી અસવારી, ગયા ના'વાને ગિરિવરધારી. ૬
કૂપ મુળજી પટેલ કેરો, વાલે જઈને વખાણ્યો ઘણેરો;
ના'યા થાળામાં શ્યામશરીર, નાંખ્યું હરિજને કૂપમાં નીર. ૭
વાજતે ગાજતે વૃષનંદ, આવ્યા ઉતારે આનંદકંદ;
ભલો થાળ જમ્યા ભગવંત, પછી સ્નેહે જમાડિયા સંત. ૮
જ્ઞાનબાગમાં સાંજને ટાણે, સભા સારી સજી તે ઠેકાણે;
બેઠા હરિજન સંત હજારો, દીપે તે વચ્ચે ધર્મદુલારો. ૯
ગામ શીણોરના પાટિદાર, નામે કેશવદાસ ઉદાર;
તેની નારી નામે રાજબાઈ, આવ્યાં દર્શને ચિત્ત ચહાઈ. ૧૦
વેગળે રહી કીધા પ્રણામ, બાઈને કહે શ્રીઘનશ્યામ;
અમે વનમાંથી આવિયા જ્યારે, તમે સાત દિવસ સુધી ત્યારે. ૧૧
કરાવ્યું પયનું પાન અમને, સાંભરે છે કે વીસર્યું તમને;
સુણી બાઈ કહે એહ આજ, સાંભરે છે મને મહારાજ. ૧૨
પ્રભુએ વળી પૂછિયું ત્યારે, કેટલા છે સુપુત્ર તમારે;
બોલ્યા બાઈ કરીને વિચાર, પ્રભુજી મારે પુત્ર છે ચાર. ૧૩
એમ કહી સુત ચારે બોલાવ્યા, પ્રભુ પાયે પ્રણામ કરાવ્યા;
કહે કૃષ્ણ આપો બેય અમને, રાખો બે પુત્ર પાળવા તમને. ૧૪
કહે બાઈ અહો ભાગ્ય એહ, રાખો બે તમને ગમે તેહ;
ગિરધર ને વણારશી નામ, સોપ્યા શ્રીહરિને તેહ ઠામ; ૧૫
જોરાભાઈ તથા બાપુભાઈ, રાખ્યા બે સુત તે રાજબાઈ;
પુત્ર બે મહારાજે જે લીધા, મહાદીક્ષા દઈ સાધુ કીધા. ૧૬
વણારશીનું તો તેહ ઠામ, પાડ્યું શ્રીનિવાસાનંદ નામ;
ગિરધરનું તો ઈશ્વરાનંદ, નામ બોલ્યા પ્રભુ જગવંદ. ૧૭
થોડાં વર્ષ વીતી ગયાં જ્યારે, પડ્યું કામ જરૂરનું ત્યારે;
પાછા ગિરધરને ઘનશ્યામે, ઘેર મોકલ્યા સત્સંગ કામે. ૧૮

જેવી આજ્ઞા મહાપ્રભુ કરે, ભલા ભક્ત તો તે શિર ધરે;
હાથીયે કે ખરે[1] જો બેસારે, તોય આનંદ અંતરે ધારે. ૧૯
ઘેર જઈને તે ગિરધર દાસે, સતસંગ વધાર્યો ચોપાસે;
એના મુખનો સુણે ઉપદેશ, તેને સંશય નવ રહે લેશ. ૨૦
ઘેર જઈને કર્યું કામ એવું, સાધુથી ન બની શકે તેવું;
બ્રહ્મચારી કહે સુણો ભૂપ, સભામાં બોલ્યા શ્યામસ્વરૂપ. ૨૧
સમૈયો તો થયો ભલી ભાતે, સંઘ ચાલજો સર્વે પ્રભાતે;
સંતમંડળ સૌ જજો ફરવા, દેશમાં ગામોગામ વિચરવા. ૨૨
એમ આજ્ઞા કરી એહ વારે, પ્રભુ પોઢિયા જઈને ઉતારે;
નાજો જોગિયો ભક્ત હમીર, બેઠા બે ચોકી કરવાને વીર. ૨૩
ચોકી કરતાં ઉંઘે નહીં જેહ, હરિઈચ્છાએ ઉંઘીયા તેહ;
ખોડોભાઈ બુધેજના વાસી, જેને વા'લા બહુ અવિનાશી. ૨૪
બાકી પો'ર નિશા રહી જ્યારે, ઘેર જાવાને નીકળ્યા ત્યારે;
મહારાજની આગળ આવી, રજા માગી સ્વશીશ નમાવી. ૨૫
પૂછયું શ્રીજીએ વાહન શું છે, ખોડોભક્ત કહે ગાડલું છે;
મહારાજે વિચારિયું ઉર, મારે ઝટ જવું છે ગઢપુર. ૨૬
વરતાલના હરિજન જેહ, કરીને તાણ રોકશે તેહ;
સિધાવું ખોડાભાઈની સાથે, એવું ધારી કહ્યું તેને નાથે. ૨૭
ચાલો આવીશ હું તમ સંગે, ઊઠ્યા એમ કહીને ઉમંગે;
ગાડામાં બેસીને ગિરધારી, ચાલ્યા બુધેજ ભવભયહારી. ૨૮
ગાડાનો ઘઘડાટ થવાથી, નાજો ભક્ત જાગ્યા ઉંઘમાથી;
ઘાંટો કાઢી પૂછયું તેણે ત્યાંય, કોણ બેઠું છે ગાડલામાંય. ૨૯
સુણી બોલ્યા શ્રીજી સુખદાઈ, ગાડામાં બેઠા છે ખોડાભાઈ;
ઉંઘમાં સાદ ઓળખ્યો નહીં, તેથી સુઈ રહ્યા તે તો તહી. ૩૦
વીતી રાત થયું જ્યાં સવાર, ભક્ત વરતાલના તેહ વાર;
આવ્યા દર્શન કરવાને કાજ, પૂછયું નાજાને ક્યાં મહારાજ. ૩૧
કહ્યું કે પ્રભુ પોઢી રહ્યા છે, કાલના બહુ થાકી ગયા છે;
પછી પેખીયો જઈને પલંગ, તેમાં સૂતા ન દીઠા શ્રીરંગ. ૩૨

૧. ગધેડો

નાજો જોગીયો બીજો હમીર, કોપ્યા સૌ જન બેયને શીર;
કહો ચોકી કરી તમે કેવી, રાખી શ્રીજીની સંભાળ એવી. ૩૩
ત્યાં તો આવી કહ્યું કોઈ ભ્રાતે, ખોડોભાઈ આવ્યા હતા રાતે;
રખે તેહ તેડી ગયા હોય, તેને ઉતારે જૈ જુઓ કોય. ૩૪
પછી જૈ જોયું તેને ઉતારે, ગયા તે તો ખબર પડી ત્યારે;
જાણ્યું સર્વ હરિજનને ઉર, ગયા તેની જ સાથે જરૂર. ૩૫
થયા સૌ જન દિલમાં ઉદાસ, નાખે સંભારીને તે નિશ્વાસ;
કહે અક્રૂરના જેવું કામ, ખોડાભાઈએ કીધું આ ઠામ. ૩૬
ભલો અક્રૂર તો અક્રૂર, ખોડોભાઈ ખરેખર ક્રૂર;
રાતે ચોરીને લઈ ગયા એમ, એવો અક્રૂરને કહું કેમ. ૩૭
હવે શ્રીહરિ આવશે ક્યારે, વળી દર્શન કરશું કેવારે;
પછી સર્વે મળીને સમાજ, ગયા બૂધેજ દર્શન કાજ. ૩૮
નયણે નિરખ્યા અવિનાશ, મટ્યાં અંતર સૌનાં ઉદાસ;
મંદ મંદ હસીને મુરારી, દીધી ધીરજ સર્વને સારી. ૩૯
કહ્યું ગઢપુર જૈ થોડે કાળે, આવશું વહેલા વરતાલે;
ચાલ્યા એમ કહી ઘનશ્યામ, દેતા દર્શન જૈ ગામોગામ. ૪૦
કારિયાણીએ કૃષ્ણ સિધાવ્યા, ત્યાંના હરિજનને હરખાવ્યા;
ચાલ્યા સારંગપુર મન લાવી, સીમ ગામ જસેલીની આવી. ૪૧
બાઈયો વીણતી હતી બોર, કોઈ વૃદ્ધ કે બાળ કિશોર;
નિરખ્યા હરિના અસવાર, જાણ્યું આવ્યા આ તો લૂંટનાર. ૪૨
પુત્રી મેઘા કુંભારની એક, સાત વર્ષની ઉમરે છેક;
રહી તે ઉર હીમત આણી, મહારાજે કહી તેને વાણી. ૪૩
અહો શું છે તારી પાસે બાઈ, આપ્ય તે અમને હરખાઈ;
તેણે દેખાડ્યાં ખોળામાં બોર, ચાર મુઠી લીધાં ચિત્તચોર. ૪૪
પ્રભુજીએ પ્રસન્નતા લાવી, પતાસાંની પ્રસાદી અપાવી;
તેજબાઈ ડોશી હતાં ત્યાંય, પામ્યા અચરજ તે ઉરમાંય. ૪૫
પામ્યા આશ્ચર્ય સૌ અસવાર, જાણ્યો પૂર્વ તણો તે સંસ્કાર;
ફળે જપ તપ કે વ્રત જ્યારે, પ્રભુ થાય પ્રસન્ન તો ત્યારે. ૪૬

ફળ્યાં બાળકીનાં પુણ્ય ભારે, ચિત્તમા એમ સર્વ વિચારે;
ગયા સારંગપુર ઘનશ્યામ, ગયા ત્યાં થકી ગઢપુર ગામ. ૪૭
નિરખ્યા નયણે અવિનાશી, હૈયે હરખિયાં ગઢપુરવાસી;
નિત્ય આનંદ ઉત્સવ થાય, સુખ તે વર્ણવ્યું નવ જાય. ૪૮
સુખ અક્ષરધામમાં જેવું, ભાસે ગઢપુરમાં પણ તેવું;
વસે જ્યાં અક્ષરાધીશ સ્વામી, સુખમાં તહાં શી હોય ખામી. ૪૯
ભવ બ્રહ્મા અને અમરેશ, ગણે ગઢપુર સુખ વિશેષ;
નિજધામથી થૈને ઉદાસ, ઈચ્છે ગઢપુર માંહી નિવાસ. ૫૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજમન મહિમા વિચારે જેહ, ગઢપુર ધામનું નામ લે જ તેહ;
બહુ ભવ કૃત પાપ નાશિ જાય, દવ લવથી વન જેમ દગ્ધ[1] થાય. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયપુરાત્*
*ગઢપુરઆગમનનામ સપ્તષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૭॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે વસુધાપતિ, સુણો કૃષ્ણનાં ચારુ ચરિત્ર;
જે સુણતાં સુખ ઉપજે, અને કરિયે કર્ણ પવિત્ર. ૧

**ચોપાઈ :**

વળી એક સમે અવિનાશ, કરી ગઢપુર માંહિ નિવાસ;
સમૈયો હરિનવમીનો કીધો, પછી વરતાલનો પંથ લીધો. ૨
ધર્યો ધર્મસ્થાપન અવતાર, માટે સ્થિર ન ઠરે એક ઠાર;
જાણે જ્યાં જ્યાં મુમુક્ષુનાં ગામ, જાય ફરવાને શ્રીઘનશ્યામ. ૩
સાથે રાખીને સંતસમાજ, ચાલ્યા ગઢપુરથી મહારાજ;
દેતા દર્શન જઈ ગામગામ, ગયા જેતલપુર ઘનશ્યામ. ૪
પાદશાહી મહોલ છે જ્યાંય, ઉતર્યા પ્રભુ જૈ તેહમાંય;
વાંસજીભાઈએ કરી સેવા, જાણી શ્રીજીને દેવાધિદેવા. ૫

૧. સળગવું

ગંગામાએ કર્યો શુભ થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
ભીમ એકાદશી મનભાવી, વળતે દિવસે એ તો આવી. ૬
મહિમા જન જાણે છે જેનો, કર્યો ઉત્તમ ઉત્સવ એનો;
વડસરથી ઉત્તરમાં બિરાજે, બાંધ્યો હીંડોળો ત્યાં હરિ કાજે. ૭
હરિને અતિ હેતે ઝુલાવ્યા, જન દર્શન કરવાને આવ્યાં
થોડા દિવસ જેતલપુર ઠરી, મેમદાવાદમાં ગયા હરી. ૮
ભટ બેચર ને અંબારામ, ભલા ભક્ત જે દુલભરામ;
એહઆદિક હરિજન મળી, સેવા શ્રીહરિની સજી ભલી. ૯
પધાર્યા પ્રભુ ત્યાંથી ડભાણ, ત્યાંથી વરતાલ શ્યામ સુજાણ;
વાલો વાસણ સુતાર ઘેર, ઉતર્યા આવીને રુડી પેર. ૧૦
મળી સૌ વરતાલના વાસી, સ્નેહે સેવિયા શ્રીઅવિનાશી;
પાંચ દિવસ કરી વિશ્રામ, ગયા સુણાવે શ્રીઘનશ્યામ. ૧૧
ગયા પાળજ શ્રીપરમેશ, ભક્તકારણ ભક્તજનેશ;
ઉતર્યા વિપ્ર જેભાઈ ઘેર, વખાણી તેની ભક્તિની પેર. ૧૨
કહ્યું આ દ્વિજે સતસંગ માટે, ઘણાં કષ્ટ વેઠ્યાં વાટઘાટે;
કહે વિપ્ર અહો મહારાજ, તમ કાજે તજ્યાં કૈંકે રાજ. ૧૩
કોણ માત્ર મારાં દેહ ગેહ, નાખું તમ પર વારીને તેહ;
પ્રભુ ત્યાં રહી દિવસ એકાદ, પછી ત્યાંથી ગયા પેટલાદ. ૧૪
વસે શેઠ તહાં વ્રજલાલ, ઉતર્યા તેને ઘેર કૃપાળ;
થાળ ત્યાં મુકુંદાનંદે કર્યો, ધર્મનંદન આગળ ધર્યો. ૧૫
રસોઈ બીજા વિપ્ર બોલાવી, સંત પાર્ષદ કાજે કરાવી;
પંગતી સંતની થઈ જ્યારે, પીરસું પ્રભુએ જઈ ત્યારે. ૧૬
પછી સાંજે સભા સજી સારી, કરી જ્ઞાનની વાત વિચારી;
શેઠે પૂજા કરી રૂડી રીતે, પટ ભૂષણ અર્પિયાં પ્રીતે. ૧૭
પ્રેમે સંતનું પૂજન કીધું, વસ્ત્ર સર્વને અકેકું દીધું;
બીજે દિન દીનબંધુ સિધાવ્યા, પીપળોઈ ગામે પ્રભુ આવ્યા. ૧૮
ઉતર્યા ભાઈબાને નિવાસ, પામ્યા સુખ દર્શન કરી દાસ;
ગયા ખંભાત નટવર નાવ, નારેસર નામનું છે તળાવ. ૧૯

રહ્યા ત્યાં પ્રભુજી પો'ર વાર, આવ્યાં દર્શને ત્યાં નરનાર;
ભક્તે તાણ કરી ભલી ભાત, પણ નાથ રહ્યા નહિ રાત. ૨૦
ભાતું સુખડીનું ભેટ કીધું, શ્યામે સૌ સંતને વેંચી દીધું;
પછી ત્યાંથી પ્રભુ પરવરીયા, આરે મેંતલીને તે ઉતરિયા. ૨૧
ગામ પીપળીયે પ્રભુ ગયા, રાત્ય ત્યાં દરબારમાં રહ્યાં;
દાદાભાઈએ દિલ ધરી હેત, સેવ્યા શ્રીજીને સંત સમેત. ૨૨
ધોલેરે ગયા ધર્મકુમાર, ત્યાંથી ગઢપુરધામ મોઝાર;
કોટી જીવનું કલ્યાણ કરી, આવ્યા થોડા દિવસ માંહી ફરી. ૨૩
કર્યો ચાતુરમાસ નિવાસ, પૂરી ગઢપુરવાસીની આશ;
જન્મઅષ્ટમી ને ઝીલણીનો, કર્યો ઉત્સવ એકાદશીનો. ૨૪
દશરા આશ્વિની પૂર્ણિમાંય, કર્યા ઉત્સવ તે પણ ત્યાંય;
અન્નકુટ ઉપર ભગવાને, ધાર્યું દઢ વરતાલે જવાને. ૨૫
સાથે રાખીને સંતસમાજ, ચાલ્યા ગઢપુરથી મહારાજ;
ગામોગામ થતા સીંજીવાડે, આવ્યા શ્રીહરિ થોડે દહાડે. ૨૬
આવ્યા વરતાલ શ્રીમહારાજ, દાસને દેવા દર્શન કાજ;
ધનતેરશ ચૌદશ કાળી, શોભી ઉત્સવે સરસ દિવાળી. ૨૭
અન્નકુટનો ઉત્સવ કીધો, દાસને બહુ આનંદ દીધો;
કાર્તિકી ત્યાં એકાદશી આવી, સમૈયો કરી સારી શોભાવી. ૨૮
વીતી પૂનમ કાર્તિકી જ્યારે, ગયા સંઘ તે સ્વસ્થાન ત્યારે;
સંચર્યા વરતાલથી સ્વામી, ગયા બૂધેજમાં બહુનામી. ૨૯
રહી રાત પધાર્યા ગોરાડ, માન્યો ભક્તોએ ત્યાં પૂરો પાડ;
પ્રભુ આવવાના જાણી તહીં, સંચી[1] રાખ્યું હતું દૂધ દહીં. ૩૦
શ્રીજીએ સંતને તૃપ્ત કીધા, જોઈ જનના મનોરથ સિદ્ધા;
સૌને રાજી કરી રંગરેલ, ગયા ગુણનિધિ ગામ ગુડેલ. ૩૧
મેડી ઉપર જીભાઈને ઘેર, ઉતર્યા પ્રભુજી શુભ પેર;
નિજ હાથે કર્યો પ્રભુ પાક, જમ્યા બાટી ને વૃંતાક શાક. ૩૨
જીભાઈને પ્રસાદી તે આપી, રીઝયા શ્રીપ્રભુ પૂર્ણ પ્રતાપી;
બીજે દિન ગઢડે ગયા નાથ, હરખ્યો સતસંગીનો સાથ. ૩૩

૧. ભેગું કરવું

થોડા દિવસ રહ્યા ગઢપુરમાં, વરતાલ જવા ઈચ્છા ઉરમાં;
ફરતાં ફરતાં બહુ ગામ, ગયા ગુડેલ સુંદરશ્યામ. ૩૪
મુક્તાનંદ અને નિત્યાનંદ, ફરતાં હતાં તેહનાં વૃંદ;
શ્રીજી આવ્યાની સાંભળી વાત, આવ્યા દર્શને સૌ મુનિવ્રાત. ૩૫
પછી તે સહુને લઈ સાથ, વરતાલ આવ્યા મુનિનાથ;
વેદાંતાચાર્ય જે કહેવાય, આવેલા અમદાવાદમાંય, ૩૬
શ્રીજીએ એવું સાંભળ્યું જ્યારે, મળવાને ઈચ્છા થઈ ત્યારે;
તેડવા મોકલ્યા સાધુ ત્યાંય, તેડી લાવ્યા તે વરતાલમાંય. ૩૭
દીધું શ્રીજીએ આદરમાન, આપ્યું ઉતરવા શુભ સ્થાન;
નારાયણગરના મઠ માંહી, દીધાં સાકરનાં સીધાં ત્યાંહી. ૩૮
આજ મંદિર છે જે ઠેકાણે, તેથી પશ્ચિમમાં સહુ જાણે;
ગંગાજળિયા કુવો કહેવાય, બીજે દિવસે સભા ભરી ત્યાંય. ૩૯
વેદાંતચાર્યને ત્યાં તેડાવ્યા, સારી રીતે સભામાં તે આવ્યા;
મહાવાક્ય વેદાંતનાં બાર, તે વિષે પ્રશ્ન પૂછયાં તે વાર. ૪૦
શ્રીજીના પ્રશ્નનું સમાધાન, વેદાંતાચાર્યે ન થયું નિદાન;
પ્રભુ કહ્યાથી નિત્યાનંદે, આપ્યા ઉત્તર સર્વ આનંદે. ૪૧
વેદાંતાચાર્ય તો પગે લાગ્યો, એના મનનો બધો મદ ભાંગ્યો;
શ્રીજીએ તેનું કરી સનમાન, બસેં રૂપૈયાનું દીધું દાન. ૪૨
રુડી રીતે વિદાય તે કર્યો, પીપળાદમાં તે જઈ ઠર્યો;
નિંદા શ્રીજી તણી કરી તત્ર, લખ્યો કોઈએ શ્રીજીને પત્ર. ૪૩
પત્ર આવ્યો હરિ કેરે હાથ, સંત પ્રત્યે બોલ્યા સંતનાથ;
મુક્તાનંદ અને નિત્યાનંદ, મુનિવર મહાનુભાવાનંદ. ૪૪
એહ આદિ ભણેલા છો જેહ, વિચરો વેદાંતી કને તેહ;
સંત સંચર્યા શોધવા એને, નડીયાદ જઈ મળ્યા તેને. ૪૫
નિત્યાનંદે કહ્યું તેને એમ, કરો છો નિંદા શ્રીજીની કેમ;
પ્રશ્ન પૂછિયાં શ્રીજીએ જેહ, તમે ઉત્તર નવ થયો તેહ. ૪૬
તોય સારું કર્યું સનમાન, તેની નિંદા કરો છો નિદાન;
હજી હોય હીમત મનમાંય, ચાલો આવિયે જ્યાં કહો ત્યાંય. ૪૭

કાશી સુધીયે આવિયે અમે, આપો પ્રશ્નના ઉત્તર તમે;
સુણી નરમ પડ્યો તેહ ઠામ, પછી બોલ્યો કરીને પ્રણામ. ૪૮
કરો આજ ક્ષમા એક વાર, ફરી એવો કરું ન ઉચ્ચાર;
કહ્યું સંતે આવી પ્રભુ પાસ, સુણી બોલિયા શ્રીઅવિનાશ. ૪૯
નથી આપણને દુઃખ એનું, ભલે તેહ જાણે કર્મ તેનું;
કહી એમ તે વાત વિસારી, એવો કોણ બીજો ક્ષમાધારી. ૫૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અવગુણ જનના ન ચિત્ત આણે, શિશુ સમ સર્વ મનુષ્યને પ્રમાણે;
વિપરિત મતિવંત વૈર રાખે, પણ પ્રભુ તેનું ભલું થવાનું ભાખે. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિણા વૃત્તાલયે*
*વેદાંતાચાર્યપરાજયકરણનામ અષ્ટષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૮॥*

**પૂર્વછાયો :**

વેદાંતી આચારજ ગયો, અને વાલો હતા વરતાલ;
મંડળ ફરવા મોકલી, ચાલ્યા ગઢપુરે ગોપાળ. ૧

**ચોપાઈ :**

નિજ સાથે થોડા લઈ સંત, ગયા બૂધેજમાં બળવંત;
કરતા વાટ માંહી મુકામ, પહોંચ્યા ગઢપુર ઘનશ્યામ. ૨
વળી એક સમય તણી વાત, કહું તે સાંભળો તમે ભ્રાત;
વસી ગઢપુરમાં ભગવંત, કર્યો ઉત્સવ સરસ વસંત. ૩
ફૂલદોલ ને રામજયંતી, કરી તે પણ ત્યાં જ સોહંતી;
આવ્યા ત્યાં કરવા દરશન, અમદાવાદના હરિજન. ૪
નથુભટ્ટ ને સિંહ કુબેર, પ્રભુપદને નમ્યા રુડીપેર;
દીનનાથે પૂછયા દેશકાળ, કહો કેવો છે ત્યાં પ્રજાપાળ. ૫
અમે આવ્યા હતા તહાં જ્યારે, કહ્યું રાજયાધિકારીએ ત્યારે;
જ્યાં સુધી કરીયે રાજ અમે, અહિંયાં આવશો નહિ તમે. ૬
હવે ત્યાં પ્રજાને હોય જેવું, સુખ કે દુઃખ તે કહો તેવું;
સુણી બોલિયા ભક્ત સુજાણ, પ્રીતે સાંભળો જીવનપ્રાણ. ૭

**અંગ્રેજી રાજ્યપ્રશંસા : હરિગીત છંદ :**

હરિની દયાથી દેશમાં શુભ રાજ્ય અંગ્રેજી થયું,
સુખશાંતિ થૈ સર્વ સ્થળે જન સર્વનું સંકટ ગયું;
જે દુષ્ટ લોકો દ્વેષથી જન સાધુને સંતાપતા,
નિજધર્મનું અભિમાન ધરિ પરધર્મિને દુઃખ આપતા. ૮
નરપતિ પ્રજાને પીડતા નિર્દોષિને પણ દંડતા,
લૈ લાંચ દેતા આંચ[૧] પાપી પાપપંથે મંડતા;
જે કારભારી રાજના તે રાજ્યના જ હતા ધણી,
પુરની પ્રજાને લૂંટતા કરતા બીજી પીડા ઘણી. ૯
નહિ કાયદો કે નિયમ કાંઈ ન્યાય બોલે રાય તે,
અધિકારિયો ઉનમત્ત એના જે કરે તે થાય તે;
બહુ ચોર જનનું જોર ને સહુ શાહને સંકટ હતું,
વળી લૂંટનાર વિશેષ જન પરદેશ તો કોઈક જતું. ૧૦
ધોળે દિવસ પણ ધાડ પડતી રાય રક્ષણ ક્યાં હતું,
દેતા નૃપતિને દામ ધાર્યું કામ તો તેનું થતું;
જે પુત્ર તુલ્ય પ્રજા કહી છે ભૂપ તે નહિ જાણતા,
કરતા કુદષ્ટિ તે ઉપર પ્રભુનો ન ડર દિલ આણતા. ૧૧
તે દુઃખ ગયાં ને દેશમાં શુભ રામરાજ્ય ગણાય છે,
સૌ વાઘ બકરી એક આરે પાણી પી હરખાય છે;
જુલમી અધર્મિ જેહ છે નથી રાજ્ય ગમતું તેહને,
આ રાજ્યનો ઉપકાર માને ધર્મ વા'લો જેહને. ૧૨
વૈભવ ભલો નિજ ભોગવે વણદોષ નૃપ દંડે નહીં,
આ રાજ્ય જેવું રાજ્ય તો નથી આ સમે જાણ્યું કહી;
હરિજન સુખે હરિને ભજે છે વિઘ્ન કોઈ ન કરી શકે,
પરમેશ પાસે માગિયે અંગ્રેજી રાજ્ય અચળ ટકે. ૧૩

**ચોપાઈ :**

અમદાવાદમાં જેહ આજ, કરે છે રુડું રાજનું કાજ;
તેનું દુલ્લાપ સાહેબ નામ, સારો તે પણ સદ્‌ગુણધામ. ૧૪

૧. ત્રાસ, ધમકી,બીક

સુણી રાજ્યપ્રશંસા તે સારી, રુદે રાજી થયા અસુરારી;
મુક્તાનંદને મંડળ સાથે, અમદાવાદ મોકલ્યા નાથે. ૧૫
જઈને સાહેબને કેવરાવ્યું, ભલે રાજ તમારું આ આવ્યું;
રજા હોય તો આ પુર માંહી, આવે સ્વામિનારાયણ આંહી. ૧૬
આંહી દ્વેષી અમારા છે ભારે, માટે રક્ષણ કરવું તમારે;
બોલ્યા સાહેબ તે શુદ્ધ ભાવે, ભલે સ્વામિનારાયણ આવે. ૧૭
રાખશું બંદોબસ્ત તો અમે, તેની ચિંતા ન રાખશો તમે;
સંત હરિજન સૌ મળી તત્ર, પછી શ્રીહરિને લખ્યો પત્ર. ૧૮
તેમાં પૂરો જણાવીને પ્રેમ, શુદ્ધ અક્ષરથી લખ્યું એમ;
કૃપાનાથ પધારજો તમે, છૈયે દર્શનઆતુર અમે. ૧૯
ઘણાં વરસ થયાં ઘનશ્યામ, નથી આપ પધાર્યા આ ઠામ;
નથી આંહી ઉપદ્રવ લેશ, મળવાને ઈચ્છે છે નરેશ. ૨૦
તર્ત આવજો ત્રિભુવનનાથ, આંહી વાટ જુવે સહુ સાથ;
પત્ર તે નથુભટ્ટને દૈને, કહ્યું બહુ કહેજો તહાં જૈને. ૨૧
તેડી લાવજો નાથને તમે, પૂરો પાડ તો માનશું અમે;
પત્ર લૈ નથુભટ્ટ તે સિધાવ્યા, ગઢપુરમાં પ્રભુ પાસે આવ્યા. ૨૨
પત્ર વાંચીને પુરુષોત્તમ, ચાલ્યા પાર્ષદો લૈને પ્રીતમ;
ગયા શ્રીહરિ શ્રીપુરમાંય, હરખ્યા સહુ હરિજન ત્યાંય. ૨૩
મુક્તાનંદ સહિત સામા આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા;
સરકારની પલટણ આવી, વાજાં પડઘમ[૧] આદિક લાવી. ૨૪
પ્રભુને પુરમાં પધરાવ્યા, ભાળી સૌ જઈને મન ભાવ્યા;
આવ્યા માણેકચોકમાં જ્યારે, મળ્યા સાહેબ ત્યાં આવી ત્યારે. ૨૫
આખા શેહેરમાં દર્શન દૈને, ઉતર્યા નવાવાસમાં જઈને;
મુકુંદાનંદે ત્યાં કર્યો થાળ, જમ્યા જુક્તિથી દીનદીયાળ. ૨૬
સભા નિત્ય ત્યાં સારી ભરાય, જ્ઞાનવાત કરે હરિરાય;
જેથી સંસારથી છુટે પ્રીત, ચોંટે શ્રીજીના ચરણમાં ચિત્ત. ૨૭
સુણતાં થાય રોમાંચ અંગે, સાંભળે સઉ અધિક ઉમંગે;
પછી ભક્તોએ ત્યાં ભલી વિધિ, સ્તુતિ શ્રીઘનશ્યામની કીધી. ૨૮

૧. દાંડીથી વગાડવાનો ઢોલ

**શિખરિણી :**

બહુનામી સ્વામી અજ[૨] અચળધામી હરિ તમે,
અહો અંતર્જામી કહિ ગરુડગામી સુર નમે;
ડરે દુષ્ટો વામી વળી જન હરામી પણ ડરે,
અકામી છો સ્વામી કશિ વિધિની ખામી નવ ઠરે. ૨૯
મુરારી કામારી અખિલસુરારી અમર છો,
અધારી કંસારી સ્વજનહૃદયાબ્જે ભ્રમર છો;
કૃપાકારી સારી મનુજતનુધારી ગુરુ થયા.
નરો નારી ભારી ભવજળથી તારી કરી દયા. ૩૦
તમારા જે દ્વેષી સ્વલ્પ સુખ તે તો નવ લહે,
વિદેશી કે દેશી પણ નૃપપદે તે નવ રહે;
તમારા સંકલ્પે જગત ઉપજે ને લય થશે,
બિચારા ખદ્યોતે રવિકિરણ હાની નહિ હશે. ૩૧
તમારું ધાર્યું તે અજહર થકી તો નવ ફરે,
બિચારો પ્રાણી તો તમ ઉપર શું બળ કરે;
નવે વર્ષે વાલા પુનરપી પધાર્યા પુર વિષે,
અમો એથી આજે અધિક હરખાયા ઉર વિષે. ૩૨
પ્રભુ પાંસઠ્યામાં અપુનિત[૨] હતો આ પુરપતિ,
તમોને તેણે તો અઘટિત કહ્યા અક્ષર અતિ;
પુરા તેના પાપે રથ સહિત રાજ્યાસન ગયું,
તવેચ્છાથી રાજ્ય પ્રબળ નૃપનું સ્થાપન થયું. ૩૩
હવે તો હે સ્વામી અચળ થઈ આંહીં સ્થિતિ કરો;
અમારી ચિંતાઓ હરિવર દયાળુ થઈ હરો;
સુખો લે છે જેવાં ગઢપુરનિવાસી જન સહી,
અમોને દ્યો એવાં સુખ અધિક આંહી સ્થિર રહી. ૩૪
અહીં તીર્થસ્થાન પ્રભુજી સઉથી શ્રેષ્ઠ જ કરો,
તમારી ગાદીની સ્થિતિ અચળ તે આ સ્થળ ધરો;

૧. અજન્મા એવા ભગવાન ૨. અપવિત્ર, અધર્મી

કરો જો એવું તો સરવ જન સંતોષ ધરિયે,
અમો વારે વારે વિનતિ અતિશે એવિ કરિયે. ૩૫
રહો છો જે રીતે સતત બદરીકાશ્રમ વિષે,
રહો એવી રીતે સતત પુર મધ્યે દિનનિશે;
રહે તીર્થો આવી સરવ વળી આ સાભ્રમતિમાં,
અહીં સ્નાને દાને મનુજ વિચરે મોક્ષ ગતિમાં. ૩૬

**ચોપાઈ :**

સુણી બોલિયા શ્રીગિરધારી, થશે ઈચ્છાઓ પૂર્ણ તમારી;
સૌથી પહેલું શિખરબંધ ધામ, કરાવીશ જરૂર આ ઠામ. ૩૭
મુરતીમાં સદા હું રહિશ, આપો તે અંગીકાર કરીશ;
એમ કહીને કર્યા સૌને રાજી, તેથી પ્રીતિ થઈ સૌની તાજી. ૩૮
રહી શ્રીપુરમાં ઘનશ્યામ, ઘણી લીલા કરી તેહ ઠામ;
એક દિન લાલદાસને ઘેર, પ્રભુ થાળ જમ્યા શુભ પેર. ૩૯
કર્યો રજનીમાં પણ ત્યાં નિવાસ, દીલે રાજી થયા લાલદાસ;
ચોકસી હીરાચંદને ધામ, જમ્યા જૈ બીજે દિન ઘનશ્યામ. ૪૦
પંચભાયાની પોળ મોઝાર, શેઠ મોહનલાલ ઉદાર;
તેને ત્યાં હતું વિવા'નું કાજ, તેડ્યા મંડપમાં મહારાજ. ૪૧
એક મંચ ઉપર પધરાવ્યા, પ્રભુ પુજી પોશાગ ધરાવ્યા;
કરી સેવા તેની અંગીકાર, રીઝયા અક્ષરબ્રહ્મઆધાર. ૪૨
મહાભક્ત દામોદારદાસ, એક દિન જમ્યા એને આવાસ;
સતસંગીને સંતુષ્ટ કરી, ચાલ્યા વાજતે ગાજતે હરી. ૪૩
દરવાજે કાલુપુર જૈને, વળી શશપર સોંસરા થૈને;
જઈ ઉગમણે દરવાજે, હરિજનને કહ્યું મહારાજે. ૪૪
વળો પાછા શ્રીપુરના નિવાસી, રહો રાજી થશો ન ઉદાસી;
પાછા વળ્યા બોલી એવા બોલ, ગયા ગિરધર ગામ નિકોલ. ૪૫
જમીને ગયા ત્યાંથી વેલાળે, ઉતર્યા તે તળાવની પાળે;
મુખ્ય સત્સંગી જેસંગભાઈ, એહઆદિક આવિયા ધાઈ. ૪૬
કર્યું શ્રીજીનું બહુ સનમાન, સભા સારી સજી તેહ સ્થાન;
ભાઈ જેસંગે તો તેહ કાળ, કૃષ્ણ કાજે કરાવીયો થાળ. ૪૭

ત્યાં તો વાળું કર્યું વૃષલાલે, મુખવાસ લીધો જનપાળે;
ખીચડી પાળા કાજે કરાવી, કાઠી પાળાને તે પીરસાવી. ૪૮
તેમાં સાધુ જમ્યા કોય કોય, ઘણા જેહ ક્ષુધાતુર હોય;
જાણી શ્રીહરિએ વાત જ્યારે, સભા માંહિ ઉભા કર્યા ત્યારે. ૪૯
કહ્યું કેમ જમ્યા બીજી વાર, નહિ સાધુનો એહ આચાર;
જાણવામાં આવ્યું એહ કાળ, કોઈ માંદા હતા કોઈ બાળ. ૫૦
બહુનામીએ સહુને બેસાર્યા, પછી શિક્ષાના શબ્દ ઉચ્ચાર્યા;
જમે સાધુ તો એક જ વાર, ન કરે બીજી વાર આહાર. ૫૧
સોળ વર્ષમાં હોય અધુરાં, કાં તો એંશી થયાં હોય પૂરાં;
કાં તો માંદા થયા હોય જ્યારે, ખાય ખીચડી તે બીજી વારે. ૫૨
તે વિના જે બીજી વાર ખાશે, સંત તે ગુરુદ્રોહી ગણાશે;
એવી વાત કરી મહારાજે, સુણી તે સહુ સંતસમાજે. ૫૩
કહ્યું જેસંગભાઈને ત્યારે, કાલે જાવું છે કણભે અમારે;
ત્યારે બોલીયા જેસંગભાઈ, એ શું બોલ્યા તમે સુખદાઈ. ૫૪
ઘણે દિવસે પધાર્યા છો નાથ, વાટ જોતો હતો સર્વસાથ;
ભાત ભાતની દેવા રસોઈ, ક્યારે વારો પુછે સહુ કોઈ. ૫૫
કોઈને ઘેર જો ન જમાશે, અતિ અંતર એનું દુ:ખાશે;
સુણી શ્યામ બોલ્યા એવી પેર, કાલ થાળ કરો સૌને ઘેર. ૫૬
કાલે ભોજન સૌ ઘેર કરશું, પછી પરમ દિને પરવરશું;
કહે ભક્ત લગાર જમાય, તેથી સૌને ન સંતોષ થાય. ૫૭
વાલો બોલ્યા કરીને વિવેક, જમશું અમે લાડુ અકેક;
પછી બીજે દિવસ એ જ પેર, પ્રભુ જમવા ગયા ઘેર ઘેર. ૫૮
સાથે જેસંગભાઈએ જાય, જમતા નિરખી હરખાય;
સૌએ સંકેત એવો કરેલ, લાડુ મોટા કરીને ધરેલ. ૫૯
એક ઘેર બોલ્યા હરિરાય, મોટા લાડુ આ કેમ જમાય;
બોલ્યા જેસંગ જોડીને હાથ, જાડા લોક અહો અમે નાથ. ૬૦
જુઓ બોલી અમારી એ જોડી, જાડું ભોજન જમીયે દહાડી;
જાડી પાઘડી ધોતીયું જાડું, તેમ જાડા અમારાએ લાડુ. ૬૧
એવાં સાંભળી મર્મનાં વેણ, મંદ મંદ હશા સુખદેણ;
જાણી જે જે જને એહ વાત, એતો અચરજ પામ્યા અઘાત. ૬૨

પણ એ નથી અચરજ જેવું, એમ અંતરમાં જાણી લેવું;
જેનું પેટ બ્રહ્માંડનું પાત્ર, લાડુ એટલા તે કોણ માત્ર. ૬૩
કર્યું અદ્‌ભુત એવું ચરિત્ર, પ્રાણી સાંભળી થાય પવિત્ર;
સ્નેહે સત્સંગી સર્વ સંભારે, મોટા મુનિજન ધ્યાનમાં ધારે. ૬૪
એક દિન હરિજન એક આવ્યો, ગાડું કેરિયોનું ભરી લાવ્યો;
અવિનાશીને અર્પણ કીધી, નાથે સૌ સંતને વે'ચી દીધી. ૬૫
પછી ગામ ભુવાલડી થૈને, ઉતર્યા કણભા ગામ જઈને;
રહ્યા સરોવરપાળે ગોપાળ, ભક્ત નાથજીયે કર્યો થાળ. ૬૬
પ્રભુ ત્યાં થકી મેમદાવાદ, રહ્યા જૈ તહાં દિવસ એકાદ;
ભટ બેચર ને અંબારામ, આવ્યા દુલ્લભરામ તેઠામ. ૬૭
સૌએ સેવા સજી શુભ રીતે, નિરખ્યા પ્રભુ પૂરણ પ્રીતે;
ગયા ગિરધર ખાત્રજ ગામ, ફલજી પરમારને ધામ. ૬૮
બીજા ભક્ત બાજી પરમાર, બેયને પ્રભુ ઉપર પ્યાર;
આમલો એક જોઈ એ ઠામે, સભા ત્યાં સજી સુંદરશ્યામે. ૬૯
શીવનો ઓટલોજોઈ સારો, સાંજે ત્યાં બેઠા ધર્મદુલારો;
ધર્મ જ્ઞાન ને વૈરાગ્ય કેરી, કરી વારતા વાલે ઘણેરી. ૭૦
એક દિવસ વસીને સિધાવ્યા, વાંઠવાળિયે વાલમ આવ્યા;
પેખી પીંપર સરોવર પાળ, બેઠા ત્યાં જઈ દીનદયાળ. ૭૧
ત્યાંના પટેલ ઉત્તમદાસ, એક વિપ્ર વાલમ તેની પાસ;
બાવો ગુલાબગિર સાથે આવ્યા, ત્રણ ટોપલા કેરીયો લાવ્યા. ૭૨
ત્રણે ચિત્તમાં કીધો વિચાર, ભેટ કરશું કેરી જેહ વાર;
બબે સૌ સંતને વેંચી આપે, કેરી ખૂટે ન તેને પ્રતાપે. ૭૩
નિશ્ચે તો જાણશું ભગવાન, નહિ તો મહાપુરુષ સમાન;
પછી જૈ કેરીયો ભેટ કીધી, વાલે સૌને બબે વેંચી દીધી. ૭૪
પણ ખૂટી નહીં કેરી જ્યારે, ત્રણેને થયો નિશ્ચય ત્યારે;
પામ્યા આશ્ચર્ય અંતરમાંય, નમ્યા પ્રેમે પ્રભુજીને પાય. ૭૫
થયાં રોમાંચ તેનાં શરીર, આવ્યાં નેત્રમાં પ્રેમનાં નીર;
વ્રત ધારી થયા સતસંગી, પામ્યા ભક્તિ અનન્ય અભંગી. ૭૬
પછી વડથલ જૈ મહારાજા, વડ હેઠ પલંગે બિરાજ્યા;
રઘુનાથ અને કાળીદાસ, મંછારામ આવ્યા પ્રભુ પાસ. ૭૭

આમ્રફળ લાવીને ભેટ કીધાં, શ્યામે સંતને તે વેં'ચી દીધાં;
ગામમાં વિચર્યા ગિરધારી, હરિભક્તે સેવા સજી સારી. ૭૮
રહ્યા પાંચ દિવસ પરમેશ, ડડુસર ગયા દીનજનેશ;
ઉતર્યા ગલુભાઈને ઘેર, તેણે સેવા સજી શુભ પેર. ૭૯
ગયા ત્યાં થકી ચૂણેલ ગામ, તહાં ગામથી પશ્ચીમ ઠામ;
કુવો એક ને એક તળાવ, બેની વચ્ચે મેદાન દેખાય. ૮૦
તહાં ઉતર્યા શ્રીઅવિનાશી, આવ્યા હરિજન ગામના વાસી;
મુખ્ય ભક્ત શુકલ દયારામ, તેણે આવીને કીધો પ્રણામ. ૮૧
ઉમરેઠના જે નંદુભાઈ, તેની ભાણેજ ત્યાં માનબાઈ;
આવી દર્શન કરવા કાજ, નયણે નિરખ્યા મહારાજ. ૮૨
ઘોડાં શ્રીહરિ સાથેનાં જેહ, તરશાં દીઠાં તે સમે તેહ;
ઘડો દોરડું લૈ બાઈ આવી, પાયું પાણી કુવામાંથી લાવી. ૮૩
સૌએ તાણ રસોઈની કરી, જવા ઉતાવળા થયા હરી;
ત્યારે રોટલા લાવી તૈયાર, કાઠીયોને જમાડ્યા તે વાર. ૮૪
કર્યો માનબાએ ઝટ થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
ગયા હેરંજ ગામ દયાળ, બીરાજ્યા સરોવર તણી પાળ. ૮૫
એક તો ધર્મદાસ પટેલ, મહાભક્ત અનન્ય થયેલ;
બીજા બાવો રઘુવીરદાસ, આવ્યા તે પણ શ્રીપ્રભુ પાસ. ૮૬
બીજા પણ હરિભક્તે ત્યાં આવી, ભલી સેવા સજી મનભાવી;
ત્યાંથી સંચરિયા સુખરાશી, ઉમરેઠ ગયા અવિનાશી. ૮૭
સામા સૌ સતસંગીયો આવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા;
ભલા ભક્ત ઠાકર નંદરામ, ઉતર્યા પ્રભુ તેહને ધામ. ૮૮
રસરોટલી ત્યાં રસવંત, ભગવંત જમ્યા જમ્યા સંત;
દવે દ્વિજ નરભેરામ નામ, બીજે દિન જમ્યા તેહને ધામ. ૮૯
ત્રીજા દિને જમી સંચર્યા શ્યામ, પુરથી ગયા પશ્ચિમ ઠામ;
એક મૂકીને બીજે વિસામે, લીધો વિશ્રામ સુંદરશ્યામે. ૯૦
વાળવા આવેલા જન ત્યાંય, સૌને પાછળ વાળ્યા પુરમાંય;
પ્રભુમાં બહુ તેહનો પ્રેમ, જતાં પગલું ભરી શકે તેમ. ૯૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિજન ઉમરેઠના હરિને, અતિ રતિથી નિરખે ફરી ફરીને;
મુનિજન પણ જોઈને વખાણે, જનતનછે પણ મુક્ત શ્રેષ્ઠ જાણે. ૯૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિશ્રીનગરા-ચારુતરપ્રાંતવિચરણનામૈકોનસપ્તતિતમો વિશ્રામઃ ॥૬૯॥*

**પૂર્વછાયો :**

અક્ષરપતિ ઉમરેઠથી, ચાલ્યા કાઠી ને સંત સહિત;
રતનપુર ડાગજીપરે, પછી ભાળજ ગયા નિર્ભીત. ૧

**ચોપાઈ :**

જોયું રાહતલાવ જે ગામ, ત્યાંથી સામરખે ગયા શ્યામ;
જઈ વખતા પગીને નિવાસ, ઉતર્યા તેની પુરવા આશ. ૨
ગામ આણંદના હરિજન, આવ્યા ત્યાં કરવા દરશન;
પંડ્યા દિનકર ને લક્ષ્મીદત્ત, જેનો સ્નેહ પ્રભુપદ સત્ય. ૩
હરિશંકર ને છે જેભાઈ, અજુભાઈ આવ્યા વળી ધાઈ;
પ્રભુપદને કરીને પ્રણામ, કહ્યું વિનતિ કરીને તે ઠામ. ૪
પ્રભુ ગામ અમારે પધારો, કરો વાસ પવિત્ર અમારો;
સુણી બોલિયા શ્રીપરમેશ, ત્યાં તો દ્વેષી જનો છે વિશેષ. ૫

**ઈન્દ્રવજા :**

આણંદ ચાલો અમને કહો છો, આનંદ થાવા ઉરમાં ચહો છો;
આણંદમાં જે જન દ્વેષિ કેવા, આ નંદનાં વૃંદ ગમે ન એવા. ૬

**ચોપાઈ :**

અતિ કરશે ઉપદ્રવ એહ, એમાં લેશ ન જાણો સંદેહ;
માટે આંહીથી દર્શન કરો, પાછા ઘેર તમે પરવરો. ૭
સુણતાં થયા દ્વિજ દીલગીર, સૌના નેત્રમાં આવિયાં નીર;
વારે વારે કહ્યું જોડી હાથ, આવો આણંદમાં કૃપાનાથ. ૮

ભક્તને વશ છે ભગવાન, દીધું ત્યાં જવાનું વાક્યદાન;
જોવો સર્વેનો ધીરજ ધર્મ, એવો ઊંડો હતો વળી મર્મ. ૯
એક કામમાં તો ઘણાં કામ, કરતા હતા શ્રીઘનશ્યામ;
થઈ ભોજનની ત્યાં તૈયારી, જમ્યા સૌ મનમાં મુદધારી. ૧૦
ગામથી પૂર્વ પાદરમાંય, ગયા સારો વિસામો છે ત્યાંય;
સભા ત્યાં ભરી સુંદર શ્યામે, કહ્યું સૌ જનને તેહ ઠામે. ૧૧
સુણો સંત તથા સહુ પાળા, સુણો કાઠી સહુ શસ્ત્રવાળા;
સુણો દાદા ખાચર શૂરવીર, ભગુજી પારષદ રણધીર. ૧૨
ભલા ક્ષત્રી સુણો પુંજાભાઈ, ઝીણાભાઈ તથા કાકાભાઈ;
મૂમજી જમાદાર ચુવાણ, પગી જોબનઆદિ સુજાણ. ૧૩
તમે છો તો સુભટ[1] સહુ કેવા, જોતાં ભીમ ને અર્જુન જેવા;
અપમાન સહો નહિ લેશ, પણ માનો છો મુજ ઉપદેશ. ૧૪
માટે આજ કહું છું તમને, નિરમાનપણું ગમે અમને;
કોઈ વાંક વગર અપમાન, કરે તોય તે ધરશો ન કાન. ૧૫
કહે સંતને શ્રીભગવંત, તમે સૌ રહેજો ક્ષમાવંત;
આવ્યા અક્ષરધામથી જ્યારે, આપણે કર્યું છે દૃઢ ત્યારે. ૧૬
ક્ષમા ખડગ વડે એહ વાર, હરવો છે ભૂમી તણો ભાર;
માટે જો દુઃખ આપે અજાણ, તોય ઈચ્છજો એનું કલ્યાણ. ૧૭
ક્ષમા રાખશો અંતરે ધારી, થશે ત્યાં સુધી જીત તમારી;
લડશો અભિમાનથી જ્યારે, હાર્ય પામશો નિશ્ચય ત્યારે. ૧૮
એવી વાત ઘણી ઘણી કરી, પછી ઉતારે જૈ પોઢ્યા હરી;
પરભાતે ઉઠી પરવરિયા, રસ્તે આણંદ કેરે સંચરિયા. ૧૯
પથમાં આવ્યું સાદાનું પરું, તેણે પણ મુક્યું પાછળ ખરું;
વાટે આવિયું વનમાં તળાવ, તહાં ઉતર્યા નટવર નાવ. ૨૦
નિરખી તહાં નિર્મળ નીર, કર્યું સ્નાનાદિ શ્યામશરીર;
મુકુંદાનંદ વર્ણીએ આવી, ધર્યો પેંડા તણો ડબો લાવી. ૨૧
વળી એ રીતે કીધો ઉચ્ચાર, મહારાજ કરો ફળાહાર;
કોણ જાણે પછીથી શું થશે, રાંધ્યું વિપ્રનું કોણ જમશે. ૨૨

૧. વીરયોદ્ધા, લડવૈયા

મુક્તાનંદને કહે બહુનામી, આ છે વર્ણી શું અંતરજામી;
એહ બોલે છે એમ જ થાશે, કોઈનો ભાગ કોઈક ખાશે. ૨૩
ઘોડાં પણ હહણીને રહ્યાં છે, જાણે યુદ્ધે તૈયાર થયાં છે;
સુણી કાઠી બોલ્યા ભીન્ન ભીન્ન, એ તો અચળ છે યુદ્ધનું ચિહ્‌ન. ૨૪
આજ કાંઈ ઉપદ્રવ થાય, એવાં ચિહ્‌ન આ અમને જણાય;
પછી ત્યાંથી સહુ તે સિધાવ્યા, ગામ આણંદ આગળ આવ્યા. ૨૫
ચારે વિપ્ર આગળથી સિધાવી, રસોઈ કરવાને મંડાવી;
સારા સારા ઉતારા ઠરાવ્યા, પછી સામૈયું લૈ સામા આવ્યા. ૨૬
પેઠા પુરમાં હરિ કેવી રીતે, તેની વિગત કહું ધારો ચિત્તે;
ચાલ્યા હરિજન પ્રથમ અનંત, પછી સંચર્યા વર્ણી ને સંત. ૨૭
પછી શસ્ત્રધારી અસવાર, કાઠી રજપુત આદિ અપાર;
તેની વચ્ચે મહાપ્રભુ રાજે, છબિલો ઘોડી ઉપર છાજે. ૨૮
કીરતનથી ગાજી રહ્યું ગામ, જોવા લોક મળ્યા ઠામોઠામ;
મતપંથી ગુરુ હતા જેહ, દીલમાં અતિ દાઝિયા તેહ. ૨૯
રામકૃષ્ણ તથા હરિભાઈ, બેની પંડ્યાની સાખ્ય ગણાઈ;
હતાં વલ્લભિમંદિર[૧] ઘેર, લોક પુજે તેને બહુ પેર. ૩૦
જાણ્યું સૌ શિષ્ય આપણા જાશે, પેટ આપણું કેમ ભરાશે;
જય સ્વામિનારાયણ કેરી, સુણિ ઉર લાગી લાય ઘણેરી. ૩૧
પાપીયે લોકને ઉશકેર્યા, પ્રભુને દુઃખ દેવાને પ્રેર્યા;
ભરચૌટામાં આવિયા જ્યારે, પુરના જન ઉપડ્યા ત્યારે. ૩૨
કોઈ ધૂળ કે ઈંટાળા નાંખે, ભૂંડી ગાળો કોઈ મુખે ભાખે;
મારો મારો મુખેથી ઉચ્ચારે, કોઈ વચમાં પડીને ન વારે. ૩૩
સંત જે સનકાદિક જેવા, પૂજે ઈન્દ્ર બ્રહ્માદિક એવા;
તેના ઉપર તો પડી ધૂળ, લેશે ક્રોધનું ઉપજ્યું ન મૂળ. ૩૪
સાંખી ગાળો ને સાંખ્યા ટુંકારા, જડભરત થકી શોભે સારા;
એની ધીરજ જોવાને કાજે, એવો જોગ મેળ્યો મહારાજે. ૩૫

૧. વલ્લભ સંપ્રદાયનું મંદિર

**કેણી તથા રેણી વિષે : ઉપજાતિવૃત્ત :**

સહેલી છે સૌ કથવી કહેણી, અને મહાદુષ્કર છે રહેણી;
ખરી પરીક્ષા ન થઈ નિદાન, અસંત ને સંત દિસે સમાન. ૩૬
વૈરાગ્ય ને જ્ઞાન તણી કથાય, સાધુ થઈને ઉચરે સદાય;
જ્યારે ઘણો આપતકાળ આવે, સાધુપણું તેહ સમે તજાવે. ૩૭
શસ્ત્રો ધરીને શૂરવીર થૈને, બોલે બડા બોલ બજાર જૈને;
સંગ્રામ મધ્યે શિર જ્યાં કપાય, સાચા શૂરા તેહ સમે જણાય. ૩૮
નારી નિહાળી ચળ થાય ચિત્ત, કે લોલ લાગે વળિ દેખી વિત્ત;
કે માનભંગે ઉર ક્રોધ આવે, કદાપિ તે સંત નહીં કહાવે. ૩૯
સાધૂ તણે વેષ રહેલ શોભી, જો કામિ કે ક્રોધિ જણાય લોભી;
તેને પુજ્યાથી નહિ પુણ્ય થાય, જાણો ગુરુ તે નરકે જ જાય. ૪૦
જો સંતનો નાટકી વેષ લાવે, ખરેખરો વેષ ભલે ભજાવે;
તેનાથી કામાદિ નહીં જિતાય, એવા ગુરુથી નહિ મુક્તિ થાય. ૪૧
વને જઈને કરવો નિવાસ, કે તીર્થ માટે કરવો પ્રવાસ;
કૌપીન કંથા ધરવી સહેલ, સાધુ થવું તે નથી બાળખેલ. ૪૨
જે સંત ઝાઝું અપમાન સાંખ્યું, સ્ત્રીદ્રવ્યમાં ચિત્ત કદી ન રાખ્યું;
અરે મળે ક્યાં જન સાધુ એવા, પ્રત્યક્ષ એ તો પરમેશ જેવા. ૪૩

**ચોપાઈ :**

સાધુએ સહ્યું અતિ અપમાન, ભાળી રાજી થયા ભગવાન;
હરિજન ઉપરે ધૂળ નાખી, રુદે તેઓએ પણ ક્ષમા રાખી. ૪૪
કાઠી ક્ષત્રી હતા અસવાર, જેને હાથે હતાં હથિયાર;
તેના ઉપર ધૂળ નખાણી, હરિઆજ્ઞા થકી ક્ષમા આણી. ૪૫
પ્રભુજી જેહ પ્રાણથી પ્યારા, પ્રેમીભક્તના નેણના તારા;
વધાવે જેને સોનાને ફુલે, વસ્ત્ર તેનાં ભરાયાં છે ધૂળે. ૪૬
જેને કોટિ બ્રહ્માંડના ભૂપ, ધરે ચંદન પુષ્પ ને ધૂપ;
જેની શક્તિ અનંત અપાર, કહેતાં શેષ પામે ન પાર. ૪૭
કાળ માયા જેનાથી ડરે છે, જમ જેહની આજ્ઞા ધરે છે;
થયું તેનું અતિ અપમાન, તોય તે તો રહ્યા ક્ષમાવાન. ૪૮

ધૂળ ઈંટાળા ઉછળે છાણ, છાંટે કાદવ કોઈ અજાણ;
રસ બીભત્સમય છબી ભાસે; જોઈ જનમન ગ્લાની પ્રકાશે. ૪૯
ભગુજીને ચડ્યો ઉર ક્રોધ, તાણી તરવાર કરવા વિરોધ;
પગી જોબને ચાપ ચડાવ્યું, એને અંગે શૂરાતન આવ્યું. ૫૦
દાદા ખાચરે બરછી ઉગામી, બોલ્યા શ્રીસહજાનંદસ્વામી;
કરશે શસ્ત્રનો ઘાવ જેહ, ગુરુદ્રોહી વચનદ્રોહી તેહ. ૫૧
વળી બોલિયા વિશ્વઆધાર, ચાલો પાછા સહુ પુરબહાર;
ક્ષત્રિયોને લાગ્યું દુખદેણ, કેમ લોપાય વાલાનું વેણ. ૫૨
ભગુજીએ ત્યારે શાપ દિધો, જેણે આવો ઉપદ્રવ કિધો;
તેના ઉશ્કેરનારનો વંશ, પુત્રીનો પણ નહિ રહે અંશ. ૫૩
પાછા પાદરમાં સહુ ગયા, પુરજનને આવી નહિ દયા;
વાડી ગોસાંઈની એક જ્યાં છે, વડવૃક્ષ સુશોભિત ત્યાં છે. ૫૪
ઉભા ત્યાં જઈને ભગવાન, કુવામાંથી કર્યું જળપાન;
બાકરોલ ગયા બહુનામી, અક્ષરાધીશ અંતરજામી. ૫૫
લાવ્યા કેરિયો કરશનદાસ, લાવી મુકી પ્રભુજીની પાસ;
શ્યામે તે સહુને વે'ચી દીધી, પછી વરતાલની વાટ લીધી. ૫૬
જ્ઞાનબાગમાં આમલા પાસ, સજી બેઠા સભા અવિનાશ;
કહે શ્રીહરિ આપણે ફાવ્યા, કેવા જીતીને ત્યાં થકી આવ્યા. ૫૭
બોલ્યા બ્રહ્મમુની મુખે વાણી, જીત્યા તે શું કહું હું વખાણી;
મારા શિરમાં ભરાયો ગુલાલ, જશે તે પ્રમદાડે કે કાલ. ૫૮
ભલા ગોમય[૧] ચંદને ચર્ચ્યા, ઈંટાળા પુષ્પથી વળી અર્ચ્યા[૨];
હળદી કાજુ કેશર રંગે, બાકી છે તે ચડાવશું અંગે. ૫૯
ગોમતીનો કાદવ કોઈ લાવે, તેનાં તિલક તો કરવામાં આવે;
પણ કાદવ આણંદ કેરો, ક્યારે ચરચાત અંગે ઘણેરો. ૬૦
ફુટયું તુંબડું ને ફુટયું પત્ર, એ તો મળશે વળી ક્યાંઈ અત્ર;
અમે ગોરવમાં[૩] ક્યારે જાત, આવી ગાળો ઘણી ક્યારે ખાત. ૬૧
જમે ગોરવ સાંખે ઉપાધી, જમ્યા વગર આ તો ગાળો ખાધી;
આ જો ઓરિયા[૪] બધા વિત્યા, આજ ઈડરીયો ગઢ જીત્યા. ૬૨

૧. છાણ ૨. પૂજ્યા ૩. કન્યાપક્ષ તરફથી અપાતું જમણ ૪. લ્હાવો લેવો

હાસ્યરસ એમ વાતમાં લાવ્યા, સ્વામિએ જન સૌને હસાવ્યા;
સુણી બોલ્યા હરિ કરી પ્રીત, ક્ષમા થૈ એ જ આપણી જીત. ૬૩
લડ્યા હોત તો વેર બંધાત, ફરી આપણે ત્યાં ન જવાત;
ત્યાંના જન મનમાં પસતાશે, સતસંગી સારા તેમાં થાશે. ૬૪
સુખે આવી બેઠા છૈયે અહીં, લડ્યા હોત તો બેસાત નહીં;
જવું પડત કચેરીમાં કયાંઇ, પસતાત પુરા મનમાંઇ. ૬૫
બોલ્યા ત્યાં મુમજી મારવાડી, આજ લાજ અમારી ઘટાડી;
શૂરા અમને નહીં કોઈ ભાખે, રાજા ચાકરીમાં નહીં રાખે. ૬૬
સુણી બોલ્યા શ્રીજીમહારાજ, તમારી તો ઘટી નથી લાજ;
તમે માની જે આજ્ઞા અમારી, તેથી શોભા વધી છે તમારી. ૬૭
પછી નાથ પધાર્યા ઉતારે, કર્યો વર્ણીએ થાળ તે વારે;
ભલી રીતે જમ્યા ભગવંત, જમ્યા પાર્ષદ ને જમ્યા સંત. ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ધરિ નિજ ઉરમાં ક્ષમા અપાર, જનકૃત કષ્ટ સહ્યાં અનેક વાર;
અવગુણ પણ એ રીતે અમારા, નવ ધરશો ઉર ધર્મના દુલારા. ૬૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે આણંદાખ્યપુરે*
*જનકૃતઉપદ્રવનિરૂપણનામ સપ્તતિતમો વિશ્રામઃ ॥૭૦॥*

**પૂર્વછાયો :**

ભૂપ કહે વરણી સુણો, એક સંશય છે મુજમન;
તે સંશય તો તમ વિના, હરનાર ન દિસે અન્ય. ૧

**ચોપાઈ :**

કહે છે કોઈ તો કહેનારા, હતા આણંદમાં જન સારા;
ભલા થૈને ભૂલ્યા કેમ ભાન, કર્યું ઈશ્વરનું અપમાન. ૨
મહાત્યાગી તપસ્વી તે સંત, જ્ઞાની ધ્યાની ને વૈરાગ્યવંત;
કોઈનો ન કરે કદી દ્વેષ, ઈચ્છે સર્વનું સારું હમેશ. ૩
તેવાનો કરતાં તિરસ્કાર, દયા દિલમાં ન આવી લગાર;
તેનું કારણ કહી સમજાવો, એહ સંશય છે તે તજાવો. ૪

કહે વર્ણી સુણો વસુધેશ, કર્યો ઉરમાં અસુરે પ્રવેશ;
તેથી બુદ્ધિ થઈ વિપરીત, સમજ્યા નહિ હીત કે અહીત. ૫
થયું ભારત ભૂમિમાં જ્યારે, લડ્યા પાંડવ કૌરવ ત્યારે;
ભીષ્મ આદિ ભલા હતા જેહ, જમ્યા કૌરવનું અન્ન તેહ. ૬
અસુરે કર્યો એમાં પ્રવેશ, કર્યો પાંડવની સાથે કલેશ;
પરીક્ષિતમાં પેઠો કળિ જ્યારે, સાપ નાખ્યો ઋષીગળે ત્યારે. ૭
એમ અસુર પ્રવેશ જો કરે, સારા માણસની મતિ ફરે;
પેઠા આણંદમાં જે અસુર, કહુ તે સુણિને ધરો ઉર. ૮
જ્યારે વન વિચર્યા વૃષનંદ, ગયા સિરપુરમાં સુખકંદ;
હતા અસુર વેરાગીને વેશ, તેણે શ્રીહરિનો કર્યો દ્વેષ. ૯
મારવાને આવ્યા પરિયાણી, વાત ત્યાંના નરેશે તે જાણી;
પક્ષ લઈ પ્રભુનો તેહ વાર, રાયે માર્યા વેરાગી હજાર. ૧૦
હતા કંસ જરાસંધ જેવા, આવ્યા આણંદમાં વેર લેવા;
પેસવાનો પામ્યા કેમ લાગ, કહું તે સાંભળો બડભાગ. ૧૧
ફુલડોળનો ઉત્સવ ભારે, વરતાલે કર્યો હરિ જ્યારે;
જનોઈ દ્વિજપુત્રોને દીધી, વાલે વિપ્રની ચોરાશી કીધી. ૧૨
રાતે કરતા હતા તે રસોઈ, જાગતું ન હતું બીજું કોઈ;
આડાં લઈ લાડુ ખાંડતા હતા, ધમકારા તેના બહુ થતા. ૧૩
આડું એકનું તો પડે એવું, ભાસે ભીમ તણી ગદા જેવું;
શ્રીજી સાંભળીને જોવા ગયા, શ્રમ સારો જોઈ રાજી થયા. ૧૪
જોરથી પડતું આડું જેનું, તહાં નામ પુછી લીધું તેનું;
રહેનાર તે આણંદ ગામ, જાણ્યું જેહનું જેભાઈ નામ. ૧૫
થયું કાર્ય સમાપ્ત તે જ્યારે, ચાલ્યા સૌ સહુને ઘેર ત્યારે;
રસોયા દ્વિજ દર્શને આવ્યા; કહી વાત પ્રભુને રીઝાવ્યા. ૧૬
હતા કંઠમાં પુષ્પના હાર, આપ્યા તે દ્વિજોને તેહ વાર;
ભલો જેભાઈનો શ્રમ જાણી, સ્નેહે ભેટિયા સારંગપાણિ. ૧૭
તેને વાલે કહ્યું તેહ વાર, પુરમાં ન જશો પે'રી હાર;
મતપંથીનો ત્યાં છે નિવાસ, માટે બહુ કરશે ઉપહાસ. ૧૮

કહે જેભાઈ હું નથી ડરતો, શંકા કોઈની ઉર નથી ધરતો;
પછી આણંદમાં ગયા જ્યારે, કરી લોકોએ ઠેકડી ત્યારે. ૧૯
હરિશંકર જે સગા ભ્રાત, તેણે જેભાઈને કહી વાત;
લોકની લાજથી શરમાઈ, તમે હાર ન કાઢશો ભાઈ. ૨૦
હાર પે'રી બજારમાં ગયા, ઘણા લોક ત્યાં એકઠા થયા;
લાગ્યા મશ્કરી કરવા તમામ, વળી હાર તોડ્યો તેહ ઠામ. ૨૧
હાર તોડ્યા થકી તો નિદાન, થયું ઈશ્વરનું અપમાન;
તેથી દૈત્યોને ફાવિયો દાવ, કર્યો કાળજા માંહિ જમાવ. ૨૨
પછી શ્રીજી પધારિયા જ્યારે, અપમાન કર્યું અતિ ત્યારે;
ક્ષમા રાખી રહ્યા જગદીશ, પણ લક્ષ્મીજીને ચડી રીસ. ૨૩
તજી આણંદમાં ગયા જ્યારે, સુખ શાંતિ સાથે ગયાં ત્યારે;
વેર વાળી અસુર થયા રાજી, ગયા તે પણ ત્યાં થકી પાજી[1]. ૨૪
પાપે પીડા ચાલી પુરમાંઈ, એમ વર્ષ વીતી ગયાં કાંઈ;
અતિશે થયા જ્યારે હેરાન, આવ્યું પુરજનને પછી ભાન. ૨૫
મહાપુરુષનું અપમાન કીધું, તેથી આપણે આ દુઃખ લીધું;
એમ પસ્તાવો કરવાને લાગ્યા, જાણે મોહનિદ્રા થકી જાગ્યા. ૨૬
પછી એક સમે વરતાલ, આવ્યા સંત સહિત વૃષલાલ;
ત્યારે આણંદના રહેનાર, મળીને કર્યો ચિત્ત વિચાર. ૨૭
હવે જો સુખની હોય આશ, જૈયે સ્વામિનારાયણ પાસ;
પ્રણમીને ક્ષમા માંગી લૈયે, આપે આશીષ તો સુખી થૈયે. ૨૮
નકી એવો કરી નિરધાર, થયા વરતાલ જાવા તૈયાર;
તહાં મુખ્ય મનુષ્ય મળેલ, કોઈ વિપ્ર ને કોઈ પટેલ. ૨૯
વિપ્ર શેલત નામ જેભાઈ, મલકાચન ભટ આવ્યા ધાઈ;
દવે પુંજા ને બે દિનકર, શુક્લ શ્રીકૃષ્ણ પણ દ્વિજવર. ૩૦
પંડ્યા રઘુનાથ પરમ ઉદાર, પછી નામ કહું પાટીદાર;
અજુભાઈ ને વસનદાસ, પુત્ર બાવાજી તેહની પાસ. ૩૧
નારાયણગર બડદલાભાઈ, પગી સબડસિંહ આવ્યા ચાઈ[2];
આવી બાઈયો પણ હરિજન, જેનાં છે રુડાં નિરમળ મન. ૩૨

૧. દુષ્ટ, તોફાની, હલકા ૨. ખાસ કરીને

હરિશંકર ને જયભાઈ, બેને સાથે લીધા હરખાઈ;
આવી શ્રીજીને કીધા પ્રણામ, ઘણી વિનતી કરી એહ ઠામ. ૩૩
મહારાજ અમે બહુ ભૂલ્યા, અપમાન કરી મન ફૂલ્યા;
કદી કરીયે નહી અમે એમ, કોણ જાણે થયું તેએ કેમ. ૩૪
એહ પાપ થકી વારે વારે, આવે છે પુરમાં કષ્ટ ભારે;
આપો આશીષ તો સુખ થાય, અમે આવ્યા તે એવી ઈચ્છાય. ૩૫
સુણી બોલિયા શ્રીપરમેશ, તમે સંત તણો કર્યો દ્વેષ;
માટે સંત સેવે સુખ થાશે, એની આશીષે સંકટ જાશે. ૩૬
પછી સંતોને સૌ નમ્યા પાય, દીધી આશીષ સૌ મુનિરાય;
પ્રભુ ભજજો કહ્યું ધરી પ્યાર, સુખ પામશો સર્વ પ્રકાર. ૩૭
વળી શ્રીજીએ આશીષ દીધી, થશે સર્વ મનોરથસિદ્ધિ;
પુત્રને વળી પૌત્ર તમારા, સતસંગી થશે બહુ સારા. ૩૮
સુણિ આશીષને શાંત થયા, પ્રણમીને પછી ઘેર ગયા;
ભગવાન ભજે ભલી ભાતે, સુખશાંતિ થઈ સર્વ વાતે. ૩૯
વધ્યો તેનો ભલો પરિવાર, થયો સત્સંગી સર્વે ઉદાર;
રઘુવીરજીને ઘણી વાર, પધરાવ્યા આણંદ મોઝાર. ૪૦
માસ માસ સુધી રુડી રીતે, રાખ્યા સંતના વૃંદ સહીતે;
પધરામણી ઘર ઘર કીધી, ભેટ ભૂષણ વસ્ત્રની દીધી. ૪૧
હરિભક્ત આણંદના એવા, વખણાય એકાંતિક જેવા;
ધન લક્ષ્મીનારાયણ કાજ, દશ વિશાંશ આપે છે આજ. ૪૨
સારી સંતની સેવા સજે છે, ભાવે પ્રગટ પ્રભુને ભજે છે;
અહો ભૂપ પૂછયું તમે જેહ, કહ્યું આખ્યાન મેં બધું એહ. ૪૩
કહ્યું ચાલતી તેહ કથાય, વરતાલ હતા હરિરાય;
થોડા દિવસ નિવાસ કરીને, ચાલ્યા ગઢપુર પાછા ફરીને. ૪૪
ગાના ગામે ગયા ગિરધારી, ત્યાંથી બોચાસણે સુખકારી;
ગામને ગોંદરે જ્યારે આવ્યા, બંદુકોના ભડાકા કરાવ્યા. ૪૫
ગામ માંહી થયું જાણ એથી, સામા આવ્યા હરિભક્ત તેથી;
પ્રભુજી ગામ માંહી પધાર્યા, કાશીદાસને ઘેર ઉતાર્યા. ૪૬

વડલા હેઠ ગામ બહાર, ઉતર્યા સાધુ ને અસવાર;
કર્યો થાળ મુકુંદ બ્રહ્મચારી, જમ્યા ભાવથી ભવભયહારી. ૪૭
જમ્યા સંત કરીને રસોઈ, કાશીદાસે દીધું સીધું સોઈ;
હતો ઉતરતો જેઠ માસ, ચડ્યો કાંઈક મેઘ આકાશ. ૪૮
ચપળાનો થયો ચમકારો, દેખી બોલિયા ધર્મદુલારો;
મેઘ ચેતવણી આજ દે છે, જાઓ ઉતાવળા તે કહે છે. ૪૯
નહિ તો પછી ભાલ ભરાશે, તેહ ઉતરી કેમ જવાશે;
પણ એ નથી જાણતો એમ, વણ આજ્ઞાએ વરસીશ કેમ. ૫૦
એમ વાતમાં કરતા વિનોદ, જનને ઉપજાવ્યો પ્રમોદ;
રાતે પોઢીને ઉઠ્યા પ્રભાતે, ચાલ્યા સંત ને સ્વાર સંઘાતે. ૫૧
કોઈ ગામમાં કરતા નિવાસ, ગયા ગઢપુર શ્રીઅવિનાશ;
જેમ કોઈ પ્રવાસ કરીને, ઘેર આવીને બેસે ઠરીને. ૫૨
તેમ ગઢપુરમાં ઘનશ્યામ, આવી પામિયા પરમ વિરામ;
ગઢડું એ થકી ઓળખાણું, સ્વામિનારાયણનું ગણાણું. ૫૩

**પુષ્પિતાગ્રા :**

કમળતનય[1] કેરુ સત્યલોક, વળી હરિનું વઈકુંઠ છે અશોક[2];
શિવકૃત કઈલાસ વાસ જેમ, ગઢપુરમાં સ્થિત અક્ષરેશ એમ. ૫૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઆણંદપુર-ઉપદ્રવશમનં નામૈકસપ્તતિતમો વિશ્રામઃ ॥૭૧॥*

**પૂર્વછાયો :**

ઉત્સવ રથયાત્રા તણો, ગઢપુરમાં કર્યો ઘનશ્યામ;
નૌતમ લીલા નિરખીને, હરખ્યા હરિભક્ત તમામ. ૧

**ચોપાઈ :**

કૃષ્ણજન્મ તણો દિન આવ્યો, સમૈયો તે તો સારો ભરાવ્યો;
વેદાંતાચાર્ય જે કહેવાય, હતો તે વટપત્તન માંય. ૨

---

૧. બ્રહ્મા ૨. શોક રહિત

સતસંગીનો બહુ કરે દ્વેષ, બોલે શ્રીજીનું વાંકું વિશેષ;
કહે ધર્મ એનો એહ ટાણે, નથી તે વેદશાસ્ત્ર પ્રમાણે. ૩
એને હું વરતાલમાં મળિયો, બોલવામાં એને મેં તો કળિયો;
નથી ઐશ્વર્ય એનામાં કાંઈ, ભોળા લોકને ભરમાવે ભાઈ. ૪
એણે મારું કર્યું સનમાન, તે તો પામવા માન નિદાન;
નહિ તો વાદ હું બહુ કરત, એના મતને હું તોડત તરત. ૫
વસ્તીમાં એવી વાત ફેલાવી, સતસંગીયોને કાને આવી;
થયા સર્વે ઉદાસી અપાર, કર્યો એકઠા થૈને વિચાર. ૬
પ્રભુ પ્રત્યે લખ્યો એક પત્ર, વેદાંતચાર્ય આવ્યો છે અત્ર;
તે તો દ્વેષ તમારો કરે છે, એ છે પાંખડી એમ કહે છે. ૭
એને જીતી શકે એવા જોઈ, સાધુ પંડિત મોકલો કોઈ;
ઘણા શાણા શિયાજી છે રાય, કરશે સભા મેળવી ન્યાય. ૮
એક ભક્ત હતા પ્રભુદાસ, પત્ર લૈ મોકલ્યા પ્રભુ પાસ;
તે તો આવ્યા પ્રથમ વરતાલ, મળ્યા જુસજીને તતકાળ. ૯
તેને સર્વે સમાચાર કહ્યા, પછી તે બેય ગઢપુર ગયા;
પ્રભુને કરી દંડપ્રણામ, આપ્યો પત્ર પછી તેહ ઠામ. ૧૦
પત્ર વાંચી પ્રભુજી હસે છે, મુક્તાનંદમુનિને કહે છે;
વટપત્તનમાં તમે જાઓ, વેદાંતાચાર્યના સામા થાઓ. ૧૧
ભૂપ શાસ્ત્રીયોની સભા ભરાશે, પક્ષપાત તજી ન્યાય કરશે;
મુક્તાનંદ કહે મહારાજ, એ તો છે અતિ દુષ્કર કાજ. ૧૨
એને મારાથી કેમ જીતાશે, કેમ પ્રશ્નના ઉત્તર થાશે;
કહે શ્રીજી મને પ્રભુ જાણો, ચિત્તમાં તમે ચિંતા ન આણો. ૧૩
કર્યા એમ કહીને વિદાય, રહ્યા શ્રીજી તો ગઢપુર માંય;
જ્યારે જ્યારે સભા પ્રભુ ભરે, તપની ત્યાગની વાત કરે. ૧૪
રીઝું હું તપ તીવ્ર કર્યાથી, એવો રીઝું ન બીજા કશાથી;
મોટા યજ્ઞ કરે ધન ખર્ચે, હીરા મોતી વડે મને અર્ચે. ૧૫
લાખો વિપ્ર કે સાધુ જમાડે, ના'ય તીર્થમાં પર્વ દહાડે;
એથી થાઉં પ્રસન્ન ન એવો, થાઉં તપથી પ્રસન્ન હું જેવો. ૧૬

માટે મુનિજન વનમાં વિચરતા, મને રીઝાવવા તપ કરતા;
ઈચ્છા જે જનને હોય જેવી, તપથી કરું પૂર્ણ હું તેવી. ૧૭
કરે તપ ને દમે નિજ દેહ, અતિ વા'લો મને જન એહ;
એવી વાત સુણી બહુ બહુ, તપ કરવા લાગ્યા જન સહુ. ૧૮
નરનારીયો વૃદ્ધ ને બાળ, તપ કરવા લાગ્યાં તતકાળ;
જમે કોઈ તો એક જ વાર, કરે કોઈ તો ફળનો આહાર. ૧૯
કોઈ એકાંતરે દિન જમે, ચાંદ્રાયણવ્રત કોઈને ગમે;
કોઈ એક જ શીઘોડું ખાય, શીયાળે જળ શીતળે ના'ય. ૨૦
કોઈ તો પયપાન જ કરે, કોઈ તો જળથી પેટ ભરે;
કોઈ તો દઢ આસન વાળે, કોઈ નાસાગ્રને જ નિહાળે. ૨૧
કોઈ તો દિન ને રાત જાગે, કરે ભજન ને નિદ્રાને ત્યાગે;
કોઈ તો ધરે શ્રીજીનું ધ્યાન, કોઈ તો કરે ગુણનું ગાન. ૨૨
કોઈ રસકસ જરીયે ન ચાખે, બાધા છાશની પણ તેહ રાખે;
તજી રાંધેલ અન્ન આહાર, કાચું કોરું જમે એક વાર. ૨૩
શ્વેતદ્વીપના મુક્ત છે જેહ, જોઈ અચરજ પામિયા એહ;
એક શ્રીજીને કરવા છે રાજી, અન્ય ફળની ન કાંઈ ઈચ્છાજી. ૨૪
તપ તીવ્ર જે જનનું જણાય, હરિ તેના ઉપર રાજી થાય;
ધર્મસર્ગ શ્રદ્ધાદિક જેહ, મૂર્તિમાન આવ્યા સઉ તેહ. ૨૫
તેણે શ્રીજીની વિનતિ ઉચારી, તમે નાથજી નરતનું ધારી;
પ્રતિપાદન પાલન સારું, અતિ આ સમે કીધું અમારુ. ૨૬
કૃત ત્રેતા ને દ્વાપર માંઈ, આવું કોઈયે કીધું ન ક્યાંઈ;
દીધું અમને તો જીવનદાન, એમ કહી થયા અંતરધાન. ૨૭

**પૂર્વછાયો :**

આવી ગણેશની ચતુરથી, પૂજ્યા વિધિ સહિત વિઘ્નેશ;
ઝીલણી આવી એકાદશી, કર્યો ઉત્સવ એહ વિશેષ. ૨૮

**ચોપાઈ :**

મુક્તાનંદ વડોદરે ગયા, હરિમંદિરમાં જઈ રહ્યા;
હરિભક્ત ભેળા સહુ થઈ, કહી વાત નરેશને જઈ. ૨૯

ભૂપે શાસ્ત્રીયો સૌને બોલાવી, સભા દરબાર માંહી ભરાવી;
વેદાંતાચાર જે વાદ કીધો, મુક્તાનંદે તેને જીતી લીધો. ૩૦
એનો અન્યાય દેખી અપાર, દેશાધીશે કૈયો દેશપાર;
કૃપાનાથે તે સાંભળી કહ્યું, અરે એ તો ઘણું ખોટું થયું. ૩૧
સુણો ભૂપ અભેસિંહભાઈ, વડા પુરુષ તજે ન વડાઈ;
તેમ જે જન દુર્જન હોય, ન તજે દુરજનપણુ કોય. ૩૨

**સજ્જન તથા કૃતઘ્ની વિષે : ઉપજાતિ :**

જે સજ્જનો સજ્જનતા ન મૂકે, જે દુર્જનો દુર્જનતા ન ચૂકે;
પીયૂષ હળાહળ બેય જેમ, ભૂલે નહીં આપ સ્વભાવ તેમ. ૩૩
કૃતઘ્નીનું પોષણ જો કરાય, તથાપિ તે શત્રુ જરૂર થાય;
ઉછેરિયે જો અહિ દૂધ પાઈ, કોઈ સમે તે કરડે જ ભાઈ. ૩૪
કૃતઘ્નિને સંકટથી મુકાવે, તેને જુવે તે અતિ વૈર ભાવે;
જે વાઘને પિંજરમાંથી કાઢે, તેને કરે ચર્વણ ચાવિ ડાઢે. ૩૫
જો દુષ્ટને ભોજન મિષ્ટ દૈયે, તથાપિ તે દ્વેષ તજે ન હૈયે;
જો દૂધ ને સાકરથી સિંચાય, તો લીંબડો મિષ્ટ કદી ન થાય. ૩૬
સ્વાર્થે બગાડે પર કેરું કોઈ, કોઈ વિના સ્વારથ ક્રૂર હોઈ;
કોઈ કરે કષ્ટ ઉપાય આપે, બેઠા તણી ડાળ કુબુદ્ધિ કાપે. ૩૭
દુષ્ટો વિના સ્વારથ કોઈ દા'ડે, પોતે મરીને પરનું બગાડે;
માંખી પડીને નિજ પ્રાણ દે છે, ખરાબ ખાણું પરનું કરે છે. ૩૮
નિંદા કર્યાની પડી ટેવ જેને, અસાર કે સાર કશું ન તેને;
ભલે જ તેવો ખલ શ્વાન જે છે, સારાં નઠારા સહુને ભસે છે. ૩૯
છે જેટલું દૈવત જેહમાંય, નિંદા કર્યાથી નહિ ન્યૂન થાય;
જે શર્કરાને કડવી કહેશે, રોગીષ્ટ તેને જન જાણી લેશે. ૪૦

**પુષ્પિતાગ્રા :**

દિનકર નભમાં ઉદીત થાય, ઉર અકળાઈ ઉલૂક તો મુંઝાય;
અવગુણ રવિના કહે કદાપિ, પણ ન પ્રતાપ છુપ્યો રહે તથાપિ. ૪૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે મુક્તમુનિવટપત્તન-*
*ગમનં નામ દ્વિસપ્તતિતમો વિશ્રામઃ ॥૭૨॥*

**પૂર્વછાયો :**

જીત થઈ મુક્તાનંદની, કરી પત્રમાં વાત પ્રકાશ;
સૌ સતસંગીએ મોકલ્યા, લઈ જુસજીને પ્રભુ પાસ. ૧

**ચોપાઈ :**

પત્ર વંચાવ્યો શ્રીજીએ જ્યારે, સર્વ રાજી થયા જન ત્યારે;
મહારાજે મુક્તાનંદ કેરી, કરી પોતે પ્રશંસા ઘણેરી. ૨
કહ્યું મુક્ત મુનિ છે સમર્થ, જેવો ધારે તે સારે છે અર્થ;
કરે થોડા દિવસ ક્યાંઈ વાસ, કરે સત્સંગમાં તે સમાસ. ૩
વાદે સુરગુરુ નહિ જીતનારો, વેદાંતાચાર્ય કોણ બિચારો;
સુણી મુક્તમુનિની વડાઈ, આવી બે સાધુને અદેખાઈ. ૪
હરિયાનંદ એકનું નામ, નિર્વિકલ્પ બીજો તેહ ઠામ;
તેઓ બેયે એવું કહી દીધું, મોટું કામ એમાં તે શું કીધું. ૫
તહાં અમને જો મોકલ્યા હોત, જીતી લેત એના શિષ્ય સોત;
વેદાંતાચાર્ય છે નામ મોટું, તેને શાસ્ત્રનું જ્ઞાન છે છોટું. ૬
મોટો વાઘ શિયાળને મારે, એમાં શું કર્યું કામ વધારે;
જીત્યો વેદાંતીને મુક્તાનંદે, જીત્યો તારાને તે જેમ ચંદે. ૭
બોલ્યા શ્રીહરિ સાંભળી તેહ, જુઓ માનની મૂર્તિયો એહ;
આવું જો અભિમાન રખાશે, સતસંગમાં કેમ નભાશે. ૮
કર્યો શ્રીજીએ ચિત્ત વિચાર, થયા સ્વછંદી સંત અપાર;
નથી મોટાનું રાખતા માન, જાણે છે અમે સર્વે સમાન. ૯
નથી અંકુશ કોઈનો માથે, એક સ્નેહ રાખે મુજ સાથે;
માટે આ સંગમાં નહિ ઠરવું, એકલા વનમાં જ વિચરવું. ૧૦
થયા એવું ધારીને ઉદાસી, જાંખી શોભા વદન કેરી ભાસી;
બેસતાં ચાલતાં અને જમતાં, જન કોઈનાં મુખ નથી ગમતાં. ૧૧
હાસ્યરસ કરી કોઈ હસાવે, પણ શ્રીજીને હસવું ન આવે;
એવા કોઈને કાંઈ ન કહે, અહોનિશ ઉદાસી જ રહે. ૧૨
વાત દેખીને શ્રીઅવિનાશ, થયા હરિજન સર્વ ઉદાસ;
મોટીબાએ પૂછ્યું એમ, કૃષ્ણ ઉદાસી દીસો છો કેમ. ૧૩

સેવામાં રહેતી હોય ખામી, કહો તે તમે અંતરજામી;
કાંઈ આજ્ઞા તોડી હોય અમે, અમને કહો તે પણ તમે. ૧૪
અતિ આગ્રહથી પૂછયું જ્યારે, ત્રિભુવનપતિ બોલિયા ત્યારે;
બહુ દિન સતસંગમાં રહ્યા, હવે તો જશું વન માંહિ વહ્યા. ૧૫
મોટીબા કહે શ્યામ સુજાણ, તમે છો સતસંગના પ્રાણ;
જ્યારે પ્રાણ તો વનમાં વિચરશે, પછી મડદાં રહીને શું કરશે. ૧૬
આવી વાત પ્રસિદ્ધ જો થાશે, સુણતાં કૈંકના જીવ જાશે;
કહ્યાં એવાં વિશેષ વચન, પણ માવનું માન્યું ન મન. ૧૭
ત્યારે મોટા મોટાને બોલાવી, મોટીબાએ તે વાત સુણાવી;
સભામાં તો બેસે નહિ શ્યામ, રહે એકાંતમાં આઠે જામ. ૧૮
સુરો ખાચર ને બ્રહ્માનંદ, ઉદાસીને કરાવે આનંદ;
કરે હાસ્ય હરિને હસાવા, ન શક્યા તે ઉદાસી શમાવા. ૧૯
મોટા સંત ને સત્સંગી મળી, ગયા શ્રીજીની આગળ વળી;
બહુ વિનતિ કરી પુછી વાત, ત્યારે બોલિયા શ્રીજી સાક્ષાત. ૨૦
હવે તો અમે વનમાં વિચરશું, રહી એકાંતમાં ધ્યાન ધરશું;
બીજી જો વાત બોલશો તમે, માનનાર નથી હવે અમે. ૨૧
બોલ્યા ભક્ત કહો તમે જેમ, અમે આજ્ઞામાં વરતીયે એમ;
પણ અમને તજીને ન જાવું, ત્યારે શ્રીહરિ બોલિયા આવું. ૨૨
નથી વર્તવા કાંઈ કહેવું, અને નથી અમારે રહેવું;
પછી વાત તે સૌ જન જાણી, થયાં એકઠાં દિલગિરી આણી. ૨૩
બોલી બાઈયો સૌ મળી એમ, ગઢપુરથી જવા દૈયે કેમ;
નિંદા આપણી લોકમાં થાય, એમ સત્સંગમાં કહેવાય. ૨૪
ગઢપુરના હરિજન જેહ, સારી રીતે ન વર્તિયા તેહ;
કાંઈ વર્ત્યામાં ચૂક જણાઈ, ગયા તે થકી શ્યામ રિસાઈ. ૨૫
આખા કાઠીયાવાડના જન, રજા આપે તો જાય જીવન;
રજા આપે કદાપિ જો એહ, પાત્ર અપજશનાં થાય તેહ. ૨૬
માટે મોટો સમૈયો ભરાવો, દેશદેશના દાસ તેડાવો;
રજા સર્વજનો તણી લૈને, ભલે વનમાં વસે હરિ જઈને. ૨૭

**આક્ષેપાલંકાર : ઉપજાતિ :**

તમે પ્રભુને જઈને કહેજો, સુખે તમે જૈ વનમાં રહેજો;
અમે તજીને તન ત્યાં જ જાશું, મૃગાદિરૂપે વનવાસી થાશું. ૨૮
ઉત્પતિ પાળી પ્રલયે કરો છો, ક્યાં પાપથી આપ દિલે ડરો છો;
માટે અમારા તજીને ઉચાટ[1], સુખેથી લેજો વન કેરી વાટ. ૨૯

**ચોપાઈ :**

એવાં વાક્ય જઈને ઉચરજો, પ્રભુ રાજી રહે તેમ કરજો;
સમૈયો આંહિ ભરવા ઠરાવો, દેશદેશના ભક્ત તેડાવો. ૩૦
આપે સૌ મળીને જો રજાય, ભલે શ્રીહરિ વન માંહિ જાય;
તેથી દોષ ન કોઈને માથે, રજા આપી કહે સહું સાથે. ૩૧
પછી તેઓએ જૈ પ્રભુ પાસ, કરી વાત તે સર્વ પ્રકાશ;
ત્યારે બોલ્યા મહાપ્રભુ પ્રીતે, કરશું અમે એવી જ રીતે. ૩૨
રજા સૌની લીધા પછી જાશું, વનવાસી સુખે જઈ થાશું;
પણ આંહિ સમૈયો જો થાય, વેગળેથી જને ન અવાય. ૩૩
સાધુ ને બ્રહ્મચારીયો જે છે, ગુજરાતમાં ક્યાંઈ ફરે છે;
સમૈયો ગુજરાતમાં થાય, તો ત્યાં સર્વ જનોથી અવાય. ૩૪
ગુજરાતમાં આદ્રજ ગામ, સમૈયો ભરવા જોગ્ય ઠામ;
માટે કરવો સમૈયો તો ત્યાંય, એવી ઈચ્છા છે મુજ મનમાંય. ૩૫
સુણી સૌ જન ઉચ્ચર્યા એમ, કરો જે આપને ગમે તેમ;
સમૈયો કરો આદ્રજ માંય, અમે પણ સહુ આવશું ત્યાંય. ૩૬
કંકોતરીયો તરત ત્યાં લખાવી, દેશોદેશ વિષે મોકલાવી;
કચ્છ હાલાર ને ઝાલાવાડ, ગુજરાત ને કાઠીયાવાડ. ૩૭
એમાં એવા લખ્યા સમાચાર, દિવાળીનો સમૈયો આ વાર;
કરશું અમે આદ્રજ ગામ, તહાં આવજો ભક્ત તમામ. ૩૮
સંત સર્વને ત્યાં જ તેડાવ્યા, હતા જ્યાં પત્ર ત્યાં મોકલાવ્યા;
એવામાં આસો પુનમ આવી, કરી ઉત્સવ સારી શોભાવી. ૩૯

---

૧. ઉપાધિ, ચિંતા

થયું પડવેનું જ્યારે પ્રભાત, ચાલ્યા શ્રીગરિધર ગુજરાત;
વાત એવી થઈ ઠામ ઠામ, પાછા નહિ આવે પૂરણકામ. ૪૦
સાથે બહુ જન તેથી સિધાવ્યા, જઈ ન શકે વળાવા તે આવ્યા;
દીસે સર્વનાં વદન ઉદાસ, ફરી દર્શનની તજી આશ. ૪૧
નરનારીયો વૃદ્ધ ને બાળ, પ્રભુ સાથે ચાલ્યાં તતકાળ;
મુક્યાં કોઈએ ઘર તણાં કામ, આખું ખળભળ્યું ગઢપુર ગામ. ૪૨
એમ ગાઉ કે બે ગાઉ ગયા, પ્રભુ તે સ્થળમાં ઉભાર રહ્યા;
દીઠા ચાલતાં નિર્બળ જેને, પ્રભુ પાછા વળી કહે તેને. ૪૩
પણ પાછા વળે નહિ કોઈ, રહે જીવનનું મુખ જોઈ;
કરી કાં શકે ન ઉચ્ચાર, વહે આંખથી આંસુની ધાર. ૪૪
કો તો કહે જ્યાં જશો તમે, તમ સાથે જ આવશું અમે;
કદી દેહ નહીં ચાલનારો, તો ત્યાં આવશે આત્મા અમારો. ૪૫
દુદાપુર સુધી એ રીતે ગયા, દીનબંધુને ઉપજી દયા;
બોલ્યા ઉભા રહીને શ્રીરંગ, અતિ જેનાં અશક્ત છે અંગ. ૪૬
તેઓ પાછા વળી જાઓ તમે, સમૈયો કરી આવશું અમે;
આપી એ રીતે ધીરજ જ્યારે, તેઓ પાછા વળ્યા જન ત્યારે. ૪૭
ગયા બોટાદ શ્રીબહુનામી, ત્યાંથી કંથારિયે ગયા સ્વામી;
ત્યાંથી લીંબડીપાદર થૈને, રહ્યા તો ભલ ગામડે જૈને. ૪૮
ત્યાંથી શીયાણીયે ગયા શ્યામ, વસે ત્યાં ભટજી શિવરામ;
તેની સેવા કરી અંગિકાર, ગયા તાવીયે ત્યાંથી મુરાર. ૪૯
દદુકે જ દીનદયાળ, ચિખલે ગયા જનપ્રતિપાળ;
ઓળાગામે ગયા અવિનાશી, ત્યાંથી ડાંગરવે સુખરાશી. ૫૦
કરજીસણમાં કૃપાનાથે, દીધાં દર્શન જૈ સંતસાથે;
વાલો ત્યાંથી ગયા વડુગામ, ઝુલાસણ ગયા સુંદરશ્યામ. ૫૧
ધમાસણ ગયા ધર્મકુમાર, ત્યાંથી આદ્રજ વિશ્વઆધાર;
રતુખાંટ ને બાદરખાંટ, સતસંગ જેને શિરસાટ. ૫૨
એહઆદિક સન્મુખ આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા;
બાયો તો હવનબા પ્રમુખ, આવી દર્શનનું લેવા સુખ. ૫૩

કરી પૂજા ને પુષ્પે વધાવ્યા, પ્રભુને પુરમાં પધરાવ્યા; ૫૪
આસપાસના ગામમાં જેહ, સંતો આવી રહ્યા હતા તેહ.
તેઓ આદ્રજમાં સહુ આવ્યા, ભક્તિનંદનને મન ભાવ્યા; ૫૫
હરિભક્તે રસોઈ કરાવી, જમ્યા શ્રીજી તથા સંત આવી.
ગામથી દિશા ઉત્તરમાંય, તરુ આંબલિયોના છે ત્યાંય; ૫૬
કૃપાનાથ સભા નિત કરતા, ધર્મજ્ઞાનની વાત ઉચરતા.
પછી વળતો દિવસ જ્યાં કહાવ્યો, વટપત્તનનો સંઘ આવ્યો; ૫૭
મુક્તાનંદમુનિ સંઘ લૈને, આવ્યા ત્યાં થકી હરખિત થૈને.
સંઘ સુરતનો પણ આવ્યો, ભેટ ધરવા ભલી ભલી લાવ્યો; ૫૮
કચ્છઆદિકના હરિજન, આવ્યા સૌ કરવા દરશન.
સભા શ્રીહરિ પાસે ભરાય, ધર્મજ્ઞાનની વારતા થાય; ૫૯
ઘણાં ઐશ્વર્ય શ્યામ દેખાડે, અતિ આશ્ચર્ય જનને પમાડે.
પૂજા પ્રેમથી હરિજન કરે, છબિ નિરખીને અંતરે ધરે; ૬૦
અન્નકૂટનો દિન થયો જ્યારે, અન્નકુટ ભલો ભર્યો ત્યારે.
ધર્યા શ્યામે સ્વરૂપ અનેક, રૂપ શોભે સભા માંહિ એક; ૬૧
અન્નકૂટ જમે રૂપ બીજે, સૌની સંભાળ લે રૂપ ત્રીજે.
એમ ઉત્સવનો દિન ગયો, અતિ આનંદ સર્વને થયો; ૬૨
સભામાં બોલ્યા શ્રીઘનશ્યામ, જાઓ સર્વ હવે નિજ ગામ.
ગામ ગામના મુખ્ય ગણાય, રહો તે હરિજન તો બધાય; ૬૩
પછી સંઘ વિદાય તો થયા, મુખ્ય મુખ્ય હરિભક્ત રહ્યા.

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ઉર ધરિ કરુણા સુ એહ કાળે, અતિ સુખ આદ્રજમાં દિધું દયાળે; ૬૪
સઉ જન મનમાં ચરિત્ર ધારે, વરસ ઘણાં વિતતાં નહીં વિસારે.

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે આદ્રજગ્રામે*
*અન્નકૂટોત્સવનામ ત્રિસપ્તતિતમો વિશ્રામઃ ॥૭૩॥*

**વૈતાલીય :**

અનકૂટ ભલો ભજાવિયો, પ્રભુએ આદ્રજમાં કરાવિયો;
પછીથી થઈ વાત તે કહું, સુણજો સ્નેહ ધરી જનો સહુ. ૧
હરિના જન મુખ્ય જે હતા, વળી મોટા મુનિ જે કહાવતા;
પ્રભુ તે જન આગળે કહે, મન મારું વનમાં જવા ચહે. ૨
જનમાં નથી કાંઈ ગોઠતું, લવ માત્રે સુખ તો નથી થતું;
સહુ દ્યો મુજને રજા જવા, વનમાં જૈ સુખિયા સદા થવા. ૩
વિચરો વન જો કહો તમે, વળી પત્રો લખશું સુખે અમે;
કદિ જો કથશો જશો નહીં, તદપી હું નહિ રે રહું અહીં. ૪
જન સૌ શુભ ધર્મ પાળજો, મનનાં સર્વ વિકાર ટાળજો;
તજશો તનવાસના વળી, વસશો તો મુજ ધામમાં મળી. ૫
સુણીને જન સૌ દુઃખી થયાં, નયણેથી અતિ આંસુડાં વહ્યાં;
થઈ મૂર્છિત પૃથ્વીમાં પડ્યાં, નજિવાં શું વિધિયે જ તે ઘડ્યાં. ૬
સુણીને થઈ દુઃખી નારિયો, બહુ તે સર્વ રુવે બિચારિયો;
દરિયા વચે નાવ ડૂબિયું, કે કલપાંતનું[1] ટાણું આવિયું. ૭
ધરી ધીરજ સંત ઉચ્ચરે, પ્રભુજી કેમ કૃપા તજી અરે;
તજીને ઘર આવિયા અમે, તમ કાજે તરછોડિયા તમે. ૮
ન ઘટે તમને જ તાત રે, અતિ આવો વિશવાસઘાત રે;
રણમધ્ય કુવે ઉતારીને, તજશો પ્રૌઢ શિલા પ્રસારીને. ૯
નિજનાં ઘરબાર બાળિયાં, સુખ સર્વે તમમાં જ ભાળિયાં;
ગણિને મણિ શુદ્ધ સંઘર્યો, હિણ કર્મે કરિ કાચ તે ઠર્યો. ૧૦
હરિ ભૂલ અમારી હોય તે, કરજો માફ કૃપાળુ તોય તે;
કરશો વળી આગના તમે, વિઠલા એમ જ વર્તશું અમે. ૧૧
સતસંગી મળી સહુ કહે, જળ જાતાં નહિ જંતુઓ રહે;
વનમાં પ્રભુ જો જશો તમે, તમ સંગે સહુ આવશું અમે. ૧૨
કરવા તમ સંગ પ્રીતડી, તજી સંસારી જનોની રીતડી;
કટુ બોલ સહુ તણા સહ્યા, કુલધર્મો તજી કિંકરો થયા. ૧૩

૧. પ્રલયનું

તમને ભજવાની ભાતમાં, થઈ નિંદા બહુ નાતજાતમાં;
બહુ વૈરિ સગા સહુ થયા, તમને તોય હજી નથી દયા. ૧૪
અમમાં અતિ વાંક શો ઠર્યો, પ્રભુ તેથી બહુ કોપ છે કર્યો;
નમિએ મુખઘાસ લૈ અમે, જનના માફ કરો ગુના તમે. ૧૫
બહુ બાળક વાંક જો કરે, પણ માતા મનમાં નહીં ધરે;
જનના પ્રભુ માતતાત છો, ધન ધાન્યાદિક સર્વ વાત છો. ૧૬
જનની નિજ બાળને હણે, પણ જો પાપ નહીં કશું ગણે;
શિશુરક્ષણ કોણ તો કરે, વણમોતે શિશુ તેહ તો મરે. ૧૭
પ્રભુ જે ચુક હોય તે કહો, અમથા શીદ રિસાઈને રહો;
મુખબંધ કરી ન મારશો, દિલમાં ધારિ દયા વિચારશો. ૧૮

**પૂર્વછાયો :**

સુણીને શ્રીહરિ બોલિયા, દયા લાવીને દીનદયાળ;
સંત તથા સતસંગીયો, સુણો સૌ સદ્‌બુદ્ધિવિશાળ. ૧૯
બહુ સતસંગ વધ્યો હવે, થયા આશ્રિત લોક અપાર;
સૌને અમારે સંભાળવા, બીજા કોઈને શિર નહિ ભાર. ૨૦
જો કોઈ રસના વશ દિસે, અને કોઈ ધરે અભિમાન;
કોઈક ઈરષા જો કરે, તેનું કોઈ ન રાખે ભાન. ૨૧
સૌ સરખા થઈને ફરે, રાખે મોટાની નહિ મરજાદ;
કોઈ ન ઠપકો ઠેસ દે, કોઈ રાખો જો કાંઈ પ્રમાદ. ૨૨
એક અમારે જ રાખવી, સૌની ફિકર દિન ને નીશ;
તે અમને ગમતું નથી, લેવો ભાર અમારે જ શીશ. ૨૩
એવો અમારો સ્વભાવ છે, અમને તો ગમે વનવાસ;
એકાંતમાં અમને ગમે, બીજું કોઈ ગમે નહિ પાસ. ૨૪
માટે અમે વનમાં જશું, બધી તજી ઉપાધી એહ;
મૂળસ્વરૂપ સંભારશું, એહ જયાં લગી રહેશે દેહ. ૨૫
જો અમને હોય રાખવા, કરો એક મોટેરો કોય;
સંભાળ લે સતસંગની, કશી ફિકર અમને ન હોય. ૨૬

તે સુણી સૌ જન બોલિયા, સુણો શ્રીહરિના સુખના ધામ;
વા'લા કહો તેના વચનમાં, અમે વર્તશું આઠે જામ. ૨૭
બાળક કે બુઢો હશે, હશે અભણ કે વિદ્વાન;
તોય તેનું કહ્યું માનશું, નહિ રાખીએ મન અભિમાન. ૨૮
તે સુણીને શ્રીહરિ કહે, દઢ એવો જો નિશ્ચય હોય;
જેને મોટેરો હું કરું, તેની આજ્ઞામાં રહો સહુ કોય. ૨૯
જે સંત મુજ જેવો હશે, તેને આપીશ એ અધિકાર;
તે મુનિએ પણ તરત તે, શિર લેવો ઉપાડી ભાર. ૩૦
માન મોટપ નથી ઈચ્છતા, એવા છે સંત વૈરાગ્યવાન;
પણ અમારું વચન આ, જેને કહું તે ધરવું કાન. ૩૧
હિંમત ધરીને હા કરો, એટલું કરવાનું કાજ;
તો રહિયે સતસંગમાં, અમે ક્યાંઈ ન જઈએ આજ. ૩૨
સંત ને હરિજન સૌ કહે, અમે એમ જ કરશું નાથ;
માટે રહો સતસંગમાં, તજશો ન અમારો સાથ. ૩૩
સુણીને શ્રીહરિ બોલિયા, જે છે પરમચૈતન્યાનંદ;
તેને મોટા કરી સ્થાપશું, અમે અંતરે ધરી આનંદ. ૩૪
પછી સભા સાંજે ભરી, મુખ્ય ચાર સ્થાપ્યા મુનિચંદ;
મુક્તમુનિ ને બ્રહ્મમુનિ, ચૈતન્યાનંદ નિત્યાનંદ. ૩૫
પાટ ઉપર ચાર ગાદિયો, ધરી ત્યાં તે બેસાર્યા સંત;
પૂજા કરી મહાપ્રભુજીયે, કરી આરતી હરખી અત્યંત. ૩૬
કૃષ્ણ કહે સહુ સાંભળો, મારા આશ્રિત છો જન જેહ;
આ ચાર સદ્‌ગુરુ જે કહે, તમે માનજો તરત જ તેહ. ૩૭
પ્રેમથી જે એને પૂજશે, ભલો રાખીને મનમાં ભાવ;
માનીશ પૂજા માહરી છે, એ છે ભવસાગરનાં નાવ. ૩૮
મુનિને માન ગમે નહિ, પણ આગ્રહ અતિશે જોઈ;
આજ્ઞા થકી બેઠા ગાદિયે, કાંઈ બોલી શક્યા નહીં કોઈ. ૩૯
હરિ કહે હવે તો અમે, સતસંગમાં કરશું વાસ;
સારાં વચન એવાં સાંભળી, પામ્યા હરખ સૌ હરિદાસ. ૪૦

સૌયે તે સદ્‌ગુરુ ચારની, પછી પૂજા કરી ધરી પ્રેમ;
આનંદની એલી થઈ, થાય દુકાળમાં ધન જેમ. ૪૧
પ્રથમ તો મહાપ્રભુજીયે, એ જ સ્થાપિયા સદ્‌ગુરુ ચાર;
થંભ કહું તો સંભવે, સતસંગ તણા આધાર. ૪૨
સૌ સતસંગીને શ્રીજીયે, રજા આપી જવા નિજ ગામ;
વાત થઈ દેશોદેશમાં, તેથી શાંતિ થઈ સહુ ઠામ. ૪૩
પછી પ્રભુ ત્યાંથી પરવર્યા, લઈ સંતજનો નિજ સાથ;
દર્શન દેવા દાસને, ગયા કોલવડે કૃપાનાથ. ૪૪
ગયા ઉનાવા ગામમાં, ત્યાંથી બાલવે બહુ સુખદેણ;
મહાપ્રભુ ગયા માણસે, ઠર્યા નિરખી જનનાં નેણ. ૪૫
ભાયાત નૃપના ત્યાં ભલા, પિથુભાઈ ને અણદાભાઈ;
જેઠીભાઈ આદિક જને, સહુએ સેવ્યા હરિ હરખાઈ. ૪૬
તૈયાર થઈને ત્યાં થકી, વૃષનંદ ગયા વ્યાહાર;
ગયા પ્રભુ ત્યાંથી ગેરીતે, ભલા ભક્ત વસે ભાવસાર. ૪૭
ગણેશભક્ત ભલા ગણું, પુત્ર જેચંદ ને હેમચંદ;
હરીચંદ પણ હેતથી, સેવ્યા શ્રીહરિ કરુણાનંદ. ૪૮
પામોલ પ્રભુજી પધારિયા, ત્યાંથી બામણવે બળવંત;
વડનગર પ્રભુ વીચર્યા, સાથે લઈને પાર્ષદ સંત. ૪૯
રાજ તણા અધિકારીયો, તથા જે હરિજન તે સ્થાન;
સામા આવ્યા સૌએ મળી, કર્યું શ્રીહરિનું સનમાન. ૫૦
વાજિંત્ર વાજતે ગાજતે, પધરાવિયા પુર મોઝાર;
સ્નેહ સહિત સેવા સજી, સૌએ જાણીને જગકરતાર. ૫૧

**ચોપાઈ :**

થોડા દિવસ રહી તેહ ઠામ, ત્યાંથી ગુંજે ગયા ઘનશ્યામ;
વાલો વિસલનગર વિચરીયા, સમાચાર તે પુરમાં પ્રસરિયા. ૫૨
મોતીરામ તથા બળદેવ, તે તો સામા આવ્યા તતખેવ;
બીજા પણ હરિજન નરનારી, આવ્યાં સૌ અતિ આનંદ ધારી. ૫૩

સામી ભૂપની પાયગા[1] આવી, સાથે વાજાં વિચિત્ર તે લાવી;
કર્યું શ્રીહરિનું સનમાન, ભાવે ભેટિયા શ્રીભગવાન. ૫૪
બળદેવને લાગ્યા કહેવા, કહો મામા તમારા છે કેવા;
બળદેવે ત્યાં એમ ઉચ્ચાર્યું, તેણે ઐશ્વર્ય જોયું તમારું. ૫૫
તેથી સારી રીતે વરતે છે, સતસંગનો પક્ષ કરે છે;
સુણી રાજી થયા સુખધામ, પછી પુરમાં પધારિયા શ્યામ. ૫૬
ધામધૂમથી ધર્મકુમાર, ઉતર્યા ધર્મશાળા મોઝાર;
ઉદેકુંવરબાઈ ધર્મવાળી, તેનો થાળ જમ્યા વનમાળી. ૫૭
સંત પાર્ષદ સૌને જમાડ્યા, પ્રભુજીને પલંગે પોઢાડ્યા;
સભા સાંજે સજી ભગવાન, મુક્તાનંદે કર્યું ભલું ગાન. ૫૮
સૂબો શહેરનો ઝૂમખરામ, આવ્યો કૃષ્ણનાં દર્શન કામ;
કરી દર્શન બેઠો તે જ્યારે, વાત શ્રીહરિએ કરી ત્યારે. ૫૯
કહે શ્રીપ્રભુ પૂરણકામ, સુબા સાંભળો ઝુમખરામ;
હરિભક્તનો દ્રોહ જે કરે, મહાપાપી તે માણસ ઠરે. ૬૦
પ્રાયશ્ચિત્તો છુટે મહાપાપી, દ્રોહપાપ ન છૂટે કદાપિ;
બીજાં પાપે પ્રભુ ક્ષમા રાખે, પણ ભક્તનો દ્રોહ ન સાંખે. ૬૧
લેજો જગત બધા માંહિ જોઈ, ભક્તદ્રોહી સુખી નથી કોઈ;
સુખી પ્રારબ્ધથી જો જણાય, જોતાં જોતાંમાં તે સુખ થાય. ૬૨
ભક્તદ્રોહીએ ખોયાં છે રાજ, ભક્તદ્રોહીએ ખોઈ છે લાજ;
ભક્તદ્રોહી તે પંડે પીડાય, એને અંગે મહારોગ થાય. ૬૩
ભક્તદ્રોહીનો વંશ ન રહે, એમ મોટા મુનિજન કહે;
આસુરી જન હોય છે એવા, મંડે સત્સંગીને દુઃખ દેવા. ૬૪
જેની રક્ષા પ્રભુ કરનારા, તેને શું કરે પ્રાણી બિચારા;
જ્યારે આવે વિનાશનો કાળ, થાય વિપરીત બુદ્ધિ વિશાળ. ૬૫
ઘડો પાપનો જ્યારે ભરાય, ત્યારે નાશ તેનો પછી થાય;
હરીભક્ત તો નિર્દોષ હોય, પાપી તેને નડે બહુ તોય. ૬૬
કોઈનું ન બગાડે તે કાંઈ, તોય પાપી બળે મનમાંઈ;
કદી કોઈને દે નહિ ગાળ, તોય દુષ્ટને લાગે છે ઝાળ. ૬૭

૧. અશ્વદળ, ઘોડેસ્વારોની લશ્કરી ટૂકડી

પાપી ચિત્તમાં ન કરે વિચાર, કેમ સાંખશે જગકરતાર;
મરીને પછી નરકમાં જાય, પામે પીડા ઘણી પસતાય. ૬૮
એમ બોલ્યા ઘણું ઘનશ્યામ, ત્યારે બોલિયા ઝુમખરામ;
પ્રભુ હું અપરાધી તમારો, દ્રોહ ભક્ત તણો કરનારો. ૬૯
દીધાં મે હરિભક્તને દુઃખ, રહ્યો આપ ચરણથી વિમુખ;
પણ આપનું ઐશ્વર્ય ભાળી, દ્રોહ કરવાની ટેવ મેં ટાળી. ૭૦
હવે માગું છું જોડીને હાથ, અપરાધ ક્ષમા કરો નાથ;
એમ બોલતાં ગદગદ વાણી, અતિ આસુંએ આંખો ભરાણી. ૭૧
એવું જોઈને અંતરજામી, કહે ઝૂમખરામને સ્વામી;
સભા આગળ નમ્રતા ધરો, ઉભા થૈને નમસ્કાર કરો. ૭૨
મન સૌનાં પ્રસન્ન જો થાશે, તેથી પાપ તમારાં તે જાશે;
પછી ઉભા થઈ એ જ ઠામ, ક્ષમા માગી કરીને પ્રણામ. ૭૩
સહુ બોલ્યા સભાસદ સાફ, પાપ કરશે મહાપ્રભુ માફ;
દૃઢ આશ્રય કૃષ્ણનો કરજો, પ્રીતિ પ્રગટ પ્રભુપદે ધરજો. ૭૪
એવી લીલા ઘણી એહ કાળે, કરી વીસળનગરમાં વાલે;
સ્થિતિ થોડા દિવસ ત્યાં ઠરાવી, એવામાં તો પ્રબોધિની આવી. ૭૫
દેશદેશનાં સંઘ તે આવ્યા, સંત સર્વને શ્યામે તેડાવ્યા;
સમૈયો તે થયો બહુ સારો, નહીં કોઈને વીસરનારો. ૭૬
સંઘ સૌ ગયા જ્યારે સ્વદેશ, ત્યારે પરવરિયા પરમેશ;
કડા ગામે ગયા કરતાર, ત્યાંથી છાલડીએ તેહ વાર. ૭૭
ગયા ડાભલૈ થેને વસાઈ, ઘેઘુસણ ગયા જનસુખદાઈ;
મેઉ થઈને ગયા લાંઘણોજ, થયો હરખ ત્યાં જનને ઘણો જ. ૭૮
ભલા ભક્ત રામો ભાવસાર, બીજા પણ સતસંગી ઉદાર;
સામા આવીયા સામૈયું લૈને, પૂજ્યા શ્રીજીને બહુ માન દૈને. ૭૯
હનુમાનની જાયગા જેહ, જાણી ઉતરવા જોગ્ય તેહ;
સહુ શ્રીજીને ત્યાં તેડી ગયા, શ્રીજીને જોઈને રાજી ન થયા. ૮૦
દીઠો ત્યાં સિદ્ધ બાવો અતીત, તેની રીત દીઠી વિપરીત;
જોયો ત્રીશ વરસનો જુવાન, તે તો બેઠો હતો તેહ સ્થાન. ૮૧

કંઠે રુદ્રાક્ષ અંગે ભભૂત, માથે ભગવું દીસે અવધૂત;
ઘણી બાઈયો બેઠેલી પાસે, કોઈ દોરા કે ચીઠીની[૧] આશે. ૮૨
ઘણા ચેલા કર્યા ગામમાંય, પ્રભુ જેવો તે થૈને પૂજાય;
એહ ગામનો મુખ્ય પટેલ, હતો તે પણ ચેલો થયેલ. ૮૩
તે તો એમ જાણે મનમાંઈ, આવો જોગી નથી બીજે ક્યાંઈ;
ચરણામૃત લે પગ ધોઈ, નવી નિત્ય જમાડે રસોઈ. ૮૪
હતી પુત્રી પટેલની એક, ગળી બાવાના જ્ઞાનમાં છેક;
તેહ ખવરાવે તો બાવો ખાય, જોઈ તાત તેનો રાજી થાય. ૮૫
બાવો પરચો તે ક્યારેક આલે, તેથી માનતા તેહની ચાલે;
અભિમાની થયો અતિ એથી, શ્રીજી સન્મુખ ઊઠ્યો ન તેથી. ૮૬
પગે લાગ્યો નહીં જોડી પાણિ, આંખો સાધુઓ ઉપર તાણી;
જોઈ એવું બોલ્યા જગરાય, અમે આંહીં ઉતારો ન થાય. ૮૭
પછી ત્યાંથી પ્રભુ પાછા ફરિયા, જઈને બીજી જગ્યામાં ઉતરિયા;
હરીભક્તોએ આપી રસોઈ, જમ્યા શ્રીજી મુની સહુ કોઈ. ૮૮
સભા સાંજે ભરી ભગવાને, ઘણા લોક આવ્યા તેહ સ્થાને;
બહુ આવ્યા તે બાવાના ચેલા, બાવે શીખવીને મોકલેલા. ૮૯
તેઓ આવીને ઉચર્યા એમ, તમે ઈશ્વર થૈ બેઠા કેમ;
કાંઈ પરચો દેખાડો જો અમને, અમે ઈશ્વર માનિયે તમને. ૯૦
હનુમાનની જગ્યામાં જે છે, બાવો ઈશ્વર જેવો તો એ છે;
કહે કૃષ્ણ સુણો ભાઈ, અમે પરચો ન આપીએ કાંઈ. ૯૧
પાળીયે ને પળાવિયે ધર્મ, કદી કરવા ન દૈયે કુકર્મ;
થોડા દિવસમાં લાગે છે અમને, બાવો પરચો દેખાડશે તમને. ૯૨
આ છે સાધુ જે સર્વ અમારા, મંત્ર જંત્ર ન જાણે બિચારા;
ધન નારીની પાસે ન ધસે, દેખી દુરથી વેગળા ખસે. ૯૩
મોક્ષ માટે કેવા ગુરુ કરવા, અને કેવા ગુરુ પરહરવા;
તેનાં લક્ષણ શાસ્ત્રે લખ્યાં છે, તે તો શમ દમ સત્ય કહ્યાં છે. ૯૪
ગુરુ પરચો દેખાડે તે સાચા, એવી ક્યાંઈ લખી નથી વાચા;
બાજીગર બહુ પરચા દેખાડે, પણ મોક્ષ ન તે પહોંચાડે. ૯૫

૧. કામણ ટુમણ અને વશીકરણ તાંત્રિક વહેમનો પ્રતિકાર કરવા દોરો કે માંદળીયું

ધર્મવાળા તે અમ કને આવો, બીજા બાવાની પાસે સિધાવો;
પ્રભુએ એવી બહુ કરી વાત, પછી પ્રગટીયું જ્યારે પ્રભાત. ૯૬
લોકો એવા સમાચાર લાવે, પુરો પરચો દેખાડીયો બાવે;
હતી પુત્રી પટેલની જેહ, બાવો લૈને જતો રહ્યો તેહ. ૯૭
ત્યારે સમજીયા સૌ જન મર્મ, કહે સારો તો સ્વામીનો ધર્મ;
જાણ્યા પ્રત્યક્ષ શ્રીપરમેશ, થયા આશ્રિત લોક વિશેષ. ૯૮
લાંઘણોજે કરી જે જેકાર, ગયા વડહમે વિશ્વઆધાર;
ત્યાંથી ડાંગરવે ગયા દેવ, ત્યાંથી ઝુલાસણે તતખેવ. ૯૯
પાનસર થઈને ગયા ઓળે, કરે દર્શન જન મળી ટોળે;
અડાળજ ગયા અંતરજામી, ત્યાંથી મોટેરે મુક્તના સ્વામી. ૧૦૦
પછી સાભ્રમતી ઉતરીને, ગયા શ્રીપુર સ્નેહ ધરીને;
આવ્યો સન્મુખ સત્સંગી સાથ, તેના નામ સુણો નરનાથ. ૧૦૧
લાલદાસ તથા હીરાચંદ, દામોદર સત્સંગી સ્વચ્છંદ;
કહુ કુબેરસિંહ ચોપદાર, એહઆદિ ઘણાં નરનાર. ૧૦૨
અતિ પ્રેમથી પૂજા કરીને, હાર તોરા ધરાવ્યા હરિને;
દરિયાપરે દરવાજે થૈને, ઉતર્યા નવાવાસમાં જૈને. ૧૦૩
પધરામણિયો નિત્ય થાય, સભા શોભિતી નિત્ય ભરાય;
નિત્ય આનંદનો ધન વરસે, દિન સરસ દિવાળીથી દરસે. ૧૦૪
સત્સંગીને બહુ સુખ આપ્યું, કષ્ટ વિરહ વિજોગનું કાપ્યું;
કેટલાએક દિવસ રહ્યાજી, કર્યા સૌ સત્સંગીને રાજી. ૧૦૫

**પુષ્પિતાગ્રા :**

વિશલનગર આદિમાં વિરાજી, ગિરિધર ગામ ઘણાં ઘણાં ફર્યાજી;
પરમપુરુષ શ્રીપુરે પધાર્યા, હરખ ઘણા હરિભક્તના વધાર્યા. ૧૦૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે આદ્રજગ્રામે*
*સદ્ગુરુસ્થાપનનામ ચતુઃસપ્તતિતમો વિશ્રામઃ ॥૭૪॥*



**પૂર્વછાયો :**

શ્રીપુરથી અશલાલીયે, ગયા ગોવિંદ ગરુડાધીશ;
ત્યાં સુખ દૈ સતસંગીને, ગયા જેતલપુર જગદીશ. ૧
આનંદાદિક સંત જે બાર, ઠરાવ્યા સદગુરુ તેહ ઠાર;
તેમાં પ્રથમ કર્યા હતા ચાર, બીજા આઠ કર્યા એહ વાર. ૨
આત્માનંદ જે ભાઈ કહાવે, સ્વયંપ્રકાશાનંદ સુહાવે;
તથા મા'નુભાવાનંદસ્વામી, એહઆદી પુરા નિષકામી. ૩
સર્વ જનને કહે સુખકારી, જેમ પૂજા કરો છો અમારી;
વળી આજ્ઞાઓ માનો છો જેમ, સદ્‌ગુરુઓને સેવજો તેમ. ૪
જેમ વિશ્વમાં કરવા પ્રકાશ, રવિ બાર કર્યા છે આકાશ;
તેમ પાડવા જ્ઞાનનું તેજ, કર્યા બાદ આ સદ્‌ગુરુ એ જ. ૫
સુણી રાજી થયા જન સહુ, પૂજ્યા સૌએ ધરી પ્રેમ બહુ;
પછી પરવર્યા શ્યામ સુજાણ, ફરતાં ફરતાં તે ડભાણ. ૬
ત્યાંથી વાલો આવ્યા વરતાલ, થયા હરિજન નિરખી નિહાલ;
કહ્યું સૌએ કરીને પ્રણામ, અમે આપી છે જગ્યા આ ઠામ. ૭

તેમાં દેવનું સ્થાન કરાવો, આપની મુરતી પધરાવો;
આપ ફરવા પધારો છો જ્યારે, કરિયે તેનાં દર્શન ત્યારે. ૮
ગઢપુરમાં વાસુદેવ રૂપ, પધરાવ્યું છે આપે અનૂપ;
આપ ફરવા પધારો છો જ્યારે, કરે દર્શન તેહનાં ત્યારે. ૯
આપો એવો જ અમને આધાર, કરી દર્શન લૈયે આહાર;
હવેલી કરો આપને કાજે, ધર્મશાળામાં સંત બિરાજે. ૧૦
એવું સાંભળી સારંગપાણિ, રામદાસજીને કહી વાણી;
અતિ આગ્રહ છે હરિજનનો, અભિલાષ પુરું એહ મનનો. ૧૧
મારી મુરતિ હું થાપું આ ઠામ, ધરૂં નરનારાયણ નામ;
કહો ક્યાં પધરાવશું દેવ, તમે જગ્યા કહો તતખેવ. ૧૨
રામદાસ કહે જોડી હાથ, સુણો કોટિ બ્રહ્માંડના નાથ;
બદરીતરુ આંહિ છે જેહ, અતિ યોગ્ય છે આશ્રમ એહ. ૧૩
હીરાજી શિલપી હરિજન, બોલ્યા તે પ્રત્યે પ્રાણજીવન;
મૂર્તિ નર ને નારાયણ કેરી, લાવો બે જોઈ સારી ઘણેરી. ૧૪
પછી લાવ્યા બે મૂર્તિયો એહ, ગમી શ્રીહરિને મન તેહ;
પછી ઓરડો એક કરાવ્યો, બદરી પાસે સારો શોભાવ્યો. ૧૫
સિંહાસન તેમાં સરસ રચાવ્યું, ભાળી સૌ જનને મન ભાવ્યું;
ઉમરેઠ તણા રહેનાર, તેડાવ્યા વેદિયા તેહ ઠાર. ૧૬
હરિભાઈ અને ઘેલાભાઈ, જેની વેદવિદા વખણાઈ;
તેણે આવી પ્રતિષ્ઠા કરાવી, પ્રભુએ પ્રતિમા પધરાવી. ૧૭
વિધિ વેદોક્ત રીતે પ્રમાણે, કરી સર્વથા તેહ ઠેકાણે;
ભાખે સૌ પ્રત્યે અક્ષરભૂપ, એહ માનજો મારૂં સ્વરૂપ. ૧૮
જ્યારે હું ક્યાંઈ ફરવાને જૈશ, આમાં રહિ તમને સુખ દૈશ;
કરી દર્શન ભોજન કરજો, મને જાણી ભલો ભાવ ધરજો. ૧૯
નિજજનને શિખવાને કાજ, પ્રતિમાને નમ્યા મહારાજ;
ભાઈ રામદાસે તેહ ઠામ, સ્તુતિ ઉચ્ચારી કીધા પ્રણામ. ૨૦

**શાર્દૂલવિક્રીડિત :**

મૂર્તી ધર્મ થકી ધરી જુગ તનૂ આવ્યા વિશાળા વિષે,
મત્સ્યાદી અવતાર ભાર હરવા ચારૂ ધર્યા ચોવિશે;

દુર્વાસામુનિશાપ આપ રુચિયે આવ્યા વળી આ સમે,
એવા અક્ષરના અધીશ હરિને કીજે પ્રણામ અમે. ૨૧

**ચોપાઈ :**

પછી પ્રણમ્યા મુનિ બ્રહ્મચારી, પ્રણમ્યાં હરિજન નરનારી;
ધર્મશાળા હવેલીને કાજે, પછી જગ્યા કહી મહારાજે. ૨૨
તેની વિગત કહું સુણો રાય, જેહ સાંભળતાં સુખ થાય;
આજ મંદીર છે તહાં આવી, પોતે ચાલીને જગ્યા બતાવી. ૨૩
રૂપચોકી છે જ્યાં દક્ષણાદી, પાયો ત્યાંથી બતાવિયો આદિ;
તહાંથી દિશા પશ્ચિમમાંય, હરિમંડપ છે આજ જ્યાંય. ૨૪
કોઠો ત્યાં કરવો કહ્યો એક, ત્યાંથી ઉત્તરમાં જતા છેક;
ધર્મશાળાનો ખૂણો છે જ્યાંય, બીજો કોઠો કરો કહ્યું ત્યાંય. ૨૫
ચાલ્યા ત્યાંથી પૂરવ દિશમાંય, ગયા આજ કોઠો છે જહાંય;
કહ્યું આંહી સુધી કરો સારી, સાધુઓની ધરમશાળા ધારી. ૨૬
ત્યાંથી ચાલ્યા દક્ષિણદિશ માંહી, કહ્યું દરવાજો મુકજો આંહી;
ત્યાંથી દક્ષિણમાં પરવરિયા, આજ છે હનુમાન ત્યાં ઠરિયા. ૨૭
ત્યાંથી દક્ષિણ માંહિ ભૂમિ છે, દલાભાઈએ જેહ આપી છે;
નિજને માટે ત્યાં કહે માવો, આંહી બંગલો બેશ બનાવો. ૨૮
થયો બંગલો જે તેહ ઠામ, નારાયણમો'લ છે તેનું નામ;
ત્યાંથી પશ્ચિમમાં ચાલી ગયા, રૂપચોકી છે ત્યાં ઉભા રહ્યા. ૨૯
કહ્યું આંહિ સુધી વંડો વાળો, કરી દીસતો રુડો રૂપાળો;
રામદાસભાઈ બોલ્યા ત્યારે, કરશું આપ આજ્ઞાનુસારે. ૩૦
એવી મોટી જગ્યા થશે એમ, ત્યારે કુવા વગર ચાલે કેમ;
આજ મંદિરથી અહો રાય, કુવો છે એક પશ્ચિમમાંય. ૩૧
તહાં આવીને સુંદરશ્યામ, કહે કૂપ કરો એહ ઠામ;
કહી એમ પધાર્યા ઉતારે, રામદાસ મળ્યા વળી જ્યારે. ૩૨
મુખે બોલ્યા મનોહર માવો, કુવો તો એક તરત કરાવો;
રામદાસને તે બોલ ભાવ્યો, કુવો થોડા દિવસમાં કરાવ્યો. ૩૩
નિરખી તેનું નિર્મળ નીર, નાહ્યા તે જળે શ્યામ શરીર;
સંત લૈ ચરણોદક રાખ્યું, ભરી પાત્ર તે કૂપમાં નાખ્યું. ૩૪

વળી બોલિયા ધર્મકુમાર, આ ઠેકાણે અમે ઘણી વાર;
જ્ઞાનવાતો કરી છે અનૂપ, માટે નામ આનું જ્ઞાનકૂપ. ૩૫
ગણતાં મોટું તીર્થ ગણાશે, ગંગા ગોમતીથી શ્રેષ્ઠ થાશે;
કરશે આંહિ જે જન સ્નાન, તેને ઈશ્વરનું થશે જ્ઞાન. ૩૬
એવી શ્રીમુખની સુણી વાત, રીઝયા સંત ને હરિજનવ્રાત;
રામદાસ બોલ્યા મુનિરાય, અતિ ધન્ય આ કૂપ ગણાય. ૩૭

**સ્ત્રગ્ધરા :**

તીર્થોનું તીર્થ તું છે કળુષ[1] સકળનો શત્રુ તું જ્ઞાનકૂપ,
નાહ્યા જઈને સલીલે અતિ રુચિ ધરીને કોટિ બ્રહ્માંડભૂપ;
છે તું ગંભીર કેવો વળી વરતુલ છે કૃષ્ણની નાભિ જેવો,
મોટો માની મહિમા તુજ તટ અડશે દેવ દેવાધિદેવો. ૩૮

**ચોપાઈ :**

પછી વાલાએ ચિત્ત વિચારી, કરી ગઢપુર જાવા તૈયારી;
રામદાસજીને વાત કીધી, જગ્યા કરવા ભલામણ દીધી. ૩૯
બાપુજી તથા રણછોડભાઈ, ઈત્યાદિક હરિજનને ચહાઈ[2];
કહ્યું જગ્યાનું કામ આદરજો, સેવા દેવની આટલી કરજો. ૪૦
બોલ્યા સૌ જન જોડીને હાથ, જગ્યા સારી કરાવશું નાથ;
થશે તે સહુ આપ પ્રતાપે, તેની ચિંતા ન રાખશો આપે. ૪૧
વરતાલથી વાલો વિચરિયા, જૈને ગામ વળાટવે[3] ઠરીયા;
વસોયે ગયા શ્રીવનમાળી, ત્યાંના ભક્તોનો ભાવ તે ભાળી. ૪૨
સામા આવ્યા જનો જેહ જેહ, મુખ્યનામ કહું સુણો તેહ;
દવે દાદા તથા જગન્નાથ, એહઆદિક વિપ્રનો સાથ. ૪૩
તુળસીભાઈ તો પાટીદાર, વાલાભાઈ એ ભક્ત ઉદાર;
શિવો ગઢવી એ સત્સંગી સારા, એહઆદિક સામા પધાર્યા. ૪૪
સનમાન કરી સારી રીતે,પુરમાં પધરાવીયા પ્રીતે;
જમુનાબાઈએ કર્યો થાળ, જમ્યા તે દીનબંધુ દયાળ. ૪૫

૧. પાપ, કપટ ૨. પસંદ કરીને, પ્રેમથી ૩. વલેટવા

સંત પાર્ષદને પણ સારી, આપી સૌએ રસોઈ વિચારી;
ભલો અંતરે આણીને ભાવ, લીધો લાખેણો સૌ જને લાવ. ૪૬
પ્રભુ ત્યાંથી પધાર્યા પલાણે, પછી સંચર્યા ત્યાંથી સંધાણે;
રઘવાણજ ગયા મહારાજ, ત્યાંના સત્સંગીનું કર્યું કાજ. ૪૭
પછી ખેડે પધારિયા હરી, ત્યાનાં સત્સંગીએ સેવા કરી;
પ્રભુજી ગયા જેતલપુરમાં, જન આનંદ પામીયા ઉરમાં. ૪૮
વાલો ત્યાંથી પધાર્યા વસાઈ, હરખ્યાં સહુ બાઈ ને ભાઈ;
ગયા ધોળકે ધર્મકુમાર, પેખી ભક્તોનો પ્રેમ અપાર. ૪૯
રેવાશંકર આદિક જન, સામા આવ્યા હરખ ધરી મન;
વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા, પુરમાં પ્રભુને પધરાવ્યા. ૫૦
ગામ સોંસરા થઈને નિસરિયા, જૈને ચિખલી તળાવે ઉતરીયા;
ત્યાં તો કીધો અવલબાયે થાળ, જમ્યા તે પ્રભુ જનપ્રતિપાળ. ૫૧
કૃષ્ણ ત્યાંથી ગયા એહ કાળે, જવારદ થઈને અડવાળે;
ગયા ત્યાં થકી સુંદરિયાણે, વનાશાયે પૂજ્યા તેહ ટાણે. ૫૨
ગયા સારંગપુર સુખકારી, ત્યાંથી ગઢડે ગયા ગિરધારી;
ગામોગામની લીલા ગણાવે, ત્યારે તો તેનો અંત ન આવે. ૫૩
આ તો મેં કહી સંક્ષેપ માત્ર, સુણશે જન જેહ સુપાત્ર;
ગણ્યાં જે જે પ્રસાદીનાં ગામ, તેનાં સંભારશે સહુ નામ. ૫૪
ગઢપુરમાં રહ્યા ગિરધારી, કરે દર્શન સૌ નરનારી;
ગિરધારી ફર્યા જે જે ગામે, સતસંગ વધ્યો તેહ ઠામે. ૫૫

**પુષ્પિતાગ્રા :**

હરિવર વિચર્યા વિશેષ ગામે, બહુ ઉપદેશ કર્યો જ તેહ ઠામે;
દઢ હરિજન હીમરાજ જેવા, દઢ સતસંગિ થયા અનેક એવા. ૫૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે નરનારાયણ-સ્થાપનનામ પંચસપ્તતિતમો વિશ્રામઃ ॥૭૫॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે અભેસિંહજી, સુણો તમે થઈ સાવધાન;
ભક્ત ભલા હેમરાજશા, એક એનું કહું આખ્યાન. ૧

**ચોપાઈ :**

હરિભક્ત તણાં આખ્યાન, સુણીયે થઈને સાવધાન;
તેથી તેના જેવા ગુણ આવે, પ્રીતિ પ્રભુપદમાં ઉપજાવે. ૨
ધ્રુવ પ્રહ્‌લાદઆદિક કેરાં, લખ્યાં આખ્યાન એવાં ઘણેરાં;
જેણે ભક્તિ કરિ શિર સાટે, સહ્યાં સંકટ સત્સંગ માટે. ૩
થયા સત્સંગી આ સમે એવા, ધ્રુવજી અને પ્રહ્‌લાદ જેવા;
હરિભક્ત ભલા હેમરાજ, એની વાત કહું હવે આજ. ૪
વીશામોઢ વણિક કહેવાય, ધંધુકામાં ઘણો સમુદાય;
સહુ સેવક ગોસાંઈજીના, રહે એને જ એક આધીના. ૫
ધંધુકાથી પાંચ ગાઊ જાણું, ગામ નામ છે સુંદરિયાણું;
હેમરાજ રહે શાહુકાર, ધંધુકામાં જ્ઞાતિ વ્યવહાર. ૬
બડા વૈષ્ણવ એ વખણાય, વૈષ્ણવાગ્રમાં અગ્ર ગણાય;
આવે એકાદશી જેહ વાર, ત્યારે કરે નહીં ફળાહાર. ૭
જાય ધંધુકે ચાલીને પ્રીતે, કુડલી મણ ઘીની સહીતે;
લીયે સાકર ને લોટ ત્યાંથી, મરજાદી[1] જમાડે શ્રદ્ધાથી. ૮
એમ એકાદશી બધી કરે, તેમાં તો પગ પાછો ન ભરે;
એક વલ્લભ સ્વામીને ભજે, બીજા દેવ સમગ્રને તજે. ૯
વળી વૈદકમાં[2] વખણાય, ધનવંતરી તુલ્ય ગણાય;
ક્ષય કે પતરોગ મટાડે, હોય દર્દ ગમે તેહ ટાડે. ૧૦
તેના સુતને થયો સતસંગ, તેથી શેઠ થયા મનભંગ;
પુત્રે મૂળ ધરમ તજી દીધો, નવો ધર્મ અંગીકાર કીધો. ૧૧
એમ મનમાં મુઝાય હમેશ, પણ કહી ન શકે તેને લેશ;
પ્રભુપ્રેરિત આવ્યા એ ટાણે, સ્વામી ગોપાળ સુંદરિયાણે. ૧૨
આવી ઉતર્યા મંદિરમાંય, વનાશા પુંજાશા આવ્યા ત્યાંય;
બેય ભાઈએ આવી શિર નામ્યાં, કરી દર્શન આનંદ પામ્યા. ૧૩

૧. વૈષ્ણવ ધર્મની દીક્ષા લીધેલ ૨. રોગ પારખવાની તે મટાડવાની વિદ્યા

વનાશાને સ્વામી કહે જાઓ, તવ તાતને બોલાવી લાવો;
વનાશા કહે એ નહીં આવે, ગમે તે જન જઈને બોલાવે. ૧૪
કહે સ્વામી કે'જો મંદવાડ, એક સાધુની જોવી છે નાડ;
વનાશા કહે જૈ કરભામી, પિતા ચાલો બોલાવે છે સ્વામી. ૧૫
શેઠ કે'સ્વામી વલ્લભ એક, બીજા બાવા જગતમાં અનેક;
માંદા સાધુનું સાંભળ્યું નામ, ત્યાં તો ચાલીયા તર્ત અકામ. ૧૬
પોતે આવીયા મંદિરમાંય, કહ્યું સ્વામીએ શેઠને ત્યાંય;
જુવો શેઠ અમારી આ નાડી, શું છે રોગ તે દીયો દેખાડી. ૧૭
સ્વામીએ નિજ કર લાંબો કીધો, શેઠના હાથમાં હાથ દીધો;
શેઠે નાડી ગ્રહી જેહ વાર, સ્વામીએ બતાવ્યો ચમત્કાર. ૧૮

**છંદ હરિગીત :**

નાડી ગ્રહી કરની તહાં તો ચટકીને ચાલી ગઈ,
બાહુ તપાશા બેય ત્યાંથી કંઠમાં જાતી રહી. ૧૯
પગની વિલોકી પ્રીતશું તે સબકી ગૈ સાથળ વિષે,
સાથળ વિષે બહુ શોધતાં તો ક્યાંઈ નાડી ના દિસે. ૨૦
પછી કાનમૂળ કપોળ કંઠનિવાસ નાડીનો જહાં,
તે સ્થળ સમસ્ત તપાસિયાં પણ લેશ નહિ નાડી તહાં. ૨૧
તો પણ અતી તન તીવ્ર તેજસ્વી દિસે છે તે સમે,
આશ્ચર્યકારી એવું તન નિજ-આતમા એમાં રમે. ૨૨
રહી આંગુળી ને અગ્ર તેને ખૂબ ખોલાવી તહીં,
જૈ નેત્ર જમણે સદ્ય તે ચકીત બહુ કીધું સહી. ૨૩
ઈત્યાદિ બહુ આશ્ચર્ય જોઈ શેઠ અચરજ પામીને,
નિજ શીશ ચરણે નામિયું ઈશ્વર ગણી એ સ્વામીને. ૨૪
આવી કળાવો યોગની શ્રીકૃષ્ણ તે જાણે સહી,
સ્વામી સ્વયં ભગવાન છો એમાં કશો સંશય નહીં. ૨૫
સ્વામી કહે સરવોપરી સાક્ષાત સહજાનંદજી,
શરણું ગ્રહો તે સ્વામીનું એ આપશે આનંદજી. ૨૬

**ચોપાઈ :**

એમ સદગુરુનો સંગ થયો, જાણ્યા શ્રીજીને સંશય ગયો;
જેમ વર્ષાદ જોગે જરુર, અવની માંહી ઉગે અંકુર. ૨૭
એમ દૈવીને ઉપજે જ્ઞાન, શબ્દ સદ્‌ગુરુના સુણી કાન;
હેમરાજ સુબુદ્ધિ સંજુક્ત, એ તો અક્ષરધામના મુક્ત. ૨૮
ભક્તિ કરવા ધર્યો અવતાર, તેને સમજતાં લાગે ન વાર;
અતિ ઉત્તમ બંધાયું અંગ, શિર સાટે કર્યો સતસંગ. ૨૯
સગાવા'લા લખે પત્ર આમ, તમે ખોટું કર્યું એ તો કામ;
બાપ દાદાનો વૈષ્ણવધર્મ,તમે તેનો તજ્યો કેમ મર્મ. ૩૦
તેનો ઉત્તર લખવાને માંડ્યો, નથી વૈષ્ણવધર્મ મેં છાંડ્યો;
સહજાનંદ ધર્મકુમાર, એ છે વિષ્ણુ તણો અવતાર. ૩૧
તેનો દાસ થયો હવે હુંય, માટે હું પણ વૈષ્ણવ છુંય;
થયા વિઠ્ઠલનાથજી જ્યારે, તેના શિષ્ય થયા મોઢ ત્યારે. ૩૨
તજ્યો બાપદાદા તણો ધર્મ, કર્યું મેં પણ એવું જ કર્મ;
સતસંગ કર્યો શિર સાટે, લખસો નહિ તજવાને માટે. ૩૩
એવામાં કોઈ ગોસાંઈ જેહ, આવ્યા સુંદરિયાણામાં તેહ;
જાણ્યું જે શિષ્ય છે હેમરાજ, એ તો મોટો શ્રીમંત છે આજ. ૩૪
માટે સેવા ઘણી સારી કરશે, સાતસેં રુપયા ભેટ ધરશે;
ત્યાં તો કોઈએ જૈ વાત કહી, થયા છે શેઠ સત્સંગી સહી. ૩૫
માટે નહિ પધરામણી કરે, ભેટ એકે રુપૈયો ન ધરે;
ત્યારે ગોસાંઈએ રચ્યો ઠાઠ, ભર્યા ટોપ પ્રસાદિના આઠ. ૩૬
ઠોર[1] પૂરી ને ગુજાં[2] મીઠાઈ, ભરી વિધ વિધની તેહમાંઈ;
મોકલી હેમરાજને ઘેર, શેઠ સમજીયા ઠગવાની પેર. ૩૭
શેઠે રાખી પ્રસાદી ન કાંઈ, નાણું મુક્યું નહીં ટોપમાંઈ;
ટોપલા તે પાછા લઈ ગયા, જોઈ ગોસાંઈ દિલગીર થયા. ૩૮
પછી ત્યાંથી તો થૈને નિરાશ, ધંધુકામાં કર્યો જઈ વાસ;
મોઢવાણિયા સૌને બોલાવ્યા, સમાચાર બધા સંભળાવ્યા. ૩૯

૧. મેંદાને ઘીમાં તળી ચાસણી ચડાવેલ મીઠાઈ ૨. માવો અને ટોપરું નાંખી બનાવેલ ઘુઘરા

અતિ અંતરે થઈને ઉદાસી, સૌની આગળ વાત પ્રકાશી;
સારા શ્રીમંત વૈષ્ણવ જેહ, લીધા સ્વામિનારાયણે તેહ. ૪૦
ધર્મ વૈષ્ણવી જો તુટી જાશે, બાળબચ્ચાં અમારાં શું ખાશે;
માટે જો દિલમાં દયા ધરો, તેનો કાંઈક ઉપાય કરો. ૪૧
સુણી એક બોલ્યો જન ન્યાય, એનો અમથી ઉપાય શો થાય;
સ્વામી સમજાવીને લે છે જેમ, તમે રાખોજી સમજાવી તેમ. ૪૨
થયા વિઠ્ઠલનાથ સુભાગી, તેણે કોઈની મદદ ન માગી;
ઉપદેશ દઈ દઈ નેક, લીધા અન્યના શિષ્ય અનેક. ૪૩
ઉપદેશ કરો તમે એવો, કરે સ્વામિનારાયણ જેવો;
પરધર્મીને લઈ નવ શકો, નિજપંથ તો સાચવો પક્કો. ૪૪
સાચવી ન શકે જે ગરાસ, તેને ક્યાંથી વધાર્યાની આશ;
એવું સાંભળી બોલ્યા ગોસાંઈ, જે છે સ્વામિનારાયણ ભાઈ. ૪૫
કાંઈ તે વશિકરણ કરે છે, તેથી લોકને વશ કરી લે છે;
કૈંક વેદાંતી વશ કરી લીધા, કૈંક ઢુંઢિયાને શિષ્ય કીધા. ૪૬
કૈંક તો હતા મુસલમાન, કર્યા તેઓને હિંદુ સમાન;
એવી શક્તિ જો હોત હમારી, શીદ માગત મદદ તમારી. ૪૭
અમે કીધો અમારો ઉપાય, પણ તેથી તો કાંઈ ન થાય;
પરસાદ ઘણો મોકલાવ્યો, તે તો રાખ્યો નહિ પાછો આવ્યો. ૪૮
માટે એવો કરો નિરધાર,, મુકો સત્સંગીને નાતબહાર;
તેથી પંથ અમારો રહેશે, અમારાં બાળ આશિષ દેશે. ૪૯
સુણી સહુએ કર્યો ત્યાં ઉચ્ચાર, એ તો શેઠ છે આબરુદાર;
નાતબાહાર કેમ મુકાય, એને કોઈથી કહિ ન શકાય. ૫૦
પણ રાખશું વાત હૃદયમાં, કરશું એમ કોઈ સમયમાં;
એમ કરતાં ઘણા દિન ગયા, હેમરાજશા પણ વૃદ્ધ થયા. ૫૧
મોટા સંકટ સાંખ્યા અનેક, રાખી સત્સંગની પણ ટેક;
કર્યા શ્રીમુખે હરિએ વખાણ, થયું ગ્રંથમાં તે તો લખાણ. ૫૨
આવ્યો શેઠનો આયુષ્ય અંત, આવ્યા તેડવા શ્રીજીને સંત;
ત્રણ પુત્ર આવ્યા શેઠ પાસ, કરું નામ હું તેનાં પ્રકાશ. ૫૩

વનોશા પુંજોશા તથા જેઠો, ભગો ભત્રીજો પણ આવી બેઠો;
કર્યા શેઠને સૌએ પ્રણામ, કહ્યું કાંઈ બતાવો છો કેમ. ૫૪
ત્યારે શેઠ બોલ્યા સવિવેક, સતસંગની રાખજો ટેક;
આવે સંકટ જો કોઈ સમે, તોય ટેક ન છોડશો તમે. ૫૫
આ તો સંસાર છે નાશવંત, સાચા એક શ્રીજી ભગવંત;
માટે શ્રીજી રીઝે તેમ કરવું, બીજા કોઈ થકી નહી ડરવું. ૫૬
તમે ધીરજ ધરજો સદાય, નકી શ્રીહરિ કરશે સહાય;
સુણી ઉચ્ચર્યા સૌ જણ ચાર, અમે ટેક અચળ ધરનાર. ૫૭
મહાકષ્ટ જો પડશે કદાપિ, સતસંગ ન તજીયે તથાપિ;
શુદ્ધ ધર્મ પિતાનો જો હોય, તજે તે તો કુપુત્ર જ કોય. ૫૮

**કુપુત્ર વિષે ઉપજાતિ :**

જે ધર્મ કેરા ગુરુ હોય સારા, નિષ્કામ આદી વ્રત પાળનારા;
તે તાતનો ધર્મ તજી જ જાય, કુપુત્ર તે તો ગણતાં ગણાય. ૫૯
તાતે કરી જે શ્રમથી કમાણી, પુત્રે કુમાર્ગે કરી ધુળધાણી;
જોતાં દરિદ્રી બહુ તે જણાય, કુપુત્ર તે તો ગણતાં ગણાય. ૬૦
જે ચોર જાર વ્યસની થયેલો, અધર્મના પક્ષ વિષે ગયેલો;
અખાદ્ય વસ્તુ પણ જેહ ખાય, કુપાત્ર તે તો ગણતાં ગણાય. ૬૧
તાતે દિધેલું ધરમાર્થદાન, જે ભૂમિકા કે ધન્યધાન્ય યાન[1];
તે પાછુ લેવા ચિત્તમાં ચહાય, કુપુત્ર તે તો ગણતાં ગણાય. ૬૨
પિતા તમારો તપતે ફળ્યો છે, સત્સંગચિંતામણિ તો મળ્યો છે;
તે વ્યર્થ કાઢી નહિ નાંખશુંજી, સ્વશીશ સાટે કરી રાખશુંજી. ૬૩

**ચોપાઈ :**

સુણી શેઠ થયા બહુ રાજી, પછી અક્ષરધામે ગયાજી;
પછી દેહ દહનક્રિયા જેહ, વનાશાયે કરી બધી તેહ. ૬૪
પછી નાતની રીત પ્રમાણે, માંડ્યુ કારજ કરવા તે ટાણે;
લખી કંકોતરી ગામોગામ, નિજ નાત તેડાવી તે ઠામ. ૬૫

૧. વાહન

ખાંડ ઘી મળી સો મણ લીધાં, ભાત ભાતનાં પકવાન કીધાં;
ધંધુકામાં હતા જેહ દ્વેષી, તેણે કીધો વિચાર ત્યાં બેસી. ૬૬
હવે કરીયે ઉપાય અભંગ, એનો છોડાવીયે સતસંગ;
લાગ આવ્યો છે આપણો સારો, શ્રમ કરશું તે સુફળ થનારો. ૬૭
નાતનો મત લૈ એહ ટાણે, શેઠિયા ગયા સુંદરિયાણે;
ચારે ભાઈને પાસે બોલાવ્યા, નાતનો ડર દઈને ડરાવ્યા. ૬૮
તમે સત્સંગનો પક્ષ લેશો, નાતબા'ર તો નિશ્ચે રહેશો;
મળીને નાત મોકલ્યા અમને, સમજાવા આવ્યા અમે તમને. ૬૯
અમે તો છૈયે હેતુ તમારા, માટે માનો ઉચ્ચાર અમારા;
નહિ તો પકવાન રખડશે, વૃદ્ધ ડોસાનું કાર્ય બગડશે. ૭૦
કંઠી સ્વામી તણી તોડી નાંખો, વલ્લભી પંથની કંઠી રાખો;
નાત તો દંડ લેવા કહે છે, પણ અમને વિચાર રહે છે. ૭૧
અમે કહીયે તે તમ હિત સારું, ભલા થઈ માનો વેણ અમારું;
સુણી બોલ્યા વનોશાહ વાણી, વાત પ્રહ્લાદની ઉર આણી. ૭૨
ઘણા મચ્છરના ભય થકી, હવેલી તજે કોઈ ન નકી;
તેમ નાતનો ડર દીલ ધારી, નહી તજીયે આ કંઠી અમારી. ૭૩
છે આ સત્સંગ તો શિર સાટે, નહી તજીયે તે લાજને માટે;
સુણી શેઠીયા બોલીયા ત્યારે, આવો કારજનો દિન જ્યારે. ૭૪
કંઠી એક જ દિન કાઢી નાખો, બીજે દિનથી ભલે વળી રાખો;
નહિ તો નાતબાહાર કરશે, દિકરા દિકરી કેમ વરશે. ૭૫
એવી વાત ઘણી સંભળાવી, પણ તેઓને કાંઈ ન ભાવી;
ત્યારે શેઠિયા બોલ્યા બધાય, હવે છે એક છેલો ઉપાય. ૭૬
નાતથી થાય પંગત જ્યારે, તમો ભાઈયો ચારેને ત્યારે;
અમે રાખીયે પૂરીને ઘરમાં, વાત જુઠી ચલાવીએ નરમાં. ૭૭
સૌએ સત્સંગ દીધો છે છોડી, કંઠી સ્વામીની તો નાખી તોડી;
એવી લોકમાં ફેલાશે વાત, જમી જાશે તેથી બધી નાત. ૭૮
આટલી વાત તો તમે માનો, તેથી જશ તમને આવવાનો;
તેથી ટેક તમારી ન જાશે, રહ્યું નાતનું માન ગણાશે. ૭૯

સુણી બોલ્યા વનોશાહ વાણી, અમે જુક્તિ તમારી તો જાણી;
સતસંગ છોડ્યો કહેવાય, ત્યારે પૃથ્વી રસાતળ જાય. ૮૦
ધર્મ છોડ્યો કહે એમ કરવું, અતિ ઉત્તમ એ થકી મરવું;
દિકરા દીકરી નહિ વરશે, ત્યાગી થૈને ભજન તો તે કરશે. ૮૧
અથવા પ્રજા જેહ ઉછરશે, જેવો સમય તેવું અનુસરશે;
અમે તો રહે જ્યાં સુધી અંગ, છાનો નહી રાખીયે સતસંગ. ૮૨
માટે સતસંગ તજવાની વાત, હવે બોલશો નહિ તમે ભ્રાત;
સુણીને ગયા શેઠો રીસાઈ, જઈને પછી ધંધુકામાંઈ. ૮૩
ગામોગામમાં મોકલ્યા પત્ર, જમવા કોઈ જાશો ન તત્ર;
જશે તે રહેશે નાત બહાર, એવો નક્કી કર્યો નિરધાર. ૮૪
તેથી જમવાને કોઈ ન ગયું, સગું સંકટે કોઈ ન થયું;
એમ કારજનો દિન ગયો, શેઠપુત્રોને શોક ન થયો. ૮૫
વનાશાહ કહે હરખાઈ, પુત્ર હીરા તથા ભગાભાઈ;
જાઓ ગઢપુર શ્રીહરિ પાસ, કરી વિનતિનાં વચન પ્રકાશ. ૮૬
ભક્તવત્સલ હે ભગવંત, આવ્યો ઢુંકડો દિવસ વસંત;
સમૈયો કરો સુંદરીયાણે, તમે નાત અમારી આ ટાણે. ૮૭
જમે સતસંગનો સમુદાય, ત્યારે ડોસાનું કારજ થાય;
એમ કહિ હરિને તેડી આવો, વળી વાત બધી સંભળાવો. ૮૮
એવું સાંભળી ભગો ને હીરો, ગયા ગઢપુર તે શૂરવીરો;
વાટમાં જતાં એમ વિચારે, પૂરા ભાગ્યે પ્રભુજી પધારે. ૮૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પરમ પુનિત ભાગ્ય હોય જ્યારે, પ્રગટ પ્રભુ પધરાય ઘેર ત્યારે;
જપ તપ કરતાં જુગો જ જાય, દરશન તોય ન તેહનું જ થાય. ૯૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે હિમરાજશાહાખ્યાન-કથનનામ ષટસપ્તતિતમો વિશ્રામઃ ॥૭૬॥*

**પૂર્વછાયો :**

ભગો હીરો હરિભક્ત બે, ગામ સુંદરિયાણાના શેઠ;
ત્રીકમજીને તેડવા, ઠર્યા જૈ ગઢપુરમાં ઠેઠ. ૧

**ચોપાઈ :**

બેઠા જ્યાં હતા શ્રીઘનશ્યામ, કર્યા પ્રેમથી દંડ પ્રણામ;
પ્રભુને પદ શીશ નમાવી, બધી વાત કહી સંભળાવી. ૨
વનાભાઈએ મોકલ્યા અમને, અમે તેડવા આવિયા તમને;
રમો ત્યાં આવી રંગ વસંત, આવે સત્સંગી સંત અનંત. ૩
ઘણાં તૈયાર છે પકવાન, જમે ગોપ ને ગોપી સમાન;
ત્યારે ડોસાનું કારજ થાય, અતિ ઉત્તમ એહ ગણાય. ૪
એવા સાંભળીને સમાચાર, મુક્તાનંદને પૂછયો વિચાર;
બોલ્યા મુક્તમુની તેહ ટાણે, સમૈયો કરો સુંદરિયાણે. ૫
સહ્યું સંકટ આપણે કાજ, એની ઈચ્છા પૂરો મહારાજ;
સમૈયો પછી ત્યાં જ ઠરાવી, કંકોતરીયો લખી મોકલાવી. ૬
કહ્યું આનંદસ્વામીને નાથે, તમે જાઓ આ શેઠની સાથે;
કરો સામાન ઉત્સવ કેરો, જોશે રંગ ગુલાલ ઘણેરો. ૭
એવી આજ્ઞા ચડાવીને માથે, ગયા સ્વામી તે શેઠની સાથે;
માઘમાસની પડવે વિચારી, કરી કૃષ્ણે જવાની તૈયારી. ૮
ગઢપુર તથા સંઘ સહીત, પ્રભુજી ગયા ત્યાં ધરી પ્રીત;
સામા સત્સંગી સૌ મળી આવ્યા, ભાત ભાતનાં વાજીંત્ર લાવ્યા. ૯
સ્નેહથી સનમાન કરીને, પુરમાં પધરાવ્યા હરિને;
જેઠાભાઈની મેડીયે સારો, અવિનાશીને આપ્યો ઉતારો. ૧૦
બ્રહ્મચારીને સાધુઓ જૈને, રહ્યા મંદિરમાં સ્વસ્થ થૈને;
તથા સામત ખાચર ઘેર, ધર્મકુળ ઉતર્યું રુડી પેર. ૧૧
જયા ને લલિતાનો ઉતારો, ગાંધી ભાણજીને ઘેર સારો;
દાદા ખાચર આનંદ ભરિયા, ભગાભાઈને ઘેર ઉતરિયા. ૧૨
પછી શ્રીહરિ ત્યાંથી સંચરિયા,પાકશાળા જોવા પરવરિયા;
પાક ભાળી કહ્યું ભગવાને, આટલે શું થશે પકવાને. ૧૩

ઘણા સંઘનો થાશે મેળાવો, માટે સામાન બીજો મગાવો;
લાવો ચાળીશ મણ ખાંડ ઘૃત, કહે શેઠ તૈયાર છે તર્ત. ૧૪
ખપે તેને દેશું પકવાન, ન ખપે તેહને તો આમાન્ન[૧];
પાક વિપ્રોના જુદા કરાશે, જેને જેમ ફાવે તેમ થાશે. ૧૫
કહે હરિ દ્વિજ સૌને જમાડો, ધંધુકે નોતરાં પહોંચાડો;
તહાં સત્સંગના જે અરી છે, તેણે ચોરાશી બંધ કરી છે. ૧૬
એવાં વચન કહ્યાં મહારાજે, ત્યારે વિપ્રોને તેડવા કાજે;
રાજારામ તણા જેહ પુત્ર, પુરુષોત્તમ વિપ્ર પવિત્ર. ૧૭
તેને મોકલ્યા ધંધુકે ગામ, બધા વિપ્રોને બોલાવા કામ;
બ્રહ્મચારી કહે સુણો ભ્રાત, ધંધુકાની કહું હવે વાત. ૧૮
ગામ સુંદરિયાણાથી જ્યારે, ગયા ગોસાંઈ ધંધૂકે ત્યારે;
બોલ્યા મોઢ વણિક પ્રતિ એહ, હોય સત્સંગી બ્રાહ્મણ જેહ. ૧૯
તેને ચોરાશી બહાર મુકાવો, નહિ તો સતસંગ છોડાવો;
ન તજે તો કરાવવો કલેશ, દયા દિલમાં ન રાખવી લેશ. ૨૦
વણિકે બધા વિપ્ર બોલાવ્યા, જાણી ભોજન બ્રાહ્મણો આવ્યા;
વણિકે કર્યો એમ ઉચ્ચાર, મુકો સત્સંગીને નાતબહાર. ૨૧
સગોભાઈ કે ભાણેજ હોય, નાતબાહેર મુકવો તોય;
નારી સ્વામિનારાયણ ભજે, તોય તેને તેનો પતિ તજે. ૨૨
નહિ ખવરાવવું નહિ ખાવું, મરે તોય મસાણ ન જાવું;
સગાનું આવતું હોય સ્નાન, નિજઘેર જ ન્હાવું નિદાન. ૨૩
એવો પક્કો કરો બંદોબસ્ત, થાય સત્સંગનો જેમ અસ્ત;
મળ્યા ત્યાં હતા વિપ્ર અનેક, બોલ્યો વાલમ બ્રાહ્મણ એક. ૨૪
સત્સંગ તજાવતાં ભાઈ, ઘણા ઘર માંહી થાશે લડાઈ;
જમ્યા વિના જો બાળક રહેશે, નાખી નીસાસા શાપ તે દેશે. ૨૫
થાય બહુ જન મનસંતાપ, લાગે એ થકી તો મહાપાપ;
પરમેશ્વરથી દિલ ડરે, એ તો કામ એવું નવ કરે. ૨૬
જોર જુલમથી ધર્મ છોડાવે, મહાપાપી તે મ્લેચ્છ કહાવે;
એવું અલ્લાઉદીન આચરતો, જોર જુલમે મુસલમાન કરતો. ૨૭

૧. કાચું સીધુ

નહીં જ્ઞાન તણો ઉપદેશ, નહિ પ્રશ્ન કે ઉત્તર લેશ;
મરો કે થાઓ મુસલમાન, એટલું જ તે આપતો જ્ઞાન. ૨૮
સારા આચાર્ય ઉપદેશ દેતા, સમજાવી સ્વધર્મમાં લેતા;
જોર જુલમથી ધર્મ ચલાવ્યો, સુણવામાં એવો નથી આવ્યો. ૨૯
ધર્મ તો મન માંહિ રહે છે, નહીં ઉપરનો ડોળ એ છે;
મનમાં નહી જો સમજાય, તેની કંઠી તોડાવે શું થાય. ૩૦
શીદ કલેશ કર્યાનું વિચારો, દિલ માંહી દયા કાંઈ ધારો;
સુણી બોલિયો શેઠ અજ્ઞાની, ધર્મભ્રષ્ટ ઉપર દયા શાની. ૩૧
દુઃખ દે ગભરાવવો એવો, એને આપણા ધર્મમાં લેવો;
શિષ્ય સ્વામિનારાયણના છે, દુઃખ દેવાને જોગ્ય ઘણા છે. ૩૨
ઉંધે માથે કુવા માંહિ ટાંગે, તોય પાપ તેનું નહિ લાગે;
એનાં બાળબચ્ચાં દુખી થાય, તોય દિલમાં ન ધરવી દયાય. ૩૩
સતસંગીની ગાય જો હોય, દયા તે પર કરવી ન તોય;
નહીં માનો અમારી જો વાત, નહીં ચોરાશી કરીયે જ ભ્રાત. ૩૪
પછી વિપ્રોએ કીધો વિચાર, આપ્યો શેઠને ઉત્તર સાર;
સતસંગી છે વિપ્ર વિશેષ, આખી નાતમાં ઉપજે કલેશ. ૩૫
નાતબહાર નહીં જ મુકાય, ભલે હોય થવાનું તે થાય;
એમ કહી ગયા વિપ્ર સમસ્ત, બાંધ્યો વાણિયાએ બંદોબસ્ત. ૩૬
હોય ધર્મમાં મૂડી વાવરવી, નહીં વિપ્રની ચોરાશી કરવી;
એમ વીતી ગયા બહુ દન, હિમરાજશાહે તજ્યું તન. ૩૭
તેની પાછળ કરવી ચોરાશી, વિપ્ર તેડાવ્યા ધંધુકાવાસી;
જવા સૌ થયા તે તો તૈયાર, વાણિયાઓએ કીધો વીચાર. ૩૮
વિપ્ર સર્વ જો સત્સંગી થાશે, તેથી ધર્મ તેનો વધી જાશે;
પછી બ્રાહ્મણ સૌને બોલાવ્યા, સારાં વચન કહી સમજાવ્યા. ૩૯
કહ્યું હે બ્રાહ્મણો એહ ટાણે, ન જશો તમે સુંદરિયાણે;
સતસંગી સહિત દ્વિજ જેહ, અમે આંહિ જમાડશું તેહ. ૪૦
હતી ચોરાશી કરવાની બંધી, છુટી થૈ હવે એહ સંબંધી;
સુણી સૌ બ્રાહ્મણો ખુશી થયા, તેથી સુંદરિયાણે ન ગયા. ૪૧

વનાશાહે તે સાંભળી વાત, હૃદયમાં થયા રળિયાત;
ખર્ચ તો ત્યાંના વાણિયા ખપશે, મુજ તાત નિમિત્ત દ્વિજ જમશે. ૪૨
ઘણા હરિજનના સંઘ આવ્યા, જુદા જુદા ઉતારા કરાવ્યા;
નાત નાતના બ્રાહ્મણ કેરા, થાય તે સમે પાક ઘણેરા. ૪૩
શ્રીજીને અરથે બ્રહ્મચારી, કરે સારી રસોઈ સુધારી;
સંત હરિજન માટે અથાક, દાળ ભાત કર્યાં બહુ શાક. ૪૪
સંત હરિજન પંક્તિયો થાય, પીરસે જઈને જગરાય;
વીત્યા એવી રીતે દિન ચાર, આવી પંચમી તે શુભ વાર. ૪૫
વાલે ખાંતે કર્યો રંગખેલ, થઈ રંગની રેલમ છેલ;
અતિશે જ ઉડાડ્યો ગુલાલ, થયા નિરખીને ભક્તો નિહાલ. ૪૬
જ્યારે ગામમાં બહુ ભીડ થઈ, ત્યારે ગામથી પૂર્વમાં જઈ;
સારો શોભિતો મંચ બંધાવ્યો, માવે ત્યાં રંગખેલ મચાવ્યો. ૪૭
મણ સાત ગુલાલ ઉડાડ્યો, અતિ અદભુત ખેલ દેખાડ્યો;
ક્ષત્રિ કેસરીજીયે જ તત્ર, શ્યામને શિર ધારિયું છત્ર. ૪૮
પછી વાજતે ગાજતે નાથ, પધાર્યા પુરમાં સહુ સાથ;
જેઠાભાઈના ગોખમાં બેઠા, બેઠા સંત ને હરિજન હેઠા. ૪૯
ચારે ભાઈ ઉપર ભગવાન, અતિશે જ થયા મહેરબાન;
આપ્યાં અંગના વસ્ત્ર ઉતારી, લીધાં તેઓએ પૂજવા ધારી. ૫૦
જેમ ઉદ્ધવને મહારાજે, આપી પાદુકા પૂજવા કાજે;
ભગાભાઈને આપિયો ખેશ, હેતે પૂજવા કાજ હમેશ. ૫૧
જેઠાભાઈને આપ્યું અંગરખું, નિત્ય પ્રેમથી પૂજવા સરખું;
પુંજાભાઈને તો સુરવાળ, આપ્યો કરુણા કરીને કૃપાળ. ૫૨
વનાભાઈને તો આપી પાગ, લક્ષ રાખીને પૂજવા લાગ;
પ્રાપ્ત થાય ચિંતામણિ જેમ ,રુદે રાજી થયા સહુ તેમ. ૫૩
નાના ગોપાળાનંદને નાથે, આપ્યો રુમાલ હેતથી હાથે;
સૌને શ્રીહરિ સ્નેહથી મળિયા, ત્રિવિધ તાપ તેહના ટળિયા. ૫૪
વળી રીઝીયા જેને ગોવિંદ, આપ્યાં છાતીમાં ચરણારવિંદ;
પછી આંગણા માંહિ પધારી, ના'યા બાજોઠે બેસી મુરારી. ૫૫
વનાભાઈયે પોતાને ઘેર, બ્રહ્મચારી પાસે રુડી પેર;
રસોઈ કરાવી રાજી થૈને, જમ્યા ત્યાં જગજીવન જઈને. ૫૬

પોઢ્યા જૈ જેઠાભાઈને વાસ, ઉઠ્યા બે ઘડીયે અવિનાશ;
મોડજી જે ગરાશીયા નાતે, તેને ઘેર જઈ જગતાતે. ૫૭
સભા સાંજે સજી ઘણી સારી, ઘણી જ્ઞાનની વાત ઉચ્ચારી;
ભક્ત મૂળો પટેલ ત્યાં આવ્યા, ગાડું શેલડીનું ભરી લાવ્યા. ૫૮
ભીલાં ગોળનાં પણ હતાં એમાં, ગળયો સ્વાદ સુધા જેવો તેમાં;
આવી શ્રીજીને અર્પણ કીધાં, પ્રભુએ સંત સર્વને દીધાં. ૫૯
સતસંગી સહુ એમ જાણે, આવો અવસર નહિ મળે નાણે;
માટે સેવા સારી રીતે કરીયે, હાથ ઠારીને અંતરે ઠરીયે. ૬૦
પછી ત્યાં થઈ ભીડ વિશેષ, ગયા પાદર શ્રીપરમેશ;
તહાં મંચની ઉપર બેસી, ઘણી વાત કરી ઉપદેશી. ૬૧
વાત સાંભળીને બહુ સારી, થયાં આશ્રિત બહુ નરનારી;
સંતે રાસમંડળ તણી રીતે, ગાયાં કીર્તન પ્રીત સહીતે. ૬૨
પ્રભુમૂર્તિ વિષે તેહ વાર, દીસે તેજ તણો તે અંબાર;
જોઈ કોઈને થાય સમાધિ, મટે તેહની આધિ ને વ્યાધી. ૬૩
જેણે જોયો એવો મહિમાય, તેણે સતસંગ કેમ તજાય;
એવો દેખાડી પરમ પ્રતાપ, પછી પુરમાં પધારિયા આપ. ૬૪
જઈને જેઠાભાઈને ઘેર, રાતે પોઢી રહ્યા રુડી પેર;
થયું બીજા દિવસનું સવાર, થયા ચાલવા નાથ તૈયાર. ૬૫
વનોશાહ કહે ભગવાન, પડ્યું છે હજુ તો પકવાન;
માટે આજ રહો મહારાજ, કાલે ચાલજો સહિત સમાજ. ૬૬
કહે કૃષ્ણ જો ઝાઝું જણાતું, બબે લાડવા બંધાવો ભાતું;
પછી તેમ કર્યુ તેહ કાળ, પછી ચાલીયા દીનદયાળ. ૬૭
સતસંગી વખાણે અનેક, રાખી સત્સંગીની ભલી ટેક;
એવી તો કોઈથી ન રખાય, ધન્ય તેહનાં માત પિતાય. ૬૮
પ્રભુજીને વળાવાને કાજ, આવ્યો પાદર સર્વસમાજ;
ચારે ભાઈ પગે લાગ્યા જ્યારે, તેને શ્રીહરિએ કહ્યું ત્યારે. ૬૯
માગો માગો તે દઉ વરદાન, તમે છો મહામુક્ત સમાન;
માગતાં મન શંકા ન ધરવી, હોય ઈચ્છા તે ખુલ્લી ઉચ્ચરવી. ૭૦

**પુષ્પિતાગ્રા :**

પ્રભુ નિજજને પ્રસન્ન થૈને, મુદિત કરે મનમાં મનોર્થ દૈને;
સકળ સુનિધિ આપવા સમર્થ, હરિજન લે ન વિનાશવંત વ્યર્થ. ૭૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે હિમરાજશાહાખ્યાન-કથનનામ સપ્તતિતમો વિશ્રામઃ ॥૭૭॥*

**પૂર્વછાયો :**

હરિકથામૃત પાન તે, કરતાં નૃપતિ તેહ ઠામ;
હરે હરે મુખ ઉચ્ચરે, કાં તો જય જય શ્રીઘનશ્યામ. ૧

**ચંદ્રાવળા :**

ભૂપતિને બ્રહ્મચારી કહે છે ધરિને હરિનું ધ્યાન,
હરિલીલામૃત હું કહું છું તે કરો કથામૃતપાન;
કરો કથામૃતપાન સૂરીતે પીયૂષપાન કરે જેમ પ્રીતે,
ઘૂંટડે ઘૂંટડે વારંવાર હે અભેસિંહ કરો ઉચ્ચાર;
જય જય શ્રીઘનશ્યામ. ૨

ભક્ત વનાશા આદિક ભાઈ વદિયા મળતાં વેણ,
પ્રેમથી તનપુલકાવળી આવે નીર ભરાયાં નેણ;
નેણ ભરાયાં નીર અતિશે માત વિછોયા બાળક દિસે,
ગદગદ કંઠ કર્યો ઉચ્ચાર હે પરમેશ્વર પ્રાણઆધાર..જય૦ ૩

ઓ પ્રભુ આપ તણી ઈચ્છાથી ઉપજે વિશ્વ અનેક,
પાલન કરનારા પણ આપે ઈશ્વર સૌના એક;
ઈશ્વર સૌના એક તમે છો સુખમય સાગર સર્વ સમે છો,
જો ઉલટાવો અક્ષિવિલાસ[1] વિશ્વ સકળનો થાય વિનાશ..જય૦ ૪

શ્રીહરિ આપ સમર્થ સદા છો છે ઐશ્વર્ય અપાર,
ભવ બ્રહ્મા તમને જ ભજે છે પૂરણ રાખી પ્યાર;
પૂરણ રાખી પ્યારા પૂજે છે તે થકી તેનું કામ સૂજે છે,
દેવ બધાય તમારા દાસ દર્શનની ઉર રાખે આશ..જય૦ ૫

૧. ભ્રકુટીનો વિલાસ, આંખનો ઈશારો

આપ તણી આજ્ઞા જ પ્રમાણે વરસે છે વરસાદ,
આપ તણી આજ્ઞાથી સાગર મૂકે નહીં મરજાદ;
મૂકે નહિ મરજાદ કદાપિ પાળ વગરનો તેહ તથાપિ,
આપની આજ્ઞાથી યમરાય જમપુરમાં જીવને લઈ જાય..જય૦ ૬
જો પ્રભુ અમને આપ કહો છો દેવાનું વરદાન,
તો અમને તમે એટલું આપો રહે તમારું ધ્યાન;
રહે તમારું ધ્યાન નિરંતર અન્ય વિચાર રહે નહિ અંતર,
માગિયે અન્ય વળી વર એક તુટે નહિ સતસંગની ટેક..જય૦ ૭
આપની પાસે ભકત ન ઈચ્છે દૈહિક સુખ દયાળ,
પુત્ર તથા પરિવાર ન માગે માગે નહિ ધન માલ;
માગે નહિ ધન માલ વડાઈ રાજસમૃદ્ધિ તથા પ્રભુતાઈ,
માગે નહી નિજ શત્રુવિનાશ એકજ આપની ભક્તિની આશ..જય૦ ૮
પાંડવમાયે[1] મુખથી માગ્યો સંકટકાલ સદાય,
જેથી નિરંતર અંતર માંહિ સ્મરણ તમારું થાય;
સ્મરણ તમારું થાય તે દેજો અમને પણ પ્રભુ એમ રહેજો,
નાત સગા થકી થાય ન રાગ અંતરમાં ઉપજે વૈરાગ..જય૦ ૯
દયા કરી વળી દર્શન દેજો આવી અમારે ગામ,
દાસ તણા પણ દાસ અમોને ગણજો દીન ગુલામ;
ગણજો દીન ગુલામ તમારા અવગુણ જોશો નહિ જ અમારા,
અમ સરખા હરિભક્ત અનેક ઈષ્ટ અમારે તો તમે એક..જય૦ ૧૦
કેમ વિજોગ થકી રહેવાશે અંતર થાય ઉદાસ,
રાત દિવસ અમને પ્રભુ રાખો પદઅરવિંદની પાસ;
પદારવિંદની પાસ જ રાખો ભજન અમે કરીયે ભવ આખો;
એમ ઉચ્ચારણ કરતા એહ ધીરજ ધરી શક્યા નહિ તેહ..જય૦ ૧૧
ધર્મકુમારે ધીરજ દીધી મધુરવચન કહી સાર,
હે હરિભકત નહીં ગભરાશો આવશું બીજી વાર;
આવશું બીજી વાર આ ઠામે તમને મળવા હળવા કામે,
હું તમથી નહિ દૂર જઈશ દિલમાં દર્શન નિત્ય દઈશ..જય૦ ૧૨

૧. કુંતાજી

તમને હરિજન જાણી અમારા દ્વેષ કરે છે જેહ,
અવસર આવે એ સહુ લેશે પાપ તણું ફળ તેહ;
પાપ તણુંફળ તેહને થાશે પાપ તણો ઘટ જ્યારે ભરાશે,
દેવકીના સુત માર્યા સાત ત્યાં સુધી કંસનિ કીધી ન ઘાત..જય૦ ૧૩
એમ કહી કહી પાછા વાળ્યા શેઠ ગયા સ્વસ્થાન,
સંતસમાજ સહિત પધાર્યા ભેંસજાળ ભગવાન;
ભેંળજાળ ભગવાન જઈને ભાતું જમ્યા ભલી ભાત લઈને,
ત્યાંથી વિહાર કરી તતકાળ દુર્ગપુરે ગયા દીનદયાળ..જય૦ ૧૪
દ્વેષ કર્યો હરિજનનો જેણે તેને તેનું પાપ,
પકવ થઈને પ્રગટ્યું ત્યારે પામ્યા કષ્ટ અમાપ;
પામ્યા કષ્ટ અમાપ અભાગી કોઈકની તો દુકાન જ ભાગી,
કોઈનો ન રહ્યો પરિવાર નિર્દય કોઈ ગયા જમદ્વાર..જય૦ ૧૫
આખ્યાન આ હિમરાજનું હેતે જે સુણશે નરનાર,
સત્સંગમાં દઢ સ્નેહ ધરીને પામે ભવજળ પાર;
પામે ભવજળ પાર તરીને થાય નિવાસ સમીપ હરિને,
ધન્ય ધર્યો અવતાર જેહ ભજે ભવતારણહાર..જય૦ ૧૬
હે રાજન હિમરાજશાહનો પવિત્ર જે પરિવાર,
સંકટ સાંખે નાત તણું નિત હજી છે નાતબહાર;
હજી છે નાતબહાર તે અન્યા પુત્રોને કોઈ ન આપે કન્યા,
એવું સંકટ સહી સદાય પ્રગટ પ્રભુના તે ગુણ ગાય..જય૦ ૧૭

**ચોપાઈ :**

પછી જૈ પ્રભુ બોટાદમાંય, ફુલદોલ ઉત્સવ કર્યો ત્યાંય;
સમૈયો તહાં સારો ભરાયો, શોભા પામ્યો તે સૌથી સવાયો. ૧૮

**પૂર્વછાયો :**

બોટાદમાં બહુનામીયે, પુષ્પદોલ ઉત્સવ કર્યો જેહ;
વિસ્તારથી તેહ વરણવું, સુણો ધરિને મનમાં સ્નેહ. ૧૯

**ચોપાઈ :**

હતા ગઢપુરમાં મહારાજ, તેનાં દર્શન કરવાને કાજ;
ગયા બોટાદથી ઘણા જન, તેણે ઈચ્છા ધરી એવી મન. ૨૦
પુષ્પદોલનો ઉત્સવ જેહ, કરે બોટાદમાં પ્રભુ તેહ;
કંકોતરિયો લખી મોકલાવે, દેશ દેશના સંઘ તેડાવે. ૨૧
ઘણો મોટો સમૈયો ભરાય, ગામ બોટાદ પ્રખ્યાત થાય;
લીલા ગ્રંથમાં તે તો લખાય, જુગોજગ લગી તેહ વંચાય. ૨૨
જ્યાં જ્યાં લીલા કરી ઘનશ્યામે, તીર્થ ભૂમિ થઈ તેહ ઠામે;
માટે કહીયે જઈ પ્રભુ પાસ, પ્રભુ પુરશે આપણી આશ. ૨૩
એવું ધારીને ચાલીયા એહ, તેમાં મુખ્ય હતા કહું તેહ;
ભગોદોસી ભલા હરિભક્ત, રહે ઘરમાં ને મનમાં વિરક્ત. ૨૪
ચકુ કરશન ને નાનચંદ, જેને વા'લા શ્રીધર્મનો નંદ;
મુળચંદ ને હીરો વસાણી, ભજે શ્રીજીને ઉત્સાહ આણી. ૨૫
ભક્ત કેશવજી છે પારેખ, જેના નામથી શોભે આ લેખ;
ભક્ત અમરશી જે કંસારા, પ્રભુ પ્રગટને તે ભજનારા. ૨૬
એહ આદિક કૃષ્ણના દાસ, ગયા ગઢપુરમાં પ્રભુ પાસ;
સ્તુતિ સ્નેહ સહિત ઉચારી, સુણિ રીઝિયા શ્રીગિરધારી. ૨૭
કહે ભક્તો અહો ભગવાન, ધર્મનંદન કરુણાનિધાન;
અમે આવ્યા છૈયે ધરિ આશ, નાથ અમને ન કરશો નિરાશ. ૨૮
સમૈયો પુષ્પદોલનો સ્વામી, કરો બોટાદમાં બહુનામી;
કંકોતરીયો લખી મોકલાવો, દેશદેશના સંઘ તેડાવો. ૨૯
સંતમંડળ ફરવા ગયેલાં, જે જે ગામમાં જઈને રહેલાં;
આવે બોટાદ સર્વ સમાજ, એવી આજ્ઞા કરો મહારાજ. ૩૦
ગઢપુરમાં ને વરતાલમાંય, જેમ સારા સમૈયા ભરાય;
લીલા બોટાદમાં કરો એવી, સદા સૌને સંભારવા જેવી. ૩૧
લીલા ગ્રંથમાં તે તો લખાય, ગામ લીલાનું સ્થાન ગણાય;
સુણી બોલિયા શ્રી મહારાજ, તમે સાંભળો ભક્તસમાજ. ૩૨

જ્યાં જ્યાં ભારે સમૈયા ભરાય, ઘણાં માણસની ભીડ થાય;
આવે ગાડાં ને ઘોડાં અપાર, રહે ગામમાં ને કોઈ બહાર. ૩૩
કથા વાતમાં સર્વનું ધ્યાન, વાહનાદિકનું નહિ ભાન;
ત્યારે ગામના સરદાર, બંદોબસ્ત બધો રાખનાર. ૩૪
અમે બોટાદમાં કોણ કરશે, કોઈ વાહન જો છુટાં ફરશે;
કરે જો કોઈનો ભજવાડ[1], તેની આવે કદાપિ જો રાડ. ૩૫
કાં તો સંઘની ચીજ ચોરાય, ચોકી કરવાને કોણ ચહાય;
એવું કામ જો તમથી કરાય, તો ત્યાં સારો સમૈયો ભરાય. ૩૬
બોલ્યા હરિજન ધારીને ધીર, ત્યાં છે ખાચર નામે હમીર;
તથા કાનો પટેલ છે જેહ, બાર ગામના છે મુખી તેહ. ૩૭
બંદોબસ્ત તે રાખશે બહુ, સુખથી રહેશે જન સહું;
કહે શ્રીજી તહાં જાઓ તમે, આજ કાલમાં આવશું અમે. ૩૮
જેવો ભાળશું સર્વનો ભાવ, નકી ત્યાં આવી કરશું ઠરાવ;
એમ કહી કર્યા સૌને વિદાય, ચોથે દિન ત્યાં ગયા હરિરાય. ૩૯
હમીર ખાચરને દરબાર, ઉતર્યા જઈ વિશ્વઆધાર;
પૂર્વમુખ ઓરડાની ઓશરિયે, સ્વજનોની સભા ભરી હરિયે. ૪૦
પલંગે બિરાજ્યા પરમેશ, પછી ઉચ્ચર્યા શ્રીઅખિલેશ;
સમૈયો પુષ્પદોલનો જે છે, આંહી કરવાનું ભક્તો કહે છે. ૪૧
દેશ દેશનાં સંઘ ભરાય, એથી કોઈને અડચણ થાય;
બંદોબસ્ત તેનો કોણ કરશે, કોણ ચિત્તમાં ચિંતા તે ધરશે. ૪૨
ત્યારે ખાચર બોલ્યા હમીર, તથા કાનો પટેલ અમીર;
અમો બે કરશું બંદોબસ્ત, સુખથી રહે સંઘ સમસ્ત. ૪૩
પ્રભુ જો કૃપા આપની હશે, તેથી સર્વ સારાં વાનાં થશે;
સુણી એવું બોલ્યા અવિનાશ, સાંઢગઢ છે આ ડુંગર પાસ. ૪૪
સમૈયો ભલો તે સ્થળ ભરશું, લીલા બોટાદ પાસે જ કરશું;
સર્વ સામાન કરવો તમારે, અમે ગઢપુર જાશું સવારે. ૪૫
કંકોતરીયો લખાવશું બહુ, સંત હરિજન આવશે સહુ;
ગઢપુરમાં લીલા કરી જેવી, થશે બોટાદમાં પણ તેવી. ૪૬

૧. ભાંગતોડ, નુકશાન

સુણી રાજી થયા સર્વ દાસ, ગયા ગઢપુર શ્રીઅવિનાશ;
બધે પત્ર લખી મોકલાવ્યા, સંત હરિજન સૌને તેડાવ્યા. ૪૭
ત્યાં તો બોટાદમાં હરિજને, મોટો હરખ ધરી નિજ મને;
કર્યા સામાન સર્વ તૈયાર, પકવાન પડાવ્યાં અપાર. ૪૮
નાનાચંદના ઘર નવાં સારાં, લિંબડાવાળા પૂરવદ્વારાં;
તેમાં સારી કરી પાકશાળા, કર્યા મોતૈયા લાડુ રુપાળા. ૪૯
હરિભક્તોને વાધ્યો ઉત્સાહ, જેવો પોતાને ઘેર વિવાહ;
કર્યો સૌ મળી એવો વિચાર, ઉતારાનો કરો નિરધાર. ૫૦
ગામો ગામના સંઘ ભરાશે, ક્યાં ક્યાં ઉતારા તેહના થાશે;
સભા શ્રીજી કિયે સ્થળે ભરશે, બધા સાધુ ક્યાં આવી ઉતરશે. ૫૧
દેવી રાંગળીનો વડ જયાંય, સર્વે સાધુઓ ઉતરે ત્યાંય;
તથા તેહ તળાવની પાળને, લીંબડાના છે ઝાડ વિશાળે. ૫૨
સભા તે સ્થળે શ્રીહરિ ભરશે, ઊંચા મંચમાં આસન કરશે;
જગ્યા છે નદીને સામે પાર, દિશા તો દક્ષિણાદિ મોઝાર. ૫૩
જે જે સંઘ હશે આવનારા, તે તો ત્યાં કરશે જ ઉતારા;
પાવડા ને કોદાળિયા લૈને, તે તે જગ્યાએ હરિજન જઈને. ૫૪
જગ્યા જોઈ સુધારવા લાગ્યા, ઝાઝી રાત સુધી કૈંક જાગ્યા;
કામ પોતાના ઘરનું જો હોય, કદી પાવડો ઝાલે ન કોય. ૫૫
શાક પૈસાનું જો ઘેર લાવે, તે મજૂર પાસે ઉપડાવે;
એવા શ્રીમંત કોમળ અંગે, મંડ્યા પાવડા લૈને ઉમંગે. ૫૬
સાચા મનથી કરે શ્રમ એવો, આખે અંગે વળે પરસેવો;
ભાળે ભક્તિ એવી એહ સ્થાન, અંબરીષનું ઉતરે માન. ૫૭
કર્યું સાફ તે વાળી મેદાન, જળ છાંટ્યું વળી તેહ સ્થાન;
કરી વળીયો ને વાંસની વાડ, પાસે ઝુકી રહ્યાં ભલાં ઝાડ. ૫૮
ઉંચે બુંગણ બંધાવ્યા એવાં, શોભે તે ચંદરવા જેવાં;
છાંયો શીતળ સુંદર લાગે, જોતાં ભૂખ ને તરસ તો ભાગે. ૫૯
ઘણાં ગાદલાં ગોદડાં લાવ્યા, ઘાસ મેખોના[૧] ગંજ કરાવ્યા;
શુદી તેરશ આવી સુહાતી, ત્યાં તો સંઘ આવ્યો ગુજરાતી. ૬૦

૧. તંબુના દોરડા બાંધવા લાકડાની ખીલીઓ

એને આદર આપીને સારો, આપ્યો ઉતરવાને ઉતારો;
બહુ સારી કરી બરદાશ, તેમાં કાંઈ ન રાખી કચાશ. ૬૧
ઘેરે આવે સગા મિજમાન, એવું થઈ ન શકે સનમાન;
ધન્ય બોટાદના હરિજન, રહે હાજર રજની ને દિન. ૬૨
આવ્યો ચૌદશનો દિન જ્યારે, આવ્યાં સંતનાં મંડળ ત્યારે;
તે તો દૂરથી એવાં દેખાય, પ્રભાતે રાતું વાદળ થાય. ૬૩
એ તો શ્રીજી આવ્યાની એંધાણી, તે તો સૌ હરિભક્તોયે જાણી;
રવિ ઉગવાનો હોય જ્યારે, રાતો આભ પ્રથમ થાય ત્યારે. ૬૪
સંતને વડ હેઠે ઉતારો, આપ્યો તે લાગ્યો સર્વને સારો;
અતિ ધન્ય તે વડઅવતાર, મહિમા વધ્યો અપરમપાર. ૬૫
મોટા સંત અક્ષરમુક્ત જેવા, જેની છાયામાં ઉતર્યા એવા;
પધાર્યા પછી પ્રાણઆધાર, સાથે કાઠીના સો અસવાર. ૬૬
પોણોસો ભલા તે સાથે પાળા, ઢાલ તરવાર બંદુકવાળા;
લડવૈયા પરાક્રમી પૂરા, જેણે જીત્યા કામાદિક શૂરા. ૬૭
સંઘ ગઢપુરનો પણ આવ્યો, રથ ગાડાં ઘણાં સંગે લાવ્યો;
એવું સાંભળી થઈને ઉમંગી, ચાલ્યા સામૈયે સૌ સતસંગી. ૬૮
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, તેની ગર્જનાથી ભૂમિ ગાજે;
વાજે ભુંગળ તાલ મૃદંગ, સુણી સૌને વધે ઉછરંગ. ૬૯
ઢોલ ત્રાંસાં તથા શરણાઈ, વાજે નોબત લાગે નવાઈ;
મળી ચાલ્યાં ઘણાં નરનાર, ગાય કીર્તન હરખે અપાર. ૭૦
ચાલ્યા સામૈયું કરવાને કામ, તેનાં મુખ્ય કહું હવે નામ;
ભક્ત હમીર ને સુત દાહો, ચાલ્યા લેવા અલૌકિક લાહો. ૭૧
ભક્ત માતરો ધાધલ નામ, ભક્ત ગોદડ સદ્‌ગુણધામ;
ભક્ત નાથાનું પણ ભલું મન, એહ આદિ કાઠી હરિજન. ૭૨
ભગોદોશી ભલા હરિભક્ત, એ તો અક્ષરધામના મુક્ત;
શેઠ કરશન ને નાનચંદ, ચકુરામજી ને મૂળચંદ. ૭૩
એક કેશવજી હીરા બેય, ભલા ભક્ત ભાવના કહેય;
શેઠ કરશનજી હકુભાઈ, જેની ભક્તિ ભલી વખણાઈ. ૭૪

કહું કંસારા ભક્ત અમરશી, મોતીભાઈની પણ મતિ સરસી;
સોની વાઘો ભુલો તથા તળશી, નારાયણ સોની બુદ્ધિ અચળશી. ૭૫
સોની ભુલો ને સોની દયાળ, વેણીરામ તો વિપ્ર શ્રીમાળ;
જગન્નાથ તથા ભગવાન, અને ગોવિંદ પણ ગુણવાન. ૭૬
વિપ્ર નરસિંહ ને મોનો પંડ્યો, શિવો હરખો તે ભજનમાં મંડ્યો;
પરમો અણદો અને રામો, દમો વિશરામ સદબુદ્ધિ પામ્યો. ૭૭
ગંગારામ ને બેચર જદુ, એના સદ્‌ગુણ તે શા હું વંદુ;
ભગો મેરાઈ દેવજી નામ, પુંજો સુતાર પણ નિષ્કામ. ૭૮
જેઠો મુળજી પરમો કુબેર, પ્રભુને ભજે તે રુડી પેર;
બોઘો રંગનાથ નામે મેરાઈ, થયા મુક્ત તે હરિગુણ ગાઈ. ૭૯
હવે સોની પરજીયા જાણો, ધનોભક્ત હમીર ને રાણો;
મિયાં મસ્તી સિપાઈની જાત, ભગો મઘો બે દલવાડી નાત. ૮૦
સોનબાઈ વણિક જીવુબાઈ, હીરુ ને મધુ પણ વખણાઈ;
બાઈ રતન તથા બાઈ માન, રાજુબાઈ મહાધર્મવાન. ૮૧
નાની તેજુ કમર ધર્મવાળી, હિરબાઈ ત્યાં વિપ્ર શ્રીમાળી;
રામબા રૂપબા માનબાઈ, બાઈ કુંવર કુંભાર ગણાઈ. ૮૨
એહ આદિક બહુ નરનારી, ગયાં હરિસનમુખ હર્ષ ધારી;
ચાલ્યા સૌ તે ચૌટા વચે થઈ,તાજપરના ઝાંપા ભણી જઈ. ૮૩
જાળવાળી જ્યાં છે ભલી ધાર[૧], ભેટ્યા ત્યાં સૌને ભક્તિકુમાર;
કર્યા પુરુષોએ દંડપ્રણામ, વંદે મામાઓ સૌ તેહ ઠામ. ૮૪
આવે નેણમાં પ્રેમનાં નીર, થાય રોમાંચ સૌને શરીર;
સૌને બોલાવીને તેહ સ્થાન, ભુજા ભીડી ભેટ્યા ભગવાન. ૮૫
સખા શ્રીજીના જે હતા સંગે, મળ્યા તે પણ સૌને ઉમંગે;
હતા બોટાદના ભક્ત લાવ્યા, હાર તોરા તે હરિને ધરાવ્યા. ૮૬
ભજે જેને ભવાની મહેશ, પ્રભુ પુરમાં કરે છે પ્રવેશ;
એ તો અચરજની વડી વાત, ધન્ય તે પુરના જનજાત. ૮૭

૧. ટેકરો

**પુષ્પિતાગ્રા :**

અખિલ જગતના અધીશ જેહ, ધરિ નરદેહ પધારિયા જ તેહ;
નયનથી નિરખ્યા સુનેહ આણી, અતિશય ધન્ય ગણાય એહ પ્રાણી. ૮૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિબોટાદ-પુરવિચરણનામાષ્ટ સપ્તતિતમો વિશ્રામઃ ॥૭૮॥*

**પૂર્વછાયો :**

બોટાદ પુરમાં પેસતાં, વાલે કેવો ધર્યો તનવેશ;
તે નિત્ય ધરિયે ધ્યાનમાં, હેતે સાંભળો હે વસુધેશ. ૧

**ચોપાઈ :**

કિનખાબનાં ઝાકઝમાળ, ધર્યા ડગલી તથા સુરવાળ;
રેંટો સોનેરી કોરનો સારો, ધર્મનંદને મસ્તકે ધાર્યો. ૨
કેડ્યે પણ રેટો એવો જ કસિયો, જોતાં હરિજનને મન વસિયો;
ધોળો રુમાલ રાખ્યો તે હાથે, ધર્યા હેમકડાં મુનિનાથે. ૩
બાજુબંધ ને પોંચીયો ધારી, વેઢ વીંટીયો પણ બહુ સારી;
કોટે ઉતરી સોનાનો દોરો, પુષ્પના હાર પુષ્પનો તોરો. ૪
રોઝે ઘોડે થયા અસવાર, તેની શોભા તણો નહિ પાર;
ગુણવંતો ગરુડ છે જેહ, રોઝા ઘોડારૂપે થયો તેહ. ૫
ધાર્યું નરતનું ભૂપના ભૂપે, ત્યારે પક્ષી થયો પશુરૂપે;
શંખલાદનું[1] શોભે પલાણ, થાય વિધ વિધ તેનાં વખાણ. ૬
મોંઢે રૂપાનો પૂતળીવાળો, બહુ મોવડ શોભે રૂપાળો;
કંઠે રૂપાનો હુલર ભારી, સારી ડુમચી પાછળ ધારી. ૭
હય હંસ તણી ગતિ ચાલે, દેવો આકાશમાં રહી ભાળે;
શોભે સંગે કાઠી અસવાર, એના અંગે ઉમંગ અપાર. ૮
દાદો ખાચર સોમલો સૂરો, વસતો અલૈયો બળે પૂરો;
જીવો મુળુ નાજો અને રામો, ઘેલો નાંગમાલો મુદ પામ્યો. ૯

૧. શંખ જેવા આકારની નાની કારીગરીની દળી

નાનાભક્ત રાઠોડ ધાધલ, વાઘાનું મન પણ નિર્મળ;
મામૈયો તથા માતરો ઘેલો, ડોસો સોમલો મોકો ને વેલો. ૧૦
ભક્ત માણશિયો ઝીણોભાઈ, પુંજાભાઈ તથા કાકોભાઈ;
હરિભાઈ જેઠોભાઈ કાયો, જેઠોભક્ત ભલો જ ગણાયો. ૧૧
ભક્ત સુજો તથા ભક્ત વરસો, એક એકથી સત્સંગી સરસો;
નદીમાં થઈ અસ્વારી ચાલી, તાજપરના ઝાંપામાં મહાલી. ૧૨
કરે ચમર મુકુંદ બ્રહ્મચારી, છત્રી પાળા રતનજીએ ધારી;
છડિઘર બોલે જય જયકાર, આવ્યા દર્શને લોક અપાર. ૧૩
વાજે ભુંગળ તાલ મૃદંગ, ઢોલ ત્રાંસા ને ચંગ ઉપંગ;
ઘણા હરિજન કીર્તન ગાય, બોલે શ્લોક મોટા મુનિરાય. ૧૪
કોઈ ભક્ત ઉડાડે ગુલાલ, દીસે અવની ને આકાશ લાલ;
આવી ચૌટા વચે અસવારી, કરે વંદન સૌ નરનારી. ૧૫
અબળા કોઈ આશિષ દે છે, કોઈ માવાનાં મીઠડાં લે છે;
કરે પુરુષ પરસ્પર વાત, ભાઈ આપણાં ભાગ્ય અઘાત. ૧૬
પ્રભુ અક્ષરધામના વાસી, ક્યાંથી નિરખિયે નેત્ર વિકાસી;
લીલા ઉત્તમ આ સ્થળે થાશે, તીર્થ ગઢપુર તુલ્ય ગણાશે. ૧૭
રથ ગાડાં તણો નહી પાર, એ તો ચાલે તે અસ્વારી લાર[૧];
એમ કુંભારવાડામાં થૈને, ઉતર્યા રાંગળીવડે જઈને. ૧૮
હતો ગાડા ઉપર પલંગ, કિનખાબનું ગાદલું સંગ;
વળી ઓછાડ પાથર્યો હતો, દુધફીણ જેવો ચળકતો. ૧૯
હતો તકિયો ઓઠીંગણ કાજ, વિરાજ્યા ત્યાં શ્રીજીમહારાજ;
સભા થૈ પ્રભુ આગળ સારી, ઘટે તેમ બેઠાં નરનારી. ૨૦
જ્ઞાનવાત કરી મહારાજે, સ્નેહે સાંભળી સર્વ સમાજે;
ભક્ત લંઘો નામે વલીભાઈ, સારી લૈને આવ્યા શરણાઈ. ૨૧
તેણે રાગ આલાપિયા એવા, ડોલે સાંભળી તુંબરુ જેવા;
સુણી રીઝિયા શ્રીઘનશ્યામ, માગો માગો કહ્યું તેહ ઠામ. ૨૨
મુખથી તમે માંગશો જેહ, એહ અવસરે આપીશ તેહ;
એમ વાલે કહ્યું ત્રણ વાર, વલીભાઈ બોલ્યા તેહ ઠાર. ૨૩

૧. લટાર, લાંબી હાર

નથી માયિક વસ્તુની આશ, રાજી કરવા ઈચ્છુ અવિનાશ;
કર્યો આગ્રહ શ્રીભગવાને, પણ માગ્યું નહીં વરદાને. ૨૪
ત્યારે હાથનો બાજુ ઉતારી, નાખ્યો તેના ઉપર કૃપાકારી;
જાણે શ્રીહરિની કૃપા જેહ, બની બાજુને આકારે તેહ. ૨૫
દીસે હરિની દયામય દૃષ્ટિ, જાણે થઈ કરુણામૃત વૃષ્ટિ;
પછી લૈને સરોદા સતાર, સંતે ગાવણું કીધું તે ઠાર. ૨૬
શ્રીજી સાંભળી ડોલવા લાગે, મોર મેઘનાદે જેમ જાગે;
સંધ્યાસમય થયો તહાં જ્યારે, કરી આરતિ ને ધુન્ય ત્યારે. ૨૭
ગામના જનોને કહે માવો, મેમાનોને ઉતારો કરાવો;
પછી ઉતારો કરવાને કામ, ગયા મેમાન કરીને પ્રણામ. ૨૮
દાદા ખાચર આદિક જેહ, તથા બાઈયો જે હતી તેહ;
તેઓને ભગાશેઠને ઘેર, આપ્યો ઉતારો તે રુડી પેર. ૨૯
બીજાને પણ જ્યાં ઘટે જેમ, આપ્યો ઉતારો સર્વને એમ;
દાહા ખાચરને દરબાર, ગયા તે પછી પ્રાણઆધાર. ૩૦
કર્યો ઉતારો ત્યાં કૃપાનાથે, પછી પાર્ષદોને લઈ સાથે;
નાનચંદજી શેઠને ઘેર, પધાર્યા પ્રભુજી રુડી પેર. ૩૧
તેને ઘેર હતી પાકશાળા, બેઠા ત્યાં જઈ દીનદયાળા;
બેસી બાજોઠે શ્રીભગવાન, શુદ્ધ જળથી કર્યું પોતે સ્નાન. ૩૨
કોરાં વસ્ત્ર ધરીને કૃપાળ, જમ્યા ત્યાં પકવાનનો થાળ;
સંત હરિજનને ત્યાં જમાડ્યા, સારી રીતે સંતોષ પમાડ્યા. ૩૩
સૌને ઉતારે સંભાળ લીધી, ઘાસ ચંદીઆદિક પણ દીધી;
પછે જૈ દાહા ખાચર ઘેર, પ્રભુ પોઢી રહ્યા રુડી પેર. ૩૪
પ્રભુ પોઢી ઉઠીને પ્રભાતે, કરી નિત્યક્રિયા ભલી ભાતે;
વિનતી કરી સર્વ સમાજે, ત્યારે વસ્ત્ર ધર્યા મહારાજે. ૩૫
ભક્ત આધીન છે ભગવાન, કરે ભક્તની ઈચ્છા સમાન;
કીનખાબ તણો સૂરવાળ, કૃપાનાથે પેર્યો તતકાળ. ૩૬
ડગલી કીનખાબની ધારી, તેમાં બુટ્ટા શોભે બહુ ભારી;
રોમરોમ બ્રહ્માંડ રહે છે, જાણે એ જ આ તો ચળકે છે. ૩૭

માથે મંડિલ બાંધીયું કેવું, જોતાં મોરમુગટના જેવું;
કેડે બાંધિયો રુડો રુમાલ, ચાલે ચોકમાં ચટકતી ચાલ;
આવ્યા કાઠીયો થૈ અસવાર, બીજા હરિજન આવ્યા અપાર. ૩૮
વાજે ઢોલ ત્રાંસાં  શરણાઈ, ચાલે હરિજન કીર્તન ગાઈ;
ઘણાં તાલ મૃદંગ બજાવે, લોકદર્શન કરવાને આવે. ૩૯
ચાલે અસવારી આગળ પાળા, ધર્યા હથિયાર હિંમતવાળા;
જાણે અસુરોને જીતવા કાજે, અસવારી સજી મહારાજે. ૪૦
ચાલ્યા ચૌટા વચ્ચે અવિનાશી, નિરખે સહુ નગરનિવાસી;
જેણે નિરખિયા જગતઆધાર, તેના પુણ્ય તણો નહિ પાર. ૪૧
ચાલ્યા કુંભારવાડામાં થૈને, રાંગળિવડ આગળ જઈને;
લીંબડા છે તળાવની પાળે, તહાં મંચ રચ્યો તેહ કાળે. ૪૨
બેઠા તે પર શ્રીમહારાજ, બેઠો આગળ સર્વ સમાજ;
મુક્તાનંદ બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદઆદિક નિષ્કામી. ૪૩
લૈને નરઘાં સરોદા સતારે, કર્યું ગાવણું સરસ પ્રકારે;
એ તો સૌ મુક્ત અક્ષરધામી, એના ગાયામાં શી હોય ખામી. ૪૪
સુણી રાજી થયા મહારાજ, કહ્યું ધન્ય છો સંતસમાજ;
પછી ગાવવું બંધ રખાવી, પ્રભુએ જ્ઞાનવાત ચલાવી. ૪૫
કરી અદ્‌ભુત વાત અથાગ, સુણી ઉપજે જ્ઞાન વિરાગ;
ધરે ધર્મ અધર્મને ત્યાગી, થાય ભક્ત ભલા બડભાગી. ૪૬
કૈક દાસના દિલ તણી વાત, પછી કહેવા લાગ્યા સાક્ષાત;
જેના મનમાં હતો ઘાટ જેવો, કહ્યો શ્રીજીએ તે સમે તેવો. ૪૭
દેવાયીત જે હાલીડો નામ, તે તો બેઠો હતો તેહ ઠામ;
તેને  શ્રીજી કહે સુણ ભાઈ, બધી જાણું હું તારી ઠગાઈ. ૪૮
બાંધી કંઠી ને તિલક કરે છે, પણ કર્મ કુડા આચરે છે;
માનતો નથી વચન અમારું, કેમ થાશે કલ્યાણ તે તારું. ૪૯
ત્યારે નશીતપરનો નિવાસી, બોલ્યો રાવળ વદન વિકાસી;
દેવાયીત છે આબરુદાર, કરે કેમ તે તો દુરાચાર. ૫૦
સુણી બોલિયા શ્રીજી સાક્ષાત, તારી પણ બધી જાણું છું વાત;
નથી તું સતસંગીએ સાચો, ધર્મ પાળવામાં ઘણો કાચો. ૫૧

દેવાયીતને રાવળને તે સ્થાન, જીવા ખાચરે તો કરી સાન;
તેથી ઉઠી ગયા બેઉ સાથ, બોલ્યા જીવો ખાચર જોડી હાથ. ૫૨
કૃપાળુ છો તમે પરમેશ, જીવ ભૂલતો આવ્યો હમેશ;
જીવના અવગુણ જુવો જ્યારે, કોઈ કલ્યાણ પામે ન ત્યારે. ૫૩
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, ભગવાનનો મહિમા છે ભારી;
તે જો જીવ જથારથ જાણે, કેમ પાપ કરે કોઈ ટાણે. ૫૪

**અંતર્યામી વિષે : ઉપજાતિ :**

જે પાપનો ઘાટ કશો ઘડીશ, તે જાણશે આ જગનો અધીશ;
એવો રહે જો મનમાં ઉચાટ, તેનાથી તે કેમ ઘડાય ઘાટ. ૫૫
જે શ્રીહરીનો મહિમા ન જાણે, ઈચ્છા કુકર્મો કરવાની આણે;
જાણે પ્રભુ ક્યાં નજરે જુવે છે, અજ્ઞાની પૂરો જન મૂર્ખ એ છે. ૫૬
આંખો મિચીને ઉરમાં વિચાર, જે કીજીયે તે પ્રભુ જાણનાર;
એવો નકી જો વિશવાસ હોય, તો પાપનું કર્મ કરે ન કોય. ૫૭
સર્વે ક્રિયા અંતરજામિ જાણે, તથાપિ બોલે નહિ એહ ટાણે;
દેહાંત થાતાં ફળ તેનું દેશે, તે પાપ ને પુણ્યનું લેખું લેશે. ૫૮
જો અંધકારે રવિરાજ વીતે, કે ભોંયરામાં રહી ગુપ્ત રીતે;
ક્રિયા કરે કાંઈ કરે વિચાર, શ્રીજીથી છાનું ન રહે લગાર. ૫૯
સત્સંગી થૈને સમજે ન આમ, કુસંગી તે નાસ્તિક તેનું નામ;
નિશ્ચે મરીને નરકે જ જાય, ખચીત ત્યાં તે બહુ માર ખાય. ૬૦
જો પાપ કે પુણ્ય ગણે ન પ્રાણી, સત્સંગ કીધો મનમાં શું જાણી;
સ્વછંદિ છે સૌ પશુ પક્ષી જેમ, તેવી રીતે તે વિચર્યો ન કેમ. ૬૧
ઠગાઈ કીધે પ્રભુ ના ઠગાય, એનાથી છાનું કશું ના રખાય;
રીઝે ન દાંભિક ડોળ દેખી, ભૂલે નહીં તે નિજ ભક્ત લેખી. ૬૨

**ચોપાઈ :**

વાત કરતા હતા હરિ જ્યાંય, આવ્યા વર્ણી મુકુંદ તે ત્યાંય;
બોલ્યા વિનતિ કરી તેહ વાર, સ્વામી થાળ થયો છે તૈયાર. ૬૩
સુણી અશ્વે થયા અસવાર, ગયા પાકશાળાની મોઝાર;
કરી સ્નાન જમ્યા ભગવાન, પછી આરોગ્યા સોપારી પાન. ૬૪

ત્યાં તો સંતની પંગતી થઈ, પીરસું પ્રભુએ પોતે જઈ;
મોતીયા લાડુ લઈ હાથમાંય, પીરસે ત્રિભુવનપતિ ત્યાંય. ૬૫
પછી સંઘ તણા સહુ જન, જમ્યા શ્રીજીનું માની વચન;
દાહા ખાચરને દરબાર, જૈને પોઢિયા પ્રાણઆધાર. ૬૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પુરજન પણ ધન્ય ધન્ય તેહ, જનતન પામી થયા કૃતાર્થ જેહ;
પ્રભુ ભજી ધ્રુવ અંબરીષ જેમ, અમર રહ્યા રહેશે અમર્ત્ય તેમ. ૬૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે બોટાદપુરકૃત-*
*શ્રીહરિચરીતવર્ણનનામૈકોનાશીતિતમો વિશ્રામઃ ॥૭૯॥*

**પૂર્વછાયો :**

ત્રીજે પો'ર પોઢી ઉઠિયા, સુખસાગર શ્રીમહારાજ;
દર્શન કરવાને આવીયો, પુરનો સતસંગી સમાજ. ૧

**ચોપાઈ :**

કહે હરિજન હે મહારાજ, સુણો અરજી અમારી આ આજ;
સારી રીતે સજો અસવારી, ગાજતે વાજતે ગિરિધારી. ૨
પુરમાં ઘણે ઠામ પધારો, મહિમા એહ પુરનો વધારો;
હોળિકાનો છે આજ દહાડો, અતિ ઝાઝો ગુલાલ ઉડાડો. ૩
છબી આપની જો નિરખાય, પુરના જનો પાવન થાય;
ત્યાં તો અસ્વાર પણ સહુ આવ્યા, ભક્તિનંદનને મન ભાવ્યા. ૪
રોઝે ઘોડે ચડ્યા મહારાજ, ચાલ્યો આગળ સર્વ સમાજ;
સૌએ ઝાલી ગુલાલની ઝોળી, જાણે રંગમાં હોય ઝબોળી. ૫
ચાલો ધીમે ધીમે અસવારી, કહે સૌ જન શોભે છે સારી;
ફાંટે ફાંટે ઉડાડે ગુલાલ, દિસે અવનિ ને આકાશ લાલ. ૬
વાજે ઢોલ ત્રાંસાં શરણાઈ, ગુલાલે તો બજાર છવાઈ;
એમ આખી બજારમાં ફરિયા, રાંગળીવડે જઈને ઉતરિયા. ૭

બેઠા મંચ ઉપર મહારાજ, બેઠો આગળ સર્વ સમાજ;
ગવૈયા મુનિએ કર્યું ગાન, સુણી રીઝિયા શ્રીભગવાન. ૮
પડી સાંજે ગાયો ગોડી રાગ, એમાં પણ અતિ જ્ઞાન વિરાગ;
પછી આરતિ ને ધુન્ય કરી, ભગાદોશી પ્રત્યે બોલ્યા હરી. ૯
તમે સંઘના જનને જમાડો, ઘાસ ચંદી બધે પહોંચાડો;
અમે તો હવે જાશું ઉતારે, સૌની સંભાળ લેવી તમારે. ૧૦
એમ કહી હરિ અસ્વાર થયા, દાહા ખાચરને ઘેર ગયા;
પછી પોઢી રહ્યા પ્રભુ રાતે, જાગ્યા જીવનપ્રાણ પ્રભાતે. ૧૧
નિત્યકર્મ કર્યુ મુનિનાથે, લીધા અસ્વાર સૌ નિજ સાથે;
ગાજતે વાજતે ગિરિધારી, સભા ભરવાને સ્થાને પધારી. ૧૨
બેઠા મંચ ઉપર મહારાજ, બેઠો આગળ સર્વ સમાજ;
ભગાભાઈ આદિક મળી સંગ, દેગડાં ભરીને લાવ્યા રંગ. ૧૩
કોથળા ભરી લાવ્યા ગુલાલ, મુક્યો કૃષ્ણ પાસે તેહ કાળ;
તાંસળાં ભરી ત્રિભુવનનાથે, નાખ્યો રંગ તે સર્વને માથે. ૧૪
સૌને રસબસ કીધા તે કાળ, પછી ઉપર નાખ્યો ગુલાલ;
ત્યાં તો વાજિંત્ર વાજે અપાર, બોલે સૌ જન જય જયકાર. ૧૫
એવી લીલા નિરખવાને કાજ, સુર સહિત આવ્યા સુરરાજ;
કરે ગગને રહી પુષ્પવૃષ્ટિ, ધન્ય ધન્ય કહે એહ સૃષ્ટિ. ૧૬
ધન્ય ધન્ય તે બોટાદ ગામ, મોટું તીર્થ થયું તેહ ઠામ;
જાત્રા કરવાને આવશે જન, લીલા સંભારશે નિજ મન. ૧૭
સર્વ જનને લઈ નિજ સાથ, પછી ના'વા પધારિયા નાથ;
ત્યાંથી પશ્ચિમમાં વાડી જેહ, કુવો તેમાં છે ઉત્તમ તેહ. ૧૮
તેમાં ઊતરીને ના'યા નાથ, ના'યા તે પછી ત્યાં સહુ સાથ;
ગંગા ગોમતી ને સરસ્વતી, આવ્યાં ત્યાં સર્વ તીર્થના પતી. ૧૯
દિવ્ય દષ્ટિવાળા જન દેખે, પણ પ્રાકૃત જન નહિ પેખે;
કોરાં વસ્ત્ર ધરીને કૃપાળ, ગયા અસ્વાર દીનદયાળ. ૨૦
વાજતે ગાજતે રુડી રીતે, ગયા પાકશાળા ભણી પ્રીતે;
પૂર્વદ્વારની ઓશરીમાંય, હતો ઢોલીયો ઢાળેલો ત્યાંય. ૨૧

બિરાજ્યા જઈ ત્યાં બળવંત, બેઠા આગળ હરિજન સંત;
બ્રહ્મચારીએ ત્યાં કર્યો થાળ, બેઠા જમવાને જનપ્રતિપાળ. ૨૨
રુડું પહેર્યું પીતાંબર અંગ, સારે પાટલે બેઠા શ્રીરંગ;
બીજા પાટલા પર મૂક્યો થાળ, તેમાં પિરસો રસોઈ રસાળ. ૨૩
જમ્યા જુક્તિથી શ્રીઅવિનાશ, મુખ ધોઈ લીધો મુખવાસ;
ત્યાં તો સંતની પંગત થઈ, પિરશું પ્રભુએ પોતે જઈ ૨૪
લાડુ લ્યો એમ કરતાં ઉચ્ચાર, ફર્યા પંગતમાં બહુ વાર;
સંત પાર્ષદ સૌને જમાડ્યા, સખા સૌને સંતોષ પમાડ્યા. ૨૫
જમાડ્યા બીજા સૌ હરિજનને, કર્યા મુદિત તે સર્વનાં મનને;
દાહા ખાચરને દરબાર, જઈને પોઢિયા પ્રાણઆધાર. ૨૬
ત્રીજે પહોર ઊઠ્યા ઉછરંગે, બેઠા ઓશરી માંહિ પલંગે;
ત્યાં તો મલ્લ આવ્યા ગંગારામ, બોલ્યા પ્રેમે કરીને પ્રણામ. ૨૭
આપો આજ્ઞા તો અંતર ધરિયે, મલ્લકુસ્તી તણા ખેલ કરિયે;
આપી આજ્ઞા પ્રભુજીએ જ્યારે, ખૂબ ખેલ કર્યા તેણે ત્યારે. ૨૮
ખભા ઠોકીને બે જણા લડે, ગાજે બ્રહ્માંડ પડછંદા પડે;
રમ્યા બહુ હરિ રીઝાવા કાજ, જોઈ રાજી થયા મહારાજ. ૨૯
માગો માગો કહ્યું ઘનશ્યામે, ગંગારામ બોલ્યા તેહ ઠામે;
મહારાજ માગું વરદાન, નિરંતર રહે આપનું ધ્યાન. ૩૦
દેશ કાળ ગમે તેવો હોય, મન ડગમગ થાય ન તોય;
માગું હેત સદા હરિજનમાં, બીજી ઈચ્છા નથી મારા મનમાં. ૩૧
એવું સાંભળી દીનદયાળ, તથા અસ્તુ બોલ્યા તતકાળ;
પછી વસ્ત્ર પ્રસાદીનાં આપ્યાં, નિજ ચરણ બે છાતીમાં છાપ્યાં. ૩૨
દાહાભક્તે પછી તેહ ઠામ, પૂજ્યા પ્રેમથી શ્રીઘનશ્યામ;
રુડાં ચંદન પુષ્પ ચડાવ્યાં, વસ્ત્ર ભૂષણ ભાવે ધરાવ્યાં. ૩૩
આરતી રુડી રીતે ઉતારી, સ્તુતિ સ્નેહ સહિત ઉચ્ચારી;
તે પછી ભગાદોશીને ઘેર, કરી પધરામણી રુડી પેર. ૩૪
શેઠ શ્રીજીને તેડવા આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા;
સંત હરિજન કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય. ૩૫

ઘેર આવ્યા પ્રભુ એવી રીતે, શેઠે પૂજા કરી ઘણી પ્રીતે;
પગ ધોઈ પાદોદક પીધું, ભાલ ચંદને ચર્ચિત કીધું. ૩૬
વસ્ત્ર ભૂષણ ભાવે ચડાવ્યાં, ધૂપ દીપ નૈવેદ્ય ધરાવ્યાં;
આરતી અતિ હરખે ઉતારી, સ્તુતિ તે પછી શેઠે ઉચ્ચારી. ૩૭

**ઈન્દ્રસભાનો રાગ :**

જય જય પ્રભુ જગદાધારા, દીનબંધુ ધર્મદુલારા. ।।ટેક।।
પ્રભુ અતિ ઐશ્વર્ય તમારું, ચિતમાં નિત્ય નિત્ય વિચારું;
તમે સકળ જગત સ્રજનારા, દીનબંધુ ધર્મદુલારા. ૩૮
રચી ભૂમિ સરસ શોભાતી, રચ્યા પશુ પક્ષી જન જાતી;
રચ્યા સૂરજ શશિયર તારા, દીનબંધુ ધર્મદુલારા. ૩૯
સહસ્રાનન[૧] ગુણગણ ગાવે, ઉચ્ચરતાં અંત ન આવે;
વદશે શું વેદ બિચારા, દીનબંધુ ધર્મદુલારા. ૪૦
તમે પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, શુભ ધર્મમરમ સમજાવ્યો;
નવજાણે લોક નઠારા, દીનબંધુ ધર્મદુલારા. ૪૧
હતો પિબેક પૂરો પાપી, તમે સદ્ગતિ તેને આપી;
તમે છો પ્રભુ અધમોદ્ધારા, દીનબંધુ ધર્મદુલારા. ૪૨
તમે જુગ ચારેના ધર્મો, વરતાવ્યા કરી શુભ કર્મો;
તમે સત્ર કર્યા બહુ સારા, દીનબંધુ ધર્મદુલારા. ૪૩
તમે ઘેર અમારે આવ્યા, મુનિમંડળ સાથે લાવ્યા;
કર્યા પાવન અમને પ્યારા, દીનબંધુ ધર્મદુલારા. ૪૪
છે અદ્ભૂત શક્તિ તમારી, તમે છો પ્રભુ વિશ્વવિહારી;
અખિલેશ્વર ઈષ્ટ અમારા, દીનબંધુ ધર્મદુલારા. ૪૫

**ચોપાઈ :**

સુણી રીઝિયા શ્રીભગવાન, કહ્યું માગો માગો વરદાન;
કહે શેઠ માગું સતસંગ, માગું તવ પદ પ્રેમ અભંગ. ૪૬
મારા વંશમાં જન થાય જેહ, ધર્મવંશી સાથે ધરે સ્નેહ;
ગણે આચાર્ય શ્રીજી સમાન, મને એ જ આપો વરદાન. ૪૭

૧. હજાર મુખે શેષ

એવા શબ્દ સુણીને દયાળ, તથા અસ્તુ બોલ્યા તતકાળ;
શેઠે સંતોને વસ્ત્ર ઓઢાડ્યાં, પાળા સર્વને પણ પહોંચાડ્યાં. ૪૮
ભગોદોશી ભલા બુદ્ધિમાન, કેવું માગી લીધું વરદાન;
પુત્ર પૌત્રાદિને સતસંગ, માગ્યો તે અતિ ઉત્તમ અંગ. ૪૯

**સત્સંગી પુત્ર વિષે : ઉપજાતિ :**

જો પુત્ર જેનો સતસંગી થાય, પિતા દિલે શાંતિ સદા પમાય;
કુટુંબ આખું સતસંગી હોય, તો તીર્થમાં વાસ સમાન સોય. ૫૦
જેની પ્રજા છે સતસંગવાળી, તે તો પિતા પૂરણ ભાગ્યાશાળી;
શ્રીસ્વામિનારાયણનું જ નામ, કાને પડે ઉત્તમ એહ ધામ. ૫૧
સત્સંગ જેવો શુભ ધર્મ છોડી, જેણે બીજે મારગ બુદ્ધિ જોડી;
તે પુત્ર ને તો ગણવો ગમાર, ધિક્કાર ધિક્કાર હજાર વાર. ૫૨
શ્રીજી તણી જ્યાં પ્રતિમા પુજાતી, કથા સદા કૃષ્ણ તણી કરાતી;
ત્યાં શુષ્કવેદાંત કથા કરાય, તે તીર્થમાં જેમ મશીદ થાય. ૫૩
ભલો પ્રભુનો બળિરાય ભક્ત, કુપુત્ર બાણાસુર તો અભક્ત;
પુલસ્ત પોતે શુભ વિપ્રવર્ણ, તેના થયા રાવણ કુંભકુર્ણ. ૫૪
જોતાં પ્રજા થાય કુસંગી જેની, તો તે પિતાને મન શાંતિ શેની;
જો વંશ એવો જ દિસે થનારો, તે વંશથી તો નિરવંશ સારો. ૫૫
કુસંગી છે પુત્ર કલત્ર જેને, દિસે મહાદુઃખ સદૈવ તેને;
રુંધાઈ એવા ઘરમાં રહેવું, જણાય તે તો જમધામ જેવું. ૫૬
પિતા મરે પુત્ર કુસંગી થાય, પિતા તણો ધર્મ નહીં પળાય;
તે શ્રાદ્ધ સારું સુત પિંડ દેય, તો તાત તે પિંડ કદી ન લેય. ૫૭

**ચોપાઈ :**

ભગાભાઈએ ચિતમાં વિચાર્યું, માગ્યું વરદાન સર્વથી સારું;
એની બુદ્ધિ વિચક્ષણ બહુ, સુણી એમ કહે જન સહુ. ૫૮
પ્રભુ ત્યાંથી ચાલ્યા રુડી પેર, પધરામણી થઈ ઘેર ઘેર;
કૃપાસિંધુ ફર્યા ઠામ ઠામ, પ્રસાદીનું કર્યુ આખું ગામ. ૫૯

દાહા ખાચરને દરબાર, બિરાજ્યા જઈ જગકરતાર;
સંત હરિજનની સભા થઈ, ગાયું સંતોએ વાજિંત્ર લઈ. ૬૦
પછી ગાવાનું બંધ કરાવી, શ્યામે જ્ઞાનની વાત સુણાવી;
આરતી ધૂન્ય પણ તહાં કરી, વાળું કરવા પધારીયા હરી. ૬૧
પાકશાળામાં સૌને જમાડ્યા, ચંદી ઘાસ ઘોડાને પહોંચાડ્યા;
પછી પોઢી રહ્યા પ્રભુ રાતે, ઊઠ્યા બીજને દિવસ પ્રભાતે. ૬૨
કરી નિત્યક્રિયા મુનિનાથે, પછી સૌ જનને લઈ સાથે;
અશ્વ ઉપર અસ્વાર થૈને, બિરાજ્યા મંચ ઉપર જૈને. ૬૩
દેશ દેશના હરિજન જેહ, પુજા કરવાને આવિયા તેહ;
પૂરા પ્રેમથી પૂજન કરે, ભેટ ભગવાન આગળ ધરે. ૬૪
પછી સૌ જનને કહે માવો, પોત પોતાને ગામ સિધાવો;
ધર્મ પાળજો ધીરજ ધારી, વાત રાખજો મનમાં અમારી. ૬૫
હરિજનનું તો માહાત્મ્ય જાણી, સંપ રાખજો મનમાં અમારી.
વળી કરીયે સમૈયો જ્યાં અમે, ત્યારે તે સ્થળે આવજો તમે. ૬૬
કહે સંતોને શ્રીઘનશ્યામ, ફરો જાઓ જુદે જુદે ગામ;
પોત પોતાનું મંડળ લૈને, ઉપદેશ કરો તહાં જઈને. ૬૭
મોનો પંડ્યો કહે મહારાજ, મારે ઘેર રસોઈ છે આજ;
માટે આજ્ઞા એવી કરો નાથ, સિધાવે જમીને સહુ સાથ. ૬૮
એવી આજ્ઞા કૃપાનાથે કીધી, જન સહુયે તે શિર ધરી લીધી;
પ્રભુએ કીરતન ગવરાવ્યા, સુણી સૌ જનને મન ભાવ્યાં. ૬૯
પછી અશ્વે થઈ અસવાર, પેઠા પુર માંહિ પ્રાણઆધાર;
ભક્ત લાખેણો બોઘો લુહાર,એનો ઓરડો પૂરવદ્વાર. ૭૦
જોયો ઓશરી માંહિ પલંગ, વિરાજ્યા પ્રભુ આણિ ઉમંગ;
મોનો પંડ્યો કહે મહારાજ, પધારો હવે ભોજન કાજ. ૭૧
જઈ ભોજન કરવાને સ્થાને, કર્યું ભોજન શ્રીભગવાને;
પછી સંતની પંગત થઈ, પીરશું પ્રભુયે તહાં જઈ. ૭૨
દાદા ખાચર આદિક જેહ, સતસંગી જમ્યા સહુ તેહ;
પછી ચાલવા કીધી તૈયારી, આવ્યા કાઠી સજી અસવારી. ૭૩

ગામના પરગામના જન, આવ્યા સૌ કરવા દરશન;
વાજે વાજિંત્ર વિવિધ પ્રકાર, બોલે સૌ જન જય જયકાર. ૭૪
તાજપરને ઝાંપે થઈ ગયા, શેંથળીની વાવ્યે ઉભા રહ્યા;
શિલા મોટી હતી એક સારી, બેઠા તે પર શ્રીગિરિધારી. ૭૫
સંઘના જન દરશન કરે, આજ્ઞા લૈને સ્વદેશ વિચરે;
ગયા સમઢિયાળે ઘનશ્યામ, સૌને દર્શન દીધાં તે ઠામ. ૭૬
ત્યાંથી સંચર્યા સૌ જન સાથ, ગામ નાગલપર મુનિનાથ;
ભક્ત બોટાદના હતા જેહ, પાછા વાળતાં નવ વળે તેહ. ૭૭
વળો વળો કહે અવિનાશી, સર્વે સાંભળી થાય ઉદાસી;
વિજોગે ન ધરી શકે ધીર, આવે નેણમાં સર્વને નીર. ૭૮
બોલે ગદગદ કંઠે વચન, ક્યારે દેશો ફરી દરશન;
પ્રેમ બોટાદવાસીનો જેવો, માગે મોટા મોટા મુનિ એવો. ૭૯
વાલે ધીરજ દૈ પાછા વાળ્યા, ત્યારે તે સહુ ઘેર ભણી ચાલ્યા;
પ્રેમ ઉત્તમ એહનો જાણ્યો, પ્રભુયે પણ પૂરો વખાણ્યો. ૮૦
સંઘ ગઢપુરનો લેઈ સાથ, ત્યાંથી ગઢડે ગયા મુનિનાથ;
લીલા બોટાદમાં કરી જેહ, સર્વે સત્સંગી સંભારે તેહ. ૮૧
જાતાં વળતાં બોટાદ મોઝાર, વિચર્યા છે પ્રભુ ઘણી વાર;
ગામ બોટાદની રજ જે છે, પ્રભુજીની ચરણરજ તે છે. ૮૨
મહિમા પ્રભુનો મન ધરશે, જાત્રા બોટાદની તે તો કરશે;
લીલા બોટાદની સુણે જેહ, પળમાં થાય પાવન તેહ. ૮૩
સતસંગમાં દઢ મતિ થાય, તેથી પાપ તેનાં બળિ જાય;
શ્રોતા સૌ અતિ આનંદ પામી, બોલો જય સહજાનંદસ્વામી. ૮૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ધરમ તનુજનાં ચરિત્ર જેહ, શ્રવણ કર્યાથી કરે પવિત્ર તેહ;
નરતન ધરિને સુણે ન કાને, નર નહિ તેહ સદા પશુ સમાને. ૮૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે બોટાદપુરે*
*હુતાશન્યુત્સવવર્ણનનામાશીતિતમો વિશ્રામઃ ॥૮૦॥*



**પૂર્વછાયો :**

ગુણનિધી ગઢપુર વિષે, રહી કરે ચરિત્ર વિચિત્ર;
જે સુણતાં જન જગતમાં, મહાપાપીયે થાય પવિત્ર. ૧

**ચોપાઈ :**

વળી એક સમે ધરી ઉરમાં, અન્નકૂટ કરી ગઢપૂરમાં;
સાથે સંત લઈ ચાલ્યા ફરવા, કોટી જીવનાં કલ્યાણ કરવા. ૨
ગયા સુંદરિયાણે શ્રીહરિ, ત્યાંથી કૌકે ગયા કૃપા કરી;
ચિત્રાસર ગયા ધર્મનિધાન, કર્યું સાભ્રમતી માંહિ સ્નાન. ૩
ગયા જેતલપુર જન કાજ, મો'લમાં ઉતર્યા મહારાજ;
ગંગામાયે કર્યો થાળ સારો, જમ્યા પ્રાણજીવન પ્રભુ પ્યારો. ૪
અશલાલી ગયા અવિનાશી, પામ્યા આનંદ ત્યાંના નિવાસી;
ગયા શ્રીપુરમાં સુખરાશ, નવાવાસમાં કીધો નિવાસ. ૫
સર્વ હરિજનને સુખ આપ્યું, કષ્ટ આપ વિજોગનું કાપ્યું;
વિચર્યા તહાંથી વનમાળી, વાલો જઈને વસ્યા અશલાલી. ૬
ગયા જેતલપુર જગતાત, રહ્યા ત્યાં જઈ બે ત્રણ રાત;
વડ હેઠ સભા સજી સારી, બેઠા એક સમગે ગિરિધારી. ૭

દવે ઈશ્વર વિપ્રનું નામ, મહુધા ગામમાં જેનું ધામ;
બ્રહ્મરાક્ષસ વળગેલો એને, પ્રભુ પાસ તેડી લાવ્યા તેને. ૮
પ્રભુને દેખીને લાગ્યો બળવા, બરાડા પાડી લાગ્યો કકળવા;
પુછયું શ્રીજીયે કોણ છું તુંય, બોલ્યો તે બ્રહ્મરાક્ષસ છુંય. ૯
પછી બોલ્યા વળી પરમેશ, આવ્ય મારા શરીરમાં પેસ;
બોલ્યો તે તમમાં ન પેંસાય, તવ દષ્ટિથી દાઝી મરાય. ૧૦
ઉચ્ચર્યા ફરીથી અક્ષરેશ, સંતમાં સતસંગીમાં પેસ;
ત્યારે બોલિયો રાક્ષસ ત્યાંય, તેમાં પણ મુજથી ન પેસાય. ૧૧
વર્તમાન ધરમ નવ પાળે, મારું જોર તે ઉપર ચાલે;
પૂરો ભક્ત તમારો ન થાય, તેના તનમાં મેં પેસી શકાય. ૧૨
બાઈયોમાં હશે કોઈ એવી, મને તેમાં જવા રજા દેવી;
એવી સાંભળીને એની વાણી, બાઈયોને કહે પદ્મપાણિ. ૧૩
સુણો બાઈયો આ જે કહે છે, તમોમાં આવવાને ચહે છે;
બોલી બાઈયો સૌ તેહ ટાણે, પાળશું ધર્મ આજ્ઞા પ્રમાણે. ૧૪
આંહી મોકલશો નહિ એને, આપો શ્રીહરિ સદ્‌ગતિ તેને;
કહે રાક્ષસને હરિરાય, જા તું બદરીકઆશ્રમ માંય. ૧૫
કરી તપ ધરજે નરઅંગ, પછી થાશે તને સતસંગ;
મારી ભક્તિ કરીને તે ઠામ, અંતે પામીશ અક્ષરધામ. ૧૬
બ્રહ્મરાક્ષસ તે તહાં ગયો, વિપ્ર ઈશ્વર સત્સંગી થયો;
કહે વર્ણી હે ભૂપ ઉદાર, સુણો એહ આખ્યાનનો સાર. ૧૭
વળગે ભૂત કે પ્રેત જેને, સતસંગી ન સમજવો તેને;
શિવ બ્રહ્મઆદી દેવ જે છે, સતસંગીને ચરણે નમે છે. ૧૮
ત્યારે ભૂત શા માત્ર બિચારું, શી રીતે તે નડી શકનારું;
હોય ગડબડિયો ભક્ત જેહ, મંત્ર[1] જંત્ર[2] સાચા ગણે તેહ. ૧૯
ભૂત તેના જ ચિત્તને ઝાલે, મૂઠ ચોટ તેના પર ચાલે;
તેના તનને નજર પણ લાગે, હરિજનથી તો તે સહુ ભાગે. ૨૦
ભૂત પ્રેત ગણાય છે કેવા, દેવલોકના ભંગિયા જેવા;
જેને રાજાનો આશ્રય હોય, ભંગિયો તેને શું કરે કોય. ૨૧

**૧.** પીડા કરવાનો તાંત્રિક પ્રયોગ **૨.** આકર્ષણ તથા મોહ પમાડવાની ક્રિયા

**પુષ્પિતાગ્રા :**

દૃઢ હરિજન હોય સત્ય જેહ, કદિ પણ ભૂત થકી ડરે ન તેહ;
પ્રભુવિણ પર મંત્ર જંત્ર જાણે, નિજ મન લેશ પ્રતીતિ તે ન આણે. ૨૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે જયતલપુરે શ્રીહરિ-બ્રહ્મરાક્ષસોપદ્રવનિવારણનામૈકાશીતિતમો વિશ્રામઃ ॥૮૧॥*

**પૂર્વછાયો :**

જીવન જયતલપુર થકી, ગયા મેમદાવાદ મોઝાર;
સેવા સજી સતસંગિયે, ધરી અંતરે હેત અપાર. ૧

**ચોપાઈ :**

અંબારામ ને દુર્લભરામ, પંડ્યા ઈશ્વર સદ્‌ગુણધામ;
બીજા પણ સતસંગી સમેત, પૂજ્યા શ્રીહરિને ધરી હેત. ૨
ગામબા’ર પૂરવ દિશ માંય, વડે હેઠ વિસામો છે ત્યાંય;
હરિકૃષ્ણે કર્યો ત્યાં ઉતારો, વડ જોઈને શોભિત સારો. ૩
વિપ્ર તે ગામના વિદ્‌વાન, આવ્યા દર્શન કાજ તે સ્થાન;
ઝીણાં પ્રશ્ન પૂછયાં મહારાજે, કહ્યું તે સમે તેહ સમાજે. ૪
એનો ઉત્તર અમથી ન થાય, કહો આપ કરીને કૃપાયઃ
પછી કૃષ્ણે તે ઉત્તર કહ્યા, સુણીને રાજી સૌ વિપ્ર થયા. ૫
દૈવી જીવનો સંશય ગયો, નિશ્ચે શ્રીહરિનો તેને થયો;
મેમદાવાદથી મહારાજ, ચાલ્યા સંતનો લઈને સમાજ. ૬
કેટલાએક ગામમાં જઈને, નિજ દાસને દર્શન દૈને;
કાંઈ કરવાને કામ વિશેષ, પલાણે ગયા શ્રીપરમેશ. ૭
જતાં ગામના ગોંદરા માંય, મળ્યાં ભક્ત વખતબાઈ ત્યાંય;
તેણે પ્રેમથી કીધા પ્રણામ, ત્યારે બોલિયા સુંદરશ્યામ. ૮
તમે વેલાલનાં વસનાર, કેમ આવ્યાં પલાણા મોઝાર;
ત્યારે બાઈ બોલ્યાં જોડી હાથ, મારું પિયર આંહિ પ્રાણનાથ. ૯
પિતા રઘુનાથદાસ છે મારો, પ્રભુ તેહને ઘેર પધારો;
કર્યો આગ્રહ અત્યંત પેર, ત્યારે કૃષ્ણ ગયા તેને ઘેર. ૧૦

દિઠો ઓટલો આંગણે સારો, હરિકૃષ્ણે ત્યાં ઉતારો;
રઘુનાથદાસે દિધું માન, ભલે આવ્યા કહ્યું ભગવાન. ૧૧
ત્યાં તો સૌ મળીને સતસંગી, આવ્યા દર્શન કાજ ઉમંગી;
પ્રભુદાસ ભલા પાટીદાર, વસનદાસ તો તેના કુમાર. ૧૨
તેના પુત્ર તો કરશનદાસ, તેને તેડી આવ્યા પ્રભુ પાસ;
પ્રભુને પગે તેને લગાડ્યા, હરિયે શિર હાથ અડાડ્યા. ૧૩
જાણ્યું જે કૃષ્ણદાસ છે નામ, ત્યારે બોલિયા શ્રીઘનશ્યામ;
આ તો કૃષ્ણના દાસ જ થાશે, નહિ દુનિયાના દાસ ગણાશે. ૧૪
એ તો ઉત્તમ ભક્ત નિવડશે, આખા કુળનું કલ્યાણ તે કરશે;
કહ્યું સૌ જને જોડીને હાથ, આજ રાત રહો આંહી નાથ. ૧૫
થાય તોય જવાને તૈયાર, રઘુનાથદાસે તેહ ઠાર;
સૌને સૂખડીના લાડુ દીધા, શ્રીજીયે ને જને જમી લીધા. ૧૬
વસનદાસની સ્ત્રી ગુણધામ, તેનું પણ છે વખતબાઈ નામ;
તે તો દરશન કરવાને આવ્યાં, સાથે અવલ કસનબાને લાવ્યાં. ૧૭
ભેટ ભગવાન આગળ ધારી, નમ્યાં જય મહારાજ ઉચ્ચારી;
વિનતી કર જોડીને કીધી, દયાસિંધુયે આશિષ દીધી. ૧૮
હવે કરશનદાસની વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
થઈ શ્રીહરિની તેને દયા, તેથી ભક્ત અનન્ય તે થયા. ૧૯

**પૂર્વછાયો :**

હરિજન કરશનદાસજી, ગામ પલાણાના પાટીદાર;
આખ્યાન ઉચરું એહનું, સતસંગી રીઝે સુણનાર. ૨૦

**ચોપાઈ :**

ધ્રુવ પ્રહ્લાદનાં આખ્યાન, સુણતાં થાય પાવન કાન;
એવા ભક્ત ઘણા થયા આજ, તન ધન કર્યાં કૃષ્ણને કાજ. ૨૧
એવા ભક્તની સુણતાં કથાય, પાપી જન તો નહીં રાજી થાય;
વેદવ્યાસે એવાં જે આખ્યાન, એ જ માટે લખ્યાં છે નિદાન. ૨૨
થયાં ઉમરલાયક જયારે, પિતાએ પરણાવિયા ત્યારે;
નારી નામે હતી હેતાબાઈ, હરિભક્ત ભલી વખણાઈ. ૨૩

શાસ્ત્ર રીતે કર્યો ઘરવાસ, થયો પુત્ર નારાયણદાસ;
તેહ પણ ભલો ભક્ત જ ભાસે, પરણાવિયો કરશનદાસે. ૨૪
પછી તેને થયો પુત્રજેહ, ભુલો નામે ભલો ભક્ત તેહ;
ત્રણે જણ થયા સત્સંગી તેવા, સેવ્યા આચાર્ય સદ્ગુરુ સેવ્યા. ૨૫
નારાયણદાસની જેહ નારી, તજી તન ધામ માંહિ પધારી;
થયા રાજી નારાયણદાસ, ભજશું સુખે શ્રીઅવિનાશ. ૨૬
માતાએ પણ ઉપદેશ દીધો, અતિ વૈરાગ્ય ઉત્પન્ન કીધો;
પુત્ર ને પૌત્ર એ બડભાગી, તેણે ત્યાગી થવા રજા માગી. ૨૭
સુણી રાજી થયાં હેતાબાય, રાજી થૈ આપી બેને રજાય;
ત્યારે લઈ તેને કરશનદાસ, આવ્યા ભગવત્પ્રસાદજી પાસ. ૨૮
સાધુ કરવાને બે સુત દીધા, બેને સાધુ આચારજે કીધાં;
તેનું ધર્મપ્રસાદજીદાસ, પાડયું નામ પુરી થઈ આશ. ૨૯
નામ નિર્મળદાસ બીજાનું, કુળ દિપાવ્યું તેણે પિતાનું;
તજીયો બાળાપણથી સંસાર, ધન્ય ધન્ય એનો અવતાર. ૩૦
ગયા કરશનદાસ તો ઘેર, ભજે શ્રીપ્રભુને રુડી પેર;
હતું પોતા તણું ઘર જ્યાંય, કર્યું બાઈયોનું મંદિર ત્યાંય. ૩૧
પછી ઈશ્વરની જ ઈચ્છાએ, નિજ દેહ તજ્યો હેતાબાએ;
કૃષ્ણદાસ પાસે હતું જેહ, દિધું વરતાલે દેવને તેહ. ૩૨
પોતે લક્ષ્મીનારાયણ પાસ, વરતાલમાં કીધો નિવાસ;
સેવે આચાર્યને કરી પ્રીત, કથા વારતા સાંભળે નિત્ય. ૩૩
એવા તો અતિ વૈરાગ્યવાન, હતા કૃતયુગમાં કોઈ સ્થાન;
પણ આજ તો વૈરાગ્યવાળા, ભક્ત સત્સંગમાં બહુ ભાળ્યા. ૩૪
પણ જ્યાં સુધી જીવતા હોય, મહિમા તેનો જાણે ન કોય;
તન ત્યાગીને ધામમાં જાય, પછી પાછળથી વખણાય. ૩૫
સુણીયે એવાનાં આખ્યાન, ઉપજે ઉર વૈરાગ્ય જ્ઞાન;
કૃષ્ણદાસની સમજણ જેવી, પ્રભુ આગળ માંગીયે એવી. ૩૬
મહારાજ થઈ મહેરબાન, કથા સાંભળવા કર્યા કાન;
કથા સાંભળી સર્વે સમાજ, બોલો જય જય શ્રીમહારાજ. ૩૭

**પુષ્પિતાગ્રા :**

જન કરશનદાસની કથાય, સુણી સમઝે જન તે પવિત્ર થાય;
પ્રભુપદ ઉપજે વિશેષ પ્રીત, અધરમસર્ગ થકી રહે અભીત. ૩૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે પલાણાગ્રામે કૃષ્ણદાસાખ્યાનકથનનામ દ્વિઅશીતિતમો વિશ્રામઃ ॥૮૨॥*



**પૂર્વછાયો :**

કહ્યું આખ્યાન કૃષ્ણદાસનું, કથા ચાલતી તે કહું ભાઈ;
પલાણાથી પ્રભુ પરવર્યા, દીનબંધુ સદા સુખદાઈ. ૧

**ચોપાઈ :**

વિચર્યા વસો ગામમાં વાલો, ધર્મરક્ષક ધર્મનો લાલો;
દવે દાદાને ઘેર ઉતારો, કર્યો તે લાગ્યો સર્વને પ્યારો. ૨
ત્યાં તો ના'યા અગાશીમાં લાલ, જમનાંબાઈએ કર્યો થાળ;
જમીને પ્રભુ ત્યાં રહ્યા રાત, સ્વજનોને કરી જ્ઞાનવાત. ૩
બીજે દિન વિચર્યા વૃષલાલ, વાલો આવિયા શ્રીવરતાલ;
જઈ વાસણ સુતાર ઘેર, ઉતર્યા પ્રભુજી શુભ પેર. ૪

ગયા નારાયણ સ્થાન, ધરી ભેટ નમ્યા ભગવાન;
રામદાસજી આદિક સંત, ભાવે તેને ભેટ્યા ભગવંત. ૫
રામદાસજીનો ગ્રહી હસ્ત, જોઈ જગ્યા ફરીને સમસ્ત;
વાલે જગ્યા જોઈને વખાણી, કહ્યું જુક્તિ ભલી તમે આણી. ૬
થતો હતો નારાયણમો'લ, તેને જોઈ બોલ્યા હરિ બોલ;
જોવા જોગ જગ્યા થશે સારી, ધન્ય ધન્ય છે બુદ્ધિ તમારી. ૭
એમ કહીને પધાર્યા ઉતારે, જમ્યા જીવન ને સંત ત્યારે;
થોડા દિવસ કરીને નિવાસ, કરી જ્ઞાનની વાત પ્રકાશ. ૮
પછી પરવરિયા અલબેલ, પીપળાવ થઈને ગુડેલ;
ભલા ભક્ત ગરાશિયા ત્યાંય, જેનું નામ જીભાઈ ગણાય. ૯
તેણે સેવા સજી શુભ રીતે, બીજા ભક્તોએ પણ પૂજ્યા પ્રીતે;
એક બાઈ અવલબાઈ નામ, પાટીદાર વસે તેહ ઠામ. ૧૦
તેણે સંતને દીધી રસોઈ, પૂજ્યા શ્રીહરિને સમો જોઈ;
શત મો'ર ધરી પ્રભુ પાસે, માગી ભક્તિ અનન્ય હુલાસે. ૧૧
વળી બાઈ બોલી તેહ વાર, મને કોઈ નથી પાળનાર;
મારે આ લોક ને પરલોક, લેજો સંભાળ ઉત્તમશ્લોક[૧]. ૧૨
કહ્યું નાથે તથાસ્તુ તે ઠામ, વળી જીભાઈને કહ્યું આમ;
રાખજો આ બાઈની સંભાળ, તમે ક્ષત્રિ છો જનપ્રતિપાળ. ૧૩
એવી દૈને ભલામણ સારી, કૃષ્ણે ચાલવા કીધી તૈયારી;
પછી કોઈ સમે અહો રાય, મોટી ધાડ પડી ગામમાંય. ૧૪
ઘર અવલનું લૂંટવા આવી, જઈને ઝીભાઈને અટકાવી;
કેટલાએકને નાખ્યા મારી, ઘાવ પોતાને ત્યાં વાગ્યા ભારી. ૧૫
ધન્ય ધન્ય છે ક્ષત્રિનો ધર્મ, વખાણે લોક સૌ તેનું કર્મ;
અંતકાળે આવ્યા ભગવાન, તેને તેડી ગયા નિજ સ્થાન. ૧૬
હરિજન અરથે તજ્યો દેહ, મોટા મુક્ત વખાણે છે તેહ;
ગામ ગુડેલથી ગિરધારી, ગયા ગઢપુર ભવભયહારી. ૧૭
વળી કોઈ સમાની કથાય, કહુંતે તમે સાંભળો રાય;
કરી જન્માષ્ટમી ગઢપુરમાં, ફરવાની ઈચ્છા ધરી ઉરમાં. ૧૮

૧. સુવિખ્યાત તથા શ્રેષ્ઠ કીર્તિવાળા ભગવાન શ્રીહરિ

ગયા સારંગપુર ઘનશ્યામ, રહ્યા થોડા દિવસ તેહ ઠામ;
આવ્યો ભાદરવો ભલો જ્યારે, કારિયાણીયે સંચર્યા ત્યારે. ૧૯
કરી કાર્તિકી પુનમ ત્યાંય, ઘણી લીલા કરી હરિરાય;
સૂરો ખાચર લોયાના જેહ,આવ્યા તેડવા કારણ તેહ. ૨૦
દાદો ખાચર બોલિયા વાણી, ચાલો ગઢપુર સારંગપાણિ;
મોટીબા વળી બોલિયા એમ, પ્રભુ લોયે પધારશો કેમ. ૨૧
લક્ષ્મીબાગનાં વૃંતાક જેવાં, બીજે ગામ થતાં નથી એવા;
આ છે વૃંતાકનું ટાણું આજ, ચાલો ગઢપુર શ્રીમહારાજ. ૨૨
ગઢડાનાં વૃંતાક વખાણ્યાં, ગર્વગંજને અંતરે આણ્યા;
ગયા લોયે શ્રીધર્મદુલારો, શાકઉત્સવ ત્યાં કર્યો સારો. ૨૩
દૈવી માયાયે વૃંતાક કીધાં, સુરાભક્તે નાણું દઈ લીધાં;
ન મળે મૃત્યુલોકમાં જેવાં, અતિ ઉત્તમ વૃંતાક એવા. ૨૪
ગઢપુરના નિવાસીનો ગર્વ, ઉતરી ગયો તે સમે સર્વ;
ઈચ્છારામ ને રામપ્રતાપ, નિજ દેશ ગયા હતા આપ. ૨૫
પ્રભુદર્શન ચિત્ત ચહાઈ, આવ્યા તે સમયે તે લોયામાંઈ;
શાકઉત્સવનો જે વિસ્તાર, લખ્યો છે ઘણા ગ્રંથ મોઝાર. ૨૬
માટે સંક્ષેપમાં કહી વાત, સુણો ભૂપ અભેસિંહભ્રાત;
માઘ માસ સુધી લોયા ગામે, ઘણી લીલા કરી ઘનશ્યામે. ૨૭
પછી ત્યાંથી પધાર્યા પંચાળે, દયા બહુ કરી દીનદયાળે;
ઝીણાભાઈ તણે દરબાર, ઉતર્યા જઈ પ્રાણઆધાર. ૨૮
ગામ બહાર પલાશના[૧] વનમાં, ઉતર્યા સંત હરખીને મનમાં;
હાલ છત્રી કરાવી છે જ્યાંય, સભા ભરતા મહાપ્રભુ ત્યાંય. ૨૯
તહાં ફાગણી પુનમ રાતે, રમ્યા રાસ પ્રભુ ભલી ભાતે;
વડનું ઝાડ સુંદર ભાળી, સંત સાથે ફર્યા પાડી તાળી. ૩૦
ભક્તિધર્મ સહિત ભક્તજાતે, દીધું દિવ્ય દર્શન મધ્યરાતે;
બીજે દિવસ બે હોજ કરાવ્યા, તેમાં રંગ રચાવી ભરાવ્યા. ૩૧
પાંચસે પિચકારી કરાવી, સંત પ્રત્યેકને તે અપાવી;
એક કોરે બ્રહ્માનંદ રહ્યા, બીજી તરફ નિત્યાનંદ થયા. ૩૨

૧. ખાખરાનું વન

બેય ભાગે વેંચાઈને સંત, રમ્યા રંગનો ખેલ અત્યંત;
મંચ ઉપર માવ બિરાજી, જોઈ ખેલ થયા બહુ રાજી. ૩૩
પછી સારી સજી અસવારી, ગામ પૂર્વે ગયા ગિરધારી;
સાબળી નદીમાં કર્યું સ્નાન , આવ્યા ઉતારે શ્રીભગવાન. ૩૪
સભા સાંજે સજી ધર્મતન, આવ્યા સુરતના હરિજન;
પૂજ્યા પ્રેમ ધરીને અથાક, અતિ સારો ધરાવ્યો પોશાક. ૩૫
વળી અદ્ભૂત એક ચરિત્ર, કહું સાંભળો પરમ વિચિત્ર;
મોટું નરવરકોટ છે ગામ, સારા ક્ષત્રી વસે તેહ ઠામ. ૩૬
પ્રભુ મળવાની ઈચ્છા તે રાખે, ભાવથી નિત્ય પ્રાર્થના ભાખે;
એક દિવસ છ માસનું બાળ, ત્યાં તો બોલી ઉઠ્યું તતકાળ. ૩૭
પ્રભુને મળવા જો ચહાઓ, સદ્ય સોરઠ દેશમાં જાઓ;
ગુણવંત પંચાળું છે ગામ, મળશે પ્રભુજી તેહ ઠામ. ૩૮
એવું સાંભળી તેઓ સિધાવ્યા, પંથ લાંબે પંચાળામાં આવ્યાં;
સાંભળ્યો શ્રીહરિનો પ્રતાપ, પ્રણમ્યા ધરી પ્રેમ અમાપ. ૩૯
કર્યા ભેટ કટાર[૧] કમાન[૨], હતાં તે તો મહામુલવાન;
સ્નેહે શ્રીજીનો આશ્રય કર્યો, સતસંગી તણો વેષ ધર્યો. ૪૦
પંચાળા માંહિ શ્રીપરમેશ, વળી લીલા કરી છે વિશેષ;
પાંચસેં સંતને લઈ સાથ, ઘણા દિવસ વસ્યા છે ત્યાં નાથ. ૪૧
હતું સૂર્યગ્રહણ એક ટાણે, ત્યારે ના'વા ગયા તે ઠેકાણે;
ગામથી વાયુખૂણામાં સારો, જહાં છે મહાદેવનો આરો. ૪૨
સારું છે શિવનું એક સ્થાન, સરિતામાં કર્યું તહાં સ્નાન;
નદીનાં મત્સ્ય આદિ બોલાવી, શ્યામે સૌને સમાધિ કરાવી. ૪૩
શ્રીજીએ શિવને નવરાવ્યા, ધૂપ દીપ નૈવેદ્ય ધરાવ્યાં;
દાન વિપ્રોને બહુ વિધિ દીધાં, સંત બ્રાહ્મણે ભોજન કીધાં. ૪૪
શિવનો ઓટલો અને દેરું, પ્રસાદીનું છે સ્થાન ઘણેરું;
પંચાળા માંહી લીલા અપાર, હરિએ કરી છે બહુ વાર. ૪૫
પછે ત્યાંથી ચાલ્યા ઘનશ્યામ, ગયા શ્રીજી જિરણગઢ ધામ;
હરિનૌમિ આવી એહ કાળે, કર્યો ઉત્સવ ત્યાં વૃષલાલે. ૪૬

**૧.** બે ધારવાળી છરી **૨.** ધનુષ્ય, બંદુક

પછી ત્યાંથી ચાલ્યા ઘનશ્યામ, ગયા ગિરિધર ગઢપુરધામ;
આવી અક્ષયત્રીજે જે કાળે, વળી વાલો આવ્યા વરતાલે. ૪૭
નારાયણમો'લમાં કર્યો વાસ, આવ્યા દર્શન કરવાને દાસ;
દેશ દેશના પણ હરિજન, આવ્યા બહુ કરવા દરશન. ૪૮
સભામંડપ છે આજ જ્યાંય, એક ખેતર તો હતું ત્યાંય;
વટપત્તનનો સંઘ આવ્યો, તેણે ઉતારો ત્યાં જ ઠરાવ્યો. ૪૯
બીજા ધારુતળાવને તીર, ઉતર્યા જોઈ નિર્મળ નીર;
જ્ઞાનબાગમાં આમલા પાસ, ઉતર્યા કોઈ તો હરિદાસ. ૫૦
અશ્વે થૈ શ્રીહરિ અસવાર, ફર્યા તે સર્વ સંઘ મોઝાર;
એમ સર્વને દર્શન દૈને, નારાયણમો'લમાં બેઠા જઈને. ૫૧
દવે દાદા વસોના નિવાસી, કહ્યું તેણે અહો સુખરાશી;
આજ આવી અમારે ઉતારે, જમો થાળ કૃપા કરો ભારે. ૫૨
પછી ધારુતળાવને તીર, જમવા ગયા શ્યામશરીર;
પુત્રી જમનાએ કીધી રસોઈ, ભગવાન જમ્યા ભાવ જોઈ. ૫૩
એમ જનનિ જોઈ ઘણી પ્રીત, જમે જીવન જનહિત નિત્ય;
ઓટો ધારુતળાવને તીર, બેઠા તે ઉપરે નરવીર. ૫૪
સભા સંતની સારી ભરાણી, બેઠા હરિજન બહુ મુદ આણી;
બેઠી બાઈયો પણ કાંઈ દૂર, નેહે નિરખવા હરિમુખ નૂર[૧]. ૫૫
જ્ઞાનવાત કરી હરિ ઘણી, પુરુષોત્તમ સ્વરૂપ તણી;
દિવ્યભાવ વિશેષ દેખાડ્યો, અતિ આનંદ સૌને પમાડ્યો. ૫૬
સભા માંહિથી જ્યારે સિધાવ્યા, નારાયણબાગ છે તહાં આવ્યા;
તહાં ખેતર સુંદર જોઈ, બોલ્યા શ્રીહરિ હર્ષીત હોઈ. ૫૭
આંહી નરનારાયણ કાજે, બાગ થાય તો તે બહુ છાજે;
એવી વાણી કહી અલબેલે, સુણી વરતાલવાસી પટેલે. ૫૮
હેતે બોલ્યા તે જોડીને હાથ, સત્યસંકલ્પ છો તમે નાથ;
સંઘ ઉતરે છે આંહિ આવી, પૂજે છે આપને પધરાવી. ૫૯
માટે રમણભૂમિ રુડી એહ, અમે આપને અર્પિયે તેહ;
લેખ સૌએ મળી કરિ દીધો, કૃપાનાથને અર્પણ કીધો. ૬૦

૧. તેજ, ક્રાંતિ

નથુભક્ત તથા હરિભાઈ, પાળા બેને કહે સુખદાઈ;
તમે આ સ્થળ બાગ બનાવો, ફુલઝાડ વિચિત્ર રોપાવો. ૬૧
કુવો એક તો તરત કરાવો, સ્થિતિ ત્યાં દાદાગુરુની[1] ઠરાવો;
એવી કૃષ્ણની આજ્ઞા પ્રમાણે, કરાવ્યો કુવો તેહ ઠેકાણે. ૬૨
જળ જોવાને શ્રીહરિ આવ્યા, દાદાગુરુએ તહાં નવરાવ્યા;
ચરણોદક કૂપમાં નાખ્યું, ભલું માહાત્મ્ય કૂપનું ભાખ્યું. ૬૩
ચર્ચિ કેસર ચંદન સાર, પ્રભુને ધર્યાં પુષ્પના હાર;
કરી લીલા ઘણી ઘનશ્યામ, પધાર્યાં પછી ગઢપુરધામ. ૬૪
વળી એક સમે અવિનાશી, કરી આસોની પૂરણમાસી;
ચાલ્યા ગઢપુરથી ગિરધારી, કારિયાણીયે જનસુખકારી. ૬૫
દેવા દર્શન જનને ઉદાર, ગયા ધોલેરે ધર્મકુમાર;
સતસંગી સામા આવ્યા ઘણા, મુખ્ય નામ કહું તેહ તણાં. ૬૬
પૂંજાભાઈ બનેસિંહ જાણો, વરહાભાઈ ત્રીજા પ્રમાણો;
ડોસાભાઈ તથા ખીમાભાઈ, આવ્યા એહઆદિક હરખાઈ. ૬૭
પુંજાભાઈ તણે દરબાર, ઉતર્યા જઈ પ્રાણઆધાર;
ધનતેરશ ચૌદશ કાળી, કર્યા ઉત્સવ આવી દીવાળી. ૬૮
ફુલીબા ને અજુબાએ મળી, ભગવાનની ભક્તિમાં ભળી;
અન્નકૂટ તણો જે સામાન, સજી રાખ્યો હતો તેહ સ્થાન. ૬૯
ભાત ભાત રસોઈ કરાવી, ધર્મપુત્રની પાસે ધરાવી;
કર્યો ઉત્સવ હરખી અત્યંત, જમ્યા શ્રીહરિ ને જમ્યા સંત. ૭૦
થોડા દિવસ રહી સુખધામ, વૃષપુત્ર ગયા વડગામ;
ગયા પાનડ અને અખોલ, ત્યાંથી તામસે કરતા કલ્લોલ. ૭૧
ત્યાંથી ગુડેલ થૈ ગિરધારી, આવ્યા વરતાલ વિશ્વવિહારી;
એટલામાં પ્રબોધિની આવી, હરિભક્ત તણે મન ભાવી. ૭૨
દેશદેશનાં સંઘ અપાર, સમૈયા પર આવ્યા આ ઠાર;
આજ મંદિર પાછળ જ્યાંય, સારી છત્રી કરાવી છે ત્યાંય. ૭૩
સભામાં બિરાજ્યા સુખદાઈ, અંગે ઓઢીને પીળી રજાઈ;
સર્વ સંત તથા સતસંગી, કરે દર્શન અંગે ઉમંગી. ૭૪

૧. પરમાનંદસ્વામી

જ્ઞાનવાત કરી ઘણી સારી, સુણતાં સહુને સુખકારી;
પોતે પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, નવા ભક્તોને નિશ્ચે કરાવ્યો. ૭૫
વળી બોલિયા શ્રીમહારાજ, તમે સાંભળો સર્વસમાજ;
સમૈયો આંહિ કરિયે જે વારે, તમને લખિયે છૈયે ત્યારે. ૭૬
હરિનવમી પ્રબોધિની જેહ, હવેથી તો સમૈયા બે તેહ;
નક્કી કરશું જ વરતાલ માંહી, માટે આવજો સૌ તમે આંહી. ૭૭
કદી કોઈના આગ્રહ વડે, જો અમારે બીજે જાવું પડે;
તોય આવવું આંહિ તમારે, બીજે તીર્થ જવું નહિ ત્યારે. ૭૮
એમ આજ્ઞા કરી અવિનાશી, પોઢ્યાં ઉતારે જૈ સુખરાશી;
બીજે દિન ભાત ભાત ભોજન, જમ્યા નાથ જમ્યા મુનિજન. ૭૯
વીતી કાર્તિકી પૂનમ જ્યારે, શ્યામે સૌને રજા દીધી ત્યારે;
ગયા હરિજન નિજ નિજ ગામ, ગયાં મંડળ ફરવાને કામ. ૮૦

**પુષ્પિતાગ્રા :**

કરી હરિ વરતાલથી વિહાર, ગઢપુર જૈ સ્થિરતા કરી સુઠાર;
મન ગઢપુર તુલ્ય આ અમારું, ગણી વૃષનંદ વસો સદૈવ સારું. ૮૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે સપ્તમકલશે
અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિલોયાગ્રામે
શાકઉત્સવ પંચાળગ્રામે પુષ્પદોલોત્સવ જીર્ણદુર્ગે હરિનવમી તથા
વૃત્તાલયે પ્રબોધિન્યુત્સવકરણનામ ત્ર્યશીતિતમો વિશ્રામઃ ॥૮૩॥*

**ઈતિ શ્રીહરિલીલામૃતે ચારુતરાખ્ય સપ્તમ કલશઃ સમાપ્તઃ ।**

## પરિશિષ્ટ (સંદર્ભ સૂચિ)

– અહીં વિષય પ્રમાણે સૂચિ બનાવાઈ છે.
– વિષયની સાથે ગ્રંથ નંબર અને પૃષ્ટ નંબર લખ્યા છે. ઉદા. ૧/૧૪
– ઘણી જગ્યાએ ભાગ-૨/ક-૪/વિ-૩ પૃ. ૧૪ એમ વિગતે નોંધ્યું છે.
– આ સંદર્ભસૂચિમાં અકારાદિક્રમ, પેજ ક્રમ તથા ભાગ ક્રમ જાળવ્યો છે.

**★ વિષયવાર ઉપદેશ અનુક્રમણિકા :**

(૧) અદેખા વિશે - ૩/૧૪૨
(૨) અંતર્યામી વિશે - ૩/૪૨૧
(૩) અનન્યભક્ત વિશે - ૩/૮૮
(૪) અફીણના બંધાણ વિશે - ૩/૫
(૫) અન્નદાન વિશે - ૩/૨૭૦
(૬) આપત્કાળ વિશે - ૩/૩૨
(૭) ઉન્મત્તપણું ટાળવા વિશે - ૩/૨૬
(૮) ઋણ ન કરવા વિશે - ૩/૧૩૬
(૯) કુપુત્ર વિશે - ૩/૪૦૧
(૧૦) ગાળ દીધા વિશે - ૩/૧૩૨
(૧૧) છીંડુ પાડીને ન જવા વિશે - ૩/૩૨૮
(૧૨) તપ વિશે - ૩/૨૦૬
(૧૩) તીવ્રતપ નિષેધ વિશે - ૩/૪૧
(૧૪) ધર્મનું કામ ઝટ કરવા વિશે - ૩/૨૩૬
(૧૫) ધર્માર્થે ચોરી ન કરવા વિશે - ૩/૩૨૮
(૧૬) નિષ્કામીપણા વિશે - ૩/૯૪
(૧૭) બ્રાહ્મણના મહિમા વિશે - ૩/૧૦
(૧૮) રાજાના ધર્મ વિશે - ૩/૧૬
(૧૯) રાજ્યમદ વિશે - ૩/૧૮
(૨૦) લગ્નના દુઃખ વિશે - ૩/૨૪૦
(૨૧) લજ્જા વિશે - ૩/૨૮૧
(૨૨) વચન પાળવા વિશે - ૩/૩૦૦
(૨૩) વીરરસ વર્ણન વિશે - ૩/૨૬૩

(૨૪) સજ્જન તથા કૃતઘ્ની વિશે - ૩/૩૭૮
(૨૫) સ્નેહીને ન દેખીને દુઃખ ઊપજવા વિશે - ૩/૭૦
(૨૬) સંતનો ધર્મ જોઈને સત્સંગ થાય છે તે વિશે - ૩/૨૬૦
(૨૭) સંપ વિશે - ૩/૨૩૧
(૨૮) સ્ત્રીના સ્વભાવ વિશે - ૩/૨૧૯
(૨૯) સમય બદલાયા વિશે - ૩/૧૯
(૩૦) સત્સંગી પુત્ર વિશે - ૩/૪૨૬

**★ હરિભક્ત તથા સંત સંદર્ભ**

અમરા ભગત - ૩/૧૩૦;
અભય નરેશ - ૩/૧;
અમૂલાબાઇ - ૩/૨; ૩/૧૮૭
અમૃતબાઈ - ૩/૨૨૬
અવલબાઇ - ૩/૩૯૬, ૩/૪૩૫
અંબાલીદાસ - ૩/૧૬૨;
અંબાવીદાસ - ૩/૧૬૩
અલૈયા ખાચર પરિવાર - ૩ / ૧૨૦;
આત્માનંદ સ્વામી - ૩/૨૭૫, ૩/૨૮૦, ૩/૨૮૩
આમોદના ભક્તો - ૩/૧૬૧
એરણ સાહેબ - ૩ / ૧૧૮;
ઉત્તમદાસ પટેલ - ૩/૩૬૪
ઉત્તમગર બાવા - ૩/૩૪૧
ઉદેકુંવર બાઇ - ૩ / ૮૧; ૩ / ૮૯; ૩/૩૮૮
કચ્છના ભકતો - ૩/૩૮૩
કરીમભાઇ - ૩/૨૬૫, ૩/૨૬૨, ૩/૨૬૮,
કર્ણિબા - ૩/૩૬, ૩/૩૭, ૩/૫૫, ૩/૩૩૧
કાળીદાસ પટેલ - ૩ / ૧૫૯; ૩/૩૫૦, ૩/૩૬૪
કાભઇ ઠાકોર - ૩ / ૧૬૦;
કાકાભાઇ (મેથાણ) - ૩/ ૧૮૯; ૩/૧૯૩
કાકાભાઇ દરબાર - ૩/૩૩૩

કાંકુભાઈ/પૂંજાભાઈ - ૩/૧૭૯, ૩/૧૯૩, ૩/૨૨૨, ૩/૩૬૭
કાનજી - ૩/૧૬૨
કાનદાસ-દરુભાઈ-ગુલાબદાસ - ૩ / ૧૬૧;
કાનો પટેલ - ૩/૪૧૩
કાનોબા - ૩/૧૬૩, ૩/૧૬૪, ૩/૧૬૫, ૩/૧૬૬
કાશીદાસ - ૩/૩૪
કાશીરામ વિપ્ર - ૩/૧૬૧, ૩/૨૨૬, ૩/૨૭૨, ૩/૨૭૩, ૩/૩૨૪,
કાયાભાઈ - ૩/૩૩૧
કેસરીસિંહ (ધર્મજ) - ૩/૨૫૯
કેશવજી પારેખ - ૩/૨૨૫, ૩/૪૧૨, ૩/૪૧૫,
કુમુદબા - ૩ / ૨૪૧
કુબેરસિંહ - ૩/૪૪, ૩/૪૮, ૩/૧૫૨, ૩/૩૫૮, ૩/૩૯૦,
કુબેરસિંહ ચોપદાર - ૩/૪૫, ૩/૪૯, ૩/૧૫૩, ૩/૩૯૧
કુબેરજી - ૩/૧૧૮; ૩/૧૬૨, ૩/૩૧૨
કુશળ કુંવરબાઈ - ૩/૨૭૮, ૩/૨૮૨, ૩/૨૮૮, ૩/૨૯૧, ૩/૨૯૪, ૩/૨૯૭,
૩/૩૦૩, ૩/૩૦૪
ખુશાલભાઈ - ૩/૧૬૨
ખીમબાઈ - ૩/૨;
ખોડા પંડયા - ૩ / ૧૬૫; ૩/૧૬૫,
ગણેશ ભકત - ૩/૩૮૭
ગલુભાઈ - ૩/૩૬૫
ગંગારામ મલ્લ - ૩/૯૩, ૩/૧૧૦, ૩/૧૧૨, ૩/૨૪૭, ૩/૪૧૬, ૩/૪૨૪
ગોકળદાસ ગઢવી - ૩/૫, ૩/૬૮, ૩/૩૪૯
ગોવિંદજી વિપ્ર - ૩/૧૦૮, ૩/૨૧૭, ૩/૨૨૮, ૩/૨૪૮, ૩/૨૭૧, ૩/૩૦૪
ગોવિંદાનંદ સ્વામી - ૩/૧૭૬
ગોવિંદભાઈ પટેલ - ૩/૪૮, ૩/૩૩૮, ૩/૩૪૯
ગઢપુરના લલિતાદિ ભક્તો - ૩/૨
ચિદાનંદ સ્વામી - ૩/૩૦૭
ગંગામા - ૩/૨૩૮
જોરોભાઈ - ૩/૧૬૨

જગજીવન મહેતા - ૩/૧૧૦; ૩/૧૧૧
જમનાબા (વસો) - ૩/૧૬૭, ૩/૨૩૮, ૩/૩૨૬
જીવા ખાચર - ૩/૨૨, ૩/૨૩, ૩/૨૬, ૩/૫૮, ૩/૧૨૫; ૩/૧૨૬, ૩/૧૨૭, ૩/૧૨૮, ૩/૧૩૦, ૩/૧૩૧, ૩/૧૩૫, ૩/૧૩૭, ૩/૧૪૫, ૩/૧૭૨, ૩/૧૭૪, ૩/૧૭૬, ૩/૧૮૬, ૩/૧૮૭, ૩/૧૮૮, ૩/૨૦૫, ૩/૨૩૬, ૩/૨૫૧, ૩/૪૨૧
જીજીભાઇ (દોરા) - ૩/૧૪૮, ૩/૧૬૧, ૩/૨૭૨
જીભાઇ - ૩/૪૮, ૩/૪૩૫
જયાબાઇ (જીવુબા) - ૩/૨; ૩/૧૯૫, ૩/૨૬૧, ૩/૨૮૭, ૩/૨૮૮, ૩/૩૦૦, ૩/૩૦૪
જેસંગભાઇ (વેલાલ) - ૩/૨૧;
જેસંગભાઇ(વસો) - ૩/૧૮૦, ૩/૧૮૧
જેતલપુરના ભક્તો - ૩/૨૨૬
જાલમસંઘ રાજા - ૩/૩૯, ૩/૪૨;
જાલમપગી - ૧/૩૩૮
જોબન પગી - ૩/૫૪; ૩/૫૭, ૩/૧૫૪, ૩/૧૫૫, ૩/૧૭૦, ૩/૨૨૦, ૩/૨૨૧, ૩/૨૬૨, ૩/૨૬૩, ૩/૨૬૪, ૩/૨૬૫, ૩/૨૬૮, ૩/૨૭૭, ૩/૨૯૯, ૩/૩૦૧, ૩/૩૦૪, ૩/૩૧૬, ૩/૩૨૦, ૩/૩૨૩, ૩/૩૫૦, ૩/૩૬૭, ૩/૩૭૦
જોરોભાઇ/જેઠીભાઇ/ભવાનીદાસ - ૩ / ૧૬૨;
જેઠીભાઈ - ૩/૧૬૩
ઝીણાભાઇ - ૩/૧૧૩, ૩/૧૮૧, ૩/૧૮૨, ૩/૨૦૮, ૩/૨૨૨, ૩/૨૨૯, ૩/૩૬૦, ૩/૪૩૬
ઝુમખરામ - ૩/૩૮૮, ૩/૩૮૯
ડનલોપ (દુલ્લાપ) - ૩/૩૫૯
ડુગલ સાહેબ - ૩ / ૧૧૮;
તખા પગી - ૩/૫૭, ૩/૨૨૭, ૩/૨૫૫, ૩/૨૬૮,૩/૨૭૭, ૩/૩૦૧, ૩/૩૨૩, ૩/૩૨૭, ૩/૩૨૮, ૩/૩૩૯, ૩/૩૪૦,
તુળજારામ - ૩ / ૧૧૫; ૩ / ૧૬૧;
ત્રીકમદાસ - ૩/૧૬૨

દાદાખાચર - ૩/૨, ૩/૪૬, ૩/૭૪, ૩/૨૧૭, ૩/૨૨૧, ૩/૨૩૫, ૩/૨૩૯, ૩/૨૪૦, ૩/૩૦૨, ૩/૩૦૩, ૩/૩૩૦, ૩/૩૬૭, ૩/૩૭૦, ૩/૪૦૪, ૩/૪૧૯, ૩/૪૨૭
દાજીભાઇ (મછિયાવ) - ૩/૩૮, ૩/૪૭, ૩/૨૧૮, ૩/૨૨૯,
દામોદરદાસ - ૩/૩૬૨
દેવા ખાચર - ૩ / ૧૨૮;
દેવશંકર / કૃષ્ણજી વિપ્ર - ૩/૧૯૦, ૩/૧૯૨
દેવીદાસ - ૩/૧૬૨
દુર્લભરામ વિપ્ર - ૩/૩૮;
ધર્મપ્રસાદદાસજી - ૩/૪૩૩
ધર્મદાસ પટેલ - ૩/૩૬૫
ધરમપુરના રાણી (કુશળકુંવરબાઈ) - ૩/૨૫૯, ૩/૨૬૧, ૩/૨૭૮, ૩/૨૮૨, ૩/૨૮૮, ૩/૨૯૧, ૩/૨૯૩, ૩/૨૯૪, ૩/૨૯૭, ૩/૩૦૩
નરહરભાઈ - ૩/૧૬૨
નારાયણભાઈ - ૩/૧૬૨
નથું બારોટ - ૩/૩૩૭, ૩/૩૩૮
નથુભાઇ અમીન - ૩ / ૬;
નથુભટ્ટ - ૩/૨૯, ૩/૩૦, ૩/૩૫૮, ૩/૩૬૦,
નરસિંહ મહેતા - ૩/૩૯;
નરભેરામ - ૩/૫૮, ૩/૧૬૭, ૩/૨૨૫, ૩/૨૨૬, ૩/૩૬૫
નરોત્તમ/ભૂલો/પૂજોભાઈ - ૩/૧૬૨
નંદુભાઇ - ૩/૫૮, ૩/૧૧૬; ૩/૨૨૩ થી ૨૨૫, ૩/૨૨૬, ૩/૩૬૫,
નાગમાલો - ૩/૧, ૩/૪૪, ૩/૨૨૨
નાજા જોગીયા - ૩/૯૩, ૩/૯૪, ૩/૧૯૫, ૩/૨૦૮, ૩/૨૫૨, ૩/૨૬૩, ૩/૨૬૪, ૩/૨૬૮, ૩/૨૮૪, ૩/૩૫૩
નાનાભાઈ - ૩/૮, ૩/૩૪, ૩/૫૨, ૩/૩૪૧
નાનબાઈ - ૩/૨
નાનાભાઈ - ૩/૮, ૩/૩૪, ૩/૫૨
નાનો બાવો તથા વેણીદાસ - ૩/૧૬૨, ૩/૨૩૨
નારણ પટેલ (ઇંટોલા) - ૩/૨૬૨

નિર્મળદાસ - ૩/૪૩૩
નિત્યાનંદ સ્વામી - ૩/૧૭૦, ૩/૧૭૧, ૩/૨૧૮, ૩/૨૪૯, ૩/૨૮૭, ૩/૩૧૩, ૩/૩૨૩, ૩/૩૪૪, ૩/૩૫૭, ૩/૩૮૬, ૩/૪૩૬,
નિર્વિકલ્પાનંદ સ્વામી - ૩/૩૭૯
નિષ્કુળાનંદ સ્વામી - ૩/૧૭૬, ૩/૨૪૦, ૩/૩૦૯, ૩/૩૧૦, ૩/૩૫૦
પદ્મનાભાનંદ સ્વામી - ૩/૨૬૯
પરમચૈતન્યાનંદ સ્વામી - ૩/૨૬૧, ૩/૩૮૬
પરમાનંદ સ્વામી - ૩/૧૭૮, ૩/૪૩૯
પરશોત્તમ ભટ્ટ - ૩/૧૩૮, ૩/૧૬૨;
પરશોત્તમ ત્રિકમદાસ - ૩ / ૧૬૨;
પરશોત્તમ ગોવિંદભાઈ - ૩/૧૬૨
પાંચુબાઇ - ૩/૨;
પુંજાભાઈ - ૩/૧૬૨, ૩/૧૭૯,૩/૩૨૩
પુંજો શેઠ (અણિયાળી) - ૩/૫૩;
પૂર્ણાનંદ વિપ્ર - ૩/૨૯૮
પ્રભુદાસ - ૩/૧૬૦; ૩/૨૬૮, ૩/૨૯૯, ૩/૩૨૬, ૩/૪૩૨
પ્રાગજી દવે - ૩/૧૦૯; ૩/૩૨૫
ફૂલજીબા - ૩ / ૨૯;
બગીબાઇ મામૈયો પટગર - ૩ / ૧૪૫;
બળદેવ - ૩/૮૨, ૩/૯૦; ૩/૩૮૭, ૩/૩૮૮,
બાદર ખાંટ - ૩/૩૮૨
બાવા ગુલાબદાસ - ૩/૩૬૧
બાપુભાઈ - ૩/૫૪, ૩/૬૦, ૩/૬૧, ૩/૬૨, ૩/૧૬૦; ૩/૨૧૮, ૩/૨૩૪, ૩/૨૪૪, ૩/૨૪૫, ૩/૩૨૩, ૩/૩૫૧,
બેચર પંડયા - ૩ / ૧૫૯;
બુવાના ભક્તો - ૩/૧૬૧
બ્રહ્માનંદ સ્વામી - ૩/૯, ૩/૩૪, ૩/૩૮, ૩/૪૨, ૩/૪૪, ૩/૫૨, ૩/૫૩, ૩/૫૪, ૩/૧૫૬, ૩/૨૩૩, ૩/૨૩૪, ૩/૨૩૭, ૩/૨૪૮, ૩/૨૪૯, ૩/૨૫૦, ૩/૨૫૧, ૩/૨૫૪, ૩/૩૨૩, ૩/૩૮૦, ૩/૪૨૦, ૩/૪૩૬,

ભગવાન ભટ્ટ - ૩/૧૬૨;
ભગા દોશી - ૩/૨૩૪, ૩/૩૩૧, ૩/૪૨૩, ૩/૪૨૪
ભગુ ખાંટ - ૩/૩૯; ૩/૪૦, ૩/૪૩
ભગો પટેલ - ૩/૧૬૨;
ભવાનીદાસ - ૩/૧૬૨
ભાઈચંદ (સુરત) - ૩/૩૧, ૩/૧૭૬
ભીખારીદાસ - ૩/૫૬;
ભીમો દોશી - ૩/૧૪૩;
ભૂધરદાસ પટેલ - ૩/૨૯૮
ભૂદરભાઈ - ૩/૧૬૨;
મકનદાસ - ૩/૩૪૧
મયારામ ભટ્ટ - ૩/૫૪, ૩/૫૬, ૩/૫૯, ૩/૬૦, ૩/૬૭, ૩/૧૦૮, ૩/૧૧૨, ૩/૨૨૯, ૩/૩૨૩, ૩/૩૨૫, ૩/૩૩૪,
મહાનુભાવાનંદ સ્વામી - ૩/૧૧૦, ૩/૧૭૭, ૩/૧૦૯, ૩/૨૦૧, ૩/૨૦૨, ૩/૨૦૬, ૩/૨૧૬, ૩/૨૪૬, ૩/૩૯૨,
માંચા ખાચર (કારિયાણી) - ૩/૬૨, ૩/૧૩૮, ૩/૩૩૦
માધવજી - ૩/૧૬૨
માત્રા ધાધલ - ૩/૨૨, ૩/૨૪૦
માનજી ઠાકોર - ૩ / ૩૪;
માનાભાઈ દરબાર - ૩/૩૩૩, ૩/૩૩૪
માધવજી - ૩/૧૬૨
માહેશ્વર ભટ્ટ - ૩/૧૬૨
માહેશ્વર/કાકુજી/દયાળ શેઠ - ૩/૧૬૨
મામૈયો પટગર - ૩/૧૪૪; ૩/૨૦૫, ૩/૨૨૨
મીણબાઈ - ૩/૨, ૩/૧૧૯
મુક્તાનંદ સ્વામી - ૩/૭, ૩/૩૪, ૩/૩૮, ૩/૫૨, ૩/૫૪, ૩/૫૮, ૩/૧૧૬, ૩/૧૧૮, ૩/૧૨૫, ૩/૧૪૯, ૩/૧૫૬, ૩/૧૫૭, ૩/૧૬૧, ૩/૧૬૩, ૩/૧૬૪, ૩/૧૬૫, ૩/૧૬૮, ૩/૧૭૦, ૩/૧૭૧, ૩/૧૭૮, ૩૧૮૧, ૩/૧૮૫, ૩/૨૧૭, ૩/૨૧૮, ૩/૨૨૧, ૩/૨૩૩, ૩/૨૩૪, ૩/૨૪૯, ૩/૨૫૦,

૩/૨૬૮, ૩/૨૮૭, ૩/૩૧૦, ૩/૩૧૧, ૩/૩૧૩, ૩/૩૧૬, ૩/૩૨૦, ૩/૩૨૩, ૩/૩૫૭ ૩/૩૬૦, ૩/૩૬૮, ૩/૩૭૬, ૩/૩૭૭, ૩/૩૭૮, ૩/૩૭૯, ૩/૩૮૩, ૩/૩૮૬, ૩/૩૮૮, ૩/૪૦૪, ૩/૪૨૦,
મુકુંદાનંદજી વર્ણિ - ૩/૩૮, ૩/૭૫, ૩/૮૩, ૩/૧૩૮, ૩/૧૫૨, ૩/૧૮૬, ૩/૨૬૩, ૩/૨૬૪, ૩/૨૭૭, ૩/૨૮૦, ૩/૩૦૭, ૩/૩૨૬, ૩/૩૩૫, ૩/૩૫૫, ૩/૩૬૦, ૩/૩૬૭,
મેઘજી સુતાર - ૩/૧૦૯;
મૂળજી ગઢવી - ૩/૨૩૦
મોકમસિંહ બારૈયા - ૩/૧૬૬;
મોતીરામ દ્વિજ - ૩/૧૭૦, ૩/૧૮૦
મોરારજી - ૩/૪૮, ૩/૩૪૧,
રઘુવીરદાસ બાવા - ૩/૩૬૫
રઘુનાથ પટેલ - ૩/૫૨;
રઘુનાથ/કાળીદાસ/મંછારામ - ૩/૩૬૪
રઘુનાથદાસ - ૩/૩, ૩/૧૭૦, ૩/૪૩૧, ૩/૪૩૨
રવજી પટેલ - ૩ / ૩૪;
રતુ ખાંટ - ૩/૩૮૨
રણછોડ/ભીખાભાઇ/મોરાર - ૩/૧૬૨;
રાજબાઇ - ૩/૨;
રામજી/મેઘજી - ૩/૧૬૨;
રામદાસજી - ૩/૧૬૬, ૩/૩૯૩, ૩/૩૯૫, ૩/૪૩૫
રામદાસ પટેલ - ૩/૧૬૧, ૩/૩૪૨
રાયસિંહ રાજા (વાંસદા) - ૩/૨૯૧
રાયધણજી - ૩/૩૬; ૩/૩૭, ૩/૪૩, ૩/૪૭, ૩/૫૫, ૩/૩૨૩
રાયબા પટગર - ૩ / ૨૦૨
રુપદેવ - ૩/૨૫૯
રેવાદાસ - ૩/૧૬૨
લક્ષ્મણ બારોટ - ૩/૩૩૬
લલિતા - ૩/૨, ૩/૪૪, ૩/૭૦, ૩/૭૨, ૩/૧૧૭, ૩/૧૮૧, ૩/૧૯૪, ૩/૧૯૭, ૩/૨૬૧, ૩/૨૬૬, ૩/૪૦૪

લાડકીબાઇ - ૩/૩૯, ૩/૪૦, ૩/૬૯
લાલદાસ - ૩/૪૫, ૩/૯૧, ૩/૨૬૭, ૩/૩૬૨, ૩/૩૯૧
વના શાહ - ૩/૩૯૬, ૩/૩૯૮, ૩/૪૦૧, ૩/૪૦૨, ૩/૪૦૩, ૩/૪૦૪,
૩/૪૦૭, ૩/૪૦૮, ૩/૪૦૯
વજીબાઇ - ૩/૮૫ થી ૮૬
વસ્તા ખાચર - ૩/૪૭, ૩/૧૭૪, ૩/૨૦૫, ૩/૩૩૦
વશરામ ચારણ - ૩/૧૧૬;
વલીભાઇ - ૩/૧૬૧;
વ્યાપકાનંદ મુનિ - ૩/૨૨૦
વાસણ સુતાર - ૩/૪; ૩/૫૭, ૩/૧૧૬, ૩/૨૨૭, ૩/૨૩૭, ૩/૩૦૫, ૩/૩૩૬,
૩/૩૫૫, ૩/૪૩૪,
વાસુર ખાચર - ૩/૯૬, ૩/૯૭
વિજયદેવજી - ૩/૨૬૧
વિઠુબા ભાઉ - ૩/૧૬; ૩/૧૭; ૩/૧૮;
વનાભાઈ - ૩/૨૨૯
વેણીભાઇ / ગોપાળજી - ૩/૩૨૪, ૩/૨૨૯,
વેમાડી ગામના ભક્તો - ૩/૧૬૧
વૈકુંઠાનંદ વર્ણી - ૩/૩૦૭
વૈદ શ્રીમાળી અંબારામ - ૩/૧૬;
સુરા ખાચર (લોયાધામ) - ૩/૨૭, ૩/૧૨૪, ૩/૧૭૦, ૩/૩૩૧, ૩/૩૩૨, ૩/૩૮૦,
૩/૪૩૬
સુરબાઇ - ૩/૨, ૩/૯૯, ૩/૧૦૨
સુંદર પગી - ૩/૨૨૧
સુંદરજી સુતાર - ૩/૧૧૦, ૩/૧૧૧, ૩/૧૧૨
સોની ગિરધર - ૩ / ૩;
સોમદેવ - ૩/૨૫૯
સોમબાઇ - ૩/૨;
શંકરભાઈ - ૩/૧૬૨
શાસ્ત્રી નિર્ભયરામ - ૩/૧૨, ૩/૩૨૩

શાસ્ત્રી આશારામ - ૩/૭, ૩/૮, ૩/૧૨, ૩/૧૫૯, ૩/૨૨૯, ૩/૨૯૮,
શિવરામ ભટ્ટ - ૩/૨૩૪, ૩/૩૮૨
શિવરામ મહેતા - ૩/૧૦૯;
શેઠ હંસરાજ - ૩/૧૦૯;
શેઠ અંબાઈદાસ - ૩/૧૬૧, ૩/૧૬૩,
શેઠ મોહનલાલ - ૩/૩૬૨
હવનબા - ૩/૩૮૨
હસન કોઠારી - ૩ / ૭૮;
હઠીભાઈ - ૩/૨૭૮
હરિશંકર - ૩/૪, ૩/૩૬૬, ૩/૩૭૩, ૩/૩૭૪
હરીભાઈ/નાથોભાઈ - ૩/૧૬૨
હરિહર્યાનંદ સ્વામી - ૩/૩૭૯
હમીર - ૩/૪૭, ૩/૧૩૮, ૩/૨૨૨, ૩/૨૨૯, ૩/૩૦૪, ૩/૩૩૭, ૩/૩૫૨, ૩/૩૫૩, ૩/૪૧૩, ૩/૪૧૫, ૩/૪૧૬
હાજી ભરવાડ - ૩/ ૧૩૬, ૩/૧૨૬
હાલાજી / બાદરજી - ૩/૧૯૩
હીરાભાઈ - ૩/૨૦૮, ૩/૨૫૮
હીરાચંદ ચોકસી - ૩/૩૬૨

## ★ ગામ સંદર્ભ

અડાલજ - ૩/૨૩૦, ૩/૩૯૧, ૩/૨૩૩
અગત્રાઈ - ૩/૧૮૧
આદરજ - ૩/૩૮૨
અમદાવાદ - ૩/૩, ૩/૭, ૩/૧૨, ૩/૧૬, ૩/૪૫, ૩/૪૭, ૩/૫૪, ૩/૬૧, ૩/૧૧૦, ૩/૨૩૮, ૩/૩૧૦, ૩/૩૨૪, ૩/૩૫૭, ૩/૩૫૮, ૩/૩૫૯, ૩/૩૬૦,
આખોલ - ૩/૪૩૯
આખડોલ - ૩/૩૩૮
અડવાળ - ૩/૧૧૫, ૩/૩૯૬,
અલારસા - ૩/૧૬૬

અવિધા - ૩/૧૬૨
અશલાલી - ૩/૪૫, ૩/૨૨૯, ૩/૨૩૪, ૩/૩૯૨, ૩/૪૨૯, ૩/૨૨૯, ૩/૨૩૩, ૩/૩૨૪,
અંકલેશ્વર - ૩/૨૭૩
અંજાર - ૩/૧૧૨
આઘોઈ - ૩/૩૪, ૩/૩૫, ૩/૫૫, ૩/૧૦૮, ૩/૧૦૯
આંતરોલી - ૩/૧૬૮
આથૂરણ - ૩/૨૭૩
આડેસર - ૩/૩૪,
આદરજ - ૩/૩૮૨
આમોદ - ૩/૧૬૧, ૩/૧૭૧
આણંદ - ૩/૩૬૬, ૩/૩૬૭, ૩/૩૭૦, ૩/૩૭૧, ૩/૩૭૨, ૩/૩૭૩, ૩/૩૭૪, ૩/૩૭૫
આંબારેલી - ૩/૨૨૮
આંબે - ૩/૩૯૧
ઈટોલા - ૩/૨૬૨
ઉટવાળા - ૩/૧૫૯;
ઉતરાદ - ૩/૧૬૨
ઉત્તરસંડા - ૩/૩૪૧
ઉધના - ૩/૨૭૪, ૩/૨૭૬
ઉનાવા - ૩/૩૮૭
ઉમરેઠ - ૩/૪; ૩/૩૪, ૩/૫૮, ૩/૧૧૬, ૩/૧૪૮, ૩/૧૬૭, ૩/૨૨૩, ૩/૨૨૫-૨૨૬, ૩/૩૬૫, ૩/૨૩૮, ૩/૩૫૪, ૩/૩૬૬, ૩/૩૯૩
ઉંઝા - ૩/૧૬૯
ઉમરવાડે - ૩/૨૭૩
એકલબારા - ૩/૧૫૯, ૩/૧૬૦, ૩/૨૯૯
ઓળ - ૩/૨૩૦, ૩/૩૮૨
ઓળા - ૩/૨૩૪, ૩/૨૩૩, ૩/૩૮૨,
કડા - ૩/૩૮૯

કઠલાલ - ૩/૧૬૭
કણભા - ૩/૨૧, ૩/૩૬૪
કણઝરી - ૩/૫૮
કતાર - ૩/૨૯૮
કમિયાળા - ૩/૫૮, ૩/૨૫૨, ૩/૩૦૩, ૩/૩૩૬, ૩/૩૪૮,
કરિયાણા - ૩/૪૪, ૩/૭૨, ૩/૧૧૯, ૩/૧૨૩, ૩/૧૨૬, ૩/૨૧૫, ૩/૨૧૭,
કરજીસરણ - ૩/૮, ૩/૩૪, ૩/૨૩૦, ૩/૨૩૨, ૩/૩૮૨
કરમસદ - ૩/૧૬૬
કંડોરડા - ૩/૨૧૩
કંડારી - ૩/૧૬૨
કંથારિયા - ૩/૩૮૨
કંથારી - ૩/૮૪
કંજરી - ૩/૩૪૨
કંછડોલ - ૩/૧૫૯
કાનવા - ૩/૨૭૦
કાળા તળાવ - ૩/૧૦૯, ૩/૧૧૦
કાસંદર - ૩/૨૩૪
કાંધા વાળા - દુદા વાળા - ૩/૩૩૪
કારિયાણીધામ - ૩/૨, ૩/૪૪, ૩/૬૨, ૩/૧૩૭, ૩/૧૩૮, ૩/૧૭૨, ૩/૨૦૬,
૩/૨૧૭, ૩/૩૦૩, ૩/૩૩૦, ૩/૩૩૬, ૩/૪૩૬, ૩/૪૩૯, ૩/૩૫૩,
કીમ - ૩/૨૭૩
કારેલિ - ૩/૨૯૮
કુણા - ૩/૫૨; ૩/૧૭૦
કુંડળ - ૩/૪૪, ૩/૪૭, ૩/૧૩૮, ૩/૧૪૪; ૩/૨૦૦, ૩/૨૦૩, ૩/૨૦૪, ૩/૨૦૫,
૩/૨૦૬, ૩/૨૪૫, ૩/૩૪૫, ૩/૩૪૭,
કેરીયાવી - ૩/૩૩૮
કેળોદ - ૩/૧૬૧
કોટડા - ૩/૧૮૧
કોઠ- ૩/૨૧

કોલવડે - ૩/૩૮૭
કોલવા - ૩/૨૭૭
કૌકા - ૩/૧૭૦, ૩/૨૨૮, ૩/૨૨૯
ખંભાત - ૩/૫૩, ૩/૩૫૫,
ખાખરેચી - ૩/૩૭;
ખાત્રજ - ૩/૩૬૪
ખાંધલી - ૩/૧૬૬
ખોખરા - ૩/૨૯, ૩/૩૦, ૩/૩૧, ૩/૩૫, ૩/૪૩, ૩/૧૦૯
ખેડા - ૩/૧૧૮, ૩/૧૨૧, ૩/૧૫૯, ૩/૨૯૯, ૩/૩૯૬
ગઢપુરધામ - ૩/૧, ૩/૨૭, ૩/૪૪, ૩/૪૭, ૩/૫૯, ૩/૬૪, ૩/૬૬, ૩/૭૦, ૩/૭૨, ૩/૭૪, ૩/૭૮, ૩/૮૯, ૩/૯૫, ૩/૯૯, ૩/૧૦૧, ૩/૧૦૨, ૩/૧૦૭, ૩/૧૦૮, ૩/૧૧૫, ૩/૧૧૬, ૩/૧૧૯, ૩/૧૨૨, ૩/૧૨૩, ૩/૧૭૬, ૩/૧૭૮, ૩/૧૮૫, ૩/૧૮૬, ૩/૧૮૭, ૩/૧૮૮, ૩/૧૮૯, ૩/૧૯૦, ૩/૧૯૩, ૩/૧૯૬, ૩/૧૯૮, ૩/૧૯૯, ૩/૨૦૧, ૩/૨૦૬, ૩/૨૦૭, ૩/૨૩૫, ૩/૨૩૯, ૩/૨૫૮, ૩/૨૯૦, ૩/૩૦૦, ૩/૩૦૧, ૩/૩૦૨, ૩/૩૦૩, ૩/૩૦૪, ૩/૩૩૦, ૩/૩૩૫, ૩/૩૪૩, ૩/૩૪૫, ૩/૩૪૬, ૩/૩૪૭, ૩/૩૫૨, ૩/૩૫૩, ૩/૩૫૪, ૩/૩૫૬, ૩/૩૫૭, ૩/૩૫૮, ૩/૩૬૦, ૩/૩૬૧, ૩/૩૭૪, ૩/૩૭૫, ૩/૩૭૬, ૩/૩૮૦, ૩/૩૮૨, ૩/૩૯૩, ૩/૩૯૫, ૩/૩૯૬, ૩/૪૦૩, ૩/૪૦૪, ૩/૪૧૨, ૩/૪૧૩, ૩/૪૧૪, ૩/૪૧૫, ૩/૪૧૮, ૩/૪૨૮, ૩/૪૨૯, ૩/૪૩૫, ૩/૪૩૬, ૩/૪૩૮, ૩/૪૩૯, ૩/૪૪૦, ૩/૧૭૯, ૩/૨૦૦, ૩/૨૨૧, ૩/૩૮૨, ૩/૩૯૩, ૩/૩૯૫, ૩/૩૯૬, ૩/૪૦૩, ૩/૪૦૪, ૩/૪૧૨, ૩/૪૧૩, ૩/૪૧૪, ૩/૪૧૫, ૩/૪૧૮, ૩/૪૨૮, ૩/૪૨૯, ૩/૪૩૫, ૩/૪૩૬, ૩/૪૩૮, ૩/૪૩૯, ૩/૪૪૦,
ગળાસદ - ૩/૨૭૦
ગરખોડે - ૩/૨૭૩
ગાકૂ - ૩/૩૪૭
ગાના - ૩/૨૬૯, ૩/૨૯૯, ૩/૩૪૩, ૩/૩૭૪,
ગામડી - ૩/૭, ૩/૧૫, ૩/૧૭૦, ૩/૧૭૧,

ગુડેલ - ૩/૪૩૫, ૩/૪૩૯
ગુંજ - ૩/૩૮૭
ગેરીતા - ૩/૩૮૭
ગોતરકા - ૩/૩૪
ગોંડળ - ૩/૧૦૮, ૩/૧૧૫, ૩/૧૮૧
ગોપા - ૩/૨૭૩
ગોમતીપુર - ૩/ ૩૦
ગોરિયાદ - ૩/૧૬૪
ઘેઘુસણ - ૩/૩૮૯
ઘોડાસર - ૩/૩૮, ૩/૩૯, ૩/૪૨, ૩/૪૩, ૩/૪૬, ૩/૫૨, ૩/૫૫, ૩/૧૦૯
ઘૂંટેલી - ૩/૩૪૨
ચરોતરના ભકતો - ૩/૩૪
ચલોડા - ૩/૬
ચારુ ગામ - ૩/૧૬૨
ચાંગા - ૩/૫, ૩/૧૭૦, ૩/૩૦૪, ૩/૩૩૬, ૩/૩૩૮
ચીખલી - ૩/૨૭૮, ૩/૨૯૮
ચિખલી તળાવ - ૩/૩૯૬
ચિખલે - ૩/૩૮૨
ચિત્રાસર - ૩/૪૨૯
ચૂડા - ૩/૨૧
ચૂણેલ - ૩/૩૬૫
ચૂવા - ૩/૨૬૯
ચોકરી - ૩/૨૭૦
છાલડી - ૩/૩૮૯
છાસટિયા - ૩/૧૩૦
જવારદ - ૩/૩૯૬
જાખડ - ૩/૨૨૮
જાળિયા - ૩/૨૦૮
જીરણગઢ (જૂનાગઢધામ) - ૩/૬૮, ૩/૧૧૩, ૩/૧૯૮, ૩/૪૩૭
જીતાલી - ૩/૨૯૮

જીંડવા પરા - ૩/૩૪૧

જેતલપુરધામ - ૩/૬, ૩/૭, ૩/૮, ૩/૯, ૩/૧૫, ૩/૧૯, ૩/૨૧; ૩/૨૯, ૩/૩૮, ૩/૩૯, ૩/૬૧, ૩/૧૧૨, ૩/૧૧૫, ૩/૧૧૮, ૩/૧૧૯, ૩/૧૧૬; ૩/૧૪૮, ૩/૧૭૦, ૩/૧૭૧, ૩/૧૯૮, ૩/૧૯૯, ૩/૨૧૮, ૩/૨૨૫, ૩/૨૨૯, ૩/૩૩૩, ૩/૨૩૮, ૩/૩૫૪, ૩/૩૯૨, ૩/૩૯૬, ૩/૪૨૯, ૩/૪૩૧,

જેતપુરધામ - ૩/૩૯, ૩/૧૧૫, ૩/૧૮૧

જોળ - ૩/૫૮, ૩/૧૫૮, ૩/૧૬૬, ૩/૨૨૭, ૩/૨૫૬, ૩/૩૪૨

ઝાડેશ્વર - ૩/૨૭૩, ૩/૨૯૮

ઝાંપડી - ૩/૨૩, ૩/૨૪, ૩/૨૫,

ઝારોળા - ૩/૨૬૯

ઝીંઝાવદર - ૩/૨, ૩/૪૪, ૩/૧૨૦, ૩/૧૧૫, ૩/૧૨૧, ૩/૧૩૮, ૩/૧૮૩,

ઝુલાસણ - ૩/૩૮૨, ૩/૩૯૧

ટંકારિયા - ૩/૨૫૨, ૩/૨૯૮

ડભાસ - ૩/૧૬૦, ૩/૨૯૯,

ડાકોર - ૩/૨૨૬

ડભાઈ - ૩/૨૯૯

ડભાણ - ૩/૧, ૩/૩, ૩/૨૯, ૩/૩૧, ૩/૩૩, ૩/૩૪, ૩/૩૫, ૩/૩૭, ૩/૩૮, ૩/૪૦, ૩/૪૨, ૩/૪૩, ૩/૫૨, ૩/૫૭, ૩/૫૯, ૩/૭૪, ૩/૧૦૯, ૩/૧૧૮, ૩/૧૨૧, ૩/૧૨૩, ૩/૧૫૪, ૩/૧૭૦, ૩/૨૦૨, ૩/૨૨૫, ૩/૨૨૯, ૩/૨૬૭-૬૮, ૩/૩૪૦, ૩/૩૫૫, ૩/૩૯૨, ૩/૩૮૯

ડાંગરવા - ૩/૧૬૯, ૩/૨૩૨, ૩/૩૮૨, ૩/૩૯૧

ડુમરાલ - ૩/૪;

ડુસર - ૩/૧૬૭; ૩/૩૬૫

તલસાણ - ૩/૨૩૪

તાવી - ૩/૪૩, ૩/૩૮૨

તેરા - ૩/૩૪;

દદૂકા - ૩/૨૩૪, ૩/૩૮૨

દાવોલ - ૩/૧૬૬;

દાજીપુરા - ૩/૩૬૬

દાંભરવેડસા - ૩/૨૭૮

દુમાલિયા - ૩/ ૨૪૪
દુદાપુર - ૩/૩૮૨
દેદરડા - ૩/૨૯૯
દોરા - ૩/૧૬૧, ૩/૨૭૨, ૩/૨૭૩, ૩/૩૨૪,
ધર્મજ - ૩/૧૫૯, ૩/૨૫૯
ધમાસણ - ૩/૩૮૨
ધરમપુર - ૩/૨૨૧, ૩/૨૫૯, ૩/૨૬૦, ૩/૨૬૧, ૩/૨૬૨, ૩/૨૬૭, ૩/૨૬૮,
૩/૨૬૯, ૩/૨૭૬, ૩/૨૭૮, ૩/૨૭૯, ૩/૨૮૮, ૩/૨૮૯, ૩/૨૯૨,
૩/૨૯૪, ૩/૨૯૮, ૩/૩૦૩, ૩/૩૧૦,
ધંધુકા - ૩/૩, ૩/૨૫૧, ૩/૩૩૨, ૩/૩૯૭, ૩/૪૦૫,
ધ્રાંગધ્રા - ૩/૩૭
ધોરાજીધામ - ૩/૩૯, ૩/૬૯, ૩/૧૮૧
ધોલેરાધામ - ૩/૩૫૬, ૩/૪૩૯
ધોલી - ૩/૨૨૮
ધોળકા - ૩/૨૧, ૩/૧૧૬, ૩/૨૨૮, ૩/૩૯૬
નડીયાદ - ૩/૩, ૩/૩૪
નરસંડા - ૩/૨૨૧, ૩/૩૪૧
નવસારી - ૩/૨૭૭
નવા વાસ - ૩/૩૯૧
નવરાનો મેળો - ૩/૧૭૮
નાગડકા - ૩/૨૧; ૩/૨૭; ૩/૧૭૦, ૩/૨૩૪, ૩/૩૩૧
નારાયણ બાગ - ૩/૨૩૭, ૩/૩૦૧, ૩/૪૩૮
નારદીપુર - ૩/૧૬૯
નાર-પંડોળી - ૩/૧૫૯;
નારપરું - ૩/૧૫૯;
નાપા - ૩/૧૬૬;
નાંદોલ - ૩/૨૧;
નિકોલ - ૩/૩૬૨
પચ્છમ - ૩/૩૩૫

પણસોરા - ૩/૧૬૭
પંચોતરો વડ - ૩/૪
પંચાળાધામ - ૩/૧૧૩, ૩/૧૧૫, ૩/૪૩૬, ૩/૪૩૭
પલાણા - ૩/૩૯૬, ૩/૪૩૧
પાદરા - ૩/૧૬૩
પાનડ - ૩/૪૩૯
પાનસર - ૩/૩૯૧
પાળિયાદ - ૩/૧૪૦
પાનોલી - ૩/૨૭૩
પામોલ - ૩/૩૮૭
પાલડી - ૩/૨૩૪
પારીખા - ૩/૧૬૨
પીજ - ૩/૩, ૩/૩૪૦
પીપલાણા - ૩/૧૮૧, ૩/૪૦
પીપળી - ૩/૧૧૨, ૩/૧૬૨
પોલારપર - ૩/૧૩૮, ૩/૧૪૫
પોસરા - ૩/૨૭૬
બળોલ - ૩/૨૧, ૩/૧૧૬
બરવાળા - ૩/૩૪૭
બાકરોલ - ૩/૩૭૦
બામણગામ - ૩/૧૫૯, ૩/૧૬૫, ૩/૧૬૭, ૩/૨૯૯
બામણોલી - ૩/૨૨૧, ૩/૨૨૭, ૩/૩૩૯, ૩/૩૨૯
બામણવા - ૩/૩૮૭
બારમુવાડા - ૩/૪૦
બુધેજ - ૩/૧૪૬; ૩/૧૫૯, ૩/૩૪૪
બુવા - ૩/૧૬૧
બે બેની જોડનાં નામ - ૩/૩૨૩
બોટાદ - ૩/૨૧, ૩/૨૭, ૩/૨૩૪, ૩/૩૩૧, ૩/૩૮૨, ૩/૪૧૧
બોરસદ - ૩/૧૫૯

બોચાસણ - ૩/૧૫૯, ૩/૨૬૯, ૩/૨૯૯, ૩/૩૪૩, ૩/૩૭૪
ભચાઉ - ૩/૧૧૨, ૩/૩૫, ૩/૧૦૯, ૩/૨૭૩, ૩/૨૮૦
ભરૂચ - ૩/૨૭૩, ૩/૨૮૦
ભદ્રામ - ૩/૧૬૨
ભડલી - ૩/૪૪, ૩/૯૪, ૩/૯૬
ભરથાણા - ૩/૨૭૩
ભાદરા - ૩/૯૭, ૩/૧૦૧, ૩/૧૦૨, ૩/૧૦૫, ૩/૧૦૭, ૩/૧૦૮
ભાદરણ - ૩/૧૫૯, ૩/૨૯૯
ભાલેજ - ૩/૧૬૭; ૩/૩૬૬
ભાયાવદર - ૩/૧૧૨, ૩/૨૧૦
ભીમનાથ - ૩/૧૩૭, ૩/૧૩૯, ૩/૧૪૫
ભુજ - ૩/૩૪, ૩/૧૦૯, ૩/૧૧૦
ભીમાસર - ૩/૩૪
ભેંસજાણ - ૩/૨૧, ૩/૨૯, ૩/૧૭૦
ભેંસાણ - ૩/૨૭૬
ભેંસજાળ - ૩/૩૩૧
ભેલા - ૩/૧૦૮
ભોજ - ૩/૨૯૮
ભોંયરા - ૩/૯૪, ૩/૯૬
મછિયાવ - ૩/૩૮, ૩/૪૫, ૩/૨૧૮, ૩/૨૪૪, ૩/૨૪૫, ૩/૨૪૮
મઢડા - ૩/૪૦;
મહુધા - ૩/૪૩૦
મહેમદાવાદ - ૩/૨૯, ૩/૩૦, ૩/૩૧, ૩/૩૪, ૩/૩૫, ૩/૩૯, ૩/૪૬, ૩/૩૬૪, ૩/૪૩૧
મંડાળા - ૩/૧૬૨
માતર - ૩/૩; ૩/૨૭૧
માણાવદર - ૩/૩૯, ૩/૫૬, ૩/૬૯, ૩/૧૦૮, ૩/૧૧૨, ૩/૧૮૧, ૩/૨૦૮
માણસા - ૩/૩૮૭
માણેકચોક - ૩/૩૬૦

માણેજા - ૩/૧૬૨;
માળિયા - ૩/૩૭૮;
માંનકુવા - ૩/૧૦૯; ૩/૧૧૦;
માંડવી બંદર - ૩/૧૦૯;
માંડાસર - ૩/૨૩૪
મેઉ - ૩/૨૩૪, ૩/૩૮૯
મેથાણ - ૩/૩૭, ૩/૪૩, ૩/૪૭, ૩/૧૭૯, ૩/૧૮૯, ૩/૧૯૦, ૩/૧૯૫, ૩/૧૯૬, ૩/૧૯૯
મેઘવા - ૩/૧૬૬;
મેઘપુર - ૩/૧૮૧
મોટેરા - ૩/૧૯; ૩/૧૬૯, ૩/૨૩૦, ૩/૩૯૧
મોરજ - ૩/૫, ૩/૩૪૮, ૩/૩૪૯
મોરશિયા - ૩/૩૩૨
મૈયારી - ૩/૬;
રતનપુર - ૩/૩૬૬
રધવાણઝ - ૩/૩૯૬
રણું - ૩/૧૭૮, ૩/૨૯૮, ૩/૩૨૩
રવાગઢ - ૩/૧૦૯
રંગપુર - ૩/૩૪
રાહતલાવ - ૩/૩૬૬
રાયણ - ૩/૩૨૮, ૩/૩૨૯
રુંદેલ - ૩/૨૬૯, ૩/૨૯૯
રોજિકા - ૩/૩૩૨
રોહીશાળા - ૩/૩૯
લાકરોડે - ૩/૩૩
લાખણકા - ૩/૯૩
લાલિયાદ - ૩/૨૩૪
લાંઘણોજ - ૩/૨૩૩, ૩/૩૮૯, ૩/૩૯૧
લીંબડી - ૩/૨૧, ૩/૨૩૪, ૩/૨૪૪, ૩/૩૮૨
લીંબાશી - ૩/૧૨૩

વડતાલધામ - ૩/૪, ૩/૫, ૩/૩૪, ૩/૫૪, ૩/૫૭, ૩/૧૨૦, ૩/૧૨૧, ૩/૧૨૨, ૩/૧૨૩, ૩/૧૫૪, ૩/૧૫૫, ૩/૧૬૬, ૩/૧૬૭, ૩/૧૭૦, ૩/૨૨૦, ૩/૨૨૧, ૩/૨૨૨, ૩/૨૨૭, ૩/૨૩૭, ૩/૨૩૮, ૩/૨૫૧, ૩/૨૫૨, ૩/૨૫૩, ૩/૨૫૬, ૩/૨૫૭, ૩/૨૫૮, ૩/૨૬૨, ૩/૨૬૪, ૩/૨૬૭, ૩/૨૬૮, ૩/૨૬૯, ૩/૨૮૦, ૩/૨૯૩, ૩/૨૯૯, ૩/૩૦૦, ૩/૩૦૧, ૩/૩૦૨, ૩/૩૦૩, ૩/૩૦૪, ૩/૩૦૫, ૩/૩૦૬, ૩/૩૧૨, ૩/૩૨૩, ૩/૩૨૭, ૩/૩૩૦, ૩/૩૩૧, ૩/૩૩૬, ૩/૩૩૭, ૩/૩૩૮, ૩/૩૩૬, ૩/૩૩૯, ૩/૩૪૦, ૩/૩૪૧, ૩/૩૪૨, ૩/૩૪૬, ૩/૩૪૭, ૩/૩૫૦, ૩/૩૫૨, ૩/૩૫૩, ૩/૩૫૪, ૩/૩૫૫, ૩/૩૫૬, ૩/૩૫૭, ૩/૩૫૮, ૩/૩૭૦, ૩/૩૭૨, ૩/૩૭૩, ૩/૩૭૪, ૩/૩૭૬, ૩/૩૯૨, ૩/૩૯૫, ૩/૪૧૨, ૩/૪૩૩, ૩/૪૩૪, ૩/૪૩૮, ૩/૪૩૯, ૩/૪૪૦,

વડતાલ ધર્મકુળ પરિવાર - ૩/૩૦૬

વડુ - ૩/૨૩૦, ૩/૩૮૨

વડથલ - ૩/૩૬૪

વડદલા - ૩/૨૫૭, ૩/૩૪૪

વડોદરા - ૩/૧૩, ૩/૧૫૩, ૩/૩૭૬, ૩/૩૭૭, ૩/૩૮૩,

વડનગર - ૩/૩૮૭

વડગામ - ૩/૪૩૯

વડહમે - ૩/૩૯૧

વણથળી - ૩/૧૧૨, ૩/૧૧૩, ૩/૧૮૧

વણછરે - ૩/૨૯૮

વરણામા - ૩/૧૬૨

વરિયાવા - ૩/૨૯૮

વસઈ - ૩/૨૧, ૩/૩૮૯, ૩/૩૯૬

વસો - ૩/૫૬, ૩/૧૪૮, ૩/૧૮૦, ૩/૩૦૪, ૩/૩૨૩, ૩/૩૨૬, ૩/૪૩૪, ૩/૩૯૫, ૩/૪૩૮

વસતાણા - ૩/૬

વલાસણ - ૩/૩૪૨

વલેટવા - ૩/૩૩૮, ૩/૩૯૫

વાંકિયા - ૩/૬૭, ૩/૭૨, ૩/૧૧૫, ૩/૧૮૧

વાગડ - ૩/૩૩૨
વાંછલી - ૩/૧૬૬
વાંટાબંદર - ૩/૩૭
વાંઠવાળી - ૩/૩૬૪
વારિસંધ - ૩/૧૫૧
વિજાપર - ૩/૩૪, ૩/૮૫
વિસલનગર - ૩/૩૮૭
વીસનગર - ૩/૮૧, ૩/૧૬૮
વીરમગામ - ૩/૧૨
વેજલકા - ૩/૨૨૮
વેલાલ - ૩/૨૧, ૩/૪૫, ૩/૩૬૨
વેમાડી - ૩/૧૬૧, ૩/૩૨૩
વૌઠા - ૩/૬; ૩/૧૫૦
શિણોર - ૩/૧૬૨
શિયાળ - ૩/૨૪૪
શીયાણી - ૩/ ૨૩૪, ૩/૩૮૨
શેલડી - ૩/૧૬૬, ૩/૨૯૯
શ્રીપુર - ૩/૨૩૦, ૩/૩૯૧, ૩/૪૨૯
સચીન - ૩/૨૭૬
સળકી - ૩/૨૧
સલાડ - ૩/૧૬૨
સરલીયા - ૩/૩૪
સરસવણી - ૩/૧૬૧
સંધાણા - ૩/૩૯૬
સંજાયા - ૩/૩૮, ૩/૩૩૭
સાદરા - ૩/૩૩
સાધી - ૩/૧૬૦
સાપર - ૩/૩૪
સામરખા - ૩/૩૬૬

સારંગ - ૩/૧૬૨

સારંગપુર - ૩/૨૧, ૩/૨૫, ૩/૨૭, ૩/૪૪, ૩/૫૮, ૩/૫૯, ૩/૬૦, ૩/૧૨૧, ૩/૧૨૫, ૩/૧૨૫ થી ૧૩૭, ૩/૧૪૫, ૩/૧૭૧, ૩/૧૭૨, ૩/૧૮૩, ૩/૨૨૨, ૩/૨૫૧, ૩/૩૫૩, ૩/૪૩૬

સાયણ - ૩/૨૭૩

સાંતલપુર - ૩/૩૪

સિંગાલી - ૩/૧૬૮

સુરત - ૩/૭, ૩/૩૧, ૩/૩૫, ૩/૪૨, ૩/૪૮, ૩/૪૯, ૩/૫૦, ૩/૫૬, ૩/૧૧૯, ૩/૧૪૬, ૩/૧૫૩, ૩/૧૫૫, ૩/૧૭૬, ૩/૨૨૧, ૩/૨૩૩, ૩/૨૫૨, ૩/૨૭૪, ૩/૨૮૩, ૩/૨૭૪, ૩/૨૮૩, ૩/૨૮૪, ૩/૨૯૦, ૩/૩૧૦, ૩/૩૨૦, ૩/૩૨૪, ૩/૩૮૩,

સુંદરિયાણા - ૩/૨૪૪, ૩/૩૯૬, ૩/૪૨૯

સેજકુવા - ૩/૧૬૦

સોરઠ વિચરણ - ૩/૬૭ થી ૭૩

સોખડા - ૩/૨૭૦, ૩/૨૭૧

હળદર - ૩/૨૭૩

હળવદ - ૩/૧૦, ૩/૩૭

હાથરોલી ૩/૩૯, ૩/૪૦, ૩/૪૨

હાડેવા - ૩/૬

હાંસદ - ૩/૧૫૯

હેરંજ - ૩/૩૬૫

જ્ઞાનબાગ - ૩/૧૫૪, ૩/૨૨૧, ૩/૨૫૩, ૩/૨૫૬, ૩/૩૦૧, ૩/૩૦૪, ૩/૩૦૫, ૩/૩૦૭, ૩/૩૦૯, ૩/૩૧૦, ૩/૩૧૯, ૩/૩૩૦, ૩/૩૫૦, ૩/૩૫૧, ૩/૩૭૦, ૩/૪૩૮,

જ્ઞાનકૂપ - ૩/૩૯૫

★ આ ભાગ-૩ માં ઉલ્લેખિત છંદ તથા સંખ્યા

| | | | |
|---|---|---|---|
| (૧) | પુષ્પિતાગ્રાવૃત્તમ્ | = | ૮૩ |
| (૨) | શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ | = | ૨૩ |
| (૩) | શ્લોક | = | ૨ |
| (૪) | પૂર્વછાયો | = | ૯૯ |
| (૫) | ચોપાઈ | = | ૧૪૯ |
| (૬) | દોહરો | = | ૬ |
| (૭) | સાખી | = | ૧ |
| (૮) | ઉપજાતિવૃત્તમ્ | = | ૩૩ |
| (૯) | વૃક્ષપ્રબંધ | = | ૧ |
| (૧૦) | ઉલ્લેખાલંકાર | = | ૧ |
| (૧૧) | ગતાતગભેદ | = | ૧ |
| (૧૨) | ઉત્તરાર્ધગતાતભેદ | = | ૧ |
| (૧૩) | પુષ્પમાળા પ્રબંધ સ્રગ્ધરા | = | ૧ |
| (૧૪) | છત્રપ્રબંધ - દ્રુતવિલંબિતવૃત્ત | = | ૧ |
| (૧૫) | કમળપ્રબંધ - નારાચવૃત્ત | = | ૧ |
| (૧૬) | હરિગીત છંદ : અંતર્લાપિકા અલંકાર | = | ૪ |
| (૧૭) | અંગ્રેજી રાજ્ય પ્રશમત | = | ૧ |
| (૧૮) | પ્રમાણિકા છંદ | = | ૧ |
| (૧૯) | નાગપાશપ્રબંધ - સ્રગ્ધરા | = | ૧ |
| (૨૦) | દુષ્કાળવર્ણન : વૈતાલીય | = | ૧ |
| (૨૧) | લલિત છંદ | = | ૧ |
| (૨૨) | વસંતતિલકાછંદ | = | ૪ |
| (૨૩) | વિરહવર્ણન : રાગ વેરાડી | = | ૧ |
| (૨૪) | ગરબી | = | ૨ |
| (૨૫) | સંબંધાતિશયોક્તિ અલંકાર | = | ૧ |
| (૨૬) | શાલિની | = | ૧ |
| (૨૭) | ગીત છંદ | = | ૧ |
| (૨૮) | વૈતાલીય | = | ૨ |

| | | | |
|---|---|---|---|
| (૨૯) | કરુણા રસ વર્ણન : વૈતાલીય | = | ૧ |
| (૩૦) | તોટક છંદ | = | ૧ |
| (૩૧) | ત્રિભંગી છંદ | = | ૧ |
| (૩૨) | આરતી | = | ૧ |
| (૩૩) | ઈન્દ્રવજ્રા | = | ૨ |
| (૩૪) | દોલપ્રબંધ | = | ૧ |
| (૩૫) | રાગ ઈન્દ્રસભા | = | ૧ |
| (૩૬) | રાગ બિહાગ | = | ૧ |
| (૩૭) | રાગ પ્રભાતી | = | ૧ |
| (૩૮) | હોથપ્રબંધ પહેલો (રથોદ્ધતા) | = | ૧ |
| (૩૯) | હોથપ્રબંધ બીજો (રથોદ્ધતા) | = | ૧ |
| (૪૦) | રત્નાવલી અલંકાર | = | ૧ |
| (૪૧) | ભયાનક રસવર્ણન | = | ૧ |
| (૪૨) | શિખરિણી | = | ૧ |
| (૪૩) | આક્ષેપાલંકાર | = | ૧ |
| (૪૪) | સ્રગ્ધરા | = | ૧ |
| (૪૫) | ચંદ્રાવળા | = | ૧ |

❖ ❖ ❖



## પ્રસાદીનો જ્ઞાનકૂપ

ચોકમાં જ્ઞાનકૂપ છે જેહ, મહારાજે ખોદાવ્યો છે તેહ;
ભાઈ રામદાસે નિજહાથ, નવરાવ્યા કૂપોદકે નાથ.

ચરણામૃત તે બધું લઈ, જ્ઞાનકૂપમાં નાખિયું જઈ;
ધન્ય ધન્ય કહું જ્ઞાનકૂપ, એ તો ઉત્તમતીર્થ અનુપ.

(હરિ.ક.૧,વિ.૧૫)


-: પ્રકાશક :-

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારી શ્રી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ

મુ.પો.વડતાલ. તા. નડીયાદ, જી. ખેડા પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)

(0268) 2589728, 2589776

vadtaldhamvikas@gmail.com

www.vadtalmandir.org

ISBN 978-81-939354-4-6